# પ્રાચીન સજ્ઝાય મહોદધિ

સચિત્ર

ભાગ-૧




Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ॐ ह्रीँ श्रीँ धरणेन्द्र पद्मावती परिपूजिताय श्रीशंखेश्वर पार्श्वनाथाय नमो नमः
ॐ ह्रीँ श्रीँ गौतमस्वामि गुरुभ्यो नमो नमः
જીત-હીર-કનક-દેવેન્દ્ર-કંચન-કલાપૂર્ણ સૂરીશ્વરેભ્યો નમો નમઃ
આણંદ-માણેક્ય-મુક્તિ-રત્ન-ચતુર-નિર્મલ-નિર્જરાશ્રીજી
મ. સા. ગુરૂભ્યો નમો નમઃ

# પ્રાચીન સજ્ઝાય મહોદધિ

પ્રથમ : ભાગ :

(લગભગ આઠસો-સજઝાયો તથા ઢાલોનો સુંદર સંગ્રહ)

આશીર્વાદ દાતા : આ. દે. શ્રી. વિ. કલાપૂર્ણ સૂ. મ. સા.
સંકલન કર્તા

## ચરણોપાસિકા

પ્રકાશક : મુખ્યદાતા
શાહ ઇન્દ્રચંદજી ધનરાજજી ઘોકાજી
ગામ : આદોની, આંધ્રપ્રદેશ.

પ્રથમ આવૃત્તિ : ૧૦૦૦ નકલ

સંવત ૨૦૪૦

મુદ્રક : પૂજા પ્રિન્ટર્સ એન્ડ ટ્રેડર્સ, શાહપુર, અમદાવાદ-૧.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

—રાજકોટ નિવાસી (હાલ મદ્રાસ)

## બીનાકુમારી છોટાલાલ મણીલાલ દોશી

તરફથી મૂકવામાં આવેલ છે.


પ્રાપ્તિસ્થાન.

**મહેન્દ્રભાઇ લવજીભાઇ પારેખ**
જગત્ પીકચર્સ
૫/૨/૧૭૫ રાષ્ટ્રપતિ રોડ.
સિકંદ્રાબાદ–૫૦૦૦૦૩.
A. P.

પ્રાપ્તિસ્થાન.

**શાહ શાંતિલાલ ચુનીલાલ**
ઠે. ગોમતીપુર, લીંબાટીપોળ,
દરવાજા પાસે.
ઘર. ૮૩૩/૧
અમદાવાદ–૨૧


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

" ૐ હ્રીઁ શ્રીઁ અંતરિક્ષ પાર્શ્વનાથાય નમઃ !

જ્ઞાની પુરુષોએ મુક્તિનાં અનેક માર્ગો બતાવ્યા છે. તેમાં જિનભક્તિ અને જડ વિરક્તિ એ સરલ અને સુગમ માર્ગ છે.

આદિ અને અન્ત વિનાનાં સંસાર સાગરનાં પરિભ્રમણનું નિવારણ ભક્તિ અને વૈરાગ્ય દ્વારા સરલતાથી થઈ શકે છે. જીવને સંસારમાં ભ્રમણ કરાવનાર પૌદ્ગલિક વિષયોની પ્રીતિ, રતિ અને આસક્તિ છે. આ પુદ્ગલિક પ્રીતિ અને આસક્તિને દૂર કરવા જીવનમાં પ્રભુ ભક્તિ અને વિષય વૈરાગ્ય આ બે ગુણોને કેળવવા જરૂરી છે. પુદ્ગલનો સંગ અને વિષયનો રંગ છૂટે નહિ ત્યાં સુધી મોક્ષનાં પુનિત માર્ગ ઉપર વિચરણ થઈ શકતું નથી.

અનાદિથી આત્માને વળગેલા પુદ્ગલના સંગને અને વિષયનાં રંગને દૂર કરવા માટે જીવનમાં ભક્તિ વૈરાગ્યનો અભ્યાસ કરવો જોઈએ, એના અભ્યાસ માટે જ્ઞાની પુરૂષોએ અનેક વિધ ઉપાયો દર્શાવ્યાં છે, જેમાં...પ્રભુ દર્શન, પૂજન, સ્મરણ અને તેમના અગણિત ગુણોનું કીર્તન, સ્તવન વગેરે પ્રાથમિક ઉપાયો છે. એજ રીતે વૈરાગ્ય ભાવનાને જગાડવા અને પુષ્ટ કરવા ઉત્તમ પુરૂષોના ગુણો અને ચરિત્રને ગૂંથી લેતા સજ્ઝાયો, ઢાળો, અને રાસ તથા વૈરાગ્ય પ્રેરક-ઉપદેશાત્મક દુહા-પદો વગેરે કંઠસ્થ કરી તેનું રાગ-રાગિણી પૂર્વક ગાન-પાન કરવાથી સંસારની અસારતા, જીવનની ક્ષણભંગુરતા અને શરીરાદિની અશુચિતા આદિનું ભાન-જ્ઞાન થવા સાથે ધર્મની સારમયતા, આત્માની અમરતા અને અપાર ગુણ સમૃદ્ધિ આદિનો યથાર્થ બોધ થાય છે, જીવનમાં દિવ્ય જ્ઞાન પ્રકાશ ખીલે છે,

પ્રસ્તુત પુસ્તકમાં વૈરાગ્ય અને ભક્તિ પ્રેરક પાંચશોથી અધિક સજ્ઝાયો, પદો અને ઢાળો વિગેરેનો સુંદર સંગ્રહ કરવામાં આવ્યો છે, જેને કંઠસ્થ કરીને કે તેનું વાંચન-શ્રવણ કરવા દ્વારા આત્મા ભક્તિ રસમાં અને વૈરાગ્ય રસમાં સારી રીતે ઝીલી શકે છે.

સજ્ઝાયો-પદો વિશેના પુસ્તકો ઘણાં છપાયાં છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં એક સાથે પ્રસિદ્ધ અને કેટલીક અપ્રસિદ્ધ સજ્ઝાયો નો વિશાલ સંગ્રહ હોવાથી સ્વાધ્યાય રસિકોને સ્વાધ્યાય, મનન અને ચિંતનમાં ઘણી અનુકુળતા રહેશે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકાશનનાં શુભ નિમિત્ત તપસ્વી સાધ્વીજી શ્રી દિવ્યકિરણાશ્રીજી મ. સા. છે. જેઓ કચ્છ વાગડ દેશોદ્ધારક, સંયમમૂર્તિ સ્વ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય કનક સૂરીશ્વરજી મ. સા. નાં પટ્ટધર, પરમ તપસ્વી, શાન્તમૂર્તિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દેવેન્દ્રસૂરીશ્વરજી મ. સા. તથા તેમનાં ગુરૂ ભ્રાતા જ્યોતિર્વિદ્ તપસ્વી રત્ન સ્વ. મુનિવર્ય શ્રીકંચન વિજયજી મ. સા. નાં શિષ્ય રત્ન અધ્યાત્મનિષ્ઠ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ. સા. નાં આજ્ઞાનુવર્તી સાધ્વી રત્ન પૂ. આણંદશ્રી મ. સા. નાં શિષ્યા પૂ. માણેકશ્રીજી મ. સા. નાં શિષ્યા પૂ. રતનશ્રીજી મ. સા. નાં શિષ્યા પ્રશાન્ત મૂર્તિ સ્વ. સા. ચતુરશ્રીજી મ. સા. નાં શિષ્યા ભદ્રક પ્રકૃતિ સાધ્વીજી નિર્મળાશ્રીજી મ. સા. તથા માતૃ હૃદયા સ્વ. સા. નિર્જરાશ્રીજી મ. સા. નાં પ્રશિષ્યા છે

સા. દિવ્યકિરણાશ્રીજીએ રાધનપુર મુકામે પૂ. આચાર્યનાં ભગવંતના શુભાશિર્વાદ સાથે વિ. ૨૦૩૩નાં અષાડ સુ. ૫ નાં શુભ દિવસથી મંગલકારી અઠ્ઠમ તપ પૂર્વક વીશસ્થાનક તપની આરાધના શરૂ કરી, અને અઠ્ઠમના પારણે અઠ્ઠમ એમ અનિવાર્ય કારણ સિવાય સળંગ અઠ્ઠમ તપ કરતા તે વીશસ્થાનકની મંગલ આરાધના દેવગુરૂ-કૃપાથી નિર્વિધ્ને પરિપૂર્ણ કરી પોતાના સંયમ જીવનને ઉજ્જવળ બનાવ્યું. તેમનાં આ મંગળ તપની અનુમોદના રૂપે અમો આ સજઝાય સંગ્રહ પ્રકાશિત કરતા આનંદ અનુભવીએ છીએ. અને સજ્ઝાય, પદ રસિક આત્માઓ પોતાના વૈરાગ્ય રસ અને ભક્તિરસને જગાડવા, વિકસાવવા અને સ્થિર બનાવવા વારંવાર આ પુસ્તકને વાંચે, સાંભળે, અને તેનું ચિંતન-મનન કરી આત્મિક શાંતિ અને અભય પ્રાપ્ત કરે એવી શુભ ભાવના ભાવીએ છીએ...!

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

श्री अंतरिक्ष पार्श्वनाथ भगवान




अ. सौ. प्रभावतिबेन रमणिकलाल शाह
सिकन्द्राबाद A.P.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org



स्व. आचार्यदेव १००८ श्रीमद्‌विजय कनकसूरीश्वरजी महाराज साहेब

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

कच्छ वागडदेशोध्धारक तपगच्छ गगनदिनमणि सच्चारित्र चूडामणि शासनशिरोमणि

**स्व. आचार्यदेव १००८ श्रीमद्‌विजय कनकसूरीश्वरजी महाराज साहेब**

जन्म : संवत १९३९ भादरवा वदी पांचम, पलांसवा

दीक्षा : संवत १९५२ मागशर सुद पुनम भीमासर

पन्यासपद : संवत १९७६ कारतक वद ५ पालिताणा (सिद्धक्षेत्रतिर्थ)

उपाध्यायपद : संवत १९८५ महा सुद ११ भोयणीतिर्थ

आचार्यपद : संवत १९८९ पोष वदी ७ (राजनगर) अमदावाद

स्वर्गगमन : संवत २०१९ श्रावण वद ४ (पंदरनुं घर) भच्चाउ कच्छ

आ फोटो **शान्तिलालभाई परफेकेट कंपनीवालाना सौजन्यथी**

**कच्छी हाल हैद्राबाद A.P.**

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

त्यागमूर्ति महातपस्वी ज्योतिष विषारद स्व. मुनि भगवंत

**कंचनविजयजी महाराज साहेब**



जन्म : संवत १९५८ कार्तिक सुद १४
फलोधी, राजस्थान

स्वर्गवास : संवत २०२८ कारतक वद २
गाम भचाउ

दीक्षा : वैशाख सुद तेरस, गाम, भुज

आ फोटो खंडोर परिवार ह. सुभाषभाई कच्छी हैद्राबाद
कच्छ चीरई हाल हैद्राबाद A. P.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# शाह इन्द्रचंदजी धनराजजी धोका

गाम : आदौनी



## शाह इन्द्रमलजी धोकाजी विशे बे बोल

जेओ राजस्थानना वतनी हाल आदौनी रहे छे. जे स्वभावे घणाज सरल–भद्रीक–उदार साथे-साथे तत्त्व पिपासु, मानवजीवननी कोइ एक ज एवी पळ बस छे जे शुन्यमांथी सर्जन रुप बनि रहे छे एक वखतनो प्रसंग सिद्धाचलजीनी यात्रार्थे जवुं...युगादिदेव आदिश्वर प्रभुनी समीपे जवा गिरिराज चडता चडता कच्छ वागडदेशोद्धारक–संयममूर्ति, वचनसिद्धि पू. आ. भ. कनकसूरीश्वरजी म. सा.नो समागम थयो. सद्गुरूनो समागम आत्मविकासना सोपाननी श्रेणी समान छे. गुरु म. प्रेरणापामी बारव्रत पैकी पांचमु परिग्रह परिमाण व्रतनो नियम सिद्धगिरिनी छत्रछायामां श्री गुरु मुखे दृढता पूर्वक ग्रहण कर्यो, नियम लीधो अने भाग्ययोगे आर्थिकक्षेत्रे संपत्ति परिमाण उपरांत वृद्धि पामी छतां पण ते संपत्तिमां लेशमात्र अनुरागी थया वगर मलती संपत्तिनो ठेर–ठेर पून्यक्षेत्रौमां सदव्यय करवा लाग्या अने ७६ वर्षनी उमरे आवी उभेला ते पून्यात्मा हजु पण एवा भावोल्लास पूर्वक धार्मिक क्षेत्रोमां उदार हैंये दान आपी पोताना जीवननी सार्थकता साधी रह्या छे. आ प्राचिन सज्झायमहोदय नामना प्रस्तुत ग्रंथमां पण मुख्यदाता बनीने सारो लाभ लीधो छे.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# ટૂંક પરિચય



સ્વ. અ. સૌ. તારાબેન ઇશ્વરલાલ
સિકન્દ્રાબાદ A. P.

જેઓ સૌરાષ્ટ્રનાં માંગરોલ ગામનાં વતની હાલ સિકન્દ્રાબાદનાં રહીશ સ્વ. અ. સૌ. તારાબેન ઇશ્વરલાલ. તેમનો સ્વર્ગવાસ....તા. ૧૦–૭–૧૯૮૦ નાં થયેલ છે.... તે સ્વભાવે સરલ, શાન્તપ્રકૃતિ પ્રેમાળ મિલનસાર સ્વભાવ - જીવનમાં સાનુકુલતા મુજબ તિર્થયાત્રા.... ગિરનારજી-બાહુબલીજી-કુલપાકજી આદિ તીર્થોની જાત્રા કરેલ છે. તે આત્મા પોતાની પાછળ વિશાળ કુટુમ્બ મુકી ગયેલ છે. તેઓનો આત્મા જ્યાં હોય ત્યાં જિનેશ્વર–ભગવાનનો ધર્મ આરાધી ઉત્તરોઉત્તર જન્મ મરણને કાપી મોક્ષસુખનાં ભોક્તા બને. અને તેમની પાછળ રહેલા પરિવારને સત્પ્રેરણાત્મક બને. અંતે શિવસુંદરીને વરે એકની એક અભિલાષા. તેમની સ્મૃતિ નિમીત્તે પ્રાચિન સજઝાય મહોદધિ પુસ્તકમાં ૧૦૦૧ લખાવી લાભ લીધેલ છે. તેની અમે અનુમોદનાં કરીએ છીએ.

લી. શ્રમણોપાસક...

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

श्री जैन श्वेतांबर मूर्तिपूजक श्री पार्श्वनाथमंदिर.
गांधीनगर, बेंग्लोर ९, तरफथी
ज्ञानखातामांथी पूज्य साधु–साध्वी
भगवंतने अभ्यासार्थे
आ पुस्तिकामां
रु. १०००१ अंके दश हजार एक
लाभ लेवामां आवेल छे.।

जैनं जयति शासनम्
शुभं भवतु

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમપદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧ | સુકોશલ મુનિની | જંબૂદ્વીપ મોઝાર રે, | ૫૧ | ૧ |
| ૨ | સ્ત્રીના કથલાની | આઠમ પાખી પર્વનાં દિવસે, | ૪૭ | ૨ |
| ૩ | અવંતિસુકુમાલની | મનોહર માલવદેશ તિહાં બહુનયરનિવેશ, | ૪૦ | ૬ |
| ૪ | રહનેમિની | રહનેમિ અંબર વિણ રાજુલ દેખીજો, | ૪૦ | ૮ |
| ૫ | કલાવતીની | બેન લીલાવતી તમને વિનવું, | ૩૦ | ૧૦ |
| ૬ | સુભદ્રાની | હું પભણું શી એહની વાત; | ૩૪ | ૧૩ |
| ૭ | ઇષુકાર કમલાવતીની | મહેલે તે બેઠાં રાણી કમલાવતી, | ૨૪ | ૧૫ |
| ૮ | થાવચ્ચા કુમારની | શ્રી આદીશ્વરને રે પાય પ્રણમી કરી, | ૧૯ | ૧૭ |
| ૯ | ચાર આહારની | સમરૂં ભગવતી ભારતી | ૨૦ | ૧૮ |
| ૧૦ | અમૃત વેલની | ચેતન જ્ઞાન અજૂઆળીયે, | ૨૯ | ૨૦ |
| ૧૧ | શીખામણની | ચડયા પડયાનો અંતર સમજી, | ૪૧ | ૨૨ |
| ૧૨ | અનાથીમુનિની | મગધાધિપ શ્રેણીક સુવિચારી, | ૨૯ | ૨૫ |
| ૧૩ | સુનંદા રૂપસેનની | ખેટમુનિ કહે ધન્ય તુમે સાતે જણા, | ૨૯ | ૨૭ |
| ૧૪ | ,, ઢાલ-૨ ,, | પરણીનૃપ રથપુર લેઈ ગયો, | ૨૬ | ૨૯ |
| ૧૫ | મેઘકુમારની | સદ્‌ગુરુપાય પ્રણમી, | ૨૮ | ૩૧ |
| ૧૬ | ધન્નાશાલીભદ્રની | રાજગૃહી નગરી મોઝારોજી, | ૫૦ | ૩૪ |
| ૧૭ | ચિત્ત બ્રહ્મદત્તની | ચિત્ત કહે બ્રહ્મરાયને કહ્યું જી દિલમાં આણોજી | ૨૪ | ૩૮ |
| ૧૮ | અમરકુમારની | રાજગૃહી નગરી ભલી, | ૫૨ | ૩૯ |
| ૧૯ | અમકાસતીની | અમકા તે વાદળ ઉગીયો સૂર, | ૨૩ | ૪૩ |
| ૨૦ | અવંતિસુકુમાલની | સુહસ્તી નામે દશ પુરવધર નાણી, | ૨૪ | ૪૪ |
| ૨૧ | દ્વારિકાનાદાહની | બળતી દેખી દ્વારિકા રે ભાઈ | ૨૨ | ૪૮ |
| ૨૨ | સીતાજીની | સીતા આણી રાવણે | ૨૦ | ૪૯ |
| ૨૩ | ધન્ના શાલીભદ્રની | સરસ્વતી સ્વામીને વિનવું રે | ૧૯ | ૫૧ |
| ૨૪ | મરૂદેવાની | એક દિન મરૂદેવી આઈ, | ૧૯ | ૫૨ |
| ૨૫ | ગજસુકુમાલની | સોના કેરા કાંગરાને, | ૧૯ | ૫૩ |
| ૨૬ | દશાર્ણભદ્રની | શારદ બુધ દાઇ, સેવક નયણાનંદ, | ૧૮ | ૫૪ |
| ૨૭ | સનત્‌કુમારની | સરસ્વતી સરસ વચન રસ માંગુ, | ૧૮ | ૫૬ |
| ૨૮ | હીરસૂરીશ્વરજીમ૦ની | બે કરજોડીને વિનવું, | ૧૮ | ૫૮ |
| ૨૯ | અનાથીમુનિની | વીશમે અધ્યયને જીન વીરે, | ૧૫ | ૫૯ |
| ૩૦ | વયરમુનિની | સાંભળજો તુમે અદ્‌ભુત વાતો, | ૧૪ | ૬૦ |
| ૩૧ | સ્થાપના કલ્પની | પુરવ નવમાંથી ઉદ્ધરી, | ૧૫ | ૬૧ |
| ૩૨ | આશાતનાની | શ્રી જીનવરને કરી પ્રણામ, | ૧૫ | ૬૩ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમ પદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૩૩ | ઉત્તમ મનોરથની | ધન ધન તે દિન ક્યારે આવશે. | ૧૪ | ૬૪ |
| ૩૪ | શિખામણની | નિજ વાહનથી ઉતરી, | ૧૪ | ૬૫ |
| ૩૫ | ચંદનબાલાની | ચંપા રે નગરી દધિવાહન રાજા, | ૫૪ | ૬૭ |
| ૩૬ | પાંચમા આરાની | વીર કહે ગૌતમ સુણો, | ૨૧ | ૬૯ |
| ૩૭ | નાગદત્ત શેઠની | નગરી ઉજ્જયની રે નાગદત્ત શેઠ વસે, | ૪૭ | ૭૧ |
| ૩૮ | નાગેશ્વરી બ્રાહ્મણીની | ચંપા નગરી સોહામણી રે લાલ, | ૩૩ | ૭૪ |
| ૩૯ | હરિચંદ્રની | શ્રી ગુરૂપદ પંકજ નમી, | ૩૦ | ૭૬ |
| ૪૦ | જીવદયાની | આદિ જિનેશ્વર પાય પ્રણમેવ, | ૨૩ | ૮૦ |
| ૪૧ | દ્રૌપદીની | કૃષ્ણજી તમને કહું કરજોડ રે, | ૨૨ | ૮૨ |
| ૪૨ | ઢંઢણકુમારની | કૃષ્ણ નારી હવે ઢંઢણા, | ૧૫ | ૮૩ |
| ૪૩ | રાવણ ને સીતાની | કહ્યું રે માનો રે મારા કંથજી | ૨૧ | ૮૫ |
| ૪૪ | સુભદ્રાની | મુનિવર સેજે વિચરંતાં | ૨૧ | ૮૭ |
| ૪૫ | અનાથી મુનિની | મગધ દેશકો રાજ રાજેસર, | ૧૯ | ૮૮ |
| ૪૬ | પાંચ પાંડવની | હસ્તિનાગપુર વર ભલું, | ૧૯ | ૯૦ |
| ૪૭ | અંજનાસતીની | અંજના વાત કરે છે મારી સખી, | ૧૮ | ૯૧ |
| ૪૮ | અરિહંતની | અરિહંતજી રે હું રે સમરૂં ત્યારે આવજો, | ૫ | ૯૨ |
| ૪૯ | સુલસાની | ધન ધન સુલસા સાચી શ્રાવિકા. | ૧૦ | ૯૩ |
| ૫૦ | નિંદ્રાની | વેરણ નિંદ્રા તું કયાંથી રે આવી, | ૫ | ૯૪ |
| ૫૧ | સમકિતની | સમકિત નવિ લહ્યું રે, | ૫ | ૯૪ |
| ૫૨ | ઉપદેશની | ખબર નહી આ જગમેં પલકી, | ૧૦ | ૯૫ |
| ૫૩ | ચેતનની | ચેતન ચેતો ચુત્તર | ૯ | ૯૬ |
| ૫૪ | મેં કૌતુક દીઠું, | સખી રે મેં કૌતુક દીઠું, | ૮ | ૯૬ |
| ૫૫ | આત્મબોધની | તનનો ભરોસો નથી રે, | ૧૦ | ૯૭ |
| ૫૬ | શીયલની | તું નેત્રથી નારી નીરખી, | ૧૩ | ૯૮ |
| ૫૭ | શીખામણની | મોંઘેરો દેહ આ પામી, | ૬ | ૯૯ |
| ૫૮ | યશોદાના વિલાપની | નણંદલસુત સિદ્ધારથ વિનવું, | ૧૨ | ૯૯ |
| ૫૯ | અધ્યાત્મની | નિરાધાર કેમ મુકી શ્યામ મને, | ૬ | ૧૦૦ |
| ૬૦ | વાણિયાની | વાણિયો વણજ કરે છે રાજ, | ૯ | ૧૦૧ |
| ૬૧ | વૈરાગની | આ તન છે રંગ પતંગી રે, | ૫ | ૧૦૨ |
| ૬૨ | ઉણોદરીવ્રતની | સાસુને વહુ મંદિરે ગ્યાતા, | ૧૬ | ૧૦૨ |
| ૬૩ | ધન્નાજીની | સરસ્વતી સ્વામીને વિનવું રે, | ૧૮ | ૧૦૩ |
| ૬૪ | અઈમુત્તાની | વીરજીણંદ વાંદીને ગૌતમ, | ૧૮ | ૧૦૪ |
| ૬૫ | સ્થુલીભદ્રની | શ્રી સ્થુલીભદ્ર મુનિગણમાં શિરદારજો, | ૧૭ | ૧૦૫ |
| ૬૬ | પરદેશી રાજાની | સૂરીશ્વર શ્વેતામ્બી નગરી સમોસર્યા | ૧૮ | ૧૦૭ |
| ૬૭ | ગૌતમસ્વામીની | ગૌતમ સ્વામી પૃચ્છા કરે, | ૧૬ | ૧૦૮ |
| ૬૮ | રાજીમતીના બાર માસાની | સખી તોરણ આઈ કંત ગયા મંદિરે, | ૧૮ | ૧૦૯ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમ પદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૬૯ | સત્તા સતીની | સુપ્રભાત નિત્ય વંદીએ | ૧૬ | ૧૧૨ |
| ૭૦ | અર્જુનમાળીની | સદ્દગુરુ ચરણે કહુ સાર | ૧૬ | ૧૧૩ |
| ૭૧ | ઈલાચીપુત્રની | નામ ઈલા પુત્ર જાણીએ, | ૧૫ | ૧૧૪ |
| ૭૨ | જંબૂ કુમારની | રાજગૃહી નયરી વસે, | ૧૫ | ૧૧૫ |
| ૭૩ | સુબાહુકુમારની | હવે સુબાહુકુમાર એમ વિનવે, | ૧૫ | ૧૧૬ |
| ૭૪ | રૂકૂમિણીની | વિચરંતા ગામો ગામ, | ૧૬ | ૧૧૮ |
| ૭૫ | ઉપદેશની | મિત્ર ચેતજો રે. | ૧૪ | ૧૧૯ |
| ૭૬ | મૃગાપુત્રની | ભવિ તુમે વંદો રે, | ૧૪ | ૧૨૦ |
| ૭૭ | ઘડપણની | ઘડપણ તું કાં આવીયો રે, | ૧૪ | ૧૨૧ |
| ૭૮ | ગજસુકુમારની | શ્રી નેમીશ્વર જીનવર આવી સમોસર્યા, | ૩૪ | ૧૨૨ |
| ૭૯ | મૃગાપુત્રની | પ્રણમી પાર્શ્વ જિણંદને | ૩૫ | ૧૨૪ |
| ૮૦ | ઝાંઝરીયાઋષિની | મહિયલમાં મુનિવર કહુજી, | ૩૭ | ૧૨૭ |
| ૮૧ | કર્મપચ્ચીશીની | દેવ દાનવ તીર્થંકર ગણધર | ૨૬ | ૧૩૦ |
| ૮૨ | ધન્નાજીની | શીયાળામાં શીત ઘણી રે ધન્ના | ૨૩ | ૧૩૨ |
| ૮૩ | મોહ મિથ્યાત્વની | મોહ મિથ્યાત્વની નિંદમાં | ૨૩ | ૧૩૩ |
| ૮૪ | ત્રેશઠ શલાકાની | પ્રહ સમે પ્રણમું સરસ્વતી માય | ૨૧ | ૧૩૫ |
| ૮૫ | માનની | માન ન કરશો માનવી | ૧૬ | ૧૩૬ |
| ૮૬ | નાગીલાની | ભુદેવ ભાઈ ઘેર આવીયાજી | ૧૬ | ૧૩૮ |
| ૮૭ | શિખામણની | શ્રી ગુરૂચરણ પસાઉલે | ૧૮ | ૧૩૯ |
| ૮૮ | મેતારજમુનિની | ધન ધન મેતારજ મુનિ | ૧૬ | ૧૪૦ |
| ૮૯ | ઋતુવંતીની | શીવ સાધક જીનવરની વાણી | ૧૫ | ૧૪૧ |
| ૯૦ | સ્થુલીભદ્રની | એક દિન કોશ્યા ચિત્તને રંગે | ૧૩ | ૧૪૨ |
| ૯૧ | સ્ત્રીને શિખામણની | નાથ કહે તું સુણને નારી | ૧૩ | ૧૪૩ |
| ૯૨ | રત્નચિંતામણિની | આ ભવ રત્ન ચિંતામણિ સરીખો | ૧૩ | ૧૪૪ |
| ૯૩ | પીસ્તાલીશ આગમની | અંગ અગીયાર ઉપાંગ બાર | ૧૩ | ૧૪૫ |
| ૯૪ | સંપ્રતિરાજાની | કંપિલ પૂરનો રાજિયો | ૧૨ | ૧૪૬ |
| ૯૫ | આત્મોપદેશની | હું તો પ્રણમું સદ્દગુરૂ રાયા રે | ૧૧ | ૧૪૭ |
| ૯૬ | શીયલની | રે જીવ વિષય નિવારીએ | ૧૧ | ૧૪૮ |
| ૯૭ | અંધેરીનગરીની | અજ્ઞાન મહા અંધેર નગરે | ૧૧ | ૧૪૯ |
| ૯૮ | ઈરિયાવહિની | મન શુદ્ધે રે ઇરિયાવહિ ભવિ પડિક્કમે | ૧૪ | ૧૫૦ |
| ૯૯ | મહાવીરનિર્વાણની | આધારજ હું તો રે મુને એક તાહરો રે | ૧૫ | ૧૫૨ |
| ૧૦૦ | કલાવતીની | નગરી કૌશંબીનો રાજા કહીએ | ૧૩ | ૧૫૩ |
| ૧૦૧ | કોણીકની | કિયા રે ભવનું વેર કપુત આ તેં વાળીયું | ૧૩ | ૧૫૪ |
| ૧૦૨ | પ્રતિક્રમણની | ગૌતમ પૂછે શ્રી મહાવીરને રે | ૧૩ | ૧૫૫ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમપદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧૦૩ | ગર્ભઅહોતરીની | ઉત્પતિ જો આપણી મનમાંહે વિમાસ | ૭૨ | ૧૫૬ |
| ૧૦૪ | શીલબત્રીશીની | શ્રીનેમાસર જિનતણુંજી | ૩૨ | ૧૬૧ |
| ૧૦૫ | શીલની નવવાડની | પ્રણમું ભાવે શારદા માય | ૨૭ | ૧૬૩ |
| ૧૦૬ | ગર્વ ન કરશો ગાત્રનો | ગર્વ ન કરશો ગાત્રનો | ૨૩ | ૧૬૫ |
| ૧૦૭ | કુગુરૂની | શુદ્ધ સંવેગી કીરિયા ધારી | ૨૮ | ૧૬૬ |
| ૧૦૮ | ગજસુકુમાલની | સોરઠ દેશ મોઝાર દ્વારિકા નગરી અતિસાર | ૩૫ | ૧૬૮ |
| ૧૦૯ | ખંધકકુમારની | શ્રી સીમંધર પાય નમીજી | ૩૦ | ૧૭૧ |
| ૧૧૦ | ઈલાચીકુમારની | ધનદત્ત શેઠનો દિકરો | ૨૯ | ૧૭૩ |
| ૧૧૧ | ચંદનબાલાની | કૌશંબી નગરી પધાર્યા | ૩૬ | ૧૭૫ |
| ૧૧૨ | સ્થુલીભદ્રની | વેષ જોઈને સ્વામી આપણો | ૩૪ | ૧૭૮ |
| ૧૧૩ | ભીલડીની | સરસ્વતી સ્વામીને વિનવું | ૨૧ | ૧૮૦ |
| ૧૧૪ | ઉપશમની | ભગવતી ભારતી મન ધરીજી | ૨૩ | ૧૮૨ |
| ૧૧૫ | ઢુંઢકપચીશીની | શ્રી શ્રુતદેવી પ્રણમી કહેસ્યું | ૨૫ | ૧૮૪ |
| ૧૧૬ | વિષયરાગ નિવારકની | મન આણી જીનવાણી પ્રાણી જાણીયે રે | ૧૭ | ૧૮૫ |
| ૧૧૭ | માર્ગાનુસારી ગુણની | વીર કહે ભવિજન પ્રત્યે માર્ગ તણો ઉપદેશહો | ૧૭ | ૧૮૭ |
| ૧૧૮ | પ્રદેશીરાજાની | શ્રી શંખેશ્વર પ્રણમું પાસ | ૩૧ | ૧૮૮ |
| ૧૧૯ | મરૂદેવીમાતાની | ઇણહી ભરતક્ષેત્ર હો | ૧૫ | ૧૯૦ |
| ૧૨૦ | મનોરમાની | મોહનગારી મનોરમા | ૫ | ૧૯૧ |
| ૧૨૧ | સીતાસતીની | સરસ્વતી ભગવતી ભારતી | ૩૩ | ૧૯૨ |
| ૧૨૨ | રૂક્મિણીની | કહે સીમંધર સ્વામી નારદ પ્રત્યે | ૨૬ | ૧૯૪ |
| ૧૨૩ | રત્નબાઈના રેંટીયાની | બાઇ રે અમને રેંટીયો વાલો | ૨૪ | ૧૯૬ |
| ૧૨૪ | કામલતાની | શી કહું કથની મારી રાજ | ૨૫ | ૧૯૭ |
| ૧૨૫ | ચેતનની | ભમી ભમીને ભવ અટવીમાં | ૨૪ | ૧૯૯ |
| ૧૨૬ | શ્રાવક કરણીની | શ્રાવક તું ઉઠે પ્રભાત | ૨૩ | ૨૦૦ |
| ૧૨૭ | ગૌતમપૃચ્છાની | ગૌતમ સ્વામી પૃચ્છા કરે | ૨૧ | ૨૦૨ |
| ૧૨૮ | સાધુસમુદાયની | પ્રણમુ શાસનપતિ શ્રી વીર | ૨૦ | ૨૦૩ |
| ૧૨૯ | રાજુલનો પત્રની | સ્વસ્તિ શ્રી રૈવય ગિરિવરા | ૧૯ | ૨૦૫ |
| ૧૩૦ | સંગ્રામસોનીની | શ્રી શંખેશ્વર પાય નમી | ૧૯ | ૨૦૬ |
| ૧૩૧ | દેવકીના ૭ પુત્રની | મનડુ રે મોહ્યું મુનિવર માહરૂ રે | ૧૯ | ૨૦૮ |
| ૧૩૨ | મેઘરથરાજાની | દશમે ભવે શ્રી શાંતિનાથજી | ૨૧ | ૨૦૯ |
| ૧૩૩ | સીતાની | આવું નહોતું જાણ્યું મારા મનમાં | ૧૪ | ૨૧૧ |
| ૧૩૪ | સંગતની | લોહુ લાલ બને અગ્નિ સંગથી | ૧૬ | ૨૧૨ |
| ૧૩૫ | જંબુસ્વામીની | બોધ સુણી સુધર્મા સ્વામીનો | ૧૬ | ૨૧૩ |
| ૧૩૬ | ઋતુવંતીની | પવયણ દેવી સમરી માત | ૧૬ | ૨૧૪ |
| ૧૩૭ | ધન્નાજીની | વીર બત્રીશ કામિની રે ધન્ના | ૧૫ | ૨૧૫ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમપદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧૩૮ | સોલસ્વપ્નની | સુપન દેખી પહેલડે | ૧૭ | ૨૧૬ |
| ૧૩૯ | નાલંદાપાડાની | મગધ દેશ માંહી બિરાજે | ૧૭ | ૨૧૭ |
| ૧૪૦ | વૈરાગ્યની | ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો | ૧૬ | ૨૧૮ |
| ૧૪૧ | ખડ્ગકુમારની | અવંતીનગરી સોહામણી રે લોલ | ૧૬ | ૨૨૦ |
| ૧૪૨ | સ્થુલીભદ્રની | બોલી ગયો મુખ બોલ | ૧૩ | ૨૨૧ |
| ૧૪૩ | ચંદનબાલાની | બાલ કુમારી ચંદન બાલા | ૧૩ | ૨૨૨ |
| ૧૪૪ | મયણરેહાની | નયર સુદર્શન મણીરથ રાજા | ૧૩ | ૨૨૩ |
| ૧૪૫ | વયરમુનિની | સાંભલજો તુમે અદ્દભૂત વાતો | ૧૪ | ૨૨૪ |
| ૧૪૬ | બાહુબલીની | બાહુબલી શુકલ ધ્યાને રહ્યાં, | ૧૨ | ૨૨૫ |
| ૧૪૭ | કૃષ્ણ મહારાજાની | માન ન કરશો રે માનવી | ૧૬ | ૨૨૭ |
| ૧૪૮ | મેતારજમુનિની | શમ દમ ગુણના આગરૂજી | ૧૪ | ૨૨૮ |
| ૧૪૯ | હરિકેશીમુનિની | સોવાગ કૂળમાં ઉપન્યા | ૧૫ | ૨૨૯ |
| ૧૫૦ | સર્વાર્થસિદ્ધ વિમાનની | જગદાનંદન ગુણનીલો રે | ૧૬ | ૨૩૦ |
| ૧૫૧ | ધીના ગુણની | ભવિયણ ભાવ ઘણો ધરી | ૧૯ | ૨૩૧ |
| ૧૫૨ | આત્માની | માહરા આતમ એહિજ શીખ સાંભળે | ૧૫ | ૨૩૩ |
| ૧૫૩ | મુનિગુણની | નિત નિત વંદુ રે મુનિવર એહવા | ૧૩ | ૨૩૪ |
| ૧૫૪ | ચેતનની | આપ વિચારજો આતમા | ૧૬ | ૨૩૫ |
| ૧૫૫ | જંબુસ્વામીની | રાજગૃહી નગરી વસે | ૧૫ | ૨૩૬ |
| ૧૫૬ | હરિકેશી મુનિની | ઋષિ વનવાસી સુરવર સેવિત | ૧૪ | ૨૩૭ |
| ૧૫૭ | ઉપશમની | ઉપશમ આણો ઉપશમ આણો | ૧૩ | ૨૩૮ |
| ૧૫૮ | આત્મબોધની | સુમતિ સદા સુકુલિણી | ૧૩ | ૨૩૯ |
| ૧૫૯ | સ્થુલીભદ્રની | સરસ્વતીને ચરણે નમી | ૧૫ | ૨૪૦ |
| ૧૬૦ | નેમનાથની | નેમ નેમ કરતી નારી | ૧૩ | ૨૪૧ |
| ૧૬૧ | પ્રભંજનાની | ગિરિ વૈતાઢ્યની ઉપરે | ૧૪ | ૨૪૨ |
| ૧૬૨ | વૈરાગ્યની | કહેના રે સગાને કોની રે માયા | ૧૪ | ૨૪૩ |
| ૧૬૩ | જોબન વયની | જો જો રે જોબનીયું મે | ૧૪ | ૨૪૪ |
| ૧૬૪ | સમતાની | જબલગ સમતા ક્ષણ નહિ આવે | ૧૨ | ૨૪૫ |
| ૧૬૫ | નળદમયંતીની | સમરી અંગે શ્રુતની દેવી રે | ૧૬ | ૨૪૬ |
| ૧૬૬ | રાવણ મંદોદરીની | કહ્યું રે માનો રાય લંકેશ્વરી | ૧૮ | ૨૪૮ |
| ૧૬૭ | મોક્ષાર્થીઓને વંદનાની | આદિજીનજી અધિકારી | ૧૭ | ૨૪૯ |
| ૧૬૮ | જંબૂસ્વામીની | ત્રિશલાના જાયા | ૧૬ | ૨૫૦ |
| ૧૬૯ | રાજીમતી ને રહનેમીની | ધિગ્ ધિગ્ ધિગ્ મુનિ તુમને | ૧૮ | ૨૫૨ |
| ૧૭૦ | કેશી ને ગૌતમ ગણધરની | એ દોય ગણધર પ્રણમીયે | ૧૬ | ૨૫૩ |
| ૧૭૧ | નેમ રાજુલની | રાણી રાજુલ કરજોડી કહે | ૧૫ | ૨૫૪ |




Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમ પદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૧૭૨ | ઈરિયાવહિની | ગુરૂ સન્મુખ રહી વિનય વિવેક | ૧૪ | ૨૫૫ |
| ૧૭૩ | વૈરાગ્યની | અનુભવના ભવિયારે જાગીને જોજો | ૧૫ | ૨૫૬ |
| ૧૭૪ | શીખામણની | કાળ તારે શિર ભમેરે | ૧૩ | ૨૫૭ |
| ૧૭૫ | આધુનિકજમાનાની | એક માસ પછી એક માસ જાય | ૧૩ | ૨૫૮ |
| ૧૭૬ | આળસ કાઠીયાની | આળસ અંગથી પરિહરો | ૧૩ | ૨૫૯ |
| ૧૭૭ | જંબૂસ્વામીની | સરસ્વતી સ્વામીને વિનવું રે | ૧૪ | ૨૬૦ |
| ૧૭૮ | બારવ્રતની | ગૌતમ ગણધર પાય નમીને | ૧૭ | ૨૬૧ |
| ૧૭૯ | દેવાનંદાની | જીનવર રૂપ દેખી મન હરખે | ૧૨ | ૨૬૨ |
| ૧૮૦ | કલિયુગની | સરસ્વતી સ્વામી પાય નમીને | ૧૨ | ૨૬૩ |
| ૧૮૧ | બાર ભાવના ભેગી ચાર ભાવના | ભાવના નિશદિન ભાવે ભાવો | ૨૦ | ૨૬૪ |
| ૧૮૨ | કલહ નિવારની | રાડ કલહ સવિ મૂલે નિવારે | ૧૧ | ૨૬૫ |
| ૧૮૩ | પરિગ્રહની | આશા દાસી વશ પડચા | ૭ | ૨૬૬ |
| ૧૮૪ | ચેતનને શિખામણની | ચેતન ચેતજો રે કાળ ન મેલે કેડો | ૧૨ | ૨૬૭ |
| ૧૮૫ | વૈરાગ્યની | એ સંસાર અસાર છે રે જીવડા | ૧૦ | ૨૬૮ |
| ૧૮૬ | સુખીયાની | તે સુખીયા ભાઈ તે સુખીયા | ૯ | ૨૬૯ |
| ૧૮૭ | પરસ્ત્રી ત્યાગની | પ્રભુ સાથે જો પ્રીત ઇચ્છો તો | ૧૦ | ૨૬૯ |
| ૧૮૮ | સમુદ્રપાલમુનિની | નગરી ચંપામાં વસે | ૯ | ૨૭૦ |
| ૧૮૯ | આત્માની | યામે વાસમેં બે મરદો મગન ભયા. | ૭ | ૨૭૧ |
| ૧૯૦ | બે ઇંદ્રિયની | બે ઇંદ્રિય બોલે રે મુખથી એહવું | ૧૧ | ૨૭૨ |
| ૧૯૧ | અંતરાયની | સરસ્વતી માતા આદે નમીને | ૧૧ | ૨૭૩ |
| ૧૯૨ | અષ્ટભંગીની | સુગુરુ, સુદેવ, સુધર્મ જેહ તત્ત્વ ન જાણે | ૧૧ | ૨૭૪ |
| ૧૯૩ | નવવાડનો | નવ વાડ મુનિવર મનધરો | ૧૧ | ૨૭૪ |
| ૧૯૪ | નારદમુનિની | આવ્યા નારદ મૂનિવર પાંડવ પાંચ તણે ઘરે રે લોલ | ૧૧ | ૨૭૫ |
| ૧૯૫ | અઢાર નાતરાની | મથુરા નગરી રે કુબેરસેના ગણિકા વસે | ૧૦ | ૨૭૭ |
| ૧૯૬ | ખામણાની | પંચ પરમેષ્ઠી ધ્યાઈએ રે | ૧૦ | ૨૭૮ |
| ૧૯૭ | વર્ધમાન તપની | મોરા ચેતન હો કે કહું અનુભવની વાત કે | ૧૦ | ૨૭૯ |
| ૧૯૮ | કડવા તુંબડાની | સાધુજીને તુંબડુ વહોરાવીયું જી | ૧૦ | ૨૮૦ |
| ૧૯૯ | અભક્ષ્યની | જીન શાસન રે શુદ્ધ સદ્દહણા ધરો | ૧૦ | ૨૮૧ |
| ૨૦૦ | વૈરાગ્યની | નથી સાર જગતમાં ભાઈ | ૧૨ | ૨૮૨ |
| ૨૦૧ | વૈરાગ્યની | પરસદા આગે દિયે મુનિ દેશના | ૧૧ | ૨૮૩ |
| ૨૦૨ | વિષય તૃષ્ણા નિવારકની | આત્મરતિ આત તૃપ્તિ | ૮ | ૨૮૪ |
| ૨૦૩ | મુનિગુણની | સમતા સુખના જે ભોગી | ૧૧ | ૨૮૫ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમ પદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૨૦૪ | રૂપિયાની | દેશમુલકને પરગણે | ૧૧ | ૨૮૬ |
| ૨૦૫ | શાલીભદ્રની | મહિ મંડળમાં વિચરંતા રે | ૧૧ | ૨૮૭ |
| ૨૦૬ | શિખામણની | ચોવીશ જીન પ્રણમી કરી | ૧૧ | ૨૮૮ |
| ૨૦૭ | સહજાનંદીની | સહજાનંદી રે આતમા | ૧૧ | ૨૮૯ |
| ૨૦૮ | સકામ અકામની | મરણ અકામ સકામ રે | ૧૦ | ૨૯૦ |
| ૨૦૯ | મરૂદેવી માતાની | એક દિન મરૂદેવી માતા પૂછે | ૯ | ૨૯૧ |
| ૨૧૦ | પડિક્કમણાની | કર પડિક્કમણું ભાવશું | ૯ | ૨૯૨ |
| ૨૧૧ | વૈરાગ્યની | માનમાં માનમાં માનમાં રે | ૧૧ | ૨૯૨ |
| ૨૧૨ | ઉપદેશની | જાવું જરૂરી મરી જીવડા રે | ૧૧ | ૨૯૩ |
| ૨૧૩ | અનાથીમુનિની | ભંભસારે વનમાં ભમતાં | ૧૦ | ૨૯૪ |
| ૨૧૪ | કૃષ્ણ વાસુદેવની | નગરી દ્વારિકામાં નેમિ જીનેશ્વર | ૧૦ | ૨૯૫ |
| ૨૧૫ | જંબૂસ્વામીના વરઘોડાની | સંયમ લેવા સંચર્યો રે | ૩૧ | ૨૯૫ |
| ૨૧૬ | પચ્ચક્ખાણની | નવકારશી કરું તો મારે મન વસી રે | ૧૦ | ૨૯૭ |
| ૨૧૭ | ચંદનબાલાની | કરે વિનંતિ ચંદનબાલા વીરને રે | ૧૦ | ૨૯૭ |
| ૨૧૮ | નરકદુઃખની | હે સુણ ગોયમજી ! વીર પયંપે | ૯ | ૨૯૯ |
| ૨૧૯ | સામાન્યની | ધિક્‌જગત જંગલ તને | ૧૧ | ૨૯૯ |
| ૨૨૦ | વૈરાગ્યની | જોને તું પાટણ જેવા | ૧૨ | ૩૦૦ |
| ૨૨૧ | વૈરાગ્યની | એક દિવસમાં ક્ષણે ક્ષણેને | ૯ | ૩૦૧ |
| ૨૨૨ | વંકચૂલની | જંબૂદ્વીપમાં દીપતું રે લાલ | ૧૦ | ૩૦૨ |
| ૨૨૩ | આત્માની | મકર હો જીવ પરતાંત દિન રાત તું | ૯ | ૩૦૨ |
| ૨૨૪ | ચંદન બાળાની | વીર પ્રભુજી પધારો રાજ | ૧૦ | ૩૦૩ |
| ૨૨૫ | નંદાસતીની | બેનાતટ નયરે વસે | ૯ | ૩૦૪ |
| ૨૨૬ | વૈરાગ્યની | તને સંસારી સુખ કેમ સાંભરે રે લોલ | ૯ | ૩૦૫ |
| ૨૨૭ | શીલની | શ્રી જીનવાણી હો ભવિયણ ચિત્તધરો | ૧૧ | ૩૦૫ |
| ૨૨૮ | સત્સંગની | સત્સંગનો રસ ચાખ પ્રાણી તું તો | ૧૦ | ૩૦૬ |
| ૨૨૯ | સુદર્શન શેઠની | શીળ રત્ન જતને ધરો રે લોલ | ૧૧ | ૩૦૭ |
| ૨૩૦ | નરકદુઃખની | હારે લાલા પાપ કર્મથી પ્રાણીઓ | ૧૧ | ૩૦૮ |
| ૨૩૧ | આત્માની | હું તો પ્રણમું સદ્‌ગુરૂ રાયારે | ૧૧ | ૩૦૮ |
| ૨૩૨ | ચા દેવીની | જાઉં તારી બલિહારી હો ચા દેવી | ૧૦ | ૩૦૯ |
| ૨૩૩ | ભરત ચક્રવર્તિની | આભરણ અલંકાર સઘળા ઉતારી | ૧૦ | ૩૧૦ |
| ૨૩૪ | સ્થુલીભદ્રની | શ્રી મહાવીરજીનેસરૂ ત્રિભુવન ગુરૂજી | ૧૩ | ૩૧૧ |
| ૨૩૫ | નેમ રાજુલની | હલકા હાંકોને સ્વામી હાથીયો હો લાલ | ૧૧ | ૩૧૨ |
| ૨૩૬ | સુંદરીની | સાઠ સહસ વર્ષ દિગ્વિજય કરીને | ૧૦ | ૩૧૩ |
| ૨૩૭ | જીવના વૈરાગ્યની | જોઈ જતન કર જીવડા | ૧૧ | ૩૧૩ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમપદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૨૩૮ | અનિત્યની | કહેનારે સગપણ કેહની માયા | ૧૧ | ૩૧૪ |
| ૨૩૯ | દેવલોકની | સુધર્મા દેવલોકમાં રે વિમાન બત્રીશ લાખ | ૧૦ | ૩૧૫ |
| ૨૪૦ | આત્મ શિક્ષાની | પ્યારી તે પિયુને પ્રીછવે | ૧૧ | ૩૧૬ |
| ૨૪૧ | ,, | સમય સંભાળો રે આખર ચાલવું | ૯ | ૩૧૭ |
| ૨૪૨ | અનાગ્રહે અગ્નિ ભૂતિ વાયુભૂતિની | પ્રણમુ તે ઋષિ રાયને | ૧૧ | ૩૧૮ |
| ૨૪૩ | સાત વ્યસનની | વારતું વ્યસન સપ્તકનિંદ | ૧૦ | ૩૧૯ |
| ૨૪૪ | મનકમુનિની | નમો નમો મનક મહામુનિ | ૧૦ | ૩૧૯ |
| ૨૪૫ | અરણીકમુનિની | અરણીકમુનિવર ચાલ્યા ગોચરીયે | ૧૦ | ૩૨૦ |
| ૨૪૬ | નંદીષેણની | સાધુજી ન જઈએ પરઘર એકલાં રે | ૧૦ | ૩૨૧ |
| ૨૪૭ | સવાર્થસિદ્ધ વિમાનની | સરવારથ સિદ્ધે ચંદુએ | ૧૧ | ૩૨૨ |
| ૨૪૮ | રાજીમતીની | પ્રણમી સદ્ગુરૂ પાય | ૧૧ | ૩૨૩ |
| ૨૪૯ | વૈરાગ્યની | હો ચેત જીવડલા મ કર તું જંજાલ | ૯ | ૩૨૩ |
| ૨૫૦ | શિખામણની | ગર્ભાવાસમાં એમ ચિંતવતી | ૧૧ | ૩૨૫ |
| ૨૫૧ | દાન ધર્મની | ચોત્રીસ અતિશયવંત | ૯ | ૩૨૫ |
| ૨૫૨ | વૈરાગ્યની | આવ્યો ત્યારે મુઠી વાળી | ૯ | ૩૨૬ |
| ૨૫૩ | દમયંતીની | કુંડિનપુર ભીમા નંદિની | ૯ | ૩૨૭ |
| ૨૫૪ | સ્થુલીભદ્રની | અહો મુનિવર માહરી ઉપર મહેર કરી | ૧૨ | ૩૨૮ |
| ૨૫૫ | સીતાસતીની | જળહળતી બળતી ઘણું રે | ૯ | ૩૨૯ |
| ૨૫૬ | રોટલાની | સર્વ દેવમે પ્રત્યક્ષ દેવ રોટી | ૧૧ | ૩૩૦ |
| ૨૫૭ | જીવદયાની | ગજભવે સસલો ઉગારીયો રે | ૯ | ૩૩૦ |
| ૨૫૮ | વિનયની | શ્રી જંબૂમુનિ વિનવ્યા રે | ૧૧ | ૩૩૧ |
| ૨૫૯ | માનત્યાગની | ચતુર સનેહી ચેતન ચેતીયે રે | ૧૧ | ૩૩૨ |
| ૨૬૦ | દ્વેષની | દ્વેષ ન ધરીએ લાલન | ૯ | ૩૩૩ |
| ૨૬૧ | ભવિષ્યની | ભવિષ્યમાં લખ્યું હોય તે થાય | ૯ | ૩૩૩ |
| ૨૬૨ | વૈરાગ્યની | કાંતરીયારે કાઢી નાખો | ૯ | ૩૩૪ |
| ૨૬૩ | મનડાની | ક્યા કરું રે મન સ્થિર નહી રહતા | ૫ | ૩૩૫ |
| ૨૬૪ | રેવતીની | સોનાને સિંહાસને બેઠા રેવતી રે | ૧૦ | ૩૩૫ |
| ૨૬૫ | મધુબિંદુની | સરસ્વતી મુજરે માતા દો વરદાન રે | ૧૦ | ૩૩૬ |
| ૨૬૬ | ચંદ્રાવતીની | જસમુખ સોહે સરસ્વતી માય | ૨૧ | ૩૩૮ |
| ૨૬૭ | રહનેમી ને રાજીમતીની | રાજુલ સતી અણજાણતા | ૧૩ | ૩૩૯ |
| ૨૬૮ | બલભદ્રની | સુરતરૂ સરીખો સંયમ સોહે | ૯ | ૩૪૦ |
| ૨૬૯ | વૈરાગ્યની | મરણ ન છૂટે રે પ્રાણીયા | ૮ | ૩૪૧ |
| ૨૭૦ | આધ્યાત્મિકની | ચતુર વિચારો ચતુર વિચારો | ૫ | ૩૪૨ |
| ૨૭૧ | સ્થુલીભદ્રની | ઉઠ સખી ઉતાવળી રે | ૫ | ૩૪૨ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમપદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૨૭૨ | રોહિણીની | ઋતુ વસંત આવે થકેજી | ૧૩ | ૩૪૩ |
| ૨૭૩ | નંદીષેણની | રહો રહો વાલમા | ૫ | ૩૪૪ |
| ૨૭૪ | રહનેમિની | નાજી નાજી છેડો નાજી | ૬ | ૩૪૪ |
| ૨૭૫ | રાવણ ને મંદોદરીની | સીતા હરી રાવણ ઘર આણી | ૧૬ | ૩૪૫ |
| ૨૭૬ | આંબેલતપની | સમરી શ્રુતદેવી શારદા | ૧૧ | ૩૪૬ |
| ૨૭૭ | મૂરખાની | મૂરખો ગાડી દેખી મલકાય | ૮ | ૩૪૭ |
| ૨૭૮ | સમુર્ચ્છિમ જીવની | ચાલો સૈયર મંગલ ગાઈએ | ૯ | ૩૪૮ |
| ૨૭૯ | શિખામણની | પરપંથે એક દિન | ૭ | ૩૪૮ |
| ૨૮૦ | સાધુના સુખ દુઃખની | સુદેવ, સુગુરુ ના પ્રણુમી પાયરે | ૭ | ૩૪૯ |
| ૨૮૧ | સ્થુલીભદ્રની | સ્થુલીભદ્ર કહે સુણ કોશ્યા | ૮ | ૩૫૦ |
| ૨૮૨ | ,, | યોગ ધ્યાન ધ્યાનમેં જોડી તાલી | ૭ | ૩૫૦ |
| ૨૮૩ | સુમતિવિલાસની | પડજો કુમતિ ગઢ કાંગરા | ૭ | ૩૫૧ |
| ૨૮૪ | ધન્નાશાલીભદ્રની | અજીયા જોરાવર કારમી હો વાલમાં | ૭ | ૩૫૨ |
| ૨૮૫ | વરદત્તકુમારની | વિચરંતા નેમી જીનેશ્વર આવીયા | ૭ | ૩૫૨ |
| ૨૮૬ | કડીયારાની | વીર જીનવર રે ગૌતમ ગણધરને કહે | ૭ | ૩૫૩ |
| ૨૮૭ | ગૌતમસ્વામીની | હે ઈંદ્રભૂતિ ! તારા ગુણ કહેતા હરખ ન માય | ૬ | ૩૫૫ |
| ૨૮૮ | કુમતિની | રહેને, રહેને, રહેને, અલગી રહેને | ૫ | ૩૫૫ |
| ૨૮૯ | કુશિષ્યની | વીર ગોયમ ઈમ કહે | ૫ | ૩૫૬ |
| ૨૯૦ | આઠકર્મની | પ્રભુજી મારા કર્મો લાગ્યા છે માટે કેડલે | ૯ | ૩૫૬ |
| ૨૯૧ | જીભલડીની | બાપલડીરે જીભલડી તું કાં | ૮ | ૩૫૭ |
| ૨૯૨ | કૌશલ્યાની | દશરથ નૃપ કૌશલ્યા ને કહે | ૮ | ૩૫૮ |
| ૨૯૩ | ચંદનબાલાની | કોશાંબીપતિ શતાનિક નૃપ | ૮ | ૩૫૮ |
| ૨૯૪ | સામાયિક પદની | ચતુરનર સામાયિક નયધરો | ૮ | ૩૫૯ |
| ૨૯૫ | ત્રિશલામાતાની | શીખ સુણો સખી માહરી રે | ૭ | ૩૬૦ |
| ૨૯૬ | ચરખાની | સુણ ચરખે વાલી | ૫ | ૩૬૦ |
| ૨૯૭ | છઠ્ઠા આરાની | છઠ્ઠો સારો એવો આવશે | ૭ | ૩૬૧ |
| ૨૯૮ | નવકારવાલીની | બાર જપું અરિહંતના | ૯ | ૩૬૧ |
| ૨૯૯ | ,, | કહેજો ચતુર નર એ કોણ નારી | ૫ | ૩૬૨ |
| ૩૦૦ | ચેલાને શિખામણની | ચેલા રહે ગુરૂને પાસ | ૭ | ૩૬૩ |
| ૩૦૧ | ગુણ સ્થાનકની | હોયે મિથ્યાત્વ અભવ્યને | ૭ | ૩૬૩ |
| ૩૦૨ | મરૂદેવી માતાની | મરૂદેવી માતારે એમ ભણે | ૭ | ૩૬૪ |
| ૩૦૩ | ચરણ સિત્તરીની | પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ | ૭ | ૩૬૫ |
| ૩૦૪ | બલભદ્ર મુનિની | માસખમણને મુનિવર પારણેજી | ૭ | ૩૬૫ |
| ૩૦૫ | સુલસાની | શીલ સુરંગી રે સુલસા મહાસતી | ૭ | ૩૬૬ |



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમપદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૩૦૬ | મનવશની | મન માકલડું આણ્યા ન માને | ૬ | ૩૬૬ |
| ૩૦૭ | સ્થુલીભદ્રની | આંબો મોર્યો રે આંગણે | ૬ | ૩૬૭ |
| ૩૦૮ | આત્માની | દુધ પુત્તરને ધન જોબન તારૂં | ૬ | ૩૬૮ |
| ૩૦૯ | વહુની | ઉત્તર દિશાથી રે સાધુ આવીયા | ૬ | ૩૬૮ |
| ૩૧૦ | સામાયિકની | કર પડિક્કમણું ભાવશું | ૬ | ૩૬૯ |
| ૩૧૧ | દશાર્ણભદ્રની | વીર એસે જીન વંદનકું હરી | ૫ | ૩૬૯ |
| ૩૧૨ | હિત શિક્ષાની | આપોઆપ સદા સમજાવે | ૫ | ૩૭૦ |
| ૩૧૩ | ક્રોધની | કડવા ફળ છે. ક્રોધના | ૬ | ૩૭૦ |
| ૩૧૪ | માનની | રે ! જીવ માન ન કીજીયે | ૫ | ૩૭૧ |
| ૩૧૫ | માયાની | સમકિતનું મૂળ જાણીએજી | ૬ | ૩૭૧ |
| ૩૧૬ | લોભની | તુમે લક્ષણ જો જો લોભનારે | ૭ | ૩૭૨ |
| ૩૧૭ | નવકારની | સમર રે જીવ નવકાર નિત્ય સ્નેહશું | ૬ | ૩૭૨ |
| ૩૧૮ | ગજસુકુમાલની | ગજસુકુમાલ મહા મુનિજી રે | ૬ | ૩૭૩ |
| ૩૧૯ | સંસારની | સગું તારૂ કોણ સાચું રે | ૫ | ૩૭૪ |
| ૩૨૦ | સુંદરીના તપની | સરસ્વતી સ્વામીને કરો સુપસાય રે | ૮ | ૩૭૪ |
| ૩૨૧ | દ્રૌપદીની | લજ્જા મોરી રાખો દેવ ખરી | ૭ | ૩૭૫ |
| ૩૨૨ | સીતાની | જનક સુતા હું નામ ધરાવું | ૮ | ૩૭૫ |
| ૩૨૩ | ધન્નાઅણગારની | ચરણ કમલ નમી વીરના રે | ૮ | ૩૭૬ |
| ૩૨૪ | નમિ પ્રવજ્યાની | સુરલોકના સુખ ભોગવીહો શ્રોતા | ૮ | ૩૭૭ |
| ૩૨૫ | જયભૂષણની | નમો નમો જયભૂષણ મુનિ | ૮ | ૩૭૭ |
| ૩૨૬ | વૈરાગ્યની | માયા ઘેનમાં ઉંઘી રહ્યો | ૮ | ૩૭૮ |
| ૩૨૭ | ,, | સુરતરૂની પેરે દોહીલો રે | ૯ | ૩૭૯ |
| ૩૨૮ | વિનયઅધ્યયનની | સરસતિ મતિ અતિ નિરમલી | ૯ | ૩૮૦ |
| ૩૨૯ | શીયલની | મુખડાનો મટકો દેખાડી | ૫ | ૩૮૦ |
| ૩૩૦ | એલક અધ્યયનની | અજને જિન કોઈ આપણે | ૫ | ૩૮૧ |
| ૩૩૧ | પરદેશી રાજાની | શ્રી ગુરૂ સેના સાધુજન | ૫ | ૩૮૧ |
| ૩૩૨ | કપિલ મુનિની | કપિલ નામે કેવલી રે | ૭ | ૩૮૨ |
| ૩૩૩ | સંસારની અસારતાની | સંસાર ધુમાડાના બાચકારે | ૫ | ૩૮૩ |
| ૩૩૪ | મેઘકુમારની | ધારિણી મનાવે રે મેઘકુમારને | ૫ | ૩૮૩ |
| ૩૩૫ | ઉપદેશની | આતમ ધ્યાનથી સંતો સદા સ્વરૂપે રહના | ૭ | ૩૮૪ |
| ૩૩૬ | આપસ્વભાવની | આપ સ્વભાવમાં રે અવધૂ– | ૭ | ૩૮૪ |
| ૩૩૭ | મનુષ્ય ભવના ટાણાની | મનુષ્યભવનું ટાણું, કાલે વહી જશે રે | ૯ | ૩૮૫ |
| ૩૩૮ | અધ્યાત્મપદની | કહા કરું મંદિર કહા કરું ડમરા | ૫ | ૩૮૬ |
| ૩૩૯ | શિયલની | શિયલ સમું વ્રત કો નહિ | ૫ | ૩૮૬ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમપદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૩૪૦ | આત્માની | તુમે શ્રી જીનના ગુણ ગાવો રે | ૮ | ૩૮૭ |
| ૩૪૧ | શિખામણુની | અણુસમજુ શી રે શિખામણ દઉ રે | ૮ | ૩૮૭ |
| ૩૪૨ | મોક્ષની | મોક્ષ નગર મારૂં સાસરૂં | ૫ | ૩૮૮ |
| ૩૪૩ | પ્રસન્નચંદ્રની | પ્રણુમું તુમારા પાય પ્રસન્નચંદ્ર | ૫ | ૩૮૮ |
| ૩૪૪ | પાપ શ્રમણુની | પાપ શ્રમણુ કહે સત્તરમેં | ૬ | ૩૮૯ |
| ૩૪૫ | નળરાજાની | નથી ડરતી હો નળરાજાની રાણી | ૯ | ૩૯૦ |
| ૩૪૬ | શાલીભદ્રની | બોલો બોલો રે શાલીભદ્ર દો વરિયા | ૮ | ૩૯૧ |
| ૩૪૭ | શીખામણુની | ગર્ભાવાસમાં એમ ચિંતવે રે | ૮ | ૩૯૧ |
| ૩૪૮ | ચંદનબાલાની | મારૂં મન મોહયુંજી | ૫ | ૩૯૨ |
| ૩૪૯ | લોભ નિવારકની | રાત દિવસ કાયા મુઢ પોષેરે | ૭ | ૩૯૨ |
| ૩૫૦ | દીવાની | દીવામાં દીવેલ ખુટયું. | ૭ | ૩૯૩ |
| ૩૫૧ | વૈરાગ્યની | તું થોડુ ફાટી જા કોણુ છે ધોરી રે | ૮ | ૩૯૩ |
| ૩૫૨ | ઉત્તરાધ્યયનના દશમાં અધ્યયનની | સમવસરણુ સિંહાસનેજી | ૮ | ૩૯૪ |
| ૩૫૩ | વૈરાગ્યની | મારૂં મારૂં ન કર જીવ તું | ૭ | ૩૯૫ |
| ૩૫૪ | સૂરિકાંતાની | સરસ્વતી સ્વામીને વિનવું | ૯ | ૩૯૫ |
| ૩૫૫ | વૈરાગ્યની | તારૂં ધનરે જોબન ધૂળ થાશેરે | ૮ | ૩૯૬ |
| ૩૫૬ | રાવણુ મંદોદરીની | સુણો મંદોદરી નારાયણુ નમવાનું મારે નેમ છે | ૫ | ૩૯૭ |
| ૩૫૭ | ઢંઢણુ ઋષિની | ઢંઢણ ઋષિ ને વંદના હુંવારી લાલ | ૯ | ૩૯૭ |
| ૩૫૮ | વૈરાગ્યની | ઉંચા તે મંદિર માળીયાં | ૮ | ૩૯૮ |
| ૩૫૯ | આત્મ શિક્ષાની | આતમ રામે રે મુનિ રમે | ૫ | ૩૯૯ |
| ૩૬૦ | ,, | હો સુણુ આતમ મત પડ મોહ પંજર માંહે | ૬ | ૩૯૯ |
| ૩૬૧ | રહનેમિની | કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ રહનેમી નામે | ૮ | ૪૦૦ |
| ૩૬૨ | હીરસૂરિની | બે કરજોડી વિનવુંજી | ૭ | ૪૦૧ |
| ૩૬૩ | સ્થૂલી ભદ્રની | લાલ સ્નેહી રે સ્થૂલીભદ્ર દેખીયે રે | ૫ | ૪૦૧ |
| ૩૬૪ | સમક્તિ સુખડીની | ચાખો નર સમકિત સુખલડી રે | ૬ | ૪૦૨ |
| ૩૬૫ | મુર્ખ પ્રતિબોધની | જ્ઞાન કદી નવિ થાય. | ૯ | ૪૦૨ |
| ૩૬૬ | આત્માની | કયાં તન માંજતારે | ૬ | ૪૦૩ |
| ૩૬૭ | વૈરાગ્યની | મગરી ઉપર કૌવા બોલ્યો | ૯ | ૪૦૪ |
| ૩૬૮ | રત્નમાલાના પાંચ બાંધવની | રત્નવતી નગરી ભલી | ૯ | ૪૦૪ |
| ૩૬૯ | આત્મ જ્ઞાનની | શી કહું કથની મારી વીર | ૬ | ૪૦૫ |
| ૩૭૦ | મરણુની | સુણુ સાહેલી રે કહું હૃદયની વાતો | ૮ | ૪૦૬ |
| ૩૭૧ | મન વશ કરવાની | મનાજી તું તો જીન ચરણે ચિત્ત લાય | ૫ | ૪૦૬ |
| ૩૭૨ | આત્મ હિતની | સ્હેજ શિખામણ મનવા માની લે | ૭ | ૪૦૭ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમ પદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૩૭૩ | ભરત ચક્રવતીંની | મનમેં હી વૈરાગી ભરતજી | ૫ | ૪૦૮ |
| ૩૭૪ | વૈરાગ્યની | કોરા કાગળનાં પુતલી મન તું મેરા રે | ૮ | ૪૦૮ |
| ૩૭૫ | નેમરાજુલની | પિયુજી પિયુજી રે નામ જપું દિન રાતીયા | ૭ | ૪૦૯ |
| ૩૭૬ | દેવ કુંજરની | સહજ સુંદર મુનિ પુરંદર | ૮ | ૪૧૦ |
| ૩૭૭ | દશ શ્રાવકની | સકલ ઉપાસકમાં શિરદારા | ૯ | ૪૧૦ |
| ૩૭૮ | અઈમુત્તાની | શ્રી અઈમુત્તા મુનિવર કી | ૫ | ૪૧૧ |
| ૩૭૯ | સોળ સતીની | સરસતિ માતા પ્રણમું મુદા | ૭ | ૪૧૨ |
| ૩૮૦ | બાહુબલીની | બ્હેનીં બોલે હો બાહુબલ સાંભલોજી | ૫ | ૪૧૨ |
| ૩૮૧ | કર્મ વિડંબનાનાં | સુખ દુઃખ સરજ્યા પામીયે રે | ૮ | ૪૧૩ |
| ૩૮૨ | વણઝારાની | નરભવનગર સોહામણો વણઝારા રે | ૫ | ૪૧૩ |
| ૩૮૩ | નિંદ્રાની | નિંદડી વેરણ હુઈ રહી | ૮ | ૪૧૪ |
| ૩૮૪ | વણઝારાની | નરભવ નગર સોહામણું વણઝારા રે | ૭ | ૪૧૪ |
| ૩૮૫ | સોદાગરની | સુણ સોદાગર બે દિલ કી બાત હમેરી | ૬ | ૪૧૫ |
| ૩૮૬ | ચેતનની | ચેતન અબ કછુ ચેતીયે | ૫ | ૪૧૬ |
| ૩૮૭ | આત્માની | સાંભળ સયણા સાચી સુણાવું. | ૫ | ૪૧૬ |
| ૩૮૮ | ,, | કાંઇ નવિ ચેતો રે ચિત્તમાં જીવડા રે | ૬ | ૪૧૭ |
| ૩૮૯ | તપનાં | કીધા કર્મ નીકંદવા રે | ૭ | ૪૧૭ |
| ૩૯૦ | બલભદ્ર મુનિની | શા માટે બાંધવ મુખથી ન બોલો | ૭ | ૪૧૮ |
| ૩૯૧ | ધર્મના ચાર પ્રકારની | શ્રી મહાવીરે ભાખીયા સખી ધર્મના ચાર પ્રકાર રે | ૫ | ૪૧૮ |
| ૩૯૨ | ભાવ વિષેની | રેભવિ ભાવ હૃદયમાં ધરો | ૬ | ૪૧૯ |
| ૩૯૩ | નિંદ્રાની | બેટી મોહ નરિંદ કી નિંદ્રા... | ૬ | ૪૧૯ |
| ૩૯૪ | સંસાર સ્વરૂપની | સંસારે જીવ અનંત ભવે કરી | ૬ | ૪૨૦ |
| ૩૯૫ | પ્રમાદવર્જનની | અજરામર જગ કો નહી. | ૭ | ૪૨૧ |
| ૩૯૬ | પરિણામ શુદ્ધિ | ગુણ આદરીએ પ્રાણીઆરે | ૭ | ૪૨૧ |
| ૩૯૭ | વિનયની | પવયણ દેવી ચિત્ત ધરીજી | ૮ | ૪૨૨ |
| ૩૯૮ | શિયલની | રખે કોઇ રમણી રાગમાં | ૫ | ૪૨૩ |
| ૩૯૯ | જિન વાણીની | શ્રી જીનવાણી પ્રાણી ચિત્ત ધરો | ૫ | ૪૨૩ |
| ૪૦૦ | વિષય તૃષ્ણાની | જબ લગે વિષય તૃષ્ણા ન મીટી | ૫ | ૪૨૪ |
| ૪૦૧ | ચંદન બાલાની | ગુરૂ અભિગ્રહ ધારી ધીર | ૮ | ૪૨૪ |
| ૪૦૨ | વૈરાગ્યની | તે ગિરૂઆ ભાઈ તે ગિરૂઆ | ૬ | ૪૨૫ |
| ૪૦૩ | ,, | આપ અજવાળ જો રે આતમા | ૬ | ૪૨૫ |
| ૪૦૪ | નાણાવટીની હો | હો નાણાવટી નાણુ નિરભય ખરૂં પરખાવી લેજે | ૮ | ૪૨૬ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમ પદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૪૦૫ | જીવન અસ્થિરની | જોબનીયાના મોજા ફોજા જાય નગારા દેતી રે. | ૫ | ૪૨૭ |
| ૪૦૬ | નિયાણું નિવારકની | સુધા સાધુજી રે તુમે નિયાણું નિવારો | ૬ | ૪૨૭ |
| ૪૦૭ | ઓઘાની | સુગુણનર એ કોણ પુરૂષ કહાયો | ૬ | ૪૨૮ |
| ૪૦૮ | જીન પૂજાની | જેને જિનવરનો નહિ જાપ | ૭ | ૪૨૮ |
| ૪૦૯ | અરણીક મુનિની | મુનિ અરણિક ચાલ્યા ગોચરીએ | ૭ | ૪૨૯ |
| ૪૧૦ | સીતાજીની | જનક સુતા સીતા સતી રે | ૭ | ૪૩૦ |
| ૪૧૧ | જંબૂ સ્વામીની | જીહો સોહમ પટ રાજીયો. | ૭ | ૪૩૧ |
| ૪૧૨ | વિનયની | વિનય કરો ચેલા ગુરૂ તણો | ૫ | ૪૩૧ |
| ૪૧૩ | પાંજરાની | પાંજરૂ પોતાનું પોપટ જાળવે જો. | ૫ | ૪૩૨ |
| ૪૧૪ | મનની | મન માંકલડું આણુ ન માને | ૬ | ૪૩૨ |
| ૪૧૫ | ધર્મ વ્યાપારની | વેપાર કીજે હો વાણીયા. | ૬ | ૪૩૩ |
| ૪૧૬ | વૈરાગ્યની | આતમ રામ કહે ચેતન સમજો. | ૯ | ૪૩૩ |
| ૪૧૭ | સુકૃતની | જીવડા સુકૃત કરજે સાર. | ૮ | ૪૩૪ |
| ૪૧૮ | વણઝારાની | વણઝારો ધુતારો કામણગારો | ૮ | ૪૩૫ |
| ૪૧૯ | વૈરાગ્યની | શાને કરે તું મારૂં મારૂં રે | ૭ | ૪૩૫ |
| ૪૨૦ | ,, | હતું બાળક પણું પછી નિશાળે ભણવું | ૬ | ૪૩૬ |
| ૪૨૧ | ,, | લખ ચોરાશી મેં ભટકત ભટકત | ૫ | ૪૩૬ |
| ૪૨૨ | આત્માની | જીવ વારૂ છું મોરા વાલમાં | ૬ | ૪૩૭ |
| ૪૨૩ | સંતોષની | સજ્ઝાય ભલી સંતોષની | ૫ | ૪૩૭ |
| ૪૨૪ | રાજીમતી ને રહનેમીની | અગ્નિકુંડમાં નિજ તનુ હોમે | ૫ | ૪૩૮ |
| ૪૨૫ | ઉપદેશ સિદ્ધની | જીવ તું સિદ્ધને સંભારજે | ૩૯ | ૪૩૮ |
| ૪૨૬ | જંબૂ સ્વામીની | શ્રી ઋષભની શાંતિ વીરને નમી રે | ૩૩ | ૪૪૧ |
| ૪૨૭ | સાસું વહુનો સંવાદની | વહુવર ઉઠજે વહેલી | ૦ | ૪૪૩ |
| ૪૨૮ | રહનેમીની | કાઉસગ્ગ થકી રે રહનેમી | ૭ | ૪૪૭ |
| ૪૨૯ | નવકાર મંત્રની | શ્રી નવકાર જપો મનરંગે | ૯ | ૪૪૭ |
| ૪૩૦ | તેર કાઠીયાની | આળસ પહેલોજી કાઠીયો રે | ૭ | ૪૪૮ |
| ૪૩૧ | અધ્યાત્મિકની | અરે કિસ્મત તું ઘેલું | ૭ | ૪૪૯ |
| ૪૩૨ | સ્વાર્થની | જગત હૈ સ્વાર્થ કા સાથી. | ૫ | ૪૪૯ |
| ૪૩૩ | ધન્નાજીની | ધન ધન્નો એ મુનિ વંદીએ રે લોલ | ૭ | ૪૫૦ |
| ૪૩૪ | શિખામણની | શિખામણ દેતા ખરી રે | ૮ | ૪૫૧ |
| ૪૩૫ | અન્નદેવતાની | મારા અન્ન દેવતા વેગે પધારજો. | ૭ | ૪૫૧ |
| ૪૩૬ | ચેતનની | તને હસી હસીને સમજાવું. | ૫ | ૪૫૨ |
| ૪૩૭ | વૈરાગ્યની | જીવડા ચૂપ કરીને ચેતો | ૭ | ૪૫૩ |
| ૪૩૮ | દેહ અનિત્યતાની | સોના વરણી રે ચેહ બળે | ૧૧ | ૪૫૩ |
| ૪૩૯ | બીજની | બીજ કહે ભવિ જીવને રે લોલ | ૮ | ૪૫૪ |


૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમ પદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૪૪૦ | ,, | બીજ તણે દિન દાખવું રે | ૯ | ૪૫૫ |
| ૪૪૧ | પાંચમનો | શ્રી ગુરૂ ચરણુ પસાઉલે રે લાલ | ૬ | ૪૫૬ |
| ૪૪૨ | ,, | વાસુપૂજ્ય જિનેસર વયણથી રે | ૧૭ | ૪૫૬ |
| ૪૪૩ | ,, | પુનરપિ પાંચમ એમ વદે રે. | ૮ | ૪૫૮ |
| ૪૪૪ | અષ્ટમીની | શ્રી સરસ્વતી ચરણે નમી | ૭ | ૪૫૯ |
| ૪૪૫ | ,, | અષ્ટ કરમ ચૂરણુ કરી રે લાલ | ૬ | ૪૬૦ |
| ૪૪૬ | એકાદશીની | ગોયમ પૂછે વીરને સુણો સ્વામીજી | ૧૫ | ૪૬૦ |
| ૪૪૭ | ,, | આજ મારે એકાદશી રે. | ૧૨ | ૪૬૧ |
| ૪૪૮ | ઋષભ દેવની | ક્યાંથી રે પ્રભુ અવતર્યા, | ૧૧ | ૪૬૨ |
| ૪૪૯ | રોહિણીનો | શ્રી વાસુપૂજ્ય જિણંદનાએ | ૯ | ૪૬૩ |
| ૪૫૦ | સિદ્ધચક્રની | મુનિચંદ્ર મુનીશ્વર વંદીએ. | ૧૩ | ૪૬૪ |
| ૪૫૧ | પાંચપદની પ્ર. અરિહંતની | વારી જાઉં શ્રી અરિહંતની | ૭ | ૪૬૫ |
| ૪૫૨ | બીજી સિદ્ધપદની | નમો સિદ્ધાણં બીજે પદે રે લાલ | ૮ | ૪૬૬ |
| ૪૫૩ | આચાર્ય પદની | આચારી આચાર્યનોજી | ૯ | ૪૬૬ |
| ૪૫૪ | ઉપાધ્યાય પદની | ચોથે પદે ઉવજ્ઝાયનું ગુણવંતજી | ૧૦ | ૪૬૭ |
| ૪૫૫ | સાધુપદની | તે મુનિને કરૂં વંદન ભાવે. | ૭ | ૪૬૮ |
| ૪૫૬ | તપપદની | સરસતી માતા મયા કરી | ૧૧ | ૪૬૮ |
| ૪૫૭ | ,, | રાજગૃહી ઉદ્યાન, સમોસર્યા ભગવાન | ૧૦ | ૪૬૯ |
| ૪૫૮ | સાધુપદની | શ્રી મુનિરાજને વંદના નિત્ય કરીએ | ૯ | ૪૭૦ |
| ૪૫૯ | પર્યુષણની પ્ર.વ્યા.પ્ર. | પર્વ પજુસણ આવીયા | ૯ | ૪૭૧ |
| ૪૬૦ | પ્ર. વ્યા. ,, દ્વિ. | પહેલે દિન બહુ આદર આણી | ૧૨ | ૪૭૨ |
| ૪૬૧ | દ્વિ. વ્યાખ્યાન | ઇંદ્ર વિચારે ચિત્તમાંજી | ૯ | ૪૭૩ |
| ૪૬૨ | તૃ. ,, | દેખી સુપન તવ જાગી રાણી | ૯ | ૪૭૩ |
| ૪૬૩ | ચ. ,, | ધનદ તણે આદેશથી રે મન | ૯ | ૪૭૪ |
| ૪૬૪ | પં ,, | જિનનો જન્મ મહોત્સવ પહેલો | ૧૫ | ૪૭૫ |
| ૪૬૫ | ષ ,, | ચારિત્ર લેતાં ખંધે મૂકયું. | ૨૧ | ૪૭૬ |
| ૪૬૬ | ,, ,, દ્વિ. | કાશી દેશ બનારસી સુખકારી રે | ૯ | ૪૭૮ |
| ૪૬૭ | સ. ,, | સૌરીપુર સમુદ્ર વિજય ઘરે | ૧૧ | ૪૭૮ |
| ૪૬૮ | અ. વ્યાખ્યાન | ઇક્ષ્વાકુ ભૂમિ નાભિ કુળ ઘરેજી | ૧૫ | ૪૭૯ |
| ૪૬૯ | નં ,, | સંવત્સરી દિન સાંભલો એ | ૯ | ૪૮૦ |
| ૪૭૦ | પર્યુષણા પર્વની | પિતા મિત્ર તાપસ સત્યોજી | ૨૦ | ૪૮૧ |
| ૪૭૧ | ,, | પર્વ પર્યુષણ આવીઆ રે લાલ | ૧૧ | ૪૮૨ |
| ૪૭૨ | ચંપા શ્રાવિકાની | વાસી દિલ્હી રે નયરના | ૨૫ | ૪૮૩ |
| ૪૭૩ | આ.વિ. કનકસૂરિ મ.ની | વિજય કનક સૂરિજી વંદીએ | ૧૫ | ૪૮૫ |
| ૪૭૪ | પદ્મવિજયજીની | દેવસમા ગુરૂ પદ્મવિજયજી | ૧૭ | ૪૮૬ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમ પદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૪૭૫ | જીત વિજયજીમ૦ની | સમતા ગુણે કરી શોભતા રે | ૨૧ | ૪૮૭ |
| ૪૭૬ | પાંચમની | પ્રવચન વચન વિચારીએજી | ૯ | ૪૮૮ |
| ૪૭૭ | મદન મંજુષાની | વહાણુમાં રૂવે મદન મંજુષારે | ૧૦ | ૪૮૯ |
| ૪૭૮ | જ્ઞાનની | ધન ધન શ્રી અરિહંતને રે | ૫ | ૪૯૦ |
| ૪૭૯ | ધમ્મો મંગલની | ધમ્મો મંગલ મહિમા નીલો | ૬ | ૪૯૦ |
| ૪૮૦ | કાયાપુર પાટણુની | કાયાપુર પાટણુ રૂઅડો | ૬ | ૪૯૧ |
| ૪૮૧ | વૈરાગ્યની | જાઉં બલીહારી વૈરાગ્યની | ૭ | ૪૯૧ |
| ૪૮૨ | ,, | કા નવી ચિંતે હો ચિત્તમેં જીવડા | ૭ | ૪૯૨ |
| ૪૮૩ | સુધર્મા ગણધરની | ગણધર ચારિત્ર પાત્ર સુડાણિમ | ૯ | ૪૯૩ |
| ૪૮૪ | યુગ પ્રધાનની | સમરી શારદકવિજન માય | ૧૬ | ૪૯૩ |
| ૪૮૫ | ક્રોધની | ક્રોધ ન કરીએ ભોળા પ્રાણી | ૯ | ૪૯૫ |
| ૪૮૬ | માનની | અભિમાન મ કરજો કોઈ | ૮ | ૪૯૫ |
| ૪૮૭ | માયાની | ભવિયણુ માયા મૂળ સંસારનું | ૭ | ૪૯૬ |
| ૪૮૮ | લોભની | લોભ ન કરીયે પ્રાણીયારે | ૭ | ૪૯૭ |
| ૪૮૯ | નેમનાથ શ્લોકો | સરસ્વતી માતા હું તુમ પાય લાગું | ૮૨ | ૪૯૭ |
| ૪૯૦ | બારમા પાપસ્થાનકની | જેહને કલહ સંધાતે પ્રીત રે | ૭ | ૫૦૩ |
| ૪૯૧ | પરદેશી રાજાની | જીહો પરમપુરૂષ પરમેશ્વરૂ રે લાલ | ૧૭ | ૫૦૩ |
| ૪૯૨ | ધર્મ આરાધનાની | સરસતિ સ્વામીને વિનવું | ૫ | ૫૦૫ |
| ૪૯૩ | પાંચમા આરાની | અરિહંત સિદ્ધ સૂરિ વાચક મુનિ | ૧૧ | ૫૦૫ |
| ૪૯૪ | માનત્યાગની | ચતુર સનેહી ચેતન ચેતીયે રે | ૧૧ | ૫૦૬ |
| ૪૯૫ | કાયામાયાની | કાયામાયા દોનું ક્રારમી | ૭ | ૫૦૭ |
| ૪૯૬ | અગિયાર પડિમાની | સાતમે અંગે ભાખીયોજી રે | ૧૪ | ૫૦૮ |
| ૪૯૭ | ચૌદ પૂર્વની | ગણધર ચૌદ પૂર્વધર સુંદર | ૧૭ | ૫૦૯ |
| ૪૯૮ | મધુબિંદુની | મધુબિંદુ સમો સંસાર | ૫ | ૫૧૦ |
| ૪૯૯ | પંચગતિની | આરંભ કરતો રે જીવ શંકે નહિ | ૫ | ૫૧૧ |
| ૫૦૦ | વણજારાની | પરદેશીનો કોઇ પતિઆરો | ૫ | ૫૧૧ |
| ૫૦૧ | દીવાળીની | વાંદી વીર જિનેશ્વર પાય | ૨૫ | ૫૧૨ |
| ૫૦૨ | મનસ્થિર કરણુની | મનસ્થિર કરજો રે | ૭ | ૫૧૪ |
| ૫૦૩ | રાત્રી ભોજનની | સકલ ધરમનું સાર તે કહીયે રે | ૭ | ૫૧૫ |
| ૫૦૪ | અન્યત્વ સંબંધની | કેહનારે સગપણુ કહેની રે માયા | ૧૧ | ૫૧૫ |
| ૫૦૫ | ચરણુકરણુ સિત્તરીની | પંચ મહાવ્રત દશવિધ યતિ ધર્મ | ૭ | ૫૧૬ |
| ૫૦૬ | ઉત્તરાધ્યયનના દશમા અધ્યયનની | વીર વિમલ કેવલ ધણીજી | ૨૩ | ૫૧૭ |
| ૫૦૭ | સુડતાલીષ દોષની | સકલ જિનેશ્વર પ્રણુમું પાય | ૩૦ | ૫૧૯ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| ક્રમાંક | સજ્ઝાયનું નામ | પ્રથમ પદ | ગાથા | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૫૦૮ | આત્મબોધની | સાંભળ સયણા સાચી સુણાવું | ૫ | ૫૨૧ |
| ૫૦૯ | બાહુબલીની | બાહુબલ ચારિત્ર લીયો રે | ૧૧ | ૫૨૧ |
| ૫૧૦ | શિખામણુની | શિવાનંદ હિતકારી | ૧૨ | ૫૨૨ |
| ૫૧૧ | વૈરાગ્યની | અમે તો આજ તમારા બે દિનકા મહેમાન | ૬ | ૫૨૩ |
| ૫૧૨ | સ્થુલીભદ્રની | એકને આંગણી વાદળી રે | ૯ | ૫૨૪ |
| ૫૧૩ | અનાથીમુનિની | મગધદેશ રાજગૃહ નયરી | ૧૨ | ૫૨૫ |
| ૫૧૪ | છતઅછતની | છત અછત બે બેનડી | ૮ | ૫૨૬ |
| ૫૧૫ | વૈરાગ્યની | અંતરમાં ઉતારી લેજો રે | ૧૦ | ૫૨૬ |
| ૫૧૬ | સામાયિકના બત્રીશ દોષની | શુભ ગુરૂ ચરણે નમી શીશ | ૯ | ૫૨૭ |
| ૫૧૭ | ઉપદેશની | સોહમ સ્વામી બે લાલ જંબુપરે ઉપદિશે | ૧૦ | ૫૨૮ |


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# શુદ્ધિપત્રક ભાગ-૧ નું

| પૃષ્ઠ | પંક્તિ | સજ્ઝાય નંબર | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧ | ભરતમાંહિ | ક્ષેત્ર ભરતમાંહિ, |
| ૨ | ૧૧ | ૧ | (સુણુતા) | સહેતા |
| ૪ | ૧૧ | ૨ | મુજને ભલે જ જાઈ | તુજને ભલે જ જાઈ |
| ૪ | ૧૩ | ૨ | વાતો | વાતું |
| ૫ | ૯ | ૨ | કહીઆ | કહીએ |
| ૬ | ૧૦ | ૩ | દીષે | દીપે |
| ૭ | ૫ | ૩ | થી આર્ય | આર્ય |
| ૮ | ૨૨ | ૩ | ગુણુજી | ગુણુનેજી |
| ૯ | ૧૨ | ૪ | લાવતા | લાવંતા |
| ૧૬ | ૧ | ૭ | વાળી | વળી |
| ૨૩ | ૬ | ૧૧ | પરૂપકની | પ્રરૂપકની |
| ૨૩ | ૭ | ૧૧ | ફીરી | ફરી |
| ૩૦ | ૧૩ | ૧૪ | ભણો | ભણું |
| ૩૦ | ૧૩ | ૧૪ | ગણો | ગણું |
| ૩૧ | ૨૦ | ૧૫ | ઝીલવા | ઝીલાવો |
| ૪૧ | ૨૫ | ૧૮ | મ્હાટો | મ્હોટો |
| ૪૭ | ૨૪ | ૨૦ | એન | સેન |
| ૪૮ | ૫ | ૨૧ | બાઈ | ભાઈ |
| ૪૮ | ૧૭ | ૨૧ | સહસ્ર | સહસ |
| ૪૯ | ૨૦ | ૨૧ | ચાવીયા | ચાલીયા |
| ૪૯ | ૨૬ | ૨૨ | મંદોરી | મંદોદરી |
| ૫૦ | ૧ | ૨૨ | પણે | પણુ |
| ૫૦ | ૧૪ | ૨૨ | આ | આપ |
| ૫૨ | ૨૧ | ૨૪ | આજ | આઈ |
| ૫૬ | ૬ | ૨૬ | ગજઘરા | ગજઘટા |
| ૫૬ | ૧૮ | ૨૬ | કરી | કરીને |
| ૫૬ | ૧૯ | ૨૬ | ભવનો | ભવ |
| ૫૭ | ૫ | ૨૭ | સુજ | મુજ |
| ૫૭ | ૨૯ | ૨૭ | એ લાખ | એક લાખ |
| ૫૮ | ૧૩ | ૨૮ | આવો | આવે |
| ૫૮ | ૧૫ | ૨૮ | આહણુ | આવણુ |
| ૫૮ | ૧૬ | ૨૮ | ખાઇ | બાઇ |
| ૫૯ | ૧૮ | ૨૯ | હયહય | હય ગય |

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | સજઝાય નંબર | અશુધ્ધિ | શુધ્ધિ |
|---|---|---|---|---|
| ૬૧ | ૨૦ | ૩૦ | નિત્ય નિત્ય | નિત્ય |
| ૬૩ | ૩ | ૩૨ | રામત | રમત |
| ૬૩ | ૧૧ | ૩૨ | રગતપિત | રક્તપિત |
| ૬૩ | ૧૧ | ૩૨ | નિદ્રા | નિંદા |
| ૬૪ | ૯ | ૩૩ | મહારાજજી | મહારાજનો |
| ૬૫ | ૩૪ | ૩૪ | જય નિધિનું | જલ નિધિનું |
| ૬૬ | ૧૭ | ૩૪ | જીવજીવ | જાવજીવ |
| ૬૮ | ૩૦ | ૩૫ | ધણુરાં | ધણેરાં |
| ૬૯ | ૭ | ૩૫ | આંગણીયે | આંગળીયે |
| ૭૧ | ૨૦ | ૩૭ | છાંટાં | છાંટા |
| ૭૭ | ૩ | ૩૯ | આરામને | આશ્રમને |
| ૭૭ | ૭ | ૩૯ | પડયું | ગયું |
| ૭૭ | ૧૮ | ૩૯ | ફિર | ફેર |
| ૭૮ | ૩ | ૩૯ | રોહિતાશ્વને | રોહિતાંધને |
| ૭૮ | ૧૦ | ૩૯ | લઈરે | લઇને |
| ૮૦ | ૧૩ | ૩૯ | રોહિતાશ્વને | રોહિતાંધને |
| ૮૪ | ૨૮ | ૪૨ ઢા–૨ | શીવે રે | સેવે રે |
| ૮૫ | ૨૨ | ૪૩ | મન | મત |
| ૮૬ | ૨૯ | ૪૩ | ગુરૂવાર | ગુરૂપાર |
| ૮૯ | ૧૨ | ૪૫ | પોઢા | મોટા |
| ૯૨ | ૧૦ | ૪૭ | તેમાં | તેનાં |
| ૯૨ | ૧૬ | ૪૭ | વનમાના | વનનાં |
| ૯૨ | ૧ | ૪૮ | હુંતો | હુંરે |
| ૧૦૨ | ૪ | ૬૧ | નાતા | નાના |
| ૧૦૫ | ૫ | ૬૪ | લિયો | દિયો |
| ૧૦૬ | ૧૧ | ૬૫ | દેખા | દેતી |
| ૧૧૧ | ૧ | ૬૮ | ચતરે | ચતુરે |
| ૧૩૦ | ૧૫ | ૮૧ | હુંતાં | હુંતા |
| ૧૩૧ | ૧ | ૮૧ | દર્ધિવાહન | દધિવાહન |
| ૧૩૫ | ૧૮ | ૮૪ | ચક્ર | ચક્રી |
| ૧૪૩ | ૧ | ૯૦ | જોવેં | સવેં |
| ૧૬૧ | ૯ | ૧૦૪ | ઢળશું | ઢાળશું |
| ૧૬૧ | ૧૦ | ૧૦૪ | ચોત્રીશા | ચોર્યાશી |
| ૧૬૯ | ૨૨ | ૧૦૮ | તિહાંજી | તિહાં |
| ૧૭૨ | ૭ | ૧૦૯ | રાઝ | રોઝ |

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | સજ્ઝાય નંબર | અશુધ્ધિ | શુધ્ધિ |
|---|---|---|---|---|
| ૧૭૩ | ૧૩ | ૧૧૦ | ગોડ | ચોક |
| ૧૭૭ | ૧૦ | ૧૧૧ | કેશા | કેશ |
| ૧૮૨ | ૧૭ | ૧૧૪ | કરીયા | કિરીયા |
| ૧૮૫ | ૯ | ૧૧૫ | બારસ | બાર |
| ૧૮૬ | ૧૨ | ૧૧૬ | પાંમે | પામે |
| ૧૮૮ | ૬ | ૧૧૮ | સુરિકાતા | સુરિકાન્તા |
| ૧૯૦ | ૭ | ૧૧૯ | કદાય | કદીય |
| ૧૯૦ | ૧૫ | ૧૧૯ | સરવ | સર્વ |
| ૧૯૬ | ૩ | ૧૨૩ | બષે | વર્ષે |
| ૧૯૯ | ૧૩ | ૧૨૫ | પાટીક | પોટલી |
| ૨૦૦ | ૭ | ૧૨૫ | કાણી | કહાણી |
| ૨૦૦ | ૭ | ૧૨૬ | સુધિ | શુદ્ધિ |
| ૨૦૧ | ૧૫ | ૧૨૬ | પરહરજો | પરિહરજો |
| ૨૦૨ | ૧૨ | ૧૨૭ | ભયાં | ભર્યા |
| ૨૦૨ | ૨૫ | ૧૨૭ | એક | એકે |
| ૨૦૪ | ૬ | ૧૨૮ | ત્રેતાલીશ | તેંતાલીશ |
| ૨૦૭ | ૨૫ | ૧૩૦ | સવે | શીવે |
| ૨૧૦ | ૧૬ | ૧૩૨ | ઋદ્ધ | રિદ્ધિ |
| ૨૧૧ | ૨૧ | ૧૩૩ | રગમાં | રંગમાં |
| ૨૧૧ | ૨૨ | ૧૩૩ | મારો | મારા |
| ૨૧૨ | ૩ | ૧૩૪ | મગશેલીયો | મગશેલીયો ન |
| ૨૧૨ | ૨૦ | ૧૩૪ | ચકયો | ચૂકયો |
| ૨૧૪ | ૧૫ | ૧૩૬ | લાદ | લાલ |
| ૨૧૫ | ૧ | ૧૩૭ | રહા | રહી |
| ૨૧૫ | ૩ | ૧૩૭ | કે | હું |
| ૨૨૦ | ૬ | ૧૪૧ | ખડ્ગકુમારની | ખડ્ગકુમાર |
| ૨૨૬ | ૨૭ | ૧૪૬ | શ્રણી | શ્રેણી |
| ૨૨૬ | ૨૯ | ૧૪૬ | પગભવે | પગભરે |
| ૨૩૯ | ૧૦ | ૧૫૭ | પજુસસ | પજુસણ |
| ૨૪૦ | ૪ | ૧૫૮ | મયા | મળ્યાં |
| ૨૪૧ | ૧ | ૧૬૦ | નચાલી ન | નચાલી |
| ૨૪૩ | ૧ | ૧૬૨ | સંગાને | સગાંને |
| ૨૪૪ | ૩ | ૧૬૨ | બાહબાલી | બાહુબલી |
| ૨૪૫ | ૭ | ૧૬૩ | નહા | નહી |

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | સજ્ઝાય નંબર | અશુધ્ધિ | શુધ્ધિ |
|---|---|---|---|---|
| ૨૪૫ | ૧ | ૧૬૪ | લા | લગ |
| ૨૪૭ | ૧ | ૧૬૫ | કુબરભાઈ | કુબેરભાઈ |
| ૨૪૭ | ૬ | ૧૬૫ | પિય | પિયુ |
| ૨૪૭ | ૨૩ | ૧૬૫ | કુબર | કુબેર |
| ૨૫૦ | ૩ | ૧૬૮ | આધીયા | સાધિયા |
| ૨૬૩ | ૪ | ૧૭૯ | મયમાં | મનમાં |
| ૨૬૮ | ૧૦ | ૧૮૫ | ઘડગણુ | ઘડપણુ |
| ૨૭૯ | ૧ | ૧૯૭ | અનુભની | અનુભવની |
| ૨૮૨ | ૮ | ૨૦૦ | જોણે | જાણે |
| ૨૮૭ | ૩ | ૨૦૫ | પરણે | પારણે |
| ૨૮૯ | ૬ | ૨૦૭ | પટે | પરે |
| ૨૯૦ | ૬ | ૨૦૭ | મા | મ |
| ૨૯૧ | ૫ | ૨૦૯ | વિનત | વિનીતા |
| ૨૯૬ | ૨૫ | ૨૧૫ | તની | તેની |
| ૨૯૯ | ૨ | ૨૧૮ | પાય | પાપ |
| ૨૯૯ | ૧૦ | ૨૧૮ | ઝીલી | ઝાલી |
| ૨૯૯ | ૨ | ૨૧૯ | અસેક | અનેક |
| ૩૦૦ | ૧૬ | ૨૧૯ | ઉદ્દરી | ઉદ્ધરે |
| ૩૦૦ | ૧૮ | ૨૧૯ | ચારજી | મારજી |
| ૩૦૮ | ૬ | ૨૩૦ | મું ર | મુદ્દગર |
| ૩૦૮ | ૭ | ૨૩૦ | ધાત | ધાલી |
| ૩૧૦ | ૧૧ | ૨૩૨ | ડોફી | ડોરી |
| ૩૨૦ | ૧૧ | ૨૪૪ | વેહું | બહુ |
| ૩૨૦ | ૧૧ | ૨૪૪ | પ્રતિબોધવા | પ્રતિબોધિયા |
| ૩૨૧ | ૧૦ | ૨૪૫ | જેણુ | જેણે |
| ૩૨૧ | ૩ | ૨૪૬ | શ્રણીક | શ્રેણિક |
| ૩૨૧ | ૯ | ૨૪૬ | દીપે | દીયે |
| ૩૨૭ | ૧ | ૨૫૩ | ભીમાનંદિની | ભીમાનંદિની |
| ૩૨૭ | ૬ | ૨૫૩ | | નજે |
| ૩૨૮ | ૪ | ૨૫૪ | ચોમસું | ચોમાસુ |
| ૩૨૮ | ૪ | ૨૫૪ | ગળ્યાં | ગાળ્યાં |
| ૩૨૮ | ૬ | ૨૫૪ | નહી | નહી |
| ૩૩૦ | ૧૨ | ૨૫૬ | અલેક | અલક |
| ૩૩૨ | ૪ | ૨૫૮ | ઘણું | ઘણું |
| ૩૩૩ | ૬ | ૨૫૯ | કલાલ | કલોલ |
| ૩૩૩ | ૭ | ૨૬૦ | અદ્વષ | અદ્વેષ |

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | સજ્ઝાય નંબર | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૩૪૪ | ૮ | ૨૭૩ | નંદીષણ | નંદીષેણ |
| ૩૫૦ | બસો ૨૮૨ નંબર પહેલી ગોખવી ૨૮૧ પછી ગોખવી | | | |
| ૩૬૭ | ૮ | ૩૦૬ | મલ | મૂલ |
| ૩૬૯ | ૫ | ૩૧૧ | નાટચ | નાટક |
| ૩૭૦ | ૬ | ૩૧૨ | ગહીલો | ઘેલો રે |
| ૩૭૨ | ૪ | ૩૧૬ | મરજાલા | મરજાદા |
| ૩૭૨ | ૧ | ૩૧૭ | રે | એક |
| ૩૭૪ | ૫ | ૩૧૯ | અંન | અંત |
| ૩૮૩ | ૧૧ | ૩૩૩ | બીટીઓમાં | બારીઓમાં |
| ૩૮૭ | ૧૦ | ૩૪૦ | પયડો | ચયડો |
| ૩૯૧ | ૨ | ૩૪૬ | ખરીય | ખડીય |
| ૩૯૧ | ૨ | ૩૪૭ | આયો | જાયો |
| ૩૯૧ | ૭ | ૩૪૭ | | પહોર |
| ૩૯૪ | ૧ | ૩૫૨ | પાકા | પાડા |
| ૩૯૪ | ૪ | ૩૫૧ | | છે |
| ૩૯૪ | ૮ | ૩૫૧ | | ન |
| ૪૦૩ | ૨ | ૩૬૬ | મીટ | મીટી |
| ૪૦૩ | ૮ | ૩૬૬ | જુંકુંગી | ખુદુંગી |
| ૪૦૩ | ૧૧ | ૩૬૬ | ત્યાર | ચાર |
| ૪૦૪ | ૪ | ૩૬૭ | પામ્યા | પાહુણા |
| ૪૦૭ | ૫ | ૩૭૪ | લાગી | લગી |
| ૪૧૧ | ૯ | ૩૭૮ | સુપસાથે | સુપસાયે |
| ૪૧૪ | ૨ | ૩૮૪ | અહા | અહો |
| ૪૧૮ | ૧૪ | ૩૯૦ | સંસાક | સંસાર |
| ૪૩૫ | ૩ | ૪૧૯ | | ન તારૂં |
| ૪૩૫ | ૫ | ૪૧૯ | કોના હાલ્યો | કોમાફાલ્યો |
| ૪૪૯ | ૬ | ૪૩૧ | પછી | પાછી |
| ૪૪૯ | ૨ | ૪૩૨ | કાયક | કાયકા |
| ૪૫૫ | ૫ | ૪૪૦ | ત્રાજુ | ત્રીજુ |
| ૪૫૬ | ૧ | ૪૪૧ | ભાલ | લાલ |
| ૪૫૭ | ૧ | ૪૪૨ | ગિરિવરે | ગિરિવર |
| ૪૫૭ | ૫ | ૪૪૨ | ગુરૂ કહે જ્ઞાન ઉપયોગથી રે એક દિવસનું રે આય. (ગાથા બીજી ખોટી છે તે અહીં લખી છે) એવા વચન શ્રવણે સુણો રે મનમાં વિમાસણ થાય. અવ-૨ | |
| ૪૫૭ | ૧૬ | ૪૪૨ | સહુનાં | સુખનાં |



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| પૃષ્ઠ | પંક્તિ | સજ્ઝાય નંબર | અશુધ્ધિ | શુધ્ધિ |
|---|---|---|---|---|
| ૪૬૧ | ૪ | ૪૪૬ | કમનો | કર્મનો |
| ૪૬૨ | ૧૬ | ૪૪૭ | હેઠી | પેઠી |
| ૪૬૩ | ૯ | ૪૪૮ | લેહી | લહી |
| ૪૬૬ | ૬ | ૪૫૨ | લાધ | લાલ |
| ૪૭૪ | ૧૫ | ૪૬૨ | વિજય | વિસય |
| ૪૭૮ | ૧૮ | ૪૬૬ | કોજે | કીજે |
| ૪૮૨ | ૩૯ | ૪૭૦ | સંકલના | સકલના |
| ૪૮૪ | ૧૩ | ૪૭૨ | ફરસાન | ફરમાન |
| ૪૮૯ | ૯ | ૪૭૬ | રાગદ્વષ | રાગદ્વેષ |
| ૪૮૯ | ૯ | ૪૭૭ | આધારી | અંધારી |
| ૪૯૦ | ૨ | ૪૭૭ | વાછું | વાંછું |
| ૪૯૫ | ૧ | ૪૮૫ | ભલા | ભોલા |
| ૪૯૭ | ૩ | ૪૮૯ | આછો | આઘો |
| ૪૯૮ | ૨૨ | ૪૮૯ | ધરૂજી | ધ્રુજી |
| ૫૦૦ | ૧૪ | ૪૮૯ | એમ | અમે |
| ૫૦૧ | ૨૭ | ,, | પારણું | પરણું |
| ૫૦૩ | ૮ | ૪૯૦ | હાય | હોય |
| ૫૦૪ | ૧૬ | ૪૯૧ | જની | જુની |
| ૫૦૪ | ૨૨ | ૪૯૧ | દષ્ટાત | દષ્ટાંત |
| ૫૧૩ | ૧૧ | ૫૦૧ | મખને | મૂખને |
| ૫૧૪ | ૧૧ | ૫૦૨ | કણકચન | કણકંચન |
| ૫૧૮ | ૧૬ | ૫૦૬ | સંયન | સંયમ |
| ૫૨૦ | ૨૫ | ૫૦૭ | દોલ | દોષ |
| ૫૨૪ | ૧૫ | ૫૧૨ | બાયક | બાયકા |
| ૫૨૫ | ૧૫ | ૫૧૩ | લઙ્ગ | લઘુ |

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# આ પુસ્તકમાં લાભ લેનાર ભાગ્યશાળીઓની નામાવલિ

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૦૧ | ચીકપેટ શ્રાવિકાબેનો તરફથી જ્ઞાનખાતાના | બેંગ્લોર |
| ૫૦૧ | અ. સૌ ચંપાબેન પારસમલજી મુથા | દોઢબાલાપુર |
| ૩૫૧ | શા. ભગવાનદાસ મોતીલાલ સુરાણા | બોલારામ |
| ૩૦૧ | શા. ભરતકુમાર ચીનુભાઈ | અમદાવાદ |
| ૨૫૧ | શા. નથમલજી પુખરાજજી નાહટા | પરભણી |
| ૨૫૧ | શા. દીપચંદજી પુનમચંદજી જગડા | ,, |
| ૨૫૧ | અ. સૌ. પ્યારીબેન કિસનલાલ લુંકડ | ,, |
| ૨૫૧ | સ્વ. શા. રમણીકલાલ દયાલજી | મુંબઇ |
| ૨૫૧ | પૂષ્પાકુમારી બાલચંદજી કોચર | ,, |
| ૨૫૧ | જોટા ઉજમશી જીવરાજજી કચ્છી | મુંબઈ |
| ,, | રવિ મેટલ માર્ટ | સિકંદ્રાબાદ |
| ,, | અ. સૌ. કાન્તાબેન ચંદ્રકાન્ત બેંકર | ,, |
| ,, | અ. સૌ. જયાબેન સૌભાગ્યચંદ શેઠ | ,, |
| ,, | દેવસીભાઈ પોપટભાઈ કચ્છી | ,, |
| ,, | કમલાબેન દાની. | દુર્ગ |
| ,, | અ. સૌ પ્રભાબેન ઉત્તમચંદભાઇ | મુંબઇ |
| ૨૦૧ | સ્વ. કપુરબેન હટ્ઠીચંદભાઈ | બેંગ્લોર |
| ,, | ગાંગજી ખીઅશી હ.નેમીદાસભાઈ | ,, |
| ,, | શા. નાનાલાલ ગલાલચંદ | હૈદ્રાબાદ |
| ,, | શા. જીવરાજજી શાંતીલાલ | ,, |
| ,, | અરજણભાઈ નોઘાભાઈ કચ્છી | મુંબઇ |
| ૨૦૦ | અ. સૌ. ઉષાબેન રતીલાલ | અમદાવાદ |
| ,, | સ્વ. સમરતબેન હરીચંદ સંઘવી | મુલુન્ડ |
| ,, | શા. ભેરૂમજી | મુંબઇ |
| ૧૫૧ | રમેશભાઈ અમુલખભાઈ ચિકાણી | ,, |
| ,, | સ્વ. સુલોચના પુનમચંદ સોની | હિંગોલી |
| ,, | અ. સૌ. ઉગમાબાઈ ચંદનલમજી | કારંજા |
| ,, | ,, ,, પાનીબાઈ ધનરાજજી લુંકડ | પરભણી |

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧૫૧ | જગત્પીકચર્સ હ. મહેન્દ્રભાઈ | સિકંદ્રાબાદ |
| ,, | શા. વર્ધીચંદજી નેમીચંદજી | સિકંદ્રાબાદ |
| ,, | ગાડમલજી પ્રેમરાજજી ભાટીયા | ,, |
| ,, | શા. શીવલાલજી કુંદનમલજી | ,, |
| ,, | શા. વાડીલાલ ખુશાલચંદ | હૈદ્રાબાદ |
| ,, | એક સદ્ગૃહસ્થ | |
| ૧૨૫ | અ. સૌ. દેવકાભાઈ લખમશીભાઈ | હિંગોલી |
| ,, | ,, ,, નગીનાબેન ઈન્દ્રચંદજી સોની | ,, |
| ૧૦૧ | ,, ,, ધનાબાઈ સુભાષચંદજી ,, | , |
| ,, | ,, ,, પૂષ્પાબાઇ દગડુમલજી ,, | ,, |
| ,, | ,, ,, શાન્તાબેન ચત્રભુજભાઈ | મંગલુરપીર |
| ,, | સ્વ. સોમચંદ વનમાલી સંઘવી | ,, |
| ,, | ,, કરસનભાઈ વાલજીભાઈ | ,, |
| ,, | સ્વ. તેજપાલ કુંવરજી | સિકંદ્રાબાદ |
| ,, | રીખભદાસ વિજયચંદ નાહટા | ,, |
| ,, | શા. જેવતરાજજી રવીન્દ્રલાલ પિંગલ | ,, |
| ,, | અ. સૌ વનીતાબેન પ્રવીણભાઈ | ,, |
| ,, | ,, ,, લીલાબેન ત્રંબકભાઈ | ,, |
| ,, | શા. મેઘરાજજી ગુલેચ્છા | ,, |
| ,, | શા. માણેકચંદજી વિજયકુમાર | ,, |
| ,, | શા. ધીરજી ચાંદમલજી | ,, |
| ,, | શા. નિહાલચંદજી મનસુખજી | ,, |
| ,, | કામદાર ટેક્ષટાઈલ | ,, |
| ,, | શા. માંગીલાલ પ્રકાશચંદજી | ,, |
| ,, | શા. જયોતિબેન | ,, |
| ,, | શા. કાન્તીલાલ રતનજી પારેખ | ,, |
| ,, | અ. સૌ. લીલાવતીબેન દેવચંદ | હૈદ્રાબાદ |
| ,, | એમ ઘેવરચંદ જૈન | ,, |
| ,, | અ. સૌ. પાનીબેન સાદડીવાલા | ,, |
| ,, | અ. સૌ. શાન્તાબેન સુમન્તરાજજી | ,, |
| ૧૦૧ | શા. મોતીલાલજી ગઢવાની | ,, |
| ,, | ડી. રાજેશકુમારની કુંપની | ,, |
| ,, | અ. સૌ. વેલુબેન મગનલાલ | ,, |

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૧ | અ. સૌ. વસંતાબેન રતનચંદજી | ,, |
| ૧૦૫ | ,, ,, દુર્ગાબાઇ કેસરીમલજી | ,, |
| ૧૦૧ | અ. સૌ. શુશીલાબેન પુખરાજજી નાહટા | ,, |
| ,, | અ. સૌ. તારાબેન મુળચંદભાઈ કચ્છી | ,, |
| ,, | અ. સૌ. સુકીબેન પુખરાજજી | ,, |
| ,, | શા. ખીમજીભાઈ | ,, |
| ,, | અ. સૌ. શુશીલાબેન દેવચંદજી કચ્છી | ,, |
| ,, | શા. સુરેન્દ્રમલ ઈન્દ્રચંદજી લુણીયા | ,, |
| ,, | શા. છગનલાલ | સાચોર |
| ,, | એચ. મનરૂપજી | મુંબઇ |
| ,, | કુબડીયા વેલજીમલુકચંદ | ,, |
| ,, | અ. સૌ. લીલાબેન પાનાચંદભાઈ | ,, |
| ,, | અ. સૌ. શાન્તાબેન ચંદુલાલજી | મદ્રાસ |
| ,, | શા. છગનલાલ ઉત્તમચંદ હીંગવાલા | રાજકોટ |
| ,, | અ. સૌ. કુસુમબેન બાબુલાલ | બેંગ્લોર |
| ,, | અ. સૌ. પૂષ્પાબેન શાંતીલાલ શા. | અમદાવાદ |
| ,, | ,, ,, ગુલાબબેન બાબુલાલ | ,, |
| ,, | સ્વ. રામચંદ્ર ગાંગજી ગાંધી | ભુજ |
| ૧૦૫ | મહેતા વખતચંદ પોપટલાલ | ભુજ |
| ૧૦૧ | શા. રીખવચંદ ભારમલદોશી | કીડીયાનગર |
| ,, | અ. સૌ. શાન્તાબેન બાબુલાલજી | માલગામ |
| ,, | શા. ગુલાબચંદજી સુરાણા | બોલારામ |
| ,, | શા. ભવરરાજજી સુરાણા | ,, |
| ,, | ઝંકારીબેન મોત્રીમલજી સુરાણા | ,, |
| ,, | અ. સૌ. બદામીબેન ઇન્દ્રચંદજી | ,, |
| ,, | શા. ચંપાલાલજી પ્રતાપમલજી | સિકંદ્રાબાદ |
| ,, | અ. સૌ. તારાબેન બાલુભાઇ | બેંગ્લોર |
| ,, | અ. સૌ. શારદાબેન નગીનદાસ | બેંગ્લોર |
| ,, | ,, ,, મંગલાબેન રસીકભાઈ | ,, |
| ,, | ,, ,, ચોથીબેન | ,, |
| ,, | ,, ,, ચંદ્રાબેન ગજરાજજી | ,, |
| ,, | ,, ,, ભવરીબેન ઘેવરચંદજી | ,, |
| ,, | ,, ,, સુરજબેન મંગલચંદજી | ,, |
| ,, | ,, ,, ચંપાબેન ફુલચંદજી | ,, |
| ,, | ,, ,, શાન્તાબેન પારસમલજી | ,, |
| ૧૦૧ | સ્વ. જયંતીલાલ રણછોડભાઈ | ,, |
| ,, | મોતીબેન ભુરમલજી | ,, |
| ,, | હંસાપીકચર્સ હ. અજવાળીબેન | ,, |
| ,, | હીરાલાલ રતીલાલ કચ્છી | ,, |
| ,, | માંગીલાલ સાગરમલજી | ,, |
| ,, | અ. સૌ. પવનબેન છગનલાલજી | ,, |
| ,, | તારાબેન મણીલાલ | ,, |
| ,, | સ્વ. અ. સૌ. કંચનબેન શાંતિલાલ હ. જતીનકુમાર | ,, |
| ,, | અ. સૌ. વિમળાબેન કોલાર | ,, |
| ,, | અ. સૌ. દમયંતીબેન બંગારશેઠ | ,, |
| ૧૫૨ | અ. સૌ. દમયંતીબેન પોપટલાલ | ,, |
| ,, | સુરજબેન શાંતીલાલ કચ્છી | મુંબઈ |
| ,, | પ્યારીબેન મોતીલાલજી | બેંગ્લોર |
| ,, | આયદાન જીવનલાલ લોઢા | રાયપુર |
| ૭૫ | અ. સૌ. ભાનુબેન રતીલાલ | બેંગ્લોર |
| ,, | નીર્મલાબેન મનસુખભાઈ | ,, |
| ૭૧ | તારાચંદજી સોલીટર | ,, |
| ,, | અ. સૌ. શાંતાબેન નાહરમલજી | ,, |
| ,, | અ. સૌ. સાયરબેન ચંપાલાલજી | ,, |
| ,, | ,, ,, શાન્તાબેન રતીલાલ | ,, |
| ,, | પ્રભાબેન બાબુભાઈ | ,, |
| ,, | અ. સૌ. જશવંતીબેન પ્રતાપરાય | ,, |
| ,, | અ. સૌ. મધુબેન રસીકલાલ | ,, |
| ,, | ,, ,, ચંપાબેન મૂળચંદ વોરા | ,, |
| ,, | ,, ,, હંસાબેન વીજયકુમાર | ,, |
| ૬૧ | અ. સૌ. મીસ્તાબેન ભવરલાલજી | બેંગ્લોર |
| ૫૧ | પુખરાજજી રાયચંદ બેડાવાલા | અમદાવાદ |
| ૬૧ | અ. સૌ. કોકીલાબેન રજનીકાન્ત | સિકંદ્રાબાદ |
| ૫૧ | મીસ્ત્રીમલજી બોરા | બોલારામ |
| ,, | ઉગમચંદજી લોઢા | ,, |
| ,, | તખતમલજી ચોરડીયા | ,, |
| ,, | પારસમલજી બોરા | ,, |
| ,, | તેજમલજી સુરાણા | ,, |
| ,, | ઘીસુલાલજી સુરાણા | ,, |
| ,, | તોલાચંદજી શીસોદીયા | ,, |
| ,, | ભીખમચંદજી સુખાણી | લાલબજાર |
| ,, | વર્ધીચંદજી મકાણા | ,, |
| ,, | લાલચંદજી પારસમલજી | ,, |

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૫૧ | અ. સૌ. રતનબાઈ પુનમચંદ | હિંગોલી |
| ,, | ,, ,, કુંદનબાઈ પારસમલજી | ,, |
| ,, | કમલાબેન રતીલાલ શા. | સિકંદ્રાબાદ |
| ,, | અ. સૌ. મંજુલાબેન બંસીલાલ | ,, |
| ,, | ,, ,, માયાકુમારી | ,, |
| ,, | ,, ,, શ્રીમતીબેન પ્રમોદભાઈ | ,, |
| ,, | રાજુલકુમારી શૈલેશભાઈ | ,, |
| ,, | અ સૌ. શારદાબેન રતીલાલ | ,, |
| ,, | ,, ,, મંજુલાબેન અમરતભાઈ | ,, |
| ,, | કુલીબાઈ | ,, |
| ,, | પાર્વતીબેન આર. શેઠ | ,, |
| ,, | ભાનુમતીબેન ભગવાનદાસ દોશી | ,, |
| ,, | ગજરાબેન ઠાકોરદાસ | ,, |
| ,, | અ. સૌ. વિમલાબેન હીરાભાઈ | ,, |
| ,, | સ્વ. અશોકકુમાર હ. શારદાબેન | ,, |
| ,, | અ. સૌ. મીનાક્ષીબેન જયંતીભાઈ | ,, |
| ,, | ,, ,, કુંકુબાઈ જુગરાજજી | ,, |
| ,, | ,, ,, રસીલાબેન નરેશભાઈ | ,, |
| ,, | ,, શાન્તાબેન કુન્દલમલ | ,, |
| ,, | કલ્પનાકુમારી સૂર્યકાન્તભાઈ | ,, |
| ,, | અ. સૌ. ઈન્દુબેન હસમુખભાઇ | ,, |
| ,, | અ. સૌ. રેણુકાબેન સુરેશભાઈ | ,, |
| ,, | અ. સૌ. સૂર્યાબેન લાલભાઇ | ,, |
| ,, | ગુલાબચંદજી હુકમીચંદજી | ,, |
| ,, | લાલચંદજી ઓસ્તવાલ | ,, |
| ,, | મોતીલાલ બગતાવમલજી | ,, |
| ,, | સુકનરાજજી માણેકચંદજી | ,, |
| ,, | ફુલેચંદજી મોહનલાલજી | ,, |
| ,, | જુગરાજજી ધરમીચંદજી | ,, |
| ,, | શંકરલાલજી જયન્તીલાલ | ,, |
| ,, | ઇન્દરચંદજી ધરમીચંદજી | ,, |
| ,, | જેઠમલજી મનોજકુમાર | ,, |
| ,, | વસ્તીમલજી સુરેશચંદજી | ,, |
| ,, | અ. સૌ. સુંદરબેન કાન્તીલાલ | ,, |
| ,, | બનસીલાલજી વીમલચંદજી | ,, |
| ,, | જુગરાજજી નેમીચંદજી | ,, |
| ૫૧ | સિમરથમલજી કલ્યાણમલજી | ,, |
| ,, | ધનપતજી ઈન્દરમલજી | ,, |
| ,, | શુશીલાબેન પુખરાજજી | ,, |
| ,, | મધુબેન રમેશભાઈ | ,, |
| ,, | શા. વાડીલાલ ચુનીલાલ | ,, |
| ,, | અ. સૌ. સૂર્યાબેન ચંદ્રકાન્તભાઈ | ,, |
| ,, | શા. બીપીનભાઈ રતીલાલ | ,, |
| ,, | અ. સૌ. મધુબાલા જયંતીલાલ | ,, |
| ,, | ,, ,, તારાબેન ધનજીભાઈ | ,, |
| ,, | ,, ,, શુશીલાબેન ચીનુભાઈ | ,, |
| ,, | ,, મનોરમાબેન વિનોદભાઈ | ,, |
| ,, | ભાણજી મુલજી કચ્છી | ,, |
| ,, | ઘીસુલાલજી તેજમલજી | ,, |
| ,, | અ. સૌ. દિવાળીબેન કરસનભાઈ | ,, |
| ,, | રાધાબેન લક્ષ્મીચંદજી છલ્લાણી | ,, |
| ,, | માનકુંવરી માણેકલાલ | ,, |
| ,, | જોઇતાલાલ વાડીલાલ | ,, |
| ,, | અ. સૌ. રંજનબેન કીર્તિભાઈ | ,, |
| ,, | પંકજબેન મહેતા | ,, |
| ,, | અ સૌ. મધુબેન મહેન્દ્રકુમાર | ,, |
| ,, | ,, ,, ભાવનાબેન હરેશભાઈ | ,, |
| ,, | ,, ,, સાયરબેન રતનમલજી | પુર્ણા |
| ,, | ,, ,, ધર્મિષ્ઠાબેન ભરતકુમાર | વલસાડ |
| ,, | સ્વ. લક્ષ્મીબેન ઉમેદચંદ | કલકત્તા |
| ,, | અ. સૌ. હંસાબેન કીર્તિકુમાર | લાતુર |
| ,, | શા. ચંપાલાલ તારાચંદજી | ખિવાન્ડી |
| ,, | સ્વ. પુંજીબેન મણીલાલ | ભીમાસર |
| ,, | અ. સૌ. પારૂબેન પુખરાજજી | અમદાવાદ |
| ,, | ,, ,, ધનીબેન મગનલાલ | ભૂજ |
| ,, | સ્વ. પ્રતિભા પ્રભુલાલ | માંડવી |
| ,, | મોહનલાલ પ્રકાશચંદજી | વરંગલ |
| ,, | શા. શાંતીલાલ હેમચંદ દોશી | સોલાપુર |
| ,, | અ. સૌ. શાંતાબેન ભભૂતમલ | મદ્રાસ |
| ,, | શા. ઝવેરચંદ પુનમચંદ | ,, |
| ,, | વોરા માવજી રતનશી | પત્રી |
| ,, | શા. શંકરલાલ પ્રકાશચંદજી | કામારેડી |

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૫૧ શા. સુરેન્દ્રભાઈ કેશુલાલ — પુના
,, સ્વ. દીપક હીરાલાલ — કોલાપુર
,, શા. કાન્તીલાલ રતનચંદ — કરાડ
,, સેવંતીલાલ મોતીલાલ — બલુટ
,, ત્રીકમજી ઠાકરશી — બલારી
,, શા. સાગરમલજી ભંડારી — મદ્રાસ
,, શા. મણીલાલ હરખચંદ — ભુજ
,, ભીખમચંદજી રતનચંદજી — સંગમનેર
,, વોરા ગાંગજી તેજપાલ — ભરૂડીયા
,, સ્વ. લાડુબેન પુરૂસોત્તમભાઈ કચ્છી — હૈદ્રાબાદ
,, અ. સૌ. ઇન્દુબેન ચંદ્રકાન્તભાઈ — ,,
,, ,, ,, નિર્મલાબેન — ,,
,, ,, ,, ઈન્દ્રાબેન શાન્તીસિંગ — ,,
,, ,, ,, સરદારીબેન જીવરાજજી — ,,
,, શાંતાબેન શા. — ,,
,, દિવાળીબેન શા. — ,,
,, વિનોદભાઈ — ,,
,, ધાપુબેન — ,,
,, અ. સૌ. સવિતાબેન ચંદ્રકાન્તભાઈ — ,,
,, અ. સૌ. વિમલાબેન બાબુલાલ — ,,
,, મધુભાઈ આર. પટેલ — ,,
,, આર. કે. સ્ટીલહાઉસ — ,,
,, અ. સૌ. માણેકબેન હીરાચંદજી ચોરડીયા — ,,
,, શા. કલ્યાણજી કેશવજી — ,,
,, શા. ચુનીલાલ કેશવજી — ,,
,, રાજબાઈ માવજીભાઈ — ,,
,, અ. સૌ. ઉલ્લાસીબેન ભભુતમલજી — ,,
,, ,, ,, તારાબેન પ્રવીણભાઈ — ,,
,, ,, ,, તારાબેન તારાચંદ શેઠ — ,,
,, ,, ,, ચંપાબેન બેચરલાલ શેઠ — ,,

૫૧ દીપક પેકેજીંગ કંપની. હ. રમણીકભાઈ — ,,
,, ગુજરાત કેબલ્સ — ,,
,, જયાબેન મગનલાલ મારૂ — ,,
,, શા. સુનીલાલ મેઘજીભાઈ — ,,
,, ભેરૂમલજી પુનમચંદજી — ,,
,, અ. સૌ. પરસનબેન વસ્તીમલજી — મુંબઈ
,, લીલાબેન ધરણીધરભાઈ — ,,
,, અ. સૌ. રંભાબેન નાગરદાસ — બેંગ્લોર
,, ફતેચંદજી પ્રદીપ ટ્રેડર્સ — ,,
,, લલીતકુમાર વેંકર — ,,
,, ભવરીબેન ઝવેરમલજી — ,,
,, તારાબેન ચુનીલાલ — ,,
,, રંગુબેન સરૂપચંદજી — ,,
,, અ. સૌ. શાન્તાબેન પુખરાજજી — ,,
,, ચાંદુબેન નેણશીભાઈ — ,,
,, જેકોરબેન ડાહ્યાભાઈ — ,,
,, અ. સૌ. નિર્મલાબેન ચન્દ્રકાન્તભાઈ — ,,
,, ,, ,, બીનાબેન વિરેન્દ્રકુમાર — ,,
,, ,, ,, કાન્તાબેન પુખરાજજી — ,,
,, શાન્તાબેન કુંવરજીભાઈ — ,,
,, અ. સૌ. પ્રતાપભાઈ પ્રતાપરાય — ,,
,, રૂક્ષ્મણીબેન કરસનભાઈ કચ્છી — ,,
,, અ. સૌ. ઈચ્છાબેન ધીરૂભાઈ — ,,
,, ,, ,, પવનબેન કુંદનમલજી — ,,
,, જયંતીબેન લાલચંદજી — ,,
,, જસવંતીબેન પ્રાણલાલભાઈ — ,,
,, અંજબેન દેવીચંદજી — ,,
,, અ. સૌ. બાદલબેન ધીસુલાલજી — ,,
,, ,, ,, પીસ્તાબેન માણેકચંદજી — ,,
,, સ્વ નાગરદાસ લાલજી. હ. ઝીણીબેન — મુંબઈ

## ઇતિ સંપૂર્ણમ્

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રાચીન સજ્ઝાય મહોદધિ : ભાગ–૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૧

## સુકોશલ મુનિની સજ્ઝાય

જંબુદ્વિપ મોઝાર રે, ભરતમાંહિ, નયરી અયોધ્યા જાણીએ એ; ૧
તિહાં શ્રી વિજય નરિંદરે, દો સુત તેહને, વજ્રબાહુ પુરંધરૂ એ; ૨
વજ્રબાહુ કુમાર રે, ચાલ્યો ઘર થકી, એક દીન નાટાપુર ભણી એ; ૩
પરણી રાજકુમારી રે, નામે મનોરમા, પરણી ચાલ્યાં ઘર ભણી એ; ૪
આવ્યો સાળો સાથે રે, મારગ મુનિવરૂં, દેખીને તે હરખીયા એ; ૫
કુમર નીરખે સારરે, અનીમિષ લોયણે, વદન કમલ મુનિવર તણાં એ; ૬
બોલે સાળો તામરે, કુમર ઘણું દેખો, લેશો વ્રત મુનિવર કને એ; ૭
મુજને સાથે લેજો રે, બોલ સોહામણો, બોલે હાસ્ય મિષે કરીએ; ૮
આવ્યો અતિ વૈરાગ્યરે, તે બેઉં જણા, સંયમ લે મુનિવર કને એ; ૯
તેહની સાથે નારી રે, ચારીત્ર આદરે, મન વૈરાગ્ય ધરી ઘણો એ; ૧૦
રાજકુમાર છવ્વીસરે, સંયમ આદરી, મુક્તિ પહોંચ્યા તે સહુ એ; ૧૧
સાંભલી પુત્ર ચરિત્રરે, વિજય નરેસરૂં, રાજ્ય પુરંદરને દીએ એ; ૧૨
પાળે નિરતિચારરે, તપ સંયમ દોય, મુક્તિ મંદિર સંચર્યો રે; ૧૩
રાય પુરંદરધીરરે, રાજ્ય કીર્તિધરને, દેઇ દીક્ષા આદરે એ; ૧૪
તવ કીર્તિધરરાય રે, રાણી સહદેવી, સુખ વીલસે સંસારના એ; ૧૫
એક દિન પૃથ્વિપાલરે, સુર્ય ગગન તલે, દેખ્યો રાહુએ ગ્રસ્યો એ; ૧૬
રાય ધરે વૈરાગ્યરે, સંયમ મનધરે, તવ વારે મંત્રિસરૂ એ; ૧૭
સ્વામિ અમે અનાથરે, રાજ્ય ધુરંધર, પુત્ર પાખે કિમ છંડીએ એ; ૧૮
કરૂણાસાગર રાય રે, ભાવ મુનીપણે, તાસ વચને કેઇ દિન રહે એ; ૧૯
રાણી જાયો પુત્ર રે, તત્ક્ષણ સંયમ, લેઇ મુનિવર વિચરીઆ એ; ૨૦
માડી મન આણંદ રે, નામ સુકોશલ, દેઇ પુત્ર પઢાવિઓ એ; ૨૧
પાળે રાજ્ય સુજાણ રે, કુમાર સોહામણો, લોક તણે મન ભાવિઓ એ; ૨૨
પરણી સુંદર નારી રે, લીલા ભોગવે, દોગુંદુક જેમ દેવતા એ; ૨૩
કીર્તિધર મુનિરાય રે, એક દીન આવીયા, નગરમાંહિ ભીક્ષા ભમે એ; ૨૪
દેખી રાણી કંતરે, હૈડે ચિંતવે, માંહે આવે નહિ ભલો એ; ૨૫
રતન સરીખો એકરે, માહરે નંદન, ભોળવી ભામે પાડશે એ; ૨૬
સંયમવંતો સાધુ રે, સમતા ભાવતો, ભેજી જન ને કાઢીઓ એ; ૨૭



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુકોશળની ધાવ રે, દેખી મુનિવરને, કાઢંતો મન દુઃખ ધરે એ; ૨૮
ધરતી મુખ નીશાસરે, રડતી આવતી, રાય કને ઉતાવલી એ; ૨૯
સ્વામિ તુમચો તાતરે, વહોરણ આવતો, રાણીએ નિકાલીઓએ; ૩૦
એહવો દેખી સ્વરૂપ રે, કુમાર વિમાસતો, આપ સ્વારથ સહુ મિલ્યા એ; ૩૧
કુમર સુણી તે વાત રે, દોડી આવતો, સેવકને નિવારતો એ; ૩૨
છંડી મમતા પાશરે, સંયમ સંગ્રહે, ગુરૂ સાથે વિહરે સદા રે; ૩૩
રાણી પુત્ર વિયોગ રે, આર્ત વશે મરી, ચિત્રકુટે હુઇ વાઘણી એ; ૩૪
તેહવે દો અણગાર રે, ચઉમાસી તપ, કરીને તિહાંથી નિસર્યા એ; ૩૫
ધાઇ વાઘણ પંથે રે, મુનિવર ઉપરે, દેખી કીર્તિધર ભણે એ; ૩૬
સુકોશલ તું બાલરે, કમલ તણી પરે, કોમલ તનુ છે તાહરુ એ; ૩૭
વાઘણ ખાશે દેહ રે, વેદન દોહિલી, સુણતાં હોંશે બાલુડા એ; ૩૮
તો પરહો રહે વીરરે, વલી સુકોશલ, વલતું કહે સુણો તાતજી એ; ૩૯
સહિયા દુઃખ અનંતરે, ચિહુગતીમાંહી, જે સુણતા તનુ કંપીઓ એ; ૪૦
ચોરાશી લાખ યોનિ રે, જન્મ મરણે કરી, સઘલી ફરસી એકલી એ; ૪૧
સહેસું ઉપસર્ગ એહ રે, કર્મ નિવારીને, રાજ્ય કરીશું મુક્તિનું એ; ૪૨
રાખી નિજ મન ઠામ રે, સાહસ આદરી, સુકોશલ આગલ રહે એ; ૪૩
વાઘણ ખાયે અંગ રે, મુનિવર કેવલ, પામીને મુક્તિ ગયા એ; ૪૪
વાઘણ દેખી રેખરે, જાતિસ્મરણ, પામી દુઃખ હૈડે ધરે એ; ૪૫
ખાધો મેં સુત મંસરે, ધિગ્‌ધિગ્ મુજને, પાપીણી મે એ શું કિઓ એ; ૪૬
કીર્તિધર મુનિ પાસ રે, અણસણ ઉચ્ચરી, દેવતણા સુખને લહે એ; ૪૭
કીર્તિધર અણગાર રે, સંયમ પાળીને, કર્મ ખપાવી સિદ્ધ થયા એ; ૪૮
શ્રી સુકોશલ સાધુ રે, વલી કીર્તિધર, સમરંતા સુખ ઉપજે એ; ૪૯
સંવત સોલહ દોય રે, આસો માસમાં, થુણીયા દો મુનિ પુંગવાએ; ૫૦
શ્રી વિજયદાનસૂરીંદરે, વિદ્યાસાગરૂ, સેવક દેવચંદ્ર વિનવે એ; ૫૧

## ૨

## સ્ત્રીઓનાં કથલાની સજ્ઝાય

આઠમ પાખી પર્વનાં દિવસે, ઉપાશ્રયમાં આવે;
નારી વીશ પચીશ મલીને, વખાણ સુણવા ભાવે;
રૂડે રંગધરીને રાજ, સુણજો વાત સયાણી આજ. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પાટે બેસી સૂરીજી જ્યારે, ધર્મકથા ઉપદેશે;
શ્રાવિકા મલીને માંહોમાંહે, કથલો કરવા બેસે; રૂડે૦ ૨
એક કહે સાંભલ રે સજની, મારી સાસુ મોટી,
મારા ઉપર મન નવી રાખે, એ વાતે છે ખોટી; રૂડે૦ ૩
બીજી નારી કહે સુણ બાઇ, મુજ સાસુ મુખ મીઠી;
પણ સારી વસ્તુ સંગે લઈ, આઘે જઇને બેઠી; રૂડે૦ ૪
ત્રીજી નારી તુરત કહે તવ, મુજ સાસુ સુકુલીણી;
મારા ઉપર કદીય ન કોપે, જતન કરે મન ઝીણી; રૂડે૦ ૫
ચોથી નારી બોલે છાની, મુજ વહુઅર ગુણવંતી;
ઘરનું કામ ઉપાડી લીધું, મુજને કરી નીંશ્ચીતી; રૂડે૦ ૬
પાંચમી નારી પ્રેમ ધરીને, બોલે સાંભલ બાઈ;
વિનયવંતિ છે મારી વહુઅર, રીશ નથી તિલ રાઇ; રૂડે૦ ૭
છઠ્ઠી નારી બોલે છાની, મુજ વહુઅર ગુણ ભારી;
વાતો કરતી કિમહી ન થાકે, બેસે પર ઘર બારી; રૂડે૦ ૮
સાતમી નારી કહે સુણસજની, શી કહું મુજ ઘર વાતો,
મ્હારી સાસુ મારી સાથે, વઢયા કરે દિન રાતો; રૂડે૦ ૯
આઠમી નારી કહે સુણ બાઈ, મુજ પ્રીતમ નવ ન્હાવે,
મુજ સાસુ છે અતિ અણખીલી, તે દેખી દુઃખ પાવે; રૂડે૦ ૧૦
નવમી નારી બોલે સ્નેહે, મુજ સુત મુજને ઠારે;
વહુઅર ક્યારે વેઠ કરે તો, આવી તેહને વારે; રૂડે૦ ૧૧
દશમી દયિતા બોલે દેખી, બાઈ તુમ બલિહારી,
વહુઅરને હું રીશ કરૂ તો, પુત્રથી થાઉ ખારી; રૂડે૦ ૧૨
એકાદશમી ઇણી પરે ભાખે, મુજ વહુઅર વિકરાલી,
શીખ દિયંતા શૂળી દે છે, ચપલ મહા ચંડાલી; રૂડે૦ ૧૩
દ્વાદશમી ઈમ બોલે બાલા, મુજ વહુ ઘણી જ સયાણી;
સઘલી ઘરની ત્રેવડ સમઝે, પણ આંખે છે કાણી; રૂડે૦ ૧૪
એક કહે સાંભલ રે અંબા, મુજ પાડોશણ પાપી,
વિના સ્વારથ વેઠ કરાવે, ચોથી વાતો થાપી; રૂડે૦ ૧૫
એક કહે બાઇ હું આવું, ઉપાશ્રયે એણી વેલા;
ભુખ્યો છૈયો ભોજન માંગે, ટલે જો રાંધણુ વેલા; રૂડે૦ ૧૬
એક કહે મુજ વહુઅર ભોલી, હઠ તે ઘણી તાણે;
એકણુ હાથે કામ જ કરવું, તે પરમેશ્વર જાણે; રૂડે૦ ૧૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક કહે સુણ સજની મારી, દુઃખની શી કહું વાતો;
સાસુ શૂળી નણંદ હઠીલી, તિમ દિયરીઓ તાનો; રૂડે૦ ૧૮
એક કહે સુણ મારી માતા, મેં હવે કિમ રહેવાય;
સાસુ સસરો પિયુ પનોતો, સઘલા ખાવા ધાય; રૂડે૦ ૧૯
એક કહે સુણ સાથણ આપણે, એક જ લગને પરણી;
તારે છૈયા છાકમ છોલા, મારે નહી અઘરણી; રૂડે૦ ૨૦
એક કહે મ્હારે પાડો આવ્યો, એક કહે મારે પાડી;
બાઇ તું લેવાને આવજે, છાસ કરીશું અમે જાડી; રૂડે૦ ૨૧
એક કહે ઇમ મ્હારી સાસુ, મુજને લાડ લડાવે;
વરે વાવરે સારો સુઘરો, મુજવિણ મૂળ ન ભાવે; રૂડે૦ ૨૨
એક કહે તું વહુઅર વારૂં, મુજને ભળે જ જાઈ,
મારી વહુઅર મુજને વિગોવે, ખટરસ ભોજન ખાઇ, રૂડે૦ ૨૩
એક કહે સાંભલરે ફોઈ, સુરજ બાઇની વાતો,
મ્હારે લાણું ઓછું જનથી, મેં જોવરાવ્યું ખાતું; રૂડે૦ ૨૪
એક કહે સુણ અમુકી બાઈ, આઘરણીને ખોલે,
સાત સોપારી મુજને નાપી, મેં આપીતી સોલે; રૂડે૦ ૨૫
જોઇતીબાઈ એ જમવા તેડયા, શીરો સઘલો ખુટચો,
આઠ દીવસની સુખડી આણી, ખવરાવી કરી કુટો; રૂડે૦ ૨૬
એક કહે મુજ માંચો તુટચો, પાયો એક જ ભાંગ્યો;
સજ્જ કર્યા વિણ કિમ સુવાયે, અણચિંત્યો દુઃખ લાગ્યો; રૂડે૦ ૨૭
એક કહે મુજ અંગ અકલાયે, આળસ અધિકી આવે,
માંકડ મુઆ કરડે રાતે, તેહથી ઉંઘજ નાવે; રૂડે૦ ૨૮
એક કહે મુજ ચુલો ભાંગ્યો, તે જઈ કરવો રૂડો,
એક કહે મુજ પ્રીતમ પ્યારે, ચુંપે આણ્યો ચૂડો; રૂડે૦ ૨૯
એક કહે મુજ રેંટીયડાનો, ત્રાકલડો ત્રટકાણો,
એક કહે મુજ માલજ કાપી, કિશું નહી કંતાણો; રૂડે૦ ૩૦
એક કહે ઉપાશ્રયે આવ્યે, કહો કિશું કોઇ આલે;
બે કોકડી કાંતી જો બાઈ, ઘરમાં શાક જ ચાલે; રૂડે૦ ૩૧
એક કહે ધોવાને જઇએ, જો બાઈ તું આવે,
એક કહે મુજ ધાન્ય સડયો તે, ઘર ધંધે મન ધાવે; રૂડે૦ ૩૨
એક કહે હે મારી સાથણ, જો તું મુજ ઘર આવે,
માંથુ ગુંથીને મન ગમતી, વાતો કરશું ભાવે; રૂડે૦ ૩૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક કહે મેં કુલથી રાંધી, એક કહે મેં ચોળા,
એક કહે મેં વાલ વઘાર્યા, તે થયા છાકમ છોલા; રૂડે૦ ૩૪

એક કહે મેં ઘેબર મીઠા, એક કહે દળ ખાજાં,
એક કહે મુજ લાડું ભાવે, સખર જલેબી ઝાઝા; રૂડે૦ ૩૫

એક કહે દેશ માલવ મીઠો, એક ગુજરાત વખાણે,
એક કહે છે મરૂધર મોટો, સોરઠ સકલ સુજાણે; રૂડે૦ ૩૬

એક તો આપણું રાજ્ય વખાણે, અપર રાજ્ય એક નિંદે,
એક કહે રાજા તો તેહજ, નહિ કરો નહિ દંડે; રૂડે૦ ૩૭

એહવે એક બુદ્ધિવંતિ બોલી, શું બાઈઓ તુમ કહીઓ,
કચપચ કરીને કાનજ ફોડચા, વખાણ કેણીપરે સુણીયે; રૂડે૦ ૩૮

ધર્મસ્થાનકે આવો ધાઈ, વાતો કરવા માંડો,
પાપ પોટલા બાંધો પ્રાયે, કાર્ય ધર્મના છાંડો; રૂડે૦ ૩૯

એહવે અકાળ થયો એમ જાણી, ઉપદેશ પૂરો કીધો,
શ્રાવિકા સર્વે વાંદી ગુરૂને, મારગ ઘરનો લીધો; રૂડે૦ ૪૦

રે બાઇઓ તમે ઈણિવિધ આવી, વિકથા વાત જ વારો,
મનશુદ્ધિ વિણ મુક્તિપુરીનો, કારજ કિણવિણ સારો; રૂડે૦ ૪૧

વલી કહે ગુરૂજી સુણો શ્રાવિકા, કથલો કાંઈ ન કીજે;
શ્રુતવાણી મનશુધ્ધે સુણતા, સઘલો કારજ સીઝે; રૂડે૦ ૪૨

પરનો દોષ દેખાડી પોતે નિજ આતમ નવિ વંચો,
દોષ પોતનો દેખી દ્રષ્ટે, સુકૃત એણિપરે સંચો; રૂડે૦ ૪૩

દશ દષ્ટાંતે દુર્લભ એવો, મનુષ્ય પણો જે પાયો,
દેવગુરૂ ધર્મતત્ત્વ એ ત્રણે, સેવો સદા સુખદાયો; રૂડે૦ ૪૪

કથલો સુણીને કથલો વારો, ગુરૂવાણી રસ ચાખો,
પરનિંદાથી દુર્ગતિ પામે, નિજ મન નિર્મલ રાખો; રૂડે૦ ૪૫

ત્રિકરણ શુદ્ધે તીર્થંકરની, શુદ્ધ કથા જે સુણશે;
મહાનંદ કહે મનને રંગે, તે ભવસાગર તરશે; રૂડે૦ ૪૬

સંવત અઢારશત દશને વર્ષે, આસો માસ ઉદારો,
પાલનપુરમાં પ્રીતે કીધો, વિકથાનો વિસ્તારો; રૂડે૦ ૪૭

૩

# શ્રી અવંતિ સુકુમાલની સજઝાય

મનોહર માલવ દેશ, તિહાં બહુનયર નિવેશ; આજહો
અછે રે ઉજેણી નયરી સોહતીજી; ૧
તિહાં નિવસે ધનશેઠ, લચ્છી કરે જસ વેઠ,
આજ હો ભદ્રા રે તસ ઘરણી મન મોહતીજી; ૨
પૂર્વભવે જસ એક, રાખ્યો ધરીય વિવેક; આજહો,
પાલ્યો રે તસ પુણ્યે પંચમ કલ્પમાંજી; ૩
નલિની ગુલ્મવિમાન, ભોગવી સુખ અભિરામ; આજહો.
તે ચવીઓ રે ઉપન્નો રે ભદ્રા કુખેજી; ૪
નામે અવંતિ સુકુમાલ, અતિ સુકુમાલ સુપુત્ર, આજહો,
દીપે રે જીપે નિજ રૂપે રતિપતીજી; ૫
રંભાને અનુકારી, પરણ્યો બત્રીસ નારી; આજહો.
ભોગી રે ભામિની શું ભોગ જ ભોગવેજી; ૬
નિત્ય નવલા શણગાર, સોવન જડિત સફાર, આજહો.
પહેરે સુંવાલુ ચિર સાવટુંજી; ૭
નિત નવલા તંબોલ, ચંદન કેશર ઘોલ, આજહો;
ચર્ચે રે જસ અંગે આંગી કુટડીજી; ૮
એક પખાલે અંગ, એક કરે નાટક રંગ; આજહો.
એક જ રે સુંવાલી સેજ સમારતીજી; ૯
એક બોલે મુખ આખ, મીઠી જાણે દ્રાખ, આજહો,
લાવણ્યે લટકાલા રૂડા બોલડાજી; ૧૦
એક કરે નયન કટાક્ષ, એક કરે નખરા લાખ, આજહો.
પ્રેમે રે પનોતી પિયુ પિયુ ઉચ્ચરેજી; ૧૧
એક પિરસે પકવાન્ન, એક સમારે પાન, આજહો,
પિરસે રે એક સાર ખાટા સાલણાજી; ૧૨
એક વલી ગુંથે ફુલ, પંચવર્ણ બહુમૂલ, આજહો.
બાંધે રે કેશરીયે કસ એક બાંધતીજી; ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org




**अवंति सुकुमाल**

आ फोटो मुकावनार शाह मेघजीभाई जीवराजभाई कच्छी हाल हैद्राबाद–૫૦૦૦૧૨ A. P.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## अवंति सुकुमाल
(त्याग)

१ अवंतिसुकुमाल ३२ पत्निओं के साथ वैभव विलास में मग्न है अब।

२ तब आर्यसुहस्तिजी ५०० मुनिओ के साथ अश्वशाला में रात्रि के समय नलिनीगुल्म विमान नाम के अध्ययन का परावर्तन करा रहे थे वह अवंतिने सुना, जातिस्मरण ज्ञान हुआ।

३ दीक्षा ली, रात को अनशन कर स्मशान में ध्यानस्थ रहे।

४ वहां पूर्वजन्म की स्त्री लोमडी पाँवसे पेट खाने तक पहुंची।

५ समाधि मरण से नलिनीगुल्म विमानमें गये।

६ उनकी माता और स्त्रियोंने बहुत रुदन विलाप किया।

७ अग्निसंस्कार कर गुरुमहाराज के पास आइ वैराग्योपदेश सुनकर दीक्षा ली।

८ एक सगर्भा स्त्री घर में रही पुत्र हुआ।

९ उसने अवंति पिता के स्थान पर उज्जयणि में अवंति-पार्श्वनाथ का मंदीर बनवाया।

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક કહે જી જીકાર, કરતી કામ વિકાર, આજહો.
રૂડી રે રઢીયાલી વીણા વજાવતીજી; ૧૪
ઈત્યાદિક બહુ ભોગ, વિલસે સ્રી સંયોગ, આજહો.
જાણે રે દોગુંદુક પૃથીવી મંડલેજી; ૧૫
એવે સમે સમતાપુર, થી આર્ય મહાગીરી સૂર, આજહો.
આવ્યા રે ઉજ્જેણી પૂરને પરીસરેજી; ૧૬
વસતિ અનુગ્રહ હેત, ચેલા ચતુર સંકેત; આજહો.
મેલે રે ભદ્રા ઘર સ્થાનક યાચવાજી; ૧૭
વારૂ વાહનશાલ, પોઢી વલી પટશાલ, આજહો.
આપે રે ઉતરવા કાજે સાધુનેજી; ૧૮
શિષ્ય કથન સણી એમ, સપરીવારે ધરી પ્રેમ, આજહો.
પુન્યે રે પટશાલે આવી ઉતર્યાજી; ૧૯
સકલ મુના સમુદાય, કરે પોરીસિ સજઝાય, આજહો.
સુણિયા રે શ્રવણે સુખ નલિની ગુલ્મનાંજી; ૨૦
તેહ સુણી વૃત્તાંત, જાતિ સમરણવંત, આજહો.
ચિંતે રે ચિત્તમાંહી એ કિમ પામીએજી; ૨૧
પૂછે ગુરૂને નેહ, કેમ લહીયે સુખ એહ, આજહો.
ભાખે રે ગુરૂ તવ વચણ સુધારસેજી; ૨૨
ચરણથી નિશ્ચે મોક્ષ, જે પાળે નિર્દોષ, આજહો.
અથવા રે સ્વર્ગે વૈમાનિક પણુજી; ૨૩
કહે ગુરુને દીયો દીખ, ગુરુ કહે વિણું માય શીખ; આજહો.
ન હુવે અનુમતિ વિણુ સંયમ કામનાજી; ૨૪
તિહાં માતા આલાપ, સ્રીનાં વિરહ વિલાપ; આજહો.
કહેતા રે તે સઘલો પાર ન પામીએજી; ૨૫
આપે પહેરે વેષ, લહી આગ્રહ સુવિશેષ, આજહો.
ધારે રે તિહાં પંચમહાવ્રત ગુરૂકનેજી; ૨૬
જીમ કર્મ ખેરૂ થાય, દાખો તે ઉપાય, આજહો.
આપે રે ઉપયોગ ગુરુ પરીષહ તિહાંજી; ૨૭
કંથેરીં વન માંહી, પહોતો મન ઉત્સાહી, આજહો.
કરે રે કાઉસગ્ગ કર્મને તોડવાજી; ૨૮
માછીભવની નાર, કરી ભવ ભ્રમણ અપાર, આજહો.
થઈ રે શિયાલણી વ્યાલણુની પરેજી; ૨૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નવ પ્રસુતિ વિકરાલ, આવી વનહ વિચાલ; આજહો.
નિરખે રે તે મુનિને રીસે ધડહડેજી; ૩૦
નિશ્ચલ મને મુનિ તામ, કર્મ દહનને કામ, આજહો.
ભુખે રે ભડભડતી મુનિ ચરણે અડેજી; ૩૧
ચારે પહર નિશી જોર, સહયો પરિસહ ઘોર, આજહો.
કરડી રે શિયાલણે શરીર વલુરીયુંજી; ૩૨
ધરતો ધર્મનું ધ્યાન, નલિની ગુલ્મ વિમાન; આજહો.
પહોતો રે પન્હોતો પુણ્ય પ્રભાવથી જી; ૩૩
સુરભિ કુસુમ જલવૃષ્ટિ, સુર કરે સમકિતદૃષ્ટિ; આજહો.
મહિમા રે તે કામે સબલો સાચવે જી; ૩૪
ભદ્રાને સવિ નાર, પ્રભાતે તિણિવાર; આજહો.
આવી ગુરૂ વાંદી પુછે વાતડીજી; ૩૫
ગુરૂ કહે એક રાત, સાધ્યા મનનાં ઉત્સાહ; આજહો.
નિસુણિ રે દુઃખવારે સંયમ આદરે જી; ૩૬
ગર્ભવતી એક પુત્ર, તેણે રાખ્યું ઘર સૂત્ર, આજહો.
થાયે રે મુનિ કાઉસ્સગ્ગ ઠામે સુંદરૂંજી; ૩૭
તે મહાકાલ પ્રાસાદ, આજ લગે જસવાદ, આજહો.
પાસ જિણેસર કેરો પ્રાસાદ કરી તિહાંજી; ૩૮
ધન ધન તે મુનિરાજ, સાર્યાં આતમ કાજ, આજહો.
વરશે રે શિવરમણી ભવને આંતરે જી; ૩૯
ધીરવિમલ કવી શિષ્ય, લળી લળી નામે શિષ; આજહો.
તેહને નિત નયવિમલ ગાવે ગુણજી; ૪૦

## ૪
## રહનેમિની સંવાદ રૂપ સજ્ઝાય

રહનેમિ અંબર વિણુ રાજુલ દેખીજો, મદનોદય મોહ્યાં મુનિ ચિત્ત ગવેષી જો; કહે સુંદરી સુંદર મેળો સંસારમાં જો...૧. સંસારે મેળા આવે શે કાજ જો, ચિર ધરી રાજુલ કહે તુમે મુનિરાજ જો; આજ કિશું સંભારો મેળા વિસર્યા જો....૨. વિસરે નહિ રાગીને પૂર્વ પ્રીતજો, પ્રીત ધરી રહે દૂર એ મૂરખ રીતજો; ચતુરશું ચિત્ત

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મેળાવો ચતુરને સાંભરે જો...૩. સાંભરે પણ તુમશું હમ શો મેલાપ જો, દિયર ભોજાઇ પણાની જગમાં છાપ જો; તેમાં શું ચિત્તમેલો ફોગટ રાગનો જો...૪. ફોગટ રાગે રહ્યાં તુમ ઘરમાંહિ જો, ત્યજી તુમને મુજ ભાઈ ગયાં વનમાંહિ જો; અમે તુમ ઘેર નિત વાત વિસામે આવતા જો...૫. આવતાં તો હું દેતી આદર માનજો, પ્રીતમ લઘુ બંધવ મુજ ભાઇ સમાન જો; કંત વિયોગે તુમ શું વાત વિસામતિ જો;...૬. વિસામા વનિતાને વલ્લભ કેરા જો, અણુપરણી કન્યાને કંત ઘણેરા જો; એક પખો જે રાગ તે અથો નવિ ઘટે જો;...૭. નવિ ઘટે સતિયો જે નામ ધરાવે જો, બીજો વર વરવા ઈચ્છા નવિ ધારે જો; ન ફરે પંચની સાખે જે તિલકે ધર્યો જો;...૮. તિલક ધરે તે તો સામાન્ય ઠરાય જો, મંગલ વર્ત્યે કર મેલાપક થાય જો; માય પછી વોલાવે કન્યા સાસરે જો;...૯. સાસરીયે કુમારી જમવા જાય જો, વસ્તુ સામાન્ય વિશેષ લઈ સમવાય જો; કર મેલાવા પેલા મન મેળા કરે જો;...૧૦. મેળા કરવા આવંતા તુમ ઘેર જો, ભુષણ ચિવર મેવા ફલ લાવતા જો; તુમ લેતા અમને થઈ આશા મોટકી જો;...૧૧. મોટકી આશા શી થઇ તુમ દિલમાંહિ જો, દિયર જાણી હું લેતી ઉચ્છાહિજો; સસરાનું ઘર લહી ન ધરી શંકા અમે જો;...૧૨. અમે જાણ્યું–પતિ વિણ રાજુલ ઓશિયાળી જો, એહને પરણી સુખભર પ્રીતડીપાળી જો; દંપતિ દીક્ષા લેશું યૌવનમાં નહિજો...૧૩. નહિ–ઓશીયાલી હું જગમાં કહેવાણી જો, ત્રણ જગતનાં રાજાની હું રાણી જો; ભૂતળ સ્વર્ગે ગવાણી પ્રભુ ચરણે રહીજો;...૧૪. રહી ચરણે તો સુખ સંસાર ઠગાણી જો, ચંપકવરણી તુજ કાયા–શોષાણી જો; તપ જપ કષ્ટ જે કરવું તે વૃદ્ધાપણે જો...૧૫. વૃદ્ધાપણે મુનિને નવિ થાય વિહારજો, સ્થિરવાસે રહે એકસ્થાને અણગારજો; જે જે કારજ સાધવું તે યૌવનવયે જો;...૧૬. યૌવન વય ઝગમગતી તુમ હમ જોગ જો, ચાલો ઘેર જઈ વિલસીયે–સુખભોગ જો; વાત બની એકાંતે ગુફામાં પુણ્યથી જો;...૧૭. પુણ્યે દીક્ષા લીધી પ્રભુની પાસજો, સંયમથી સુર મુક્તિતણાં સુખવાસ જો; વિરૂઆ વિષફલ ખાવા શી ઇચ્છા કરો જો;...૧૮. શી કરો તો પાસ પ્રભુ અણગાર જો, ઉપદેશે ઘર છંડી થશે મુનિચારજો; તે ભવ મોક્ષ સુણી કિમ જઈ ઘરે વસ્યાજો...૧૯. ઘરે વસ્યા પણ મુનિ દીઠા તપ કરતાજો, પશ્ચાત્તાપ કરી ફરી–સંયમ ધરતા જો; પરિશાટન કરી પરમાતમ પદવી વર્યા જો...૨૦. વર્યા પદવી પણ ભુક્તભોગી થઈ એહજો, તુમ ઉપર અમને પૂરવનો નેહ જો; અધુરાને દુઃક્કર સંયમ સાધન વિધિ જો;...૨૧. વિધિયે વ્રત ધરી થાવચ્ચાકુમાર જો, સિદ્ધગિરી સિધ્યાં સાથે સાધુ–હજાર જો; વીરને વારે અઇમુત્તો મુકતે જશે જો;...૨૨. જશે ખરા પણ બાલપણામાં જોગી જો, વાત ન જાણે આ સંસારીક ભોગી જો; ભુક્તભોગી થઈ અંતે સંયમ સાધશું જો;...૨૩ સાધશું–અંતે સંયમ તે સવિ ખોટું જો, જરાપણાનું દુઃખ સંસારે મોટું જો. વ્રત ભાંગીને જીવ્યા તે નરકે ગયા જો;...૨૪. ગયાં નરકે તે જેણે ફરી વ્રત નવિ ધરીયા જો, ભાંગે પરિણામે સંયમ



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આચરીયા જો; ચારિત્રે ચિત્ત-ઠરશે ઇચ્છા પૂરણે જો;...૨૫. ઇચ્છા પૂરણ કોઇ કાળે નવિ થાય જો, સ્વર્ગતણા સુખ વાર અનંતી પાવે જો; ભવ ભય પામી પંડિત દીક્ષા નવિ તજે જો;...૨૬. નવિ તજે તો પૂરવધર કેમ ચૂકચા જો, રહી ઘરવાસે તપ જપ વેષ જ મુકયાં જો; અરિહા વાત એકાંતે શાસન-નવી કહેજો;...૨૭. કહે એકાંતે બ્રહ્મ-ચર્ય જીનવરીયા જો, વ્રત ત્યજી-પૂરવધર નિગોદે પડીયા જો; વિષ ખાતા સંસારે કુણ સુખીયા થયાજો;...૨૮. થયા જિનેશ્વર સુખ વિલસી સંસારે જો, કેવલ પામી-પછી જગતને તારે જો; દીક્ષા લેશું આપણે સુખ લીલા કરી જો...૨૯. કરી આ સંયમ જિન આણા શિરધારો જો, ચલચિત્ત કરીને ચરણ-તણું ફલ હારો જો; વમન ભખંતા શ્વાન પરે વાંછા કરો જો...૩૦. કર્યો અમને તુમે શ્વાન બરોબર સાચો જો, તો તુમશું હવે રાગ તે ધરવો કાચો જો, લાગ્યો તમારો શિક્ષાનો મુજને ઘણો જો,...૩૧. મુજને ઘણો છે દિયરીયાનો રાગ જો, તેણે કહું છુ અગંધન કુલનાં નાગ જો; અગ્નિ પડે પણ વિષ વમીયું ચૂસે નહિ જો;...૩૨. ચૂસે નહિ તિર્યંચ પશુ વિખ્યાત જો, તેથી ભૂંડો હું નર ક્ષત્રિય જાત જો, તું ગુરૂમાતા વાત કિહાં કરશો નહિ જો;...૩૩. નહી કરશું પણ જાણે જિનવર જ્ઞાની જો; જ્ઞાની આગલ વાત ન જગમાં છાની જો; પ્રભુ પાસે આલોયણ લઈ નિર્મલ થવું જો;...૩૪. નિર્મલ થાવા જઈશું પ્રભુની પાસ જો, મિચ્છામિદુક્કડં તુમશું શુભવાસે જો; કૂપ પડંતા તુમે કર ઝાલી રાખીયો જો;...૩૫. રાખે આતમ પોતાનો મુનિરાયા જો, સ્વામિ સહોદર માત શિવાના જાયા જો; રહનેમિ સંયમે ઠરિયા ઇમ સાંભલી જો...૩૬. સાંભલી જઇ પ્રભુ ચરણે શિષ નમાવી જો, આલોયણ લઈ ઉજ્વલ ભાવના ભાવી જો; કેવલ પામી શિવ પદવી વરીયા સુખેજો;...૩૭. સુખે રહી ઘરમાં શત વર્ષ તે ચારજો, એક વરસ છદ્મસ્થે રાજુલ નાર જો; એક વિહુણા પાંચશે વરસ જ કેવલી જો;...૩૮. કેવલી થઇને વિચર્યા દેશવિદેશ જો, બહુ જન તાર્યા દેઈ વર ઉપદેશ જો; શિવ સુખ સજ્ઝાયે-પોઢચા અગરૂ લઘુ ગુણે જો;...૩૯. ગુણે કરી દોઈ ગાયા સુણજ્યો સયણા જો, એક એક ગાથા અંતર બેહુના વયણા જો; શ્રી શુભવીર વિવેકી નિત્ય વંદન કરે જો;...૪૦.

## ૫
## શ્રી કલાવતીની સજ્ઝાય

બેન લીલાવતી તમને વિનવું, સ્વામિની સેવા કરજો, પતિ પરમેશ્વર આપણ છે, એની આઝા તે કરજો જતન હો.

બેન કર્મ કરે તે સહેવું; ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સત્યપણાથી સવલું રે બોલી, અવલું રે સમઝયાં છો સ્વામી;
વાંક નથી એમાં કશો સ્વામિનો, લખીયા લેખ લલાટે હો બેન. ૨

પરણીને આવી ત્યારથીજ તો, લાડમાં નથી રહી ખામી;
માન આપ્યું છે અમને ઘણુંએ, એમાં નથી રહી ખામી હો. બેન. ૩

હું જાઉં છું વન વિષે હવે, ઝાઝા પ્રણામ છે તમને;
સર્વ બેનોની ક્ષમા માંગુ છું, મારે જાવું છે વન મોઝાર હો બેન. ૪

પ્રભુ પ્રતાપે સંતાન દીધું, કર્મે એવું કીધું;
ભર જગંલમાં જન્મ જ દેશે, હે પ્રભુ સહાય તમારી હો બેન. ૫

કાળો રથ ને કાળો છે માફો, કાળા બળદ કાળા વસ્ત્ર;
ગળીનો ચાંદલો કરીયો કપાલે, ત્યાંથી તે ચાલ્યાં જાય હો બેન. ૬

ચાલતાં ચાલતાં અટવી રે આવી, ભર જંગલ ઘોર વન;
ત્યાંથી તે સતીને હેઠે ઉતાર્યાં, આંખે આંસુડાની ધાર હો બેન. ૭

સુભટે સંભલાવ્યું બેન કલાવતી, રાજાનો હુકમ છે એવો;
કહેતા અમારી કાયા કંપે છે, બેરખા કાપી આપો હો બેન. ૮

રોતા રોતા સતીજી બોલ્યાં, બેરખાં કાપી લ્યોને;
બેરખા કાપીને સ્વામીને કહેજો, પાલી છે આજ્ઞા તમારી હોબેન. ૯

બેરખાં કાપ્યાં ત્યારથીજ તો, સતીને દુઃખ જ થાય:
અફશોસ કરતા મુર્ચ્છા રે આવી, સારવાર નથી કોઈ પાસે હો બેન. ૧૦

સવાનવ માસે પુત્ર જનમીયો, ચંદ્ર સૂરજ બે થંભે;
ભર જંગલમાં જન્મ જ લીધો, હે પ્રભુ શરણુ તમારું હો બેન. ૧૧

આકાશમાંહે દેવ સિંહાસન, ચલાયમાન જ થાય;
દેવે વિચાર્યું સતી દુઃખી છે, જાઓ દેવ દેવી સહાય હો બેન. ૧૨

દેવદેવી આવી નમન કરે છે, સતીને દુઃખી જોઈ;
બાળક લીધું દેવીએ હાથમાં, સતીને તેડી જાય હો બેન. ૧૩

સાવ સોનાનો મહેલ બનાવ્યો, ફરતા દેવો બેઠાં;
સતી આજ્ઞા વિના કોઇ ન આવે, એવો શિયલનો પ્રભાવ હો બેન. ૧૪

સાવ સોનાની માંચીએ બેસી, બાલકને ધવરાવે;
બાલક ધવરાવતા, અફશોસ કરતાં, સ્વામિ હશે સુખી કે દુઃખી હો બેન. ૧૫

નિમિત્તને વેષે દેવ પધાર્યા, આવ્યાં છે રાજ દુવારે;
રાજમાં આવીને પ્રણામ કરીયા, બેઠા છે રાજન પાસે હો બેન. ૧૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નિમિત્તજી બોલ્યાં અરે રાજનજી, કેમ ઉદાસ દેખાઓ;
રાજન બોલ્યાં સાંભળો નિમિત્તજી, કલાવતી નિચ બુદ્ધિ જાણી હો બેન. ૧૭

બેરખા પહેરતા ત્યારે જ મેં પૂછયું, કહો રાણીજી આ કયાંથી;
તેણે અમોને ઉત્તર આપ્યો, મારે મન વસે તેણે મોકલીયાં હો બેન. ૧૮

મારાથી બળીયો કોણ વસે છે, એવું જાણી કાઢી વનવાસ;
બેરખાં કાપીને ભંડારે મૂકયાં, તે તુમને દેખાડું હો બેન. ૧૯

બેરખાં જોઇને નિમિત્તજી બોલ્યાં, ભૂંડી થઈ છે રાજન;
જયવિજય બે બંધવ તેહનાં, સીમંત અવસરે મોકલીયાં હો બેન. ૨૦

નામ છાપેલું જુઓ રાજનજી, વગર વિચાર્યું કર્યું કામ;
એટલું સાંભળતાં મુર્છા રે આવી, સેવકો છે તેની પાસે હો બેન. ૨૧

મુર્છા ઉતરતા રાજનજી બોલ્યા, શું કરું નિમિત્તજી આજ;
ભર જંગલમાં શું રે થયું હશે, વગર વિચાર્યું કર્યું કામ હો બેન. ૨૨

જાઓ જાઓ સેવકો સતીની શોધમાં, ચારે તરફ ફરી આવો;
જે કોઈ સતીને શોધી લાવશે, તેને મોં માંગ્યાં આપું દામ હો બેન. ૨૩

નિમિત્તને રાજન ત્યાંથી તે ચાલ્યાં, આવ્યાં છે વન મોઝાર;
ચાલતાં ચાલતાં અટવી રે આવી, દેવતાઇ મહેલ જોયાં હો બેન. ૨૪

સામે કલાવતી ગોખમાં બેઠાં, ખોળામાં પુત્ર છે તેની પાસ;
છેટેથી આવતાં સ્વામિને જોયાં, હર્ષનો નથી રહ્યો પાર, હો બેન. ૨૫

પાસે આવીને દર્શન કરીયાં, હર્ષનાં આંસુડાની ધાર;
પુત્રને દીધો સ્વામિનાં હાથમાં, હરખનો નથી રહ્યો પાર હો બેન. ૨૬

એવે સમે મુનિ વનમાં પધાર્યાં, પૂછે બેરખાંની વાત;
કહોને મુનિ મેં શ્યાં પાપ કર્યાં હશે, તે કર્મ ઉદય આવ્યાં આજ હો બેન. ૨૭

તું રે હતી બાઇ રાજાની કુંવરીને, એ હતો સુડલાનો જીવ;
તેં રે અરે એની પાંખો છેદાવી, તે કર્મ ઉદય આવ્યાં આજ હો બેન. ૨૮

તમે તમારી વસ્તુ સંભાલો, અમે લેશું સંયમભાર;
સંયમ લીધો શ્રી મહાવીર પાસે, પહોંચ્યા છે મુક્તિ મોઝાર હો બેન. ૨૯

સુમતિવિજય કહે શીયલ પ્રભાવથી, દુઃખી તે સુખી થાય;
સત્યજનોને નમન કરું છું, જેથી ઉતરશું ભવપાર હો બેન. ૩૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# ૬
# શ્રી સુભદ્રાની સજ્ઝાય

હું પભણું શી એહની વાત, નામ સતીનું લીજીયે,
પ્રહ ઉઠી રે પહેલે પ્રભાત, સત રે જો જો સુભદ્રા તણું; ૧
મુનિવર વહોરણ પાંગર્યા, નિયમવંતી રે તિહાં આવે અધીર,
કોરણ ઉડે કાંકરા, તરણું ખુંત્યુ રે તિહાં વાયે સમીર; સત રે૦ ૨
તરણું તે ખુંત્યું આંખમાં, તેણે કરી રે વહે લોહીની ધાર,
સુભદ્રાને બારણે આવીયા, નયણે નિરખે રે ઋષિ પીડા અપાર; સ૦ ૩
મસ્તકે મસ્તક ભીડીયા, જીભે કરી રે કાઢે નયણની સાલ,
સાધુ નિરાબાધ થઈ ગયા, પૂંઠે જો જો રે એના થાય હવાલ, સ૦ ૪
શ્રાવક કુલમાં ઉપની, પરણાવી રે વલી માએ મિથ્યાત,
તો એ સમકિત સુંધુ વહે, નિજ હૈડે દેવગુરુ ધર્મને ધ્યાત; સ૦ ૫
સુભદ્રાને લલાટે ચાંદલો, તે તો થયો રે સાધુને લલાટ;
સાસુ દેખી ક્રોધે ધડહડી, રોશે ભરી રે દુહવાણી રાંડ. સ૦ ૬
સાંભળ વચ્છ કહું વાતડી, રાતડી રે ઋષિ રાતડ દેત;
મનમાંહિ વાત જ રાખજે, જીમ આપણાં ઘરમાં ન થાય ફજેત. સ૦ ૭
ગુણહીણી તુજ ગોરડી, જેણે અતીથી શું રે આલિંગન દીધ,
મુજ ટળી કેણે ન દીઠડી, પાપ એહવારે તુજ વહુઅરે કીધ. સ૦ ૮
સાસુડીએ કુડી સહી, સંભલાવી રે સહુ સ્વજન ને વાત;
ભરતાર પણ ભંભેરીયો, કુડે કલંક રે, ખેલે એમ ઘાત. સ૦ ૯
મન ભાંગ્યું ભરતારનું, રયણિ ભર રે, નવિ રંગ ને રોલ;
નેહ નયણે નવિ નિરખતાં, છતે જોગે રે સંયોગ વિયોગ. સ૦ ૧૦
શાસન નાયક દેવતા, દુઃખ દેખી રે, સતિનું અપાર;
આ ફરવા તેણી વેળાએ, દેવરાણાં રે ચંપાના બાર; સ૦ ૧૧
રાજાને જઇને સંભળાવીયું, સુણો સ્વામિ રે નગરી ઉત્પાત;
ચંપા પોળ ચઉદિશે જડી, પશું માનવી રે દુઃખડાં ન ખમાત; સ૦ ૧૨
રાજા તે રોશે ઊઠીયો, ઘણુ ઘાયે રે કરો ચકચૂર;
કમાડ કુહાડે ભાંગજો, મથી મથી રે કાઢે સુભટ જોર. સ૦ ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વજ્રકમાડ પોળે જડયાં, મથી મથી રે જોર કરીને જાય;
હાલ કલોલ લોક આકુલાં, પશુ માનવી રે દુઃખડાં ન ખમાય. સ૦ ૧૪
રાજા પ્રજા સહુ દુઃખ ધરે, કહો કરવો રે હવે કિશ્યો ઉપાય;
દેવવાણી તત્ક્ષણ થઇ, કહ્યું કરજો રે જેમ તુમ સુખ થાય. સ૦ ૧૫
મન વચન કાયાએ કરી, શીલે સાચી રે વળી જે હોશે નાર,
કૂપ કાંઠે ભરી ચાલણી, છાંટી ઉઘાડે રે ચંપાના બાર. સ૦ ૧૬
વડા વડા રાયની કુંવરી, સતી શિરોમણી રે મારે ઘેર છે નાર;
કૂપ કાંઠે ભરી ચાલણી, સૂત્ર તાંતણો રે ચાલણી ન ખમે ભાર. સ૦ ૧૭
સાત વાર ત્રુટી પડી, નવ ચાલણી રે પડી કૂપ મઝાર;
રાજાનું મન ઝાંખુ થયું, સતી કોઈ નહિ મારે ઘેર નાર. સ૦ ૧૮
રાજાએ પડહો વજડાવીઓ, કોઇ ઉઘાડે રે ચંપાના બાર;
રાજ ભાગ વેંચી દઉં વલી આપું રે, અર્થ ગરથ ભંડાર. સ૦ ૧૯
પડહો વાજંતો આવીયો, આંગણે ઉભી રે સુભદ્રા નાર,
સાસુજી દીઓ મુજ શીખડી, જઇ ઉઘાડું રે ચંપાનાં બાર. સ૦ ૨૦
વારી વારી વહુઅર શું કહું, તું નિર્લજ્જ ને કાંઇ નથી લાજ;
રાજા રાણી વિલખાં થયાં, તું સતી ખરી રે પોળ ઉઘાડીશ આજ. સ૦ ૨૧
પડહ છબી રે ઊભાં રહ્યાં, સંભળાવો રે કરો રાજાને જાણ;
રાજા આવી પાયે નમ્યાં, માતા રાખો રે પ્રભુ પ્રજાના પ્રાણ. સ૦ ૨૨
માત-પિતા સહુ દેખતાં, દેખતાં રે સાસુ સસરો જેઠ;
રાજા પ્રજા સહુ દેખતાં, તવ તે ચાલણી મેલી કુવાજલ હેલ. સ૦ ૨૩
પરણ્યા વિના પુરૂષ આભડયો, આણે ભવે રે વળી મુજને કોય;
કલંક દીધું તેને શું કરું, પરમેશ્વર રે પ્રીતે કરી જોય. સ૦ ૨૪
કાચા સુતરને તાંતણે, ચાલણી બાંધે રે સીંચી કુવાજલ ઠામ;
ભરી ચાલણી તાણી લઈ, સૌ પ્રશંસે રે શીલ ઠામો ઠામ. સ૦ ૨૫
ફુલ વૃષ્ટિ કરે દેવતા, સેવતાં રે લોક રાણા ને રાણ;
મોતી થાળે વધાવતાં, છાંટી ઉઘાડે રે ત્રણ પોળ સુજાણ. સ૦ ૨૬
કોઈ પીયર કોઈ સાસરે, કોઇ સતી વળી માને મોસાળ;
ચોથી પોળ ઉઘાડશે રે, શીલે સાચી રે, વલી જે હોશે નાર. સ૦ ૨૭
શીલ વ્રત જગમાં વડું, સહુ સાંભળી રે પાળો નરનાર;
રાજા મન રાજી થયો, સુભદ્રા સતીરે થઈ તત્કાળ. સ૦ ૨૮
સાસરે પીયર નિર્મલી થઇ, નિર્મલ રે રાખ્યું જગમાં નામ;
નાક રાખ્યું સાસરા શહેરનું, ગાળ ઉતારી ગામોગામ. સ૦ ૨૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાસુને સસરો ખમાવતાં, ખમાવતાં રે વળી દિયર ને જેઠ;
ભરતાર ભકતે ખમાવતાં, સારા શહેરની સ્ત્રી તુજ પગ હેઠ. સ૦ ૩૦
સાસરે સમકિત સર્વને, સંભલાવ્યો જીન ધર્મ વિખ્યાત;
શ્રાવક ધર્મમાં સહુ કર્યા, મેલ્યાં પૂર્વનાં પાપ માયા મિથ્યાત્વ. સ૦ ૩૧
સાસુ વહુ પ્રીતે મળી, મન મૂકયાં રે વળી ધર્મ મિથ્યાત્વ;
સાધુ વૈયાવચ્ચ વાતડી, તરણું તાણ્યું રે કીધી સાસુ ને વાત. સ૦ ૩૨
શાસન સોહ ચઢાવીઓ, ગિરૂઆ ગચ્છપતી રે, આણંદ વિમલ સૂરીંદ;
તસ પાટે અનુક્રમે હુઆ, શ્રી વિજયદેવ રે વિજય પ્રભ મુણિંદ. સ૦ ૩૩
દેવવિજય પંડિત તણો, કરજોડી રે શિષ્ય કરે અરદાસ;
સુભદ્રા ચરિત્ર વખાણતાં, વીર વિમલને રે વ્હાલો મુક્તિનો વાસ. સ૦ ૩૪

## ૭
## ઇષુકાર કમલાવતીની સજ્ઝાય

મહેલે તે બેઠાં રાણી કમળાવતી, ઉડે છે ઝેણેરી ખેહ સાંભળ હો દાસી;
જોઈને તમાસો ઇષુકાર નગરીનો, મનમાં તે ઉપન્યો સંદેહ;
સાંભળ હો દાસી, આજ રે નગરીમાં ખેપટ અતિ ઘણી. ૧
કાંતો દાસી પ્રધાનનો દંડ લીયો કાં લુટયાં રાજાએ ગામ; સાં૦
કાં કેહના ધનના ગાડા નીસરયાં, કાં કોઇની પાડી રાજાએ ભામ. સાં. આ૦ ૨
નથી રે બાઈજી, પ્રધાનનો દંડ લીયો, નથી લુંટયા રાજાએ ગામ.
સાંભળ હો બાઇજી;
નથી કેહના ધનના ગાડાં નીસરિયાં, નથી કોઈની પાડી રાજાએ મામ.
સાંભળ હો બાઈજી, હુકમ કરો તો ગાડાં અહિં ધરું. ૩
ભૃગુ પુરોહિતનો જસા ભારજા, વળી તેહના દોય કુમાર. સાંભળ હો બાઈજી,
સાધુ પાસે જઇ સંયમ આદરે, તેહનો ધન લાવે છે આજ, ,, ,, હું૦ ૪
વચણ સુણીને માથુ ધુણાવીયું, બ્રાહ્મણ પામ્યો વૈરાગ્ય. સાં૦ હો૦
તેહની ઋદ્ધિ લેવી જુગતી નહિ, રાજાના સોટા છે ભાગ્ય. સાંભળ હો દાસી
રાજાનો મત એહ જુગતો નહી. ૫
મહેલેથી ઉતર્યા રાણી કમલાવતી, આવ્યા ત્યાંઇ ઠેઠ હજુર; સાંભળ હો રાજા;
વચન કહે છે ઘણાં આકરાં, જિન કોપેથી બોલે ચઢીયો સુર ,, ,, ,;
બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો. ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વસ્યા તે આહારની ઈચ્છા કુણ કરે; કરે વાળી શ્વાન ને કાગ  સાંભળ હો રાજા
પહેલું જે દાન દીધું હાથ શું, તે પાછું ન લેતાં આવે લાજ  ,, ,, ,; પ્રા. ૭
કાં તો રાણી તને ઓલો લાગીયો, કાં કોઈએ કીધી મતવાળ.  સાંભળ હો રાણી
રાજાને કઠણુ વયણુ નવિ કીજીએ.  ૮
નથી રે મહારાજા ઓલો લાગ્યો, નથી કોઈએ કીધી મતવાળ.  સાંભળ હો રાજા.
નથી કોઈ ભૂત વ્યંતરે છળી, નથી કોઈએ કીધો વિકરાળ.  સાં૦ પ્રા૦ ૯
જગ સઘળાનું ભેળું કરી; લાવે તોરા ઘર માંય.  સાંભળ હો રાજા.
તો પણ તુષ્ણા છીપે નહી, એક ત્હારે ધર્મ સુહાય.  ,, સાં૦ પ્રા૦ ૧૦
અગ્ની થકી વન પરજળે, પશુ બળે તેહને માંયે  ,, સાં૦ રા૦
દુષ્ટ પંખી એમ ચિંતવે, આહાર કરૂં ચિત્ત લાય.  ,, સાં૦ પ્રા૦ ૧૧
એમરે અજ્ઞાની આપણું, રાગદ્વેષ ચિત્ત લાય.  સાં૦ રાજા૦
કામભોગને વશ થઈ, ધન લેવા લપટાય.  સાં૦ પ્રા૦ ૧૨
એક દિન એહ ધન છોડવું, પરભવ સગું નહી કોય.  સાં૦ રા૦
પરભવ જાતાં ઇણ જીવનને, ધર્મ સખાઈજ હોય.  સાં૦ પ્રા૦ ૧૩
તનધન જોવન થીર નહિ, ચંચળ વીજળી સમાન.  સાં૦ રા૦
ક્ષણમાંરે આઉખું ઘટે, જિહાં મુરખ કરે રે ગુમાન.  સાં૦ રા૦ પ્રા૦ ૧૪
ખગમુખ માંસ લેઈ નીસરે, ઈર્ષ્યા કરે ખગ તામ.  સાં૦ રા૦
તિમ પરધન ઋદ્ધિ દેખીને, લોભી ચિત્ત ધરે રે ગુમાન.  સાં૦ પ્રા૦ ૧૫
ગરૂડ દેખી જીમ સર્પહી, ભયે સંકોચે રે દેહ.  સાં૦ રા૦
તેમ અનિત્ય ધન જાણીને, લાલચ છંડો રે એહ.  સાં૦ રા૦ પ્રા૦ ૧૬
અરે સંસાર અસાર છે, કાળ ચપેટા રે દેત.  સાં૦ રા૦
ઓચિંતાનો લેઈ જાયશે, ચેતી શકે તો ચેત.  સાં૦ રા૦ પ્રા૦ ૧૭
એવા વયણ સમજાવતાં, રાણી વૈરાગ્યનાં આય.  સાં૦ રા૦
સંયમ લેવાને ઉતાવળી, આકુળ વ્યાકુળ થાય.  સાં૦ રા૦
આજ્ઞા આપો સંયમ આદરૂં.  ૧૮
હાથી રે જિમ બંધન તજે, તિમ તજું કુટુંબ પરિવાર.  સાં૦ રા૦
જો અનુમતી દ્યો રાજવી, ઢીલ ન ક્ષણ લગાર.  સાં૦ રા૦ આજ્ઞા૦ ૧૯
રત્ન જડિત રાય તારૂં પાંજરૂં, માંહી સૂડલો મને જાણ.  સાં૦ રા૦
હુંરે બેઠી તીમ ત્હારા રાજમાં, રહેતાં ન પામું કલ્યાણ.  સાં૦ રા૦ આ૦ ૨૦
મેળવ્યું ધન રહેશે ઇહાં, થોડું પણ આવે ન સાથ.  સાં૦ રા૦
આગળ જોશો તો પાધરૂં, સંબળ લેજો રે સાથ,  સાં૦ રા૦ આજ્ઞા૦ ૨૧

Jain Education International 2010_05  For Private & Personal Use Only  www.jainelibrary.org

રાણીનાં વયણ સુણી કરી, બુઝ્યા કઇ ઇષુકાર, સાંભળી એકચિત્તે;
તનધન જોબન જાણ્યાં કારમાં, જાણ્યો સંસાર અસાર. સાંભળી૦
છએ જીવે તે સંયમ આદર્યો. ૨૨
ભૃગુ પુરોહિત જસા ભારજા. વળી તેહનાં દોય કુમાર, સાંભળો એકચિત્તે,
રાજા સહિત રાણી કમળાવતી, લીધો કાંઇ સંયમ ભાર. સાંભળો એકચિત્તે.
છએ જીવે સંયમ આદર્યો. ૨૩
તપ જપ કરી સંયમ પાળતા, કરતા કાંઈ ઉગ્ર વિહાર, સાંભળો એકચિત્તે,
કર્મ ખપાવી કેવળ પામીયા, પહોત્યા કાંઈ મુગતિ મોઝાર૦ સાં૦ છ૦ ૨૪

## ૮
## થાવચ્ચાકુમારની સજ્ઝાય

**શ્રી** આદીશ્વર ને રે પાય પ્રણમી કરી, વલી નમી નિજ ગુરૂ પાયોજી;
થાવચ્ચાનો રે નંદન ગાઇએ, નામે નવનિધિ થાયેજી. ૧
ભાવે વંદો રે થાવચ્ચા મુનિ, નેમિ જીનેશ્વર શિષ્યોજી,
શ્રી શેત્રુંજા ઉપર સિદ્ધ થયા, હું પ્રણમું નિશ દિશોજી. ભા૦ ૨
દ્વારિકા નગરી રે કૃષ્ણ નરેશ્વરરૂં, થાવચ્ચો ધનવંતોજી;
બહુ ધન ખરચી રે સુત પરણાવીયો, નારી બત્રીશ ગુણવંતજી. ભા૦ ૩
ગઢ ગિરનારની પાસે જાણીએ, નંદનવન અભિરામોજી;
બહુ પરિવારે રે નેમિ સમોસર્યા, હરિ મન હરખ્યા તામજી. ભા૦ ૪
વંદન આવે રે સબલ આડંબરે, જાદવનો પરિવારોજી,
કુમાર થાવચ્ચો રે તિહાં વલી આવીયો, સુરનરનો નહિ પારોજી. ભા૦ ૫
વાણી સુણીનેરે મન વૈરાગીયો, થાવચ્ચો નિજ ગેહેજી,
તિહાંથી આવી રે માયને પાય પડચો, માત સુણો સસનેહોજી. ભા૦ ૬
તે સંસાર અસાર તે જાણીએ, અનુમતિ દ્યો મોરી માતજી,
જિમ હું સંયમ માર્ગ આચરું, ક્ષણ લાખેણી જાયજી. ભા૦ ૭
વયણ સુણીને હેડે ડહડહી, આંસુડાં ઉભરાયોજી,
સંજમ માર્ગ બેટા દોહિલો; તું છે કુમળી કાયોજી. ભા૦ ૮
ધન-કણ-કંચન માલ અછે ઘણો, વળી બત્રીશ વહુ નારીજી,
ભોગ સંયોગ વચ્છ તુમે ભોગવો, પછી તજો સંસારોજી. ભા૦ ૯



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

થાવચ્ચો કહે સુણો મોરી માવડી; વચન કહું વિશાલોજી,
તન ધન જોબન એ કારમું, જાણો સુપન જંજાલોજી. ભા૦ ૧૦

જી જી કરતો રે દિનકર આથમે, કિમ ખમશો હુંકારોજી,
ખીણુ ખીણુ ભોજન કુણુ એ પૂછશે, અરસ નિરસ વળી આહારોજી. ભા૦ ૧૧

જંગલ માંહેરે સુણુ મોરી માવડી, ભુખ તરસ સહે અપારોજી,
પાણી ભોજન કહો એ કુણુ કરે, વનવગડાની સારોજી. ભા૦ ૧૨

નારી બત્રીસેં રે વળી વિનવે, અલવેસર અવધારોજી,
અવગુણુ અમને રે કુણુ કહો વ્હાલમાં, કાં મેલો નિરધારોજી. ભા૦ ૧૩

પહોંચે સ્વારથ જ્યાં વગે જેહનો, કુણુ નારી કુણુ માતોજી,
સ્વારથ વિણુસે રે કો કેહનો, નહિ માનો માનુની વાતોજી. ભા૦ ૧૪

જબ લગે જીવું. રે સુણુ મોરા નાનડા, મ કરીશ વ્રતની વાતોજી,
વલતું સંજમ તુજને જો રૂચે, તો લેજે ભલી ભાતોજી. ભા૦ ૧૫

પહેલાં પૂઠે રે ખબર નકો પડે, તું છે ભોલી માતાજી,
ડાભ અણી જલ ચંચલ આઉખું, ખીણુમેં વિણુસી જાએજી. ભા૦ ૧૬

લેઇ અનુમતિ રે કુમર હજાર શું, નેમિ જિનેશ્વર શિષ્યોજી,
સંજમ પાળી રે તન મન વશ કરી, છોડી તન ધન સારોજી. ભા૦ ૧૮

પાળે સંજમ સાધુક્રિયા કરી, ભણીયા અંગ અગીયારોજી,
અવસરે જાણીરે અણુસણુ આદરે, સાથે સાધુ હજારજી. ભા૦ ૧૮

શ્રી શેત્રુંજા રે ઉપર સિદ્ધ થયા, મુકતે ગયા દુઃખ છોડીજી,
વિબુદ્ધ શિરોમણી દીપ વિજય તણો, ધીર નમે કર જોડી જી. ભા૦ ૧૯

૯

## ચાર આહારની અથવા આહાર-અણાહારની સજઝાય

સમરું ભગવતી ભારતી, પ્રણમી ગુરૂ ગુણવંતો રે,
સ્વાદિમ જે દુવિહારમાં, સુઝે તે કહું કંતો રે. શ્રીજીન૦ ૧

શ્રી જીન વચન વિચારીએ, કીજીએ ધર્મ નિઃસંગો રે;
વ્રત પચ્ચખાણુ ન ખંડીએ, ધરીએ સંવર રંગો રે. શ્રીજીન૦ ૧

પીંપર સુંઠ તીખા ભલા, હરડે જીરૂ તે સાર રે;
જાવંત્રી જાયફલ એલચી, સ્વાદિમ ઈમ નિરાધાર રે. શ્રીજીન૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કાઠ-કુલંજર-કુમઠા-ચણી કબાવા-કચુરો રે;
મોથ ને કંટા સેલિયો, પોંહોકર-મૂલ-કપુરો રે. શ્રીજિન૦ ૪
હીંગલા અષ્ટક બાપચી, બુકીં—હિંગુ ત્રેવીસો રે;
બલવણ સંચલ સુજતાં, સંભારો નિશ દિસો રે. શ્રીજિન૦ ૫
હરડાં બેહડાં વખાણીયે, કાથો-પાન સોપારી રે;
અજ અજમોદ અજમો ભલો, ખેર વડી નિરધારો રે. શ્રીજિન૦ ૬
તજ ને તમાલ લવીંગશું, જેઠી મધ ગણો ભેલા રે;
પાન વલી તુલચી તણાં, દુવિહારે લેજ્યો હેલા રે. શ્રીજિન૦ ૭
મૂલ જવાસના જાણીએ, વાવડિંગ કસેલો રે;
પીપલી મૂલ જોઈ લીજીએ, રાખજો વ્રત વેલો રે. શ્રીજિન૦ ૮
બાવલ ખેર ને ખેજડી, છાલી ધવાદિક જાણો રે;
કુસુમ સુગંધ સુવાસિયો, વાસી પુની તસ્યો પાણી રે. શ્રીજિન૦ ૯
એહવા ભેદ અનેક છે, ખાદિમ નીતી માંહે રે;
જીરું સ્વાદિમ કહ્યું ભાષ્યમાં, ખાદીમમાં બીજે ઠામે રે. શ્રીજિન૦ ૧૦
મધુ ગોલ પ્રમુખ જે ગ્રંથમાં, સ્વાદિમ જાતિમાં ભાખ્યો રે;
તે પણ તૃપ્તિને કારણે, આવરણા એ નવિ રાખ્યો રે. શ્રીજિન૦ ૧૧
હવે અણાહાર તે વર્ણવું, જે ચૌવિહારમાં સુજે રે;
લીંબ પંચાગ ગલો કડું, જેહથી મતિ નવિ મુઝે રે. શ્રીજિન૦ ૧૨
રાખ ધમાસો ને રોહણી, સુખડ ત્રીફલા વખાણો રે;
કીરીયાતો અતિવિષઃ એલીયો, રીગણી પણ તિમ જાણો રે. શ્રીજિન૦ ૧૩
આછી સાસંધ ચીતરો, ગુગલ હરડાં દાલો રે;
લોણ કરી અણાહારમાં, વળી મજીઠ નિહાલો રે. શ્રીજિન૦ ૧૪
કલેરનાં મૂલ પૂંવાડીઆ, બોલવીયો તે જાણો રે;
હલદર સૂઝે ચોવીહારમાં, વળી ઉપલોટ વખાણો રે. શ્રીજિન૦ ૧૫
ચોપચીની વજા જાણીએ, બોરડી ચૂલ કંથેરી રે;
ગાય ગૌમુત્ર વખાણીયે, વલી કુંવાર અનેરી રે. શ્રીજિન૦ ૧૬
કંદરૂ વડકુડા ભલા, તે અણાહારમાં કહીએ રે;
એહવા ભેદ અનેક છે, પ્રવચનથી સવી લહીએ રે. શ્રીજિન૦ ૧૭
વસ્તુ અનિષ્ઠ ઈચ્છા વિના, તે મુખમાં ધરીજેજી;
ચાર આહારથી બહિરો, તે અણાહાર કહિજે રે. શ્રીજિન૦ ૧૮
એહ જુગત શું જે લહી, વ્રત પચ્ચખાણ ન ખંડે રે;
તેહમાં ગુણ અનુરાગીણી, શિવ લચ્છિ રતિ મંડે રે. શ્રીજિન૦ ૧૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી નય વિજય સુગુરૂ તણાં, લેઈ પસાય ઉદાર રે;
વાચક જસ વિજય કહ્યો, એહ વિશેષ વિચાર રે. શ્રીજીન૦ ૨૦

## ૧૦
## અમૃતવેલની સજ્ઝાય

ચેતન જ્ઞાન અજુઆળીયે, ટાળીએ મોહ સંતાપ રે;
ચિત્ત ડમડોલતું વાળીએ, પાલીએ સહજ ગુણ આપ રે. ૧
ઉપશમ અમૃતરસ પીજીએ, કીજીએ સાધુ ગુણ ગાન રે;
અધમ વયણે નવિ ખીજીએ, દીજીએ સજ્જન ને માન રે. ૨
ક્રોધ અનુબંધ નવિ રાખીએ, ભાંખીએ વયણ સુખ સાચ રે;
સમકિત રત્નરૂચિ જોડીએ, છોડીએ કુમતિ મતિ કાચ રે. ૩
શુદ્ધ પરિણામને કારણે, ચારનાં શરણ ધરે ચિત્ત રે;
પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ મિત્ત રે. ૪
જે સમોસરણમાં રાજતાં, ભાંજતા ભવિક સંદેહ રે;
ધર્મનાં વચન વરસે સદા, પુષ્કરાવર્ત જીમ મેહ રે. ૫
શરણ બીજુ ભજો સિદ્ધનું, જે કરે કર્મ ચકચૂર રે;
ભોગવે રાજ શિવ નગરનું, જ્ઞાન આનંદ ભરપૂર રે. ૬
સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથ રે;
મૂલ ઉત્તર ગુણે જે વર્યા, ભવતર્યા ભાવ નિર્ગ્રંથ રે. ૭
શરણ ચોથું કરે ધર્મનું, જેહમાં વરદયા ભાવ રે;
જેહ સુખ હેતુ જીનવર કહ્યું, ભવ જલ તરવા નાવ રે. ૮
ચારનાં શરણ એ પડિવજે, વળી ભજે ભાવના શુદ્ધ રે;
દુરિત સવિ આપણા નિંદિએ, જીમ હોયે સંવર વૃદ્ધિ રે. ૯
ઇહભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાત રે;
જે જીનાદિ આશાતનાદિક ઘણાં, નિંદીએ તેહ ગુણઘાત રે. ૧૦
ગુરૂતણાં વચન જે અવગણી, ગુંથિયા આપ મત જાલ રે;
બહુપરે લોકને ભોળવ્યાં, નિંદિએ તેહ જંજાલ રે. ૧૧
જેહ હિંસા કરી આકરી, જેહ બોલ્યા મૃષાવાદ રે;
જેહ પરધન હરી હરખીયાં, કીધલો કામ ઉન્માદ રે. ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાય રે;
રાગને દ્વેષને વશ હુઆ, જે કીયા કલહ કષાય રે. ૧૩
જૂઠ જે આળને પરદિયા, જે કર્યા પિશુનના પાપ રે;
રતિ અરતિ માયા મૃષા, વલિ મિથ્યાત્વ સંતાપ રે. ૧૪
પાપ જે એહવા સેવિયાં, તેહ નિંદિએ ત્રિહુ કાલ રે;
સુકૃત અનુમોદના કીજીએ, જીમ હોય કર્મ વિસરાલ રે. ૧૫
વિશ્વ ઉપકાર જે જીન કરે, સાર જીન નામ સંયોગ રે;
તેહ ગુણ તાસ અનુમોદિએ, પુણ્ય અનુબંધ શુભયોગ રે. ૧૬
સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહ રે;
જેહ આચાર આચાર્યનો, ચરણ વન સિંચવા મેહ રે. ૧૭
જેહ ઉવજ્ઝાયનો ગુણભલો, સૂત્ર ઉવજ્ઝાય પરિણામ રે;
સાધુની જેહ વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણ ધામ રે. ૧૮
જેહ વિરતિ દેશ શ્રાવકતણી, જેહ સમકિત સદાચાર રે;
સમકિત દૃષ્ટિ સુરનર તણો, તેહ અનુમોદિયે સાર રે. ૧૯
અન્યમાં પણ દયાદિક ગુણો, જેહ જીનવચન અનુસાર રે;
સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત બીજ નિરધાર રે. ૨૦
પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહ ને નવિ ભવ રાન રે;
ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુ મોદવા લાગ રે. ૨૧
થોડલો પણ ગુણ પરતણો, સાંભલી હર્ષ મન આણ રે;
દોષ લવ પણ નિજ દેખતાં, નિર્ગુણનિ જાતમાં જાણ રે. ૨૨
ઉચિત વ્યવહાર અવલંબને, ઈમ કરી સ્થિર પરિણામ રે;
ભાવિયે શુદ્ધનય ભાવનાં, પાપનાશય તણું કામ રે. ૨૩
દેહ મન વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે;
અક્ષય અકલંક છે જીવ તું, જ્ઞાન આનંદ સ્વરૂપ રે. ૨૪
કર્મથી કલ્પના ઊપજે, પવનથી જીમ જલધિ વેલ રે;
રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દૃષ્ટિ સ્થિર મેલ રે. ૨૫
ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહવડ ચોર રે;
જ્ઞાન રૂચિ વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોર રે. ૨૬
રાગ વિષ દોષ ઉતારતાં, જારતાં દ્વેષ વિષ શોષ રે;
પૂર્વ મુનિ વચન સંભારતાં, વારતાં કર્મ નિઃશેષ રે. ૨૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેખીએ માર્ગ શીવ નગરનો, જે ઉદાસીન પરિણામ રે;
તેહ અણ છોડતાં ચાલિએ, પામિયે જીમ પરમ ધામ રે. ૨૮

શ્રી નય વિજય ગુરૂ શિષ્યની, શીખડી અમૃત વેલ રે;
એહ જે ચતુર નર આદરે, તે લહે સુજસ રંગરેલે રે. ૨૯

## ૧૧
## શ્રી શીખામણની સજઝાય

ચડયા પડયાનો અંતર સમજી, સમ પરિણામે રહિયે;
થોડો પણ જિહાં ગુણ દેખી જે, તિહાં અતિહિ ગહ ગહિયે રે;
લોકો ભોળવિયા મત ભૂલો. (આંકણી) ૧

અંતર મુહુરત અછે ગુણ વુદ્ધી, અંતર મુહુર્ત ગુણ હાણી;
ચડવું પડવું તિહાંથી મુનિને, તે ગતિ કિણહિ ન જાણી રે. લો૦ ૨

બાહ્ય કાષ્ટથી ઉંચું ચડવું, તે તો જડતા ભામા;
સંયમ શ્રેણિ શિખર ચડાવે, અંતરંગ પરિણામા રે. લો૦ ૩

તિહાં નિમિત્ત છે બાહિર કીરિયા, તે જો સૂત્રે સાચી;
નહિ તો દુઃખ દાયક પગ સાહમું, મોર જુવે જિમ નાચી રે. લો૦ ૪

પાસત્થાદિક સરખે વેષે, જૂઠાં કારણ દાખે;
ઇમ વિષ પાણી ખપ નહિ કરતાં, મીઠાં પાણી ચાખે રે. લો૦ ૫

પરિચિત ઘરની ભીક્ષા લેવે, ન કરે તે સમુદાણી;
વસતિ દોષ ન તજે ક્રિયાદિક, જિન આણા મન આણી રે. લો૦ ૬

વસ્ત્ર પાત્ર દૂષણ નવિ ટાળે, કરે પતિતનો સંગો;
કલહ વૈરની વાત ઉદીરે, મન માન્યો તિહાં રંગો રે. લો૦ ૭

હીણો નિજ પરિવાર ટળાવે, આપ કષ્ટ બહુ દાખી;
અઢિયો તેહનો કિણ પરે કહિયે, સૂત્ર નહિ જિહાં સાખી રે. લો૦ ૮

ન ગણી ઉત્તરગુણની હાણી, સૂત્ર ક્રિયામાં પંગુ;
દુઃખ સહેશે જિમ ઉપદેશમાળે, બોલ્યો મથુરા પંગુરે. લો૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક મૂળકારણ ચિંતવતાં, આવે મોટું હાસું;
પંચ મહાવ્રત કિહાં ઉચ્ચરિયાં, સેવ્યું કુણનું પાસું રે. લો૦ ૧૦
પહિલા વ્રત જે જૂઠ ઉચ્ચરિયાં, તે તો નાવ્યાં લેખે;
વળી ફરીને હવે તે ઉચ્ચરિયાં, પંચ લોક જેમ દેખે રે. લો૦ ૧૧
મુનિને તો સઘળું સાચવવું, વાત ઘટે નવિ કૂડી;
શુદ્ધ પરૂપકની તો જે જે, યતના તે પણ રૂડી રે. લો૦ ૧૨
પહિલા મૂળગુણે જે હીણો, ફીરી દીક્ષા તે લેવે;
ચરણ અંશ હોય તે તપ છેદે, ઉદ્યમ ગારવ સેવે રે. લો૦ ૧૩
એહવું ભાષ્ય કહ્યું વ્યવહાર, તે તો મર્મ ન જાણે;
અધિકાઇ બાહિર દેખાડી, મત વાલો મત તાણે રે. લો૦ ૧૪
કહે તે શુદ્ધ કથક અજ્ઞાની, ઉપધિ ઘણેરી ધારે;
દ્વિવિધ બાળ તે મારગ લોપી, ભાખ્યું અંગ આચારે રે. લો૦ ૧૫
પાસત્થાદિક જાતિ ન તજિયે, તો કિમ ઉંચા ચઢીયે;
જ્ઞાનાધિક આણાયે રહિયે, તે સાથે નવિ વઢિયે રે. લો૦ ૧૬
પાસત્થો પણ તેહને કહિયે, તે વ્રત લેઈ વિરાધે;
ધુર થકી જેણે વ્રત નવિ લીધાં, તે તો મારગ સાધે રે. લો૦ ૧૭
સર્વ શુદ્ધિ વિણ પણ વ્રત યતનાં, શુદ્ધ કથક તે છાજે;
ઇચ્છા યોગી આપ હીનતા, કહેતો તે નવિ લાજે રે. લો૦ ૧૮
કુસુમ પુરે એક શેઠ તણે ઘર, હેઠે રહ્યા સંવેગી;
ઉપરે એક સંવર ગુણહીણો, પણ ગુણનિધિ ગુણ રંગી રે. લો૦ ૧૯
સંવેગી કહે ઉપરે જે છે, તે મહા મોકલો પાપી;
ગુણ રંગી કહે જે વ્રત પાળે, તસ કીર્તિ જગ વ્યાપી રે. લો૦ ૨૦
સંવેગીના બાહ્ય કષ્ટથી, થયા લોક બહુ રાગી;
કોઇક શુદ્ધ કથકના પણ મતિ, જેહની જ્ઞાને લાગી રે. લો૦ ૨૧
ચોમાસું પુરી બેહું વિચરિયા, તિહાં આવ્યા એક નાણી;
બિહુમાં અલ્પ અધિક ભવ કુણનો, પૂછે ઇમ બહુ પ્રાણી રે. લો૦ ૨૨
જ્ઞાની કહે સંવેગી નિંદા, કરી ઘણા ભવ તે રૂળશે;
શુદ્ધ કથક વહેલો શિવસુખમાં, પાપ પખાળી ભળશે રે. લો૦ ૨૩
સૂણી એહવું બહુ જન સમજ્યા, ભાવ માર્ગ રૂચિ જાગી;
તે ઉપદેશ પદ સવિ જોયો, જો તુમે ગુણના રાગી રે. લો૦ ૨૪
શુદ્ધાચારી કળિમાંહે વિરલા, શુદ્ધ કથક પણ થોડા;
ઈચ્છાચારી બહુલા દીસે, જાણે વાંકા ઘોડા રે. લો૦ ૨૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પાસત્થાદિકમાં પણ સંયમ, થાનક કહ્યું હોઇ હીણું,
શુદ્ધ પ્રરૂપક વયણે શાસન, કહિયે ન હોએ ખીણું રે. લો૦ ૨૬
જિનવિણ અછતું ચરણ ન કરિયે, હોય તે તો ઉદ્ધરિયે;
નવો માર્ગ જન આગે ભાખી, કહો કિણિપરે નિસ્તરિયે રે. લો૦ ૨૭
સંયમ ઠાણ વિચારી જોતાં; જો ન લહે નિજ સાખે;
તે જુઠું બોલીને દુર્ગતિ, શું સાધે ગુણ પાખે રે. લો૦ ૨૮
સંયમ વિણુ સંયત ના થાયે, પાપશ્રમણ તે ભાખ્યો;
ઉત્તરાધ્યયને સરલ સ્વભાવે, શુદ્ધ પ્રરૂપક દાખ્યો રે. લો૦ ૨૯
સુવિહિત ગચ્છ કિરિયાનો ધોરી, શ્રી હરિભદ્ર કહાય;
એહ ભાવ ધરતો તે કારણ, મુજ મન તે સુહાય રે. લો૦ ૩૦
શુદ્ધ દ્રવ્ય સંયત તે ઇણિપરે, ભાવ ચરણ પણ પાવે;
પ્રવચન વચન પ્રભાવક તેહનાં, સુરપતિ પણ ગુણ ગાવે રે. લો૦ ૩૧
શુદ્ધ કથક વચને જે ચાલે, મૂળ ઉત્તર ગુણ ધારી;
વચન ક્ષમાદિક રંગે લીના, તે મુનિની બલિહારી રે. લો૦ ૩૨
પૂજનીક જ્ઞાની આણાધિક, સંયત ચરણ વિલાસે;
એક નહિ જેહને બિહું માંહી, કિમ જઇયે તસ પાસે રે. લો૦ ૩૩
જિમ જિમ પ્રવચન જ્ઞાને ઝીલે, તિમતિમ સંવેગ તરંગી;
એકે આવશ્યક વચન વિચારી, હોજો જ્ઞાનના રંગી રે. લો૦ ૩૪
જ્ઞાનાધિકમાં જે ગુણ દ્વેષે, કષ્ટ કરે અભિમાને;
પ્રાયે ગંઠી લગે નવિ આવ્યા, તે સુતા અજ્ઞાને રે. લો૦ ૩૫
તેહની કષ્ટ ક્રિયા અનુમોદે, ઉન્મારગ થિર થાય;
તેહથી દુરગતિનાં દુઃખ લહિયે, પંચાશક કહિવાય રે. લો૦ ૩૬
કુળ ગણ સંઘ તણી તે લજ્જા, આપ છંદ તે ટાળે;
પાપભીરૂ ગુણ આણાકારી, જિન મારગ અજુઆળે રે લો૦ ૩૭
જ્ઞાનાધિકની દીક્ષા લેખે, કરે તસ વયણે પરખી;
બીજાની ષોડશકે ભાંખી, હોળી નૃપ ઋદ્ધિ સરખી રે. લો૦ ૩૮
જ્ઞાનાધિકનો વિનય વિરાધી, શ્રી જિનવર દુહવાય;
વિનય ભેદ સમજે તે કિંકર, જ્ઞાનવંતનો થાય રે. લો૦ ૩૯
તે માટે જ્ઞાનાધિક વયણે, રહી ક્રિયા જે કરશે;
અધ્યાતમ પરિણતિ પરિપાકે, તે ભવસાગર તરશે રે. લો૦ ૪૦
વાચક યશવિજયે ઇમ દાખી, શીખ સર્વને સાચી;
પણ પરિણમશે તેહતણે મન, જેહની મતિ નવિ કાચી રે. લો૦ ૪૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨
## શ્રી અનાથી મુનિની સજઝાય

મગધાધિપ શ્રેણીક સુવિચારી, સાથે બહુ પરીવારી,
હયગય રથ પાયક પાલખીશું, પહોંત્યો વન મોઝારી રે.
રાજન રયવાડી સંચરીયો, ક્ષાયિક સમકિત વરીયો કે. ૧
પદ્મનાભ તીર્થંકર થાશે, ઉપશમ રસનો દરિયો કે. રાજન૦ ૨
વિવિધ પ્રકારની ક્રીડા કરતો, જોતો વનનાં ઠામ;
ચંપક તરૂ તળે મુનીવર દીઠા, બેઠા કરીય પ્રણામ કે. રાજન૦ ૩
ધ્યાને લીનો મુનીવર મોટો, ચંપકવર્ણી કાયા;
લુંચ્યા કેશ તે યૌવન વેષે, તજી સંસારની માયા કે. રાજન૦ ૪
પૂછે રાજા શ્રેણીક મુનિને, કેમ લુંચ્યા તુમે કેશ;
યૌવને વૈરાગ કહો કિમ લીધો; દીસો છો લઘુ વેષ કે. રાજન૦ ૫
તરૂણ પણે તરૂણી કાં છંડી, એ માયા કાં મંડી;
કંચન વરણી કાયા દંડી, એ શી કીધ ધમંડી કે. રાજન૦ ૬
રૂપવંત તું ગુણવંત દીસે, સુંદર તુમ આકાર;
શશિસમ વદન વિરાજે તાહરૂં, નયન પંકજ અનુહાર કે. રાજન૦ ૭
ધન યૌવન ફળ લાહો લીજે, કીજે બહુલા ભોગ;
સંપત્તિ સારૂ દાન તે દીજે, અવસરે લીજે જોગ કે. રાજન૦ ૮
કુટુંબ તણો મોહ કિમ મૂકયો, કિમ મૂકયા ધન પરિવાર;
કવણ નગરનાં કહો તુમે વાસી, કિમ લીધો સંયમ ભાર કે. રાજન૦ ૯
સયલ લક્ષણ તુમ અંગે નિરખ્યાં, અવગુણ એક ન દીઠો;
કૃપા કરી જોગીસર સાચો, ઉત્તર દ્યો મુજ મીઠો કે. રાજન૦ ૧૦
બોલે મુનીવર સુણ હો રાજા, ઉત્તર દેઉં હું સાચો;
મુખનો મટકો નયણનો લટકો, કાયાપિંડ તે કાચો કે. રાજન૦ ૧૧
નાથ વિના જીવે બહુ દુઃખ પામ્યા, મ્હારે નહિ કોઈ નાથ;
તિણ કારણ મેં દીક્ષા લીધી, હવે હું હુઓ સનાથ કે. રાજન૦ ૧૨
નાથ અછું હું મુનિવર ત્હારો, એહવો અર્થ વિચારો;
નાથ અછે કોઈ ત્હારો રાજા, બોલ્યો બોલ અવિચાર્યો કે. રાજન૦ ૧૩



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નાથ તણો અર્થ જો જાણો, તો થાઓ મુજ નાથ;
નાથ નહિ કોઈ નૃપ તુમારે, બાવળ ઘો છો બાથ કે. રાજન૦ ૧૪
માતા મયગલ હય હૈષારવ, સુણ મગધાધિપ રાજા;
કંચન કોડિ જોડિ બાંધવની, માય તાય સુખ સાજા કે. રાજન૦ ૧૫
મ્હોટા કુળની મ્હોટી વધૂટી, ખોટી નહિ મનમાંહિ;
સિંહ કટી હંસ ગામિની બાળા, થોડા બોલિ પ્રાંહી કે. રાજન૦ ૧૬
શશી વયણી મૃગ નયણી નારી, ચિત્ત હરખી ભરતાર;
હાવભાવ વિભ્રમ જે કરતી, તે મૂકી નિરાધાર કે. રાજન૦ ૧૭
ઇંદ્ર તણી જાણે ઇંદ્રાણી, એહવી મુજ ઘર રાણી;
કેતા ગુણ હું કહું હો રાજા, શિયલ ગુણની ખાણી કે. રાજન૦ ૧૮
પાન સમારે બીડું વાળી, માંહી કપૂરનો વાસ;
પ્રેમ ધરી મુજ પદ્મણી આપે, તે મૂકી નિરાશ કે. રાજન૦ ૧૯
પંચ વિષય હું ભોગ ભોગવતો, જાતો કાળ ન જાણ્યો;
એક દિવસ મુજ રોગ ઉપન્યો, નવિ સમે તે ચિત્ત આણ્યો કે. રાજન૦ ૨૦
કાકા કાકી ફુવા ભાણેજી, મામો માસો મામી;
નેહ ધરે માસી મુજ અધિકો, જાણે અંતર જામિ કે. રાજન૦ ૨૧
માય તાય બંધવ મુજ ભગિની, દુઃખ નવિ લીધો જાય;
નારી મુખ વિલપંતી બોલે, તે દુઃખ અમ ન સહાય કે. રાજન૦ ૨૨
તિણ વેદન મુજ નિંદ ન આવે, અન્નપાન નવિ ભાવે;
મંત્ર યંત્ર કીધા ઘણેરાં, તો પણ દુઃખ નવિ જાવે કે. રાજન૦ ૨૩
વૈદ્ય જાણ તેડયા તેણી વારે, દીધા બહુલા દામ;
ઔષધ ભેષજે ગુણ નવિ થાયે, વિલખાણા તે તામ કે. રાજન૦ ૨૪
ચિત્ત ચોખે કરી મેં રે વિચાર્યું, એકલડો વનવાસી;
એ સંસાર તણાં દુઃખ વિરૂઆ, ગઇ વેદન તવ નાસી કે. રાજન૦ ૨૫
દિનકર ઉગે તમ જીમ નાસે, તિમ મુજ વેદન ભાગી;
સંયમ વરિયો વેદન હરીયો, સમતાશું લયલાગી કે. રાજન૦ ૨૬
મગધાધિપ હરખ્યો મનમાંહિ, વચન કહે રે વિચારી;
નાથપણું તુમને મુનિ સાચું, આપ તર્યા પરતારી કે.
રાજન પંચ મહાવ્રત ધારી. ૨૭
શીશ નમાવી પાય લાગીને, પછી છોડયું મિથ્યાત;
યોગીસરને ધ્યાને લીનો, અજવાળે કુળ જાત કે. રાજન૦ ૨૮
ઋષિ અનાથી ચારિત્ર પાળી, પહોંચ્યા શિવપુર ઠામ;
કનક વિજયબુધ ચરણે મધુકર, ઇમ બોલે મુનિ રામ કે. રાજન૦ ૨૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૩
# શ્રી સુનંદા રૂપસેનની સજ્ઝાય

**બેટમુની** કહે ધન્ય તુમે સાતે જણાં, એક વયણે પ્રતિબોધ લહ્યો ન રહી મણાં;
શત ઉપદેશે પણ રાગીને યથાજલો, લક્ષ રવિ ઉદયે, નવિ દેખે આંધળો. ૧
ગર્ભવાસ ગદ ત્રાસ જરા મરણાં કરે, પરભવ સૌખ્ય કિહાંથી અમૃત ઉખરે;
જેમ ચકલો ચકલી તૃણ બિંદુએ આવીઆ, તું પી તું પી કહેતાં બેઉ મરણે ગયાં. ૨
નરનારીના રાગને નાગરે માંડવા, વાઘ ચિત્તર મંજાર ને મેલી જમાડવા;
વિષયી પ્રાણીયા ભવભવ દુઃખમાં પડે, વિષય રાગ નરભવ હરી, પરભવમાં નડે. ૩
તન ધન જોબન આયુ, સમય જાતાં વહી, આખંડલ કોદંડ, અખંડે રહે નહિ;
તિલકપૂરે કનકધ્વજ, રાણી યશોમતી, દો સુત ઉપર પુત્રી, સુનંદા રૂપે રતિ. ૪
લઘુ વયે ઘર ઉપર, ચઢી દેખે એક ઘરે, દોષ દઈ ગુણવંતીને પતિ તાડન કરે;
નિર્દય નર લહી, માને કહી સખી મોકલી, કરવો નથી વિવાહ, રહીશ હું એકલી. ૫
વલ્લભ સુખ નગણ્યો, લઘુવય બાલા સહી, અનુભવ જ્ઞાન વિના, જેમ ધ્યાન કરે નહિ;
જોબન વય ફલીયો, તવ અધર કુસુમ હસ્યા, રતિએ રીસાવ્યા, કામદેવ અંગે વસ્યા. ૬
જઠર તણી ગુરતા, કુંચ કુંભે વસી જઇ, ચરણ તણી ચંચળતા, ચક્ષુ વચ્ચે ગઈ;
અભિનવ જોબન, વેલા મેલા ખેલતી, એક દિન મંદિર ઉપર, જઈ ફરતી હતી. ૭
ઇભ્ય વડો ધનવંત, સમીપે તિહાં વસે, ખેલ વસંત પ્રિયાશું અગાશે સુરત હસે,
દેખી સુનંદા વિષય રૂચી કહે માતને, મુજ વિવાહ કરો, જણાવી નરરાયને. ૮
એક દિન ઘર સન્મુખ, તંબોલી દુકાન મેં, શેઠ વસુદત્ત રૂપસેન, લીયો જ્ઞાન મેં;
લાગ્યો નયણે નેહ, સખી હાથે દિયો, શ્લોક અર્થ લખી, પત્ર તે રૂપસેને લીયો. ૯
વાંચીને મન હરખી, અર્થ તેણે પૂરીયો, પાછો પત્ર સખીએ સુનંદાને દીયો;
વાંચી હરખી આ તન મન વિકસાવતી, પત્ર પ્રીતમકર ફરસીત હૈડે દાખતી. ૧૦
દાસી મુખે કહે, નિત્ય ઇંડાં તુમે આવવું, તુમ મુખ દીઠા વિના, નવિ ભોજન ભાવવું;
સાંભળીને રૂપસેન ગયો જલમંદિરે, દિન પાંચ ઓચ્છવ છે, કૌમુદી ઢંઢેરો ફરે. ૧૧
અવસર પામી સુનંદા, તાસ જણાવતી, જે દિન વન ઓચ્છવ, નરનારી જાવતી;
તે રાતે ઘર પાછળ પિયુ પધારજો, બાંધશું દોર નિસરણી, તેણે ચઢી આવજો. ૧૨
ચતુર વિચક્ષણ અવસર, ન ચિત્ત ન ચૂકશો, રંભા સમી મહિલા મલી, તે નવિ મૂકશો;
અહો નિશ વાલમ ધ્યાન ધરૂં, રહી વેગળી મારા પ્રેમની વાત, તે જાણે કેવલી. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દાસી મુખે સુણી તે હરખે સંકેતીયા, વરસ સમા દિન પાંચ વિયોગે વિતીયા;
કૌમુદીને દીન રાણી સુતા તેહ કરે, સા કહે શિર દુઃખે છે તેણે રહીશું ઘરે. ૧૪
દોય સખીશું સુનંદા રહી નિજ મંદિરે, દોય નિસરણી ગોખ તલે રાતે ધરે;
તેણે અવસર એક જુગારીઓ ધન રાચીને, ચોરી કરવા ફરતો ધનપતિ ધારીને. ૧૫
દોરે દેખી મન કૌતુક ધારી તે ચડે, અણુબોલી સખી લઇ ગઇ તસ ઓરડે;
હરખી સુનંદા સ્નાન તનુ શણગારતી, ચંદન લેપ કુસુમ આભૂષણ ધારતી. ૧૬
તેણે સમે રાણીયે દાસી જોવા મોકલી, દીપક બુજાવી તેહશું, સખી વાતે ભલી;
કહે સખીઓ હમણાં વેદન સઘળી ટળી, સુતા સુનંદા સુખ ભર ક્ષણ નિદ્રા મળી. ૧૭
દાસી સુણી તે વાત કહી જઇ રાણીને, આવી સુનંદા ઓરડે ઘુંઘટ તાણીને;
શય્યા એ ફુલ પુંજ બિછચા મોકલાં, બોલે સુનંદા નાથ વસ્યા કેમ વેગલાં. ૧૮
તાણી લીયે શય્યાએ વિરમ વ્યાકુલ થઈ, સુખ ભોગવતાં વિયોગ વેદના દૂરે ગઈ;
સુરત સમે નિદ્રાભર મૂકી ઊઠીયો, મુક્તા ફળનો હાર જુગારીયો લેઇ ગયો. ૧૦
દોર નીસરણી સખીઓ ઘરમાં લાવતી, જાગી સુનંદા સખીઓ એમ જલ્પંતી;
વલ્લભશું નવિ વાત વિચાર થયો, ફિરયો રાણીની દાસી ભયે કરી વ્હેલો નિસર્યો. ૨૦
પૂરણ ભાગ્યે મેળો બન્યો, પણ ક્ષણે રહ્યો, અંધારે અંધારૂ કરીને તે ગયો;
મુજ ચિત્ત ચોરી ગયો, ફરી મિલન કઠીન ઘણો, દુર્ભગ દાસીએ ખેલ બગાડયો અમતણો. ૨૧
હવે સુણજો રૂપસેન બન્યો જે પ્રીતમાં, રાત ઘડી ગઇ ચાર, ચિવટ થઈ ચિત્તમાં;
કંચન વરણો ચરણે ઘુઘરીઆ તગે, કસબી નાડે નંગ, જડચો તે જગ મગે. ૨૨
કંચુઓ કસબી કોરનો, હીરા હસી રહ્યાં, મેવા મીઠાઇ લેપ સુગંધી સંગ્રહ્યા;
ચીર પટોલી ભાત તે રીતે રૂચે ઘણી, નેઉરને કટી મેખલવાળી દામણી. ૨૩
હારાદિ અલંકાર લીયા બહુમુલનાં, કુંડલ ધમ્મિલ હાથ ગજેરા ફુલનાં;
એ સઘળું લઈ ઉવટ મારગે સંચરે, સુનંદા મળવાનાં મનોરથ બહુ કરે. ૨૪
પંથે પડી ઘરભીત ચંપાઇ તે મૂઓ, સંસાર માંહે રાગ વિટંબણા એ જુઓ;
મરણ થયો ન ગયો રાગ રમણી રૂપનો, સુનંદા ઉદરે ગર્ભે જઈ ઉપન્યો. ૨૫
કર્યાતિકા કહે કંતને મરવું એણે સમે, હેઠ આહેડી બાણ ઉપર શરસે ભમે;
નાગ ડરયો ભિલ્લને, શકરો બાણે મુઓ, દેવગતિ વિપરીત ચારેના ચિંતન જુઓ. ૨૬
રાત્રિ જશે પરભાતે, રવિ જલ ઉગશે, જઈશું કુસુમવન પુષ્ટિ થશે પંકજ હસે;
કજ કોરો અલિ રાતે રડતો દિલશું લખે, વનગજ સરોજલ પીઇને કમલ સાથે ભળે. ૨૭
મનનાં મનોરથ સઘળાં તે મનમાં રહ્યાં; દષ્ટિરાગ વશ પડિયા તે દુઃખીયા કહ્યા;
પરરમણી રસ રાવણ, દસ મસ્તક ગયા, સીતા સતીવ્રત પાળી અચ્યુત પ્રતિ થયા. ૨૮
વિષય વિનોદથી જેહ રહ્યાં દૂરે સદા, આ ભવ પરભવ, તેહ લહે સુખ સંપદા;
ત્રીજે ખંડે ઢાળ એ છઠ્ઠી મન ધરો, શ્રી શુભવીર વચન રસ આસ્વાદન કરો. ૨૯

Jain Education International 2010_05    For Private & Personal Use Only    www.jainelibrary.org

૧૪

## દુહા

બીજે દિવસે ગવેષવા, વસુદત્તના સુત ચાર;
ભીંત પડી ઉપડાવતાં, મળીયા લોક હજાર. ૧
મૃતક તિહાં રૂપસેનનું, નીકળ્યું વસ્તુ સહીત;
વાત સુનંદા સાંભળી, ચિત્ત બન્યું વિપરીત. ૨
શોક ભરે સખીને કહે, આ શી બની ગઈ વાત;
અંધારે નવિ ઓળખ્યો, મલીયો કોઈ કુજાત. ૩
વસ્તુની હાલત જાણીને, ધૂર્ત હરિ ગયો હાર;
પણ રૂપસેન મરણ સુણી, રૂદન કરે તેણી વાર. ૪
તસ શોકે દિન કાઢતાં, ગર્ભ વધ્યો દોય માસ;
દેખી રાય તણે ભવે, સખીઓ પામી ત્રાસ. ૫
ઔષધે ગર્ભજ પાડીઓ, સા થઇ સજીત દેહ;
રાય રથપુરે રાયને, દીધી સુનંદા તેહ. ૬

### દાલ ૨ જી

પરણી નૃપ રથપુર લેઇ ગયો, રૂપસેન તિહાં પન્નગ થયો;
ત્રીજે ભવ નરભવ હારીયો, સુનંદા નજરે ધારીયો. ૧
ફણા વિસ્તારી નાગે નડીઓ, ધાઇ સુનંદા કેડે પડીઓ;
હાં હાં કરતા નૃપ આવીઓ, લેઈ ખડ્ગ પૂંઠે ધાવીઓ. ૨
મારીઓ અહી ચોથે ભવ ગયો, તે વનવાસે વાયસ થયો;
એક દિન દંપતી વનમાં ગયાં, રાગ રંગ રસ રીઝે રહ્યા. ૩
વાયસ તે તરૂ ઉપર ચઢીયો, સુનંદાનો રાગ નડીઓ;
કર્ણ કટુક શબ્દે તે ભણે, તામ નરેસર બાણે હણે. ૪
હંસ થયો તે ભવ પાંચમો, હંસ તણા ટોળામાં રમે;
રાજા રાણી સરજળ જુએ, હંસ સુનંદાના રાગે રૂએ. ૫
ઉડી બેઉ પાંખે આફણીઓ, નૃપ સુભટે ખડ્ગે કરી હણીઓ;
તેહીજ વન છઠ્ઠો ભવ થયો, હરણી ઉદરે હરણો થયો. ૬
દેખી રાણી રાગે કર્યો, ઝૂરે, ઉભો આંસુ ભર્યો;
આહેડી નૃપ બાણે હણી, લીયો શીકાર તે ભક્ષણ ભણી. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માંસ પચાવી તે મૃગ તણું, ખાતા રાણી વખાણે ઘણું;
અવધિ નાણી હોય મુનિ જણા, તે દેખી મસ્તક ધુણતા. ૮
પૂછે રાણી મુનિને તીસે, સ્વામી મસ્તક ધુણે કી સે;
સાધુ કહે કારણ છે ઇહાં, આવી સુણો અમો વસીએ જીહાં. ૯
તિહાં ગયા નૃપ રાણી મલી, મુનિ મુખ વાત સયલ સાંભળી;
રાગી નરનું માંસ જ ભખો, જ્ઞાન વિના તમે નવિ ઓલખો. ૧૦
રાણી કહે રૂપસેન કુમાર, આગળ શો થાશે અવતાર;
તવ બોલ્યા જ્ઞાની અણગાર, સાતમે ભવ હાથી અવતાર. ૧૧
તુજ ઉપદેશે સમતા વરી, સમકિત પામી વ્રત આદરી;
સહસ્રારે તુજ સ્વામિ થશે, નરભવ પામી મોક્ષે જાશે. ૧૨
ઇમ કહી મુનિ ઉપદેશ દીયે, સાંભળી દંપતી દીક્ષા જ લીએ;
રાજ રૂષી ગુરૂ સાથે ગયા, સંયમ પાળી સુખીયા થયા. ૧૩
ગુરૂણી પાસે સુનંદા ભણે, અરિમિત્ર તૃણ મણી સરીખા ગણે;
લીયે આતાપના તાપે જઇ, અવધિજ્ઞાની સુનંદા થઇ. ૧૪
રૂપસેન હસ્તી જીહાં ફરે, સુનંદા તિહાં વસતિ કરે;
એણે અવસર હસ્તી મદ ચઢયો, કંચન પુર કોટે જઈ અડયો. ૧૫
લોક કોલાહલ કરતા ભમે, સુનંદા આવ્યા તેણે સમે;
રાજા સુભટે ઘણુંએ દમ્યો, પણ સાધ્વી દેખી ઉપશમ્યો. ૧૬
સાધ્વી કહે સુણ મત ગમાર, દુઃખના દહાડા તુજ સંભાર;
રાગ વિલુધ્ધો પામ્યો ઘાત, પાતકો તેં કીધા સાત. ૧૭
રૂપસેન ગર્ભે ફણીધર વાયસ, હંસ હરણનો અવતાર;
સાતમે ભવે તમે હાથી થયા, ધર્મ વિના ભવ એળે ગયા. ૧૮
તે સુણતાં ગજ મૂર્છા લહી, જાતિ સ્મરણ તે પામ્યો સહી;
લોક વચ્ચે ઉભો રહી રડયો, સુનંદાને પાયે પડયો. ૧૯
સમકિત વ્રત ગજ ધરતો જીહાં, લોક અચ્છેરૂ દેખે તિહાં;
ગુરૂણી કહે નૃપને એ ખરો, સાધર્મી ગજ સેવા કરો. ૨૦
આદર કરી નૃપ તેડી ગયો, નેહ સુનંદાનો સફલ કીયો;
સુનંદા આનંદીત થયા એ, કેવલ પામી મોક્ષે ગયા. ૨૧
ખેટ મુનિ કહે રાજકુમાર, વૈરાગ્ય રાગ તણી ગતિ ધાર;
સુખ માની જે વિષય રમે, તે ભવ નાટક કરતા ભમે. ૨૨
માત પિતા બાંધવ નાર, સ્વારથીઓ સવિ સંસાર;
આયુ જોબન લક્ષ્મી મલી, મેઘ ઘટ ચંચલ વિજલી. ૨૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બાલપણે મલમુત્રે ભર્યો, શીલી ઓરીઓ સહ્યા;
પરણ્યો તો આમય ખય થઈ, જોબન વેલા નિષ્ફલ ગઇ. ૨૪
વૃદ્ધપણે નરભવ પરવશ થયો, પરભવ હાથ ઘસતો ગયો;
તેણે નરભવ સામગ્રી લહી, કરશે ધર્મ તે સુખીયા સહી. ૨૫
ત્રીજે ખંડે ગુણીજન ગમી, ઢાળ કહી રસાલ સાતમી;
શ્રી શુભવીર વચન રસ ઘડી, સાકર દ્રાક્ષ કીસી શેલડી. ૨૬

## ૧૫
## શ્રી મેઘકુમારની સજ્ઝાય

સદ્ગુરૂ પાય પ્રણમી, માગું હું મતિ ચંગી,
મુજ ગાવા ઉલટ મેઘકુમાર મન રંગી,
રાજગૃહી નગરી મગધ દેશ અભંગી,
તિહાં રાજા શ્રેણીક ક્ષાયિક સમકિત સંગી. ૧

**ઉથલો૦** સંગતિ જેહને જીનવર કેરી, રાયાં રાય બિરાજે;
લાખ અગ્યાર ગામનો અધિપતિ બહુવીર સુભટશું છાજે;
મંત્રી જેહને અભય સરીખો, બહુલી છે તસ પટરાણી;
તેહ માંહિ સુખ કારિણી દેવી, ધારિણી નામ વખાણી. ૨

**ઢાળ** રાયરાણી વિલસે સુખ સંસારનાં પૂરાં;
કોઇ પુન્યવંત પ્રાણી અવતર્યો પૂન્ય અંકૂરા;
સુપને ગજ દીઠો, મન આનંદ બહુમાન;
તસ પ્રગટયો દોહલો પહોલો પુહવી સમાન. ૩

**ઉથલો૦** પુહવી પહોંચાડે કોઇ સુજને, જીમ શરીરે સુખ થાય;
વરસે મેઘ વિજળી ઝબુકે, સરોવર નદી પૂરાય;
ચાતક બોલે મોર કીંગારે, કામીની મન થાય ઢીલું,
શ્વેત પટોળી કંચુકી ભીની, સહિયર સાથે ઝીલું. ૪

**ઢાળ** ઉપનો તે દોહલો, ત્રીજે માસે દેહ,
ચિંતાતુર દીઠી, રાયે પૂછયું તેહ;
તવ બોલે રાણી, આણી પ્રેમ અપાર;
અકાળે મેઘમાં, ઝીલવા ભરતાર.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉથલો૦** ભરતારે વળતું ઈમ ભાખ્યું, તુજ ઈચ્છા પુરાવું,
દોહલો પૂરણ દુઃક્કર તોહિ, અભય કુમાર જણાવું,
તેડચો મંત્રીશ્વર બહુ પ્રેમે ચાર બુદ્ધિ જસ પ્રગટ;
રાણીને ઇચ્છા મેહ ઝીલણુની, એહવો દોહલો વિકટ. ૬

**ઢાળ** મંત્રીશ્વર સમર્યો, સુરવર તપ બળે જામ;
તે આવ્યો તત્ક્ષણ, કહો મંત્રીસર કામ;
તુમે ઘન વરસાવો, માડી ઈચ્છા કાજ;
તેહ વેલા વાદળ, વીજળી ગાજ અગાજ. ૭

**ઉથલો૦** ગાજી મેઘ વૃષ્ટિ બહુ કીધી, વહી નદી સર ભરીયાં,
દોહલો પુરણ રાણી ઝીલીયાં, અંતેઉર પરવરીયા;
પૂરણ માસે જન્મ હુઓ સુત, રૂપે સુરવર સરીખો,
નામ દીયો તવ મેઘકુમાર, વર સ્વજન વરગ સહુ હરખ્યો. ૮

**ઢાળ** લાલે પાળે સહુ ચંદ્ર કળાં પરે વાધે,
યૌવન પરવરીયો, કળા બહોંતેર તે સાધે,
પરણ્યો કુમારી, અમરી સરીખી આઠ,
ધન કોડી આઠ આઠ, આપી સસરા આઠ. ૯

**ઉથલો૦** આઠ આઠ વાના તસ આપ્યા, તે સિદ્ધાંતે જાણ્યાં,
વસ્ત્રાભરણ શયન મેડી ઘર, વિલસે ધનદ સમાણાં,
રાત્રિ દિવસ ને તડકો છાંયો, વિગત ન જાણે કહીયે,
પાળો પણ કહીયે નવહીંડે, નવ ચિંતા જરી લહીએ. ૧૦

**ઢાળ** મહાવીર પધાર્યા, જાણ કર્યું વન પાળ,
અંતે ઉર સુતશું, જઈ વંદે ભૂપાળ,
અમૃત સમવાણી, જીનવર દીયે ઉપદેશ,
સહુ સમજે ભાષા, બાલ ગોપાલ અશેષ. ૧૧

**ઉથલો૦** શેષ તણી પરે મેઘ ડોલે, ધર્મ કથા સુણી ભીનો,
ચઉગતિનાં દુઃખ શ્રવણ સુણીને, ભવ સાયરથી બીનો;
માય તાય મનાવી કુમરે, લીધી જીનકને દીક્ષા,
હાથ જોડીને ઉત્તમ કુમર, માગે દ્વિવિધ તે શિક્ષા, ૧૨

**ઢાળ** તવ સ્થવિર યતિને, શિક્ષા કાજે ભળાવ્યો,
પહોતી જબ પોરિસી, છેડે સંથારો આવ્યો,
જાતાં ને વળતાં, સાધુ લગાવે પાય;
મન ચિંતે મેઘ મુનિ, આ દુઃખ કેમ સહેવાય. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉથલો** સહેવાય કેમ એ વાત જ કૂડી, રૂડી ધરતી સિજ્જા;
રાગ રંગ રામા રસ ભોજન, ભોગ ભલા બહુ હેજા;
જે મુનિ મુજને આદર કરતાં, તે મુનિથી દુઃખ પાઉં,
કિમે કરી જો સૂરજ ઉગે, જીન પૂછી ઘર જાઉં. ૧૪

**ઢાળ** ચિંતાએ એણી પરે, દોહીલી વિહાણી રાત;
ઉઠયો ઉજમભર, કરી કિરિયા પરભાત,
સહુ પહેલો પહોંચું, ચડવડી ચાલ્યો પંથે,
મન ચંચલ કપિપરે, ચાલ્યો જઈ ઉત્પંથે. ૧૫

**ઉથલો** પંથ ઉત્પંથ કાંઈ ન જાણ્યું,, જાણે હું સુકુમાળ,
કિરિયા તપ પરિષહ દોહિલા, કિમ સહિયે ચિરકાળ;
વળી વિમાસે મુજ કુળ ઉત્તમ, જસકીર્તિ જગવાસે,
જાઉં છું પણ એણે મુખડે, જિનને કેમ કહેવાશે. ૧૬

**ઢાળ** આમણ દુમણે મન, આગળ આવ્યો જાણી,
ત્રિભુવન પતિ તેથી, ભાખે અમૃત વાણી;
હે મેઘ મુનીસર દોહિલી રાત્રિ વિહાઈ,
ઘર સમરી આવ્યો, મુજ પૂછણ ઉમાહી. ૧૭

**ઉથલો** ઉમાહીને ચારિત્ર લીધું, કીધું આતમ કાજ,
દુઃખ નિવારી ચારિત્ર આપે, મુક્તિપુરીનું રાજ;
વ્રત લેઈને ભંગ ન કરીએ, વર વિષ અગ્નિ આદરીયે,
સાધુ પયરજ લાગ્યે મુનિરાજ, ધર્મ થકી કિમ ફરીયે. ૧૮

**ઢાળ** ફેરી જો પાછળ ભવ ત્રીજે, ગજશ્વેત દઢ છ દંતુશળ;
—હાથણી સહસ ઉપેત, મેરૂપ્રભ નામે, દવ બલતો તું નાઠો,
સરોવરમાં દોડે, કાદવ ગાઢે પેઠો. ૧૯

**ઉથલો** પેઠો નીર તીર નવિ પામ્યો, પ્રતિ મલ્લ હાથી માર્યો,
સાત દિવસ પીડા ભોગવીને, મરણ લહ્યો દુઃખ ધાર્યો;
જન્મ લહીને હાથી રાતો, ચાર દંતૂશલ સોહે,
હાથણી સાતશેનો નાયક, એક દિવસ દવ જોવે. ૨૦

**ઢાળ** દવ દેખી જાતિ સ્મરણ પામ્યો જામ, પૂરવ ભવ દીઠો,
દવથી બ્હીનો તામ, આદિ મધ્ય ને અંતે ઉન્મૂલે તૃણ માત્ર,
એક યોજન ભૂમિ, યૂથ સહિત રહે અત્ર. ૨૧

**ઉથલો** નાઠા પ્રાણી એક દિન જાણી, દવથી બ્હીનાં આવી,
તું પણ ભયથી માંડલે પેસે, મોટો અંગ ન માવી;



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંકોચી નિજ તનુ તું ઉભો, ખાજ ઉપની જોતિ,
ઉંચો પગ ઉપાડે ગજવર, સસલો પેઠો તેતિ. ૨૨

**ઢાળ** પગ પાછો મૂકતાં, દીઠી ભૂમિ અજીવ,
ભદ્રકભાવે તુજ, આવી દયા અતીવ;
દીન અઢીય લગે પગ, ઉરચો રાખ્યો તેમ,
તે જીવ ગયા જબ તું પડીયો ગિરિ જેમ. ૨૩

**ઉથલો** કાળ ધર્મ પામી તેણી વેલા, ઉપન્યો રાજકુમાર,
સાધુ પય રજ કાં દુહ વાણો, જે રજ વાંદે અમર;
એહવા દુઃખ નથી વચ્છ! તુજને, આયુ પણ છે છોટું,
વીર વચન સાંભળતાં પામ્યો, જાતિ સ્મરણ મોટું. ૨૪

**ઢાળ** કરજોડી બોલે નમો નમો, મહાવીર હું પડતો રાખ્યો,
ધર્મસારથી વરધીર, લોચન બે ટાળી, કાયા ન કરૂં સાર,
આવ્યો મુનિ પંથે, પાળે નિરતિચાર. ૨૫

**ઉથલો** આચારી આતપના લેતાં, છઠ્ઠ અઠ્ઠમ દશ કરતાં,
જે ગુણરત્ન સંવત્સર મહાતપ, તેહને પણ આદરતા,
ઇમ તપ કરતાં, કાયા દુર્બલ, પોતે પુષ્ટ જ થાય,
શરીર અતિ સુકુમાળ હતું પણ, મુનિમાં સિંહ કહાય. ૨૬

**ઢાળ** બહુલા નસ દીસે, હાડ ચામ અવશેષ,
તેજે દીપંતો, દેહ બળ નહિ લવલેશ.
જીન પૂછી અણસણ, ગિરિ વૈભાર પ્રવેશ,
એક માસ સંલેખણા, કીધી ભાવ વિશેષ. ૨૭

**ઉથલો** એણે વિશેષે તપ અંગ અગ્યારે, ભણીયા થઇ સાવધાન,
કિરિયા તપ બલ અનુત્તર સુરવર, પામ્યા વિજય વિમાન;
એહવા મુનિનાં સ્મરણ કીજે, પરમાનંદ પદ લીજે,
શુભ વિજય શિષ્ય, લાલ વિજય કહે, એમ આતમ સાધીજે. ૨૮

## ૧૬
## ધન્ના શાલિભદ્રની સજ્ઝાય

**રાજગૃહી નગરી મોઝારેજી**, વણઝારો દેશાવર સારોજી,
ઇણ વણઝેજી રત્નકંબલ લેઇ આવીયાજી. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org




शालीभद्र और धन्नाजी

अंचीब्हेन रुपचंदजी, छाजेड सिकन्द्राबाद

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# शालिभद्रजी

१ शालिभद्र के पिता देव बने। वे दिव्यखान पान, वस्त्र, जवाहरत की ९९ पेटी नित्य भेजते थे। किन्तु मातासे "श्रेणिक अपने मालिक राजा हैं" जानते ही विरक्त हुए।

२ धन्नाजी स्नान करते हुए, अपनी पत्नी सुभद्रासे–मेरा भाई शालिभद्र दीक्षार्थ १–१ पत्नी का हररोज त्याग करता है" जान कर बोले इसमे क्या !" सुभद्राने कहा बोलना सरल है करना कठिन।" धन्नाजी चले दीक्षा लेने के लिए।

३ शालिभद्रसे धन्नाजी कहते है, वैराग्य है तो एक एक पत्नी क्या छोडना ? छलो ? अभी अपन दोनो दीक्षा लें लें।

४ शालिभद्र, धन्नाजी दोनु प्रभु महावीर देव के पास मुनि हुए, कडी तपस्या की।

५ शालिभद्रजी भूतपूर्व माता के वहाँ भिक्षा लेने गये हैं, परंतु तपसे कृश बन हुए मुनि को न पहचानने से भिक्षा न मिली। तब लौटते पूर्वभव की माता ने उनको रास्ते में दही का दान दीया।

६ वैभारगिरि पर अंतिम अनशन कर अनुत्तरवासी देव हुए। शोकातुर माता को श्रेणिक आश्वासन व धन्यवाद देता है।

**धन्य शालिभद्र महात्मा**

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લાખ લાખની વસ્તુ લાખેણીજી, એ વસ્તુ છે અતિ ઝીણીજી,
કાંઇ પરિમલજી, ગઢ મઢ મંદિર પરી સરીજી. ૨
પૂછે ગામને ચોતરે, લોક મળ્યા વિધ વિધ પરે,
જઇ પૂછોજી, શાલિભદ્રને મંદિરેજી. ૩
શેઠાણી ભદ્રા નીરખેજી, રત્નકંબલ લેઈ પરખેજી;
લેઈ પહોંચાડીજી, શાલિભદ્રને મંદિરેજી. ૪
તેડાવ્યો ભંડારીજી, વીશ લાખ નિરધારીજી;
ગણી દેજોજી, એહને ઘર પહોંચાડજોજી. ૫
રાણી કહે સુણો રાયજી, આપણું રાજ કિશે કાજજી;
મુજ કાજેજી, એક ન લીધી કામળીજી. ૬
સુણ હો ચેલણા રાણીજી, એ વાત મેં જાણીજી;
પીછાણીજી, એ વાતનો અચંબો ઘણોજી. ૭
દાંતણ તો જબ કરશુંજી, શાલિભદ્ર મુખ જોશુંજી;
શણગારોજી, ગજ રથ ઘોડા પાલખીજી. ૮
આગળ કુંતલ હીંચાવતા, પાછળ પાત્ર નચાવતા;
રાય શ્રેણીકજી, શાલિભદ્ર ઘેર આવીયાજી. ૯
પહેલે ભવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો;
કાંઈ જોજોજી, આ ઘર તો ચાકર તણાંજી. ૧૦
બીજે ભવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો;
કાંઇ જોજોજી, આ ઘર તો સેવક તણાંજી. ૧૧
ત્રીજે ભવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો;
કાંઈ જોજોજી, આ ઘર તો દાસી તણાંજી. ૧૨
ચોથે ભવને પગ દીયો, રાજા મનમાં ચમકિયો;
કાંઇ જોજોજી, આ ઘર તો શ્રેષ્ટિ તણાંજી. ૧૩
રાજા શ્રેણીકની મુદ્રિકા, ખોવાઇ ખોળ કરેજી;
તિહાં માય ભદ્રાજી, થાળ ભરી તવ લાવીયાજી. ૧૪
જાગો જાગો મારા નંદનજી, કેમ સૂતા આણંદજી;
કાંઈ આંગણેજી, શ્રેણીકરાય પધારીયાજી. ૧૫
હું નવિ જાણું માતા બોલમાં, હું નવિ જાણું માતા તોલમાં;
તુમે લેજોજી, જેમ તુમને સુખ ઉપજેજી. ૧૬
પૂર્વે કદી પૂછતાં નહિ, તો આમાં શું પૂછો સહિ;
મોરી માતાજી, હું નવિ જાણું વણજમાંજી. ૧૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાય કરિયાણું લેજોજી, મુહ માંગ્યા દામ દેજોજી;
નાણાં ચૂકવીજી, રાય ભંડારે નંખાવી દીયોજી. ૧૮
વળતી માતા ઇમ કહે, સાચું નંદન સદ્દહે; હે;
કાંઈ સાચેજી, શ્રેણીકરાય પધારીયાજી. ૧૯
ક્ષણમાં કરે કાંઈ રાજીયો, ક્ષણમાં કરે બે રાજીયો;
કાંઈ ક્ષણમાંજી, ન્યાય અન્યાય કરે સહેજી. ૨૦
પૂર્વે સુકૃત નવિ કીધાં, સુપાત્રે દાન નવિ દીધાં;
મુજ માથેજી, હજુ પણ એહવા નાથ છેજી. ૨૧
અબ તો કરણી કરશુંજી, પંચ વિષય પરિહરશુંજી;
પાળી સંયમજી, નાથ અનાથ થશું સહિજી. ૨૨
ઇંદુવન અંગ તેજજી, આવે સહુને હેજજી;
નખ શિખ લગેજી, અંગો પાંગ શોભે ઘણુંજી. ૨૩
મૂક્તાફળ જિમ ચળકેજી, કાને કુંડળ ઝળકેજી;
રાજા શ્રેણીકજી, શાલિભદ્ર ખોળે લીયોજી. ૨૪
રાજા કહે સુણો માતાજી, તુમ કુમાર સુખશાતાજી;
હવે એહનેજી, પાછો મંદિરે મોકલોજી. ૨૫
શાલિભદ્ર નિજ ઘર આવ્યાજી, રાજા શ્રેણીક મહેલ સીધાવ્યાજી;
પછી શાલીભદ્રજી, ચિંતા કરે મનમાં ઘણીજી. ૨૬
શ્રી જીનનો ધર્મ આદરૂં, મોહ માયાને પરિહરૂં;
હું છોડુંજી, ગજ રથ ઘોડા પાલખીજી. ૨૭
સુણીને માતા વલખેજી, નારીયો સઘળી તલપેજી;
તિણ વેળાજી, અશાતા પામ્યા ઘણીજી. ૨૮
માત પિતા ને ભ્રાતજી, સહુ આળ પંપાળની વાતજી;
ઇણ જગમાંજી, સ્વારથનાં સરવે સગાજી. ૨૯
હંસ વિના શ્યાં સરોવરીયાં, પિયું વિના શ્યાં મંદીરીયાં;
મોહ વશ થકાંજી, ઉંચાટ એમ કરે ઘણોજી. ૩૦
સર્વ નીર અમૂલ્યજી, વાટકડે તેલ કુલેલજી;
શાહ ધન્નેજી, શરીર સમારણ માંડીયોજી. ૩૧
ધન્ના ઘેર સુભદ્રા નારીજી, બેઠા મહેલ મોઝારોજી;
શરીર સમારતાજી, એક જ આંસુ ખેરીયુંજી. ૩૨
ગોભદ્ર શેઠની બેટડી, ભદ્રાબાઇ તોરી માવડી;
સુણ સુંદરીજી, તેં કેમ આંસુ ખેરીયુંજી. ૩૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શાલિભદ્રની બેનડી, બત્રીશ ભોજાઇની નણદલડી;
તે તાહરેજી, શા માટે રોવું પડેજી. ૩૪
જગમાં એક ભાઇ માહરે, સંયમ લેવા મન કરે;
નારી એક એકજી, દિનદિન પ્રત્યે પરિહરેજી. ૩૫
એ તો મિત્ર કાયરૂં, શું લે સંયમ ભાયરૂં;
જીભલડીજી, મુખ માથાની જુદી જાણવીજી. ૩૬
કહેવું તો ઘણું સોહિલું, પણ કરવું અતિ દોહિલું;
સુણો સ્વામીજી, એહવી ઋદ્ધિ પણ પરિહરેજી. ૩૭
કહેવું તો ઘણું સોહિલું, પણ કરવું અતિ દોહિલું;
સુણ સુંદરીજી, તેં કેમ આંસુ ખેરીયુંજી. ૩૮
હું તો હસતી મલકીને, તુમે કિયો તમાસો હલકી ને;
સુણો સ્વામીજી, અબ તો ચિંતા નવિ ધરૂંજી, ૩૯
ચોટી અંબોડો વાળીને, શાહ ધન્નો ઉઠયો ચાલીને;
કાંઇ આવ્યાજી, શાલિભદ્રને મંદિરે જી. ૪૦
ઉઠો મિત્ર કાયરૂં, સંયમ લઇએ ભાયરૂં;
આપણા દોય જણાંજી, સંયમ શુદ્ધ આરાધીએ જી. ૪૧
શાલીભદ્ર વૈરાગીયા, શાહ ધન્નો અતિ ત્યાગીઆ;
દોનું રાગીયાજી, શ્રી વીર સમીપે આવીયાજી ૪૨
સંયમ મારગ લીનોજી, તપસ્યાએ મન ભીનોજી;
શાહ ધન્નોજી, માસખમણ કરે પારણાજી. ૪૩
તપ કરી દેહને ગાળીજી, દૂષણ સઘળા ટાળીજી;
વૈભાર ગિરિજી, ઉપર અણસણ આદર્યોજી. ૪૪
ચઢતે પરિણામે સોયજી, કાળ કરી જણ દોહજી;
દેવગતિએજી, અનુત્તર વિમાને ઉપન્યાજી. ૪૫
સુરસુખ તિહાં ભોગવી, તિહાંથી દેવ દોનું ચવી;
મહાવિદેહેજી, મનુષ્યપણું તેહ પામશેજી. ૪૬
સુધો સંયમ આદરી, સકલ કર્મનો ક્ષય કરી;
લહી કેવળજી, મોક્ષગતિ ને પામશેજી. ૪૭
દાન તણાં ફળ દેખોજી, શાલિભદ્ર ધન્નો પેખોજી;
નહિ લેખોજી, અતુલ સુખ તિહાં પામ્યોજી. ૪૮
ઈમ જાણી સુપાત્રને પોષોજી, જીમ વેગે પામો મોક્ષોજી;
નહિ ધોખોજી, કદીય જીવને ઉપજે જી. ૪૯
ઉત્તમનાં ગુણ ગાવોજી, મન વાંછિત સુખ પાવોજી;
કહે કવિયણ જી, શ્રોતા જન તમે સાંભળોજી, ૫૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૭

# ચિત્ત બ્રહ્મદત્તની સજ્ઝાય

ચિત્ત કહે બ્રહ્મરાયને, કહું છું દિલમાં આણો જી;
પૂરવભવની પ્રીતડી તે તો, મૂળથી મ ત્રોડો હો બંધવ બોલ માનો જી.
કતિયારીનો સૂત્ર જ્યું ત્રુટે ત્યું જોડે હો. ( આંકણી ) ૧
દેશ દશાર્ણ નો રાજીયો, ભવ પહેલે દાસોજી;
બીજે ભવ કાલિંજ રે, આપણે મૃગ વનવાસ હો. ૨
ત્રીજે ભવ ગંગા નદી, આપણા બેઉ હંસ હુંતાજી;
ચોથે ભવ ચંડાળને, ઘેર જન્મ્યા પૂતા હો. ૩
ચિત્ર સંભૂતિ બેઉ જણા, સબહિ ગુણ પુરાજી;
જગ સહુ તિહા મોહી રહ્યું, ધરણી ધવ શૂરા હો. ૪
વિપ્રો અણુખ કરે ઘણી, રાજાને ભરમાવે જી;
દેશવટો દેઇ કાઢીયા, ગયા મરવાને ભાવે હો. ૫
પર્વત ઉપર મુનિ મલ્યાં, પગે લાગ્યા ધાઈ જી;
અકામ મરણ મુની દાખીયો, ધર્મ દેશના સુણાઈ હો. ૬
ધર્મ સુણી ઘર છોડીયો, આપણા બેઉ સંયમ લીધો જી;
નિયાણું તે આદર્યું, કર્મ ભૂંડો તે કીધો હો. ૭
નારી રત્નને નિરખતાં, તપનું ફળ હાર્યો જી;
મેં તુજને વાર્યો ઘણો, તે કાંઇ ન વિચાર્યો હો. ૮
પાકયું ક્ષેત્ર જ્યું વેંચીયું, શિરામણ સાટે જી;
ખેતારીની પરે ઝૂરશો, કહું છું તે માટે હો. ૯
પદ્મ ગુલ્મ વિમાનમાં, ભવ પાંચમો કીધો જી;
તિહાંથી ચવીને ઉપન્યો, કપિલપૂર પ્રસિદ્ધો હો. ૧૦
ચક્રવર્તી પદવી તે લહી, સબહિ અધિકારી જી;
કીધાનાં ફળ પામીયો, તાહરી કરણી સારી હો. ૧૧
પુરિમતાલે હું ઉપન્યો, શ્રાવક સુઆચારી જી;
સંયમ મારગ આદર્યો, મેં નારી નિવારી હો. ૧૨
મેં પણ ઋદ્ધિ લહી ઘણી, બહુ વિવિધ પ્રકારે જી;
શુભ માનવ ભવ પામીને, કોણ મૂરખ હારે હો. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org




अमरकुमार

अ. सौ. विमलाबेन विमलचंद नाहटा हैद्राबाद

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# अमरकुमार

१. अमरकुमार एक ब्रम्हण लडका था बहुत गरीब था । साथ साथ बहुत सरल था । तो भी बिचारे मात पिता के अप्रिय था माता उनके पर बहुत द्वेष धारण करती थी कभि उनको अच्छा खाना भि नही डालती थी ।

२. एक दिन वह जंगल मे लकडा काटने कु गये थे जभी जैन गुरु भगवंत के पास **नवकारमंत्र** पढे ।

३. एक दिन वहां के राजा महल बना रहे थे, । लेकिन दरवाजा गिरजा रहे थे ।

४. तभी कोई ज्योतिषी कहता हुआ के आप एक बत्तीश लक्षणवाले बालक का होम करो, तो ही यह दरवाजा टिकेगा । जब राजाने गांव मे ढंढेरा पिटाया कि कोइ अच्छा बालक होम के लिये देंगे उनको सवालाख सुवर्ण महोर दि जाएंगी । तब वह मातापिता अमर कु बिकनेको धन की लालच से त्यार हो गये ।

५. अमर बहुत रोये...बहुत अर्ज की सभि कुटुंब को बोले मैं तुमारी सेवा करुंगा मेरे पर कृपा करके मुझे बचाओ, मरण से छुडाओ लेकिन कोई नही बचाशके अंतःमें राजपुलिस पकड के ले चले ।

६. जब होम की त्यारी हुइ कोइ जब शरण न रहे तब जैनमुनि दिये सो **नवकारमंत्र** गिनने लगे एक उनके स्मरण से एक दैवी चमत्कार हुआ अग्नि शान्त हो गइ; सिंहासन बनाके उस पर अमरकुमारकु बैठाये; । राजा भट्ट सब गिर गये;

बालक छांटा डालने से सभी सज्ज हुवे । बादमे अमरकुमार दिक्षा ली तो भि उनकी माता उनको मार डाले ।

७. अंतः मे समाधि भाव से मृत्यु होने से स्वर्ग मे गये...।

**–धन्य अमरकुमार**

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એણે સંસાર મેં રાચિયાં, વિષય રસમાં ભૂલે જી;
તારણ નાવ તણી પરે, ધર્મ કોઈ ન તોલે હો, ૧૪
ચિત્ત કહે બ્રહ્મરાય ને, કહું છું દિલમાં આણો જી;
આ અવસર છે દોહિલો, ધર્મ મારગ જાણો હો. ૧૫
નિયાણું કરી સુખ લહ્યા, માનવ ભવ કેરાં જી;
ઇણિ કરણીથી જાણજે, તારા નરકમાં ડેરા હો. ૧૬
છઠ્ઠે ભવે જુજુઆં, આપણા બેઉ ભાઈ જી;
હવે મલવું છે દોહિલું, જેમ પર્વત રાઈ હો. ૧૭
સાધુ કહે સુણો રાય જી, અબ આ ઋદ્ધિ ત્યાગો જી;
આ અવસર છે પરવડો, સંયમ મારગ લાગો હો. ૧૮
રાય કહે સુણો સાધુજી, કછું અવર બતાવો જી;
આ ઋદ્ધિ તો છૂટે નહિ, મુજ હોવે પસ્તાવો હો. ૧૯
ચિત્ત કહે બ્રહ્મરાયને, તાહરી ભવ સ્થિતિ ભાઈ જી;
માહરાં વાર્યા નહિ વરો, તારા કર્મ સખાઈ હો. ૨૦
ચિત્તે વચન કહ્યા ઘણાં, નિજ ભાઈને રાગે જી;
ભારે કર્મી જીવડો, કહો કેણી પરે જાગે હો. ૨૧
ચિત્ત મુની તિહાંથી વલ્યાં, કઠિન કર્મને ધોતાં જી;
જ્ઞાન લહી મુકતે ગયાં, ચક્રી સાતમી પહોત્યાં હો. ૨૨
મન વચન કાયાએ કરી, જે કોઇ જીનધર્મ કરશે જી;
ટાળી કર્મ પરંપરા, ભવસાયર તે તરશે હો. ૨૩
ઉત્તરાધ્યયને તેરમેં, એહ અર્થ વખાણ્યા જી;
વિનય વિજયજી સુપસાયથી, રૂપવિજયજીએ જાણ્યાં હો. ૨૪

## ૧૮
## અમરકુમારની સજ્ઝાય

રાજગૃહી નગરી ભલી, તિહાં શ્રેણિક રાજા રે;
જિનધર્મનો પરિચય નહીં, મિથ્યા મતમાંહિ રાચ્યાં રે,
કર્મતણી ગતિ સાંભળો. ૧
કર્મ તણી ગતિ સાંભળો, કર્મ કરે તે હોય રે;
સ્વાર્થનાં રાહૂ કો સગાં, વિણ સ્વારથ નહીં કોય રે. કર્મ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા શ્રેણીક એકદા, ચિત્ર શાળા કરાવે રે;
અનેક પ્રકારે મંડણી, દેખંતાં મન મોહે રે. કર્મ૦ ૩
દરવાજો ગિર ગિર પડે, રાજા મન પસ્તાવે રે;
પૂછે જોષી પંડિતા, બ્રાહ્મણ એમ બતાવે રે. કર્મ૦ ૪
બાળક બત્રીસ લક્ષણો, હોમી જે ઇણ ઠાણે રે;
તો એ મહેલ પડે નહીં, ઇમ ભાખે વયણા અજાણો રે. કર્મ૦ ૫
રાજા ઢંઢેરો ફેરવે, જે આપે બાળ કુંમારો રે;
તોળી આપું ખરો ખરી, સોનૈયા ધન સારો રે. કર્મ૦ ૬
ઋષભદાસ બ્રાહ્મણ તિહાં વસે, ભદ્રા તસ ઘરણી જાણો રે;
પુત્ર ચાર સોહામણા, નિર્ધનિયો પુણ્ય હીણો રે. કર્મ૦ ૭
ઋષભદત્ત કહે નારીને, આપો એક કુંમારો રે;
ધન આવે ઘર આપણે, થઇએ સુખિયાં સારો રે. કર્મ૦ ૮
નારી કહે વેગે કરો, આપો અમર કુમારો રે;
મ્હારે મન અણભાવતો, આંખ થકી કરો અળગો રે. કર્મ૦ ૯
વાત જણાવી રાયને, રાજા મનમાં હરખ્યો રે;
કહે માગે તે આપીને, લાવો બાળ કુંમારો રે. કર્મ૦ ૧૦
સેવક પાછા આવીયા, ધન આપ્યો મન માન્યો રે;
અમર કહે મોરી માતજી, મુને મત આપી જે રે. કર્મ૦ ૧૧
માતા કહે તુને શું કરૂં, મ્હારે મન તું મૂવો રે;
કામ કાજ કરે નહીં, ખાવાને જોઈએ સારો રે. કર્મ૦ ૧૨
આંખે આંસુ નાંખતો, બોલે બાળ કુંમારો રે;
સાંભળ મોરા તાતજી, તુમે મુજને રાખો રે. કર્મ૦ ૧૩
તાત કહે હું શું કરૂં, મુજને તો તું પ્યારો રે;
માતા વેચે તાહરી, મ્હારો નહિ ઉપાયો રે. કર્મ૦ ૧૪
કાકો પણ પાસે હતો, કાકી મુજને રાખો રે;
કાકી કહે હું શું જાણું, મ્હારે તું શું લાગે રે. કર્મ૦ ૧૫
બાળક રોતો સાંભળી, માસી ફુવા તે આવે રે;
બ્હેન પણ બેઠી હતી, કોઈ મુજને રાખો રે. કર્મ૦ ૧૬
જોજો ધન અનર્થ કરે, ધન પડાવે વાટે રે;
ચોરી કરે ધન લોભીયો, મરીને દુર્ગતિ જાય રે. કર્મ૦ ૧૭
હાથ પકડીને લઇ ચાલ્યા, કુંવર રોવણ લાગે રે;
મુજને રાજા હોમશે, ઈમ બાલક બહુ બહુ ઝૂરે રે. કર્મ૦ ૧૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બાળકને તવ લેઇ ચાલ્યા, આવ્યા ભર બજાર રે;
લોક સહું હા હા કરે, વેચ્યો બાલ ચંડાલ રે. કર્મ૦ ૧૯
લોક તિહાં બહુલાં મલ્યાં, જૂઓ બાલ કુંમારો રે;
બાળક કહે મુજ રાખી લ્યો, થાસું દાસ તુમારો રે. કર્મ૦ ૨૦
શેઠ કહે રાખું સહી, ધન આપી મુખ માગ્યો રે;
રાયે મંગાવ્યો હોમવા, તે તો નહી રખાયે રે. કર્મ૦ ૨૧
બાળકને તે લઇ ગયા, રાજાજીની પાસ રે;
ભટ્ટજી પણ બેઠા હતા, વેદ શાસ્ત્રના જાણ રે. કર્મ૦ ૨૨
ભટ્ટજી ને રાજા કહે, દેખો બાલ કુમારો રે;
બાળકને શું દેખવો, કામ કરો મહારાજા રે. કર્મ૦ ૨૩
બાળક કહે કરજોડીને, સાંભળો શ્રી મહારાજા રે;
પ્રજાના પ્રિય છો તુમે, મુજને કિમ હોમી જે રે. કર્મ૦ ૨૪
રાજા કહે મેં મૂલ દીયો, મ્હારો નહીં અન્યાય રે;
માતા પિતાએ તુને વેચીયો, મેં હોમવા કાજ આણ્યોરે. કર્મ૦ ૨૫
ગંગોદકે નવરાવીને, ગળે ઘાલી કુલની માળા રે;
કેશર ચંદન ચરચીને, બ્રાહ્મણ ભણતાં તવ વેદો રે. કર્મ૦ ૨૬
અમરકુંમાર મન ચિંતવે, મુજને શીખાવીઓ સાધુ રે;
નવકાર મંત્ર છે મોટકો, સંકટ સહુ ટળી જાશે રે. કર્મ૦ ૨૭
નવપદ ધ્યાન ધરતાં થકાં, દેવ સિંહાસન કંપ્યો રે;
ચાલી આવ્યો ઉતાવળો, જીહાં છે બાલ કુંમારો રે. કર્મ૦ ૨૮
અગ્નિ જવાળા ઠંડી કરી, દીધો સિંહાસન ચંગો રે;
અમર કુંમરને બેસારીને, દેવ કરે ગુણ ગ્રામો રે. કર્મ૦ ૨૯
રાજાને ઉંધો નાંખીયો, મુખે છુટયાં લોહી રે;
બ્રાહ્મણ સહુ લાંબા પડયા, જાણે સુકાં કાષ્ટ રે. કર્મ૦ ૩૦
રાજસભા અચરિજ થઈ, એ બાળક કોઈ મ્હાટો રે;
પગ પૂજીને એહના, તો એ મૂવા ઉઠે રે. કર્મ૦ ૩૧
બાળકે છાંટો નાંખીયો, ઉઠયા શ્રેણીક રાજા રે;
અચરિજ દીઠો મોટકો, એ શું હુવો કાજો રે. કર્મ૦ ૩૨
બ્રાહ્મણ પડિયા દેખીને, લોક કહે પાપ જુઓ રે;
બાળ હત્યા કરતા હતા, તેહના ફળ છે એહો રે. કર્મ૦ ૩૩
બ્રાહ્મણ સહુ ભેળા થયા, દેખે એમ તમાસો રે;
કનક સિંહાસન ઉપરે, બેઠો અમર કુંમારો રે. કર્મ૦ ૩૪



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા સહુ પરિવાર શું, ઉઠ્યો તે તત્કાળ રે;
કરજોડી કહે કુમાર ને, એ રાજ્ય ઋદ્ધિ સહુ તારી રે. કર્મ૦ ૩૫
અમર કહે સુણો રાજવી, રાજશું નહી મુજ કાજે રે;
સંયમ લેશું સાધુનો, સાંભળો શ્રી મહારાજે રે. કર્મ૦ ૩૬
રાય લોક એમ કહે, ધન ધન બાળ કુમારો રે;
ભટજી પણ સાજા હુવા, લાજ્યા તે મનમાંહે રે. કર્મ૦ ૩૭
જય જયકાર હુઓ ઘણો, ધર્મ તેણે પરસાદે રે;
અમર કુમાર મન સોચતો, જાતિ સ્મરણ જ્ઞાનો રે. કર્મ૦ ૩૮
અમર કુમાર સંયમ લીયો, કરે પંચમુષ્ટિ લોચ રે;
બાહિર જઇ મસાણ મેં, કાઉસ્સગ્ગ રહ્યો શુભ ધ્યાને રે. કર્મ૦ ૩૯
માત પિતા બાહિર જઈને, ધન ધરતી માંહી ઘાલ્યો રે;
કાંઈક ધન વ્હેંચી લીયો, જાણે વિવાહ મંડાણો રે. કર્મ૦ ૪૦
એટલે દોડતો આવીને, કોઈક બાળ કુમારો રે;
માત પિતાને ઈમ કહે, આ અમરકુમારની વાતો રે. કર્મ૦ ૪૧
માત પિતા વિલખાં થયાં, ભૂંડો થયો એ કામો રે;
ધન રાજા લેશે સહું, કાંઈક કરીએ ઉપાયો રે. કર્મ૦ ૪૨
ચિંતાતુર થઈ અતિ ઘણી, રાત નિંદ ન આવે રે;
પૂરવ વૈર સંભાળતી, પાપિણી ઉઠી તિણ વારો રે. કર્મ૦ ૪૩
શસ્ત્ર હાથ લેઇ કરી, આવી બાળક પાસે રે;
પાળીયે કરીને પાપિણી, માર્યો બાળ કુમારો રે. કર્મ૦ ૪૪
શુકલ ધ્યાન સાધુએ કર્યું, શુભ મન આણી ભાવો રે;
કાળ કરીને અવતર્યા, બારમાં સ્વર્ગ મોઝારો રે. કર્મ૦ ૪૫
બાવીશ સાગર આઉખો, ભોગવી વાંછિત ભોગો રે;
મહાવિદેહમાં સીઝશે, પામશે કેવળ નાણો રે. કર્મ૦ ૪૬
હવે તે માતા પાપિણી, મનમાંહિ હરખી અપાર રે;
ચાલી જાય આનંદ મેં, વાઘણ મળી તે વારો રે. કર્મ૦ ૪૭
ફૂંફેડી નાખી તિહાં, પાપિણી મુઇ તિણ વારો રે;
છઠ્ઠી નરકે ઉપની, બાવીશ સાગર આયુ રે. કર્મ૦ ૪૮
જો જો મંત્ર નવકારથી, અમર કુમાર શુભ ધ્યાનો રે;
સુર પદવી લહી મોટકી, ધરમ તણે પરસાદો રે. કર્મ૦ ૪૯
નરભવ પામી જીવડા, ધરમ કરો શુભ ધ્યાનો રે;
તો તુમે અમર તણી પરે, સિદ્ધ ગતિ લેશો સારી રે. કર્મ૦ ૫૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કરજોડી કવિયણ ભણે, સાંભળો ભવિજન લોકો રે;
વેર વિરોધ કોઈ મત કરો, જિમ પામો ભવપારો રે. કર્મ૦ ૫૧
શ્રી જિનધર્મ સુરતરૂ સમો, જેહની શીતળ છાંયા રે;
જેહ આરાધે ભાવશું, થાશે મુક્તિના રાયા રે. કર્મ૦ ૫૨

## ૧૯
## અમકાસતીની સજ્ઝાય

અમકા તે વાદળ ઉગીયો સૂર, અમકા તે પાણીડાં સંચર્યા રે;
સામા મળીયા દોય મુનીરાય, માસક્ષમણનાં પારણાં રે. ૧
બેડું મેલ્યું સરોવરીયા પાળે, અમકાએ મુનિને વાંદીઆ રે;
ચાલો મુનિરાજ આપણે ઘેર, માસ ખમણનાં પારણાં રે. ૨
ત્યારે ઢળાવું સોવન પાટ, ચાવલ ચાકલા અતિ ઘણાં રે;
આછાં માંડા ને ખોભલે ખાંડ, માંહે તે ઘી ઘણા લચપચા રે. ૩
લ્યો લ્યો મુનીરાજ ન કરો ઢીલ, અમ ઘર સાસુજી ખીજશે રે;
બાઈરે પાડોસણ તું મારી બેન, મારી સાસુ આગળ ન કરીશ વાતડી રે. ૪
કે તને આપું મારા કાનની ઝાલ, હાર આલું હીરા તણો રે;
કાનની ઝાલ તારે કાને સોહાય, હાર હીરાનો મારે અતિઘણો રે. ૫
મારે છે વાત કર્યાની ઘણી ટેવ, વાત કર્યા વિના નહી રહું રે;
પાડોશણ આવી ખડકી માંહે, બાઈ રે પાડોશણ સામી ગઈ રે. ૬
પાડોશણ બાઇ તને કહું એક વાત,
તારી વહુએ મુનીને વહોરાવીઓ રે. ૭
સોવન સોવન મારો પુત્ર, ઘરમાંથી કાઢો ધર્મ ઘેલડી રે;
લાતુ મારી ગડદા મારો રે માંય, પાટુએ પરિસહ કરો રે. ૮
બે બાળક ગોરીએ લીધા છે હાથ, અમકા તે બારણે નિસર્યા રે;
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઇએ દીઠી મહીયર વાટડી રે. ૯
ડાબી દીશી ડુંગરીયા હેઠ, જમણી દીશી મહિયર વાટડી રે;
આણા વિના કેમ મહીયર જાઉં, ભોજાઈઓ મેણા બોલશે રે. ૧૦
ગાયના ગોવાળ ગાયના ચારણહાર, કોઈએ દીઠી મહિયર વાટડી રે;
ડાબી દિશી ડુંગરીયા હેઠ, ઉજ્જડ વાટે જઈ વસ્યા રે. ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સૂકા સરોવર લ્હેરે જાય, વાંઝીયો આંબો ત્યાં ફલ્યો રે;
નાના રૂષભજી તરસ્યા થયા, મોટા ઋષભજી ભૂખ્યા થયા રે. ૧૨
સાસુજી જુએ ઓરડા માંહે, વહુ વિના સૂના ઓરડાં રે. ૧૩
સાસુજી જુએ પડશાલ માંહે, પુત્ર વિના સુના પારણા રે;
સાસુજી જુએ રસોડામાંહે, રાંધી રસોઈઓ સેગે ભરી રે. ૧૪
સાસુજી જુએ માટલા માંહે, લાડુડાના ઢગ વળ્યા રે;
સાસુજી જુએ કોઠલા માંહે, ખાજાનાં ખડકા થયાં રે. ૧૫
સોવન સોવન મારો પુત્ર, તેડી લાવો ધર્મ ઘેલડી રે;
ચાલો ગોરાદેવી આપણે ઘેર, તુમ વિના સુના ઓરડાં રે. ૧૬
ગાયના ગોવાળ ગાયના ચારણુહાર, કિહાં વસે ધર્મ ઘેલડી રે;
ડાબી દિશી ડુંગરીયા હેઠે, જમણી દિશે ધર્મ ઘેલડી રે. ૧૭
ચાલો ઋષભજી આપણે ઘેર, તુમ વિના સૂના પારણાં રે;
સાસુજી ફીટી માંય જ થાય, તોય ન આવું તુમ ઘરે રે. ૧૮
પાડોશણ ફીટી બેન રે થાય, તોય ન આવું તુમ ઘરે રે;
બાઇ રે પાડોશણ તું મારી બેન, ઘર રે ભાંગવા ક્યાં મલી રે. ૧૯
ફણીધર ફીટીને ફુલમાળા થાય, તોય ન આવું તુમ ઘરે રે;
કાંકરો ફીટીને રતન જ થાય, તોય ન આવું તુમ ઘરે રે. ૨૦
બે બાળક ગોરીએ લીધાં છે હાથ, અમકાએ જલમાં જંપલાવ્યું રે;
બે બાળક ગોરીનો પડ્યો રે વિયોગ, ઘરે રે જઈ ને હવે શું કરૂં રે. ૨૧
સગાં સંબંધી હસશે લોક, પિત્રાઈ મેણા બોલશે રે;
પછવાડેથી પડયો બાઈનો કંથ, પડતાં વેંત જ થયો ફેંસલો રે. ૨૨
આળ દીયાંના એ ફળ હોય, તેહ મરીને થયો કાચબો રે;
હીર વિજય ગુરૂ હીરલો હોય, વીર વિજય ગુણ ગાવતાં રે. ૨૩

## ૨૦
## અવંતિ સુકુમાલની સજ્ઝાય

સુહસ્તી નામે દશ પૂરવધર નાણી,
ઉજ્જેણી નયરી પાઉધાર્યા ગુણ ખાણી,
સુભદ્રા પાસે જાચે વર પટશાળી,
ધન ધન કરી ઉઠી, વંદે અંગડુંવાળી. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉથલો અંગડુંવાળી મુખ નિહાળી, કરે પંચાંગ પ્રણામ,
લહી આદેશ સુભદ્રા કેરો, સદ્‌ગુરૂ કરે વિશ્રામ;
શિષ્ય પ્રત્યે દીયે રયણી અંતર, સૂત્ર વાંચના સાર,
જીણે અધ્યયને કહ્યો છે નિર્મલ, નલિની ગુલ્મ વિચાર. ૨

ઢાળ ઇણ સમય વલી સૂતો, શ્રી અવંતી સુકુમાલ,
તસ એવા કરતી સુંદર બત્રીશ બાળ;
એક બીડું આપે પહેરી સયલ શણગાર,
એક ચામર ઢાળે, કરતી રમઝમ કાર. ૩

ઉથલો રમઝમ કરતી પિયુને આગે, મૂકે મેવા થાળ,
કંત તણે કંઠે ઠવતી, કરી કુસુમની માળ;
એક અબળા અલવે શું આવી દેખાડે આરિસો,
એક ભૃંગાર ભરીને પૂછે, સ્વામી અમૃત પીશો. ૪

ઢાળ એક ચંદન શું વળી ચર્ચે સ્વામીની દેહ,
એક ગજગઈ ગામીની, દેખાડે બહુ નેહ;
ઈમ ઇંદ્ર તણી પરે સુખભોગવે નિશ દિશ,
જાણે પૂરવભવે પૂજ્યા શ્રી જગદીશ. ૫

ઉથલો પૂજા શ્રી જગદીશ કેરી કીધી ભાવ વિશાળ,
શાલિભદ્ર સમોવડી અવતરીઓ, શ્રી અવંતી સુકુમાળ;
ગુરૂ ગણતાં દેખી નયણે પેખી નલિની ગુલ્મ વિચાર,
તવકુંવર મનમાંહિ ચિંતવતો સમરી પૂર્વ અવતાર. ૬

ઢાળ પૂરવભવ દેખી, ચિંતે ચિત્ત મઝાર,
તવ નિશ્ચય જાણે માનવ સુખ અસાર;
કિમ પામીશ હું વલી નલિની ગુલ્મ વિમાન,
મનમાંહિ ચિંતવતો ઉઠયો બુદ્ધિ નિધાન. ૭

ઉથલો ઉઠયો બુદ્ધિ નિધાન તતક્ષીણ, આવ્યો ગુરૂની પાસે,
વિનય કરીને પાયે લાગ્યો, ગુરૂ કર મૂકયો વાંસે;
સૂરી પ્રત્યે કહો કુણ આવ્યો, જાણે તેહની વાત;
સુગુરૂ ભણે તું તિહાંથી આવ્યો, ઈમ ભણે અવદાત. ૮

ઢાળ તવ કુંઅર જંપે કહો મુનીસર આજ,
કિમ પામીશ હું વળી નલિની ગુલ્મનું રાજ;
તવ સૂરી પભણે ચારિત્રથી વચ્છ એહ,
સુણી કુંવર સુકોમળ લીધું વ્રત સસનેહ. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉથલો** લીધું વ્રત સસનેહ જબ જાણી સુગુરૂ દીયે આદેશ,
પંચ મુષ્ટિ લોચ કરીને, દીયે મુનીવર વેશ;
સુગુરૂ ભણે જો વેગે જાવું, નલિની ગુલ્મ વિમાન,
તો કંથેરી કુડંગ મસાણે, કરજો કાઉસ્સગ્ગ ધ્યાન. ૧૦

**ઢાળ** પૂરવલાં ભવની દુહવી નારી કિરાડી,
તે વૈરી વહંતી હુઇ વિકટ શિયાળી;
નવ પ્રસવી આવી, ભૂખી ભૂત ભરાડી,
જીહાં મુનીવર ઉભો કંથ કુડંગ કિરાડી. ૧૧

**ઉથલો** કંથ કુડંગ કિરાડી ઉભો દેખી સાધુ અકંપ,
મુની ઉપર રોશે ધમ ધમતી, દેતી મોટી જંપ;
તિહાં ચડચડ ચડચડ કરતી, ચુંટે કર્મ ચંડાલ,
તિહાં ઝરઝર ઝરઝર કરતી ઝરે રૂધિરની નાળ. ૧૨

**ઢાળ** તવ કોમલ કાયા કીધી ખંડો ખંડ,
રાક્ષસણીની પરે ખાયે માંસ તે રંડ;
શુભ ધ્યાન ન ચૂકયો, મુનીવર માંહિ પ્રધાન,
લહ્યું કાળ કરીને, નલિની ગુલ્મ વિમાન. ૧૩

**ઉથલો :** નલિની ગુલ્મ વિમાન પામ્યો, કીધો ઉપશમ સાર,
ઈમ મુનીવર જે ઉપશમ ધરશે, તે તરશે સંસાર;
મુનીવર દુઃખ ધરતો જાણી, ચંદ્ર હુઓ ક્ષીણ,
રોશ ભરે રાતો રવિ ઉગ્યો, મુનિ ઉપશમ દુઃખ દીણ. ૧૪

**ઢાળ :** ઈણ સમય વલી સુતી ઉઠી બત્રીશ બાળ,
નયણે નવિ નિરખે તત્ક્ષણ નિજ ભરથાર;
વલવલતી આવી લાગી સાસુને પાય,
પ્રીતમવિણ દીસે સુનું મંદિર માય. ૧૫

**ઉથલો :** માય સુનું મંદિર દેખી, કરે વિલાપ અપાર,
ધસમસતી આવીને પૂછે, ભદ્રાશ્રી અણગાર;
કહો મુનીસર કિહાં ગયો એ, શ્રી અવંતી સુકુમાલ,
સુગુરૂ ભણે તિણે ચારિત્ર લેઈ, કિયો મસાણે કાળ. ૧૬

**ઢાળ :** હાહા રવ કરતી પડી ભૂમી અપાર;
મુજ બાળ સુકોમળ કિમ ખમીઓ વ્રત ભાર;
વલવલતી લેઈ ચાલી બત્રીશ બાળ,
શોધંતા દીઠા હાડ રૂધિર વિકરાળ. ૧૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

**ઉથલો :** રૂધિર હાડ વિકરાળ તે દેખી, કરે બહુ વિલાપ;
હૈ હૈ વચ્છ ? શું તે કીધો, ઈમ સહયો સંતાપ.
મહાકષ્ટ કુમરનો જાણી, મન આણ્યો વૈરાગ;
ધિગ્ ધિગ્ આ સંસાર અસારે.
અમ રહેવા નહિ લાગ. ૧૮

**ઢાળ :** એકનારી સગર્ભા મૂકી નિજ ઘરબાર;
એકત્રીશ સંગાથે, ભદ્રા લીએ વ્રતભાર,
મનશુદ્ધે પાળે સંયમવ્રત નિધાન,
અંતે કાળ કરીને પામ્યા અમર વિમાન. ૧૯

પામ્યા અમર વિમાન બત્રીશ, ભોગવી સુરવર ભોગ,
લઘુકર્મા તે મુક્તે જાશે પામી સંયમ યોગ;
ગર્ભવતી તે રહી ઘરવાસે, સુત હુઓ તાસ ઉદાર;
લક્ષણવંત લલિત ગુણ ભરીયો, રૂપે મયણ અવતાર. ૨૦

**ઢાળ :** અમ તાત ન દીસે કારણ કહો અમ માંય;
વળતું સા પભણે, સાંભળ વચ્છ તુજ તાય;
સંયમ લેઇને ચાલ્યો કંથ કુડંગ,
વૈરણ શિયાલણે ખાધું સઘલું અંગ. ૨૧

**ઉથલો :** ખાધું સઘળું અંગ જબ જાણી કુમાર દુઃખ અપાર;
નયણે નીર ભરંતો બોલે, ધન ધન તસ અવતાર;
મહાકાળ તિહાં તાતે કીધો, તિણ કારણ મહાકાળ;
નામ પ્રાસાદ કરાવી થાપ્યો પાર્શ્વજીણંદ રસાળ. ૨૨

**ઢાળ :** ઇમ ગાયો મુનીવર શ્રી અવંતિ સુકુમાલ,
જીણે ક્ષમા આપીને દીધી સુરલોક ફાળ;
તપગચ્છ દિવાકર શ્રી વિજય એન સૂરીશ,
તસ પટ્ટપ્રભાકર શ્રી વિજય દેવ સૂરીશ. ૨૩

**ઉથલો :** શ્રી વિજય દેવસૂરિ ચિત્ત મહોદધિ, ચંદ્ર તણો અવતાર,
વિવેક હર્ષ પંડિત ગણિ ગિરૂઆ, સકલ પંડિત શિરદાર;
તસપદ પંકજ મધુકર સરિખો બોલે ગણિ મહાનંદ;
એ મુનીવરના જે ગુણ ગાવે તસ ઘર પરમાનંદ. ૨૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૧
## દ્વારિકાના દાહની સજ્ઝાય

### દોહા

દોનું બાંધવ આરડે, દુઃખ ધરતાં મનમાંહિ.
બળતી દેખી દ્વારીકા, કીજે કવણ ઉપાય. ૧
રત્ન ભીતં સોવન તણી. તેહ બળે તત્કાળ;
સોવન થંભા કાંગરા, જાણે બળે પરાળ. ૨

### ઢાલ

બળતી દેખી દ્વારિકા રે બાઇ, ઘણાં થયા દિલગીર;
હૈડું તે લાગ્યું ફાટવા રે ભાઈ, નયણે વછૂટયા નીર રે,
માધવ ઈમ બોલે. ૧
બે બંધવ મળીને તિહાં રે ભાઈ, વાત કરે કરૂણાંય,
દુઃખ સાલે દ્વારિકા તણું રે ભાઈ, અબ કીજે કવણ ઉપાય રે. ૨
કિહાં રે દ્વારિકાની સાહિબી રે ભાઈ, કિહાં ગજદલનો ઠાઠ;
સજજનનો મેળો કિહાં રે ભાઈ, ક્ષણમાં હુઆ ઘણા ઘાટ રે. ૩
હાથી ઘોડા રથ બળે રે ભાઈ, બેંતાલી બેંતાલી લાખ;
અડતાલીસ કોડ પાળા હુંતા રે ભાઈ, ક્ષણમાં હુઈ ગયા રાખ રે. ૪
હળધરને હરિજી કહે રે ભાઈ, ધિક્ કાયર પણું મોંય;
નગરી બળે મુજ દેખતાં રે ભાઇ, મુજ જોર ન ચાલે કોય રે. ૫
નગરી બળે મુજ દેખતાં રે ભાઇ, રાખી ન શકું રે જેમ;
ઇંદ્ર ધનુષ મેં ચઢાવીયું રે ભાઈ, એ બળ ભાગ્યું કેમ રે. ૬
જીણે દિશે જોતા તેણી દિશે રે ભાઈ, સેવક સહસ્ર અનેક;
હાથ જોડી ઉભા ખડા રે ભાઈ, આજ ન દીસે એક રે. ૭
મોટા મોટા રાજવી રે ભાઈ, શરણે રહેતાં આંહિ;
ઉલ્ટો શરણો તાકીયો રે ભાઇ, વેરણ વેળા આંહિ રે. ૮
વાદળ વીજ તણી પરે રે ભાઈ, ઋદ્ધિ બદલાયે સોય;
ઇણ દુનિયામાં આપણો રે ભાઈ, સગો ન દીસે કોય રે. ૯
મહેલ ઉપગરણ આયુધ બળે રે ભાઈ, બળે સહુ પરિવાર;
આ આપદા પૂરી પડી રે ભાઈ, કીજે કવણ ઉપાય રે. ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org




द्वारिकानो नाश

अ. सौ. सदाबाई पारसमलजी नाहटा हैद्राबाद

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# भावी १२ वें तीर्थंकर श्री कृष्णजी

१. पूर्व जन्म में सर्प घातक कृष्णजी।

२. दूसरे भव मे सर्पिणीका जीव माता बनकर (पुत्र कृष्ण के जीव) गंगदत्त को गह्वरमे पटकना।

३. गंगदत्त की दिक्षा सब का प्रेमपात्र बनने का नियाणा स्वर्ग।

४. बाद देवकीके सातमें गर्भ कृष्णजी।

५. पुत्री केतुमंजरी को दासी या महारानी बनने का पूछना, दासीपना माँगने से जुलाहे के साथ विवाह घरकाम न करने से मार. पितासे शिकायत दिक्षा।

६. शराब के नशेमें शांब आदि से द्विपायन को मार। द्वीपायन. नियाणा कर अग्निकुमार देव बने, द्वारका को जला दी।

७. अपना यह राज लो और मेरी आज्ञा में रहो "कहनेवाले भरतजी से लडेंगे" यह कहने आये हुए ९८ पुत्रोंको ऋषभ भग. का कषायत्याग पूर्वक संपूर्ण अहिंसा का उपदेश। और दिक्षा।

८. भगवद्गीता के श्री कृष्णका अर्जुनको अपने भाइ कौरव गुरु मित्रादिके साथ क्षत्रियधर्म–पालनरुप कषायसहित युद्ध (घोरहिंसा) करनेका उपदेश न करने से स्वधर्मभ्रंश अपकिर्ति और पाप इत्यादि होने का भयंकर इशारा।

९. जलती द्वारका।

१०. बलदेवजी की अनुपस्थितिमें मृग जानकर छोडे हुए जराकुमार के बाण से कृष्णजी की मृत्यु।

११. बलराम मुनि संयम–तपसे बढई आहार दानके अति भावोल्लास से और हरिण यह सब देख अनुमोदना करते अधकटा पेड गिरने से तीनोंकी मृत्यु और स्वर्ग प्राप्ति।

**–नमन हो भावि अगमस्वामिनाथ को**
(श्री कृष्णजी के जीव)

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વળતું હળધર ઇમ કહે રે ભાઈ, પ્રગટયા પૂર્વનાં પાપ;
બીજુ તો સઘળું રહ્યું રે ભાઈ, માંહિ બળે માય ને બાપ રે. ૧૧
દોનું બાંધવ માંહિ ધસ્યા રે ભાઈ, નગરીમાં ચાલ્યાં જાય;
રથ જોડીને તેણે સમે રે ભાઈ, માંહી ઘાલ્યા માંય ને બાપ રે. ૧૨
દોનું બાંધવ જુતીયા રે ભાઈ, આવ્યા પોળની માંય;
દોનું બાંધવ બહાર નીકળ્યા રે ભાઇ, દરવાજો પડીયો આય રે. ૧૩
પાછું વાળી જુએ તિહાં રે ભાઇ, થયાં ઘણાં દિલગીર;
છાતી તે લાગી ફાટવા રે ભાઈ, નયણે વછુટયાં નીર રે. ૧૪
હળધરને હરીજી કહે રે ભાઇ, સાંભળ બાંધવ વાત;
કેણી દિશે આપણ જાઇશું રે ભાઈ, તે દિશી મોંય બતાય રે. ૧૫
વચન સુણી બાંધવ તણાં રે ભાઈ, હળધર બોલે એહ;
પાંડવ ભાઈ કુંતા તણાં રે ભાઇ, અબ ચાલો તેહના ગેહ રે. ૧૬
વયણ સુણી હળધર તણા રે ભાઇ, માધવ બોલે એમ;
દેશવટો દેઈ કાઢીયા રે ભાઈ, તે ઘર જાવું કેમ રે. ૧૭
વળતાં હળધર ઇમ કહે રે ભાઈ, દેખી હોશે દિલગીર;
તે કેમ અવગુણ આણશે રે ભાઇ, ગિરૂઆ ગુણ ગંભીર રે. ૧૮
તેં તેહનાં કારજ કીધાં રે ભાઇ, ધાતકી ખંડમેં જાય;
દ્રૌપદી સોંપી આણીને રે ભાઈ, તે કેમ ભૂલશે ભાઇરે. ૧૯
અહંકારી શિર સેહરો રે ભાઇ, એહવી સંપદા પાય;
તે નર પાળા ચાલીયા રે ભાઇ, આપદા પડી બહુ આય રે. ૨૦
પાંડવ મથુરા પ્રગટી જીહાં રે ભાઇ, અગ્નિ ખુણ સમુદ્ર તીર;
તે નગરી ભણી ચાલીયા રે ભાઈ, બંધવ બેહુ સુધીર રે. ૨૧
જે નર શય્યાએ પોઢતા રે ભાઇ, તે નર પાળા રે હોય;
કરજોડી વિનયવિજય એમ ભણે રે ભાઇ, આ જગ એવું જોય રે. ૨૨

## ૨૨
## સીતાજીની સજ્ઝાય

(દોહા)

સીતા આણી રાવણે, વાત સુણી જબ કાન,
પતિને કહે મંદોરી, વિન તડી મુજ માન. ૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વાસવ પણે તેં વશ કર્યો, લોક પાલ તિમ ચાર;
તુજ મહિમાં જગમાં ઘણો, સાચવ તે નિરધાર ૨
સાચવીએ જલ આપણું, અણ સાચવી શું જાય;
નાલિકરે પરે સાચવું, અધિક અધિક જલ થાય. ૩

(ઢાળ) રાગ—નાણ નમો પદ સાતમેં.

મંદોદરી ઈમ વિનવે, સીતા આણી ઘરકાંય મોરા લાલ;
એહવું કાંઈ ન કીજીએ, ઈમ તો મહિમા જાય. મોરાલાલ;
સુણ તું લંકારાય. મોરા૦ તું તો ચતુર કહાય. મોરા૦ ૧
પિઉડા કહ્યું મુજ કીજીએ, એહ નિજ કાન ધરીજે. મોરા૦
પરનારી નવિ લીજીએ, ઈમ જસવાદ લહીજે. મોરા૦ ૨
રાજમારગ મૂકી કરી, ઉવટ તું મન ચાલ. મોરા૦
ઠબકો ઠેસ ન ઉપજે, એહથી મનડું વાળ. મોરા૦
તું નિજકુળ સંભાળ, મોરા૦ વચન વડાનાં પાળ. મોરા૦ ૩
વાડ ખાયે જો ચીભડાં, કિહાં હોય તાસ પ્રતિકાર. મોરા૦
જો રાજા ચોરી કરે, તો કુણ રાખણ હાર. મોરા૦
તો કુણ જન આધાર, મોરા૦ શુદ્ધ હૃદયે વિચાર. મોરા૦ ૪
પાવક પ્રગટે નિરથી, હાર જોવે જો સાપ. મોરા૦
તો કહે લોક કિશ્યું કરે, મો૦ જુઓ વિચારી આ. મોરા૦ ૫
આપણ સોડ ન ઘાલીએ, જો પણ ગોરી હોય. મોરા૦
બાઉલ બાથ ન દીજીએ, ઈમ જાણે સહુ કોય. મોરા૦ ૬
બલતી ગાડર તું અહી, મંદિરમાં મત ઘાલ. મોરા૦
આપણ રોષ વિષે ભરી, તું હાથે મત જાલ. મોરા૦ ૭
સુખને કારણે ભોલકા, કૌવચલતા મ ચોલ. મોરા૦
એ સાચી ગુંજા ગણી, ચૂની કરી મમ તોલ. મોરા૦ ૮
જનક તણી એ બેટડી, ભામંડલ ભાઈ નામ. મોરા૦
લક્ષ્મણ દેવર એહનો, પતિ દશરથ સુત રામ. મોરા૦ ૯
પરણી કલ્પલતા જિસી, પરપરણી વિષમેલ. મોરા૦
કેઈ સહસ તુજ કામિની, એ સંઘાતે ન ખેલ. મોરા૦ ૧૦
છાની રાખી ન એ રહે, હિંગ તણી જેમ ગંધ. મોરા૦
વાત દશો દિશી ચાલશે, એહશું પ્રીતિ ન બાંધ. મોરા૦ ૧૧
કાણી કોચી કરબલી, કાલી કુબડી જાણ. મોરા૦
પરણી જેહ પનોતડી, પદમણી તેહ પિછાણ. મોરા૦ ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એહને ઇહાં રાખતાં, પૂરવકીર્તિ ન ચૂક. મોરા૦
એ આપણુ કુણુ કામનું, દૂરે હાંકી મૂક. મોરા૦ ૧૩
બોલે બોલાવે નહિ, સામું જુએ ન જેહ. મોરા૦
તેહશું પ્રીતિ ન કીજીએ, સુણુ તું ગુણુ મણિ નેહ. મોરા૦ ૧૪
પ્રીતિ કરે તિહાં કીજીએ, એ સહુ જગની રીત. મોરા૦
અણ કરતા શું પ્રીતડી, એ કુણુ કહીયે નીત. મોરા૦ ૧૫
લક્ષ્મણુ સાથે આવશે, તેહનો પતિ અહીં રામ. મોરા૦
લેઈ જાશે નીજ કામિની, તેહશું સરશે કામ. મોરા૦ ૧૬
પરનારીશું પ્રીતડી, પડીયે નરક મોઝાર. મોરા૦
તું તો ચતુર ભણ્યો ગણ્યો, શાસ્ત્ર સુણ્યાં સંભાર. મોરા૦ ૧૭
એહ તો શીલવતી સુણી, નહિ આવે તુજ કામ. મોરા૦
પાય લાગી તુજ વિનવું, એહને ઘર જઇ ઠામ. મોરા૦ ૧૮
અઠ્ઠો તરસો બુદ્ધડી, મેં સુણી તુજ કપાળ. મોરા૦
પિઉડા તુજ હોજો ભલું, મુજ વયણાં સંભાલ. મોરા૦ ૧૯
તું ધનહર્ષ સદા લહે, અવર કહું શું તુજ. મોરા૦
પિઉ ! નિજ આતમ સાચવે, સુણુ આશિષ એ મુજ. મોરા૦ ૨૦

## ૨૩
## ધન્ના શાલિભદ્રની સજ્ઝાય

(મા. પાવા તે ગઢથી ઉતર્યા.)

સરસ્વતી સ્વામીને વિનવું રે રંગના રસીયા,
સુગુરૂ લાગું છું પાય પ્રિતમ મન વસીયા. ૧
ધન્નો બેઠા નાવણુ કરે રે રંગ૦ વાંસો ચોળે છે એની નાર. પ્રિ૦ ૨
વાંસો ચોળતી ગોરી ઝુરતી રંગ૦ ગોરી તને આવડા શા દુઃખ. પ્રિ૦ ૩
મારે તો દુઃખ મારા મહિયર તણું રે, રંગ૦ સાલે છે હૃદય મોઝાર. પ્રિ૦ ૪
શાલીભદ્ર સરખો તારે બંધવો રે, રંગ૦ ધન્ના સરિખો ભરથાર. પ્રિ૦ ૫
મારો વીરો તે સ્વામી વૈરાગી થયો રે, રંગ૦ દીન પ્રત્યે છંડે એકનાર. પ્રિ૦ ૬
તારો વીરો તે ગોરી મુરખો રે, રંગ૦ એક એક છંડે છે નાર. પ્રિ૦ ૭
કહેવું તે સ્વામી સોહિલું રે, રંગ૦ તે કેવી રીતે સહ્યું જાય. પ્રિ૦ ૮
ખેર ભર્યા તે ધન્ના ઉઠીયા રે, રંગ૦ આઠને મેલી નિરાધાર. પ્રિ૦ ૯
મેં તો કહ્યું સ્વામી સ્હેજ મારે, રંગ૦ તાણી વાળો શું ગાંઠ. પ્રિ૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મેંરે કહ્યું તો મને છંડજે રે, રંગ૦ સાતે જોડે રાખો ઘરવાસ. પ્રિ૦ ૧૧
નારી તે મોહની વેલડી રે, રંગ૦ સ્વારથીયો સંસાર. પ્રિ૦ ૧૨
ઝાંપે જઈ ધન્નાએ કહાવીયું રે, રંગ૦ શાલિભદ્ર મેલો બત્રીશનાર. પ્રિ૦ ૧૩
શાલીભદ્રની માતા એમ વલવલે રે, રંગ૦ એકવાર પાછુ વાળી જુઓ રે. પ્રિ૦ ૧૪
ધન્નાની માતા એમ વલવલે રે, રંગ૦ એકવાર પાછુ વાળી જુઓ રે. પ્રિ૦ ૧૫
શિલા ઉપર કર્યો સંથારો રે, રંગ૦ ચારે આહારના કર્યા પચ્ચખ્ખાણ. પ્રિ૦ ૧૬
ધન્નાની માતાને એમ કહાવજો રે, રંગ૦ ધન્નો પહોંચ્યો મુક્તિ મઝાર. પ્રિ૦ ૧૭
શાલિભદ્રની માતાને એમ કહાવજો રે, રંગ૦ શાલીભદ્રે લીધો ગર્ભાવાસ. પ્રિ૦ ૧૮
હિરવિજય ગુરૂ હીરલો રે. રંગ૦ માન વિજય ગુણ ગાય. પ્રિતમ મન વસીયા. ૧૯

## ૨૪
## મરૂદેવા માતાની સજ્ઝાય

એક દિન મરૂદેવી આઈ, કહે ભરતને અવસર પાઈરે, સુણો પ્રેમધરી. ૧
મારો રિખવ ગયો કેઈ દેશે, કેઈવારે મુજને મળશે રે. સુણો પ્રેમધરી. ૨
તું તો ષટ્ખંડ પૃથ્વી માણે, મારા સુતનું દુઃખ નવિ જાણે રે. સુણો૦ ૩
તું તો ચામર છત્ર ધરાવે, મારો ઋષભ વિકટ પંથે જાવે રે. સુણો૦ ૪
તું તો સરસા ભોજન આસી, મારો ઋષભ નિત્ય ઉપવાસી રે. સુણો૦ ૫
તું તો મંદિર માંહિ સુખ વિલસે, મારો અંગ જ ધરતી ફરસે રે સુણો૦ ૬
તું તો સ્વજન કુટુંબમાં મ્હાલે, મારો ઋષભ એકલડો ચાલે રે. સુણો૦ ૭
તું તો વિષય તણાં સુખ સુચે, મારા સુતની વાત ન પૂછે રે. સુણો૦ ૮
એમ કહેતાં મરૂદેવા વયણે, આંસુજળ લાગ્યાં નયણે રે. સુણો૦ ૯
એમ સહસ વરસને અંતે, લહ્યું કેવળ ઋષભ ભગવંતે રે. સુણો૦ ૧૦
હવે ભરત ભણે સુણો આઈ, સુત દેખી કરો વધાઈ રે. સુણો૦ ૧૧
આજ ગજખંધે બેસાર્યા, સુત મળવાને પધાર્યા રે. સુણો૦ ૧૨
કહે એહ અપૂરવ વાજા, કીહાં વાગે છે એ તાજા રે સુણો૦ ૧૩
તવ ભરત કહે સુણો આઈ, તુમ સુતની એ ઠકુરાઈ. સુણો૦ ૧૪
તુમ સુત ઋદ્ધિ આગે સહુની, તૃણ તોલે સુરનર બેઉની રે. સુણો૦ ૧૫
હરખે નયણે જળ આવે, તવ પડલ લેઉ ખરી જાવે રે. સુણો૦ ૧૬
હું જાણતી દુઃખીયો કીધો, સુખીયો છે સહુથી અધિકો રે. સુણો૦ ૧૭
ગયો મોહ અનિત્યતા આવે, તવ સિદ્ધ સ્વરૂપી થાવે રે. સુણો૦ ૧૮
તવ જ્ઞાન વિમલ શિવનારી, તસ પ્રગટે અનુભવ સારી રે. સુણો૦ ૧૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૫
## ગજસુકુમાલની સજઝાય

સોના કેરા કાંગરાને, રૂપા કેરા ગઢ રે, કૃષ્ણજીની દ્વારિકામાં જોવાની બહુ રઢ રે.
ચિરંજીવો કુંવર! તુમે ગજસુકુમાલ રે, આ પુરા પુન્યે પામીયા રે. ૧
નેમિ જીણંદ આવ્યા, વંદન આવ્યા ભાઈ રે;
ગજસુકુમાલ વીરા, સાથે બોલાઇ રે. ૨
વાણી સુણી વૈરાગ્ય ઉપન્યો, મન મોહ્યું એમાં રે;
શ્રી જૈન ધર્મ વિના સાર નથી શેમાં રે. ૩
ઘેર આવી એમ કહે, રજા દિયો માતા રે;
સંયમ સુખે લહું, જેથી પામું સુખશાતા રે. ૪
મૂર્છાણી માંડી કુંવર, સુણી તારી વાણી રે;
કુંવર કુંવર કહેતાં માતા, આંખે આવ્યા પાણી રે. ૫
હૈયાનો હાર વીરા, તજ્યો નવિ જાય રે;
દેવનો દીધેલો તુજ વિણ, સુખ નવિ થાય રે. ૬
સોના સરીખા વાળ તારા, કંચન વરણી કાયા રે;
એવી કાયા રે એક દિન, થાશે ધુળ ધાણી રે. ૭
સંજમ ખાંડા ધાર તેમાં, નથી જરા સુખ રે;
બાવીસ પરિષહ સહેવા દુષ્કર રે. ૮
દુઃખથી બળેલો દેખું, સંસાર અટારો રે;
કાયાની માયા જાણી, પાણીનો પરપોટો રે. ૯
જાદવ કૃષ્ણ એમ કહે, રાજ વીરા કરો રે;
હજારો હાજર ઉભા, છત્ર તમે ધરો રે. ૧૦
સોનૈયાની થેલી કાઢો, ભંડારી બોલાઇ રે;
ઓઘા પાત્રા લાવો વીરા, દીક્ષા દીયો ભાઇ રે. ૧૧
રાજપાટ વીરા હવે, સુખે તમે કરો રે;
દીક્ષા આપો મને, છત્ર તમે ધરો રે. ૧૨
આજ્ઞા આપી ઓચ્છવ કરે, સંયમ લીધો હાથે રે;
દેવકી કહે રે ભાઇ, સંયમ ચિત્તે સ્થાપો રે. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મુજને તજીને વીરા, અવર માતા મત કીજે રે;
કર્મ ખપાવી એહ ભવ, વહેલી મુક્તિ લીજે રે. ૧૪
કુંવર અંતે ઉર મેલી, સાધુ વેશ સીહ લીધો રે;
ગુરૂ આજ્ઞા લઇને સ્મશાને, કાઉસ્સગ કીધો રે. ૧૫
ખેરના અંગારા લઇને, મસ્તકે ઠાયા રે;
જંગલે જમાઇ જોઇને, સોમિલ સસરો કોપ્યો રે. ૧૬
માથે પાળ બંધાવી, સસરાને દોષ નવી દીધો રે;
વેદનાં અનંતી સહી, સમતા રસમાં પીધો રે. ૧૭
ધન્ય જન્મ ધાર્યો તમે, ગજ સુકુમાલ રે;
કર્મ ખપાવી તમે, હૈયે ધરી હામ રે. ૧૮
વિનય વિજય કહે, એહવા મુનિને ધન્ય રે;
કર્મના બીજ બાળી, જીતી લીધું મન રે. ૧૯

## ૨૬
## દશાર્ણભદ્રની સજ્ઝાય

શારદ બુધદાઇ સેવક નયણાનંદ, પ્રણમું હું નિજગુરૂ ભવિકવિકાસન વૃંદ;
વંદુ શાસનપતિ સાચો વીરજીણંદ, ગાઇશ હું ભકતે દશાર્ણભદ્ર મુણીંદ. ૧

**ઉથલો :** દશાર્ણભદ્ર દેશ અતિ ઉત્તમ, દશાર્ણભદ્ર પુર સોહે,
દશાર્ણભદ્ર રાજા અતુલી બળ, ભવિયણનાં મન મોહે;
ન્યાયે રાજ્ય પ્રજાપતિ પાળે, ટાળે પરદલ પીડા,
વ્યસન નિવારી ધર્મ વિચારી, કરે રંગ રસ ક્રીડા. ૨

**ઢાળ :** ઇણ અવસર અનુક્રમે જીનવર વિહાર કરતાં,
પહોંત્યો તિણ નયરીએ, સમવસરણ વિચરંતા;
ગણધર ને મુનીવર ખેચર ભુચર વૃંદ,
સુરનર ને કિન્નર પામ્યા પરમાનંદ. ૩

**ઉથલો :** પરમાનંદ પામ્યા વન પાલક, રાયને જઇ વધાવ્યાં,
સ્વામી તુમ પતિ તુમ મન વલ્લભ, વીર જીનેશ્વર આવ્યા;
સાત આઠ પગ સામો જઇને, ભાવે વંદન કીધું,
અંગ વિભુષણ સોવન રસનાં, લાખ દાન તસ દીધું. ૪

Jain Education International 2010_05    For Private & Personal Use Only    www.jainelibrary.org

**ઢાળ :** હવે રાજા ચિંતે, મુજ સમ અવર ન કોય,
હય ગય રથ પાયક, મણિ માણિક રિદ્ધિ હોય;
તેણી પરે કરી વંદુ જીમ નવિ વંદ્યા કેણે,
અભિમાન ધરીને પડહ વજાવ્યો તેણે. ૫

**ઉથલો :** તેણે નયરીએ પડહ વજાવ્યો, વેગે કરો સજાઈ,
વાહન અંગ સયલ શણગારો, જોઇએ તે લે ભાઇ;
સોના રૂપા ઘાટ સામટા, સબલ સજાઇ કીજે;
અથિર દ્રવ્યથી સાસય સુખ જે, જીનવર વંદી લીજે. ૬

**ઢાળ :** ભદ્રજાતિ સરિખા, હાથી સહસ અઢાર;
વર હય પાંખરીયા, ચોવીશ લાખ ઉદાર;
વર રથ જોતરીયા, દ્રઢ એકવીશ હજાર;
એક સહસ સુખાસન, અંતે ઉર પરીવાર. ૭

**ઉથલો :** અંતે ઉરી સય પંચ મનોહર, સોળ સહસ્ર રાજન્;
સેવા ચારે કોડી એકાણું, પાયક ભીમ સમાન;
સોલ હજાર ધજા લહકંતી, ચામર ચીહું પખ સોહે,
મેઘાડંબર છત્ર બિરાજે, ભવિયણનાં મન મોહે. ૮

**ઢાળ :** ભલી કરીય સજાઇ પુર બાહિર જબ આવે,
પટ રાયવર ચડિયો, રાજા ઇમ ભાવે;
ચતુરંગી સેના રિદ્ધિ દેખી ઇમ બોલે;
માહરી રિદ્ધિ આગળ અવર સહુ તૃણ તોલે. ૯

**ઉથલો :** તૃણ તોલે મુજ આગળ સહુએ, એમ અભિમાને હરખે;
પહેલે કલ્પે ઇંદો બેઠો, અવધિ જ્ઞાને નીરખે;
જીનવર ભક્તિ કરે બહુ રાજા, પણ અભિમાને ચડીયો,
જીનવર ભક્તિ કરી કોણ પૂજે, ત્રણ જગ આવે જડીયો. ૧૦

**ઢાળ :** ઇમ ચિંતી ઇંદો, ઐરાવણ સુર તેડયો;
તે હરખ્યો અંજલી, જોડી ઉભો નેડો;
જીનવંદન જાશું, માન ઉતારણ કાજ;
ઐરાવણ સરીખા, સહસ ચોસઠ ગજરાજ. ૧૧

**ઉથલો :** ગજરાજ એક એકને મસ્તક, સોહે પાંચસો બાર;
મસ્તક મસ્તક આઠ દંતશૂળ, સ્નેહે અતિહી સ્ફાર,
દંત દંત પ્રત્યે આઠ વાવી, વાવે આઠ આઠ કમળ;
કમલે કમલે લાખ પાંખડી, લાખ નાટક તિહાં વિમલ. ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાળ : ડોડા વિચે વિચે એક એક, કમલ પ્રત્યે પ્રાસાદ,
અગ્ર મહિષી આઠ આઠ, સાથે ઈંદ્ર આલ્હાદ;
પ્રતિકમલે બેઠો, ઇંદો આવે જામ;
બત્રીશ બદ્ધ નાટક, જમક હુઓ તામ. ૧૩

ઉથલો : તામ વીર વાંદીને બેઠો, દશાર્ણભદ્ર નરેશ;
શુભ ઉજ્જવલ ગજધરા સંગાથે;
ઈંદ્રે કીયો પ્રવેશ, ઉંચું વંદન વિલોકે રાજા;
બહોળી રિદ્ધિ પ્રમાણ, મારો મદ એણે ઉતાર્યો;
તો જીવ્યું અપ્રમાણ. ૧૪

ઢાળ મેં રિદ્ધિ નો ગર્વ, ફોગટ કીધો આજ;
ઇંદ્રની રિદ્ધિ આગળ, એ આવે કુણ કાજ;
હવે જો હું છોડું, તો હારે સ્વર્ગ વાસી,
તવ જીનવર પાસે, ગયો ઇસ્યું વિમાસી. ૧૫

ઉંથલો ઇસ્યું વિમાસી જીનવર પાસે, રાયે ચારિત્ર લીધું;
ઈંદ્ર કહે એ મેં નવિ થાએ, તેં બોલ્યું તેં કીધું;
મેં જે હોડ કરી તુમ સાથે, તે ખમજો ઋષિરાયા;
મુજમાં શક્તિ ઘણી છે બીજી, પણ મુજથી એ નવિ થાય. ૧૬

ઢાળ ઈંદ્ર વાંદી બોલે ધન માનવ અવતાર, અભિમાન કરી;
નૃપ પામ્યો ભવનો પાર હવે વીર પયંપે માન માનવને હોય;
ઈંદ્ર પાયે લગાડયો એ સમો અવર ન કોય. ૧૭

ઉથલો એ સમો અવર ન કોઈ બુઝયો, ઝુઝયો કર્મ સંગાથે;
કેવલ પામી મુગતે પહોંત્યા, મંગલિક હુઓ ઈણ વાતે;
પઢતાં ગુણતાં ઉત્તમનાં ગુણ, પહોંચે સયલ જગીશ;
શુભ વિજય શિષ્ય લાલ વિજય કહે, એમ આતમ સાધીશ. ૧૮

## ૨૭
## સનત્કુમારની સજ્ઝાય

સરસ્વતિ સરસ વચન રસ માંગું, તોરે પાયે લાગું;
સનત્ કુમાર ચક્રી ગુણ ગાઉં, જીમ હું નિર્મલ થાઉં
રંગીલા રાણા રહો;
જીવન રહો રહો, મેરે સનત્ કુમાર વિનવે સવિ પરિવાર. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપ અનુપમ ઇંદ્રે વખાણ્યું, સુર સુણી ઇમ વાચા;
બ્રાહ્મણ રૂપ કરી દોય આયા, ફરી ફરી નિરખત કાયા. ૨

જેહવા વખાણ્યા તેહવા દીઠા, રૂપ અનુપમ ભારી;
સ્તવનાં સાંભળી મનમાં હરખ્યાં, આણ્યો ગર્વ અપારી. ૩

અબ શું નિરખે લાલ રંગીલે, ખેળ ભરી સુજ કાયા;
નાહિ ધોઈ જબ છત્ર ધરાવું, તવ જોજો મારી કાયા. ૪

મુગટ કુંડલ હાર મોતીનાં, કરી શણગાર બનાયા;
છત્ર ધરાવી સિંહાસન બેઠા, તવ ફરી બ્રાહ્મણ આયા. ૫

દેખી જોતાં રૂપ પલટાણું, સુણ હો ચક્રી રાયા;
સોળ રોગ તેરી દેહમાં ઉપન્યા, ગર્વ મ કર કૂડી કાયા. ૬

કળ કળીયો ઘણું ચક્રી મનમાં, સાંભળી દેવની વાણી;
તુરત તંબોળ નાંખીને જોવે, રંગ ભરી કાયા પલટાણી. ૭

ગઢ મઢ મંદિર માળીયાં મેલ્યાં, મેલી તે સવિ ઠકુરાઈ;
નવનિધિ ચૌદ રતન સવિ મેલ્યાં, મેલી તે સયલ સજાઇ. ૮

હય ગય અંતે ઉર મેલી, મેલી તે મમતા માયા;
એકલડાં સંયમ લઈ વિચરે, કેડ ન મેલે રાણા રાયા. ૯

પાયે ઘુઘરી ઘમ ઘમ વાજે, ઠમ ઠમ કરતી આવે;
દશ આંગળીયે બે કરજોડી, વિનતી ઘણીય કરાવે. ૧૦

તુમ પાખે મોરું દિલ દાઝે, દિન કેહી પરે જાશે;
એક લાખ બાણું સહસને, નયણે કરી નિરખીજે. ૧૧

માત પિતા હેતે કરી ઝૂરે, અંતેઉર સવિ રોવે;
એકવાર સન્મુખ જુઓ ચક્રી, સનત્ કુમાર નવિ જોવે. ૧૨

ચામર ધરાવો છત્ર ધરાવો, રાજ્યમેં પ્રતપો રૂડા;
છ ખંડ પૃથ્વી આણ મનાવો, તે કિમ જાણ્યા કૂડા. ૧૩

છત્ર ધરે શિર ચામર ઢાળે, રાજન પ્રતપો રૂડે;
છ ખંડ પૃથ્વી રાજ્ય ભોગવો, છ માસ લગી ફરે કેડે. ૧૪

તવ ફરી દેવ છળવા કારણ, વૈદ્ય રૂપ લહી આવે;
તપ શક્તિએ કરી લબ્ધિ ઉપની, થુંકે કરી રોગ સમાવે. ૧૫

બે લાખ વરસ મંડળિક ચક્રી, લાખ વરસની દીક્ષા;
પંદરમાં જીનવરને વારે, નરદેવ કરે જીવ રક્ષા. ૧૬



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી વિજય સેન સૂરીશ્વર વાણી, તપગચ્છરાજે જાણી;
વિનયકુશળ પંડિત વરખાણી, તસ ચરણે ચિત્ત આણી. ૧૭
સાતસેં વર્ષ રોગ સમાયો, કંચન સરખી કાયા;
શાંતિ કુશળ મુની એમ જંપે, દેવલોક ત્રીજા પાયા. ૧૮

## ૨૮
## હીર સૂરીશ્વરજી. મ.ની સજઝાય

બે કરજોડીને વિનવું, શારદા લાગુંજી પાય;
વાણી આપોજી નિર્મલી, ગાયશું તપગચ્છ રાય.
થેં મન મોહ્યું હો હીરજી. ૧
અકબર કાગળીયા મોકલે, હીરજી વાંચીને જોય;
તુજ મન મળવા અલજો ઘણો, વિલંબ ન કીજે જી કોય. ૨
અકબર કરેજી વિનંતી, ટોડરમલ લાગે છે પાય;
પૂજ્ય ચોમાસું ઇહાં કરો, રહિયા આનંદ થાય. ૩
તેજી ઘોડાજી અતિ ઘણા, પાળા નાવેજી પાર;
મહાજન આવેજી અતિ ઘણાં, આવો થાનસિંહ શાહ. ૪
અગૈશરી પોળ રળીયામણી, વચમેં ચૌમુખ ચાર;
તરીયા તોરણ બાંધીયા, હીરજી આહણ હાર. ૫
કીણુબાઇ વેરાયા લાડુઆ, કીણુ બાઈ વેરાયા પુત્ર;
શીવચંદ વેરાયા લાડુઆ, નાથીબાઇ વેરાયા પુત્ર. ૬
ધનવાડી ધન ઢીકુઓ, ધન શાહ સાડીશે પુન;
ધનબાઇ નાથીરે જીવીઓ, હીરજી સરીખાજી પુત્ર. ૭
સામી મેલુંજી પાલખી, મોતીડે નવસેરો હાર;
એક પૂજ્ય ચોમાસું ઈહાં કરો, હોશે ધર્મનો ભાવ. ૮
લાખ ટકાનો જી ઘુઘરો, ઝમકયો માઝમ રાત;
ઝબકે ગુરૂજી જાગીઆ, પુસ્તક જમણેજી હાથ. ૯
ગલિઆ ગલિઆથી ગોરડી, ભર ભર મોતી આના થાળ;
પદ્માણી ચાલ્યાજી પૂંજવા, હાથે સોવન થાળ. ૧૦
કપડાં કેશરીયાજી સાવટુ, ઓઢ્યો અધિક બનાય;
ચંદા ઝળકેજી મુહપત્તિ, પદ્મ ઝબકેજી પાય. ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પીપળ પાન ખરખરે, જાણે પાણીની રેલ;
મેવાને અણુહારે ઓળખ્યા, હીરજી મોહન વેલ. ૧૨
પરમન થયાંજી માંડવા, પરમન થયાંજી થંભ;
દ્રાખ બીજોરા માંડવા, રતને જડીયાંજી થંભ. ૧૩
ડાબર સરોવર છોડીઆ, છોડીયા બંદીને વાન;
છોડીઆ પંખીને જુગલાં, અકબર શાહ સુજાણ. ૧૪
શેત્રુંજે જુગતે કીયો, મરતી રાખીજી ગાય;
જજીઓ લોકવેરો છોડાવીઓ, હીરજી તુમ પસાય. ૧૫
પહેલું ચોમાસું આગ્રે, બીજું દીલ્હીજી માંય;
ત્રીજુ ચોમાસું મેડતે, ચોથું ઝાલોર માંય. ૧૬
પહેલું ચોમાસું આગરે, બીજું લાહોર માંય;
ત્રીજુ ચોમાસુ ફત્તેહપુર, અકબર કરે રે ઉત્સાહ. ૧૭
તપગચ્છ નાયક ગુણનીલો, શ્રી વિજય સેન સૂરીંદ;
તાસ શિષ્ય ભગતે ભણે, હોજ્યો મુજ આણંદ. ૧૮

## ૨૯
## અનાથી મુનિની સજઝાય

વીસમે અધ્યયને જીનવીરે, કહ્યો અનાથી અધિકાર જી;
જે સુણતાં ભાવે ભવિજનો, થાયે સફળ અવતારો જી. ૧
ભવિજન ભાવે મુનિવર વંદો, સમતા રસ ભંડાર જી;
શ્રેણીક રાય રયવાડી ચડિયો, હય હય બહુ ભંડારજી. ૨
ચંપકવરણ સુકોમળ કાયા, નહિ મન મમતા માયાજી;
દેખી શ્રેણીક મનમાં રીઝયો, વંદ્યા મુનિનાં પાયજી. ૩
અહો અચરિજ એ યૌવન રૂપને, અહો મુનિવરનો વેષજી;
જે ઇણુકાલે ભરયૌવનમાં, કિમ છોડયો સહુ દેશજી. ૪
કહે મુનિરાય અનાથપણાથી, લીધો સંયમ પંથ જી;
કહે રાજા હું નાથ તુમારો, મુજ ઘર આવો નિર્ગ્રંથજી. ૫
વિલસો ભામિની શ્યું વરભોગ, મૂકો સંયમ યોગજી;
ઋષિ કહે નાથ નૃપ તારે, કિમ મળે વાતનો યોગજી. ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મગધ દેશનો હું છું ઠાકર, બહુ દલ રિદ્ધિનો સ્વામીજી;
મૃષાવાદ ન બોલો મુનીશ્વર, એ તુમ પંથમાં ખામીજી. ૭
નાથ પણુ એહવું અમ હુંતુ, સુણ રાજન રઢીયાળા જી;
મુજ પિતા કોસંબી નરેસર, જસ હય ગય રથ પાળાજી. ૮
તેહનો સુત હું બાલપણે, ઉપન્યો રોગ અસાધ્યજી;
ધન કોટી જનકે વ્યય કીધો, તોયે સમાધિ ન થાય જી. ૯
માત પિતા મુજ ભાઈ ભગિની, નવલ વધુ મૃગનયણીજી;
મુજ દુઃખે નયણે ઝરે બહુ આંસુ, પણ કોઈ વેદન ન હણીજી. ૧૦
તબ મેં ચિંત્યુ કોઈ ન મારું, સ્વારથીયો સંસારજી;
જો એ વેદન પાર હું પામું, તો છંડુ પરિવારજી. ૧૧
તે સ્મરણથી દુઃખ સવિ નાઠું, લીધો સંયમ ભારજી;
હવે ષટ્કાયનો નાથ થયો છું, સુણ મગધેશ વિચારજી. ૧૨
કહે શ્રેણીક તુમે ધન ઋષિ રાજા, સાચી કહી તુમે વાતજી;
જે તુમ ધ્યાને વિઘ્ન કર્યું પૂછી, તે ખમજો ગુણ ખાણીજી. ૧૩
શ્રેણીક ધર્મ લહ્યો મુનિવયણે, થયો પ્રથમ ગણધારજી;
દેઇ પ્રદક્ષિણા વંદી પહોંતો, નરપતિ નયર મોઝારજી. ૧૪
મુનિવર મારગ સૂધો પાળી, પહોંત્યા પંચમ ગતિ ઠામજી;
વાચક રામવિજય કહે એહવા, મુનિ સમરો ગુણ ધામજી. ૧૫

## ૩૦
## વયરમુનિની સજ્ઝાય

સાંભળજો તુમે અદ્ભુત વાતો, વયર કુંવર મુનિવરની
ખટ મહિનાનાં ગુરૂ ઝોળીમાં, આવે કેલી કરંતા રે,
ત્રણ વરસનાં સાધ્વી મુખથી, અંગઅગ્યાર ભણંતા રે. ૧
રાજસભામાં નહિ ક્ષોભાણા, માત સુખલડી દેખી રે;
ગુરૂએ દીધો ઓઘો મુહપત્તિ, લીધો સર્વ ઉવેખી રે. ૨
ગુરૂ સંગાથે વિહાર કરે મુનિ, પાળે શુદ્ધ આચાર રે;
બાળપણાથી મહાઉપયોગી, સંવેગી શિરદારા રે. ૩
કોળાપાક ને ઘેબરભિક્ષા, દોય ઠામે નવિ લીધી રે;
ગગન ગામિની વૈક્રિય લબ્ધિ, દેવે જેહને દીધી રે. ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દશપૂરવ ભણિયા જે મુનિવર, ભદ્રગુપ્ત ગુરૂ પાસે રે;
ક્ષીરાસ્રવ પ્રમુખ જે લબ્ધિ, પરગટ જાસ પ્રકાશે રે. ૫
કોડી સેંકડા ધનને સંચે, કન્યા રૂક્ષ્મણી નામે રે;
શેઠ ધનાવો દીયે પણ ન લીયે, વધતે શુભ પરિણામે રે. ૬
દેઇ ઉપદેશને રૂક્ષ્મણી નારી, તારી દીક્ષા આપી રે,
યુગપ્રધાન જે વિચરે જગમાં, સૂરજ તેજ પ્રતાપી રે. ૭
સમકિત શિયલ તુંબધરી કરમાં, મોહ સાયર કર્યો છોટો રે,
તે કેમ બૂડે નારી નદીમાં, એ તો મુનિવર મોટો રે. ૮
જેણે દુર્ભિક્ષ સંઘ લઈને, મૂકયો નગર સૂકાળે રે;
શાસન શોભા ઉન્નતિકારણ, પૂષ્પ પદ્મ વિશાળ રે. ૯
બૌધરાયને પણ પ્રતિબોધ્યો, કીધો શાસન રાગી રે;
શાસન શોભા જય પતાકા, અંબર જઈને લાગી રે. ૧૦
વિસર્યો સુંઠ ગાંઠીયો કાને, આવશ્યક વેળા જાણી રે;
વિસરે નહિ પણ એ વિસરીયો, આયુ અલ્પ પીછાન્યો રે. ૧૧
લાખ સોનૈયે હાંડી ચડે તિણે, બીજે દિન સુકાળ રે;
એમ સંભળાવી વયર સેનને, જાણી અણસણ કાળ રે. ૧૨
રથાવર્ત ગિરિ જઈ અણસણ કીધું, સોહમહરિ તિહાં આવે રે;
પ્રદક્ષિણા પર્વતને દેઇ, મુનિવર વંદે ભાવે રે. ૧૩
ધન્ય સીંહગિરી સૂરી ઉત્તમ, જેના એ પટધારી રે;
પદ્મવિજય કહે ગુરૂ પદ પંકજ, નિત્ય નિત્ય નમીયે નરનારી રે. ૧૪

## ૩૧
## સ્થાપનાકલ્પની સજ્ઝાય

પૂરવ નવમાંથી ઉદ્ધરી, જીમ ભાખે શ્રી ભદ્રબાહુ રે;
સ્થાપના કલ્પમાંહે કહું, તિમ સાંભલજો સહુ સાહુ રે. ૧
તિમ સાંભલ્યો સહુ સાહુ પરમગુરૂ વયણડે;
તો શિવ સુરલતા ફલ લીજઈ રે-આંકણી ૨
બાલકરણ જેહ થાપના, માંહી રેખા શ્યામ તે જોઈ રે;
આયુ જ્ઞાન બહુ સુર વંદી, તે તો નીલકંઠ સમ હોઈ રે. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પીત વરણ જેહ થાપનાં, માંહિ દીસઈ બિંદુ શ્વેત રે;
તેહ પખાલી થાઇ ઈં, સવિ રોગ વિષયનો હેત રે; ૩

શ્વેત વરણ જેહ થાપનાં, માંહિ પીતબિંદુ તસ નીર રે;
નયન રોગ છાંહિ હલઈ, પીતાં ટલઈ શુલ શરીરી રે. ૪

નીલવરણ જેહ થાપનાં માંહિ પીલો બીંદુ તે સાર રે;
તેહ પખાલી પાઇ ઈં; હોઈ અહિ વિષનો ઉતાર રે. ૫

ટાલઈ રોગ વિસૂચિકા, ધન લાભ હોઇ ધૃતવન્ત રે;
રક્ત વરણ પાસઈ રહ્યો, મોહઇ માનિનિ કેરો મન્ન રે. ૬

શુદ્ધ શ્વેત જે થાપના, માંહિ દીસઈ રાતિ રેખ રે;
ડંક થકી વિષ ઉત રઈ, વલી સીઝંઈ કાર્ય અશેષ રે. ૭

અર્થ રક્ત જે થાપનાં, વલી અર્ધ પીત પરિ પુષ્ટ રે;
તેહ પખાલિ છાંટિઇ, હરઈ અક્ષિરોગ નહિ કુષ્ટ રે, ૮

જંબુ વર્ણ તે થાપનાં, માંહિ સર્વ વર્ણનાં બિંદુ રે;
સર્વ સિદ્ધિ તેહથી હોઈ. મોહઈ નરનારીનાં વૃંદ રે, ૯

જાતિ પુષ્પ સમ થાપનાં, સુત વંશ વધારઈ તેહ રે;
મોર પિચ્છ સમ થાપનાં, વાંછિત દિઇ નવિ સંદેહ રે. ૧૦

સિદ્ધિ કરઈ ભય અપહરઈ, પારદ સમબિંદુ તે શ્યામ રે;
મૂષક સમ જેહ થાપનાં તે ટાલઈ અહિવિષ ઠામ રે; ૧૧

એક આવર્તઇ બલદિઇ, ચિહું આવર્તઇ સુખા ભંગ રે;
ત્રિહું આવર્તઇ માન દિઈ, ચિહું આવર્તઈ નહિ રંગ રે. ૧૨

પંચ આવર્તઈ ભવ હરઈ, છહિ આવર્તઈ દિઈ રોગ રે;
સાત આવર્તઇ સુખકરે, વલી ટાલઇ સઘલાં રોગ રે. ૧૩

વિષમાવર્તઈ ફલ ભલું, સમ આવર્તઈ ફલહીન રે;
ધર્મનાશ હોઇ છેદથી, ઇમ ભાખઈ તત્ત્વ પ્રવીણ રે. ૧૪

જેહ વસ્તુ થાપિઈ, દક્ષિણ આવર્તઇ તેહ રે;
તે અખૂટ સઘળું હોઈ, ઈમ જાણી જઈ ગુણ ગેહ રે,
કહઈ વાચક જસ ગુણ ગેહ રે. ૧૫

Jain Education International 2010_05    For Private & Personal Use Only    www.jainelibrary.org

## ૩૨

## શ્રી આશાતનાની સજઝાય

શ્રી જીનવરને કરી પ્રણામ, બોલું ચોરાશી આશાતનાં નામ;
શ્રી જીનમંદિર જાતાં સહી, આશાતનાં એ ટાળી નહિ. ૧
ખેલ થુંક રામત કલગલા, કીધું લેખું શીખી કળા;
મૈથુન મજ્જન મર્દન કરે, જીન ભુવને કોઇ હડે ધરે. ૨
છાણુ કાપડ પાપડ ને વડી, નવ સુકવીયે દેહ રે ચડી;
શીર કર અંગ પખાળે પાય, વિંઝણે કરી વિંઝવે વાય. ૩
નાખ્યાં નખ નિમાળા પળી, ચામર છત્ર ઢળાવે વળી;
માથે મુગટ પગે ખાસડાં, ધરાવ્યા દેહરે વાંછડાં. ૪
ઘેર ભરે પહેરે સૂખડી, નાંખી ગડગુંબડ ખાલડી;
બેસે પગ ઉપર પગ કરી, રાંધ્યુ અન્ન અંગીઠી કરી. ૫
રગતપિત નાંખ્યા ઓધલા, ન કરે નિદ્રા ભૂંડા ભલા;
ન કરે વણિજ ન રમે જુગટે, ન લિયે વસ્તુ આલટ પાલટે. ૬
ખાય તંબોલ ભખી સુખડી, કરે નિત્ય તે લહુડી વડી;
પગ ચંપાવે કલહો કરે, દિયે શ્રાપ કે હોડ જ ધરે. ૭
નાખે પગરજ સુએ નિશંક, ભંડકળાને મારી ઢંક;
ન કરે ભોજન નહિ ઝીલણું, વેણ સમાટે પારિખ પણું. ૮
પઢે મંત્ર રાખે હથિયાર, ચોરી કરે ને દે તુંકાર;
સચિત્ત ન રાખે ન દિયે ગાળ, ન કરે બાળક સ્ત્રીની આળ. ૯
કરે ન વૈદું ન કરે હોડ, જીન દીઠે ન કરે કરજોડ;
આઢ પડો ન કર્યો મુખકોશ, વિણ ઉત્તરાસંગ લાગે દોષ. ૧૦
પહેરે ધોતી સ્નાન વિણ જેહ, બેઠા પગ પસારી બેહ;
ન કરે ઠઠ્ઠાને હાંસુ વળી, દાંત ન ખોતરે લેઇ સળી. ૧૧
ન કરે દાતણ વિકથ વાત, ન કરે ક્રોધ વળી ઉત્પાત;
લીધાં શાક નીલા મનરલી, સ્ત્રી સંઘાતે બેઠા મળી. ૧૨
કીધો દીવો દેહરાં થકી, વસ્તુ વાવરી જે દેવકી;
નખમાં નવી રાખે દીવેલ, દીવે નવિ પૂરીજે તેલ. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આળસ મોડે દીલે બહુ, આશાતના એ જાણે સહુ;
આશાતનાં ના બહુલાં પાપ, જે કરશે તે લહેશે સંતાપ. ૧૪
શ્રી વિજય સેન તણો અધિકાર, જીન સેવાથી લહે ભવપાર;
પંડિત રાજવિજય ઈમ ભણે, શ્રી જીનવર ને જાઉં ભામણે. ૧૫

## ૩૩
## ઉત્તમ મનોરથની સજ્ઝાય

ધન ધન તે દિન ક્યારે આવશે, જપશું જીનવર નામ;
કર્મ ખપાવી રે જે હુઆ સવે, કરશું તાસ પ્રણામ. ૧
મન વચ કાયા રે આપણા વશ કરી, લેશું સંયમ યોગ;
સમતા ધરશું રે સંયમ રંગમાં, રહેશું છંડી રે સોગ. ૨
વિનય વૈયાવચ્ચ ગુરુ મહારાજજી, કરશું જ્ઞાન અભ્યાસ;
પ્રવચન માતા રે આઠે આદરી, ચાલશું પંથ વિકાસ. ૩
પરિગ્રહ વસતિ રે વસ્ત્રને પાત્રમાં, આડંબર અહંકાર;
મૂકી મમતા રે લોકની વાંછનાં, ચાલશું શુદ્ધે આચાર. ૪
તપ તપી દુર્લભ દેહ કસી ઘણું, સહેશું શીત ને તાપ;
પુદ્‌ગલ પરિણતી રંગ નિવારીને, રમશું નિજગુણ આપ. ૫
સસ્સા સાંભર મૃગને રોઝડા, સુંઘે તનુ સુખ નાસ;
ખોળે મસ્તક મુકી ઉંઘશે, આણી મન વિશ્વાસ. ૬
પદ્માસન ધરી નિશ્ચલ બેસશું, ધરશું આતમ ધ્યાન;
ગુણઠાણાની રે, શ્રેણી ચઢી કરી, સાધશું મોક્ષનું ઠામ. ૭
કરી સંલેષણ અણ સણ આદરી, યોનિ ચોરાશિ રે લાખ;
મિચ્છામિ દુક્કડં સર્વજીવો પ્રતિ, દેશું સદ્‌ગુરૂ સાખ. ૮
મોટા મુનિવર આગે જે હુઆ, સમરી તસ અવદાત;
પરીષહ સહેશું રે ધીરપણું ધરી, કરશું કર્મનો ઘાત. ૯
વાધર વીંટી રે ડોળા નિસર્યા, ધન્ય મેતારજ સાધ;
ખંધક શિષ્યો રે ઘાણી પીલ્યા રે, રાખી સમતા અગાધ. ૧૦
માથે પાળી કરી સગડી ધરી; ભરીયા માંહી અંગાર;
ગજ સુકુમારે રે શીર બળતું સહ્યું, તે પામ્યા ભવપાર. ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સિંહ તણી પરે સામા ચાલીયા, સુકોશલ મુનિરાય;
વીરૂઈ વાઘણ ધસતી ખાયવા, વોસિરાવી નિજકાય. ૧૨
દેવ પરિક્ષારે કરતાં વળી વળી, ચક્રી સનત્ કુમાર;
રોગે પીડચો રે વરસ તે સાતસે, ન કરી દેહની સાર. ૧૩
નિશદિન એવી રે ભાવનાં ભાવતાં, સરે નિજ આતમ કાજ;
મુનિ વિજય બુધ બોલે પ્રેમશું, ભાવતાં ભવોદધિ જહાજ. ૧૪

## ૩૪
## શિખામણની સજ્ઝાય

(દોહા)

નિજ વાહનથી ઉત્તરી, આવે શ્રી ગુરૂપાસ;
વંદન વિધિસ્યું સાચવી, બેઠાં મન ઉલ્લાસ. ૧
દ્રવ્ય ભાવ બિંહુ ભેદસ્યું, વંદે જીનવર દેવ;
ભૂષણ ભૂષિત દેહસ્યું, સર્વ પરીકર સસનેહ. ૨
સાસુ સસરા ને વહુ, અડત્રિણ એમ ચોવીશ;
ઋષભદત્ત ને ધારિણી, પ્રભવાસ્યું સગવીશ. ૩
ત્રણે ગુણ અણગારનાં, દેહ ધારક સાક્ષાત્;
પંચસયા પ્રભવાતણો, સવિ પરિકર વિખ્યાત. ૪
કોણીક પ્રભવા આદિ કેઈ, વ્યવહારી સમુદાય;
જીનવંદીને ભાવશું, પ્રણમે સોહમ પાય. ૫
તવ સોહમ ગણધર કહે, ખુણ ઇશાન નિવેશ;
તે અનુમતિ માંગી ગ્રહો, શ્રી જીનવરનો વેશ. ૬
તવ અશોક તરૂ તળે, જઈ આભરણ ઉતાર;
વેષ ગ્રહે મન હર્ષશું, પ્રભવો જંબુકુમાર. ૭
કહે કોણિક નૃપ પ્રભુ પ્રત્યે, શિષ્યદાન દીધું આજ;
દીક્ષા ભવ નિસ્તારિણી, દીઓ એહ ગુરૂરાજ. ૮
તવ દૃઢ મન કરવા ભણી, પૂછે સોહમ સ્વામ;
સંયમ કામે પાળવું, વિસવિસવા સાવધાન. ૯

ઢાળ

તવ સોહમ ગણ ધર કહે, સહુને હિત કામે; ઋષભદત્ત આદે કરી;
નિસુણો શિરનામી, એ દુષ્કર છે પાળવું, વચ્છ દુષ્કર કરવું,
વિણ પ્રવહણ નિજ બાહુસું, જલનિધિનું તરવું. ૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પંચ મહાવ્રત પાળવા, નિત ત્રિકરણ શુદ્ધ,
દશવિધ ધર્મ આરાધવો, મન ઋજુતા બુદ્ધે;
ગચ્છ પરંપરા વર્તવું, અહનિશ ગુરૂ સેવા;
ગુરૂ આણા શિર ધારવી, જીમ મીઠા મેવા. ૨

વિનય વિવેક કરી ઘણો, ગુરૂસ્યું મન મેલે;
તત્ત્વ હિતા હિત વાતસ્યું, નિજ મનડું ભેલે;
વચને સંતોષે સહુ, જીમ જલની ધારા;
ગુરૂ મનડું રાજી કરી; લહે આગમ પારા. ૩

સમુદાણી વૃત્તિ કરી, જે એષણ શુદ્ધે;
આસ લીએ દેહ ધારવા, નહિ લંપટ બુદ્ધે;
અણમિલતે ઉણો નહિ, મીલે ગર્વ ન ધારે;
શીખ સહે સમતા રસે, ઈંગીત આકારે; ૪

સર્વ સહે પૃથ્વી પરે, એ લક્ષણ ધરવું,
પ્રવચન માતા આઠ જે, તસ ચિંતન કરવું;
અહી પ્રસંગ કરવો નહિ, સાવદ્ય ન કહેવું;
આપ ડહાપણ ગોપવી, ગુરૂ વચને રહેવું. ૫
જીવજીવ ગુરૂ સેવનાં, કરંતા તપ સાધે;
દશવિધ વૈયાવચ્ચ કરે, તો જગ જસ વાધે;
પરિષહ સઘળા જીપવા, કરૂણા દિલ આણે;
નિશ્ચય ને વ્યવહાર સ્યું, સમયાદિક જાણે. ૬
વિષય કષાય નિવારવા, દૂરે પ્રમાદ;
હસિત વદન હેજાલુઓ, હોયે વચન સ્વાદ;
ધર્મ લહે ભવિ દેખીને, તે મુદ્રા ધારે;
ઇમ આપો પૂં તારતો, પરને પણ તારે. ૭
કપટે ધર્મ ન આચરે, ન ધરે બગ માયા;
શત્રુમિત્ર સરીખા ગણે, સમ રંક ને રાયા;
અનિયત વાસ વસે સદા, જે અપ્રતિ બદ્ધ;
આધાકર્માદિક ના લીયે, થાપણ પ્રતિ બંધ. ૮
વચ્છ ચારિત્ર તેહનું સહી, જે નિજ અજુઆળે;
સિંહ પરે જે આદરી, સિંહની પરે પાળે;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્યું સંયમ લીધાં માટે, સંસાર તરીજે;
મલિન પણું ભારે હોએ, જેમ કંબલ ભીંજે; ૯
સાહમાં છિદ્ર જોવે ઘણાં, ગુરવાદિક કેરાં;
શિખ દિયંતા રિસવે, અવગુણ અવકેરાં;
રીસે ધડહડતો રહે, વહે આપ મુરાદ;
એકાકી નિજ ચિત્તશ્યું, સેવે પ્રમાદ. ૧૦
કથન ન માને કેહનું, જીમ વાંકા ઘોડા;
મુદ્રા પણ તેહવી ધરે, જીમ બંભણ ત્રોડા;
આગમ અર્થ લહી કરી, હોએ ગુરૂથી વાંકા;
મસકજ લોહાની પરે, દુઃખ દાયક માંકા. ૧૧
તેહ ભણી પ્રભવા સુણો, છો ધર્મનાં અર્થી;
ભક્તિવંત ભદ્રકમને, લાજે જે પરથી;
અહી દીક્ષા તેહની ખરી, જે સમતા આણે;
ઈહભવ પરભવ કેરડાં, તે સવિસુખ માણે. ૧૨
જો મનડું સુધું હોએ, તો લેજો દીક્ષા;
સોવન કસવટની પરે, સહેવી છે શિક્ષા;
નિત નિત અછે જુઝવું, સંયમને કામે;
વિસવી સવા આવ્યું હોએ, જો નિજ મન કામે. ૧૩
હિત શિક્ષા એમ સાંભળી, શ્રી સોહમ કેરી;
સંઘ સકલ સોભાગીયો, રહ્યો ગુરૂને ઘેરી;
વાજા જય તણાં તિહાં, ગુહીરાં અતિ ગાજે;
નયવિમલ કહે જૈનની, ઠકુરાઇ છાજે.

### દુહો

તવ જંબુ પ્રભવો કહે, શિર ચડી તુમ શીખ;
પરિવારે પણ આદરી; આપો અમને દીખ.

## ૩૫
## ચંદનબાળાની સજ્ઝાય

ચંપા રે નગરી દધિવાહન રાજા, ધારિણી તસ પટરાણી રે;
આજ કાલ અઠ્ઠમતપ છે ભારી. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દધિવાહન સુલતાની સુલડીયો, દધિવાહન ગયો હારી રે. ૨
ઉત્તમ જીવ કુંખે ઉપન્યા, વસુમતિ કુમારી રે. ૩
ધારિણી રાણી વસુમતિ કુંવરી, સુભટે કરી અપહારી રે. ૪
રાણીજી પૂછે, અમને શું કરશો, કરશું ઘરની નારી રે. ૫
એવા વચન જેણે શ્રવણે સુણીને, મરણ કર્યો તત્કાળ રે. ૬
મરણની બીકે વેચવા લઈ ચાલ્યો, આવીને ચોટલે ઉપાડી રે. ૭
ચૌપદની પેરે વેચાણી, મૂલ કરે વેશ્યા નારી રે. ૮
વસુમતી કુંવરી વેશ્યાને પૂછે, તુમ ઘર કૈસો આચારી રે. ૯
મંદિરા માંસનો બાઈ આહાર જ કરવો, નીત નવા શણગારી રે. ૧૦
વસુમતિ કુંવરી ચકકેસરી આરાધી, વેશ્યાને વાંદ રે વલુરી રે. ૧૧
એવે સમય શેઠ ધનાવહ આવ્યો, લઈ ચાલ્યા તત્કાળી રે. ૧૨
વસુમતિ કુંવરી શેઠને પૂછે, તુમ ઘર કૈસો આચારી રે. ૧૩
પોસહ પ્રતિક્રમણ બાઈ શુદ્ધ સામાયિક, અમઘર એ છે આચરી રે. ૧૪
દાહજવર રોગ શેઠ શરીરે, રોગ ગયો તવ નાસી રે. ૧૫
શેઠની સેવા કરે ઘણેરીરે, વિનીતા વિનીત કુમારી રે. ૧૬
ધન્નાજી શેઠે પુત્રી પણે રાખી, નામ દીધું ચંદનાકુમારી રે. ૧૭
એકદિન શેઠજીનાં ચરણ ધોવંતા, વેણી ઢળતી તેણી વાર રે. ૧૮
વેણી ઉપાડી શેઠે ઉંચેરી મેલી, વેણી છે સૂર્ય જેવી સારી રે. ૧૯
આડી તે આંખે મૂળા જોવંતી, શેઠને દીઠા બગાડી રે. ૨૦
મારૂં માન એણે ઘટાડીયું રે, જો કરૂં એની ખુવારી રે. ૨૧
એકદિન શેઠજી ગામ સિધાવીયા, કરવાને વેપારી રે. ૨૨
અવસર જાણી એણે કામ જ કીધો, માથાની વેણી ઉતારી રે. ૨૩
પગમાં બેડી હાથે ડસકલાં, પૂરી છે ઓરડી અંધારી રે. ૨૪
મનમાં સમતા આણે મહાસતી, અઠ્ઠમ પચ્ચકખી ચોવિહારી રે. ૨૫
ચંદનબાળા મનશું વિચારે, રહેવું તે પરઘર બારી રે. ૨૬
ત્રીજે દિવસે શેઠ જ ઘેર આવ્યા, ન દીઠી ચંદનાકુમારી રે. ૨૭
શેઠજી પૂછે કુંવરી કિહાં ગઇ, ખબર કઢાવું તેણી વાર રે. ૨૮
બરડીને મૂળા દીએ જવાબ; શું જાણું ચંદના કુમારી રે. ૨૯
મારો તો વેણ લગારે ન કરતી, રઝળતી પરઘર બારી રે. ૩૦
નારી રે જાતનાં દોષ ઘણેરાં, સાસઇ ન સહે લગારી રે. ૩૦
પાડોશમાં એક ડોસલડી રહેતી, એકલડી નિરધાર રે. ૩૧
શેઠજી પૂછે કુંવરી કિહાં ગઇ, માતા ચંદના કુમારી રે. ૩૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ડોસીએ કહ્યું મને નવિ પૂછો, ખબર તુજ ઘરનારી રે. ૩૩
પાડોશમાં રહેવું રાજીપો રાખવો, તકની છું ઓશીયાળી રે. ૩૪
તમને તો દુઃખ દેવા ન દઉં, વાત કરો વિસ્તારી રે. ૩૫
ડોસીએ વાત સર્વે સંભળાવી, શેઠજીને તેણી વેળા રે. ૩૬
તત્ક્ષણ શેઠજી ત્યાંથી રે ઉઠયા, નાંખ્યા તાળા ઉઘાડી રે. ૩૭
ચંદન બાળાની સ્થિતિ દેખીને, આંસુડે વર્ષે જળ ધારી રે. ૩૮
આંગણીયે વળગાડી શેઠ ઘેર જ લાવ્યા, આવીને ઉંબરે બેસાડી રે. ૩૯
અડદના બાકુળા સુપડાને ખૂણે, શેઠજી દીએ તેણી વેળા રે. ૪૦
સુખ સમાધે બાઇ પારણું કરો તુમે, બેડી ભંગાવું તુમારી રે. ૪૧
તત્ક્ષણ શેઠજી લુહાર તેડવા ચાલ્યા, કુંવરી ભાવના ભાવે અતિસારી રે. ૪૨
ચંદનબાળા મનશું વિચારે, જો આવે સાધુ ઉપકારી રે. ૪૩
તેણી વેળાએ મહાવીરજી પધાર્યા, હુઆ તે અભિગ્રહ ધારી રે. ૪૪
તેર બોલમાં એક બોલજ ઉણો, વીરજી ફર્યા તેણી વાર રે. ૪૫
ચંદન બાળા મનશું વિચારે, હજી જીવના કર્મ ભારી રે. ૪૬
ચંદના રોતી વીરજી પાછા ફર્યા, બાકુલા વહોર્યા કરપસારી રે. ૪૭
આકાશે દેવ દુંદુભી વાગી, સોવન વૃષ્ટિ હુઈ સાડી બાર કોડી રે. ૪૮
બેડી તુંટી ને ઝાંઝર થયા, હાથમાં સોવન ચૂડી સારી રે. ૪૯
તેવે સમય રાય નરપતિ આવ્યા, આવી તે વળી મૂળા નારી રે. ૫૦
દેવે કીધું કે દૂર જ રહેજો, તારૂં તે નથી તલ ભાર રે. ૫૧
ચંદન બાળા દીક્ષા જ લેશે, ઓચ્છવ થાશે અતિ સારી રે. ૫૨
તેવે સમયે ધન ખર્ચાશે ને, દેખશે નર ને નારી રે. ૫૩
છત્રીશ સહસમાં પ્રથમ જ હોશે, ઉદય રત્નની વાણી રે. ૫૪

## ૩૬
## પાંચમા આરાની સજ્ઝાય

વીર કહે ગૌતમ સુણો, પાંચમાં આરાનાં ભાવ રે;
દુઃખીયા પ્રાણી અતિ ઘણા, સાંભળ ગૌતમ સુભાવ રે. ૧
શહેર હોશે તે ગામડાં, ગામ હોશે સ્મશાન રે;
વિણ ગોવાળે રે ધણ ચરે, જ્ઞાની નહિ નિરવાણ રે. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મુજ કેડે કુમતિ ઘણાં, હોશે તે નિરવાદ રે;
જીનમતની રૂચિ નવિ ગમે, થાપશે નિજ મતિ સાર રે. ૩
કુમતિ ઝાઝા કદાગ્રહી, થાપશે આપણા બોલ રે;
શાસ્ત્ર માર્ગ સવિ મૂકશે, કરશે જીનમત મોલ રે. ૪
પાખંડી ઘણાં જાગશે, ભાંગશે ધર્મના પંથ રે;
આગમ મત મરડી કરી, કરશે નવા વળી ગ્રંથ રે. ૫
ચારણી ની પરે ચાળશે, ધર્મ ન જાણે લેશ રે;
આગમ શાખાને ટાલશે, આપશે નિજ ઉપદેશ રે. ૬
ચોર ચરડ બહુ લાગશે, બોલી ન પાળે બોલ રે;
સાધુ જન સિદાયશે, દુર્જન બહુલા મોલ રે. ૭
રાજા પ્રજાને પીડશે, હિંડશે નિર્ધન લોક રે;
માગ્યાં ન વરસશે મેહુલા, મિથ્યાત્વ હોશે બહુ થોક રે. ૮
સંવત ઓગણીસ ચૌદા તરે, હોશે કલંકી રાય રે;
માતાબ્રાહ્મણી જાણીએ, બાપ ચંડાલ કહેવાય રે. ૯
છયાશી વરસનું આઉખું પાટલીપુરમાં હોશે રે;
તસ સુત દત્ત નામે ભલો, શ્રાવકકુળ શુભ પોષે રે. ૧૦
કૌતુકી દામ ચલાવશે, ચર્મતણાં તે જોય રે;
ચોથ લેશે ભિક્ષા તણી, મહા આકરા કર હોય રે. ૧૧
ઈન્દ્ર અવધિએ જોયતા, દેખશે એહ સ્વરૂપ રે;
દ્વિજ રૂપે આવી કરી, હણશે કલંકી ભૂપ રે. ૧૨
દત્તને રાજ્ય સ્થાપી કરી, ઈન્દ્ર સુરલોકે જાય રે;
દત્ત ધર્મ પાળે સદા, ભેટશે શત્રુંજય ગિરિ રાય રે. ૧૩
પૃથ્વી જીનમંડિત કરી, આપશે સુખ અપાર રે;
દેવલોક સુખ ભોગવે, નામે જય જયકાર રે. ૧૪
પાંચમા આરાનાં છેડલે, ચતુર્વિધ શ્રી સંઘ હોશે રે;
છઠ્ઠો આરો બેસતાં, જીનધર્મ પહિલો જાશે રે. ૧૫
બીજે અગની જાયશે, ત્રીજે રાય ન કોય રે;
ચોથે પ્રહર લોપનાં, છઠ્ઠે આરે તે હોય રે. ૧૬

## દોહા

છઠ્ઠે આરે માનવી, બિલવાસી સવિ હોય;
વીશ વરસનું આઉખું, ષટ્ વરસે ગર્ભજ હોય. ૧૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સહસ ચોરાશી વર્ષ પણે, ભોગવશે ભવિ કર્મ;
તીર્થંકર હોશે ભલો, શ્રેણીક જીવ સુધર્મ. ૧૮
તસ ગણધર અતિ સુંદરૂં, કુમાર પાળ ભૂપાળ;
આગમ વાણી જોઈએ, રચીયો વયણ રસાળ. ૧૯
પાંચમા આરાનાં ભાવ એ, આગમે ભાખ્યા વીર;
ગ્રંથ બોલ વિચાર કહ્યો, સાંભળજો ભવિ ધીર. ૨૦
ભણતાં સમકિત સંપજે, સુણતાં મંગલ માલ;
જીન હર્ષે કહી જોડ એ, ભાખ્યાં વયણ રસાળ. ૨૧

## ૩૭
## નાગદત્તશેઠની સજ્ઝાય

નગરી ઉજ્જયની રે નાગદત્તશેઠ વસે, યશોમતી નામે રાણી રે;
પુત્ર છે નાનો રે તેહને રે વાલહો, નાણું વિવિધ પ્રકારો રે;
મમ કર મમતા રે સમતા આદરો. ૧
તેહ શેઠને મહેલ ચણાવતાં, બાર વરસ વહી જાય રે;
ચિતારા પછી તેણે તેડાવીયાં, ભલામણ દીયે ચિત્ત લાય રે. ૨
વાદળીયા રંગનાં પૂરજો વળી, કોઇ દિન તે નવિ જાય રે;
તિહાં કને ચઉનાણી મુનિ નીકળ્યાં, હસવું કરે તેને ઠાય રે; ૩
શેઠ જોઇને રે મનમાં ચિંતવે, મુનિ આચાર ન ગણાય રે;
હું ભલામણ દઉં મુજ મહેલની, તેમાં મુનિનું શું જાય રે. ૪
નવરો થાઉં તો જાઉં ગુરૂ પૂછવા, એમ ચિંતવી જમવા આવે રે;
પુત્ર જે નાનો તેહને હુલરાવતો, કરે માત્રું બાળ સ્વભાવે રે; ૫
છાટાં પડીયા તેહ માત્રા તણાં, તેહની થાળી મઝારો રે;
તે નવિ ગણકારી ખાવા મંડીયો રે, તે ઘૃત પરે તેણી વારો રે. ૬
મુનિ પણ ફરતાં ફરતાં ગોચરી, આવ્યા તેહને ઘેર રે;
વળી પણ મુનિને હસવું આવીયું, તે જોઇ ચિંતવે તેહરે. ૭
સંશય પડીયો નાગદત્ત શેઠને, જમી દુકાને આવે રે;
બોકડો લેઇ કસાઇ નિકળ્યો, તે દુકાને ચડી જાવે રે; ૮
કહે કસાઇ તું આપને મુજને, નહિ કાં દે તસ નાણું રે;
નાગદત્ત ચિંતવે એ નાણા તણું; દીસે નહિ ઠેકાણું રે; ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એમ ચિંતી વસ્ત્ર આડું કરે, ઓકડો ઉતરી જાવે રે;
ઉતરે ત્યાં તેને આંસુ પડે, ત્યાં તો અણગાર તે આવે રે. ૧૦
આંસુ દેખી મુનિ મ્હોં પલકીયું, ચિંતે શેઠ તે આમ રે;
એ મુનિ ત્રણ વેળા હસવું કરે, શું કામે એણે ઠામ રે. ૧૧
એમ તિહાં શેઠ મનમાં ચિંતવી, ખાઇ પછી મુખવાસ રે;
ઉઠી તિહાંથી પૌષધશાળામાં, જઇ બેઠો મુનિ પાસ રે. ૧૨
મુનિ ને પૂછે તુમે હાસ્ય કર્યું, ત્રણવાર સ્યે કાજ રે;
તેહનું કારણ આવીયો પૂછવા, કહો મહેર કરી મહારાજ રે. ૧૩
પહેલા ચિતારાને ભલામણ કરૂં, ત્યાં કરી તુમે હાંસી રે;
ઘરનું કામ રે કોણ કરતાં નથી, દેખી થયો નિરાશી રે. ૧૪
તેહનું કારણ મુજને કીજીએ, જેમ મન રાજી થાય રે;
મુનિ કહે તુજ પૂછયાંનો કામ નહિ, સુણ દેવાનુપ્રિય ભાઇ રે. ૧૫
તો પણ શેઠે લીધો હઠ આકરો, મુનિ બોલ્યા તેણી વાર રે;
સાત દિવસનું છે તુજ આઉખું, સાંઝે કરીશ તું કાળ રે. ૧૬
મહેલની ભલામણ તો જગમાં દીયો, કંઇ તારૂં ભાતું ન થાવે રે;
તેહ થકી મને હસવું આવીયું, એ કારણ પરભાવે રે. ૧૭
શેઠે પૂછીયું વળી મુનિવર ભણી, સ્યે રોગે મુજ કાળ રે;
મુનિ કહે શુળ થાશે કપાળમાં, આકરો રોગ પ્રકાર રે. ૧૮
જીવ આવ્યો તિમ જાશે એકલો, પરભવ નહિ સથવારો રે;
પુત્ર માતા પરિગ્રહ અસાર છે, કલત્રાદિક પરિવારો રે. ૧૯
વનમાં એક વટવૃક્ષ મોટો હતો, બહોળી શાખા જેહની રે;
પંખી ત્યાં આશરો લેતાં ઘણાં, શીતલ છાંયા તેહની રે. ૨૦
દવ તિહાં લાગ્યો માંડયા ઉડવા, રહે એકીલો તરૂ સાર રે;
તેમ જીવ પરભવ જાતાં એકલો, પાપ છે દુઃખ દેનાર રે. ૨૧
જેમ કોઇ શહેરે રાજકુંવર હતો, એકલો ગયો પરદેશે રે;
ભાતું ન લીધું રે મુંઝાણો ઘણો, તીમ પરભવ દુઃખ સહશે રે. ૨૨
જેમ કોઈ મહેમાન જ ઘેર આવીયો, તેને જાતા શી વાર રે;
એમ ઉઠી ઓચિંતુ ચાલવું, જુએ ન નક્ષત્ર તીથી વાર રે. ૨૩
ઘરનાં કામ તો સર્વ અધવચ રહ્યાં, કોઇથી દુઃખ ન વહેંચાય રે;
તું ભલામણ દેતો હતો મહેલની, પણ પરભવમાં શું થાય રે. ૨૪
વાલેસર વિના એકજ ઘડી, નવિ સોહાતું લગાર રે;
તે વિના જન્મારો વહી ગયો, નહિ કાગળ સમાચારો રે, ૨૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેણે કારણ શેઠજી ડરો પાપથી, અંતર કરીને વિચારો રે;
સૂધી ધર્મકરણી સમાચરો, તો તરશો એ સંસારો રે. ૨૬
વળી પણ શેઠે પ્રશ્ન જ પૂછીયો, હું મુજ પુત્ર રમાડું રે;
ત્યાંય પણ તુમે હસવું કર્યું, મુજ મન તેથી ભમાડયું રે. ૨૭
મુનિ કહે તે તુજ સ્ત્રીનો જાર રે, તેં તારા હાથે માર્યો રે;
તે વેર લેવા તુજ કુળ આવીયો, હવે સાંભળ તેનો વિચારો રે. ૨૮
ઝેર દઈ તુજ નારીને મારશે, વરતસે ભૂંડે આચાર રે;
નાણું ખોશે વ્યસની અતિ ઘણો, મુરખ બહુ અવિચાર રે. ૨૯
મોટો થાશે તે મહેલ જ વેચશે, નહિ રહેવા દે કાંઇ રે;
પેશાબ તું પીતો હતો તેહનો, તેહને મુજ હસવું થાય રે. ૩૦
વળી શેઠે ત્રીજો પ્રશ્ન જ પૂછીયો, જે બોકડાનો દૃષ્ટાંત રે;
ત્યાં શા કારણે તુમે હસવું કર્યું, તે ભાખો ભગવંત રે. ૩૧
મુનિ કહે કુડ કપટ પ્રભાવથી, વળી કુડા તોલા ને માપ રે;
તે પાપે થી રે તિર્યંચ ઉપજે, જૂઠ માયાને પ્રતાપ રે. ૩૨
એક દિન શેઠ બેઠો તો દુકાનમાં, ત્યાં આવ્યો ચંડાળ રે;
રૂત લેવાને નાણો આપીયો, કેળવે કપટ અપાર રે. ૩૩
કપટ કેળવી રૂત ઓછો દીધો, ખાઈ ગયો દોય સારો રે;
ઘરે જઇ તેણે રૂત જ તોલીઓ, થયો કદાગ્રહ અપારો રે. ૩૪
કલેશ થયો પણ પાછો નવિ દીઓ, દેણું રહી ગયું તામ રે;
મરીને તુજ બાપ જ થયો બોકડો, મારવા લઈ જાય ઠામ રે. ૩૫
તે લઈ જતા દુકાને જ આવીયો, તુજ બાપ જ તેણી વાર રે;
જાતિ સ્મરણ દેખી ઉપજ્યું, પેઠો દુકાન મઝારો રે. ૩૬
લોભનાં વશથી રે તું ન લઈ શકયો, મેષ ઉતરતા તે વાર રે;
આંસુ ચોધારા તેને પડયાં, આવ્યો ક્રોધ અપારો રે. ૩૭
તવ શેઠજ પાધરો ઉઠીયો, જયાં ચંડાલ ત્યાં આય રે;
કહે મુજને તું દેને બોકડો, તે કહે રહ્યો આ રંધાય રે. ૩૮
દેવા માંડયો ત્યારે નવિ લીધો, તેને મેં મારી નાંખ્યો રે;
ભાંગે પગલે તે પાછો વળ્યો, પૂછે મુનિ તે દાખો રે. ૩૯
મુજ તાત પ્રભુ કઈ ગતિ સંચર્યો, તવ મુનિવર કહે તામ રે;
રૌદ્ર ધ્યાન તુજ ઉપરે આવીયો, તેણે પેલી નરકે ઠામ રે. ૪૦
નરકે ગયો તે બહુ દુઃખ અનુભવે, કપટ તણો પરભાવે રે;
એમ સુણી નાગદત્ત ધ્રુજીયો, મનમાં તે પસ્તાય રે. ૪૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તવ તે મુનિને કહે શેઠિયો, સાત દિવસ મુજ આય રે;
હવે હું ધર્મ શી રીતે કરૂં, મુનિ કહે મત પસ્તાય રે. ૪૨
એક દિવસનું ચારિત્ર સુખ દીએ, લહે સુર સંપદ સાર રે;
જેવા ભાવ તેવા ફળ નિપજે, નહિ કર ચિંતા લગાર રે. ૪૩
એમ સુણીને નાગદત્ત શેઠજી, લેવે ચારિત્ર સાર રે;
એહ પરિગ્રહ સઘળો અસાર છે, મુકતા ન કરી વાર રે. ૪૪
ચાર દિવસ એણે ચારિત્ર પાળીયું, ત્રણ દિન કર્યો સંથારો રે;
સાતમેં દિવસે કપાળમાં શૂળ થયું, કહે આરાધનાં સારો રે. ૪૫
શરણુ લેતાં કરી પુરૂં આઉખું, રહી શુભ ધ્યાન મોઝાર રે;
સુધર્મા દેવલોક ઉપન્યો, સુખ વિલસે શ્રીકારો રે. ૪૬
એમ જાણીને ધર્મ આદરો, તો સુખ પામો અપારો રે;
જ્ઞાન વિમલ સૂરિ ઇમ કહે, ધર્મે જય જયકારો રે. ૪૭

## ૩૮
## નાગેશ્વરી બ્રાહ્મણીની સજ્ઝાય

ચંપા નગરી સોહામણી રે લાલ, ભરત ક્ષેત્ર મોઝાર હો ભવિક જન;
સોમીલ બ્રાહ્મણ તિહાં વસે રે લાલ, નાગેશ્વરી ઘરનાર હો ભવિકજન;
સાધુને વહોરાવ્યું કડવું તુંબડું રે લોલ. ૧
દીધો ન મન વિચાર હો. ભ. તેણે કાળે તેણે સમે રે લોલ;
ધર્મ ઘોષ અણગાર રે હો. ભ. ૨
તેહનાં શિષ્ય અતિ દીપતા રે લાલ, ધર્મરૂચિ અણગાર હો. ભ.
માસિક તપ તે આદરે રે લાલ, રહે ગુરૂની લાર હો. ૩
માસ ખમણુને પારણે રે લાલ, લેઈ ગુરૂની આણ હો. ભવિકજન;
નાગેશ્વરી ઘર આવીયા હો લાલ, દીધો ઘણો સન્માન હો ભવિ. ૪
તે તો ઘરમાં જાઈને રે લાલ, હરખ શું લઈ ઉઠાય હો ભવિ.
કડવા તુંબડાનો સાલણો રે લાલ, સવિ દીધો વહોરાય રે ભવિ. ૫
આહાર પૂરો જાણી કરી રે લાલ, આવ્યા ગુરૂજીની પાસ હો ભવિ.
એહવો આહાર વત્સ મત કરો રે લાલ, હોશે જીવ વિનાશ હો ભ. ૬
આહાર લેઈ મુનિ ચાલિયા રે લાલ, ગયા વન મોઝાર હો ભવિ.
એક બિંદુ તિહાં પરઠવ્યું રે લાલ, હુઆ જીવ સંહાર હો. ભ. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક બિંદુને નાંખવે રે લાલ, હુઓ જીવનો વિનાશ હો ભ.
જીવદયા મન ચિંતવી રે લાલ, કીધો સઘળો આહાર હો ભ. ૮
એક મુહૂર્ત ને અંતરે રે લાલ, પરિણમ્યો આહાર અસાદ હો ભ.
અતુલ વેદના ઉપડી રે લાલ, તુંબડા તણે પ્રસાદ હો ભ. ૯
સંથારા ગાથા પઢી કરી રે લાલ, ત્યાગ્યો સર્વે આહાર હો ભ.
પાપ અઢાર પચ્ચક્ખી કરી રે લાલ, કાળ કર્યો તેણી વાર હો ભ. ૧૦
સાધુ આણી મન ભાવના રે લાલ, ગયા અનુત્તર વિમાન હો ભ.
મહાવિદેહમાં જન્મશે રે લાલ, પામશે કેવલ જ્ઞાન હો ભ. ૧૧
બ્રાહ્મણ સુણીને કોપીયો રે લાલ, નાગેશ્વરી ને દીધી કાઢ હો ભ.
સોળ જાતિનાં રોગ ઉપન્યા રે લાલ, વેદનાએ પીડી અપાર હો ભ. ૧૨
સાતે નરકમાં જઈ કરી રે લાલ, ફળી અસંખ્યાતો કાળ હો ભ.
દુઃખ અનંતા પામીયા રે લાલ, કર્મ તણાં ફળ જાણ હો ભ. ૧૩
શેઠ તણે ઘેર અવતરી રે લાલ, ચંપા નગરી મઝાર હો ભ.
સુકુમાલિકા નામે ભલી રે લાલ, રૂપે રંભા અવતાર હો ભ. ૧૪
શેઠ કુમારી પરણાવીયા રે લાલ, કુમર અતિ સુકુમાળ હો ભ.
તત્કાળે છોડી ગયો રે લાલ, લાગી અગ્નિની જાળ. હો ભ. ૧૫
શેઠજી શેઠ ઘેર આવીયા રે લાલ, ઓલંભો દીયો તેણી વાર હો ભ.
વિણ અવગુણ કાંઇ પરિહરી રે લાલ, તુમ મન કોણ વિચાર હો ભ. ૧૬
શેઠજી પુત્રને એમ કહે રે લાલ, તે કીધું કાંઇ પુન્ય હો ભ.
પાછા જાઓ એને ઘરે રે લાલ, રાખો શેઠ ઘર સુત હો ભ. ૧૭
પુત્ર કહે પિતા સુણો રે લાલ, કહો તો બુડું જળમાંય હો ભ.
કહો તો અગ્નિમાં બળી મરૂં રે લાલ, કહો તો પડું વૃક્ષ ચઢી હો ભ. ૧૮
કહો તો ડુંગરથી પડી મરૂં રે લાલ, કહો તો વિષ ખાઉં હો ભ.
કહો તો ફાંસી લેઇ મરૂં રે લાલ, કહો તો પરદેશે જાઉં હો ભ. ૧૯
કહો તો શસ્ત્ર ઘોંચી મરૂં રે લાલ, કહો તો લેઉ સંયમભાર હો ભ.
તાત વચન લોપું નહિ રે લાલ, પણ નહિ વાંછું એ નાર હો ભ. ૨૦
શેઠજી સુણી ઘેર આવીયા રે લાલ, કુમરી ઉપર બહુ કોડ હો ભ.
દ્રમક પુરૂષ અણાવીયો રે લાલ, તે પણ ગયો તેને છોડ હો ભ. ૨૧
કુમરી મન ચિંતા થઈ રે લાલ, કાં સરજાઇ કિરતાર હો ભ.
કીધાં પાપ મેં અતિ ઘણાં રે લાલ, ઉદય હુઆ ઈણી વાર હો. ભ. ૨૨
દાન દેવા તિહાં માંડયું રે લાલ, દિન દિન પ્રત્યે પ્રભાત હો ભ.
ગોવાળિકા સાધ્વી પધારીયા રે લાલ, પૂછે મનની વાત હો ભ. ૨૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કરજોડી વિનતિ કરે રે લાલ, મુંજ શું કરો ઉપકાર હો ભ.
મુજ ભરતાર વંછે નહિ રે લાલ, કાંઈ કરો ઉપચાર હો ભ. ૨૪
એહ વચન તિહાં સાંભળી રે લાલ, સા કહે ધર્મ ઉપદેશ હો ભ.
ધર્મ સુણાવ્યો મોટકો રે લાલ, જેથી પામે સુખ અનંત હો ભ. ૨૫
ધર્મ કથા હેત શું સુણી રે લાલ, શ્રાવકનાં વ્રત બાર હો ભ.
એ ધર્મ તુજને તારશે રે લાલ, એ સંસાર અસાર હો. ભ. ૨૬
અનુમતિ લેઇ પિતા તણી રે લાલ, લીધો સંયમ ભાર હો ભ.
ચાર મહાવ્રત ઉચ્ચર્યા રે લાલ, રહે ગુરૂણી લાર હો ભ. ૨૭
કરજોડી વિનતી કરે રે લાલ, ઘો મુજને આદેશ હો ભ.
વનમાંહિ કાઉસ્સગ્ગ કરૂં રે લાલ, લેશું આતાપના તેજ હો ભ. ૨૮
ગુરૂણી વચન લોપી કરી રે લાલ, ગઈ બાગ મઝાર હો ભ.
છઠ્ઠ છઠ્ઠ તપ કાઉસ્સગ્ગ કરે રે લાલ, દીઠી ત્યાં ગણિકા નાર હો ભ. ૨૯
ગણિકા દેખી નિયાણું કરે રે લાલ, પાંચે પુરૂષની નાર હો ભ.
અર્ધમાસની સંલેહણા કરી રે લાલ, બીજે સ્વર્ગે અવતાર હો ભ. ૩૦
નવ પલ્ય આયુષ્ય ભોગવી રે લાલ, દેવા ગણિકા નાર હો ભ.
દ્રુપદ રાજા ઘેર અવતરી રે લાલ, ચૂલણી કુખે દ્રૌપદી નાર હો ભ. ૩૧
પાંચ પાંડવ ઘેર ભારજા રે લાલ, હુઇ અતિ સુજાણ હો ભ.
સંયમ લઈ સ્વર્ગે ગઈ રે લાલ, પછી જાશે નિર્વાણ હો ભ. ૩૨
મહા વિદેહમાં સિદ્ધશે રે લાલ, પામશે કેવલ જ્ઞાન હો ભ.
પાંચે પાંડવ મુકતે ગયા રે લાલ, પહોંત્યા અવિચલ ઠાણ હો ભ. ૩૩

## ૩૯
## હરિચંદ્રની સજ્ઝાય

### દુહો

શ્રી ગુરૂ પદ પંકજ નમી, સમરી શારદા માત;
સત્યવાદી હરિચંદ્રની, ઉત્તમ કહું અદાવત.

સત્ય શિરોમણિ હરિચંદ્ર પૃથ્વી પતિ, નગરી અયોધ્યા જેની સ્વર્ગ સમાન જો;
સુરગુરૂ સમ વસુભૂતિ મંત્રી જેહનો, રાણી સુતારા ને કુમર દેવ સમાન જો. ૧
અવસર જાણી એકદિન સુરપતિ ઉચ્ચરે, હરિચંદ્રનાં ગુણ કરે દેવને જાણજો;
પ્રાણ જતાં પણ સત્યપણું છોડે નહિ, મનુષ્ય છતાં પણ કરું કેટલા વખાણ જો. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામિ વચને શ્રદ્ધા નહિ બે દેવને;
તેણે વિકુર્વ્યા તાપસો પુરની માંય જો;
સુવર થઇને નાશ કર્યો આરામનો,
પોકાર કરતો ગયો તાપસપુરની માંયજો. ૩
સાંભળી નૃપતિ ચાલ્યો તાપસ આશ્રમે,
હાથમાં લઈ ને ખેંચી તાણ્યું તીર જો;
ગર્ભિણી હરિણીને વચમાં લાગી પડયું,
હરિણી મરતાં કુલપતિ ફૂટે શિર જો. ૪
પશ્ચાત્તાપની સીમા ન રહી રાય ને,
કુલપતિ પાસે નૃપ નમાવી કાય જો;
પ્રાયશ્ચિત્ત માટે રાજ પાટ દેઉં આપને,
પાપહત્યા જો લાગેલી મુજ જાય જો. ૫
ઉપર લાખ સોનૈયા આપું પુત્રીને,
પોષેલી મૃગલી જેણે દિવસ ને રાત જો;
કુલપતિ કહે હું રાજા આજથી પુરનો,
લાખ સોનૈયા દ્યો વેંચી તુમ જાત જો. ૬
રાજ્યને ત્યજતાં આડો મંત્રી આવીયો,
ત્યારે તાપસે કીધો મંત્રી કિર જો,
કપિંજલ અંગરક્ષક વચમાં બોલીયો,
તેને પણ કીધો જંબૂક છાંટી નીર જો. ૭
કસોટી કીધી દેવે રાજ્ય તજાવીયું,
તો પણ સત્યમાં અડગ રહ્યા છે ભૂપ જો;
કાશી નગરીમાં જઈ ચૌટામાં રહી,
વેચાણ માટે ત્રણે ઉભા છે ચૂપ જો. ૮
વેચાણ લીધી રાણીને એક બ્રાહ્મણે,
કુમારને પણ વેચ્યો બ્રાહ્મણ ઘેર જો;
પોતે પણ વેચાણો ભંગીના ઘરે,
કર્મ રાજાએ કીધો કાળો કેર જો. ૯
જળ વહન કર્યું બાર વરસ લગે નીચ જો,
નોકર થઇને વર્ત્યો ચંડાળ ઘેર જો;
દુઃખ સહન કરવામાં મણા રાખી નહિ,
તો પણ કર્મે જરા ન કીધી મહેર જો. ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાક્ષસી રૂપ કરાવી કીધી વિટંબણા,
તારામતીને ભરી સભાની માંય જો;
નાગ ડંસાવી મરણ કર્યો રોહિતાશ્વને,
વિખૂટો પડયો તારામતીથી રાય જો. ૧૧

મૃતક અંબર લેવા પ્રેત વને ગયો,
ચંડાળનાં કહેવાથી નોકર રાય જો;
આવી સુતારા કુમાર મૃતકને ઉચકી,
દહનક્રિયા કરવા મૂકી કાય જો. ૧૨

રૂદન કરે છાતી ફાટને કુટતી,
ખોળામાં લઈરે બાળક ઉપર પ્રેમ જો;
એટલામાં હરિ દોડતો આવ્યો આગળે,
ઓળખી રાણીને પૂછે છે કુશળ ક્ષેમ જો. ૧૩

સુતારા કહે પુત્ર મરણની આ દશા,
ચંડાળ થઈને મને વેચી દ્વિજ ઘેર જો;
રાજપાટ ગયું કુટુંબ કબીલો વેગળો,
પુત્ર મરણથી વર્ત્યો કાળો કેર જો. ૧૪

બાર વરસ લગે ભંગીપણું આપે કર્યું,
ચાકરડી પણું થયું મારે શિર તેમ જો;
કુંવર ડંસાવ્યો વનમાં કાષ્ટ લેવા જતાં,
સ્વામી હવે શું પૂછો છો કુશળક્ષેમ જો. ૧૫

પ્રભુ હવે તો દુઃખની હદ આવી રહી,
શિર પર ઉગવા બાકી છે હવે તૃણ જો;
દુઃખ લખ્યું હશે કેટલું આપણા ભાગ્યમાં,
નાથ હવે તો માગું છું હું મરણ જો. ૧૬

ગભરાયો નૃપ રાણીની વાતો સાંભળી,
ધીરજ ધારી હૃદય કર્યું કઠીન જો;
સહન કરીશ હું જેટલું જે દુઃખ આવશે,
પણ સૂર્યવંશી થાશે નહી કદી દીન જો. ૧૭

આટલું બોલી પ્રેમનું બંધન તોડીને,
મુખ ફેરવીને માંડયું મૃતકનું વસ્ત્ર જો;
રાયની સમસ્યા સુતારા સમજી નહિ,
ફરી ફરી નૃપના હાથમાં દે છે પુત્ર જો. ૧૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પુત્રનાં સંબંધનું કામ નથી હવે માહરે,
ત્યારે શું કહો છો બોલો થઈ સન્મુખ જો;
લજ્જા મૂકી અશ્રુથી નેત્રો ભરી નૃપે,
માગ્યું અંબર મૃતકનું કરી ઉન્મુખ જો. ૧૯
એટલામાં કરી દેવે વૃષ્ટિ પુષ્પની,
સત્યવાદી તમે જય પામો મહારાજ જો;
કસોટી કીધી દુઃખમાં નાંખી આપને,
ક્ષમા કરોને સત્યતણાં શિરતાજ જો. ૨૦
દીધું વરદાન દેવે રાજ્ય આબાદનું,
સજીવન કરી પુત્રને ગયા દેવલોક જો;
મંત્રીશ્વર અંગરક્ષક બન્ને આવીયા,
શ્લાઘા થઇ છે નૃપની ત્રણે લોક જો. ૨૧
ધન્ય ધન્ય છે સત્ય શિરોમણી રાયને,
જેમ જેમ કસીએ, તેમ તેમ કંચનવાન જો;
સુરપતિ આગળ સ્તુતિ કરે હરિશ્ચંદ્રની
દીઠો ન જગમાં ધૈર્યમાં મેરૂ સમાન જો. ૨૨
વિચરંતા પ્રભુ શાંતિજીનેશ્વર આવીયા,
રાય ને રાણી વંદન અર્થે જાય જો;
દેશનાન્તે હરિશ્ચંદ્રે પૂરવ ભવ પૂછીયો,
શા કારણથી ભંગી પણું મુજ થાય જો. ૨૩
બાર વરસ લગે દુઃખનાં ડુંગર દેખીયા,
સુતારા શિરપર આવ્યું મહાન કલંક જો;
વિખૂટો કર્યો પુત્રને રાણીથી મુજને,
કારણ વિણ કદી કાર્ય બને ન નિશંક જો. ૨૪
પ્રભુ કહે રાય રાણી તુમે પૂર્વે હતા,
સાથે સાથે બે મુનિ આવ્યા તુમ ગામજો;
દેખીને રાણી વિંધાણી કામથી,
દંભથી દાસી દ્વારા ભીડી હામ જો. ૨૫
હાવભાવ દેખાડયા બહુ એકાંતમાં,
પણ મુનિ કહે ભસ્મ થયો અમ કામજો;
તેથી કામ અમારો હવે નથી જાગતો,
વળી મળમૂત્રની કૂડી કાયા છે ઉદ્દામ જો. ૨૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નિરાશ થઇ રાણી નૃપકને જઇ,
આળ ચડાવ્યું મુનિ ઉપર નિરધાર જો;
તાડન પૂર્વક બંદી ખાને નંખાવીયા,
માસાન્તે રાય કરે પસ્તાવો અપાર જો. ૨૭
દોષ ખમાવી મુનિ સમકિત પામીયા,
મુનિવર બન્ને કાળ કરી ગયા દેવલોક જો;
કસોટી મિષથી વૈર પૂરવ તેણે વાળીયું,
સુખ-દુઃખ નિમિત્ત કર્મ જાણી તજો શોકજો. ૨૮
રાય ને રાણી જાતિ સ્મરણ પામીયાં,
અલ્પ નિદાનનો દીઠો વિપાક મહાન જો,
જગતની વિચિત્રતા સર્વે અનુભવી,
કર્મ બંધનનાં છોડયા સકળ નિદાન જો. ૨૯
સાકેતપુરનું રાજ્ય દેઈ રોહિતાશ્વને,
દીક્ષા લીધી સોળમાં જીનવર પાસ જો;
કેવલ પામી શિવપુરમાં સિધાવીયાં,
ગુરૂ ઉત્તમપદ પદ્મ નમે, તસ ખાસ જો. ૩૦

## ૪૦
## જીવદયાની સજઝાય

**આદિ જીનેશ્વર પાય પ્રણમેવ, સરસ્વતી સ્વામીની મન ધરેવ;**
જીવદયા પાળો નરનાર, તો તરશો નિશ્ચે સંસાર. ૧
પાણી ગળતાં જયણા કરો, ખારાં મીઠાં જુદાં ધરો;
જેહને મન દયા પ્રધાન, તે ઘેર હોશે બહુ સંતાન. ૨
મારે જૂ ને ફોડે લીખ, નરનારીને એહ જ શીખ;
તેહને ઘરે નહિ સંતાન, દુઃખ દેખે તે મેરૂ સમાન. ૩
પક્ષી ઉંદર માણસનાં બાળ, જે પાપી મારે ચિરકાળ;
તેને પરભવે એહિ જ દુઃખ, છોરૂ તણું નવિ હોએ સુખ. ૪
માખણ મધ બીલી અથાણુ, આદુ સુરણ વર્જો જાણ,
ગાજર મૂળા રતાળુ જેહ, શુદ્ધ શ્રાવક તરછોડે તેહ. ૫

Jain Education International 2010_05　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

ફોગટ ફુલે માયા કરે, કહો કેમ તે ભવસાગર તરે;
જેહને દેવગુરૂ શું દ્વેષ, સુખ ન પામે તે લવલેશ. ૬
બહુ દહાડાનું ભેળું કરી, માખણ તાવે અગ્નિએ ધરી;
તેહ મરીને નરકે જાય, માનવ હોય તો દાહજ્વર થાય. ૭
દુધ તણે વળી લોભે જેહ, પાડા ભૂખે મારે તેહ;
ફરતાં ઢોરમાં તે જાયે વળી, ભૂખે તરશે મરે ટળ વળી. ૮
આંખ ફુટે દીયે જે ગાળ, પરભવ અંધો થાએ બાળ;
મારો પીટયો દીએ જે ગાળ, પરભવ સુખ ન પામે તે બાળ. ૯
પાટ પાટલા ને વસ્ત્રદાન, સવિ શેકયું વળી રાંધ્યું ધાન;
મુનિવરને દીએ મન ઉલ્લાસ, તસ ઘરે લક્ષ્મી રહે સ્થિર વાસ. ૧૦
દેતાં દાન વિમાસણ કરે, દેઈ દાન મન ચિંતા ધરે;
સુખ સંપત્તિ પામે અભિરામ, છેડે ન હોએ વસવા ઠામ. ૧૧
ધન થોડું ને દીએ દાન, મહિલયમાં તે વાધે વાન;
ઋષિને દાન દેઈ કરે રંગરોળ, તસઘેર લક્ષ્મી કરે કલ્લોલ. ૧૨
સુખ સંપત્તિ જો આવે મળી, ડોસાની દેવા મતિ ટળી;
ધન ઉપર જે રાખે સ્નેહ, પરભવ સાપ પણે થાયે તેહ. ૧૩
અધિકો ઓછો બાંધે તોલ, દેવા ચાહે નવિ પાળે બોલ;
તેહની લોકમાં ન હોયે લાજ, પરભવ તેહનાં ન સરે કાજ. ૧૪
પોથી બાળે બોળો જેહ, પરભવ મૂરખ થાયે તેહ;
ભણે ગુણે દે પોથી દાન, પરભવ નર તે વિદ્યાવાન. ૧૫
નાનાં મોટાં કુંપાળાં હરી, ખાંતે ચૂંટે લીલા કરી;
કીધાં કર્મ નવિ ઠેલાય, મરીને નર તે કોઢીઓ થાય. ૧૬
પાંખ પંખીની કાઢે જેહ, પરભવ ઠુંઠો થાયે તેહ;
પગ કાપે ને કરે ગળ ગળો, મરી નર તે થાયે પાંગળો. ૧૭
પાડોશી શું વઢે દિન-રાત, પરભવ તે ન પામે સંઘાત;
માત-પિતા સૂત સૈયર ઘણી, પરભવ તેહને વઢવાડ ઘણી. ૧૮
અણ દીઠું અણસાંભળ્યું કરે જેહ, પરભવ સઘળો થાયે તેહ;
પારકી નિંદા કરે નરનાર, જસ નહિ પામે તે લગાર. ૧૯
પરનાં અવગુણ ઢાંકે જેહ, નરનારી જસ પામે તેહ;
નિંદા કરીને દીએ જે ગાળ, પરભવ નર તે પામે આળ. ૨૦
રાત્રિ ભોજન કરે નરનાર, તે પામે ઘુવડ અવતાર;
રાત્રે પંખી જ ખાએ ધાન, માણસ હૈયે ન દીસે સાન. ૨૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સૂર્ય સરીખો આથમે દેવ, માણસને ખાવાની ટેવ;
ધર્મી લોક જ હોયે જેહ, રાત્રિ ભોજન ટાળે તેહ. ૨૨
ગૌતમ પૃચ્છાને અનુસાર, એ સજ્ઝાય કરી શ્રીકાર;
પંડિત હર્ષ સાગર શિષ્યસાર, શિવ સાગર કહે ધર્મ વિચાર. ૨૩

## ૪૧
## દ્રૌપદીની સજ્ઝાય

કૃષ્ણજી તમને કહું કરજોડ કે, સુણો પ્રભુ વિનતિ રે લોલ;
પ્રભુજી નહિ કાંઈ માહરો દોષ કે, નઠોર થયા મુજ પતિ રે લોલ. ૧
પ્રભુજી તમને એવડી રીશ કે, કરવી કેમ ઘટે રે લોલ;
પ્રભુજી લખીયા છઠ્ઠીનાં લેખ કે, મટાડ્યા નવિ મટે રે લોલ. ૨
પ્રભુજી દોષ તમારો નહિ કાંઇ કે, કિરતાર એક મને ગમે રે લોલ;
પ્રભુજી છોરૂ કછોરૂ થાય કે, માવતર તોયે ખમે રે લોલ. ૩
બાંધવ તુજથી મોટી લાજ કે, કાજ વિચારીએ રે લોલ;
પ્રભુજી વિનવું ગોદ બિછાવી કે, રોષ નિવારીએ રે લોલ. ૪
પ્રભુજી તુમે મોટા મહારાજ કે, મનમાં જાણીએ રે લોલ;
પ્રભુજી પોતાનો પરિવાર કે, દીલમાં આણીએ રે લોલ. ૫
પ્રભુજી મોટા હોય દાતાર કે, બોલે સુખે મીઠડું રે લોલ;
પ્રભુજી મોટા ન મૂકે આપ કે, કરે અણદીઠડું રે લોલ. ૬
દ્રૌપદી તારા પતિના બોલ કે, ક્ષણ ક્ષણ સાંભરે રે લોલ;
દ્રૌપદી એણે જે કીધા કામ કે, વૈરી પણ નવિ કરે રે લોલ. ૭
એહને બળ દેખાડું આજ કે, મનમાં રીશ ધરે રે લોલ;
સુણી રાણી મનમાં વિલખાણી કે, આંખે આંસુ ઢળે રે લોલ. ૮
ભાઈ એવડો ન રોષ કે, ઉભી એમ ટળવળે રે લોલ;
પ્રભુ કાંઈ કુંતાની લાજ કે, દિલમાં આણજો રે લોલ. ૯
પ્રભુજી પાંડુરાય નિહાળી કે, મનમાં જાણજો રે લોલ;
પ્રભુજી ગૌ બ્રાહ્મણ પ્રતિ પાલ કે, સૌ તમને કહે રે લોલ. ૧૦
પ્રભુજી તુમ ચરણે જે આવે કે, સૌ નરવીર બને રે લોલ;
પ્રભુજી કઠોર થયા તુમે આજ કે, કિમ હોંશ હવે સરે રે લોલ. ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org




द्रौपदी

राका केवलस हस्ते शाह दलीचन्दजी सिकन्द्राबाद

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## द्रौपदीजी

१. पूर्वभव में द्रौपदीनें मुनि को कडवे जहरी तूंबेका शाग बहेराया।

२. परठवनेमें जीव-हिंसा देख मुनिनें खा लिया, स्वर्ग गये ।

३. मुनि हत्यासे नरकादि भव भ्रमण । बाद अंगार जैसा शरीर होने से दो पतिओंने छोड दिया ।

४. दीक्षा, कडी धूप में आतापना, पांचयारों से सेवा की जाती वेश्या को देख पांच पतिका नियाणा ।

५. वरमाला द्रौपदीनें डाली अर्जुन गले में दिखी पांचोंके । नारदजी से नियाणे की स्पष्टता ।

६. जल मानकर धोती ऊंची पकडनें से पांडवों द्वारा दुर्योधन का उपहास ।

७. जूंए में पांडव राज्य और द्रौपदी तक हारे, दुर्योधन की जीत ।

८. सभामें द्रौपदी वस्त्रहरण ।

९. कीचक वध ।

१०. युद्धभूमि पर घायल भीष्म को देव के द्वारा दीक्षा समय की सूचना।

११. अविरति होने से नारदजी को द्रौपदी से अबहुमान ।

१२. ईस लिये नारदजीनें द्रौपदी का अमरकंकामे हरण करवाया।

१३. नौका न भेजने से कृष्णजी का पांडवो पर तीव्र रोष, देशनिकाले का हुकम ।

१४. कुंती, द्रौपदी सहित पांडवों की दीक्षा ।

१५. ऊग्र तपसे द्रौपदी स्वर्गमें और बाकी सिद्धाचलजी पर मुक्त ।

—धन्य सती द्रौपदी

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુજી કઠીન કર્મની વાત કે, વાંક કોઇનો નહિ રે લોલ;
પ્રભુજી માણસ હોશે એહ કે, વાદી ઘણા થશે રે લોલ. ૧૨
પ્રભુજી બ્રહ્માની લાજ કે, રાખી હેત ધરી રે લોલ;
પ્રભુજી કરણી તણાં ફ્લ એહ કે, તમારી બેનડી રે લોલ. ૧૩
પ્રભુજી પૂર્વ ભવનાં પાપકે, તાસ વેળા પડી રે લોલ;
પ્રભુજી એવડી તમારી થિતિ કે, હવે હું કેમ સહું રે લોલ. ૧૪
પ્રભુજી હૈયે વાત એવી ન રાખો કે, ઝાઝુ શું કહું રે લોલ;
પ્રભુજી રાખો માહરી લાજ કે, છોરૂ કરી છોડયા રે લોલ. ૧૫
પ્રભુજી મૂકો મનની રીશ કે, વહેલો રથ જોડવો રે લોલ;
પ્રભુજી એવા વચન સુણી જદુરાય કે, મનમાં વિચારજો રે લોલ. ૧૬
પ્રભુજી મનમાં રાખો એહવી ધીર કે, એમ મન વાળજો રે લોલ;
પ્રભુજી કેશવે ઉપાડી લોહનો દંડકે, કોપ કરી તિહાં રે લોલ. ૧૭
પાંચે રથને કર્યા ચકચૂર કે, પાંડવ ઉભા રહ્યા રે લોલ;
ભાખે રોષ ધરી હરી રાય કે, આણા મારી વહી રે લોલ. ૧૮
પાંડવ સુણો તમારો પરિવાર કે, રહેવા નહિ દીએ રે લોલ;
રહેજો દૃષ્ટિ થકી તુમે દૂર કે, પાસે મત આવજો રે લોલ. ૧૯
પ્રભુજી મન તૂટયું ન સંધાય કે, સહિ એમ જાણજો રે લોલ;
પ્રભુજી મર્દન ને કામ કે, કોટ વસાવીએ રે લોલ. ૨૦
પ્રભુજી સૈન્ય સકલ તેણીવાર કે, સન્મુખ આવજો રે લોલ;
પ્રભુજી દ્વારાપુરી ચાલ્યા સહ સાથકે, પહોંચ્યા તે સહી રે લોલ. ૨૧
પ્રભુજી એકસો પચાસમી ઢાળ કે, ગુણભરી કહી રે લોલ;
પ્રભુજી નયવિજય તણી એ શીખ કે, ભવિજન ધારજો રે લોલ.
ભવિજન ધારજો રે લોલ, એવા ગુણી તણાં જે ગુણો કે,
દિલમાં આવજો રે લોલ. ૨૨

## ૪૨
## ઢંઢણકુમારની સજ્ઝાય

કૃષ્ણ નારી હવે ઢંઢણા, ઢંઢણ નામ કુમાર,
યૌવન વય પરણ્યો ઘણી, રૂડી રાજકુમાર. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળી પ્રભુની દેશનાં, પામ્યો તે વૈરાગ;
મહોત્સવ નરવર કરે, દીક્ષા લીએ મહાભાગ. ૨
કર્મ ઉદય આવ્યું તદા, નામે જે અંતરાય;
મુનિવર સાથે જાય પણ, તેહને લાભ ન થાય. ૩
મુનિવર પૂછે તેમને, પ્રભુજી કેરા શિષ્ય;
કૃષ્ણ પુત્ર જગ જાણીયો, ઢંઢણ નામ મુનીશ. ૪
ધર્મી લોક વસે ઘણાં, મહા ધનવંત ઉદાર;
ઇણે નગરી પામે નહિ, ભિક્ષા માત્ર લગાર. ૫
સ્વામી કહો કારણ કિશ્યું, કિશ્યું કર્મ કર્યું એણ;
તવ પ્રભુ પૂરવભવ કહે, કર્મ સફલ નહિ જેણ. ૬

## ઢાળ-૨

( શ્રી શંકર ચંદ્રપ્રભુ રે લોલ )

સાંભલો સાધુ સોહામણા હો લોલ;
કર્મ કર્યા ઇણે અતિ ઘણાં રે લોલ;
ધન્ય પૂરક નગરી વડો રે લોલ;
વિપ્ર પારાસર પરગડો રે લોલ. ૧
ખેતર વવાવે રાયનાં રે લોલ, પાંચસે હળ સમુદાયનાં રે લોલ;
માસ એકેક તણાવતો રે લોલ, નિજ ખેતરે તે વવરાવતો રે લોલ. ૨
ભોજન અવસર પણ થયે રે લોલ, સહુજીવને અંતરાય કરે રે લોલ;
કર્મ બંધાયું આકરૂં રે લોલ, ઉદયે આવ્યું તે પાધરૂં રે લોલ. ૩
તે સાંભળી વૈરાગીયો રે લોલ, ઢંઢણ શુભમતિ જાગીયો રે લોલ;
કરે અભિગ્રહ એહવો રે લોલ, નિજ લબ્ધે આહાર લેયવો રે લોલ. ૪
એમ સહેતા માસ ષટ્ થયા રે લોલ, હરિ નેમને વંદન ગયા રે લોલ;
પૂછે જીન એ મુનિવરા રે લોલ, એહમાં કોણ દુષ્કર કરાં રે લોલ. ૫
પ્રભુજી કહે ઢંઢણ મુનિ રે લોલ, પરિસહ સહે છે મહાગુણી રે લોલ;
પ્રભુ વાંદી પાછા વળ્યા રે લોલ, પૂરમાં આવ્યાં ઉતાવળા રે લોલ. ૬
ઢંઢણઋષિ સામા આવતા રે લોલ, દેખી હરિમન ભાવતા રે લોલ;
ગજથી ઉતરી વંદિયા રે લોલ, હર્ષે મુનિ ગુણ ગાવતાં રે લોલ. ૭
મુજ અવતાર સફળો થયો રે લોલ, તુમે નમતાં મુજ દુઃખ ગયાં રે લોલ;
ઇમ એક શેઠ દેખી ચિંતવેરે લોલ, કૃષ્ણ ઇણપરે જે શીવે રે લોલ. ૮
તે પ્રાણી ધન્ય માનવી રે લોલ, ઘર તેડીને આણીએ રે લોલ;
એમ ચિંતી તેડયા ઘરે રે લોલ, મોદક ઠામ લીચે કહે રે લોલ. ૯

Jain Education International 2010_05    For Private & Personal Use Only    www.jainelibrary.org

કરી મનોહર વહોરાવીયા રે લોલ, ઋષિજીન પાસે આવીયા રે લોલ;
ઋષિ ખાતાંએ ગોચરી રે લોલ, એમ ભિક્ષા લાવ્યો હરિ રે લોલ. ૧૦
સ્વામિ તૂટયું કે નહિ રે લોલ, અંતરાય કર્મ જે સહિ રે લોલ;
તવ બોલ્યા જ્ઞાની ગુરૂ રે લોલ, કર્મ હજી તુજ છે ઉરૂ રે લોલ. ૧૧
કૃષ્ણ લબ્ધિ એ જાણજો રે લોલ, નિજ લબ્ધિ મન ન માનજો રે લોલ;
પરની લબ્ધિ જાણી હવે રે લોલ, આહાર એકાંતે પરઠવે રે લોલ. ૧૨
પરઠવતાં ધ્યાને ચડયાં રે લોલ, કર્મ સંઘાતે અતિ વઢ્યાં રે લોલ;
કેવલજ્ઞાન ઉપન્યું તિહાં રે લોલ, લોકાલોક વ્યાપિત થયા રે લોલ. ૧૩
નેમજીને પ્રદક્ષિણા રે લોલ, દઈને હવે ઢંઢણા રે લોલ;
બેસે કેવલી પર્ષદા રે લોલ, વિહાર કરે પ્રભુ અન્યહાં રે લોલ. ૧૪
ચોથે ખંડે એહ લહી રે લોલ, પાંચમી ઢાળ પદ્મે કહી રે લોલ;
બીજે અધિકારે ભલી રે લોલ, કર્મ કરશો સાંભળી રે લોલ. ૧૫

## ૪૩
## રાવણ અને સીતાજીની સજ્ઝાય

કહ્યું રે માનો રે મારા કંથજી, સીતા શીદને લઈ આવ્યા !
એનાં રે વાંસે રાજા રામજી, ઘણું રોશે ભરાશે. ૧
રણમાં તે રજ ઉડે ઘણી, મોલ દીસે છે ઝાંખા;
આપ સ્વારથ સાધવા, વૈર કીધા છે મોટા. ૨
પેટ ચોળી પીડા કરી, મંદિર મોલમાં હર્યો;
સીતાજીને લઈને સામા જાવો, શાને થયાં છો ઘેલા. ૩
નિમિત્તિયાઓ જોશ તે જોઈએ, દર પ્રથમથી પહેલા;
સીતાનાં હરણથી મરણ પામશે, તે દિન આવીને મળીયો. ૪
ચોથા વ્રતની આખડી, પરસ્ત્રીનાં પચ્ચક્ખાણ;
દેવગુરૂની સાખે લીધાં, વ્રત લઈ મન ભાંગો. ૫
પાણીમાં તે પાળ બાંધી કરી, રામચંદ્રજી આવ્યા;
લશ્કર તે દીસે ઘણું, ઘણાં રાય નમાવ્યા. ૬
રામચંદ્રજીનાં બલ થકી, લંકા થઈ છે બેરી;
ચિહું દિશ લશ્કર વિસ્તર્યું, લંકા લીધી છે ઘેરી. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામી મને સ્વપ્નું લાધીયું, જાણે લંકા પ્રજાળી;
રામચંદ્રજીએ બાણ સાધીયું, ત્યારે હું તો ઝબકીને જાગી. ૮
લૂંટયા તે મંદિર માળીયા, લૂંટી બંસરી બજાર;
મહેલ લૂંટયા રે રાવણ તણાં, લૂંટી મંદોદરી રાણી. ૯
સ્વામિ આપણું કોઈ નહિ, નહિ ઉગરવાનો આરો;
રાણીજીના વચન સુણી કરી, વિભીષણ, રાય ઉદાસી. ૧૦
હનુમન સુગ્રીવરાય વિરાજતાં, રામચંદ્રજી રાજા;
અવન્તિમાં સૌ ફરી મલ્યા, કર્મ કર્યા છે કાચા. ૧૧
સ્વામી હું તો કહું છું તુમ ભણી, સીતા આપોને પાછા;
જશકીર્તિ વાધે ઘણી, વાત હોશે આછી. ૧૨
વિભીષણ કહે સુણો રાજવી, સીતા જગતની માતા;
શીયલથી કદી ચૂકે નહિ, ક્રોડ હોશે વાત. ૧૩
રાવણ કહે સુણો મંદોદરી, આપણ સૌ અધિકારી;
કુંભ કર્ણ સરીખા બંધવા, શું કરશે દશરથનો છૈયો. ૧૪
ન માને લંકાપતિ, એના કર્મ કઠોર;
વારંવાર એને શું કહું, લખીયા લેખ વિધાતા. ૧૫
દલ લશ્કર લઈ કરી, રાજા રાવણ આવ્યો;
લક્ષ્મણે રાવણને માર્યો, પહોંચ્યો નરક મોઝાર. ૧૬
વિભીષણને રાજ્ય સોંપી કરી, સીતા લઈ ઘર આવ્યા;
અયોધ્યામાં હર્ષ વધામણી, મોતીડે વધાવ્યા.
ધન ધન લક્ષ્મણ બાંધવા........................ ૧૭
જસ ડંકો દેઈ કરી, સેના લેઇ ઘર આવ્યા;
નગરીમાં હર્ષ વધામણાં, ઘેર ઘેર મંગલમાલ. ૧૮
સાસુજીને પાય લાગી કરી, સાસુએ દીધી આશીષ;
હોય પુત્ર જણજો પદ્મિની, કુળના હિતકારી. ૧૯
છોડયા તેહ મંદિર માળીયા, છોડયા ગરથ ભંડાર;
સીતાએ સંયમ આદર્યો, પહોંત્યા બારમેં દેવલોક. ૨૦
નવ ગાથા પૂર્વે હતી, બાર કીધી છે બીજી જી;
કરજોડીને મેઘ વિનવે, ગુરૂવાર ઉતારો. ૨૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૪
# સુભદ્રાની સજ્ઝાય

મુનિવર સેજે વિચરતા, જીવ જતન કરંત;
તરણું ખૂંચ્યું આંખમાં, નયણે નીર ઝરંત. ૧
કલ્પવૃક્ષ જેણે ઓળખ્યો, આંગણે ઉભા જેહ;
જીભે તરણું કાઢીયું, સાસુ મન સંદેહ. ૨
જેણે સ્વજન દુઃખીયા સહુ, જેણે કુલ નાવી લાજ;
પુત્ર વહુ રે સોના સમી, નહિ રે અમારે ઘરબાર. ૩
ગુણ વિના સાગની લાકડી, ગુણ વિના નાર કુનાર;
મનરે ભાંગ્યું ભરથારનું, મંદિરે અમારે ઘરબાર. ૪
પીયુંનાં વચન એવા સાંભળી, મન ચિંતવ્યું તેણે જેહ;
જીન ધર્મ કલંક જાણી કરી, કાઉસ્સગ્ગ કીધો તેહ. ૫
આસન કંપ્યું ધરણેન્દ્રનું, સતીને આવ્યું આળ;
ચંપા લાપે ચઢાવીએ, તોરે ઉતરશે આળ. ૬
ભોગળ તો ભાંગે નહિ, ઘણના લાગે ઘાય;
હલાવ્યો હાલે નહી, સલકે નહિ લગાર રે. ૭
આકાશે ઉભા દેવતા, બોલે એવા બોલ;
સતી જલ સીંચશે ચાલણી, તોરે ઉઘડશે પોળ. ૮
રાજા મન આનંદ થયો, નગર ઘણી છે નાર;
અંતે ઉર છે માહરે સતીરે, શીરોમણી સાર. ૯
અંતે ઉર થઈ એકઠી, કૂવા કાંઠે નહિ માગ;
કાંચે તાંતણે ચાળણી, ત્રણે જાયે તાગ. ૧૦
અંતેઉરી થઈ દોહામણી, રાજા થયો રે નિરાશ;
સતીપણું મનમાં રહ્યું, ધિક્ પડ્યો અવતાર. ૧૧
નગર પડહો વજડાવીયો, વસ્તી દીસે હેરાન;
પ્રજાને પીડા ઘણી, કોય દો રે જીવીત દાન. ૧૨
પડહો આવ્યો ઘર આંગણે, વસ્તી હાલ કલોલ;
જો માતાજી અનુમતિ દીયો, તોરે ઉઘાડું પોળ. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વળી વળી વહુ તમને શું કહું, નહિ નિરલજ નહીં લાજ;
નવકુલ નાગ નીચે ગયા, આવ્યું કાચંડે રાજ. ૧૪
પડહો છબીને ઉભી રહી, જઈ સંભળાવ્યો રાય;
દોષ દેજે નિજ કર્મને, કલંક ચડાવ્યું મોરી માય. ૧૫
વેગેરે ગઇ રે વધામણી, રાજાને નહિ વિશ્વાસ;
પ્રત્યક્ષ જુઓ એ પારખું, ત્યાં જઇ કરે તે તપાસ. ૧૬
વેગે રે રાય પધારીયા, હૈડે હરખ ન માય;
પ્રજાને પીડા ઘણી, વિલંબ ન કરો મોરી માય. ૧૭
અવર પુરૂષ બંધવ પિતા, સતીને આવી આળ;
ચાળણી કાઢી જલભરી, ધન્ય રે ઉઘાડી ત્રણ પોળ. ૧૮
કોઈ પીયર કોઇ સાસરે, કોઈ હશે માને મોસાળ;
ચોથી પોળ ઉઘાડશે, હું થી વડેરી નાર. ૧૯
નાક રાખ્યું નગરી તણું, ગામ ઉતારી ગાળ;
સુજ્ઞજન રાખ્યા સાખીયા, સુભદ્રાએ ઉતારી આળ. ૨૦
વાઘણુ કેરાં દૂધડાં, સોવન કેરી થાળ;
ભણે ગણે જે સાંભળે, કાંતિવિજય ગુણ ગાય. ૨૧

## ૪૫
## અનાથી મુનિની સજ્ઝાય

મગદદેશકો રાજ રાજેસર, હય ગય રથ પરવરીયો;
શ્રેણીક ચેલણા દેવી વાલેસર, રયવાડી સંચર્યો કે રાજન્
ક્ષાયિક સમકિત ધારી, પદ્મનાભ તીર્થંકર કો જીવ,
હોશે એક અવતારી કે રાજન્ ૧
ચંપક તરૂ તલે ધ્યાને લીનો, મુનિ ચંપક વર્ણ કાયા;
નવયૌવન વય ભોગ તણે રસે, તજી સંસારની માયા કે. ૨
તે દેખી મન હરખ્યું શ્રેણીક, દિયે પ્રદક્ષિણા ત્રણ;
વાંદી કરજોડી ઇમ પૂછે, સંભ્રમ એહ મુજ મન્ન કે. ૩
રૂપ અનોપમ વાન અનોપમ, સકલ સુકોમલ દેહ;
યૌવન વય મલપંતો યોગીશ્વર, કાં છાંડ્યા ધન ગેહ કે. ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તવ વળતું બોલે ઋષી રાજન્! કોઇ નહિ અમ નાથ;
મગધાધિપ વળતું ઇમ બોલે, હું છું તમારો નાથ કે. ૫
નાથ નહિ નૃપ તાહરે કોઇ, કિમ હોઇશ અમ નાથ;
માતા મયગલ તેજી તુખારા, તે હુંતા સવિ અમ સાથ કે. ૬
એહવું નાથપણું અમહુંતુ, સુણ તું નગરના વાસી;
કૌસંબી નામે તિહાં નગરી, રહેતા અમે ઘરવાસ કે. ૭
વય પઢમ અમ રોગ ઉપનો, તેણે દુઃખે કરૂં આક્રંદ;
ભૂખ ગઈ મુઝ તરસ ગઈ વલી, નયણે ગઈ તિમ નિંદકે.
રાજન્ એહવો હું રે અનાથી......
અથિર યૌવન ધન અથિર સુજન, સુણ પરભવે કોઈ ન સાથી. ૮
ઔષધ ભૈષજ મંત્ર યંત્રાદિક ધનકોટી વ્યય કીધી;
મુઝ તાતે આદર બહુ કીધો, તોહે ન વેદન લીધી કે. ૯
દસમસવાડા ઉદર જીણે ધર્યો, પોશી પોઢો કરીઓ;
આ જનની ન હુઈ આધારી, મુઝ દુઃખ લેશ ન હરીયો કે. ૧૦
એક ઉદરે ઉપનાં સહોદર, મુજ ઉપરઘણા નેહા;
વેદનભર જબહું વાલેસર, તવ તેણે દાખ્યા છેહા કે. ૧૧
બહેન હમારી અતિ સુવિચારી, મુખ વીરા વીરા બોલંતી;
તુમચા દુઃખ અમ આવો અલવેસર, તોહી ન વેદન લેતી કે. ૧૨
દુઃખે દુઃખી સુખે સુખીણી નારી, સહેજે અતિ સુવિચારી;
અન્ન પાન ને ગંધ વિલેપન, તેણે અમ દુઃખે નિવારી કે. ૧૩
નયણે નીર પાવસ જીમ વરસે, તુઝ ઉપર નેહમાની;
મોહ તણી જે છે રાજધાની, નવિ લેતી દુઃખવાની કે. ૧૪
જબ મનમાંહિ એકલા વિચારૂં, એ સંસાર અસારા;
જો અમ વેદન આવે પારા, તો મેલું પરિવારા કે. ૧૫
ધર્મધ્યાને દુઃખ થયાં વિસરાલા, રવિ દરિસણે તમજાલા;
વાગ્યા તૂર હુઓ જયકારા, તવ મેલ્યા પરિવારા કે. ૧૬
લક્ષ ચઉરાશી જીવાજોનીમાં, તવ હું હુઓ રે સનાથ;
હરખ્યો મગધદેશકો રાજા, વંદ્યા ઋષિ મુનિ નાથ કે. ૧૭
તું સનાથ સબંધવ ગિરૂઆ, વિરૂઆ ગરભ અબાધા;
પૂછા કરીને ધ્યાન છંડાવ્યો, ખમજો એહ અપરાધા કે. ૧૮
શ્રી અનાથી ઋષિ ચારિત્ર પાળી, કીધો શિવપુર વાસ;
સિંહ વિમલ બોલે કરજોડી, છોડયો ગર્ભાવાસ કે. ૧૯



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૬
# પાંચ પાંડવની સજઝાય

હસ્તિનાગપુર વરભલું, જીહાં પાંડુ રાજા સાર રે;
તસ ઘરણી કુંતા સતી, વળી માહેંદ્રી બીજી નાર રે.
પાંડવ પાંચે વાંદતાં મન મોહે રે, મન મોહે મોહન વેલી.
ત્રિજગ માંહે દીપતા અતિ સોહે રે. ૧
પાંચ પાંડવ કુંતા તણાં, તેમાં જગવિખ્યાત હોય રે;
પંચ સહોદર સારિખા, નળ કુબેર સરિખા હોય રે. ૨
એક દિન સ્થવિર પધારીયા, પાંચ બાંધવ વાંદવા જાય રે;
દેશના સુણી મન ગહ ગહ્યાં, ભાઇ સમય જાય છે આય રે. ૩
જીનવર ચક્રવર્ત્તિ જે હુવા, સ્થિર ન રહ્યા કોઈ દેવ ભૂપ રે;
તનધન જોબન કારમાં, સંસારનું વિસમ સ્વરૂપ રે. ૪
સંસાર માંહી પલે વડું, લાગ્યું તે કેમ ઓલાય રે;
જીનવર વાણી સીંચતાં, આપણા ભવ ભવનાં દુઃખ જાય રે. ૫
પાંડવ પાંચે વિચારીયું, આપણ લેશું સંયમ ભાર રે;
પૂત્રને રાજ્ય સોંપી કરી, દ્રૌપદી શું કરે વિચાર રે. ૬
દ્રૌપદી વળતું ઈમ કહે, અમે મેલશું સંસારનો પાસ રે;
કંત વિના શી કામીની, મુજ ભલો નહિ ઘરવાસ રે. ૭
પાંચે આવી ગુરૂને કહે, અમે લેશું સંયમ ભાર રે;
માનવ ભવ અતિ દોહીલો, હવે પાળવો સંયમ ભાર રે. ૮
ગુરૂ કહે પાંડવ સુણો, તમે રાજ પુત્ર સુકુમાર રે;
ચારિત્ર પંથ અતિ દોહીલો, તમે કેમ સહેશો ભૂપાળ રે. ૯
ઘર ઘર ભિક્ષા માંગવી, વળી ચાલવું ઘર ઘર બાર રે;
પાય અડવાણે ચાલવું, વળી ચાલવું ખાંડાની ધાર રે. ૧૦
સંયમ મારગ આદરી, ઋષી પાળે નિરતિ ચાર રે;
દોષ બેંતાલીશ ટાળતાં, સાધુ લે શુદ્ધ આહાર રે. ૧૧
તપ તપે અતિ આકરા, માસખમણ મન રંગ રે;
જીહાં લગે નેમીને વાંદીયે, અભિગ્રહ કર્યો મન અંગ રે. ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હસ્તિશીર્ષ પુર પધારીયા, પારણાનો દિવસ તે જાણ રે;
નગરમાં ફરતાં ગોચરી, સુણ્યું નેમિતણું નિર્વાણ રે. ૧૩
આહાર વહોર્યો તે લેઈ વળ્યા, આવ્યા નિજ ગુરૂની પાસ રે;
ગુરૂને કહે અમે સાંભળ્યું, નેમિ પહોંત્યા શિવપુર વાસ રે. ૧૪
અમ મનોરથ મનમાં રહ્યાં, નવિ પહોંત્યા ગઢ ગીરનાર રે;
આહાર લેવો જુગતો નહિ, અમને અણસણ સાર રે. ૧૫
માસખમણનું પારણું, નવિ કીધું મુનિવર કોય રે;
આહાર પરઠવ્યો કુંભશાળીએ, પાંચે ચઢયા વિમલગિરી સોય રે. ૧૬
તિહાં જઈ અણસણ અનુસર્યું, પાદપોપગમન સાર રે;
શીલા ઉપર સંથારડી, ઋષિ પોઢયા જીમ વૃક્ષ ડાળ રે. ૧૭
દોય માસની સંલેખણા, અંતે પામ્યા કેવલ સાર રે;
પાંડવ પાંચે મુકતે ગયા, તવ હુઓ જય જય કાર રે. ૧૮
શ્રી હીર વિજય સૂરી રાજીયો, તપગચ્છ ઉદ્યોત કાર રે;
કરજોડી કવિયણ ભણે, મુજ આવાગમન નિવાર રે. ૧૯

## ૪૭
## અંજનાની સજઝાય

અંજના વાત કરે છે મારી સખી રે, મને મેલી ગયા છે મારા પતિ રે;
અંતે રંગ મહેલમાં મૂકી રોતી, સાહેલી મોરી કર્મે મલ્યો વનવાસ;
સાહેલી મોરી પૂન્ય જોગે તુમ પાસ. ૧
લશ્કર જતાં મે શુકન જ દીધા, તે તો નાથ મારે નહિ લીધા;
ઢીંકા પાટુ પોતે મને દીધા... ૨
સખી ચકવાનો સુણી પોકાર, રાત્રે આવ્યા પવનજી દરબાર;
બાર વરસે લીધી છે સંભાળ. ૩
સખી કલંક ચઢાવ્યું મારે માથે, મારી સાસુએ રાખી નહી પાસે;
મારે સસરે મેલી વનવાસે. ૪
પાંચસે સખી દીધી છે મારે બાપે, તેમાં એક નથી મારે પાસે;
એક વસંત માલા મારી પાસે. ૫
કાળો ચાંદલો ને ખરડી છે રાખી, રથ મેલ્યો વન મોઝારી;
સહાય કરો દેવ મોરારી. ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મારી માતાએ લીધી નહી સાર, મારા પિતાએ કાઢી ઘરબાર;
સખી ન મેલ્યો પાણીનો પાનાર. ૭
મને વાત ન પૂછી મારા વીરે, મારા મનમાં રહેતી નથી ધીરે;
મારા અંગે ફાટી ગયા ચીર. ૮
મને દિશા લાગે છે ઝાંખી, મારી છાતી જાય છે ફાટી;
અંતે અંધારી અટવીમાં કર્મે નાંખી. ૯
મારૂ જમણું ફરકે છે અંગ, નથી બેઠી હું કોઈની સંગ;
અંતે રંગમાં શો પડશે ભંગ. ૧૦
સખી ધાવતાં છોડાવ્યાં હશે બાળ, નહિતર કાપી હશે કુંપળ ડાળ;
તેમાં કર્મે પામી ખોટી આળ. ૧૧
વનમાં ભમતા મુનિ દીઠા આજ, પૂર્વ ભવની પૂછે છે વાત;
જીવે કેવાં રે કીધાં હશે પાપ. ૧૨
બેની હસતાં રજોહરણ તમે લીધા, મુનિરાજને દુઃખ જ દીધા,
તેનાં કર્મે વનવાસ તમે લીધાં. ૧૩
પૂર્વે હતો શોકયનો બાળ, તેને દેખી ઉછળતી ઝાળ;
તેનાં કર્મે તમે જોયા વનમાનાં ઝાડ. ૧૪
સખી વનમાં જન્મ્યો છે બાળ, કયારે ઉતરશે મારી આળ;
ઓચ્છવ કરશું માને મોસાળ. ૧૫
વનમાં ભમતાં મુનિ દીઠા આજ, અમને ધર્મ બતાવ્યો મુનિરાજ;
કયારે સરશે અમારા કાજ. ૧૬
વનમાં મળશે મામા મામી આજ, ત્યાં પવનજી કરશે રે સાર;
પછી સરશે તમારા કાજ. ૧૭
મુનિરાજની શીખડી જ સારી, સર્વે લેજો ઉરમાં અવધારી;
માણેક વિજયને જાઉં બલિહારી. ૧૮

## ૪૮
## અરિહંતની સજ્ઝાય

( ઝનન ઝનન ઝણકારો રે )

અરિહંતજી રે હું તો સમરૂં, ત્યારે આવજોને મારો જીવ કરે પ્રણામ રે;
ચારે શરણ મુજને હોજો, એમ સાધુ શરણ ભગવંત રે. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કંઠે આવી કંઠ રૂંધાશે, પછી નહિં દેવાય તમારૂં નામ રે;
એની વેળાએ તુમે પધારજો, મારા સુધરશે આતમ કાજ રે. ૨

પહેલા જીનજી જમને વાળો, તિહાં દેજો તુમારી આણ રે;
ક્રોધ કષાયને વારજો, તિમ છંડશો આઠ કર્મ રે. ૩

હું તો પરણ્યો પાંચ વ્રતને, મારૂં આતમ નાનેરૂ બાળરે;
તે સમય તુમે પધારજો, મારા ભવના ફેરા ટળી જાય રે. ૪

આંખ તણે ફરકડે ઘડી, ઘડી ઘડી ઘડીયાળા વાગે;
કાંતિ વિજય એમ કહે સ્વામી, મુજ આવાગમન નિવાર રે. ૫

## ૪૯
## સુલસાની સજ્ઝાય

ધન ધન સુલસા સાચી શ્રાવીકાજી, જેહને નિશ્ચળધર્મનું ધ્યાન રે;
સમકિતધારી નારી જે સતીજી, જેહને વીર દીયો બહુ માન રે. ૧
એકદિન અંબડ તાપસ પ્રતિ બોધવાજી, જંપે એહવું વીર જિણેશ રે;
નયરી રાજગૃહી સુલસા ભણીજી, કહેજો અમારો ધર્મ સંદેશ રે. ધન૦ ૨
સાંભળી અંબડ મનમાં ચિંતવેજી, ધર્મલાભ ઇશોજી વયણ રે;
એહવું કહાવે જિનવર જે ભણીજી, કેવું રૂડું દઢ સમકિત રયણ રે. ધન૦ ૩
અંબડ તાપસ પરીક્ષા કારણેજી, આવ્યા રાજગૃહીને બાર રે;
પહેલું બ્રહ્મા રૂપ વિકુર્વ્યુંજી, વૈક્રિય શક્તિ તણે અનુસારે રે. ૪
પહેલી પોળે પ્રગટચો પેખિનેજી, ચૌમુખ બ્રહ્મા વંદન કોડ રે;
સઘળી રાજ પ્રજા સુલસા વિનાજી, તેને આવી નમે કરજોડ રે. ૫
બીજે દિન દક્ષિણ પોળે જઇજી, ધરિયો કૃષ્ણ તણો અવતાર રે;
આવ્યા પુરજન તિહાં સઘળા મળીજી, નાવી સુલસા સમકિત ધારી રે. ૬
ત્રીજે દિવસે પશ્ચિમ બારણેજી ધરિયું. ઇશ્વર રૂપ મહંત રે;
તિમહી જ ચોથે થઇ પચવીસમો જી, આવી સમવસર્યો અરિહંત રે. ૭
તો પણ ના સુલસા નાવી વાંદવા જી, તેહનું જાણી સમકિત સાચ રે;
અંબડ સુલસાને પ્રણમી કરીજી, કરજોડી કહે એહવી વાચ રે. ૮
ધન્ય તું સમકિત ધારી શિરોમણીજી, ધન્ય તું સમકિત વિશવાવીશ રે;
એમ પ્રશંસી કહે સુલસા ભણીજી, જિનજીયે કહી છે ધર્મ આશીષ રે. ૯
નિશ્ચય સમકિત દેખી સતીતણુંજી, તે પણ હુઓ દઢ મન માંય રે;
ઈણી પરે શાંતિ વિમળ કવિરાયનોજી, બુધ કલ્યાણ વિમળ ગુણ ગાય રે. ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૦
## નિદ્રાની સજઝાય

વેરણ નિદ્રા તું ક્યાંથી રે આવી, સૂઈ સૂઈને સારી રાત ગમાવી. ૧
નિદ્રા કહે હું તો બાલી ને ભોળી, મોટા મોટા મુનિવરને નાખું છું ઢોળી. ૨
નિદ્રા કહે હું તો જમડાની દાસી, એક હાથમાં મુક્તિ ને બીજા હાથમાં ફાંસી. ૩
ચાલો ચેતનજી સિદ્ધાચલ જઈએ, આદીશ્વર ભેટીને પાવન થઈએ. ૪
આનંદ ઘન કહે સુનો ભાઈ બનીયા, આપ મુઆ પછી ડુબ ગઈ દુનિયા.
વેરણ૦ ૫

## ૫૧
## સમકિત જરૂરતાની સજઝાય

સમકિત નવિ લહ્યું રે, એ તો રૂલ્યો ચતુર્ગતિ માંહે;
ત્રસ થાવરકી કરૂણા કીની, જીવ ન એક વિરાધ્યો;
ત્રણ કાળ સામાયિક કરતાં, શુદ્ધ ઉપયોગ ન સાધ્યો. સમ૦ ૧
જુઠ બોલવાકો વ્રત લીનો, ચોરીકો પણ ત્યાગી;
વ્યવહારાદિ મહા નિપુણ ભયો, પણ અંતર દૃષ્ટિ ન જાગી. ૨
ઉર્ધ્વ ભુજા કરી ઉંધો લટકે, ભસ્મ લગા ધુમ ગટકે;
જટા જુટ શિર મુંડે જુઠો, વિણ શ્રદ્ધા ભવ ભટકે. ૩
નિજ પરનારી ત્યાગ જ કરકે, બ્રહ્મચારી વ્રત લીધો;
સ્વર્ગાદિક યાકો ફલ પામી, નિજ કારજ નવિ સિધ્યો. ૪
બાહ્ય ક્રિયા સબ ત્યાગ પરિગ્રહ, દ્રવ્યલિંગ ધર લીનો;
દેવચંદ્ર કહે યા વિધતો હમ, બહુતર વાર કર લીનો. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૨

## ઉપદેશી સજ્ઝાય

ખબર નહીં આ જગમેં પલકી, ખબર૦
સુકૃત કરનાં હોય સો કરેલે, કોણ જાણે કલકી. ખબર૦
યા દોસ્તી હે જગત વાસકી, કાયા મંડલકી, કાયા૦
સાસ ઉંપાસ સમર લે સાહિબ, આયુ ઘટે પલકી. ખબર૦ ૧

તારા મંડલ રવિ ચંદ્રમાં, સબહે ચલનેકી. સબહે૦
દિવસ ચારકા ચમત્કાર, જ્યું, વીજલી આભલકી, ખબર૦ ૨

કુડ કપટ કર માયા જોડી, કરી બાંતાં છલકી, કરી૦
પાપકી પોટલી બાંધી શીર પર, કૈસે હોય હલકી. ખબર૦ ૩

યા જુગ હે સુપનેકી માયા, જૈસે બુંદ જલકી; જૈસે૦
વિણુ સંતા તો વાર ન લાગે, દુનિયા જાય ખલકી. ખબર૦ ૪

માત તાત પ્રિયા સુત બંધવ, સબ જગ મતલબકી. સબ૦
કાયા માયા નાર હવેલી, એ તેરી કબકી. ખબર૦ ૫

મન માનવ તન ચંચલ હસ્તી, મસ્તી હે બલકી. મસ્તી૦
સત્ ગુરૂ અંકુશ ધરો શીરપર, ચલ માર્ગ સતકી. ખબર૦ ૬

જબ લગ હંસા રહે દેહમેં, ખુશીયાં મંગલકી. ખુશીયાં૦
હંસા છોડ ચલ્યા જબ દેહી, મિટીયા જંગલકી. ખબર૦ ૭

પર ઉપકાર સમો નહી સુકૃત, ધર સમતાં સુખકી. ધર૦
પાપ વળી પર પ્રાણી પીડન, હર હિંસા દુઃખકી. ખબર૦ ૮

કોઇ ગોરા કોઇ કાળા, પીળા નયણે નિરખનકી, નયણે૦
એ દેખી મત રાચો પ્રાણી, રચના પુદ્ગલકી. ખબર૦ ૯

અનુભવ જ્ઞાને આત્મ બૂઝી, કર ખાતા ઘરકી. કર૦
અમર પદ અરિહંતકું ધ્યાયાં, પદઠી અવિચલકી. ખબર૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૩
## ચેતનની સજ્ઝાય

ચેતન ચેતો ચતુર ચઓલા, ચતુર ચઓલે જે. નર ખીજે;
મુરખ વાતે હૈડું રીજે, તેહને શી શાબાસી દીજે ચેતન૦ ૧
પાયે ખોટે મહેલ ચણાવે, થંભ મલોખે માળ જડાવે;
વાઘની ઓડે બાર મુકાવે, વાંદરા પાસે નેવ ચલાવે. ચેતન૦ ૨
નારી મોટી કંથ છે છોટો, ના આવડે ભરતાં પાણી લોટો;
પુંજી વિના વેપાર છે મોટો, કહો કેમ ઘરમાં ના આવે ટોટો. ચેત૦ ૩
બાપ થઈને બેટીને ધાવે, કુળવંતી નારી કંથ નચાવે;
વરણ અઢારનું એઠું ખાવે, નાગર બ્રાહ્મણ તેહ કહાવે. ચેતન૦ ૪
મેરૂ ઉપર એક હાથી ચડીઓ, કીડીની ફુંકે હેઠો પડીઓ;
હાથી ઉપર વાંદરો બેઠો, કીડી દરમાં હાથી પેઠો. ચેતન૦ ૫
ઢાંકણી એ કુંભાર જ ઘડીઓ, લંગડા ઉપર ગર્દભ ચડીઓ;
આંધળો દરપણમાં મુખ નીરખે, માંકડું એઠું નાણું પરખે. ૬
સુકે સરોવર હંસ તે માલે, પરવત ઉડી ગગને ચાલે;
છછુંદર થી વાઘ તે ભડકચા, સાયર તરતાં ઝાંજ તે અડકચાં. ૭
સુતર તાંતણે સિંહ બંધાણા, છીલર જળમાં તારૂ મુંઝાણા;
ઉંઘણ આળસુ ઘણું કમાયો, કીડીએ એક હાથી જાયો. ૮
પંડિત એહનો અર્થ તે કહેજો, નહિતર બહુ શ્રુત ચરણે રહેજો;
શ્રી શુભવીરનું શાસન પામી, ખાધા પીધાની ન કરો ખામી. ૯

## ૫૪
## મેં કૌતુક દીઠું

સખી રે મેં કૌતુક દીઠું, સાધુ સરોવર ઝિલતા રે;
સખી નાકે રૂપ નિહાલતા રે; સ૦ લોચન થિર સજાણતાં રે.
સ૦ મુનિવર નારી શું રમે રે. સ૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ૦ નારી હિંચોલે કંતને રે, સ૦ કંત ઘણા એક નારીને રે;
સ૦ સદા યૌવન નારી તે રહે રે, સ૦ વેશ્યા વિલુદ્ધા કેવલી રે. ૨
સ૦ આંખ વિના દેખે ઘણું રે, સ૦ રથ બેઠા મુનિવર ચલે રે;
સ૦ હાથું જલે હાથી ડુબીયો રે, સ૦ કુતરીએ કેસરી હણ્યો રે. ૩
સ૦ તરસ્યા પાણી નવિ પીએ રે, સ૦ પગ વિહુણો મારગ ચલે રે;
સ૦ નારી નપુંસક ભોગવે રે, સ૦ અંબાડી ખર ઉપરે રે. ૪
સ૦ નર એક નિત્ય ઉભા રહે રે, સ૦ બેઠો નથી નવિ બેસશે રે;
સ૦ અધર ગગન વચે તે રહે રે, સ૦ માંકડે મહાજન ઘેરિઓ રે. ૫
સ૦ ઉંદરે મેરૂ હલાવીયો રે, સ૦ સુરજ અજવાલુ નવિ કરે રે;
સ૦ લઘુ બાંધવ બત્રીશ ગયા રે, સ૦ શોકે ઘટી નહિ બેનડી રે. ૬
સ૦ શામલો હંસ મેં દેખીયો રે, સ૦ કાટ વલ્યો કંચન ગિરિ રે;
સ૦ અંજન ગિરિ ઉજ્વલ થયો રે, સ૦ તોહે પ્રભુ ન સંભારીયા રે. ૭
સ૦ વયર સ્વામી પાલણે સુતાં, સ૦ શ્રાવિકા ગાવે હાલડાં રે;
સ૦ થઈ મોટા અરથ તે કેજો, સ૦ શ્રી શુભવીરને વાલડાં રે. ૮

## ૫૫
## આત્મબોધની સજઝાય

તનનો ભરોસો નથી રે, ચેતન તારા તનનો ભરોસો નથી રે.
ચંચલ જલ કલ્લોલ આયુષ્ય છે, ફોગટ રહ્યો છું મથી. ચે૦ ૧
જનમ્યા જે નર જગમાંહિ, તે નિશ્ચે મરનાર;
આશા અમર જેવડી રે, તૃષ્ણાનો નહિ પાર. ચે૦ ૨
છત્રપતિ લખપતિ ગયા રે, ગયા નૃપતિ કેઈ લાખ;
એક હુંકારે લાખ ઉઠતા રે, બાળી કીધા કેઈ રાખ. ચે૦ ૩
ખમા ખમા પરીજન કરે રે રાવણ સમ અભિમાન;
નામદાર નરવર ગયા રે, ઠામ કર્યા રે શ્મશાન. ચે૦ ૪
પરિગ્રહને આરંભથી રે, કર્યા કર્મ અપાર;
પાપે પૈસો મેળવી રે, થયો શ્રેષ્ઠ શાહુકાર. ચે૦ ૫
લોકો કહે લખપતિ થયો રે, પણ શું પામ્યો તેહ;
તુજ સાથે શું આવશે રે, તપાસ તારો મેળવ. ચે૦ ૬



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નિજ હાથે જે વાપરે રે, તે પોતાનું થાય;
પણ વધારો જે વધે રે, માલિક બીજો ગણાય. ચે૦ ૭
હજી બાજી છે હાથમાં રે, કરી લે સુકૃત કામ;
પરમાર્થે જે વાપરે રે, પાપ અમર નિજ નામ. ચે૦ ૮
ભવ નાટકના ભવનમાં રે, ભજવ્યો વિધ વિધ વેશ;
રાય રંક પણ અતિ બન્યો રે, પુણ્ય કરે ન લવલેશ. ચે૦ ૯
આતમ અર્પો નિર્મળો રે, પ્રભુ ચરણે ચિત્ત લાય;
તાપ મિટે પ્રભુ ધ્યાનથી રે, ઉદયરત્ન સુખકાર. ચે૦ ૧૦

## ૫૬
## શીયલની સજ્ઝાય

તું નેત્રથી નારી નીરખી, શું રહ્યો છું હૈયે હરખી,
નારી નિશ્ચે નરકે લઇ જાય, તે શીયલ ન સાચવ્યું ભાઇ. ૧
બુરી પરનારીથી પ્રીતિ, તેહ અનંત અનીતી;
શું બેઠો કરે સફાઈ. ૨
તે નર ચઢયા ઇણુ કામે, તે કદી ન બેઠા ઠામે;
વળી માઠી ગતિએ જાય. તે શીયલ૦ ૩
પરનારી જેણે વેઠી, તેણે લોહ પનોતી બેઠી;
આ લોકમાં લજ્જા જાય. તે૦ ૪
કુલ વગ્યું તારૂ કામી થઇ, હેરાન મરીશ હરામી;
શીલ ખાલી ખાસડા ખાઇ. તે૦ શી૦ ૫
તું કહ્યું માનને કુમતા, સિંહ નાગ જગાવો છો સુતા,
છેદે જાઇશ છેતરાઇ. તે૦ ૬
અંતે ઓરતો થાશે જ્યારે, કાયા હાથથી જાશે ત્યારે;
મેળ મૂરખની મિગાઇ. તે૦ ૭
કેઈક ગયા છે હારી, તે નરની થઈ નાદારી;
જુઓ આંખ ઉઘાડીને ભાઇ. તે૦ ૮
તે કામ ભોગના ફળ કડવા, તેની છે તુજને નડવા;
આ બધી તારી બડાઇ. તે શીયલ૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જુઓ ને રાવણ રાજા, મૂરખો ખોઈને માજા;
સત્ય ચૂકયા નહિ સીતાઈ. તે૦ ૧૦
મૂર્ખો દુર્યોધન માની, એ વાત નથી કાંઈ છાની,
એ લંપટ ગયો લેખાઈ. તે૦ ૧૧
પરનારીનો સંગજ કરતાં, નવ લાખ જ જાણો મરતાં,
વીર પ્રભુએ કીધું ધ્યાઈ. તે શીયલ૦ ૧૨
કહે વીરવિજય કર જોડી, પરદારા જેણે છોડી;
આ જગમાં જશ કીર્તિ થાઇ. તે શી૦ ૧૩

## ૫૭
## શીખામણની સજ્ઝાય

મોંઘેરો દેહ આ પામી, જુવાની જોરમાં જામી;
ભજવા ભાવે ના જગસ્વામી, વધારો શું કર્યો સારો. ૧
પ્રીતે શોખમાં પૂરા, બની શૃંગારમાં શુરા;
કર્યા કૃત્યો બહુ બુરા, પતાવ્યો શી રીતે આરો. ૨
ભલાઈ ના જરા લીધી, સુ માર્ગે પાઇના દીધી,
કમાણીના ખરી કીધી, કહો કેમ આવ્યો આરો. ૩
ગુમાને જીંદગી ગાળી, ન આણા વીરની પાળી;
જસો અંતે અરે ખાલી, લઇ ભલા પાપનો ભારો. ૪
નકામા શોખને ત્યાગો, કરો ઉપકાર ના કામો;
અચળ રાખો રૂડા નામો, વિવેકી વાત વિચારો. ૫
સદા જીન ધર્મને ધરજો, ગુરૂ ભક્તિ સદા કરજો;
ચિદાનંદ સુખે વરજો, વિવેકી મુક્તિને વરજો, ૬

## ૫૮
## યશોદાનો વિલાપ

નણંદલ સુત સિદ્ધારથ વિનવું, રૂપનિધિ બહુ ગુણવંત હો.
,, ત્રિશલા કુખે અવતર્યો, એછે અમ તણા કંત હો. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

,, થારો વિરો દિક્ષા લીએ, તું કેમ લેવણ દેવ હો;
,, મારો મનાયો માને નહિ, કાંઈ ઉપાય કરેહ હો. ૨
,, સુંદર ભોજન સહુ સજ્યાં, તજ્યાં શણગાર ને સ્નાન હો;
,, બોલાવ્યાં બોલે નહિ, રાત દિવસ રહે ધ્યાન હો. ૩
,, કેઈ કેઈ વાના મેં કર્યા, કેઈ કેઈ કર્યા ઉપાય હો;
,, પણ નવિ ભીંજે ચિત્તડું, કોરડું મગ કહેવાય હો. ૪
,, જાણ્યું હતું ષટ્ ખંડનું, પાળશે રાજ્ય ઉદાર હો;
,, હય ગય રથ પાયક ઘણાં, હોશે વિવિધ પ્રકાર રે. ૫
,, છેલ છબીલા રાજવી, કરતાં એહની સેવ હો;
,, તે પણ સહુ સ્થાને ગયા, જાણી નિરાગી દેવ હો. ૬
,, જન્મ થયો જબ એહનો, ચોસઠ ઈંદ્ર મિલેય હો.
,, મેરૂ શિખરે નવરાવીયા, ભાવથી ભક્તિ કરેય હો. ૭
નણંદલ બોલ્યું કેહનું નવિ ગમે, ચિત્તમાં કાંઈ ન સુહાય હો;
,, સવિ શણગાર અંગારડા, એ દુઃખ કેને કહેવાય હો. ૮
,, રાણી યશોદા એમ કહે, સુદર્શના ને બોલાય હો;
ભાભી બહેને ભાઈ સમજાવીયા, પણ પ્રભુ વીર અડોલ હો. ૯
ભવિયણ ચોસઠ ઈંદ્ર તિહાં મીલ્યા, સુરનર કોડા કોડ હો;
,, પંચ મહાવ્રત ઉચ્ચર્યા, બાહ્યાંતર ગ્રંથી છોડ હો. ૧૦
,, બાર વરસ બહુ તપ તપ્યાં, પામ્યા કેવલજ્ઞાન હો;
,, કર્મ ખપાવી સિદ્ધિ વર્યા, પહોંચ્યાં શાશ્વત સ્થાન હો. ૧૧
,, શ્રી મહાવીર જીણંદને, ગાતા ઉપજે ઉલ્લાસ હો;
,, હરખ વિજય કવિરાયનો, પ્રીતિ વિજય પ્રભુ દાસ હો. ૧૨

## ૫૯
## અધ્યાત્મની સજ્ઝાય

નિરાધાર કેમ મૂકી શ્યામ મને, નિરાધાર કેમ મૂકી;
કોઈ નહિ હું કોણ શું બોલું, સહુ આલંબન ચૂકી. શ્યામ૦ ૧
પ્રાણનાથ તુમે દૂર પધાર્યા, મૂકી નેહ નિરાશી;
જણ જણના પ્રતિ નિત્ય ગુણ ગાતાં, જન્મારો કિમ જાશી. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જેહનો પક્ષ લઈને બોલું, તે મનમાં સુખ આણે;
જેહનો પક્ષ મૂકીને બોલું, તે જન્મ લગે ચિત્ત તાણે. હો. ૩
વાત તમારી મનમાં આવે, કોણ આગળ જઈ બોલું;
લલિત ખલિત ખલ જો તે દેખું, આંચ માલ ધન ખોલું. ૪
ઘટે ઘટે છો અંતર જામી, મુજમાં કાં નવિ દેખું;
જે દેખુ તે નજરે ન આવે, ગુણકા વસ્તુ વિશેખ હો. ૫
અવધે કેહની વાટડી જોઉં, બિન અવધે અતિ ઝુરૂં;
આનંદઘન પ્રભુ વેગે પધારો, જીન મન આશા પુરી હો. ૬

## ૬૦
## વાણીયાની સજઝાય

વાણિયો વણજ કરે છે રાજ, ઓછું આપીને મલકાય;
ઘણું દેખીને ઘેલો થાય, બેસો બેસો કરે, ઋજુડીને તસ્કર મારી પૈસા લૂંટી લે. ૧
વિવાહે ધન વાવરે વાણિયો, પાલખી લેવા જાય;
એક બદામને કાજે વાણિયો, સો સો ઝાળો ખાય. વાણિયો૦ ૨
દોઢ સવાયો કરે વાણિયો, ઘરમાં ભેલુ થાય;
કરવાનું કંઈ કામ ન આવે, બારે વાટે જાય વાણિયો. વાણિયો૦ ૩
વાણિયો દીસંતો વેપારીઓ, કોટે સોવન કંઠી;
લૂંટયાનો જેને ઘાટ પડયો છે, તેની વેળા વંઠી. વાણિયો૦ ૪
આઈ બાઇ કાકો મામી, બોલાવે બહું માને;
મુખનો મીઠો મનનો મેલો, જુવે બગ ધ્યાન. વાણિયો૦ ૫
ઘરાક દેખી ઘેલો થાય, હલ બલ થઈ ને હરખે;
લુંબે આવ્યું લૂંટી લીયે, પાપ કરમ નવિ પરખે. વાણિયો૦ ૬
અસંખ્યાતા જીવને છાને, એક બદામ કમાય;
આરંભે અભિમાન જ ખરચે, મહુર મહુર પમાય. વાણિયો૦ ૭
પાપ કરતાં પાછું ન જુએ, સો સો સમ ખાય;
કરલો કાઢે જુઠું બોલે, જીમતિમ ભેલું થાય. વાણિયો૦ ૮
પાપ કર્યું'ને પારે રહેશે, સજ્જન ખાશે આપ;
વિશુદ્ધ વિમળ કહે વીરજીની વાણી, આવે કમાઈ સાથ. વાણિયો૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬૧
## વૈરાગની સજઝાય

આ તન છે રંગ પતંગી રે, તેની શી ધરવી માયા.
ક્ષણમાં થશે બેરંગી રે, જેશી બાદલકી છાયા;
તે તો જરૂર જાશે, નથી અખંડ રહેવાના;
વૃદ્ધિ જુવાન કે નાતા મોટા, સહુએ અવધે જવાના. ૧
વિચારો મન એવું રે, કોણ અમર હોકે આયા;
તારા દેખતાં તો કેઈ ગયા ચાલી, તારે જવું એ વાટ;
શાને મન કરતો નથી અલ્યા, સદ્‌ગતિ જવાના ઉચાટ;
અરે ગુમાની જીવડા રે, છોડી રે મમતા માયા. ૨
કાયા તારી દીસે જર્જરી, જેહવો કાચનો કૂપ;
વિણસી જાતાં વાર નહિ લાગે, જેમ એ રૂપ કુરૂપ,
એમાં તું શું રાચે રે, જુઠી છે સઘળી માયા. આ તન૦ ૩
કાષ્ટ સમ બળશે તુજ કાયા, ઘાસ સમ વળશે કેશ;
એવું દુઃખ નિરખે સ્મશાને તોય, ન સમજ્યો લેશ;
કુડી છે કાયા રે, તેની શી ધરવી માયા. ૪
માટીના મંદિર ચણી ચણી, પાયો નાંખ્યો મજબુત;
આયુ છે અસ્થિર તારૂં, તે ન વિચારે તું ભૂત.
વીર કહે છે ભીંત કાચી, જેમ કાચી માયા. ૫

## ૬૨
## ઉણોદરી વ્રતની સજઝાય

સાસુ ને વહુ મંદિરે ગયાતા, મને આવી લાજ. પચ્ચખ્યું એકાસણું, ૧
સાસુએ લીધા બેલાના પચ્ચક્ખાણ, જેઠાણીએ લીધા તેલાના પચ્ચક્ખાણ
મને આવી લાજ પચ્ચખ્યું એકાસણું, ૨
ઘરે આવીને ભઠ્ઠીઓ સળગાવી, સળગાવ્યા ચૂલા બે ચાર; ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલા તે ચૂલે ભાત જ ઓર્યો, બીજા તે ચૂલે દાળ જ ઓરી.
ત્રીજે ચૂલે કેળવ્યો કંસાર. મને. ૪
બજારમાંથી સસરાજી આવ્યા, લાવ્યા ઘેબર હાથ. વહુને એકાસણું. ૫
મેડીએથી સાસુજી આવ્યા, લાવ્યા પાપડ હાથ. વહુને એકાસણું. ૬
દુકાનેથી જેઠજી આવ્યા, લાવ્યા દુધડે ભાર. ભાભીને એકાસણું. ૭
ઓરડામાંથી જેઠાણી આવ્યા, લાવ્યા ખાખરા હાથ. દેરાણીને એકાસણું. ૮
બજારમાંથી દીયરજી આવ્યા, લાવ્યા ફળ ફુલ હાથ. ભાભીને એકાસણું. ૯
પરસાળેથી દેરાણી આવ્યા, લાવ્યા મુખવાસ હાથ. ભાભીજી એકાસણું. ૧૦
રૂમઝુમ કરતી નણંદો આવી, લાવી પકવાન હાથ. ભાભીને એકાસણું. ૧૧
મહેલમાંથી સ્વામીજી આવ્યા, લાવ્યા લાડુ બે ચાર. ગોરીને એકાસણું. ૧૨
કામ કરંતો ઘાટી જ આવ્યો, ઢાળીયા બાજોઠ બે ચાર. શેઠાણીને એકાસણું. ૧૩
એકાસણું કરીને વહુજી ઉઠયા, કીધી લોટાલોટ. પચ્ચક્ખ્યું એકાસણું. ૧૪
એકાસણું કરીને ચાર પાંચ કોળીયા ઉણા રહીએ
એ તો ઉણોદરી વ્રત કહેવાય. પચ્ચખ્યું એકાસણું. ૧૫
હીર વિજયજીની વિનંતી એતો, વીર વિજય ગુણ ગાય. પચ્ચખ્યું એકા૦ ૧૬

## ૬૩
## ધન્નાજીની સજ્ઝાય

સરસ્વતિ સ્વામીને વિનવું રે, ગણપત લાગું છું પાય હો પ્યારાજી
કોણ તમને દુભણહાર. ૧
ધન્નો તે બેઠો ન્હવણ કરે છે, નારીજી ચોળે છે વાંસ હો પ્યારાજી. ૨
વાંસ ચોળંતા દીઠી ઝુરતીજી, એવડું તે તમને શું દુઃખ હો. ૩
મને તે દુઃખ મારા મૈયર તણું જી, સાલે હઈડામાંય હો. ૪
શાલિભદ્ર સરીખો તારે બાંધવો જી, ધન્ના સરીખો ભરથાર હો. ૫
મારો તે વીરો ગોરી માહરો રે, દિન પ્રત્યે છોડે એક એક નાર હો. ૬
તારો તે વીરો ગોરી મૂર્ખો રે, બત્રીશ મેલે સંગાથ હો. ૭
કહેતાં તે લાગે સ્વામિ સોહીલું રે, વિસરતાં વિસમણી થાય હો. ૮
ખેર ભર્યા રે ધન્ના ઉઠીયાજી, નવે મેલી નિરાધાર હો. ૯
હસતાં તે સ્વામી હસાઈ ગયું રે, તાણી શું બાંધો છો ગાંઠ હો. ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મેં રે કીધું તો મને છંડજો રે, આઠેથી રાખો ઘરવાસ હો. ૧૧
જતાં તે ધન્ને કહેવરાવીયું રે, શાલીભદ્ર મેલો બત્રીશ નાર હો. ૧૨
ધન્નાની માતા વિલવિલ કહે રે, એક વાર ફરી પાછું જોય હો. ૧૩
શીલા ઉપર કર્યો સંથારો રે, ચારે આહારનાં કર્યાં પચ્ચક્ખાણ હો. ૧૪
ધન્નાની માતાને જઇ કહેજો રે, ધન્નાજી મોક્ષે સિધાય હો. ૧૫
શાલીભદ્રની માતાને જઇ કહેજો જી, શાલીભદ્ર લીધો ગર્ભાવાસ હો. ૧૬
શાલીભદ્રની માતા વિલ વિલ કરે રે, એકવાર ફરી પાછું જોય હો. ૧૭
હીર વિજય ગુરૂ હીરલો રે, વિમલ વિજય જયકાર હો. ૧૮

## ૬૪
## અઇમુત્તાની સજઝાય

વીર જીણંદ વાંદીને ગૌતમ, ગોચરીયે સંચરીયા,
રાજગૃહી નગરીમાંહે, ગૌતમ ઘર ઘર આંગણ ફરીયા;
આઘા આમ પધારો હો પૂજ્ય મુજ ઘર વહોરણ વેળા. ૧
ઇણે અવસર અઇમુત્તો રમતાં, મનગમતા મુનિ દીઠાં;
કંચન વરણી કાયા નીરખી, મનમાં લાગ્યાં મીઠાં. ૨
બોલ્યો કુંવર અમીરસ વાણી, એહ કહો અભિરામે;
ખરે બપોરે પાય અડવાણે, ભમવો તે કીણે કામે. ૩
સાંભળ રાજકુંવર સોભાગી, શુદ્ધ ગવેષણા કીજે;
નિર્દૂષણ ને નિરતિચારે, ઘર ઘર ભીક્ષા લીજે. ૪
આવો આજ અમારે મંદિર, કહેશો તિણવિધ કરશું;
જે જોઇએ જુગતે કરીને, ભાવશું ભિક્ષા દેશું. ૫
ઈમ કહી ઘર તેડી ચાલ્યો, આવ્યો મુનિ આનંદે;
અઈમુત્તા રાણી દેખીને, વિધિશું ગૌતમ વંદે. ૬
આજ અમારે રત્નચિંતામણી, મેહ અમીરસ વુઠા;
આજ અમ આંગણ સુરતરૂ ફળીયો, જે ગૌતમ નયણે દીઠા. ૭
રે બાલુડા બહુ બુદ્ધિ વંતા, ગણધર ગૌતમ આવ્યા;
થાળ ભરીને મોદક મોટા, ભાવશું વહોરાવ્યા. ૮

વાંદી પાય કુંવર મુનિવરનાં, હાથ મેલાવ્યો માથે;
વોળાવું કહેતો મુનિને, ઈમ કહી ચાલ્યો સાથે. ૯
કુંવર કહે આ ભોજન આપો, ભાર ઘણો તુમ પાસે;
ગૌતમ કહે એ તને ન આપું, ચારિત્ર લીએ ઉલ્લાસે. ૧૦
ચારિત્ર લેઈશ હું તુમ પાસે, ઝોલી લિયો મુજ હાથે;
ગૌતમ પૂછે અનુમતિ કેહની, માયે મોકલ્યો મુજ સાથે. ૧૧
ગુરૂ જ્ઞાની ગૌતમ મન આણી, દીક્ષા દીધી તેહને;
વૃદ્ધ મુનિને ભલાવી દીધા, મુનિ મારગ દીયો તેહને. ૧૨
તે સંગાથે અઈમુત્તો ચાલ્યો, સ્થંડિલ ભૂમિયે વનમેં;
નાનો સરોવર નીર ભરિયો, તે દેખી હરખ્યો મનમેં. ૧૩
નાનો સરોવર નાનો ભાજન, નાવ કરી અઈમુત્તો;
વળતાં સાધુજી દેખીને, બાલક રમત કરતો. ૧૪
બોલાવી કહે મુનિ બાલકને, એ આપણુ નવિ કીજે;
છકાય જીવની વિરાધના કરતાં, દુર્ગતિનાં ફળ લીજે. ૧૫
લાજ ઘણી મનમાંહિ ઉપની; સમોવસરણમેં આયો;
ઈરિયાવહી પડિક્કમત્તા અઈમુત્તો, ધ્યાન શુકલ મન લાવ્યો. ૧૬
કેવલજ્ઞાન તિહાં ઉપન્યો, ધન ધન મુનિ અઈમુત્તો;
શુદ્ધ મને ચારિત્ર પાળીને, તે મુનિ મુગતે પહોતો. ૧૭
ગૌતમ આદે અઇમુત્તા સરિખા, ગુણવંતા ઋષિરાયા;
લક્ષ્મીરત્ન કરજોડી કહે છે, તે મુનિવરનાં પાયા. ૧૮

## ૬૫
## સ્થુલીભદ્રની સજઝાય

**શ્રી** સ્થુલીભદ્ર મુનિગણમાં શિરદારજો, ચોમાસુ આવ્યા કોશ્યા આગાર જો;
ચિત્રામણ શાળાયે તપજપ આદર્યા જો. ૧
આદરીયા વ્રત આવ્યા છો અમ ગેહ જો, સુંદરી સુંદર ચંપકવરણી દેહ જો;
અમ તુમ સરિખો મેળો આ સંસારમાં જો. ૨
સંસારે મેં જોયું સઘળું સ્વરૂપ જો, દર્પણની છાયામાં જેવું રૂપ જો;
સુપનાની સુખલડી ભૂખ ભાંગે નહિ જો. ૩



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ના કહેશો તો નાટક કરશું આજ જો, બાર વરસની માયા છે મુનિરાજ જો;
તે છોડી કેમ જાઉં હું આશા ભરી જો. ૪
આશા ભરીયો ચેતન કાળ અનાદિ જો, ભમીઓ ભવમાં ધર્મને હારી પ્રમાદિ જો;
ન જાણી મેં સુખની કરણી જોગની જો. ૫
જોગી તો જંગલમાં વાસો વસીયા જો, વેશ્યાને મંદિરિયે ભોજન રસિયાજો;
તુમને દીઠાં એવા સંયમ સાધતા જો. ૬
સાધશું સંયમ ઈચ્છા રોધ વિચારી જો, કૂર્મા પુત્ર થયા નાણી ઘરબારી જો;
પાણી માંહે પંકજ કોરૂં જાણીએ જો. ૭
જાણીએ તો સઘળી તુમારી વાત જો, મેવા મીઠા રસવંતા બહુ મન જો;
અંબર ભૂષણ નવ નવલી ભાતે લાવતાં જો. ૮
લાવતા તો તું દેખી આદરમાન જો, કાયા જાણું રંગ પતંગ સમાન જો;
ઠાલી તે શી કરવી એવી પ્રીતડી જો. ૯
પ્રીતલડી કરતા તે રંગભર સેજ જો, રમતાંને દેખાડંતા ઘણું હેજ જો;
રીસાણી મનાવી મુજને સાંભરે જો. ૧૦
સાંભરે તો મુનિવર મનડું વાળે જો, ઢાંકયો અગ્નિ ઉઘાડયો પરજાળે જો;
સંયમ માંહિ એ છે દૂષણ મોટકું જો. ૧૧
મોટકું આવ્યું તું રાજા નન્દનું તેડું જો, જાતાં ન વહે કાંઈ તમારૂં મનડું જો;
મેં તુમને તિહાં કોલ કરીને મોકલ્યા જો. ૧૨
મોકલ્યા તો મારગ માંહિ મળીયા જો, સંભૂતિ આચારજ જ્ઞાને બળીયા જો;
સંયમ દીધું સમકિત તેણે શિખવ્યું જો. ૧૩
શિખવ્યું તો કહી દેખાડો અમને જો, ધર્મ કરંતા પૂણ્ય વડેરૂં તમને જો;
સમતાને ઘેર આવી વેશ્યા એમ વદે જો. ૧૪
વદે મુનીશ્વર શંકાનો પરિહાર જો, સમકિત મૂળે શ્રાવકનાં વ્રત બાર જો;
પ્રાણાતિપાતાદિક સ્થૂલથી ઉચ્ચરે જો. ૧૫
ઉચ્ચરે તો વીત્યું છે ચોમાસું જો, આણા લેઈને આવ્યા ગુરૂની પાસે જો;
શ્રુત નાણી કહેવાણા ચૌદ પૂર્વી જો. ૧૬
પૂર્વી થઈને તાર્યાં પ્રાણી થોક જો, ઉજ્વલ ધ્યાને તેહ ગયા દેવલોક જો;
ઋષભ કહે નિત્ય કરીએ તેહને વંદના જો. ૧૭

Jain Education International 2010_05  For Private & Personal Use Only  www.jainelibrary.org

## ૬૬
## પરદેશી રાજાની સજ્ઝાય

સૂરીશ્વર શ્વેતાંબી નગરી સમોસર્યા, શ્રી કેશી ગણધાર હો પરદેશી રાજા;
આવો સાંભળીયે ગુરૂ દેશનાં, પ્રાણી ભવસાગર ભમતાં થકાં;
લાધ્યો નર અવતાર હો. ૧
પાપી આતમશું નિદ્રા કહે, એ તો જાગરણ કામ હો;
નિશ્ચય નરકતણાં દુઃખ લાવવાં, હુતી એ હિંસા નામ હો. ૨
પ્રાણી આતમ સરીખો પ્રાહુણો, આવ્યો છે જ ઘર દેહ હો;
તો તું તેહને કેમ નથી દેખતો, અસંખ્ય પ્રદેશી એહ હો. ૩
એહનું મુલઘર મોક્ષમાં મોટકું, એહને ઋદ્ધિ અપાર હો;
એ તો અનંત ચતુર્મયી આતમાં, એકત્રીશ ગુણનો ભંડાર હો. ૪
નાવે નજરે તે ચર્મનેત્રથી, જ્ઞાનથી દેખો સરૂપ હો;
એવા વચન સુણી ગણધર તણાં, બોલ્યો નાસ્તિક ભૂપ હો. ૫
સ્વામી જીવ કિહાં દીસે નહિ, મેં જોયું ચોર શરીર હો;
ઘાલી ભૂંઇરા માંહે દૃઢ કીયો, જીહાં ન સંચરે સમીર હો. ૬
તો તે મરણ લઈ જીવ કયાં ગયો, કયાંથી આવ્યા કૃમીયા જીવ હો;
એક જીવની સાટે એટલા, આવ્યા તોયે અજીવ હો. ૭
જોયો ચૂર્ણ કરી જીવ નવિ જડયો, જોળી તોળીને ભાર હો;
માટે જગમાંહે જીવ નથી કિહાં, પંચભૂત પિંડ વિશેષ હો. ૮
ગુરૂ કહે શંખ શબ્દ ભૂંઇ રે કરો, સાંભલે બાહિર કેમ હો;
કહોને શબ્દ કિહાંથી આવીયો, જીવગતિ પણ તેમ હો. ૯
અરણી કાષ્ટ ચૂરણ કરી જોઈએ, તો પણ અગ્નિ તે માંહે હો;
દડીયો પત્રતણો કરી જોઈએ, તેનો તોલીએ ભાર હો. ૧૦
ફરીને તે પાછો વલી તોલીએ, કરીને પવન સંસાર હો;
માટે સૂક્ષ્મ સ્વરૂપ એ જીવનો, પામે કોઇ ન પાર હો. ૧૧
પહોંચે આયુ અનંત પ્રભુ તણાં, કેવલજ્ઞાને સંયુક્ત હો;
પણ તે ભાગ અનંતમો ન કહી શકે, આતમ સૂક્ષ્મ અનંત હો. ૧૨
પુણ્ય પાપનું ફલ પ્રત્યક્ષ છે, નિર્ભાગી ધનવંત હો;
માટે પુણ્ય સંયોગે પામીઓ, રાજ્યની ઋદ્ધિ મહંત હો. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એવો ગુરૂ ઉપદેશ સાંભલી, પ્રતિબોધ પામ્યો ભૂપાલ હો;
મૂલ સમકિત વ્રત બારે ગ્રહ્યાં, વૈરાગ્ય ચિત્ત વિશાલ હો. ૧૪
રાણી સૂરિકાંતા વ્યભિચારીએ, દીધું રાજાને વિષ હો;
શુભ ધ્યાને મરી સૂર ઉપનો, એ સૂરીયાભ વિમાન હો. ૧૫
પામી નરભવ મોક્ષમાં તે જશે, મહાવિદેહ ક્ષેત્ર મોઝાર હો;
એમ વીરજી ગૌતમને કહે, રાયપસેણી વિચાર હો. ૧૬
કેશી પાર્શ્વ પ્રભુ સંતાનીયા, કીધો ત્યાંથી વિહાર હો;
સ્વામી ગૌતમ પાસે પડિવજ્યું, શાસન વીરનું સાર હો. ૧૭
એ તો ઉત્તરાધ્યયનથી જાણજો, ગણધર પ્રશ્ન વિચાર હો;
થાજો વિજય ખુશાલ પસાયથી, ઉત્તમ નિત્ય જયકાર હો. ૧૮

## ૬૭
## ગૌતમસ્વામીની સજ્ઝાય

**શ્રી** ગૌતમસ્વામી પુછા કરે, વિનય કરી શીશ નમાય હો પ્રભુજી;
અવીચલ સ્થાનક મેં સૂણ્યું, કૃપા કરી મુજ બતાય હો પ્રભુજી;
શિવપુર નગર સોહામણું. ૧

અષ્ટકર્મ અલગા કરી, સાર્યાં આતમ કામ હો પ્રભુજી;
છૂટયા સંસારનાં દુઃખ થકી, તેને રહેવાનું કિહાં કામ હો પ્રભુજી. ૨
વીર કહે ઉર્ધ્વ લોકમાં, સિદ્ધ શીલા તણું ઠામ હો ગૌતમ;
સ્વર્ગ છવ્વીસની ઉપરે, તેના બારે નામ હો. ગૌતમ. ૩
લાખ પિસ્તાલીશ યોજનાં, લાંબી પહોળી જાણ હો ગૌતમ;
આઠ યોજન જાડી વિચે, છેડે માંખી પાંખ જ્યું જાણ હો ગૌતમ. ૪
ઉજવલ હાર મોતિતણાં, ગોદુગ્ધ શંખ વખાણ હો ગૌતમ;
તે થકી ઉજળી અતિ ઘણી, ઉલટ છત્ર સંઠાણ હો. ગૌતમ. ૫
અર્જુન સ્વર્ણ સમ દીપતો, ગઠારી મઠારી જાણ હો ગૌતમ;
સ્ફટિક રત્નથકી નિર્મળી, સુંવાળી અત્યંત વખાણ હો ગૌતમ. ૬
સિદ્ધશીલા ઉલંઘી ગયા, અધર રહ્યા સિદ્ધરાજ હો ગૌતમ;
અલોકશું જાઇ અડયા, સાર્યાં આતમ કાજ હો. ગૌતમ. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જન્મ નહિ મરણુ નહિ, નહિ જરા નહિ રોગ હો ગૌતમ;
વૈરી નહિ મિત્ર નહિ, નહિ સંજોગ વિજોગ હો. ગૌતમ. ૮
ભૂખ નહિ તૃષા નહિ, નહિ હર્ષ નહિ શોક હો ગૌતમ;
કર્મ નહિ કાયા નહિ, નહિ વિષયા રસ યોગ હો ગૌતમ. ૯
શબ્દ રૂપ રસ ગંધ નહિ, નહિ ફરસ નહિ વેદ હો ગૌતમ;
બોલે નહિ ચાલે નહિ, મૌન પણું નહિ ખેદ હો ગૌતમ. ૧૦
ગામ નગર તિહાં કોઇ નહિ, નહિ વસ્તી ન ઉજાડ હો ગૌતમ;
કાલ સુકાલ વર્તે નહિ, રાત દિવસ તીથી વાર હો ગૌતમ. ૧૧
રાજા નહિ પ્રજા નહિ, નહિ ઠાકુર નહિ દાસ હો ગૌતમ;
મુક્તિમાં ગુરૂ ચેલો નહિ, નહિ લઘુ વડાઇ તાસ હો ગૌતમ. ૧૨
અનંતા સુખમાં ઝીલી રહ્યા, અરૂપી જ્યોતી પ્રકાશ હો ગૌતમ;
સહુ કોઇને સુખ સારીખા, સઘળાને અવિચળ વાસ હો ગૌતમ. ૧૩
અનંત સિદ્ધ મુગતે ગયા, વળી અનંતા જાય હો ગૌતમ;
અવર જગ્યા રૂંધે નહિ, જ્યોતમાં જ્યોત સમાય હો ગૌતમ. ૧૪
કેવલજ્ઞાન સહિત છે, કેવલ દર્શન ખાસ હો ગૌતમ;
ક્ષાયિક સમકિત દીપતું, કદીય ન હોવે ઉદાસ હો ગૌતમ. ૧૫
સિદ્ધ સ્વરૂપ જે ઓળખે, આણી મન વૈરાગ હો ગૌતમ;
શિવસુંદરી વેગે વરે, નય કહે સુખ અથાગ હો ગૌતમ. ૧૬

## ૬૮
## રાજીમતીના બારમાસાની સજ્ઝાય

સખી તોરણુ આઈ કંત ગયા, નિજ મંદિરે; જે નજર મેલાવો કીધ;
તે મુજ સાંભરે ઘર લાવત ઝાલી હાથ હું હેઠે ઉતરી,
પણુ કરી વરઘોડો આય, છબીલો છેતરી, મધુબિંદુ સમો સંસાર;
મુંઝાણા મહાલતા, સંસારે સુખી અણુગાર જીનેશ્વર બોલતા. ૧
સખી ચારે કહું અવદાત, વિયોગી દુઃખી તણાં;
દુનિયામાં દુર્જન લોક, હાંસી કરે ઘણાં;
મીઠી લાગે પરની વાત, અગન પગનાં લહે;
કેના મોભ ચુયે કેના નેવ, તે મુખ ના કહે. ૨

સખી શ્રાવણ છઠ્ઠુ મેલી મહીયરીયા તળે,
છઠ્ઠી છટકી વારથી વેલ, વાળી નહિ વળે;
કામ વરતી ફરતી થરતી ઝરતી વાદળી;
ગયે। શ્રાવણ માસ નિરાસ, રાજુલ એકલી. ૩
સખી ભાદરવે ભરથાર, વિના કિમ રીઝીયે;
વિરહાનલ ઉઠી જાળ, ધુંવા વિણ દાઝીયે;
ફળ વર્ષણ પાકયાં શાળ, ન ખાઇએ ખેલીએ;
હોત દુઃખના દહાડા બે ચાર, તે આઘા ઠેલીએ. ૪
બેન આસો માસે સેવ, સુવાળી સુખડી,
ગયા દશરે દશેરાનાં દિન, દિવાળી ઢુંકડી;
સખી લાંઘણ કરીએ લાખ, સરસ નવિ ભોજનાં,
રંગતાન ને નાટક શાળ, પિયુ' વિના પેખણા. ૫
માસ કાર્તિકે કેલી કરે, નર નારી બાગમાં,
જેણે માસે ટબુકે ટાઢ, કુમારી રાગમાં,
જેના વાલમ ગયા વિદેશ, સંદેશા મોકલે;
મારે ગામ ધણી ઘરવટ, વસે પિયુ' વેગળે. ૬
સખિ માગશિરે માગણનાં મનોરથ પૂરતાં,
મને મેલી બાળે વેશ, ચતુર ગુણ ચૂરતા;
સખિ કોઈ રે સંદેશો લેઇ, આપી જાય મુજ કને;
તેને દઉં રે મોતનહો હાર, અમૂલખ ભૂષણે ૭
પોસ માસે પોતાની છંડી શિયાળે ચાલીયા,
પિયુ વિના, વેરણ રાત, સૂના મહેલ માળીયા;
જાય જોબનીયું ભરપુર, અરણ્ય જેમ માલતી;
જેના પિયુ રે ગયા પરદેશ, દુઃખે દિન કાઢતી. ૮
પિયુ મહા માસે મત જાઓ રે, હિમાળો હાલશે;
રયણી એક વરસ સમાન, વિયોગી સાલશે;
લંકાથી સીતા ષટ્માસે, રામ ઘર લાવીયા;
એવા વહી ગયા સાતે માસ, પ્રીતમ ઘેર ન આવીયા. ૯
હલકારો હસંત વસંત, આકાશથી ઉતર્યો;
માનું ફાગણ સુરનર રાય, મળીને નીતર્યો;
હોળી ખેલે ગોપી ગોવિંદ, હેમુ ઘર આવતી;
અતિ કેશુઆ ઝંપાપાત, વિયોગે માલતી. ૧૦

Jain Education International 2010_05　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

સખી ચતરે ચિત્ત થકી, વાલમે વિછોહી;
આવા દુઃખના દહાડા કિમ જાય, ઉગે રવિ આથમે;
આંખ મિંચાણે મળી જાય રે; ઉઘાડે વેગળો;
શામળીયો સિદ્ધ સ્વરૂપ સુપનામાં આગળો. ૧૧
રમે હંસ યુગલ શુક મોર, ચકોર સરોવરે;
નિજ નાથ સહિયર ને સાથ, સુખે રમે વન ઘરે;
મુખ મંજરી આંબા ડાળે કોયલ ટહુંકતાં;
સખી વાતમાં વિત્યો વસંત, રૂએ રાજીમતિ. ૧૨
સખી વૈશાખે વનમાંહિ રે, હીંચોળા હિંચતાં;
કદલી વર ફુલ બિછાય, ખુશીથી નાચતાં;
સરોવર જળ કમળે કેલ, કરંતા રાજવી;
મુજ સરીખી છબીલી નાર, લગન લઈ લાજવી. ૧૩
જેઠ માસે જુલમનાં તાપ, તપંતી ભૂતળાં;
આઠ માસનો મેઘ વિયોગ, બળે તરૂ કુમળાં;
પશુ પંખી વિસામા ખાય રે, શીતળ છાયા તરૂ;
મારે પિયુ વિના નહિ વીસરામ, નાની ને નોતરૂં. ૧૪
સખી આવીયો માસ આષાઢ, ભરે જળ વાદળી;
ગરજારવે ટહુકે મોર, ઝબુકે વીજળી;
વરસાદે વસુધા નવ પલ્લવ હરીઆં ધરે;
નદી નાળેં ભરીયાં નીર, બપૈયો પિયુ પિયુ કરે. ૧૫
ચોમાસે કરી તરૂ માળા, રમતાં પંખીયાં;
વીત્યાં બારે માસ, પ્રીતમ ઘેર ન આવીયાં;
શ્રાવણ સુદિ છઠ્ઠું સ્વામી, ગયા સહસાવને;
લઈ સંયમ કેવળી થાય, દિન પંચાવને. ૧૬
નેમ મુખથી રાજુલ નવ ભવ, નેહ નિહાળતી;
વૈરાગ સુધારસ લીન, સદા મન વાળતી;
કાળાંતરે નેમ દયાળ, તિહાં દેશનાં દીએ;
પ્રભુ હાથ સાહેલી સાથ, રાજુલ દીક્ષા લીએ. ૧૭
લઈ કેવળ કરી પરિશાટન, બેહુ સુગતિ ગયા;
બની પ્રીત તે સાદિ અનંત, ભાગ્યે ભેળા થયાં;
શુભ વીર વિજય સુખ લીન, મગન વિશેષતા;
લોક નાળની નાટક શાળ, સમયમાં દેખતાં. ૧૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬૯

## સતાસતીની સજઝાય

સુપ્રભાત નિત્ય વંદીયે, ભરત બાહુબલી થંભા રે;
અભયકુમાર ને ઢંઢણો, સિરીયો ને કયવન્નો રે. ૧
અર્ણિકા પુત્ર ને અઈમત્તો, નાગદત્ત સ્થુલી ભદ્ર રે;
વયર સ્વામીને નંદીષેણજી, ધન્નો ને શાલિ ભદ્ર રે. ૨
સિંહ ગીરી કીર્તિ સુકોશલો, કરકંડુ પુંડરીકો રે;
ગયસુકુમાર જંબુ પ્રભુ, કેશી અવંતી સુકુમાલો રે. ૩
દશાર્ણ ભદ્ર જસ ભદ્રજી, ઇલાતી ચિલાતી પુત્ર સાલો રે;
બાહુ ઉદાઇ મનક મુનિ, આર્યરક્ષિત આર્યગિરીશોરે. ૪
આર્યસુહસ્તી પ્રભવ વળી, શાંબ પ્રદ્યુમ્ન મુનીશો રે;
મૂલ દેવ કાલિક સૂરી, વિષ્ણુકુમાર શ્રેયાંસો રે. ૫
આર્દ્રક દૃઢ પ્રહાર વળી, કુરગડુ મેહ મુનીશો રે;
સયંભવ પ્રસન્ન ચંદ્રજી, મહાસાલ વંક ચૂલો રે. ૬
એહ સતા નામ લીજીએ, જીમ હોય સુંદર કુલો રે;
સુલસા ચંદન બાલિકા, મણોરમા મયણ રેહા રે. ૭
કુંતી નર્મદા સુંદરી, બ્રાહ્મી સુંદરી ગુણ ગેહી રે;
દમયંતી સતી રેવતી, શિવાજયંતી નંદા રે. ૮
દેવકી દ્રૌપદી ધારિણી, શ્રી દેવી સુભદ્રા ભદ્રા રે;
ઋષિદત્તા રાજીમતિ, પદ્માવતી પ્રભાવતી કહિયે રે. ૯
અંજના ને કળાવતી, પૂષ્પ ચૂલા મન લહીયે રે;
ગૌરી ગાંધારી લક્ષ્મણા, જંબૂવતી સત્યભામા રે. ૧૦
પદ્મા સુસીમા રૂક્મિણી, એ આઠ હરિની રામા રે;
જયેષ્ઠા સુજયેષ્ઠા મૃગાવતી, ચેલણા પદ્મા પ્રભા રાણી રે. ૧૧
બહેની સાત સ્થુલિભદ્રની, બુદ્ધિ મહાગુણ ખાણી રે;
જક્ષા જક્ષદિન્ના વળી, ભૂયા ને ભૂય દિન્ના રે. ૧૨
સેણા વેણા રેણા કહી, એ શકડાલની કન્ના રે.
ઇત્યાદિક જે મહાસતી, ત્રભુવન માંહિ વિરાજે રે; ૧૩
આજ લગી પણ જેહનો, જસ પડહ જગ ગાજે રે.
શીલવંતી સુર સુંદરી, કૌશલ્યા ને સુમિત્રા રે; ૧૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેવદત્તાદિક જાણીયે, સવિ જીન જનની પવિત્રા રે.
દુરિત ઉપદ્રવ ઉપશમે, હોવે મંગળ માળા રે; ૧૫
જ્ઞાન વિમલ ગુણ સંપદા, પામી જે સવિ શાલા રે. ૧૬

## ૭૦
## અર્જુનમાળીની સજ્ઝાય

સદ્દગુરુ ચરણે નમી કહું સાર, અર્જુનમાળી મુનિ અધિકાર; ૧૬
ભવિ સાંભળો, રૂડી રાજગૃહી પૂરી જાણ,
રાજ્ય કરે શ્રેણીક મહિરાણ. ૧
નગરી નિકટ એક વાડી અનૂપ, સકળ તરૂ સુરતરૂ જીહાં શોભે સુરૂપ;
દીપે મુદ્દગર યક્ષ તિહાં દેવ, અર્જુનમાળી કરે તસ સેવ. ૨
બંધુમતી, ગૃહિણી તસ જાણ, રૂપ જોવને કહી રંભા સમાન;
એકદા અર્જુન ને પ્રિયા દેવ, ગેહ ગયા વાડીયે બિહું ધરી નેહ. ૩
ગોકિલ ષટ્ નર આવ્યા તિવાર, વિકળ થયા દેખી બંધુમતી નાર;
અર્જુનને બાંધી એકાંતે, ભોગવી બંધુમતી મનની હો ખાંત. ૪
અર્જુન ચિંતે મુદ્દગરપાણિ આજ, સેવકની કરજે તું સાજ; ભવિ૦
ઇમ નીસુણી યક્ષ પેઠો હો અંગ, બંધન તોડી ચાલ્યો મન રંગ. ૫
ગોકિલ ષટ્નર સાતમી નાર, મુદ્દગરશું મારીને ચાલ્યો તિવાર; ભ૦
દિન દિન ષટ્નરને એક નાર, હણ્યો છ માસ લગે એક હજાર. ભ૦ ૬
બારસેં આઠ વળી ઉપર જાણ, હણ્યા તે માણસ મુદ્દગર પ્રાણ ભ૦
વિસ્તરી નયરી માંહે તે વળી, લોક બીન્યા તે બહાર ન જાય. ૭
તિણ અવસર રાજગૃહી ઉદ્યાન, સમવસર્યા મહાવીર સુજાણ; ભ૦
શેઠ સુદર્શન સુણી તત્કાળ, વંદન ને ચાલ્યા સુકુમાળ; ભ૦ ૮
દેખી દોડયો યક્ષ હણવાને કાજ, શેઠે પ્રતિજ્ઞા કરી પંથ જ માંહી; ભ૦
ઉપસર્ગથી જો ઉગરૂ એણીવાર, પાળુ સહિ તો જાવજીવ ચોવીહાર. ૯
કરી નમુત્થુણં ધરે હવે ધ્યાન, ઉપાડયો હણવા મુદ્દગર પાણ; ભ૦
ધર્મ પ્રભાવે હાથ થંભ્યા આકાશ, ગયો અર્જુન દેહથી યક્ષ નાશ. ૧૦
ધરતી ઉપર પડયો અર્જુન દેહ, ચિત્ત વળ્યું ઘડી એકાંતે છેહ; ભ૦
શેઠ પ્રતિજ્ઞા અર્જુન પેખી, કિહાં જાશો પૂછે સુવિશેષ. ભ૦ ૧૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વાંદવા જાશું શ્રી મહાવીર, સાંભળી સાથે થયો સુધીર; ભ૦
વાણી સુણી ઉપન્યો વૈરાગ્ય, લીધું ચારિત્ર અર્જુન ધરી રાગ. ૧૨
કીધા રે કર્મ ખપાવવા કાજ, રાજગૃહી પાસે રહ્યા ઋષીરાજ; ભ૦
યક્ષ રૂપે હણીયા જે જીવ, તેહનું વૈર વાળી મારે સદૈવ. ભ૦ ૧૩
થયાં પાટુ ને મુઠીના માર, નિબિડ જોડા ને પત્થર પ્રહાર; ભ૦
જાપટ ઇંટ કોરડા નહિ પાર, હણે લાઠી કાંઇ નર હજાર. ૧૪
શુભ પરિણામે સાધુ સહે સદૈવ, ત્હારાં કીધાં તું ભોગવ જીવ; ભ૦
અભ્યાસે આણી શુભધ્યાન, કેવળ લહી પામ્યા શિવથાન. ભ૦ ૧૫
સંવત સત્તર સુડતાલી ઉલ્લાસ, શહેર રાણકપુર ચૌમાસ; ભ૦
કહે કવિયણ કરજોડી દેવ, મુક્તિ તણાં ફળ દેજ્યો દેવ. ભવિ૦ ૧૬

## ૭૧
## ઇલાચીપુત્રની સજ્ઝાય

નામ એલાચી પુત્ર જાણીયે, ધનદત્ત શેઠનો પુત્ર;
નટડી દેખીને મોહિયો, નવિ રાખ્યું ઘરનું સુત્ર. ૧
કર્મ ન છૂટે રે પ્રાણીયા, પૂરવ નેહ વિકાર;
નિજ કુલ છંડી રે નટ થયો, નાણી શરમ લગાર. કર્મ૦ ૨
માતપિતા કહે પુત્રને, નટ નવિ થઇએ રે જાત;
પુત્ર પરણાવું રે પદ્મણી, સુખ વિલસો સંઘાત. કર્મ૦ ૩
કહેણુ ન માન્યું રે તાતનું, પૂર્વ કર્મ વિશેષ;
નટ થઈ શીખ્યો રે નાચવા, ન મટે લખ્યા રે લેખ. કર્મ૦ ૪
એક પુર આવ્યો રે નાચવા, ઉંચો વંશ વિશેષ;
તિહાં રાય જોવાને આવીયો, મલીયા લોક અનેક. કર્મ૦ ૫
ઢોલ બજાવે રે નટવી, ગાવે કિન્નર સાદ;
પાયતળ ઘુઘરા રે ઘમઘમે, ગાજે અંબર નાદ. કર્મ૦ ૬
દોય પગ પહેરી રે પાવડી, વંશ ચડયો ગજ ગેલ;
નોંધારો થઈ નાચતો, ખેલે નવનવા ખેલ. કર્મ૦ ૭
નટડી રંભા રે સારખી, નયણે દેખે રે જામ;
જો અંતે ઉરમાં એ રહે, જન્મ સફળ મુજ તામ. કર્મ૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તવ તિહાં ચિંતે રે ભૂપતિ, લુબ્ધ્યો નટવીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટવી કરૂ મુજ હાથ. કર્મ૦ ૯
કર્મ વશે રે હું નટ થયો, નાચું છું નિરાધાર;
મન નવિ માને રે રાયનું, તો કોણ કરવો વિચાર. કર્મ૦ ૧૦
દાન ન આપે રે ભૂપતિ, નટે જાણી તે વાત;
હું ધન વાંછું છું રાયનું, રાય વંછે મુજ ઘાત. કર્મ૦ ૧૧
દાન લહું જો હું રાયનું, તો મુજ જીવીત સાર;
એમ મનમાંહી રે ચિંતવી, ચડીઓ ચોથી રે વાર. કર્મ૦ ૧૨
થાલ ભરી શુદ્ધ મોદકે, પદ્મણી ઉભી છે બાર;
લ્યો લ્યો કહે છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કર્મ૦ ૧૩
એમ તિહાં મુનિવર વહોરતાં, નટે પેખ્યા મહાભાગ;
ધિગ્ ધિગ્ વિષયારે જીવને, એમ નટ પામ્યો વૈરાગ. કર્મ૦ ૧૪
સંવરભાવે રે કેવલી, થયો તે કર્મ ખપાય;
કેવલ મહિમા રે સુર કરે; લબ્ધિવિજય ગુણ ગાય. કર્મ૦ ૧૫

## ૭૨
## જંબુકુમારની સજઝાય

રાજગૃહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે;
તસ સુત જંબૂ કુમાર નમું, બાળપણે બ્રહ્મચારી રે. જંબૂ. ૧
જંબૂ કહે જનની સુણો, સ્વામી સુધર્મા આયા રે;
દીક્ષા લેશું તે કને, અનુમતિ દ્યો મોરી માયા રે. જંબૂ. ૨
માય કહે સુણો બેટડા, વાત વિચારી કીજે રે;
તરૂણપણે તરૂણી વરી, છાંડી કેમ છુટી જે રે. માય. ૩
આગે અરણિક મુનિ વરા, ફરી પાછા ઘરે આવ્યા રે;
નાટકણી નેહે કરી, આસાઢા ભૂતિ ભોલાયા રે. માય. ૪
વેશ્યા વશ પડીયા પછી, નંદીસેણ નગીનો રે;
આર્દ્રદેશનો પાટવી, આર્દ્રકુમાર કાં કીનો રે. માય. ૫
સહસ વરસ સંજમ લીયો, તોહી પાર ન પાયા રે;
કુંડરીક ને કરમે કરી, પછી ઘણું પસ્તાયા રે. માય. ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિવર શ્રી રહનેમિજી, નેમિજિનેશ્વર ભાઈ રે;
રાજીમતી દેખી કરી, વિષય તણી મતિ આઈ રે. માય. ૭
દીક્ષા છે વચ્છ દોહિલી, પાલવી ખાંડાની ધાર રે;
અરસ નિરસ અન્ન જિમવું, સુવું ડાભ સંથાર રે. માય. ૮
દીક્ષા છે વચ્છ દોહિલી, કહ્યું હમારૂં કીજે રે;
પરણો પનોતા પદ્મણી, અમ મનોરથ પૂરી જે રે. માય. ૯
જંબૂ કહે જનની સુણો; ધન્ય ધન્નો અણગારો રે;
મેઘ મુનિવર મોટકો, શાલીભદ્ર સંભારો રે. જંબૂ. ૧૦
ગજસુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધન કીધો રે;
ખટ્માસી તપ પારણે, ઢંઢણે કેવલ લીધો રે. જંબૂ. ૧૧
દશાર્ણ ભદ્ર સંયમ લહી, પાય લગાડયો ઈંદો રે;
પ્રસન્ન ચંદ્ર કેવળ લહી, પામ્યો છે પરમ આણંદો રે. જંબૂ. ૧૨
એમ અનેક મુનિવર હુઆ, કહેતાં પાર ન પાય રે;
અનુમતિ દ્યો મોરા માતાજી, ક્ષણ લાખીણો જાય રે. જંબૂ. ૧૩
પાંચસે સત્તાવીશ શું, જંબૂકુમાર પરવરીઓ રે;
પંચ મહાવ્રત ઉચ્ચરી, ભવજલ સાયર તરીયો રે. જંબૂ. ૧૪
જંબૂ ચરમ જ કેવલી, તાસ તણા ગુણ ગાયા રે;
પંડિત લલિત વિજય તણો, હેત વિજય સુપસાયા રે. જંબૂ. ૧૫

## ૭૩
## શ્રી સુબાહુકુમારની સજ્ઝાય

હવે સુબાહુકુમાર એમ વિનવે, અમે લેઇશું સંજમ ભાર રે;
માડી મોરી રે, મા મેં વીરની વાણી સાંભળી;
તેથી મેં જાણ્યો અથીર સંસાર, માંડી મોરી રે;
હવે રે નહી રાચું સંસારમાં. ૧
અરે જાયા તુજ વિના સુંદર માળીયાં, તુજ વિના સુનો રે સંસાર;
જાયારે મોરા રે, કાંઈ માણેક મોતી મુદ્રિકા, કાંઇ ઋદ્ધિ તણો નહિ પાર;
જાયારે મોરા રે, તુજ વિના ઘડી એક ન નિસરે. ૨
અરે માડી તન ધન જોબન કારમું, કારમો કુટુંબ પરિવાર; માડી મોરી રે;
કારમાં સગપણામાં કોણ રહે, એ તો જાણ્યો અથિર સંસાર. માંડી મોરી રે. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અરે જાયા સંયમ પંથ ઘણો આકરો, જાયા વ્રત છે ખાંડાની ધાર; જાયા મોરા રે;
બાવીશ પરિસહ જીતવા, જાયા રહેવું છે વનવાસ; જાયા રે મોરા રે. તુજ. ૪

અરે માજી વનમાં રહે છે મૃગ એકલાં, તેની કોણ કરે રે સંભાળ. માડી રે મોરી રે;
વન મૃગલાની પેરે ચાલશું, અમે એકલડા નીરધાર; માડી મોરી રે. હવે૦ ૫

હાંરે માજી નરક નિગોદમાં હું ભમ્યો, અનંતી અનંતી વાર માડી મોરી રે;
છેદનભેદન મેં ત્યાં સહ્યાં, તે કહેતાં નાવે પાર; માડી મોરી રે. હવે૦ ૬

અરે જાયા તુજને પરણાવી પાંચસે નારીઓ, રૂપે અપ્સરા સમાન; જાયા૦
ઉંચા કુલની ઉપની, રહેવા પાંચસે પાંચસે મહેલ; જાયા રે મોરા રે. તુજ૦ ૭

હાંરે માડી રે ઘરમાં જો એક નીકળે નાગણી, સુખે નિંદ્રા ન આવે લગાર; માડી૦
પાંચસે નાગણીઓમાં કેમ રહું, મારૂં મન આકુલ વ્યાકુલ થાય; માડી રે મોરી રે. ૮

હાંરે જાયા આટલા દિવસ હું તો જાણતી, રમાડીશ વહુના રે બાળ; જાયા રે મોરા રે;
દેવ અટારો રે ઉલટો આવીયો, તું તો લે છે સંજમ ભાર; જાયા રે મોરા રે. ૯

હાંરે માજી મુસાફર આવ્યો કોઈ પરૂણલો, ફરી ભેગો થાય ન થાય. માડી મોરી રે;
એમ મનુષ્ય ભવ પામવો દોહીલો, ધર્મ વિના દુર્ગતિ જાય; માડી મોરી રે. ૧૦

હવે પાંચસે વહુરો એમ વિનવે, તેમાં વડેરી કરે રે જવાબ; વાલમ મોરા રે;
તુમે તો સંજમ લેવા સંચર્યા, સ્વામી અમને કોનો છે આધાર વ્હાલા મોરા રે.
વ્હાલમ વિના કેમ રહી શકું. ૧૧

હાંરે માજી માત પિતા ભાઈ-બેનડી, નારી કુટુંબ ને પરીવાર; માજી મોરી રે;
અંતવેળાએ સહુ અલગા રહે, એક જિન ધર્મ તરણ તારણહાર. માડી મોરી રે. ૧૨

હાંરે માડી કાચી કાયા તે કારમી, ચડી પડી વિણસી જાય; માડી રે મોરી રે;
જીવડો જાય ને કાયા પડી રહેશે, મુવા પછી બાળી કરે રાખ, માડી રે મોરી રે. ૧૩

હવે ધારણી માતા એમ ચિંતવે, આ પુત્ર નહિ રહે સંસાર; ભવિકજનો રે;
એક દિવસ રાજ્ય ભોગવ્યું, લીધો સંજમ શ્રી મહાવીર સ્વામીની પાસ;
ભવિકજનો; સોભાગી કુંવરે સંયમ આદર્યું. ૧૪

હાંરે માડી તપ જપ કરી કાયા શોષવી, આરાધી ગયા દેવલોક, ભવિકજનો રે;
પંદર ભવ પૂરાં કરી, જાશે મહાવિદેહ ક્ષેત્ર મોઝાર. ભવિકજનો રે;
સૌભાગ્ય વિજય ગુરૂ એમ કહે. ૧૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

૭૪

## શ્રી રૂકિમણીની સજ્ઝાય

વિચરંતા ગામો ગામ, નેમિ જિનેશ્વર સ્વામિ; આછે લાલ;
નયરી દ્વારામતી આવીયાજી. ૧

વનપાલક સુખદાય; દીયે વધામણી આય; આછે લાલ;
નેમિ જીણંદ પધારીયાજી. ૨

કૃષ્ણાદિક નર નાર; સહુ મળી પર્ષદા બાર; આછે લાલ;
નેમિ વંદણ તિહાં આવીયાજી. ૩

દીયે દેશના જીનરાય; આવે સહુને દાય, આછે લાલ;
રૂક્મણી પૂછે શ્રી નેમિનેજી. ૪

પુત્ર ને મારે વિયોગ, શો હશે કર્મ સંયોગ; આછે લાલ,
ભગવંત મુજને તે કહોજી. ૫

ભાખે તવ ભગવંત; પૂર્વ ભવ વીરતંત, આછે લાલ;
કીધા કર્મ નવિ છૂટીયેજી. ૬

તું હતી નૃપની નાર, પૂર્વભવ કોઇવાર; આછે લાલ;
ઉપવન રમવાને સંચર્યાજી. ૭

ફરતાં વન મોઝાર; દીઠો એક સહકાર; આછે લાલ;
મોરલી વિયાણી તિહાં કનેજી. ૮

સાથે હતો તુમ નાથ, ઇંડા ઝાલ્યા હાથ, આછે લાલ;
કુંકુમવર્ણા તે થયાજી. ૯

નવિ ઓલખે તિહાં મોર, કરવા લાગી શોર, આછે લાલ;
ચોદીશી ચમકે વિજળીજી. ૧૦

પછી વુઠયો તિહાં મેહ, ઇન્ડા ધોવાણા તેહ; આછે લાલ;
સોલ ઘડી પછી સેવીયાજી. ૧૧

હસતાં તે બાંધ્યાં કર્મ, નવિ ઓલખ્યો જીન ધર્મ; આછે લાલ;
રોતાં ન છૂટે પ્રાણીયાજી. ૧૨

તિહાં બાંધી અંતરાય, ભાંખે શ્રી જીનરાય; આછે લાલ;
સોલ ઘડીના સોલ વર્ષ થયાંજી. ૧૩

દેશના સુણે અભિરામ, રૂક્મણિ રાણીએ તામ. આછે લાલ;
શુદ્ધો તે સંયમ આદર્યોજી. ૧૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થિર રાખ્યા મન વચન–કાય, કેવલ નાણ ઉપાય; આછે લાલ;
કર્મ ખપાવી મુગતે ગયાજી. ૧૫
તેહનો છે વિસ્તાર; અંતગડ સૂત્ર મોઝાર, આછે લાલ;
રાજવિજય રંગે ભણેજી. ૧૬

## ૭૫
## ઉપદેશની સજ્ઝાય

મિત્ર ચેતજો રે, આ તો નરભવ છે બહુ નાનો;
સુખતણાં તો સાંસા છે જ્યાં, દુઃખનો છે જમાનો; ૧
કોઈ કહે પૈસામાં ભેખ છે, પૈસો સુખનો ભેરૂ;
પૈસો પૈસો પૈસો રડતાં, ઉડી ગયું પંખેરૂં. ૨
પુન્ય સંયોગે પૈસા મલીયા, ન મલી સુંદર નારી;
વિના નારી ધનવંત છતાં પણ; ભટકે જેમ ભીખારી. ૩
કેઈ તણી દારા ગઇ સ્વર્ગે; કેઈ રહ્યા વળી વાંઢા;
ધર્મ ધામથી ધન મળીયા; રહ્યા ન શરીરે સાજા. ૪
પૈસો નારી ઉભય મળ્યા પણ; થયો નહિ સુત એકે;
નરનારી જણ દોય રડે છે; મૂકી છેક વિવેકે. ૫
પૈસા નારી પુત્ર થયો ને; મા–બાપ કહેવાયા;
પુત્ર તણા સગપણ થતાં, રાત દિવસ દુભાયા. ૬
લગ્ન દિકરા કેરા થાતાં, પોંખી લાહો લીધો;
વીશ વર્ષનો જુવાન દિકરો; કાળે કોળીયો કીધો. ૭
કોઇક દીકરો મોટો થયો ને, લાવ્યો નવલી નારી;
વરસ એક નહિ વિત્યું ત્યાંતો, પુત્રને વધી બીમારી. ૮
પાંચ સાત દિકરા થાતા; માતા મનમાં હરખી;
જોઇ લ્યો વહુનું ઘર થાતાં, બુઢ્ઢી દાસી સરખી. ૯
મળીયા દિકરા ઘર પણ મળીયું, ઘરમાં કલેશ અપાર;
લાવો બાપા ભાગ અમારો, કરશું જુદો વેપાર. ૧૦
કોઇ રોગે ને કોઈ વિયોગે, કોઇ નિર્ધનતા પામી;
મર્યો દિકરો કોઇ કહેશે, વળી કોઇનો સ્વામી. ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કોઈ કરજ ને કોઇ ગરજમાં; ગુલામી ખોટી કરતાં;
હમણાં ધન મળશે એ આશે, હાથ ઘસી ઘસી મરતાં. ૧૨
ગામ ગામ ને ઘર ઘર જોતાં, સુખ નહિ કો સ્થાને;
છતાં જગતનાં મુર્ખ જીવડા, જગને સુખમય માને. ૧૩
ધર્મ રત્નનો દિપક મલ્યો છે, મનુષ્યનો ભવ સારો;
જીન વચનો સમજી આરાધો, જેમ મળે ભવ પારો. ૧૪
સિદ્ધિ વિનય ભક્તિથી મળશે, જિન વચનો ચિત્ત ધરતાં;
સુંદર જિન શાસન આરાધન, ચરણ મહોદય વરતાં. ૧૫

## ૭૬
## મૃગાપુત્રની સજ્ઝાય

(ધારિણી મનાવે રે મેઘ કુમારને રે–રાગ)

ભવિ તુમે વંદો રે મૃગાપુત્ર સાધુને રે; બલભદ્ર રાયનો નંદ;
તરૂણ વયે વિલસે નિજ નારીશું રે; જિમ તે સુર દોગુંદ. ભવિ૰ ૧
એક દિન બેઠા મંદિર માળીયે રે; દીઠા શ્રી અણગાર;
પગ અડઆણે રે જયણાં પાલતાં રે; ષટ્કાય રાખણહાર. ભવિ૰ ૨
તે દેખી પૂરવભવ સાંભર્યો રે; નારી મૂકી નિરાશ;
નિર્મોહી થઇ હેઠો ઉતર્યો રે; આવ્યો માયની પાસ. ભવિ૰ ૩
માતાજી આપો રે અનુમતિ મુજને રે; લેશું સંજમ ભાર;
તન ધન જોબન એ સવિ કારમું રે; કારમો એહ સંસાર. ભવિ૰ ૪
વચ્છ વચન સાંભળી ધરણી ઢળી રે; શીતલ કરી ઉપચાર;
ચેત વલ્યો તવ એણી પરે ઉચ્ચરે રે; નયણે વહે જલધાર. ભવિ૰ ૫
સુણ સુજ જાયારે એ સવિ વાતડી રે; તુઝ વિણ ઘડીય છ માસ;
ખિણ ન ખમાયે રે વિરહો તાહરો રે; તું મુજ સાસ ઉસાસ. ભવિ૰ ૬
તુઝને પરણાવી રે ઉત્તમ કુળ તણી રે; સુંદર વહુ સુકુમાળ;
વાંક વિહુણી રે કિમ ઉવેખીને રે, નાખે વિરહની ઝાળ. ભવિ૰ ૭
સુણ મુઝ માડી રે મેં સુખ ભોગવ્યાં રે; અનંત અનંતી વાર;
જિમજિમ સેવેરે તિમ વાધે ઘણું રે, એ બહુ વિષય વિકાર. ભવિ૰ ૮
સુણ વચ્છ માહરા રે સંજમ દોહિલું રે; તું સુકુમાલ શરીર;
પરીસહ સહવારે ભૂમી સંથારવું; પીવું ઊનું રે નીર. ભવિ૰ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માતાજી સહ્યાંરે દુઃખ નરકે ઘણાં રે; તે મુખે કહ્યો નહિં જાય;
તો એ સંજમ દુઃખ હું નવિ ગણું રે; જેહથી શિવ સુખ થાય. ભવિ૦ ૧૦
વચ્છ તું રોગાંતકે પીડીયો રે; તવ કુણ કરશે રે સાર;
સુણ તું માડી રે મૃગલાની કોણ લીયે રે; ખબર તે વનહ મોઝાર. ભવિ૦ ૧૧
વન મૃગ જિમ માતાજી વિચરશું રે; દ્યો અનુમતિ એણી વાર;
ઇમ બહુ વચને રે મનાવી માતને રે; લીધો સંજમ ભાર. ભવિ૦ ૧૨
સમિતિ ગુપ્તિ રૂડી પરે જાલવે રે; પાળે શુદ્ધ આચાર;
કર્મ ખપાવીને મુગતે ગયા રે; શ્રી મૃગાપુત્ર અણગાર. ભવિ૦ ૧૩
વાચક રામ કહે એ મુનિતણાં રે; ગુણ સમરો દિન રાત;
ધન ધન જે એહવી કરણી કરે રે; ધન તસ માત ને તાત. ભવિ૦ ૧૪

## ૭૭
## ઘડપણની સજઝાય

ઘડપણ તું કાં આવીયો રે, તુજ કુણ જોયે છે વાટ;
તું સહુ ને અલખામણો રે; જેમ માંકડ ભરી ખાટ રે. ઘડપણ૦ ૧
ગતિ ભાંજે તુજ આવતાં રે; ઉદ્યમ ઉડી જાય;
દાંતડલા પણ ખસી પડે રે; લાળ પડે મુખ માંય રે. ઘડપણ૦ ૨
બલ ભાંગે આંખો તણો રે; શ્રવણે સુણિયો ન જાય;
તુજ આવે અવગુણ ઘણા રે; વળી ધવલી હોય રોમ રાયરે. ઘડપણ૦ ૩
કેડ દુઃખે ગુડા રહે રે, મુખમાં શ્વાસ ન માય;
ગાલે પડે કડોચલી રે; રૂપ શરીરનું જાય રે. ઘડપણ૦ ૪
જીભલડી પણ લડથડે રે; આણ ન માને કોય;
ઘરે સહુને અલખામણો રે; સાર ન પૂછે કોયરે. ઘડપણ૦ ૫
દીકરા સહુ નાશી ગયા રે; વહુઅર દીએ રે ગાલ;
દીકરી નાવે ઢૂંકડી રે, સબલ પડયો છે જંજાલ. ઘડપણ૦ ૬
કાને તો ધાંકો પડી રે, સાંભલે નહીય લગાર;
આંખે તો છાયા વલી રે; એ તો દેખી ન શકે લગાર. ઘડપણ૦ ૭
ઉંબરો તો ડુંગર થયું રે, પોળ થઇ પરદેશ;
ગોળી તો ગંગા થઈ રે; તુમ જુઓ જરાના વેશ રે. ઘડપણ૦ ૮



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘડપણુ વહાલી લાપશી રે; ઘડપણુ વહાલી ભીંત;
ઘડપણુ વહાલી લાકડી રે; જુઓ ઘડપણુની રીત. ઘડપણ૦ ૯
ઘડપણુ તું અકહ્યાગરો રે, અણુ તેડયો માપે વેશ;
જોબનીયું જગ વાલહો રે, જતન હું તાસ કરેશ. ઘડપણ૦ ૧૦
ફટ ફટ તું અભાગીયા રે, યોવન નો તું કાલ;
રૂપ રંગ ને ભંગી જતો રે, તું તો મ્હોટો ચંડાલ રે. ઘડપણ૦ ૧૧
નીસાસે ઉસાસમેરે, દૈવને દીજીએ ગાલ;
ઘડપણુ તું કાં સરજીયો રે; લાગ્યો મ્હારે નિલ્લાડ રે. ઘડપણ૦ ૧૨
ઘડપણુ તું સદા વડો રે, હું તુજ કરૂં રે જુહાર;
જે મેં કહી છે વાતડી રે; જાણુજે તાસ વિચાર રે. ઘડપણ૦ ૧૩
કોઈ ન વંછે તુજને રે; તું તો દૂર વસાય;
વિનય વિજય ઉવજ્ઝાય નો રે; રૂપવિજય ગુણુ ગાય. ઘડપણ૦ ૧૪

## ૭૮
## ગજસુકુમાલની સજ્ઝાય

શ્રીનેમીશ્વર જીનવર આવી સમો સર્યા;
દ્વારીકા નગરી ઉપવન, મુનિજન પરવર્યા. ૧
કૃષ્ણુ પ્રમુખ સવિ જાદવ; સુણી હરખે ભર્યા;
અધિક કરીય તમામ કે; વંદન નીસર્યા. ૨
સાથે ગજસુકુમાલ આવ્યો, મન ગહ ગહીએ;
જીનજીને કરીય પ્રણામકે, બેઠો મન રળીએ. ૩
તવ જીનપતિ હિત આણી કે, ધર્મકથા કહીએ;
જેમ આવ્યા તેમ લોક, ગયા નીજ ગૃહ વહીએ; ૪
ગજસુકુમાલ કુમાર, ગયો નિજ મંદિરે;
પ્રણુમી માયના પાય, વચન એમ ઉચ્ચરે. ૫
આજ સમાજમાં ધર્મ, વખાણ્યો જિનવરે;
મુજને રૂચ્યો તેહ છેહ, સકળ દુઃખનો કરે. ૬
એ સંસાર અસાર, કહ્યો એમ જિનવરે;
જન્મ મરણુ દુઃખ કરણુ; જલણુ જાલે ધખ્યો; ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી જૈનધર્મ તે વારણે, કારણ મેં લહ્યો એ;
તે વિના અવર ન હોય, શરણ શાસ્ત્ર લખ્યો; ૮
કારાગાર સમાન આગાર, વિહાર છે;
મૂકવો કોઇકવાર આખર પહેલા પછી; ૯
એક ઈહાં અણગાર પણું, સુખકાર છે;
માત દ્યો અનુમતિ, વાત ન કો કરવી અછે. ૧૦
નંદન વચન સુણી ઈમ, જનની હલફળી;
કાચી કદલી જેમ; ધસી ધરણી ઢળી એ. ૧૧
પામી પૂનરપિ ચેતન, મન થઈ આકળી;
હિત આણી શુભ વાણી, ભાખે ગળ ગળી. ૧૨
તુજ મુખથી એ વાણી રે, સુત કીમ પડી;
મુજને છે તુજ ઉપરે, આશા અતિ વડી. ૧૩
હું મુખથી તુજ નામ, ન મેલું અધ ઘડી;
તું જીવન તું પ્રાણ, તું અંધા લાકડી. ૧૪
ચારિત્ર છે વત્સ દુક્કર, અસિધારા સહી;
સુરગિરિ તોલવો બાંધકે, તરવો જલ નિહિ. ૧૫
ભારી ભાર ઉઠાયકે, ગીરી ચડવો વહી;
બાળ છે તું સુકુમાલે, તે પળશે એ નહી. ૧૬
જે હઈ લોક આશંસી, પરમુહા;
કાયરને કાં પુરૂષને, તે સવિ દુલહા. ૧૭
ધીર વીર ગંભીરને, શી દુક્કર કહા;
માત કરી એહ વાત, બીહાવો શું મોહી. ૧૮
ફોજ પરીસહ કેરી, આવી જબ લાગશે;
ચારિત્ર પુર શુભ ભાવ, કોટ નવ ભાંગશે. ૧૯
જામતું મારૂં જોર, ન કાંઇ ફાવશે;
વચન અમારૂં તામ, નંદન મન આવશે. ૨૦
કોટે શુદ્ધ મનોરથ, સુભટ બેસાર સાં;
સત્વ રૂપોપમ કોટો, માંહી સમારસાં એ. ૨૧
જ્ઞાનગોળ સુભટ સમતાં, નાળીશું મારશું;
પરીસહ કેરી ફોજ, આવંતી વારશું. ૨૨
રાગદ્વેષ દોય ચોર, પ્રબળ બળ છુટશે;
પૂન્ય ખજાનો માલ, અમારો લુંટશે. ૨૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કાંત્યું પીંજ્યું સુત, કપાસ તે થાય છે;
મનકેરી મન માંયકે, હુંશ સમાય છે. ૨૪
પેરી ઉત્સાહ સુનાહ, પરાક્રમ ધનુષ ગ્રહી;
સ્થિરતા પણ છે વીરાગ કે, બાણ પૂંખિત સહી. ૨૫
સામા પેલી જુઠી, હણુશાં તે વહી;
વીર જનની તુજ નામ, કહાવીશ હું શહી. ૨૬
ઈણુ વિધ વચન અનેક, જનની ભાખી રહી;
પણ સુત મનમાં વાત, એ કોય રૂચિ નહિ. ૨૭
કુમારે દીક્ષા લીધ, જનની અનુમતિ લહી;
પુરૂષ વચન ગજ દંત, ન પાછા વળે કહી. ૨૮
શ્રી નેમીશ્વર પાસ, યથાવિધ ઉચ્ચરે;
પંચમકાં વ્રત સર્વ, પરિસહ પરિહરે. ૨૯
માગી જિનની અનુમતી, ધીર પણું ધરે;
એકાકી સ્મશાનમાં, જઈ કાઉસ્સગ્ગ કરે. ૩૦
સોમલ સસરે શિરપર, તિહાં સગડી ધરી;
ધ્યાન મગન મુનિરાજ, સમતા અનુસરી. ૩૧
ક્ષપક શ્રેણી આરોહીને, કેવળ પામી કરી;
કર્મ ખપાવી સર્વ, મુક્તિ નારી વરી. ૩૨
એવા મુનિને નામે, વિકટ સંકટ ટળે;
ઋદ્ધિ સિદ્ધિ ધન વૃદ્ધિ, સકળ સંપદ મળે. ૩૩
શ્રી વિજય રાજ સૂરિંદ, તપગચ્છ દિનકરૂ;
શરણુ હોજો મુનિ દિનને, એવા મુનિવરૂ. ૩૪

## ૭૯
## મૃગાપુત્રની સજ્ઝાય

### દોહા

પ્રણુમી પાર્શ્વ જિણુંદને, સમરી સરસ્વતી માય;
નિજ ગુરૂ ચરણુ નમી કરી, ભણુશું મહા મુનિરાય. ૧
રાજઋદ્ધિ લીલા પરીહરી, લીયો સંયમ ભાર;
તેહ મૃગાપુત્ર ગાયશું, સુણજો સહુ નર–નાર. ૨
સંક્ષેપે કરી વર્ણવું, સૂત્રે છે વિસ્તાર;
ભણુતાં સુણુતાં ધ્યાવતાં, લહીએ ભવનો પાર. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભોગી નરમાં ભમરલો, ઋષિમાંહી શિરદાર;
તસ ગુણ વર્ણવતાં થકાં, ત્રુટે કર્મ અપાર. ૪

ઢાલ

સુગ્રીવ નગર સોહામણું જી, બલભદ્ર તિહાં રાય;
તસ ઘર ઘરણી મૃગાવતીજી, તસ નંદન સુવરાય,
હો માડી ક્ષણુ લાખેણી રે જાય. ૧
બળશ્રી નામે ભલોજી, મૃગાપુત્ર પ્રસિદ્ધ;
માતાને નામે કરીજી, ગુણનિષ્પન્ન તસ કીધ. હો માડી. ૨
ભણી ગણી પંડિત થયોજી, જોબન વય જબ આય;
સુંદર મંદિર કરાવીયાંજી, પરણાવે નિજ માંય. હો માડી. ૩
તવ વય રૂપે સારીખીજી, પરણ્યા બત્રીશ નાર;
પંચ વિષય સુખ ભોગવેજી, નાટકના ધમકાર. હો માડી. ૪
રત્નજડીત સોહામણાજી, અદ્‌ભુત ઉંચા આવાસ;
દેવ દોગુંદકની પરેજી, વિલસે લીલ-વિલાસ. હો માડી. ૫
એક દિન બેઠા માળીયેજી, નારી ને પરિવાર;
મસ્તક પગ દાઝે તણાજી, દીઠા શ્રી અણગાર. હો માડી. ૬
મુનિ દેખી ભવ સાંભર્યોજી, વસીયો મન વૈરાગ;
ઉતર્યો આમણ દુમણોજી, જનની ને પાય લાગ. હો માડી. ૭
પાય લાગીને વિનવેજી, સુણ સુણ મોરી માય;
નટવાની પરે નાચીયોજી, લાખ ચોરાશી માંય હો. માડી. ૮
પૃથ્વી પાણી તેજ તેઉ માંજી, ચોથી રે વાઉ કાય;
જન્મ મરણ દુઃખ ભોગવ્યા જી, તેમ વનસ્પતિમાંય. હો માડી. ૯
વિકલેન્દ્રિય તિર્યંચમાંજી, મનુષ્ય દેવ મઝાર;
ધર્મ વિહુણો આતમાજી, રડવડીયો સંસાર. હો માડી. ૧૦
સાતે નરકે હું ભમ્યોજી, અનંતી અનંતી રે વાર;
છેદન ભેદન ત્યાં સહ્યાંજી, કહેતાં ન આવે પાર. હો માડી. ૧૧
સાયરના જળથી ઘણાજી, મેં પીધા માતાના થાન;
તૃપ્તિ ન પામ્યો આતમાજી, અધિક આરોગ્યાં ધાન. હો માડી. ૧૨
ચારિત્ર ચિંતામણી સમોજી, અધિક મહારે મન થાય;
તન-ધન જોબન કારમાંજી, ક્ષણક્ષણ ખૂટે આય. હો માડી. ૧૩
માતા અનુમતિ આપીયેજી, લેઇશું સંયમ ભાર;
પંચ રત્ન મુજ સાંભર્યોજી, કરીશું તેહની સાર. હો માડી. ૧૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વયણુ સુણી બેટા તણાજી, જનજી ધરણી ઢળંત;
ચિત્ર ઢળ્યું તવ આરડેજી, નયણે નીર ઝરંત, રે જાયા.
તુજ વિણ ઘડી રે છ માસ. ૧૫

વળતી માતા ઈમ ભણેજી, સુણ સુણ મોરા રે પુત્ર;
મનમોહન તું વ્હાલોહોજી, કાંઈ ભાંગે ઘર સૂત્ર રે જાયા. ૧૬

મ્હોટા મંદિર માળીયાંજી, રાન સમોવડ થાય;
તુજ વિણ સહુ અળખામણાજી, કિમ જાયે દિનરાત રે. જાયા. ૧૭
નવમાસ વાડા ઉદર ધર્યોજી, જન્મતણાં દુઃખ દીઠ;
કનક કચોળે પોષીયોજી, હવે હું થઇ અનીઠ રે. જાયા. ૧૮
પડયો અજાડી(ખાડા) જિમ હાથીઓજી, મૃગલો પડીયો રે પાસ;
પંખી પડયો જિમ પાંજરે જી, તેમ કુંવર ઘરવાસ રે. જાયા. ૧૯
ઘર ઘર ભીક્ષા માંગવીજી, અરસ વિરસ હોય આહાર;
ચારિત્ર છે વચ્છ દોહિલુંજી, જેસી ખાંડાની ધાર રે. જાયા. ૨૦
પંચ મહાવ્રત પાળવાજી, પાળવા પંચ આચાર;
દોષ બેંતાલીશ ટાળીનેજી, લેવો સુઝતો આહાર રે. જાયા. ૨૧
મીણ દાંતે લોહ મય ચણાજી, કિમ ચાવીશ કુમાર;
વેલું સમોવડ કોળીયાજી, જિને કહ્યો સંયમ ભાર રે. જાયા. ૨૨
પલંગ તળાઇએ પોઢતોજી, કરવો ભૂમિ સંથાર;
કનક કચોળાં છાંડવાજી, કાચલીયે વ્યવહાર રે. જાયા. ૨૩
માથે લોચ કરાવવાજી, તું સુકુમાલ અપાર;
બાવીશ પરિસહ જીતવાજી, કરવા ઉગ્ર વિહાર રે. જાયા. ૨૪
પાય અડવાણે ચાલવુંજી, શિયાળે શીત વાય;
ચોમાસું વચ્છ દોહિલુંજી, ઉનાળે લૂ વાય રે. જાયા. ૨૫
ગંગા સાયર આદિ કરીજી, ઉપમા દેખાડી રે માય;
દુક્કર ચારિત્ર દાખિવુંજી, કાયર પુરૂષને થાય રે. જાયા. ૨૬
કુમાર ભણે સુણ માવડીજી, સંયમ સુખ ભંડાર;
ચૌદ રાજ નગરી તણાજી, ફેરા ટાળણહાર. હો માડી. ૨૭
અનુમતિ તો આપું ખરીજી, કુણ કરશે તુજ સાર;
રોગ જબ આવી લાગશેજી, નહિ ઔષધ ઉપચાર રે. જાયા. ૨૮
વનમાં રહે છે મૃગલાંજી, કુણ કરે તેહની સાર;
વન મૃગની પરે વિચરશુંજી, એકલડા નિરાધાર. હો માડી. ૨૯
અનુમતિ આપે માવડીજી, આવ્યા વનહ મઝાર;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પંચ મહાવ્રત આદર્યોજી, પાળે સંયમ ભાર.
મુનીશ્વર ધન ધન તુમ અવતાર. ૩૧
મૃગાપુત્ર ઋષિ રાજીયોજી, ષટ્ કાય ગોવાળ;
એ સમ નહી વૈરાગીયોજી, જિણે ટાલ્યો આતમ સાલ. મુ૦ ૩૨
ભણ્યો અધ્યયન ઓગણીસમેજી, મૃગાપુત્ર અધિકાર;
તપ જપ કીરીયા શુદ્ધ કરીજી, આરાધી આચાર. મુ૦ ૩૩
સંયમ દુક્કર પાળીયુંજી, કરી એક માસ સંથાર;
કર્મ ખપાવી કેવળ લહીજી, પહોચ્યાં મુક્તિ મઝાર. મુ૦ ૩૪
મૃગાપુત્ર ઋષિ રાજીયોજી, પામ્યો શિવપુર ઠામ;
સિંહ વિમળ ઈમ વિનવેજી, હોજો તાસ પ્રણામ. મુ૦ ૩૫

## ૮૦
## ઝાંઝરીયા ઋષિની સજ્ઝાય

મહિયલમાં મુનિવર કહુંજી, કહે શું તુમ તણા રે વખાણ;
મુનિવર રૂપ કલેવરૂજી, આરાધ્યું છે કેવલનાણ. ઝાંઝરીયા૦
મુનિવર ધન ધન તુમ અવતાર. ૧
પેઠાણપુર પાટણ ધણીજી, મ્હોટો રે મકર ધ્વજ રાય;
મદનબ્રહ્મ તસ બેટડોજી, સહેજ સુકોમલ કાય. ઝાં૦ ૨
એક દિન ક્રિડા કારણેજી, કુમર વનાંતર જાય;
પહોંતો તિહાં મુનિવર મિલ્યોજી, વંદ્યા ચરણ ઉત્સાહ. ઝાં૦ ૩
તાસ વચણ શ્રવણે સુણીજી, બુજ્યો વનમાંહે અપાર;
માતપિતા સુત સુંદરીજી, સયલ સંસાર અસાર. ઝાં૦ ૪
ઈમ જાણી સંયમ લઇજી, મહિયલ કરે રે વિહાર;
સમતા રસ ગુણ આગરૂજી, રૂપે રે મયણ અવતાર. ઝાં૦ ૫
વિચરંતા ત્રંબાવતીજી, આવ્યા અવસર એણ;
વિરહણી કહે કામિનીજી, પેખી ગહગહી એણ. ઝાં૦ ૬
સુંદરી કહે સુણ સાંભળોજી, તો તેડી આવો અણગાર;
ઉભો ઘરની છાંહડીજી, પગે દાઝે કોમલ કાય. ઝાં૦ ૭
સુણીય સખી ઋષિકને જઈજી, કહેતી રે ઋષીરાજ;
વહોરણ વેળા વહી ગઈજી, આવો રે અમારે ઘરે આજ. ઝાં૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્વામિનીને સખી વિનવેજી, હું તેડી આવી અણગાર;
તે તત્ક્ષણ પાછી વળીજી, દીધાં બેઉ ઘરનાં બાર. ઝાં૦ ૯
ભાગ્ય યોગ ભગવન્ મિલ્યાંજી, તુમે આવ્યા દેવસમાન;
કે વહોરાવું લાડવાજી, કે વહોરાવું અમૃતપાન. ઝાં૦ ૧૦
પદ્મિણી પોયણ પાતલીજી, ચંપા વરણી દિસે દેહ;
રૂપે રંભા હરાવતીજી, બોલી રે આણી નેહ. ઝાં૦ ૧૧
અવર નહિ કાંઈ સુઝતોજી, મુનિ તુમ સરીખો આહાર;
દોષ રહિત હું કામિનીજી, કરો કર ગ્રહી નિસ્તાર. ઝાં૦ ૧૨
સુંદરી મુજને મુકીએજી, મુજ મત કરો રે પરાણ;
શિયલ સન્ના મેં પેરીઉંજી, તુમ તીખાં નવિ લાગે બાણ. ઝાં૦ ૧૩
હાવભાવ કામિની તણેજી, જાણી મુનિ ચકોરા જામ;
વિરહ વિલુધી કામિનીજી, આલિંગે મુનિ તામ. ઝાં૦ ૧૪
પગે આંટી કરે કામિનીજી, નાંખે ભૂઈ કર સાહિ;
ચરણે ચરણ ભરાવતીજી, ઝાંઝરીઉં આવ્યું પગમાંહી. ઝાં૦ ૧૫
માનની મુજ કેડે રખેજી, આવે રે અચિંતી આજ;
તીણે કારણ મુનિ પાંગર્યોજી, રાખી રે સકુલ તણી લાજ. ઝાં૦ ૧૬
અનુક્રમે ઉજેણી ગયોજી; વહોરણ પોતો જામ;
ઘર ઘર મુનિ ભમંતોજી, રાય રાણી દીઠા રે તામ. ઝાં૦ ૧૭
ચકિત હુઈ રાણી જુઈજી, એ શું મુનિ પુંગવ હોય;
સારીપાસા રમતી રહીજી, મનડું મલાઈ મુનિ સોય. ઝાં૦ ૧૮
રાજા મનમાં ચિંતવેજી, ઋષિ રૂપે મોહી નાર;
જો એ ઋષિ જીવતો રહેજી, તો ભેટી કામિની અણગાર. ઝાં૦ ૧૯
તેહ સંકેત સેવક પ્રત્યેજી, ભૂપતિ દિયેરે આદેશ;
એ ઋષિને તુમે મારજ્યોજી, નહિ મારોતો તુમને વધેશ. ઝાં૦ ૨૦
માની વયણ સેવક સુણીજી; આવ્યા જીહાં ઋષિરાય;
ભક્તિભાવ કરી ભેટીયાજી, મદન બ્રહ્મકેરાં પાય. ઝાં૦ ૨૧
આજ અમારે ગોઠડીજી; પૂર બાહિર છે અણગાર;
તિણ કારણે તુજ સુઝતોજી; દોષ રહિત મિલે આહાર. ઝાં૦ ૨૨
રાજપુરૂષ અપરાધથીજી, કપટ રહિત જાણી ભેદ;
તે મુનિવર વધ સ્થાનકેજી; બોલે પણ મન ખેદ. ઝાં૦ ૨૩
એક એક સન્મુખ જોઇજી, એ તુમ સરીખું કામ;
મુનિ શામકી નયણે જોઇજી, તવમુખે દીઠા રે શ્યામ. ઝાં૦ ૨૪

Jain Education International 2010_05          For Private & Personal Use Only          www.jainelibrary.org

મુનિ ભણે ભાઈ તુમ તણીજી, ઝાંખી દીસે તેહ;
વળતું તે મુનિ પ્રત્યે ભણેજી, તુમ ઉપર રાય રૂઠો એહ. ઝાં૦ ૨૫
એ ઋષિને તુમે મારજોજી, એવું કહ્યું છે ગુણી વાણ;
ઇષ્ટ દેવ આરાધજોજી, નહિ મારો તો તુમને હાણ. ઝાં૦ ૨૬
શરણ એક અરિહંતનું જી, કાઉસ્સગ્ગ ધ્યાન મનમાંહિ;
મૌન કરી મુનિવર રહ્યોજી; ભાવે તે કરો રે ઉછાહિ. ઝાં૦ ૨૭
દુર્ભર ઉદરને કારણેજી, મૂકયો કુળ તણો રે આચાર;
ક્ષમાવંત અણગાર ને રે, પાપી તેણે કીધો રે પ્રહાર. ઝાં૦ ૨૮
ક્ષપકશ્રેણી પામી ચઢયાજી, પામ્યા રે મુક્તિનું રાજ;
મુનિ મદનબ્રહ્મનાં તણાંજી, સિધ્યાંરે જન્મના કાજ. ઝાં૦ ૨૯
ઋષી રક્ત રાતો હુવોજી, ઓઘો આમિષ સમાન;
સમળી સંચરતાં રે પડયોજી, રાય-રાણી રમે તિણ ઠામ. ઝાં૦ ૩૦
ચકિત થઇ રાણી કહેજી, સેવક શ્યું જોય રે ઢંઢોલ;
ધર્મોપકરણ છોડતાંજી, દીઠી રે અક્ષર તણી ઓલ. ઝાં૦ ૩૧
પેઠાણપુર પાટણ તણોજી, મ્હોટો રે મકરધ્વજ ભૂપ;
તસ સુત મદનબ્રહ્મ તણોજી, ઓઘો વળી એહ અનુપ. ઝાં૦ ૩૨
કરણ શૂલ અક્ષરો થયાંજી, ભાંગી મુજ પીયરની વાટ;
એ તુજ હવણા શું થયાંજી, વિલવંતી મૂકી રે આરાટ. ઝાં૦ ૩૩
રાજા મનમાં લાજીઓજી, ઘોર કર્મથી થયો રે સશંક;
જ્યાં ઋષી હણયો તિહાં ગયોજી, રાજા પાય પડે જેમ રંક. ઝાં૦ ૩૪
તાર તાર મુનિ તારકાજી, હું અપરાધી તાહરો એહ;
ભવસાગર મુજ મિલ્યોજી, નાવ સમાન તારે દેહ. ઝાં૦ ૩૫
ઇમ બહુ ભાવે ખમાવતાંજી, કલેવરથી લહ્યું કેવલ નાણ;
રાજા મુનિ મુક્તિ ગયાજી, ભાવ તણા જુઓ રે પ્રમાણ. ઝાં૦ ૩૬
ઝાંઝરીયા ઋષિરાયનોજી, ભણે સહુ સંત સજ્ઝાય;
ગુણ હર્ષ કવીશ્વરૂજી, લબ્ધિવિજય ગુણ ગાય. ઝાં૦ ૩૭



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮૧
## કર્મ પચ્ચીશીની સજઝાય

દેવ–દાનવ–તીર્થંકર–ગણધર, હરિહર નરવર સબળા;
કર્મસંયોગે સુખદુઃખ પામ્યાં, સબસે હુઆ મહા નબળા રે;
પ્રાણી કર્મ સમા નહિ કોય, કીધાં કર્મ વિના ભોગવીયાં,
છુટક બારો ન હોય રે પ્રાણી. (આંકણી) ૧
આદીશ્વર ને અંતરાય વિટંખ્યો, વર્ષ દિવસ રહ્યા ભૂખે;
વીરને બાર વરસ દુઃખ દીધું ઉપન્યા બ્રાહ્મણી કુખે રે. પ્રાણી૦ ૨
સાઠ સહસ સૂત એક દિન મૂઆ, સામંત સૂરા જેસા;
સગર હુઓ મહા પૂત્રે દુઃખીઓ, કર્મ તણા ફળ એ સારે. પ્રાણી૦ ૩
બત્રીશ સહસ દેશનો સાહેબ, ચક્રી સનત્ કુમાર;
સોલ રોગ શરીરે ઉપન્યાં, કર્મે કીયા તસ ખુવાર રે. પ્રાણી૦ ૪
સુભૂમ નામે આઠમો ચક્રી, કર્મે સાયર નાંખ્યો;
સોલ સહસ યક્ષે ઉભાં દીઠો, પણ કિણહી નવિ રાખ્યો રે. પ્રાણી૦ ૫
બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી, કર્મે કીધો રે અંધો;
એમ જાણી પ્રાણી વિણ કામે, કોઈ કર્મ મત બાંધો રે. પ્રાણી૦ ૬
વીશ ભુજા દશ મસ્તક હુંતાં, લક્ષ્મણે રાવણ માર્યો;
એકલડે જગ સહુને જીત્યો, કર્મથી તે પણ હાર્યો રે. પ્રાણી૦ ૭
લક્ષ્મણ–રામ મહા બળવંતા, વળી સત્યવંતી સીતા;
બાર વરસ લગે વનમાંહિ ભમીયાં, વિતક તસ બહુ વિત્યા રે. પ્રાણી૦ ૮
છપ્પન ક્રોડ જાદવનો સાહેબ, કૃષ્ણ મહાબલી જાણી;
અટવીમાંહિ એકલડો મૂઓ, વલવલતો વિણ પાણી રે. પ્રાણી૦ ૯
પાંચ પાંડવ મહા જુઆરા, હારી દ્રૌપદી નારી;
બાર વરસ લગે વન દુઃખ દીઠાં, ભમીયા જેમ ભીખારી રે. પ્રાણી૦ ૧૦
સતીએ શિરોમણી દ્રૌપદી કહીયે; પાંચ પુરૂષની નાર;
સુકુમાલિકા ભવે બાંધ્યું નિયાણું, પામી પાંચ ભરતાર રે. પ્રાણી૦ ૧૧
કર્મે હલકો કીધો હરિશ્ચંદ્ર, વેચી તારા રાણી;
બાર વરસ લગે માથે આણ્યું, ડુંબ તણે ઘેર પાણી રે. પ્રાણી૦ ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દધિવાહન રાજાની બેટી, આવી ચંદન બાલા;
ચૌપદની પરે ચૌટે વેચાણી, કર્મ તણાં એ ચાળા રે. પ્રાણી૦ ૧૩
સમકિત ધારી શ્રેણીક રાજા, બેટે બાંધ્યો મુસકે;
ધર્મી નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કિસકા રે. પ્રાણી૦ ૧૪
ઇશ્વરદેવ ને પાર્વતી રાણી, કરતા પુરૂષ કહેવાય;
અહોનિશ સ્મશાન માંહે વાસો, ભિક્ષા ભોજન ખાય રે. પ્રાણી૦ ૧૫
સહસ કિરણ સૂરજ પ્રતાપી, રાત-દિવસ રહે ભમતો;
સોલકળા શશીહર જગ ચાવો, દિન દિન જાયે ઘટતો રે. પ્રાણી૦ ૧૬
નળરાજા પણ જુગટે રમતાં, અરથ ગરથ રાજ્ય હાર્યો;
બાર વરસ લગે વનદુઃખ દીઠાં, તેને કર્મે ભમાડયો રે. પ્રાણી૦ ૧૭
સુદર્શનને શૂલીએ દીધો, મુંજ રાજે માગી ભીખ;
તમસ ગુફા મુખ કોણિક બળીયો, માની ન કોઇની શીખ રે. પ્રાણી૦ ૧૮
ગજ મુનિના શીર ઉપર સઘડી, સાગર દત્તે બાળ્યુ શીશ;
મેતારજ વાધરે વિંટાણા, ક્ષણ ન આણી રીસ રે. પ્રાણી૦ ૧૯
પાંચશે સાધુ ઘાણીમાં પીલ્યાં, રોશ ન આણ્યો લગાર;
પૂર્વ કર્મે ઢંઢણ ઋષીને, ષટ્માસ ન મળ્યો આહાર રે. પ્રાણી૦ ૨૦
ચૌદ પૂરવધર કર્મ તણે વશ, પડયા નિગોદ મઝાર;
આર્દ્રકુમાર ને નંદિષેણે, ફરી વાસ્યો ઘરવાસ રે. પ્રાણી૦ ૨૧
કળાવતીના કર છેદાણાં, સુભદ્રા પામી કલંક;
મહાબળ મુનિનું ગાત્ર પ્રજાળ્યું, કર્મ તણા એ વંક રે. પ્રાણી૦ ૨૨
દ્રૌપદી હેતે પદ્મનાભનું, ફોડયું કૃષ્ણે ઠામ;
વીરના કાને ખીલા ઠોકાણા, પગે રાંધી ખીર તામ રે. પ્રાણી૦ ૨૩
કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગ્નિ મઝાર;
મેરૂ શિખર ઉપર ચઢે પણ, કર્મ ન મૂકે લગાર રે. પ્રાણી૦ ૨૪
એવાં કર્મ જીત્યાં નરનારી, પહોંચ્યા શિવ ઠાય;
પ્રભાતે ઉઠી નિત નિત વંદો, ભક્તિએ તેહના પાય રે. પ્રાણી૦ ૨૫
એમ અનેક નર ખંડયા કર્મે, ભલ ભલેરા જેસા;
ઋદ્ધિ હર્ષ કરજોડીને કહે, નમો નમો કર્મ મહારાજ રે. પ્રાણી૦ ૨૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮૨
## શ્રી ધન્નાજીની સજઝાય

શિયાળામાં શીત ઘણી રે ધન્ના, ઉનાળે લૂ વાય;
ચોમાસે ઘન જલ વાદલાં રે ધન્ના, એ દુઃખ સહ્યું ન જાય.
હું તો વારી રે ધન્ના આજ નહિ સો કાલ. ૧
વનમેં તો રહેવું એકલું રે ધન્ના, કોણ કરે તારી સાર;
ભૂખ પરિસહ દોહિલો રે ધન્ના, મતકર એસી વાત રે હો;
ધન્નાજી મત લીયો સંયમ ભાર. ૨
વનમાં તે મૃગ એકલો રે માતા, કોણ કરે ઉનકી સાર;
કરણી તો જેસી આપકી રે માતા, કોણ બેટો કોણ બાપ રે
હો જનની હું તો લેઉં સંજમ ભાર. ૩
પંચ મહાવ્રત કો પાળવો રે ધન્ના; પાંચે મેરૂ સમાન;
બાવીશ પરિસહ જીતવા રે ધન્ના, સંયમ ખાંડા કી ધાર રે. હો ધ૦ ૪
નીર વિનાની નદી કિસી રે ધન્ના, ચંદ વિના કેસી રાત;
પિયુ વિના કેસી કામિની રે ધન્ના, વદન કમલ વિલખાય રે;
હો ધન્ના મત. ૫
દીપક વિના મંદિર કિસ્યાં રે ધન્ના, કાન વિના કેસો રાગ;
નયણ વિના કિસ્યું નિરખવું રે ધન્ના, પુત્ર વિના પરિવાર. હો ધ૦મ૦ ૬
તું મુજ અંધા લાકડી રે ધન્ના, સો કોઈ ટેકો રે હોય;
જો કોઈ લાકડી તોડશે રે ધન્ના, અંધો હોશે ખુવાર રે હો ધન્નાજી.મ૦ ૭
રત્નજડિતનો પિંજરો રે માતા, તે જાણે સૂડો રે બંધ;
કામ ભોગ સંસારના રે માતા, જ્ઞાની ને મન ફંદ ને જનની હું તો લેઉ૦ ૮
આયુ તો કંચન ભર્યો રે ધન્ના, રાઇ પરબત જેસા સાર;
મગર પચ્ચીશી અસ્તરી રે ધન્ના, નહી સંયમકી બાત હો. ધન્નાજી.મ૦ ૯
નિત્ય ઉઠી ઘોડલે ફીરતો રે ધન્ના, નિત્ય ઉઠી બાગમેં જાય;
એસી ખૂબી પ્રમાણે રે ધન્ના, ચમર ઝુલાયાં જાય રે હો ધ૦ ૧૦
ચોડી પાલખીએ પોઢતો રે ધન્ના, નિત્ય નિત્ય નઇ ખૂબી માણ;
એતો બત્રીશ કામિની રે ધન્ના, ઉભી કરે અરદાસ હો ધન્ના૦ ૧૧
નારચ અકારા હું ગયો રે માતા, કાને આયો રાગ;
મુનીશ્વરની વાણી સુણી રે માતા, આ સંસાર અસાર રે. હો જનની. ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હાથમેં લેં તો પાતરો રે ધન્ના, ઘેરઘેર માંગવી ભીખ;
કોઇ ગાલજ દેઇ કાઢશે રે ધન્ના, કોઈ દેવેંગે શીખરે હો ધન્ના૦ ૧૩
તજી દિયાં મંદિર માળીયાં રે માતા, તજ દીયો સબ સંસાર;
તજ દીની ઘરકી નારીયો રે માતા, છોડ ચલ્યો પરિવાર રે હો જ૦ ૧૪
જુઠાં તો મંદિર માળીયાં રે માતા, જુઠો સબ સંસાર;
જીવતાં ચુંટે કાળજુ રે માતા, મુઆ નરક લેઈ જાય રે. હો જનની૦ ૧૫
રાત્રી ભોજન છોડ દે ધન્ના, પરનારી પચ્ચક્ખાણ;
પરધન શુ રે રહો દૂરે ધન્ના, એહીજ સંયમ ભાર. હો ધન્ના૦ ૧૬
માતા પિતા વરજે નહિ રે ધન્ના, મત કર એસી વાત;
એહ બત્રીશ કામિની રે ધન્ના, એસા દેગી શ્રાપ. હો ધન્ના ૧૭
કર્મ તણાં દુઃખ મેં સહ્યા રે માતા, કોઈ ન જાણે ભેદ;
રાગદ્વેષકે પૂંછડે રે માતા, વધ્યાં વૈર વિરોધ રે. હો જનની૦ ૧૮
સાધુપણામેં સુખ ઘણા રે માતા, નહિ દુઃખરો લવલેશ;
મલશે સોઇ ખાઈશું રે માતા, સોઇ સાધુ ઉપદેશ રે. જનની૦ ૧૯
એકલો ઉઠી જાશે રે માતા, કોઈ ન રાખણહાર;
એક જીવકે કારણે રે માતા; કયું કરે એટલો વિલાપ રે. હો જનની૦ ૨૦
ન કોઈ ધન્નો મર ગયો રે માતા, ન કોઇ ગયો પરદેશ;
ઉગ્યા સોઈ આથમે રે માતા, ફુલ્યા સો કરમાયરે. હો જનની૦ ૨૧
કાલ ઓચિંતો આવશે રે માતા, કોણ છોડાવણહાર;
કર્મ કાટ મુગતે ગયા રે માતા, દેવલોક સંસાર. હો જનની૦ ૨૨
જે જેસી કરણી કરે રે માતા, તીન તેસાં ફલ હોય;
દયા ધર્મ સંયમ વિના રે માતા; શિવસુખ પામે ન કોયરે. હો જનની૦ ૨૩

## ૮૩
## મોહ મિથ્યાત્વની સજ્ઝાય

મોહ મિથ્યાત્વની નિંદમાં, સુતો કાળ અનંત, માજી મોરી,
પરમાધામી ને વશ પડયો, પામ્યો દુઃખ અનંત, માજી મોરી.
કરણી તો કરશું ચિત્ત નિર્મલી. ૧
રાગ તણાં રસિયા હુંતા, સુણ સુણ કરતાં તાન; માજી૦
ધર્મકથા નવિ સાંભળી, કાપે તેહના કાન. માજી૦ કરણી૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પરનારીના રૂપનો, વિષય વખાણ્યો જોય; માજી૦
દેવગુરૂ નિરખ્યા નહિ, તેની આંખો કાઢે દોય. માજી૦ કરણી૦ ૩
અગ્નિ ધખંતી પુતળી, ચાંપે ઉદય મોઝાર; માજી૦
પરનારીના સંગથી, પામ્યો દુઃખ અપાર. માજી૦ કરણી૦ ૪
સુરભી ગંધ સુંધ્યા ઘણા, ગુંથ્યા ફુલ ફરાક; માજી૦
અંતર ફુલેલ પડાવીયા, કાપે તેહના નાક. માજી૦ કરણી૦ ૫
જુઠ વચન બોલ્યા ઘણું, કુડ-કપટની ખાણ; માજી૦
પરમાધામી તેહની, જીભ કાઢે જડ તાણ. માજી૦ કરણી૦ ૬
ગાડે વ્હેલો બેસીને, બળદ દોડાવે વાટ; માજી૦
લોહમાં ધૂસરો ધખાવીઓ, લેઇ દોડાવે આપ. માજી૦ કરણી૦ ૭
રસ્તે લુટયાં રાંકને, કરી કરી કીધ અન્યાય; માજી૦
માંકણ મારે તેહને, પીલે ઘાણી માંહી. માજી૦ કરણી૦ ૮
કાચાં કુણાં ફલ ભખ્યાં, ગાજર મૂલાકંદ; માજી૦
ઉંધે મસ્તકે ઉપન્યો, પીડાયા કરે આક્રંદ. માજી૦ કરણી૦ ૯
વનસ્પતિ છેદન કરી, કાપ્યા તરૂ વન રાય; માજી૦
સુડણ નિદણ કીધા ઘણા, કાપે તેહની કાય. માજી૦ કરણી૦ ૧૦
કાંટા જવારા વાવીને, ફુલાં સેજ બીછાય; માજી૦
સુખ ભોગવીયા તેહને, કાંટા ચાંપે કાપ. માજી૦ કરણી૦ ૧૧
ફુલી કલીયા ફુલની, તોડી ગુંથ્યા હાર; માજી૦
સામલી વૃક્ષો બાંધીને, દીએ કોરડાનો માર. માજી૦ કરણી૦ ૧૨
વચન ચૂકયા નર જે હતા, કુડા કપટી જેહ; માજી૦
પકડી પછાડે પર્વતથી, ખંડો ખંડ કરતા દેહ. માજી૦ કરણી૦ ૧૩
ઘરમાં કલેશ કરાવતી, કાથા કબલી નારી; માજી૦
પરમાધામી તેહને, મુખમાં ભરે રે અંગાર. માજી૦ કરણી૦ ૧૪
કુહાડે કરીને છેદીયાં, લીલાં મોટાં ઝાડ; માજી૦
પરમાધામી તેહને, છેદે મસ્તક ફાડ. માજી૦ કરણી૦ ૧૫
કોશ કોદાલા પાવડા, પૃથ્વી વિદારણ જેહ; માજી૦
માંગ્યાં જે કોઈ આપશે, પામશે દુઃખ અછેહ. માજી૦ કરણી૦ ૧૬
પૂજ્ય કહીને પૂજાવતાં, કરતાં અનર્થ મૂલ; માજી૦
કામિની ગર્ભ ગળાવતાં, તેને પરોવી દીધા ત્રિશૂલ. માજી૦ કરણી૦ ૧૭
કરી અંગીઠી અગ્નિની, ચલમ ભરે ચકડોલ; માજી૦
ગાંજા તમાકુ જે પીએ; તે તો ગયા નરકની પોળ. માજી૦ કરણી૦ ૧૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જે ઘર રમતાં હોલીએ, હસતાં પાણી ઢોલ; મા૦
પરમાધામી તેહની, ઘણી ઉડાડે રોલ. મા૦ કરણી૦ ૧૯
તાતુ તરવું ઉકાળીને, કરી કરી ક્રોધ અપાર; મા૦
પીચકારી ભરીને છાંટતાં, ઉપર નાંખે ખાર. મા૦ કરણી૦ ૨૦
ઘણા હોકા પીવતાં, અગ્નિ જલાદિક જીવ; મા૦
તાતા લોહ તપાવીને, મુખ ચાંપે કરે રીવ. મા૦ કરણી૦ ૨૧
માયા કર્મથી ઉપન્યો, કુઠા વિપાક માંહિ; મા૦
ઉપર ચુંટે કાગડા, માંહે કીડા ખાય. મા૦ કરણી૦ ૨૨
માનવને ભવ પામીને, હવે જાવું નહિ હાર; મા૦
નિરંતર દર્શન જિન ધર્મના, લેશ તો પામે ભવપાર. કરણી૦ ૨૩

## ૮૪
## ત્રેસઠશલાકા પુરૂષની સજઝાય

અહસમે પ્રણમું સરસ્વતી માય, વળી સદ્દગુરૂને લાગુ પાય;
ત્રેશઠ શલાકાના કહું નામ, નામ જપતાં સીજે કામ. ૧
પ્રથમ ચોવીશ તીર્થંકર જાણુ, તેહ તણા હું કરીશ વખાણુ;
ઋષભ, અજિત ને સંભવ સ્વામ, ચોથા અભિનંદન અભિરામ. ૨
સુમતિ પદ્મપ્રભુ પૂરે આશ, સુપાર્શ્વ ચંદ્ર પ્રભુ દે સુખ વાસ;
સુવિધિ શીતલ ને શ્રેયાંસ નાથ, એ છે સાચા શિવપુર સાથ. ૩
વાસુપૂજ્ય જિન વિમલ અનંત, ધર્મ શાન્તિ કુંથુ અરિહંત;
અર મલ્લિ મુનિ સુવ્રત સ્વામ, એહથી લહીએ મુક્તિનું ઠામ. ૪
નમિનાથ નેમીસર દેવ, જસ સુરનર નિત્ય સારે સેવ;
પાર્શ્વનાથ મહાવીર પ્રસિદ્ધ, ત્રુઠયા આપે અવિચલ ઋદ્ધિ. ૫
હવે નામ ચક્રી તણા, બાર ચક્રી જે શાસ્ત્રે ભણ્યાં;
પહેલો ચક્રી ભરત નરેશ, સુખે સાધ્યા જિણે ષટ્ખંડ દેશ. ૬
બીજો સાગર નામે ભૂપાલ, ત્રીજો મઘવરાવ સુવિશાલ;
ચોથા કહીયે સનત્કુમાર, દેવ પદવી પામ્યા છે સાર. ૭
શાંતિ, કુંથુ, અર તિણે રાય, તીર્થંકર પણ પદ કહેવાય;
સુભૂમ આઠમો ચક્રી થયો, અતિ લોભે તે નરકે ગયો. ૮
મહા પદ્મરાય બુદ્ધિ નિધાન, હરિષેણ દશમો રાજન;
અગીયારમો જય નામ નરેશ, બારમો બ્રહ્મદત્ત ચક્ર નરેશ. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એ બાર ચક્રી સર કહ્યાં, સૂત્ર સિદ્ધાંત થકી મેં લહ્યા;
હવે વાસુદેવ કહું નવ નામ, ત્રિણ ખંડ જેણે જીત્યા ઠામ. १०
વીર જીવ પ્રથમ ત્રિપૃષ્ટ, બીજો નૃપ જાણો દ્વીપૃષ્ટ;
સ્વયંભૂ પુરૂષોત્તમ મહારાય, પુરૂષસિંહ પુંડરિક રાય. ११
દત્ત નારાયણ કૃષ્ણ નરેશ, એહ નવ હવે બળદેવ વિશેષ;
અચલ વિજય ભદ્ર સુપ્રભ ભૂપ, સુદર્શન આનંદ નંદન રૂપ. १२
પદ્મરામ એ નવ બળદેવ, પ્રતિ શત્રુ નવ પ્રતિ વાસુદેવ;
અશ્વગ્રીવ તારક રાજેન્દ્ર, મેરક મધુનિ શુભ બલેન્દ્ર. १३
પ્રલ્હાદ ને રાવણ જરાસંઘ, જીત્યા ચક્રબલે સત્ય સંઘ;
ત્રેસઠ સંખ્યા પદવી કહી, માતા એકસઠ ગ્રંથે લહી. १४
પિતા બાવન ને સાઠ શરીર, ઓગણસાઠ જીવ મહા ધીર;
પંચવરણ તીર્થંકર જાણ, ચક્રી સોવન વાન વખાણ. १५
વાસુદેવ નવ શામલ વાન, ઉજ્જવલ તનુ બળદેવ પ્રધાન;
તીર્થંકર મુક્તિ પદ વર્યા, આઠ ચક્રી સાથે સંચર્યા. १६
બળદેવ આઠ તેહને સાથ, શિવપદ લીધો હાથો હાથ;
મઘવ સનતકુમાર સુરલોક, ત્રીજે સુર સેવે ગત સોગ. १७
નવમો બલદેવ બ્રહ્મ નિવાસ, વાસુદેવ સહુ અધગતિ વાસ;
અષ્ટમ બારમ ચક્રી સાથ, પ્રતિ વાસુદેવ સમા નર નાથ. १८
સુરવર સુખશાતા ભોગવી, નરકદુઃખ વ્યથા અનુભવી;
અનુક્રમે કર્મ સૈન્ય જય કરી, નરવર ચતુરંગી સુખવરી. १९
સદ્ગુરૂ જોગે ક્ષાયિક ભાવ, દર્શનજ્ઞાન ભવોદધિ નાવ;
આરોહી શિવ મંદિર વસે, અનંત ચતુષ્ટય તવ ઉલ્લસે. २०
લેશે અક્ષય પદ નિર્વાણ, સિદ્ધ સર્વે દ્યો મુજ કલ્યાણ;
ઉત્તમ નામ જપો નરનાર, સરૂપચંદ્ર લહે જય જયકાર. २१

## ८५
## માનની સજ્ઝાય

માન ન કરશો માનવી, કાચી કાયાનો શો ગર્વ રે;
સુરનર કિન્નર રાજીઆ, અંતે મરી ગયા સર્વ રે. માન०
માને જ્ઞાન વિનાશ રે, માને અપયશ વાસ રે;
માને કેવલ નાશ રે. १

સોના વરણી રે ચેહ બલે, રૂપા વર્ણી ધુવાસ રે;
કુમ કુમ વરણી રે દેહડી, અગનિ પરજાલી કરી છાર રે. માન૦ ૨

જે નર શિર કસી બાંધતા, સાલુ કસબીના પાઘ રે;
તે નર પોઢયાં પાધરા, ચાંચ મારે શિર કાગ રે. માન૦ ૩

કોઇ ચાલ્યા કેઈ ચાલશે, કેંતા ચાલણ હાર રે;
મારગ વહેરે ઉતાવલો, પડખે નહી લગાર રે. માન૦ ૪

અંત રે પ્રાણુનો આવશે, ન જુએ વાર કુવાર રે;
ભદ્રા ભરણી ને ચોગણી, શનિ સોમ વલી કાલ રે. માન૦ ૫

જે વહાલાં વિણુ એક ઘડી, સોહતો નહિ લગાર રે;
તે વિના જન્મારા વહી ગયાં, નહી સુદ્ધી નહી સમાચાર રે. માન૦ ૬

જે નર ગાજી રે બોલતાં, વાવરતા મુખ પાન રે;
તે નર અગ્નિમાં પોઢીયાં, કાયા કાજલ વાન રે. માન૦ ૭

ચીર પિતાંમ્બર પહેરતાં, કંઠે કનકનો હાર રે;
તે નર કાલે માટી થયા, જો જો અસ્થિર સંસાર રે. માન૦ ૮

જે શિર છત્ર ઢળાવતાં, ચઢતાં હાથીને ખંધ રે;
તે નર અંતે રે લઈ ગયા, દેઈ દોરડાના બંધ રે. માન૦ ૯

કોડીમણુની સીલા કર ગ્રહી, ગિરિધર કહાવે નામ રે;
તરસે તડફડે ત્રીકમો, નહી કોઈ પાણીનો પાનાર રે. માન૦ ૧૦

ચોસઠ સહસ અંતે ઉરી, પાયક છન્નું કરોડ રે.
તે નર અંતે રે એકલો, સુતો ચિવર ઓઢ રે; માન૦ ૧૧

જે જિહાં તે તિહાં રહ્યો, પાપ ને પુન્ય બે સાથ રે.
અહો સ્વરૂપને દેખીને, પુન્ય કરો નિજ હાથ રે. માન૦ ૧૨

જે નર હસી હસી બોલતાં, કરતાં ભોજન સાર રે;
તે નર અંતે રે માટી થયા, ઘડતા પાત્ર કુંભાર રે. માન૦ ૧૩

ચંપા વરણી દેહડી, કદલી કોમલ જંઘ રે;
તે નર સુતા રે કાષ્ટમાં, પડે ઘડો ઘડ ડાંગ રે. માન૦ ૧૪

દેહ વિટંબના નર સુણો, ન કરો તરણાનો લોભ રે;
જે સંઘ સરખો રે રાજવી, અંતે ન રહ્યા તે થોભ રે. માન૦ ૧૫

અસ્થિર સંસાર જાણી કરી, મમતા ન કરી કોઈ રે;
કવિ ઋષભની શીખડી, સાંભલજો સહુ કોઇ રે. માન૦ ૧૬



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# ૮૬
# નાગીલાની સજઝાય

ભુદેવભાઈ ઘેર આવીયાજી, પ્રતિ બોધવા મુનિરાજ રે;
હાથમાં તે લીધો ધૃતનો પાતરો રે, ભાઇ મુને આઘેરો વળાવ રે.
નવી રે પરણ્યા તે ગોરી નાગીલારે. નવી૦ ૧

એમ કરી ગુરૂજી પાસે આવીયા રે, ગુરૂજી પૂછે કાંઈ દીક્ષાના ભાવ રે;
લાજે નાકારો નવિ કહ્યો રે, દીક્ષા લીધી ભાઇને ભાવ રે. નવી૦ ૨
બાર વર્ષ સંજમે રહ્યા રે, મનમાં ધરતાં નાગીલાનું ધ્યાન રે;
હા હા મૂર્ખ મેં શુ કર્યું રે, નાગીલા તજી જીવન પ્રાણ રે. નવી૦ ૩
માતા પિતા તેહને નથી રે, એકલડી અબળા બાળ રે;
સોલ વરસની સુંદરી રે; હવે લહુ તેહની સંભાળ રે. નવી૦ ૪
શશી વદની મૃગા લોહણી રે, વલવલતી મૂકી ઘરની નાર રે;
મુજ ઉપર અનુરાગિણી રે, તો કરું તેની સંભાળ રે. નવી૦ ૫
ભવદેવ ભાગે ચિંતે આવીયા રે; વિણ ઓળખી પૂછે ઘરની નાર રે;
કોઈ એ દીઠી રે ગોરી નાગીલા રે, અમે આવ્યા છે છોડનહાર રે. નવી૦ ૬
અમર લોક તજી કરી રે, નરક ગ્રહે કોણ હાથ રે;
પામી સુખ તજી કરી રે, પડીયો પડીયો કષ્ટ જંજાળ રે. નવી૦ ૭
નારી ભણે રે સુણો સાધુજી રે; વામ્યો ન લેવે કોઈ આહાર રે;
હસ્તિ છંડીને ખર કોઇ નવિ ગ્રહે રે, તુમે છો જ્ઞાનના ભંડાર રે. નવી૦ ૮
ઉદક વામે લીયે આહારને રે, તે નહિ માનવનો આચાર રે;
તમે જે ઘરની તરુણી તજ્યાં રે, હવે શી તેહની સંભાળ રે. નવી૦ ૯
નારી નરકની ખાણુ છેરે, નરકની દીવી છે નાર રે;
તમે તો મહા મુનિરાજ છોરે, જેમ પાસો ભવનો પાર રે. નવી૦ ૧૦
ધનધન સુબાહુ શાલિભદ્રને રે, ધન ધન મેઘકુમાર રે;
નારી તજીને સંજમે રહ્યા રે; ધનધન ધન્નો અણગાર રે. નવી૦ ૧૧
દેવકી સુત સુલસા તણા રે, નેમતણી સુણી વાણ રે;
બત્રીશ બત્રીશ પ્રિયા તણી રે, પરિહર્યા ભોગવિલાસ રે. નવી૦ ૧૨
અંકુશે ગજ વસ્ય આણિયો રે, રાજીમતી ને રહનેમી રે;
તુમ વચને અંકુશે આણીયા રે, નાગીલાએ ભવદેવ તામ રે. નવી૦ ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નાગીલાએ નાથ સમજાવીઓ રે, ફરી લીધો સંજમ ભારરે;
ભવદેવ દેવલોકે ગયા રે, હુવા છે શિવકુમાર રે. નવી૦ ૧૪
ત્રીજે ભવે જંબૂ સ્વામીજી રે, પરણ્યા પદ્મણી આઠ રે;
ક્રોડ નવાણું કંચન લાવીયા રે, તે છે સિદ્ધાંતનો પાઠ રે. નવી૦ ૧૫
પ્રભવાદિક ચોર પાંચશે રે, પદ્મણી આઠે નાર રે;
કર્મ ખપાવી મુકતે ગયા રે, સંઘવિજય સુખકાર રે. નવી૦ ૧૬

## ૮૭
## શિખામણની સજઝાય.

શ્રીગુરૂ ચરણ પસાઉલે, કહીશું શિખામણ સાર;
મન સમજાવો રે આપણું; જીમ પામો ભવપાર;
કહે ભાઈ રૂડું તેં શું કર્યું. કહે૦ ૧
કહે ભાઈ રૂડું તેં શું કર્યું, આતમને હિતકાર;
ઈહભવ પરભવ સુખ ઘણાં; લહીએ જયજયકાર. કહે૦ ૨
લાખ ચોરાશી યોનિ ભમી, પામ્યો નર અવતાર;
દેવ-ગુરૂ ધર્મ ન ઓળખ્યાં, ન જપ્યો મન નવકાર. કહે૦ ૩
નવમાસ વાડા ઉદરે ધર્યો, પાળી મોટો રે કીધ;
માય તાય સેવા કીધી નહિ, ન્યાયે મન નવિ દીધ. કહે૦ ૪
ચાડી કીધી રે ચોતરે; દંડાવ્યા ભલા લોક;
સાધુ જનને સંતાપીયા, આળ ચઢાવ્યાં તે ફોક. કહે૦ ૫
લોભે લાધ્યો રે પ્રાણીઓ, ન ગણે રાત્રી દિન;
હા-હો કરતો રે એકીલો, જઈને હાથ ઘસીશ. કહે૦ ૬
કપટ છળ ભેદ તેં કર્યો, ભાંખ્યા પરના રે મર્મ;
સાત વ્યસનને સેવીયાં, નવી કીધો જૈન ધર્મ. કહે૦ ૭
ક્ષમા ન કીધી રે ખાંતશું, દયા ન કીધી રેખ;
પર વેદન તેં જાણી નહી; તો શું લીધો રે ભેખ. કહે૦ ૮
સંધ્યા રંગ સમ આઉખું, જળ પરપોટો રે જેમ;
ડાભ અણી જળ બિંદુઓ, અથિર સંસાર છે એમ. કહે૦ ૯
અભક્ષ્ય અનંત કાય વાપર્યા, પીધા અળગણ નીર;
રાત્રી ભોજન તેં કર્યો, કિમ પામીશ ભવતીર. કહે૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દાન શીયલ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર;
તે તેં ભાવે ન આદર્યા, રઝળીશ અનંતો સંસાર. કહે૦ ૧૧
પાંચે ઇન્દ્રિય પાપિણી, દુર્ગતિ ઘાલે રે જેહ;
તે તો મૂકી રે મોકળી, કિમ પામીશ શીવ ગેહ. કહે૦ ૧૨
ક્રોધે વિંટયો રે પ્રાણીઓ, માન ન મૂકે રે કેડ;
માયા સાપણી સંગ્રહી, લોભને લીધો તેં તેડ. કહે૦ ૧૩
પરરમણી રસ મોહીયો, પરનિંદાનો રે ઢાળ;
પરદ્રવ્ય તેં નવિ પરિહર્યું, પરને દીધી રે ગાળ. કહે૦ ૧૪
ધર્મની વેળા તું આળસું, પાપ વેળા ઉજમાળ;
સંચ્યું ધન કોઈ ખાઈ જશે, જીમ મધમાખી મહુ આળ. કહે૦ ૧૫
મેલી મેલી મૂકી ગયા, જેહ ઉપાર્જ્યું રે આથ;
સંચય કીજે રે પુણ્યનો, જે આવે તુજ સાથ. કહે૦ ૧૬
શુદ્ધ દેવગુરૂ ઓળખો, કીજે સમકિત શુદ્ધ;
મિથ્યામતિ દૂરે કરી, રાખી નિર્મળ બુદ્ધ. કહે૦ ૧૭
ગોડીદાસ સંઘવી તણે, આગ્રહે કીધી સજ્ઝાય;
કાન્તિવિજય ઉવજ્ઝાયનો, રૂપવિજય ગુણ ગાય. કહે૦ ૧૮

## ૮૮
## મેતારજ મુનિની સજ્ઝાય

ધનધન મેતારજ મુનિ, જેણે સંયમ લીધો;
જીવદયાને કારણે, કોય કાંઇ ન કીધો. ધન૦ ૧
માસક્ષમણ ને પારણે, ગોચરીયે જાય;
સોવનકાર તણે ઘરે; પહોંત્યા મુનિ રાય. ધન૦ ૨
સોવન જવ શ્રેણીકનાં, ઋષી પાસે મૂકી;
ઘર તિંતર તે નર ગયો, એક વાત ન મૂકી. ધન૦ ૩
જવ સઘલા પંખી ગળે, મુનિવરને દેખે;
જબ સોની બહાર આવીયો, જવ તિહાં ન દેખે. ધન૦ ૪
કહો મુનિ જવ કિહાં ગયા, કહોને કેણે લીધ;
મુનિ ઉત્તર આપે નહિ, તવ ચપેટા દીધ. ધન૦ ૫
મુનિવર ઉપશમ રસ ભર્યો, પંખી નામ ન ભાષે;
કોપ ધરીને ઇમ કહે; જવલા છે તુમ પાસે. ધન૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જવ ચોર્યા રાજા તણા, તું તો મ્હોટો ચોર;
આલા ચર્મ તણે કરી, બાંધ્યો મસ્તકે દોર. ધન૦ ૭
નેત્ર યુગલની વેદના, ભારી નીકલ્યા તત્કાળ;
કેવલજ્ઞાન તે નિર્મળું, પામી કીધો કાળ. ધન૦ ૮
મુક્તિપુરી માં તે જઈ પહોંત્યો, એહવા સાધુ સુપાત્ર;
ગુણવંતના જે ગુણ જંપે, તે લહેરો સુખસાર. ધન૦ ૯
નવ કન્યા તેણે તજી, તજી કંચન કોડી;
વીરના એ નવ પૂર્વ ધર, પ્રણમું બે કર જોડી. ધન૦ ૧૦
સિંહ તણી પરે આદરી, સિંહની પરે શૂરો;
સંયમ પાળી શિવ લહી, જશ જગમેં પૂરો. ધન૦ ૧૧
ભારી કાષ્ટની બાઈ તિહાં, ઉંચેથી તે નાખે;
ધડકી પંખીએ જવ વમ્યા, તે દેખી સોની આંખે. ધન૦ ૧૨
તવ સોની મન ચિંતવે, કીધું એ ખોટું કામ;
વાત રાજા જો જાણશે, તો ટાળશે સવિ ઠામ. ધન૦ ૧૩
તવ તે મનમાં ચિંતવી, ભયથી નિજ હાથે;
સોવન કાર દીક્ષા લીએ, નિજ કુટુંબ સંગાથે. ધન૦ ૧૪
શિવ નગરી તે જઈ ચઢયો, એવો સાધુ સુજાણ;
ગુણવંતના જે ગુણ ગાશે, તસ ઘર કોડી કલ્યાણ. ધન૦ ૧૫
શ્રી કનકવિજય વાચકવરૂ, શિષ્ય જંપે રામ;
સાધુ તણાં ગુણ ગાવતાં, લહીએ ઉત્તમ ઠામ. ધન૦ ૧૬

## ૮૯
## ઋતુવંતી સ્ત્રીની સજ્ઝાય

(સુણ સોભાગી સુખકારી, જીનવાણી મનમાં આણી.)

શીવ સાધક જિનવરની વાણી, કેઈ તરિઆ તરશે ભવિ પ્રાણી;
પીસ્તાલીશ આગમ શુભ જાણી. સુણ૦ ૧
જે પવિત્ર થઈને સાંભળીએ, અપવિત્રતા અળગી કરીએ;
સમવસરણમાં સંચરીએ. સુણ૦ ૨
અપવિત્રતા અળગી કરજો, ઋતુવંતી સંગથી પરિહરજો;
અસજ્ઝાયથી દૂરે સંચરજો. સુણ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દર્શન કરે દહેરે ચોથે દિવસે, પડિકમણું પોસહ પરિહરશે;
સામાયિક ભણવું નવિ કરશે. સુણ૦ ૪
બોધી બીજ તે કીધે જાશે, જ્ઞાનાવરણીય કર્મ બંધાશે;
સમકિત તેનું મૂળથી નાસે. સુણ૦ ૫
દિન સાતે જીનવર પૂજીએ, નાત-જાત-વિષે જમવા ન જાએ;
વળી હાથે દાન નવિ દીએ. સુણ૦ ૬
ઋતુવંતી તમે અળગી રાખો, ઘર-કારજ કાંઈ મત ભાખો;
અન્ન પાણી શય્યા દૂર રાખો. સુણ૦ ૭
ઋતુવંતી સાધુને વહોરાવે, તસ પાતકથી નરકે જાવે;
પંચવ્રત ઉદયે નવિ આવે. સુણ૦ ૮
ઋતુવંતી જો વહાણમાં બેસે, તે પ્રવહણ સમુદ્રમાં પેસે;
તોફાન ઘણેરા તે લેશે. સુણ૦ ૯
મજીઠ હિંગલો થાએ કાળો, એકેંદ્રિયને દુઃખ ભાળો;
તો પંચેન્દ્રિય વિશેષે પાળો. સુણ૦ ૧૦
પહેલે દિન ચંડાલણ સરખી, બીજે દિન બ્રહ્મઘાતિણી નિરખી;
ત્રીજે દિન ધોબલડી પરખી. સુણ૦ ૧૧
શીવાદિક શાસ્ત્રે એમ વાણી, ઋતુવંતી રાખો દૂર જાણી;
વળી અસુરકુમારની એમ વાણી. સુણ૦ ૧૨
ખાંડણ-પીસણ-રાંધણ-પાણી, તસ ફરસે દુઃખ કહે જ્ઞાની;
ને હોય જ્ઞાનની હાનિ. સુણ૦ ૧૩
સૂત્ર-સિદ્ધાંત મંત્ર જ નહિ ફળે, અસજ્ઝાયે આશાતના સમઝને;
પહોર ચોવીશ પછી નાહીં હળી મળે. સુણ૦ ૧૪
આશાતના અસજ્ઝાયની રાખી, મુનિ રત્ન વિજય ગુરૂ સાખી;
એ ધર્મ કરણી સાચી ભાખી. સુણ૦ ૧૫

## ૯૦
## સ્થુલીભદ્રની સજ્ઝાય

એક દિન કોશ્યા ચિત્તને રંગે, બેઠી છે મનને ઉમંગે;
પાંચ સાત સાહેલીની સંગે રે, સ્થુલીભદ્ર મુનિ ઘેર આવે.
આવે આવે લાછલદેનો નંદ રે. સ્થુલીભદ્ર૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આજ મારે મોતીડે મેહ વુઠયા, દેવદેવી જેવે મુજ તુઠયા;
મેં તો જીવન નયણે દીઠા રે. સ્થુ૦ ૨
આવી ઉતર્યા ચિત્રાશાલી, રૂડા રત્ને જડી રઢીયાળી;
માંહી મણીયા મોતીની જાળી રે. સ્થુ૦ ૩
પકવાન્ન જમ્યા બહુ ભાત, ઉપર ચોસઠ શાકના જાત;
તો એ ન ગમે વિષયની વાત રે. સ્થુ૦ ૪
કોશયા સજતી શણગાર, કાજલ કુંમ કુંમ હિંગુલ હાર;
પગવટ અંગુઠી વિછુયા સાર રે. સ્થુ૦ ૫
દ્વાદશ ડુમકડળ માદલ વાજે, ભેરી ભુંગળ શરણાઈ વાગે;
તેમ રૂપે અપસરા છાજે રે. સ્થુ૦ ૬
કોશયાએ વિષયની વાત વખાણી, સ્થુલિભદ્રે હૃદયે નવિ આણી;
હું તો પરણીશ શીવ પટરાણી રે. સ્થુ૦ ૭
એમ બહુવિધ નાટક કરીયાં, સ્થુલીભદ્રે હૃદયે નવિ ધરીયાં;
સાધુ સમતા રસના દરિયા રે. સ્થુ૦ ૮
એને જીવે સુખ અનુભવ્યો, કાળ અનંતા નિર્ગમ્યો;
તોએ તૃપ્તિ જીવ ન પામ્યો રે. સ્થુ૦ ૯
કોશયાને કીધી સમકિત ધારી, વિષય સુખ રસથી વારી;
એવા સાધુને જાઉ બલિહારી રે. સ્થુ૦ ૧૦
એમ પૂરણ થયે ચોમાસે, સ્થુલીભદ્ર આવ્યા ગુરૂ પાસે;
દુક્કર દુક્કર વ્રત ઉલ્લાસે રે. સ્થુ૦ ૧૧
નામ રાખ્યું છે જગ માંહિ, ચોરાશી ચોવીશી ઝાહિ;
સાધુ પહોંચ્યા છે દેવલોક માંહિ. સ્થુ૦ ૧૨
પંન્યાસ સુહસ્તિ વિજય ગુરૂરાય, એવા સુગુરૂ તણે પસાય;
શિષ્ય ખુશાલવિજય ગુણ ગાય રે. સ્થુ૦ ૧૩

## ૯૧
## સ્ત્રીને શિખામણની સજ્ઝાય

**નાથ** કહે તું સુણને નારી, શિખામણ છે સારીજી;
**વચન** તે સઘળાં વીણી લેશે, તેહના કારજ સરશે શાણા થઈએજી. ૧
**જાત્રા** જાગરણ ને વિવાહમાં, માતા સાથે રહીએજી;
**સાસરીયામાં** જળ ભરવાને, સાસુ સાથે જઈએ. શાણા૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દિશા અંધારી ને એકલડાં, માર્ગમાં નવિ જઇએજી;
એકલી જાણી આળ ચઢાવે, એવડું શાને કરીએ. શાણા૦ ૩
વ્હાણામાં વેલેરા ઉઠી, ઘરનો ધંધો કરીએજી;
નણુંદ જેઠાણી પાસે જઇએ, સુખદુઃખ વાત ન કરીએ. શાણા૦ ૪
ચોકમાં ચતુરાઈએ રહીએ, રાંધતા નવી રમીએજી;
સહુકોને પ્રસાદ કરાવી, પાછળ પોતે જમીએ. શાણા૦ ૫
ગાંઠે પહેરી ઘરમાં રહીએ, બહાર પગ નવિ ભરીએજી;
સસરા જેઠની લાજ કરી રે, મ્હોં આગળથી ખસીએ. શાણા૦ ૬
છુટે કેશે શિર ઉઘાડે, આંગણુમાં નવિ જઇએજી;
પુરૂષ તણો પડછાયો દેખી, મ્હોં આગળ નવિ રહીએ. શાણા૦ ૭
એકાંતે દીયરીયા સાથે, હાથ તાળી ન લહીએજી;
પ્રેમ તણી જો વાત કરે તો, મ્હોં આગળથી ખસીએ. શાણા૦ ૮
આભરણ પહેરી અંગ શોભાવી, હાથે દર્પણ ન લઇએજી;
પિયુડો જો પરદેશ સિધાવે, તો કાજળ રેખ ન દઈએ. શાણા૦ ૯
પિયુડા સાથે ક્રોધ કરીએ, રીસાઈ નવિ રહીએજી;
છૈયા છોરૂ છોકરડાને, તાડન કદિય ન કરીએ. શાણા૦ ૧૦
ઉજ્જડ મંદિર માંહિ કયારે, એકલડા નવિ જઇએજી;
એકલી જાણી આળ ચઢાવે, એવડું શાને કરીએ. શાણા૦ ૧૧
ફિરીયલ નારીનો સંગ ન કરીએ, તસ સંગે નવિ ફરીએજી;
મારગ જાતાં વિચાર કરીને, ઉંડો પાવ ન ધરીએ. શાણા૦ ૧૨
ઉદયરત્ન વાચક ઈમ બોલે, જે નર નારી ભણશેજી;
તેહનાં પાતક દૂરે ટળશે, મૂક્તિપુરીમાં મળશે. શાણા૦ ૧૩

## ૯૨
## રત્નચિંતામણીની સજ્ઝાય

આ ભવ રત્ન ચિંતામણી સરિખો, વારો વાર ન મળશેજી;
ચેતી શકે તો ચેતજે જીવડાં, આવો સમય નહિ મળશેજી. ૧
ચાર ગતિ ચોરાશી યોનિ, તેમાં તું ભમી આયોજી;
પુણ્ય સંયોગે સ્વપ્ન સંગતો, માનવનો ભવ પાયોજી. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વ્હેલો થા તું વ્હેલો જીવડા, લે જિનવરનું નામજી;
કુગુરૂ-કુદેવ કુધર્મને છંડી, કીજે આતમ કામજી. ૩
જેમ કઠીયારે ચિંતામણી લાધો, પુણ્ય તણે સંયોગજી;
કાંકરાની પરે નાંખી દીધો, ફરી નહી મળવા જોગજી. ૪
તેહની વચ્ચે તું બેઠો જીવડા, કાળ આહેડી નિકાશેજી;
એક કાળે તું આવ્યો જીવડા, એક કાળે તું જાશે જી. ૫
ધન્ય સાધુ જે સંયમ પાળે, સુધો મારગ દાખે જી;
સાચું નાણું, ગાંઠે બાંધે, ખોટે દૃષ્ટિ ન રાખેજી. ૬
માત-પિતા-દારા-સુત બાંધવ, બહુવિધમાં વિરતિ જોડેજી;
તે માંહેથી જો કાજ સરે તો, સાધુ ઘર કેમ છોડેજી; ૭
માયા મમતા વિષય સહુ છંડી, સંવર ક્ષમા એક કીજેજી;
ગુરૂ ઉપદેશ સદા સુખકારી, સુણી અમૃત રસ પીજેજી. ૮
જેમ અંજલીમાં નીર ભરાણું, ક્ષણક્ષણ ઓછું થાય જી;
ઘડી ઘડી એ ઘડીયાળાં વાજે, ક્ષણ લાખિણો જાયજી. ૯
સામાયિક મન શુદ્ધે કીજે, શીવરમણી ફળ પામીજેજી;
માનવ ભવ મુક્તિનો કામી, તેમાં ભરોસો શાને લીજેજી. ૧૦
દેવગુરૂ તમે દૃઢ કરી ધારો, સમકિત શુદ્ધ આરાધોજી;
ષટ્કાય જીવને રક્ષા કરીને, મુક્તિનો પંથ સાધોજી. ૧૧
હૈડા ભીતર સમતા રાખો, જન્મ ફરી નવિ મળશેજી;
કાયર તો કાદવમાં ખુત્યાં, શૂરા પાર ઉતરશેજી. ૧૨
ગુરૂ કંચન ગુરૂ હીરા સરીખા, ગુરૂ જ્ઞાનના દરીયાજી;
કહે અભયરામ ગુરૂ ઉપદેશે, જીવ અનંતા તરિયાજી. ૧૩

## ૯૩
## ૪૫ આગમના નામની સજ્ઝાય

અંગ અગીયાર ને ઉપાંગ બાર, છ છેદ દશ પયન્ના ચંગ;
નંદી અનુયોગ દ્વાર, મૂલ ચાર પણયાલ વિચાર. ૧
આચારાંગ પહિલો મન ધરો, શ્રી સુયગડાંગ બીજી આદરો;
સમરૂં ત્રીજું શ્રી ઠાણાંગ, ચોથું સુંદર સમવાયાંગ. ૨



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમી ભગવતી કહે જગદીશ; પ્રશ્ન ઉત્તર જિહાં સહસ છત્રીસ;
જ્ઞાતા ધર્મ કથા અભિધાન, છઠ્ઠું અંગ છે અર્થ નિધાન. ૩
સાતમું અંગ છે ઉપાસક દશા, આઠમું સમરો અંતગડ દશા;
અણુત્તરોવવાઈ શુભનામ; નવમું અંગ સયલ સુખ-ધામ. ૪
દશમું પ્રશ્ન વ્યાકરણ હું નમું, વિપાક સૂત્ર તે અગીયારમું;
એહની જે સંપ્રતિ વાચનાં, તે પ્રણામ કીજે ઇકમના. ૫
ઉવવાઈ રાયપસેણી સાર, જીવાભિગમ પન્નવણા ઉદાર;
જંબૂદ્વીવ-પન્નતી ચંગ, ચંદ સુર પન્નત્તી અભંગ. ૬
નિરીયા વલીને પૂફીઆ, કાયવડિંસગ ગુણ ગુંથીઆ;
પૂપ્ફવડિંસગ વહ્નિ દશા, ધ્યાઉં બાર એ મન ઉલ્લસા. ૭
બૃહત્ કલ્પ વ્યવહાર નિશીથ, પંચકલ્પ ને મહનિશીથ;
વલી વ્યવહાર તે મન આણીએ, છેદ ગ્રંથ એ ષટ્ જાણીએ. ૮
ચઉસરણ આઉર પચ્ચક્ખાણ, વીરસ્તવ ને ભત્ત પચ્ચક્ખાણ;
તંદુલવેયાલી ગુણ ગેહ, ચંદાવિજય અરથ અછેહ. ૯
ગણી વિજ્જા ને મરણ સમાધિ, દેવેંદ્રસ્તવ ટાલે વ્યાધિ;
દશમું સંથારગ પયન્ન, જે માને તેણે ભવજલ તિન્ન. ૧૦
પેટી રતન તણી જે સૂત્ર, તે જંત્રીત છે અર્થ વિચિત્ર;
નંદી ને અનુયોગ દ્વાર, કુંચી તસ ઉઘાડણહાર. ૧૧
દશવૈકાલિક નિર્યુક્તિ ઓઘ, આવશ્યક બહુ યુક્તિ અમોઘ;
ઉત્તરાધ્યયન મહાગંભીર, મૂલસૂત્ર એ ભવ-દવ-નીર. ૧૨
આગમ પણયાલી સહ તણાં, નામ કહ્યાં અતિ સોહામણાં,
જે એહની સદ્દહણા ધરે, વાચક યશ કહે તે શિવ વરે. ૧૩

## ૯૪
## સંયતિ રાજાની સજ્ઝાય

કંપિલપૂરનો રાજીયો, જગ ગાજીયો રે, સંજય નરરાય કે;
પાય નમે નર જેહના રે, પહોંચે ભડવાય કે ધનધન સંજય નરવરૂ. ૧
જગ સુરતરૂ રે, શાસન વનમાંહિ કે, બાંહગ્રહી ભવકૂપથી;
દુઃખ રૂપથી રે, જિનધર્મ સમાહિ કે, ધન ધન૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક દિન કેસરી કાનને રસ વાહ્યોરે, જાયે મૃગયા હેત કે;
ત્રાસ પમાડે જંતુને, એ મૃગલો રે, દુહવ્યો વિણખેલ કે. ધન ધન૦ ૩
તીરપિડાયે તરફડયો, પડયો હરણલો રે, મુનિવરની પાસકે;
તે દેખી ચિંતા કરે, રાય ખામતો રે, મુનિ તેજે ત્રાસ કે. ધન ધન૦ ૪
રાય કહે મુનિરાયને, હું તો તુમ્હ તણો રે અપરાધી એહ કે;
રાખ રાખ જગબંધુ તું, મુજ ભાંખો હો જિનધર્મ સરેહ કે. ધન ધન૦ ૫
ધ્યાન પારી મુનિવર ભણે, રાય કાં હણે રે હરિણાદિક જીવ કે;
નિરઅપરાધી જે બાપડાં, પાડતા રે દુઃખીયા બહુ ચીસ કે. ધન ધન૦ ૬
હય ગય રથ પાયક વલી, ધન કામિની રે કારમું, સવિ જાણે કે;
ધર્મ જ એકસાચો અ છે, એમ નિસુણી રે, તેહ સંજય રાણ કે. ધન ધન૦ ૭
ગર્દ ભાળી પાસે લીએ, જિન દીક્ષા રે સંસારી સાર કે;
ગુરૂ આદેશે અનુક્રમે, પૂહવી તલે રે કરે ઉગ્ર વિહાર કે. ધન ધન૦ ૮
માર્ગે એક મુનિવર મલ્યા, તેહ સાથે રે કરે ધર્મ વિચાર કે;
જીનદીક્ષા પામી તર્યા, ભરતેશ્વર રે ચક્રી સનત્ કુમાર કે. ધન ધન૦ ૯
સગર મઘવ સંતિઅરો, કુંથુ પદ્મ અને હરિસેણ નરિંદ કે;
જય ચક્રી નગઈ નમિ, કરકંડુ રે દોમૂહ મુણિચંદ કે ધન ધન૦ ૧૦
મહાબલ રાય ઉદાયણે, વળી રાજા રે દશાર્ણ ભદ્ર કે;
નાણ ક્રિયા પોતે કહી, એતો તરીયા રે સંસાર સમુદ્ર કે. ધન ધન૦ ૧૧
વિજયદેવ સૂરીશ્વર, પટ્ટોધર રે વિજય સિંહ ગુણખાણ કે;
ઉદય વિજય કહે એ કહ્યો, અધ્યયને રે અઢારમેં જાણ કે. ધન ધન૦ ૧૨

## ૯૫
## આત્મોપદેશની સજ્ઝાય

હું તો પ્રણમું સદ્ગુરૂ રાયા રે, માતા સરસ્વતીના વંદુ પાયા રે;
હું તો ગાઉં આતમ રાયા, જીવનજી બારણે મત જાજો રે;
તુમે ઘેર બેઠા કમાવો ચેતનજી; બારણે મત જાજો રે. ૧
તાહરે બાહિર દુર્મતિ રાણી રે, કહેતાં શું કુમતિ કહે વાણી રે;
તુંને ભોલવી બાંધશે તાણી રે, જીવનજી બારણે મત જાજો રે. ૨
તાહરાં ઘરમાં છે ત્રણ રત્ન રે, તેનું કરજે તું જતન રે;
એ અખુટ ખજાનો છે ધન્ન રે, જીવનજી. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તાહરા ઘરમાં પેઠા છે ધુતારા રે, તેને કાઢો રે પ્રીતમ પ્યારા રે;
એથી રહોને તુમે ન્યારા. જીવનજી. ૪
સત્તાવનને કાંઢો ઘરમાંથી રે, ત્રેવીશને કહો જાય ઇહાંથી રે;
પછી અનુભવ જાગશે માંહેથી. જીવનજી. ૫
સોલ કષાયને દીઓ શીખ રે, અઢાર પાપસ્થાનકને મંગાવો ભીખ રે;
પછી આઠ કર્મની શી બીક જીવનજી. ૬
ચારને કરો ચકચૂર રે, પાંચમી હું થાઉં હજૂર રે;
પછી પ્રભો આનંદ ભરપૂર રે, જીવનજી. ૭
વિવેક દીવે કરો અજુવાલો રે, મિથ્યાત્વ અંધકારને ટાળો રે;
પછી અનુભવ સાથે માણો રે. જીવનજી. ૮
સુમતી સાહેલી શું ખેલો રે, દુર્મતિનો છેડો મેલો રે;
પછી પામે મુક્તિ ગઢ હેલો રે. જીવનજી. ૯
મમતાને કેમ ન મારો રે, જીતી બાજી કાંઇ હારો રે;
કેમ પામો ભવનો પારો રે. જીવનજી ૧૦
શુદ્ધ દેવ ગુરૂ સુપસાય રે, મારો જીવ આવે કાંય ઠાય રે;
પછી આનંદઘન મય જાય રે. જીવનજી. ૧૧

## ૯૬
## શીયલની ચુનડીની સજ્ઝાય

રે જીવ વિષય નિવારીએ, નારી ઉપર શો નેહો રે;
મુજ મૃગાલ તણી પરે, ઝટક દેખાવે છેહો રે. રે જીવ૦ ૧
ષટ્ ખંડ કેરો રાજીયો, આપ તણો અંગ જોતો રે;
ચૂલણી ચૂકી મારવા, અવર કહું કિસી વાતો રે. રે જીવ૦ ૨
જન્મ લગે જે વ્હાલી, સૂરીકંતા નારો રે;
કંઠે ડસ્યો અંગુઠડો, માર્યો નિજ ભરતારો રે. રે જીવ૦ ૩
ચંદ્રવદની મૃગાલોચની, ચાલતી ગજ ગેલો રે;
રૂપે દિસે રૂયડી, પણ તે વિષની વેલો રે. રે જીવ૦ ૪
વિષયારસ વિષ વેલડી, શેલડી સેવો ચંગો રે;
પંડિત જનને ભોળવે, ક્ષણમાં ભાંગે ભંગો રે. રે જીવ૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નારી વિષય વિણાસીયો, દશમાં કંધર દશ શિષો રે;
રાજ રમણી હારી કરી, નરક પડયો નિશદિશો રે. રે જીવ૦ ૬
એક ઇંદ્રિય પરવશપણે, બંધન પામે જીવો રે;
મયગળ મોહ્યો હાથણી, બંધ પડયો કરે રીવો રે. રે જીવ૦ ૭
મધુકર મોહ્યો માલતી, લેવા પરિમલ પૂરો રે;
કમળ મિલંતે માંહી રહ્યો, જબ આથમીયો સૂરો રે. રે જીવ૦ ૮
દીપ શિખા દેખી કરી, રૂપે મોહ્યો પતંગો રે;
સોના કારણ લોભીયો, હોમે આપણો અંગો રે. રે જીવ૦ ૯
નાદ વિનોદે વિંધીયો, હરણ હણ્યો નિજ બાણો રે;
રસના ફરસે માછલો, બાંધ્યો ધીવર જાળો રે. રે જીવ૦ ૧૦
પંડિત શિયળ વિજય તણો, શિષ્ય દિયે આશિષો રે;
શીયલ સુરંગી ચુનડી, તે સેવો નિશ દિશો રે. રે જીવ૦ ૧૧

## ૯૭
## અંધેરી નગરીની સજ્ઝાય

અજ્ઞાન મહા અંધેર નગરે, જેહની નહિ ઓહિ રે;
મિથ્યાત્વ મંદિર મોહ મહાનિશી, પ્રર્યંક તિહાં પ્રમાદ રે.
જીવ જાગ તું ગઇ રાતલડી ભગવંત ઉગ્યો ભાણુ રે. ૧
ગતિ ચાર તે ઇશ ઉપલાં, કષાય પાઇયા ચાર રે;
ભ્રાંતિ ભરડી સભર ભરીયો, વાણુ વેદ વિચાર રે. જીવ જાગ૦ ૨
તૃષ્ણા તળાઇ પાથરી રે, ગોદડાં મહા ગર્વ રે;
ગતિ ભંગ ગાલમ સુરીઆં, તે સજાયાં કુમને સર્વ રે. જીવ જાગ૦ ૩
રોશનાઇ બની રાગની તે, અષ્ટ મદ ઉલ્લોચરે;
પડયો ન પાસુ પાલટી, સહુ તજવા તેં સંકોચ રે. જીવ જાગ૦ ૪
ચોરાશી લખ સુપન બાંધ્યાં, ફરી ફરી બહુ વાર રે;
કુમતિ વાર્યો બકે બહુવિધ, હજુ ન આવ્યો પાર રે. જીવ જાગ૦ ૫
સ્નેહ સાંકળે સાંકલ્યો, મોહની મંદિરા પાન રે;
સુતો પણ નવિ સળવળે, નહિ શુદ્ધ સુમતિને સાન રે. જીવ જાગ૦ ૬
ઉંઘ તિહાં વસી આપદા ને, જાગી તિહાં વસી જોષ રે;
કુટુંબ મેળા કરીયો જીમ, ગગન વાદળ ગોષ રે. જીવ જાગ૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હર્ષને રહ્યો શોક હેરી, સંયોગ ને વિયોગ રે;
ભોગ ભવની ભાસકિની, રૂપ તિહાં બહુ રોગ રે. જીવ જાગ૦ ૮
આખરી જાવું એકલાને, કોઈ ન આવે કેડિ રે;
વ્હાલાં વળાવી વળીયાં પાછાં, નહિ નેહ ને નિમેડી રે. જીવ જાગ૦ ૯
જિન વયણે નર જાગીયા, તે પામ્યા પરમ કલ્યાણ રે;
જંબૂ આદિ જોઇ લેજો, જગમાં જોડુ રે જાણ રે. જીવ જાગ૦ ૧૦
ભવ્યને ઉપદેશ ભાંખી, ઉદયરત્ન ઉવજ્ઝાય રે;
સાર શ્રી જિનવચને છે જેની, મુક્તિ જેહથી થાય રે. જીવ જાગ૦ ૧૧

## ૯૮
## ઇરિયાવહિની સજ્ઝાય

( જીન જન્મ્યાજી જીનવેલા જનની ઘરે )

મનશુદ્ધે રે, ઇરિયા વહિ ભલી પડિક્કમો,
ચોરાશી લખરે, જીવાયોથી સાથે ખમો;
કરો મૈત્રી રે; સમતા રસ માંહિ રમો.;
ચઉ ગતિમાં રે, જિમ ભવિયાં તુમે નવી ભમો. ૧

નવિ ભમો જીમ સંસાર માંહિ, સકલ સુખને અનુસરો,
મિચ્છામિ દુક્કડં દીયે ઇણ પરે, સુગુરૂ વયણા ચિત્ત ધરો;
ભૂ જલ જલણ ને વાયુ સુહુમ વણ, એ પાંચે થાવરા;
વીશ ભેદ પજ્જ અપજ્જ કહીએ, સુહુમ તિમ વલી બાદરા. ૨

ઢાલ : વણ પ્રત્યેક રે, પજ્જ અપજ્જ દુવીશ એ;
બિતિ ચઉ પજ્જ રે, અપજ્જ છક્ક અડવીશ એ;
જલ થલ ખગ રે, ઉરપરિ ભુજપરિ સપ્પએ;
પજ્જા પજ્જરે, સન્નિયર વીશ થાય એ. ૩

ત્રુટક થાપીઆ એમ પંચિંદ્રિ તિરીશું, મલી થયા અડયાલ એ;
સગ નારકીના ચૌદ પજ્જા, પજ્જ દુસયહી એમ સંભાલ એ.
તીસ અકરમ ભૂમિ પન્નર, કર્મભૂમિ વિવેક એ;
છપ્પન અંતર દ્વીપ નરના, ખિત્ત એક શત એક એ. ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

**ઢાલ :** પજ્જા પજ્જરે, સન્નિ બિસત બિહુ આગલા,
અસન્ની નર રે, અપજ્જ એકશત એક મલ્યા;
એમ ત્રણશે રે, ત્રણ અધિક નરનાં હુવાં,
હવે દેવનાં રે, કહીએ છે તે જુજુઆં. ૫

**ત્રુટક** જુજુવા પરમાધામી પનરહ, ભવણ દશ સોલ વ્યંતરા;
ચર અચર જ્યોતિષી પંચપંચહ; કીલ્બિ સીયા ત્રણ ગોબરા;
લોકાંતિક નવતિરિ જૃંભક દશ, વૈમાનિકના બાર એ,
ગ્રૈવયકા નવ પણ અનુત્તર, ભેદ નવાણું સાર એ. ૬

**ઢાલ :** પજ્જત્તા રે, અપજ્જત્તા ભેદે કરી;
અઠ્ઠાણું રે અધિકા એ શત ઉપરિ;
સવી મળી ને રે, પંચસયા ત્રેસઠ થયા;
જીલ ભેદા રે; એગિંદિયાદિ પદે લહ્યા. ૭

**ત્રુટક** લહ્યા એહના ભેદથી જે, મિચ્છામિ દુક્કડં અ છે,
અભિહયાદિક પદે દશ ગુણા, કરો જિમ ભવિ મન રૂચે;
પંચ સહસ ષટ્ શતક ઉપરિ; ત્રીશ અધિક સોહામણા,
એ ચાર સહસ બસે સાઠ હોવે, રાગ દ્વેષે તે ગણ્યા. ૮

**ઢાલ :** વલી ત્રિગુણા રે, મન વચ કાય થકી ગુણો,
તેત્રીશ સહસ રે, સાત સયા એંશી ભણો;
કરણાદિકે રે, ત્રિગુણ એક લખ જાણીએ;
સહસ એક જ રે, તીનસે ચાલીશ જાણીયે. ૯

**ત્રુટક :** જાણીયે સંપ્રતિ અતીત અનાગત, કાલે ત્રિગુણા કીજીયે;
લખ તીન ઉપર ચાર સહસા, વીશ અધિકા લીજીયે;
અરિહંત સિદ્ધ સુ સાહુ આતમ; દેવગુરૂ સાંખે કરી,
ષટ્ગુણા કરતાં જેહ હોયે, તે સુણો હૃદયે ધરી. ૧૦

**ઢાલ :** લખ અડદશ રે, ચોવીસ સહસા ઉપરી,
વીશ અધિકા રે, એક શત સવી મલી કરી;
મિચ્છામિ દુક્કડં રે, એતા ભાવ ધરી દીઓ,
બહુ વિધ વલી રે, ભેદ થાયે છે તે જુઓ. ૧૧

**ત્રુટક :** જુઓ ને વલી અવર ગ્રંથે, કયાં ષટ્ગુણને છતાં,
દ્રવ્ય ક્ષેત્ર કાળ ને ભાવ ભેલી, જાણતાં અજાણતાં;
એક કોડી નવ લખ, સહસ ચૌંઆલીસ;
સાત શયને વીશ એ, ઇરિયાવહિનો અર્થ ભાવે લહે તે સુજગીશએ. ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાલ : નવાણું રે, એક શત અક્ષર એહના,
આઠ સંપદા રે, ચોવીશ ગુરૂ છે જેહના;
ઇચ્છામિ રે, પડિક્કમિઉં ધુરિ જાણીયે;
ઠામિ કાઉસ્સગ્ગ રે, અંતિમ પદ એ આણીયે. ૧૩

ત્રુટક : જાણીયે વિણ શુદ્ધ કિરીયા વિધિ સઘલો સફલો નહિ;
અયમુત્તોમુનિ મૃગાવતી સાધ્વી, પ્રમુખ બહુ શીવગતિ લહી;
તે જાણી યતના કરો સૂધી, સયલ સંપત્તિ જિમ લહે;
કવિરાજ શ્રી ધીરવિમલ સેવક, નયવિમળ કવિ ઇમ કહે. ૧૪

## ૯૯
## મહાવીર નિર્વાણની સજ્ઝાય

આધારજ હુંતો રે, એક મુને તાહરો રે; હવે કુણ કરશે રે સાર;
પ્રીતલડી હુંતી રે પહેલા ભવ તણીરે, તે કિમ વિસરી રે જાય. આધા૦ ૧
મુજને મેલ્યો રે ટળવળતો ઇહાં રે, નથી કોઇ આંસુ લુંછણ હાર;
ગૌતમ કહીને રે કુણ બોલાવશે રે; કોણ કરશે મોરી સાર. આધા૦ ૨
અંતર જામી રે અણઘટતું કર્યું રે, મુજને મોકલીઓ ગામ;
અંત કાલે રે હું સમજ્યો નહિ રે, જે છેહ દેશે મુજ આમ. આધા૦ ૩
ગઇ હવે શોભા રે ભરતના લોકની રે, હું અજ્ઞાની રહ્યો છું આજ;
કુમતી મિથ્યાત્વીરે જિમ જિમ બોલશે રે, કુણ રાખશે માહરી લાજ. આધા૦ ૪
વલી શૂલ પાણી રે, અજ્ઞાની ઘણો રે, દીધું તુજને રે દુઃખ;
કરૂણા આણી રે તેહના ઉપરે રે, આપ્યું અહોળું રે સુખ. આધા૦ ૫
જે અઇમુત્તો રે બાળક આવીયો રે, રમતો જલશું રે તેહ;
કેવલ આપી રે આપ સમો કીયો રે, એવડો શ્યો તસ નેહ. આધા૦ ૬
જે તુજ ચરણે આવી ડંસીયો રે; કીધો તુજને ઉપસર્ગ;
સમતા વાલી રે, તે ચંડકોસીયો રે, પામ્યો આઠમું રે સ્વર્ગ. આધા૦ ૭
ચંદન બાળા રે અડદના બાકુલારે, પડિલાભ્યા તુમને સ્વામ;
તેહને કીધી રે સાહુણી વડી રે, પહોંચાડી શિવ ધામ. આધા૦ ૮
દિન બ્યાસીનાં રે માત પિતા હુવા રે; બ્રાહ્મણ બ્રાહ્મણી દોય;
શિવપુર સંગી રે તેહને તેં કર્યા રે, મિથ્યામલ તસ ધોય. આધા૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org




गौतम स्वामी

जैन ट्रान्सपोर्ट वाला हस्ते प्रताप भाई - हैद्राबाद

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## गौतम स्वामि विलाप

१. गौतमस्वामि चरमशासनपति महावीर देव के प्रथम शिष्य थे।
साथ साथ परमात्मा प्रति अवीहड भक्ति राग था
निर्मल ज्ञानसे परमात्मा मोक्ष समय नजदीक हुअे देखकर
गौतमस्वामि को देवशर्मा को प्रतिबोध के लिये भेजे।

२. ईधर परमात्माने अपापापूरिमे हस्तिपालराजाकी सभामे नवमल्ली और नवलच्छि देश अेसे अठारह देश के राजन् निर्जल छठ्ठ तपके साथ पौषध लेके १६ प्रहरकी देशना सुणने कु बैठे, ६४ इन्द करोडा देवात्माओ आदि १२ पर्षदा के सामने अखंडाधार देशना दीये, और दिपावलि के दिन निर्वाण पाया।

३. गौतमस्वामि यह खेदप्रद समाचार वापिस लौटते समय रास्ते मे. देवोका आवागमन, शोकातुरता, आंसुपरिपूर्ण नयन देखते ही मालुमात हो चुकी।

४. तब हा...! वीर बोलते ही गिर पडे एसा वज्राघात समाचार आकुल व्याकुल हो गये,

बेशुध्दी दशामे से जब ऊठे तब हे वीर...हे वीर..चिल्लाता हुआ।

विलाप करने लगे ... ... ...

और अत्यंत रुदन करता हुआ बोल रहा है।

हा...हा...वीर तेशुं कीधु।

वह ऊनका विलापकी सादशतम् प्रतिकृति से विशेष ज्ञात होंगा. ॥

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અર્જુન માલી રે જે હતા પાતકી રે, મનુષ્યનો કરતો સંહાર;
તે પાપી ને પ્રભુ તમે ઉધ્ધર્યો રે, કરી તેહ શું સુપસાય. આધા૦ ૧૦
જે જલચારી રે હું તો દેડકો રે, તે તુમ ધ્યાન સુહાય;
સોહમ વાસી રે તે સુરવર કીધો રે, સમકિત કેરે સુપસાય. આધા૦ ૧૧
અધમ ઉધર્યા રે, એહવા તેં ઘણા રે, કહુ તસ કેતા રે નામ;
માહરે તાહરા નામનો આશરો રે; તે મુજ ફલશે રે કામ. આધા૦ ૧૨
હવે મેં જાણ્યું રે પદ વીતરાગનું રે, જો તેં ન ધર્યો રે રાગ;
રાગ ગયેથી ગુણ પ્રગટયા સવે રે તે તુજ વાણી મહાભાગ. આધા૦ ૧૩
સંવેગ રંગી રે ક્ષપક શ્રેણે ચડયા રે, કરતા ગુણનો જમાવ;
કેવલ પામ્યા રે, લોકાલોકના રે, દેખે સઘલા રે ભાવ. આધા૦ ૧૪
ઇંદ્રે આવી રે જિનપદ થાપીયા રે, દેશના દીયે અમૃતધાર;
પર્ષદા બોધી રે, આતમ રંગથી રે, વરીયા શિવપદ સાર. આધા૦ ૧૫

## ૧૦૦
## કલાવતીની સજ્ઝાય

નગરી કૌશાંબીનો રાજા કહીએ, નામે જય સંગ રાય;
બેન ભણી જેણે બેરખા મોકલ્યા, કરમે ભાઈ કહેવાય રે,
કલાવતી સતી રે શિરોમણી નાર. ૧
પહેલી તે રયણી રાજા મોહોલે પધાર્યા, પૂછે બેરખાની ભાલ;
કેને સ્વામી મને બેરખા ઘડાવ્યાં, તું નથી શીયલવતી નાર રે. કલાવતી૦ ૨
બીજી તે રયણીએ રાજા મોહોલે પધાર્યા, પૂછે બેરખાની વાત;
કહોને કોણે તમને બેરખા ઘડાવ્યાં, તું નથી શીયલવતી નાર રે. કલાવતી૦ ૩
ઘણું જીવો રે જેણે બેરખા ઘડાવ્યાં, અવસર આવ્યા એહ;
અવસર જાણી જેણે બેરખાં મોકલાવ્યા, તે મેં પહેર્યાં છે એહ રે. કલાવતી૦ ૪
મારે મન એહ ને હું તેહને મન, તેણે મોકલીયા એહ;
રાત દિવસ નવિ વિસરે, દીઠે હરખ ન છેહ રે. કલાવતી૦ ૫
એણે અવસર રાજા રોષે ભરાણો, તેડાવ્યા સુભટ બે ચાર;
સૂકી નદીમાં છેદન કરી કર, લેઈ આવો આ વાર રે. કલાવતી૦ ૬
બેરખા વાંચીને રાજા મનમાં વિમાશે, મેં કીધો અપરાધ;
વિણ અપરાધે મેં છેદન કરાવ્યાં, તે મેં કીધી વિરોધ રે. કલાવતી૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એણે અવસર રાજા ધાન ન ખાએ, તેડાવ્યા રાય બે ચાર;
રાત દિવસ રાજા મનમાં વિમાશે, જો આવે શીયલવતી નાર રે. કલાવતી૦ ૮
સૂકાં સરોવર લહેરે રે જાય, વૃક્ષ નવપલ્લવ થાય;
કર નવા આવે બેટાને ધવરાવે, તેને શીયલતણો સુપસાય રે. કલાવતી૦ ૯
એણે અવસર મહાવીરજી પધાર્યા, પૂછે પૂર્વ ભવની વાત;
શા શા અપરાધ મેં કીધા, પ્રભુજી તે મુજને કહો જાત રે. કલાવતી૦ ૧૦
તું રે હતી બાઇ રાજાની કુંવરી, એ સુડો પંખી જાણુ;
સહેજે સહેજે તે સુડાની પાંખજ, ભાંગી તારે બાણુ રે. કલાવતી૦ ૧૧
તમે તમારી વસ્તુ સંભાલો, મારે સંયમ કેરા ભાવ;
દીક્ષા લેઈશું મહાવીરજીની પાસે, પામશું મુગતિનું નાવ રે. કલાવતી૦ ૧૨
પુત્ર હતો તે રાજાને સોંપ્યો, પોતે લીધો સંયમ ભાર;
હીરવિજય ગુરૂ એણીપરે બોલે, આવાગમન નિવાર રે. કલાવતી૦ ૧૩

## ૧૦૧
## કોણિકની સજ્ઝાય

ક્રિયા રે ભવનું વૈર કપુત આતે વાળ્યું, તારા જનકને પિંજર નાંખી;
પેટજ મારૂં બાળ્યું રે. ક્રિયા૦ ૧
આવું કરતાં તુજને પાપી, લાજ ન આવી કાંઈ;
બુદ્ધિ કુબુદ્ધિ તેં ઉપજાવી રાજ્ય લોભે લલચાઈ રે. ક્રિયા૦ ૨
ગર્ભે આવ્યો તું મુજ જ્યારે, તેની શું વાત જ કહેવી;
તુજ પિતાનું માંસજ માંગ્યું, બુદ્ધિ તેં એવી કીધી રે. ક્રિયા૦ ૩
પાપીષ્ઠ તારો જનમ થાતાં, રીસ ચઢેલ અપારી રે;
ઉકરડે તુજને નંખાવ્યો, દુષ્ટ પુત્ર મેં ધારી રે. ક્રિયા૦ ૪
શ્રેણીક રાયે વાત જ જાણી, તુર્ત તુને મંગાવ્યો;
પુત્ર પ્રતિ અતિ હેત જ આણી, અતિ તને હુલરાવ્યો રે. ક્રિયા૦ ૫
સ્નેહ આવો તુજ ઉપર રાખ્યો, ત્યારે આવું કીધું;
ફીટ ફીટ હો પાપીષ્ઠ તુજને, કલંક કુળને દીધું રે. ક્રિયા૦ ૬
આવું સમજી મેં તો તુજને, પહેલા ફેંકી દીધો;
તુજ પિતાએ સ્નેહે તુજને, તોએ મોટો કીધો રે. ક્રિયા૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હર્ષ ધરે શું તું મુજ પાસે, તાત ને પીંજર નાખી;
લાજી મરૂં છું તુજ થકી હું, વાત સુણતાં આખી રે. ક્રિયા૦ ૮
નિજ પિતાનો સ્નેહ ન જાણ્યો, રાજ લેવાને ધાયો રે;
સ્વાર્થ થકી તેં જગમાં પાપી, અપયશ અધિકો પાયો રે. ક્રિયા૦ ૯
દુષ્ટ દુર્મુખ તું જા અહિંયાથી, શું તુજ મુખ બતાવે;
અપકૃત્યો સહું તારાં દેખી, દુઃખ જ મુજને થાએ રે. ક્રિયા૦ ૧૦
અપ્રિય વાચા સુણી માતાની, કોણીક ત્યાંથી જાએ;
કરવા બંધન મુક્ત પિતાને, દોડતો તે તો આવે રે. ક્રિયા૦ ૧૧
આવતો પાસે પુત્ર જ દેખી, શ્રેણીક મનમાં બીતો;
તાલકુટ મુદ્રિકા મુખે, ચૂસી કાળજ કીધો રે. ક્રિયા૦ ૧૨
સ્વાર્થ જુઓ આ દુનિયાકેરો કોઈ તણું નવ કોઈ;
હર્ષથી મન શોધો સુખને, જગની રચના જોઈ રે. ક્રિયા૦ ૧૩

## ૧૦૨
## પ્રતિક્રમણની સજઝાય

ગૌતમ પૂછે શ્રી મહાવીર ને રે, ભાખો પ્રભુજી સંબંધ રે;
પડિક્કમણું કરતાં પ્રભુ શું ફલ પામીએ રે, શું શું થાએ પ્રાણીને બંધ રે. ૧
સાંભળ ગૌતમ તે કહું રે, પડિક્કમણું કરતા ફળ થાય રે;
તેથી ઉત્તરોત્તર સુખ ભોગવી રે, અનુક્રમે શિવપુર જાય રે. ૨
ઈચ્છા પડિક્કમણું કરીને પામીએ રે, થાય પ્રાણીને પુન્યબંધ રે;
પુણ્યની કરણી જે ઉવેખશે, પરભવ થાયે અંધોઅંધ રે. ૩
પાંચ હજાર ઉપર પાંચશે રે, દ્રવ્ય ખરચી લખાવે જેહ રે;
જીવા ભગવઈ પન્નવણાસૂત્રને રે, મૂકે ભંડારે પૂન્ય થાય રે. ૪
પાંચ હજાર ઉપર પાંચશે રે, ગાયો ગર્ભવતી જેહ રે;
તેને અભયદાન દેતાં થતાં રે, મુહપત્તિ આપ્યાનું ફળ એહ રે. ૫
દશ હજાર ગાયો ગોકુળ તણી રે, અકેકું દશ હજાર પ્રમાણ રે;
તેને અભયદાન દેતાં થકાં રે, ઉપજે પ્રાણીને નિરવાણ રે. ૬
તેથી અધિકું ઉત્તમ ફળ પામીએ રે, પરને ઉપદેશ દીધાનું જાણ રે;
ઉપદેશ થકી સંસારી તરે રે, ઉપદેશ પામે પરિમલ નાણ રે. ૭
શ્રી જીન મંદિર અભિનવ શોભતા રે, સહસ પચીસ શિખર કરાવે જેહ રે;
એકેકુ મંડપ બાવન ચૈત્યનું રે, ચરવલો આપ્યાનું ફળ એહ રે. ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માસક્ષમણની તપસ્યા કરે રે, અથવા પન્નર કરાવે જેહ રે;
એહવા કોડ પન્નર કરતાં થકાં રે, કાંબલીયું આપ્યાનું ફલ એહ રે. ૯
સહસ અઠયાશી દાન શાલા તણાં, ઉપજે પ્રાણીને પુન્યનો બંધ રે;
તેહ થકી સંઘ ગુરૂને વંદણા કરીને, થાયે પ્રાણીને પુન્યનો બંધ રે. ૧૦
શ્રી જીન પ્રતિમા સોવનમય શોભતાં રે, સહસ અઠયાશી પ્રમાણ રે;
એકેકી પ્રતિમા પાંચસે ધનુષની રે, ઇરિયાવહિ પડિક્કમતાં જાણ રે. ૧૧
આવશ્યક સૂત્રની રૂજુગતિ સૂત્રમાંરે, ભાખ્યો ગુરૂ પ્રતિક્રમણનો સંબંધરે;
જીવાભિગમ રૂજુગતિ જાણ રે, સ્વયં મુખે ભાખે શ્રી વીર જીણંદ રે. ૧૨
વાચક યશ કહે શ્રદ્ધા ધરે રે, પાલે શુદ્ધ પડિક્કમણાનો વહેવાર રે;
અનુત્તર સમસુખ પામે મોટકાં રે, ભવિજન પામશે ભવનો પાર રે. ૧૩

## ૧૦૩
## ગર્ભબહોંતેરીની સજ્ઝાય

ઉત્પતિ જો આપણી, મનમાંહી વિમાસ;
ગરભાવાસે જીવડો, વસિયો નવ માસ. ૧
નારી તણી નાભી તલે, જીન વચને જોય;
ફુલ તણી જિમ નાવીકા, તેમ નાડી છે દોય. ૨
તસુ તલે યોનિ કહી; વણ ફુલ સમાન;
અંબ તણી માંજર જિશો, તિહા માંસ પ્રધાન. ૩
રૂધિર સ્રવે તિણ ઠામથી, ઋતુકાલ સદૈવ;
રૂધિર શુક્ર યોગે કરી, તિહાં ઉપજે જીવ. ૪
જે અપાવન પવને કહી, વાસિત દુર્ગંધ;
તિણે થાનક તું ઉપન્યો, હવે હુઓ મહાંધ. ૫
નાલી વાંસ તણી ઘણું, ભરીયે રૂધાલ;
તાત લોહ શિલાકતે, જાલે તત્કાલ. ૬
તિમ મહિલાની યોનીમાં, નવ લાખ જીવ;
પુરૂષ પ્રસંગે તે સહું, મરી જાય સદૈવ. ૭
ઊપજે નરનારી મળ્યે, પંચેન્દ્રિ જેહ;
તેહ તણી સંખ્યા નહી, તજો કારજ એહ. ૮
નવલાખ જીવ ટકે તિહાં, ઉત્કૃષ્ટી વાર;
જીવ જઘન્ય પણે ટકે, એક દો ત્રણ ચાર. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીવ જઘન્ય તિહાં રહે, મુહુરત પરિમાણ;
બાર વરસની સ્થિતિ તિહાં, ઉત્કૃષ્ટી જાણ. ૧૦
તિણે ગરભે કોઇ જીવડો, ઇમ કહે જગદીશ;
ફરી આવે તો રહે, સંવત્સર ચોવીશ. ૧૧
મહિલા વરસ પંચાવને, કહીયે નિર્બીજ;
પંચોતેર વરસ પછે, થાય પુરૂષ અબીજ. ૧૨
જમણી કુખે નર વસે, તિમ ડાબે નાર;
વચ્ચે નપુંસક જાણીએ, જિન વચને વિચાર. ૧૩
હવે સામાન્ય પણે ઇહાં, આવ્યો ગર્ભા વાસ;
સાત દિવસ ઉપર રહે, નર ગતિ નવ માસ. ૧૪
આઠ વરસ તિર્યંચ રહે, ઉત્કૃષ્ટો કાલ;
ગર્ભાવાસે ભોગવ્યો, ઇમ બહુ જંજાલ. ૧૫
કાર્મણ કાયે કરી લીયો, પહિલો તે આહાર;
શુક્ર અને શોણીત તણો, નહી જુઠ લગાર. ૧૬
પર્યાપ્તિ પૂરી નહી, તિહાં વિસવા વીશ;
તિણે આહારે એ તનુ થયો, ઔદારિક અરૂ મિશ્ર. ૧૭
પવન આવે ઉદર થકી, ઉપજાવે અંગ;
અગ્નિ કરે થિર તેહને, જલ સરસ સુરંગ. ૧૮
કઠિન પણું પૃથવી રચે, અવગાહ આકાશ;
પાંચે ભૂત શરીરને, એમ કહે પ્રકાશ. ૧૯
બાર મુહુર્ત ઋતુ પછે, વિલસે નરનાર;
ગર્ભ તણી ઉત્પત્તિ તિહાં, નહી અવર પ્રકાર. ૨૦
કલિલ હુએ દિન સાતમે, અરબુદ દિન સાત;
અરબુદથી પેશી વધે, ઘન માંસ કહાત. ૨૧
માંસ તણી ગોટી હુવે, અડતાલીશ ટાંક;
પ્રથમ માસે જીનવર કહે, મન મ ધરો શંક. ૨૨
રૂધિર માંસ બીજે હુવે, હવે ત્રીજે માસ;
કર્મ તણે યોગે કરી, માતા મન આશ. ૨૩
ચોથે માસે માતનાં, પરિણમે સહુ અંગ;
હાથ અને પગ પાંચમે, તિમ મસ્તક ચંગ. ૨૪
પિત્ત રૂધિર છઠ્ઠે પડે, સાતમે ઈમ સંચ;
નવધમની નસ સાતમે, પેસી સય પંચ. ૨૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રોમરાઈ પણ સાતમે, સાડીતીન ક્રોડ;
ઉપજે ઉણા કેટલે, ઇમ આગમ જોડ. ૨૬
આઠમે માસે નીપજ્યું, એમ સકલ શરીર;
ઉંધે શિર વેદન સહે, જંપે જીન વીર. ૨૭
શોણીત શુક્ર સંલેષમાં, લઘુ ને વડી નીત;
વાત પિત્ત કફ ગર્ભ મેં, એ થાયે ઇમ રીત. ૨૮
માય તણી હુંટી લગે, બાલકની નાલ;
રસ આહાર તણો તિહાં, આવે તતકાલ. ૨૯
જનની લહે આહારને, જાયે નાડો નાડ;
રોમ ઇંદ્રિ નખ ચક્ષુ વધે, તિમ મજ્જા ને હાડ. ૩૦
સવિ હું અંગે ઉલસે, સર્વાંગે આહાર;
કવલ આહાર કરે નહિ, ગર્ભે ઇશો વિચાર. ૩૧
તે ગર્ભે કિણે જીવને, થાય જ્ઞાન વિભંગ;
અથવા અવધિ કહી જીને, તિણે જ્ઞાન પ્રસંગ. ૩૨
કટક કરી વકીય પણે, ઝુઝી નરકે જાય;
કો જિન વચન સુણી કરી, મરી સુર પણ થાય. ૩૩
ઉંધે મુખે ગુડા હોયે, સહેતો બહુ પીડ;
દૃષ્ટિ આગલ બિહું હાથશું, રહી મુઠી ભીડ. ૩૪
નરવિણ વસ્ત્ર જલાદિકે, ઊપજે ઉધાન;
અથવા બિહુ નારી મલ્યાં, કહયા ગર્ભવિધાન. ૩૫
કોઈ ઉત્તમ ચિંતવે, દેખી દુઃખ રાશ;
પુણ્ય કરૂં પરો નીકલી, નાવું ગર્ભા વાસ. ૩૬
ઉઠ કોડી સુઈ અંગમાં, કોઇ ચાંપે સમકાલ;
તિણથી ગર્ભમાં આઠ ગુણી, સહે વેદના બાલ. ૩૭
માતા ભૂખી ભૂખીયો, સુખિણી સુખ થાય;
માતા સુવે તે સુવે, પરવશ દિન જાય. ૩૮
ગર્ભથકી દુઃખ લખ ગણું, જનમે તિણી વાર;
જનમ થયો દુઃખ વિસર્યું ધિગ્ મોહ વિકાર. ૩૯
ઉપન્યો આયુ ચિંપણે, તિહાં મલમૂત્ર કલેશ;
પિંડ અશુચિ કરી પુરીયો, નવિ શુચિ લવલેશ. ૪૦
તરત રૂદન કરતો થકો, જનમે જિણીવાર;
માતા પયોધર મુખ ઠવે, પીવે દુધ તિવાર. ૪૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દીસે દિને દિપતો, કરે રંગ અપાર;
લાખ કોઠ માતા પિતા, પુરે સુવિચાર. ૪૨
છિદ્ર બારહ નારીને, નરનાં નવ જાય;
રાત દિવસ વહેતા રહે, એ તો ચતુર સુજાણ. ૪૩
સાત ધાતુ સાતે ત્વચા, છે સાતસેં નાડ;
નવસેં નારાં છે પિંડમાં, તિમ ત્રણસેં હાડ. ૪૪
સંધિ એકસો આઠ છે, સિત્તેરસો મર્મ;
તીન દોષ પેશી પાંચસેં, ઢાંકયા છે ચર્મ. ૪૫
રૂધિર શેર દશ દેહમેં, પેશાબ સરીષ;
શેર પાંચ ચરબી તિહાં, હોય શેર પુરીષ. ૪૬
પિત્ત ટાંક ચોસઠ છે, વીર્ય જ બત્રીશ;
ટાંક બત્રીશ શ્લેષમાં, જાણે જગદીશ. ૪૭
ઈણ પરિણામ થકી જઘન્ય, ઓછો અધિકો થાય;
વ્યાપે રોગ શરીરમેં, નવિ ચલે તવ કાય. ૪૮
પોષ્યો પહિલે દાયકે, ઇમ વાધ્યો અંગ;
ખાનપાન ભૂષણ ભલાં, કરે નવ નવ રંગ. ૪૯
હવે બીજે દશકે ભણે, વિદ્યા વિવિધ પ્રકાર;
ત્રીજે દશકે તેહને, જાગ્યો કામ વિકાર. ૫૦
જિણથાનક તું ઉપન્યો, તિણમેં મન જાય;
ચોથે દશકે ધન તણાં, કરે ક્રોડ ઉપાય. ૫૧
પહોંત્યો દશકે પાંચમે, મનમાં સસનેહ;
બેટા બેટી ને પોતરા, પરણાવે તેહ; ૫૨
છટ્ઠે દશકે પ્રાણીયો, વલી પરવશ થાય;
જરા આવી જોબન ગયું, તૃષ્ણા તોય ન જાય. ૫૩
આવ્યો દશકે સાતમેં, હવે પ્રાણી તેહ;
બળ ભાગ્યું બૂઢો થયો, નારી ન ધરે નેહ. ૫૪
આઠમે દશકે ડોસલો, ખુલીયા સહુ દાંત;
કર કંપાવે શિર ધુણે, કરે ફોકટ વાત. ૫૫
નવમે દશકે પ્રાણીયો, નવ શક્તિ ન કાય;
સાલે વચન સહુ તણાં, દિન ઝુરતાં જાય. ૫૬
ખાટ પડયો ખુખુ કરે, સુગાલી દેહ;
હાક હુકમ ચાલે નહિ, દિયે પરિજન છેહ. ૫૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આંખે ગલે બે પડલ મીલે, પડે મોઢે લાલ;
બેટા બેટી તે બહુ, ન કરે સંભાળ. ૫૮
દશમે દશકે આવીયો, તવ પૂરી આય;
પુણ્ય પાપ ફલ ભોગવી, પ્રાણી પરભવ જાય. ૫૯
દશ દષ્ટાંતે દોહિલો, લહી નરભવ સાર;
શ્રી જીન ધર્મ સમાચરે, તે પામે ભવપાર. ૬૦
તરૂણ પણે તપ જે તપે, નિર્મલ શીલ;
તે સંસાર તરી કરી, લહે અવિચલ લીલ. ૬૧
કોડી રતન કવડી સાટે, કોઈ ગમેરે સંસાર;
ધર્મ વિના એ જીવને, નહીં કોઈ આધાર. ૬૨
કાયા માયા કારમી, કારમો પરિવાર;
તન ધન જોબન કારમાં, સાચો ધર્મ સંસાર; ૬૩
ચૌદ રાજ પ્રમાણ એ, છે લોક મહંત;
જન્મ મરણ કરી ફરસીયો, જીવે વાર અનંત. ૬૪
આપ સવારથીયો સહુ, નહી કેહનો કોય;
નિજ સ્વારથ અણ પુગતાં, સુત રિપુ પણ હોય; ૬૫
જરા ન આવે જિહાં લગે; જિહાં લગે સબળ શરીર;
ધર્મ કરો જીવ તિહાં લગે, થઈ સાહસ ધીર. ૬૬
આરજ દેશ લહ્યો હવે, લાધ્યો ગુરુ સંયોગ;
અંગથકી આળસ તજો, કરો સુકૃત ચંગ. ૬૭
શ્રી નમિરાજ તણી પરે, ચેતો ચિત્ત માંહિ;
સ્વારથના સહુ કો સગા, કોઈ કોઈનું નાંહિ. ૬૮
ભોગ સંયોગ તજી સહુ, થયા જે અણગાર;
ધન ધન તસ માતા પિતા, ધન ધન અવતાર. ૬૯
સુરતરૂ સુરમણિ સરિખો, સેવો શ્રી જીન ધર્મ;
જિનથી સુખ સંપત્તિ વધે, કીજે તેહજ કર્મ. ૭૦
તંદુલવિયાલી મેં અ છે, એહનો અધિકાર;
તિણથી ઉદ્ધરી ને કહ્યો, નહી જુઠ લગાર. ૭૧

કળશ

ઈહ જિન ધર્મ વિચાર સાંભળી, લહિયે સંયમ ભાર એ;
વળી સિંહની પેરે સદા પાળે, નિયમ નિરતિ ચાર એ;
સંસારનાં સુખ સકલ ભોગવી તે લહે ભવ પાર એ;
શ્રી રત્નહર્ષ સુશિષ્ય રંગે, ઈમ કહે શ્રી સાર એ. ૭૨

## ૧૦૪
## શીલબત્રીશીની સજ્ઝાય

શ્રી નેમીસર જિનતણું જી, સમરી સુંદર નામ;
શીયલ ધર્મ મહિમા કહું જી, જોઈ શાસ્ત્ર અભિરામ. સુણો નર
શીયલ વડુ સંસાર, સૂધું શીયલ સદા ધરે જી.
ધન ધન તે નરનાર. સુણો નર ૧
શીયલે સુર સેવા કરે જી, ફણિધર હોય ફુલમાળ;
અટવી વેલા ઉલ વલીજી, શીયલે સિંહ શીયાલ. સુણો૦ ૨
દાતા નર દીસે ઘણાજી, તપ પણ તપે અનેક;
શીલ રયણ નિઃકલંકનીજી, કોઈક રાખે ટેક. સુણો૦ ૩
મહિલા મોહ્યા માનવીજી, હારે નરનું રે નામ;
ચોખા ભેળ્યા દળશું જી, હુઇ ખીચડી તામ. સુણો૦ ૪
ચોવીશી ચોવીશી માંજી, રાખ્યું શીયલજી નામ;
શકડાલ અંગ જ સ્વામીની જી, મહીયલ મોટી મામ. સુણો૦ ૫
ચોથું વ્રત લેઇ કરીજી, પછી પરણ્યા અડ નાર;
મુગતિ માનિની મન વસીજી, એક જંબૂકુમાર. સુણો૦ ૬
શુલી સિંહાસન થયુંજી, શીલે સુદર્શન શેઠ;
શિયલ વિહુણા જીવડાજી, પરઘર કરશે વેઠ. સુણો૦ ૭
શીયલ થકી સીતા સતીજી, હુઓ હુતાશન નીર;
લાજ રહી સતી દ્રૌપદીજી, કૌરવ ખેંચ્યાં ચીર. સુણો૦ ૮
કલહ કરાવણ મૂળથીજી, કુડાં ચઢાવે રે આળ;
તે નારદ શિવપદ લહેજી, મહિમા શીલ વિશાલ. સુણો૦ ૯
પરની વાત કરે ઘણાંજી, પાલે વિરલા કેવ;
કેહનું ચૂએ આંગણુંજી, કેહના ચૂએ નેવ. સુણો૦ ૧૦
નારી ઘર લાવે ઘણાજી, નાણે થોડા તે જોય;
તીર્થંકર પરણ્યા ઘણાંજી, પરણ્યા નહિ તે દોય. સુણો૦ ૧૧
શીયલ તણાં ઉપદેશડાંજી, સદ્‌ગુરૂ જંપે રે જામ;
કાકીડાની ડોક જયુંજી, શીર ધુણાવે તામ. સુણો૦ ૧૨



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જે ત્રિલોક કંટક કહ્યોજી, જસ વિસમો ગઢ લંક;
પરનારીથી તે થયોજી, રાણો રાવણ રંક. સુણો૦ ૧૩
અષ્ટોત્તર સો ખુદ્ધડીજી, રાણે તણે રે કપાલ;
સહસ વિદ્યા નાસી ગઇજી, શીયલ વિના સમકાલ. સુણો૦ ૧૪
આપણું પણ ધૂળે મળેજી, નિજ કુલ નાખે રે છાર;
પગ પગ માથા ઢાંકણુંજી, જીવી સેવી નરનાર. સુણો૦ ૧૫
ચૌટે બેઠા બાપડાજી, પરનારી નિરખંત;
વિણ ખાધાં વિણ ભોગવ્યાંજી, ફોગટ પાપ કરંત. સુણો૦ ૧૬
નિપટ નિર્લજ નારીશુંજી, જે નર નેહ ધરંત;
સુકાં હાડ તે શ્વાન જ્યુંજી, લાળે પેટ ભરંત. સુણો૦ ૧૭
સાહમી નારી આવતીજી, દેખી દૂરે રે છંડ;
વાઘણુની જિન ભય લહીજી, આપણ ખસીયે મંડ. સુણો૦ ૧૮
રાને ઋષિવર રોળવ્યાજી, નારી નમાવ્યા રે દેવ;
નગ્ન કરી નચાવ્યોજી, નારીયે મહાદેવ. સુણો૦ ૧૯
વિમલાચલ તિરથ વડુંજી, મંત્ર વડો નવકાર;
ગણધરમાં ગૌતમ વડાજી, દાતામાં જલ ધાર. સુણો૦ ૨૦
ગ્રહ ગણુમાં જિમ ચંદ્રમાંજી, તેજવંત માંહિ ભાણ;
તરૂમાંહે સુરતરૂ વડોજી, વાહણમાં કેકાણ. સુણો૦ ૨૧
ભરતેસર ભૂપતિ વડોજી, ન્યાયવંત માંહે રામ;
નદીમાંહી મંદાકિનીજી, રૂપવંત માંહી કામ. સુણો૦ ૨૨
ગિરી માંહે મેરૂ વડોજી; નગરી માંહી વિનીત;
હરિ જેમ શ્વાપદમાં વડોજી; નર સોહે સુવિનીત. સુણો૦ ૨૩
નંદન વન વનમાં વડુંજી, ધાતુ માંહે સુવર્ણ;
તિમ સઘળા વ્રતમાં વડુંજી, શીયલવ્રત ધન ધન્ય. સુણો૦ ૨૪
સહસ ચોરાશી સાધુનેજી; જે ફલ પારણે દીધું;
શીયલવંત ભક્તિ કરેજી; તે તો લાભ પ્રસિદ્ધ. સુણો૦ ૨૫
શીયલે આવે સંપદાજી; નાવે દારિદ્ર દુઃખ;
શીયલ સબલ સંબલ થકીજી; ભાંજે ભાવઠ ભૂખ. સુણો૦ ૨૬
નાણું સોનૈયા તણુંજી, ખાણું કૂર કપૂર;
આણું વાહલી વહુ તણુંજી; શીલે સુખ ભરપૂર. સુણો૦ ૨૭
સોવન ભાજન ભોજનેજી, યૌવન સુગંધારે શાલ;
શાક પાક શુચિ સુખડીજી, ઘલઘલ ઘીની નાલ. સુણો૦ ૨૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘરઘર ઘોડા હાથીયાજી, ઘર ઘરણી ઘર રંગ;
શીયલે મંગલ માલિકાજી, જલથલ જંગમ ચંગ. સુણો૦ ૨૯
મોટા મંદિર માળીયાજી, બેઠા બંધવ જોડ;
જય જયકાર કરે સહુજી, ધન કણ કંચન કોડ. સુણો૦ ૩૦
શીયલે સોભાગી શિરેજી, શ્રી વિજયદેવ સૂરીંદ;
તપગચ્છ રાય પ્રશંસીયોજી, કમલ વિજય યોગીંદ. સુણો૦ ૩૧
એ બત્રીશી શીયલ તણીજી, સુણી સેવે જેહ શીલ;
ગુણ વિજય વાચક ભણેજી; તે લહેશે નિત્ય લીલ. સુણો૦ ૩૨

## ૧૦૫
## શીયલની નવ વાડની સજ્ઝાય

પ્રણમું ભાવે શારદા માય, ગૌતમ ગણધર પ્રણમી પાય;
શિયલ તણી વાડી નવ ધરો, જિમ ભવસાયર હેલાં તરો. ૧
પહેલી વાડ વસતીની ભણી, સદ્‌ગુરૂ પાસ થકી એમ સુણી;
પશુ પંડગ નારી જિહાં નહિ, સેવો ઉપાશ્રય એહવો સહી. ૨
ઉંદર મંજારીથી વિશ્વાસ, કરતાં પામે મરણનો ત્રાસ;
તિમ બ્રહ્મચારી નારી સંગ, કરતાં ન રહે શીયલ અભંગ. ૩
બીજી વાડે સ્ત્રીની કથા, શીયલવંત નર ન કરે તથા;
વિકથા પાપતણું છે મૂળ, છાંડો ત્રિવિધ ત્રિવિધ પ્રતિકૂળ. ૪
લીંબુ દીઠે દાઢ જિમ ગળે, તિમ સ્ત્રી વાતે શીયળથી ચલે,
રૂપ શણગાર વખાણે વદન, બિહું ને હૃદય દીપાવે મદન. ૫
ત્રીજી વાડ છે શય્યા તણી, આસન શયન પાટલા ભણી;
સ્ત્રી બેસી બિહું ઘડી લગે તામ, શીયલવંત ન કરે વિશ્રામ; ૬
કણકનો વાંક જાય કોળા ગંધ, પછે કિમે નવિ થાયે તસ બંધ;
તિમ સ્ત્રી આસન બેસે જેહ, શીયલ રત્ન ગુમાવે તેહ. ૭
ચોથી વાડે નયણે નયણ, ઇંદ્રિય નવિ નિરખે તે સયણ;
જો નિરખે શીલ ભંજે સહી, એહ વાત અરિહંતે કહી. ૮
સૂરજ સામું વલી વલી જોય, ચક્ષુહીન તે માનવ હોય;
તિમ નિરખે જો સ્ત્રીનું અંગ, તિમ તિમ દીપે અંગ અનંગ. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પાંચમે કુડચંતર અંતરે, શીયલવંત રહેવું નવિ કરે;
જિહાં સુણીયે સ્વર કંકણ તણો, હાવભાવ સ્ત્રીનો અતિ ઘણો. ૧૦
અગ્નિ કને કોઈ મેલે લાખ, તેહ બળીને થાયે રાખ;
હાંસુ રૂદન સુણતાં મન જાય; શીયળ રંગ નિશ્ચે ચળ થાય. ૧૧
પૂરવ ક્રીડા નવિ સંભારીયે, છઠ્ઠી વાડ સદા પાલીયે;
સંકલ્પ વિકલ્પ ન કરવો કિમે, જીમ સંસારમાંહી નવિ ભમે. ૧૨
ભારી આગ ઉપર તત્કાલ, પૂળો મૂકે ઉઠે ઝાળ;
ખાધું પીધું વિલસ્યું રમ્યું, સંભારે તો શીયલ જ ગયું. ૧૩
સાતમી વાડ હવે મન ધરો, વિગઇ લેવાનો અલ્પ જ કરો;
સરસ આહારે ઉપજે કામ; કેમ રહે ચિત્ત આપણું ઠામ. ૧૪
સન્નિપાતીને ઘી કોઈ પાય; જિમ સન્નિપાત ઘણેરો થાય;
તિમ બ્રહ્મચારી સરસું જમે, સૂતો સુહણો શીયલ જ ગમે. ૧૫
નવિ કરવો અતિ માત્ર આહાર, આહારે વધે નિંદ અપાર;
નિંદ્રામાં કુવિ કલ્પે ચડે, આઠમી વાડ થકી ખડભલે. ૧૬
શેરની હાંડી બશેર ખીચડી, ઓરે તો ફાટે તોલડી;
તિમ બ્રહ્મચારી જમે અતિ માત્ર, શીયલ ગલે ને વિણસે ગાત્ર ૧૭
ચૂંઆ ચંદન કુસુમ કપુર; સરસાં મેલે પરિમલ પૂર;
વેઢ વીંટી બહુ વેષ સંભાર; શીયલવંત ન કરે શણગાર. ૧૮
દાલિદ્રી કર ચડીઓ રતન, ધોઇ પખાલી કરે જતન;
જણ જણને દેખાડે જાય, ઉલાલી લીધું તવ રાય. ૧૯
તિમ બ્રહ્મચારી દેહ જ ધોય, સ્ત્રીને દેખી વ્હાલો હોય;
જિહાં દેખે તિહાં કરે અભિલાષ, હોયે ખંપણ લાજ ને શાખ. ૨૦
ઉપવાસ ઉણોદરી તપ જે કરે, શીયલ વ્રત સાચો મન ધરે;
મુખનો મૂકે સયલ સવાદ, ગીત વાતનો ન સુણે નાદ. ૨૧
એકલો એકલી સ્ત્રીશું વાત; ન કરે નવિ જાયે સંઘાત;
વાત કરંતા મન તસ ચળે, તપ જપ સંજમ હેલે ગળે. ૨૨
દોય પુરૂષ ન સુએ એકત્ર, ઇણી પેરે રાખે શિયલ પવિત્ર;
છ વરસ હુઆ છ માસ, પિતા ન પોઢે પુત્રી પાસ. ૨૩
સાત વરસનો પુત્ર જ થાય, તેહની પાસે ન સૂએ માય;
સઘલા જીનની એહી જ ભાષ, બે ઇંદ્રિય બોલ્યા નવ લાખ. ૨૪
પંચેન્દ્રિ નવ લાખ પ્રમાણ, મનુષ્ય સમુચ્છિંમ અસંખ્ય જાણ;
એહવી હિંસા ભોગી કરે, પાપે પિંડ સદા તે ભરે. ૨૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અગનિ ઝાલ સહેતાં સોહલી, શીયલ વાડ ધરતાં દોહીલી;
તરૂણ પણે જે તરૂણી તજે, તેહની સેવા સુરનર ભજે. ૨૬
ઇમ નવ વાડે શીયલ પાલશે, મનુષ્ય જનમ તે અજવાળશે;
વિજય ભદ્ર શિખામણ કરે, ગર્ભાવાસમાં નહિ અવતરે. ૨૭

## ૧૦૬
## શરીરના ગર્વની સજ્ઝાય

ગર્વ ન કરશો રે ગાત્રનો, આખર એ છે અસાર રે;
રાખ્યું કોઈનું નવિ રહે, કર્મ ન ફરે કિરતાર રે.
ગર્વ ન કરશો રે ગાત્રનો. ગર્વ૦ ૧
સડણ પડણ વિધ્વંસણ, સહવું માટીનું ભાંડ રે;
ક્ષણમાં વાગે રે ખોખરૂં, તે કેમ રહેશે અખંડ રે. ગર્વ૦ ૨
મુખને પૂછી રે જે જમે, પાન ખાય ચૂંટીચૂંટી ડીંટ રે;
તે મુખ બંધાણા ઝાડવે, કાગ ચરકતા વિષ્ટ રે. ગર્વ૦ ૩
મુખ મરડે ને મોજે કરે; કામિની શું કરે કેળિ રે;
તે તો જઈ સુતા મશાણમાં, મોહ મમતાને મેલિ રે ગર્વ૦ ૪
દિશો દિશી બોલતાં હેજમાં, નરનારી લખ ક્રોડ રે;
તે પરભવ જઇને પોઢીયા, ધન કણ કંચન છોડ રે. ગર્વ૦ ૫
ક્રોડ ઉપાય જો કીજીયે, તો પણ નવિ રહે નેટ રે;
સજ્જન મિલી સહુ તેહને, કરે અગ્નિ ને ભેટ રે. ગર્વ૦ ૬
કૃષ્ણ સરીખો રે રાજવી, બળભદ્ર સરીખો છે વીર રે;
જંગલમાં જુઓ તેહને, તાકી માર્યું છે તીર રે. ગર્વ૦ ૭
બત્રીશ સહસ્ર અંતેઉરી, ગોવાળણી સોળ હજાર રે;
તરશે તરફડે ત્રીકમો, નહિ કોઈ પાણી પાનાર રે. ગર્વ૦ ૮
કોટી શિલા કર પર ધરી, ગિરીધારી થયા નામ રે;
બેઠા ન થવાનું તે બળે, જુઓ જુઓ કર્મના કામ રે. ગર્વ૦ ૯
જન્મતાં કેણે નવિ જાણીયા, મરતાં નહિ કોઈ રોનાર રે;
મહા અટવી માંહી એકલા, પડયા પડયા કરે પોકાર રે. ગર્વ૦ ૧૦
છબીલો છત્ર ધરાવતો, ફેરવતો ચૌદિશિ ફોજ રે;
વનમાં વાસુદેવ જઈવસ્યાં, બેસે જિહાં વનચર રોજ રે. ગર્વ૦ ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગજે બેસીને જે ગાજતો, થતી જિહાં નગારાંની હોર રે;
ઘુડ હોલા તિહાં ઘુંઘવે, સાવજ કરતાં તિહાં શોર રે. ગર્વ૦ ૧૨
જરા કુમાર જંગલ વસે, ખેલ છે તિહાં શિકાર રે;
હરિ પગે પદ્મ તે દેખીયો, મૃગની ભ્રાંતે તેણીવાર રે. ગર્વ૦ ૧૩
તીર માર્યો તેણે તાણીને, પગ તળે બળ પૂર રે;
પગ ભેદીને તે નીસર્યો, તીર પડયો જઇ દૂર રે. ગર્વ૦ ૧૪
આપ બળે ઉઠી ને કહે, રે રે હું તો છું કૃષ્ણ રે;
બાણે કોણે મને વિંધીયો, એવો કોણ છે દુર્જન રે. ગર્વ૦ ૧૫
શબ્દ તે કૃષ્ણનો સાંભળી, વૃક્ષ તળે જરાકુમાર રે;
કાં હું વસુદેવ પુત્ર છું, રહું છું આ વન મોઝાર રે. ગર્વ૦ ૧૬
કૃષ્ણ રખોપાને કારણે, વર્ષ થયા મુજ બાર રે;
પણ નવી દીઠો કોઇ માનવી, આજ લગે તે નિરધાર રે. ગર્વ૦ ૧૭
દુષ્ટ કર્મ તણે ઉદય, આંહી આવ્યા તુમે આજ રે;
મુજને હત્યા રે આપવા, વળી બગાડવા લાજ રે. ગર્વ૦ ૧૮
કૃષ્ણ કહે આવો બંધવા, જિણ કાજ સેવો છો વન રે;
તે હું કૃષ્ણ તેં મારીયો, ન મટે શ્રી નેમનાં વચન રે. ગર્વ૦ ૧૯
ઇમ સુણી આંસુડા વરસાવતો, આવ્યો કૃષ્ણની પાસ રે;
મોરારી તવ બોલીયા, લે આ કૌસ્તુભ ઉલ્લાસ રે. ગવ૦ ૨૦
એ નિશાની પાંડવને આપજે, જા તું ઇહાંથી વેગ રે;
નહિ તો બળભદ્ર મારશે, ઉપજશે ઉદ્વેગ રે. ગર્વ૦ ૨૧
આ સમે કિમ જાવું વેગળો, જો તુમે મોકલો મોરારી રે;
ફરી ફરી પાછું જોતો થકો, વરસત આંસુ જળધાર રે. ગર્વ૦ ૨૨
દૃષ્ટિ અગોચર તે થયો, આ છે તેવીશમી ઢાળ રે;
ઉદયરતન કહે એ થઈ, સહુ સુણજો ઉજમાળ રે;
ગર્વ ન કરશો રે ગાત્રનો. ગર્વ૦ ૨૩

## ૧૦૭

## કુગુરુની સજ્ઝાય

શુદ્ધ સંવેગી કિરીયા ધારી, પણ કુટીલાઈ ન મૂકે,
બાહ્ય પ્રકારે કિરિયા પાળી, અભ્યંતરથી ચૂકે;
જિણંદે કપટી કહીયા એહ, એહનું નામ ન લીજે. જિણંદે૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રંગેલ કપડાં ખભે ધાબલી, કાખ દેખાડી બોલે;
તરૂણી સુંદર દેખી વિશેષે, પુસ્તક વાંચતાં બોલે. જિણંદ૦ ૨
પેંડા દેખી પડઘો કાઢે, પડઘો માન કરાવે;
ખાજા વહોરે ખાંતે કરીને, પૂરીને વોસીરાવે. જિણંદ૦ ૩
જ્ઞાન વિષે ઉપદેશ દેઇને, સૂક્ષ્મ પરિગ્રહ રાખે;
એ કપટીનું નામ ન લીજે, ઇમ ઉત્સૂત્ર જે ભાખે. જિણંદ૦ ૪
તાળી કુટવા સાથે ચાલી, શ્રાવિકા છે દશબાર,
પાત્રા ને મિસે એણી પરે વિચરે, દૂર રહ્યા આચાર. જિણંદ૦ ૫
પાશેર ઘીથી કરે પારણું, વળી ખાવે અધશેર;
તોહી સાલા ઇણિ પરે બોલે, ઉપવાસે આવે ફેર. જિણંદ૦ ૬
બગલાંની પરે પગલાં માંડે, આડું દોઢું જોવે;
મહિલા સાથે બોલે મીઠું, સાધુ વેષ વગોવે. જિણંદ૦ ૭
આચારાંગે વસ્ત્રનો ભાંખ્યો, શ્વેત ને માનોપેતે;
તે તો મારગ દૂરે મૂકયો, કપડાં રંગે હેતે. જિણંદ૦ ૮
બાજીગર જીમ બાજી ખેલે, ધિવર માંડે જાળ;
સંવેગી સુધા મત જાણો, એ સહુ આળ જંજાળ. જિણંદ૦ ૯
ઊંચું ઘર અગોચર હોવે, માસ કલ્પ તિહાં કીજે;
સુખ શાતાયે પડિલેહણ ચાલે, સુધા જન્મ ફળ લીજે. જિણંદ૦ ૧૦
રાત્રિ જગાવે મહિલા મળીને,, ગાવે ગીત રસાળ;
ચાર વિકથાનાં કર્મ જ બાંધે, મનમાં થઇ ઉજમાળ. જિણંદ૦ ૧૧
મધ્યાન્હે મહિલાને તેડે, હસીને પૂછે વાત;
અઢારમો ઉપધાન વહો તો, અમતુમ મળશે લાત. જિણંદ૦ ૧૨
તવ તે કામની હસીને બોલે, સાચું કહો છો સ્વામ;
ગચ્છવાસી ગુરૂ આવી તે વઢસે, તવ તુમ જાશે મામ. જિણંદ૦ ૧૩
નીચું જોઇને ઇણીપરે ભાંખે, ભણવાનો ખપ કીજે;
ન્હાની વય છે હજીય તુમારી, એક એક ગાથા લીજે. જિણંદ૦ ૧૪
ઘેટકની પરે પંથે ચાલે, શહેરમાં નીચું જોવે;
ગડબડીયા ગાડાની પરે ચાલે; જિન શાસન ને વગોવે. જિણંદ૦ ૧૫
રૂમાલ પાઠાં રૂડાં વેચે, જુનાં હાથમાં ઝાલે;
તૃષ્ણા તોયે કિમહી ન મૂકે, વળી જાણે કોઇ આલે. જિણંદ૦ ૧૬
છકાય જીવનો દાહ કરાવે, ઠામ ઠામ પાપ બંધાવે;
આયંબિલ તપનું ઓઠું લઇને, કાંઇ અમને વહોરાવે. જિણંદ૦ ૧૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કદાગ્રહમાં પહેલા વ્રતનો, એહને લાગે દોષ;
મૃષાવાદ તો પગપગ બોલે, તેહનો ન કરે શોષ. જિણંદ૦ ૧૮
અદત્ત વસ્તુ અજાણ થઈને, સાધારણ સીરાવે;
ચોથા વ્રતની વાત મ્હોટી, તેહમાં કામ જગાવે. જિણંદ૦ ૧૯
વિધવા પાસે વિહ્વલ થઇને, કામ કુસંગી માગે;
વાયસની પરે મૈથુન સેવે, ચોથે વ્રતને ભાંગે. જિણંદ૦ ૨૦
મૈથુન સેવે પરિગ્રહ રાખે, પ્રૌઢા પાતક બાંધે;
રાસભની પરે લોટયા હીંડે, વળી ઉપાડે ખાંધે. જિણંદ૦ ૨૧
છઠ્ઠ અઠ્ઠમાદિ ને અઠ્ઠાઇ, નામ ધરાવે તપસી;
મહિમા કારણ રાત્રે ખાવે, પ્રગટે તવ હોય હાંસી. જિણંદ૦ ૨૨
નગર પિંડોળીયા થઇને નિર્લજ, પાસત્થા થઇ બેસે;
ચોરાશી ગચ્છ વહોરી ખાવે, મોટા ઘરમાં પેસે. જિણંદ૦ ૨૩
મુખે મુહપત્તિ રાખી બોલે, હાથે કરે છે ચાળા;
માંહો માંહે સાને સમજે, આંખે કરે છે ટાળા. જિણંદ૦ ૨૪
એ કપટીનો સંગ નિવારો; જેણે એ ભેખ વિગોયો;
ભેખ ઉત્થાપી મહા એ ભુંડે, મનુષ્ય જન્મ ફળ ખોયો. જિણંદ૦ ૨૫
આદિ થકી અરિહંત આચારજ, ઉપાધ્યાય ને સાધુ;
ધોળે ભેખે સહુ ઇમ બોલે, વારૂ ને આરાધું. જિણંદ૦ ૨૬
મૂળ પંથ મિથ્યાત્વે ચાલે, સમજતો નહી લેશ;
જિનમતનો મારગ છોડીને, કલહો કરે વિશેષ. જિણંદ૦ ૨૭
આપમતિનો સંગ તજીને, સાધુ વચને રહીએ;
વાચક જસ ઇમ બોલે, જિન આજ્ઞા શિર વહીએ. જિણંદ૦ ૨૮

## ૧૦૮
## ગજસુકુમાલની સજ્ઝાય

સોરઠ દેશ મોઝાર, દ્વારિકા નગરી અતિસાર;
આજ હો. વસુદેવ રાજા રાજ્ય કરે તિહાંજી. ૧
ભાઇ દસે દસાર, બલભદ્ર કાન્હ કુમાર;
આજ હો. દીસે રે સોહાગણ રાણી દેવકીજી; ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તસ લઘુ પુત્ર રસાળ, નામે ગજ સુકુમાલ;
આજ હો. માતપિતાને વહાલો પ્રાણથી જી. ૩
એક દિન નેમિ જિણંદ, સાથે સુરનર વૃંદ;
આજ હો. શીવ સુખદાયક સ્વામી સમો સર્યાજી. ૪
વંદન કાજ કુમાર; આવે પ્રેમ અપાર;
આજ હો. અમિય સમાણી વાણી સાંભળીજી. ૫
પામ્યો મન વૈરાગ, ચારિત્ર ઉપરી રાગ;
આજ હો. દોય કર જોડી માતને વિનવેજી. ૬
જિન વચનામૃત પાન; કીધો સુખ નિધાન;
આજ હો. મોહ સૂરાનો મદ તે મુજ ઉતર્યોજી. ૭
જાણ્યો અથીર સંસાર; લેશું સંજમ ભાર;
આજ હો. માત મયા કરી અનુમતિ આપશોજી. ૮
વચન અપૂરવ જેહ; શ્રવણ ન સુણે એહ;
આજ હો. જળ ભરી નયણે બોલે દેવકીજી. ૯
સુણ વત્સ તું લઘુ વેશ; હું કીમ દેઉં આદેશ;
આજ હો. સંયમ અસિધારા ઉપરી ચાલવોજી. ૧૦
તે પુત્ર નવ લે દીખ, માંગી સદ્ગુરુ શીખ;
આજ હો. ઘર ઘર ભમવો ફરી દોહિલો જી. ૧૧
કુસુમ સેજ મોઝાર, તુજ નાવે નિંદ લગાર;
આજ હો. સંજમરે સંથારે સુખ કીમ પામશોજી. ૧૨
સાલી દાલી ઘૃત ગોલ, પરિહરવો તંબોલ;
આજ હો. આહાર તે કરવો છે તિહાંજી કાચલીજી. ૧૩
પીવો નીર સમીર, સહવો દુઃખ શરીર;
આજ હો. સુતરે તરવો સાયર દોહીલોજી. ૧૪
બાઉલ દેવી બાથ, લોહ ચણા લેઈ હાથ;
આજ હો. મીણને દાંતે ચાવવા દોહીલાજી. ૧૫
તિમ એ સંયમભાર, દોહીલો છે નિરધાર;
આજ હો. એહવું જાણીને ઘરે સુખ ભોગવોજી. ૧૬
વળતો અકલ અબીલ, વચન વદે થઇ સિંહ;
આછ હો. કાયરના હઇડા કંપે ઇમ સુણીજી. ૧૭
તુમ અંગજ શૂર, પાળી સંયમ પૂર;
આજ હો. મોહ મહી પતિ જીવી જય વરૂજી. ૧૮



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઈંદ્ર ચંદ્ર નરેન્દ્ર, દાનવ દેવ મુણિંદ;
આજ હો. અથિર સંસાર એ સહુ આથમ્યોજી. ૧૯
તીર્થંકર ગણધાર, વાસુદેવ ચક્રધાર;
આજ હો. એ નર ઉત્તમ જો નવિ સ્થિર રહ્યાજી. ૨૦
તું અમર કુણ માત, ઇમ અવધારો વાત;
આજ હો. મોહ ઉતારો મોરી માવડી માહરોજી. ૨૧
માતા કહે સુણો પુત્ર, તું મુજ ઘર છે સુત;
આજ હો. સુત પાખે માવડી કિમ રહેજી. ૨૨
તુજ શું પ્રેમ અપાર, તું મુજ છે આધાર;
આજ હો. મનોરથ પૂરવો માહરોજી. ૨૩
રૂપ કળા ગુણ પાત્ર, નિરૂપમ નિલ હો ગાત્ર;
આજ હો. સોમલની બેટી પરણો પદ્મણીજી. ૨૪
પછે સંયમ ભાર, આદરજો આધાર;
આજ હો. લાડી રે લાખિણી પરણો લાડકાજી. ૨૫
પરિણતી મનહ ધરેહ, પાણી ગ્રહણ કરેહ;
આજ હો. અનુમતિ માગે માત પિતા કનેજી. ૨૬
માતા અમૃત વાણ, સુતનો નિશ્ચય જાણ;
આજ હો. આશિષ દેઈ તે સુતનાં લેતી ભામણાંજી. ૨૭
દુક્કર દુક્કર કાર, પંચ મહાવ્રત સાર;
આજ હો. બાવીશ પરીસહ સહ બળવંત જીપજોજી. ૨૮
ધરમે ધરમનો ધ્યાન, દિન દિન ચઢતે વાન;
આજ હો. સિંહ થઈને સંયમ પાળજોજી. ૨૯
નેમિ જિણેસર પાસ, સંયમ લેઇ ઉલ્લાસ;
આજ હો. સુગુરૂ સમીપે આગમ અભ્યાસીયાજી. ૩૦
દ્વારીકા નગરી પ્રવેશ, એક દિન જીન આદેશ;
આજ હો. રૂષિ રે સમશાને કાઉસ્સગ્ગ કરી રહ્યોજી. ૩૧
દીઠા સાસરે તેમ, સોમલ ચિંતે એમ;
આજ હો. વૈર ઉલ્લસીઉં પૂરવ ભવ તણુંજી. ૩૨
જલ જલતા અંગાર, શિર ઉપર દુઃખકાર;
આજ હો. પાળ તે બાંધી માટી કેરડીજી. ૩૩
મુનિ ચઢયો શુભ ધ્યાન, પામી કેવલજ્ઞાન;
આજ હો. કરમ સવિ નાશી મુનિ મુક્તે ગયાજી. ૩૪
પંડિત સુર સૌભાગ્ય, સેવક સિદ્ધ સૌભાગ્ય;
આજ હો. એહને સમરે એ મુનિ રાજીઓજી. ૩૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

१०९

## ખંધકકુમારની સજ્ઝાય

(રાગ—ક્ષણક્ષણ—લાખેણી રે જાય)

શ્રી સીમંધર પાય નમીજી, માગું એક પસાય;
ખંધકકુમાર ગુણ ગાવતાંજી, મારે હઇડે હરખ અપાર;
મુનિવર જુઓ ભગવંતનું રે જ્ઞાન. મુનિ० १
સાવથ્થી નગરી સોહામણીજી, કનકકેતુ તિહાં રાય;
ખંધકકુમાર સોભાગીયોજી, મલી કુંવરી તેની માંય. મુનિ० २
વન જાય મુનિવર વાંદવાંજી, વચન સુણી વૈરાગ;
માત પિતાને એમ કહેજી; લેશું સંયમ ભાર. મુનિ० ३
માત પિતા વળતાં એમ કહેજી, તું નાનડીયો રે બાળ;
ચારિત્ર છે વત્સ દોહીલોજી, જૈસી ખાંડાની ધાર. મુનિ० ४
પંચ મહાવ્રત પાળવાંજી, પંચ મેરૂ સમાન;
દોષ બેંતાલીશ ટાળવાજી, લેવો સુજતો આહાર. મુનિ० ५
મોહ દાવાનળ પ્રજળેજી, હઇડે ઊઠી રે જાળ;
મ્હારો કુંવર છે નાનડોજી, રખે દુહવ્યો સુકુમાળ. મુનિ० ६
રાય રાણીને વિનવેજી, રાણી કરો રે વિચાર;
પાંચશે જણ વર્તી કરોજી, મેલો કુમારની સાથ. મુનિ० ७
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિશું જી, મુનિવર કરે રે વિહાર;
નગરી કુંતિ આવીયાજી, જન મન હરખ અપાર. મુનિ० ८
નગરી તો બનેવી તણીજી, ડર નહી એક લગાર;
નોકર તો કામે ગયાજી, એકલા રહ્યા સાધ. મુનિ० ९
વહોરણ વેળા પાંગર્યાજી, નગરી કીયો રે પ્રવેશ;
શીર દાઝે પાય બળેજી, મમતા નહી લવ લેશ. મુનિ० १०
રાય રાણી સોગઠે રમેજી, દ્રષ્ટે દીઠો રે સાધ;
મુજ બાંધવ ઈમહી જ હતાજી, નયણ વછુટ્યાં નીર. મુનિ० ११
રાય રાણીને નીરખતાંજી, રાય મન હુઓ રે વિખવાદ;
રાયે જન હંકારીયાજી, જતી નો કરો પરીહાર. મુનિ० १२
રાય ના જન સાથે થયાંજી, જતીની આંહી રે બાંહ્ય;
અમને રાયે આદેશીયાંજી, બંધન દીયા રે સાધ. મુનિ० १३

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ધીરજ તો સાધુ ધરેજી, ન લીયે આપણો રે નામ;
સમતા ભાવે ચાલીયાજી, લેતાં ભગવંતનું રે નામ. મુનિ૦ ૧૪

સ્મશાન ભૂમિકા લેઈ ચાલીયાજી, કોપ ચઢયો તેણી વાર;
ત્વચા ઉતારી દેહનીજી, ના આણ્યો રોષ લગાર. મુનિ૦ ૧૫

પરિષહ તો સાધુ સહેજી, અંતગડ કેવલી રે હોય;
આઠ કર્મનો ક્ષય કરેજી, પહોંચ્યા મુક્તિ સોય. મુનિ૦ ૧૬

ઝાડે પંખી ધ્રુજીયાંજી, રોયા રોઝ શિયાળ;
ત્વચા ઉતારી જીવતાંજી, તે રાણીનો વીર. મુનિ૦ ૧૭

હાહાકાર નગરી હુઇજી, જોવાં મળીયા રે લોક;
રાય રાણી જોવાં મળ્યાંજી, મળીયા રાણો રાણ. મુનિ૦ ૧૮

નોકર તો ચૌદીશે જોઇજી, ના દેખે મુનિનાં રે પાય;
ક્યાંય તે દીસે નહિજી, હઇડો મ્હારો ભરાય. મુનિ૦ ૧૯

હવે આમણ દુમણ નીકળ્યાંજી, ચેટી પૂછે રે વાત;
કીહાંથી આવ્યા કીહાં જશોજી, કુણ તણા રાજદુત. મુનિ૦ ૨૦

સાવથ્થી નગરી અમે વસીયેજી, કનકકેતુ તિહાં રાય;
ખંધક કુમાર સંયમ લીયોજી, તેહની ચોકી થાય. મુનિ૦ ૨૧

વચન સુણી ચેટી તણાંજી, હઈડે ઉઠી રે ઝાળ;
હાં હાં મેં આ શું કર્યુંજી, હણીયો નાનડીયો બાળ. મુનિ૦ ૨૨

પરિસહ તો સાધુ સહેજી, અવર સહ્યાં નહિ જાય;
આઠ કરમનો ક્ષય કરીજી, પામ્યા સુખ અનંત. મુનિ૦ ૨૩

રાય રાણીને વિનવેજી, રાણી કરો રે વિચાર;
બંધવનાં દુઃખ દોહિલાંજી, લેશું સંયમ ભાર. મુનિ૦ ૨૪

મણિ માણેક ને મોતીયાંજી, છોડયો રયણ ભંડાર;
મમતાં મૂકી રાજ્યનીજી, લેશું સંયમ ભાર. મુનિ૦ ૨૫

મમતાં મૂકી રાજ્યનીજી, છોડયો સઘળો રે સાથ;
રાય રાણી સંયમ લીયેજી, પાંચસો ને પરિવાર. મુનિ૦ ૨૬

કેવલજ્ઞાની સમોસર્યાજી, પ્રશ્ન પૂછે રે રાય;
આગે હતાં કે નવાં બાંધીયાંજી, તે ભાખો ઋષિરાય. મુનિ૦ ૨૭

ઘણે કાળે બાંધ્યાં હુંતાજી, જે નથી હુવા રે ક્ષય;
સૂરપણે પરિસહ સહયાંજી, પહોંચ્યા મુક્તિ મોઝાર. મુનિ૦ ૨૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વચન સુણી કેવલી તણાંજી, અધિકો હુવો વૈરાગ;
આઠ કરમનો ક્ષય કરીજી, પહોંચ્યા મુક્તિ મોઝાર. મુનિ૦ ૨૯
કરજોડી કવિયણ ભણેજી, સુણજો ભવિયણ લોક;
કર્મતણાં બંધ મત કરોજી, જાઓ શિવપુર લોક. મુનિ૦ ૩૦

## ૧૧૦
## ઇલાચીકુમારની સજ્ઝાય

ધનદત્ત શેઠ નો દીકરો, એલાચી કુમાર રે;
સાકર ચોખાનો સ્વાદિઓ, ટાઢા ટુકડા કેમ ખાઇશ;
દેખી નટડી શું મોહી રહ્યો. દેખી૦ ૧
મારા લખીયા રે લેખમાં, લખ્યા છઠ્ઠીના લેખ;
તેનો કરવો શું ઓરતો, તેનો કરવો શો શોષ. દેખી૦ ૨
ખંભે લીધો રે વાંસડો, ચાલ્યો નટડી સંગાથ;
દેશ પોતાનો મૂકીયો, લીધો નટનો વેષ. દેખી૦ ૩
રીંછ પીંછ ને માંકડા, પાળ્યા કુકડા બે ચાર;
મુંડા કેસરી માંકડાં, તે તો નટડી સંગાથ. દેખી૦ ૪
એલાચી એ રમત આદરી, રમત શીખ્યો આબાદ;
પરદેશી રાજાને રીઝવ્યો, આપ્યા કુંજરના દાન. દેખી૦ ૫
બાર બાર વર્ષે રે આવીયા, આવ્યા પોતાને દેશ;
દીલ્હી શહેરના ગોઠ રે, તંબુ તાણ્યા રસાળ દેખી૦ ૬
રાજાએ તેડાને મોકલ્યાં, નટ તું મળવાને આવ;
હું કેમ આવું રે એકલો, સાથે બહુ પરિવાર. દેખી૦ ૭
ખંભે લીધો રે વાંસડો, ચાલ્યો રાજાને દરબાર;
રાયે આવંતો રે ઓળખ્યો, દીધા આદર માન. દેખી૦ ૮
દીલ્હી શહેરનાં ચોકમાં, વાંસડા ખોડયા બે ચાર;
રમત રમે છે એલાયચી, જુવે વર્ણ અઢાર. દેખી૦ ૯
પગે બાંધ્યા છે ઘુઘરા, નિત્ય કરે નવ નવા ખેલ;
નટવી બજાવે રે ઢોલડી, કાઢે નીકળી રાગ. દેખી૦ ૧૦
રાજા ગોખેથી જોઈ રહ્યા, મનમાં ચિંતવે એમ;
જો નટ પડે રે નાચતો, તો નટડી આવે મુજ હાથ. દેખી૦ ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સામી મેડી રે ઉજળી, લટકે હિંડોળા ખાટ;
શ્રાવક કેરી રે બેટડી, ઢોળતી વીંઝણે વાય. દેખી૦ ૧૨
સોલ વરસની સુંદરી, મોદક વ્હોરાવે સાર;
લ્યો લ્યો કહે છે લેતાં નથી, ધન્ય મુનિ અવતાર. દેખી૦ ૧૩
એલાચી દોરેથી ઉતર્યો, ચરણે સાધુને જાય;
બે કર જોડી ઉભો રહ્યો, ગુરૂ મને દીક્ષા રે આપ. કરમ૦ ૧૪
તું હતો શ્રાવકનો દીકરો, ધનનો ન હતો કંઇ પાર;
તે સર્વ મેલીને નટ થયો, તારો નથી રે વિશ્વાસ.
કરમ ન છૂટે રે પ્રાણીયા. ૧૫
ધિક્ ધિક્ નિયમ હાથે ધરૂં,લઉં હું ક્રોડ દેવતાની આણ;
સાચા સમ હું ખાઇ લહું, મારો રાખો વિશ્વાસ. કરમ૦ ૧૬
જામો ઉતાર્યો સુવર્ણનો, કેડે કંદોરો સાથ;
વેઢ વીંટી ને વાંકડા, આપ્યા વિપ્રને દાન. કરમ૦ ૧૭
હાથમાં ઝાલી રે મુહપત્તિ, ઝાલી ઓઘો સંગાથ;
પીળાં કપડાં અંગે ધર્યાં, લીધો સાધુનો વેષ. કરમ૦ ૧૮
પાલવ ઝાલ્યો રે પિયુ તણો, પિયું મને મુકી કાં જાવ;
આ ભવ થાઉં એલાયચી તણી, બીજા બાંધવ ને તાત. કરમ૦ ૧૯
તું નથી શ્રાવકની દીકરી; તું છે નટ કુમારી;
સંયમ પંથ ઘણાં આકરાં, વ્રત છે ખાંડાની ધાર. કરમ૦ ૨૦
તમે હતા શ્રાવકના દિકરા, ધનનો ન હતો પાર;
તે સર્વ મેલીને નટ થયા, વ્રત પામ્યા રસાળ. કરમ૦ ૨૧
ચંપક વર્ણી રે ચુંદડી, તારા અંગેથી ઉતાર;
ચાતક જેવડો રે ચોટલો, ચૂંટે પોતાને હાથ. કરમ૦ ૨૨
હાથમાં ઝાલી રે મુહપત્તિ, ઝાલ્યો ઓછો સંગાથ;
પીળા કપડાં અંગે ધર્યાં, લીધો સાધ્વીનો પંથ. કરમ૦ ૨૩
રાજા ગોખેથી ઉતર્યા, ચરણે સાધુને જાય;
બે કરજોડી ઉભો રહી, ગુરૂ મને દીક્ષા રે આપ. કરમ૦ ૨૪
હાથમાં ઝાલી રે મુહપત્તિ, ઝાલ્યો ઓઘો સંગાથ;
પીળા કપડાં અંગે ધર્યાં, લીધો સાધુનો વેશ. કરમ૦ ૨૫
રાણી મહેલેથી ઉતર્યા, ચરણે સાધુને જાય;
બે કર જોડી ઉભી રહી, ગુરૂ મને દીક્ષા રે આપ. કરમ૦ ૨૬
હાથમાં ઝાલી રે મુહપત્તિ, ઝાલ્યો ઓઘો સંગાથ;
પીળા કપડાં અંગે ધર્યાં, લીધો સાધ્વીનો વેષ. કરમ૦ ૨૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચારે દીક્ષા લઈ તે તર્યા, ચાલ્યા વન મોઝાર;
તપ જપ કરણી તે બહુ કરી, પહોંચ્યા મુક્તિનો વાસ. કરમ૦ ૨૮
સંવર ભાવે રે કેવળી, થયો મુનિ કર્મ ખમાય;
કેવલ મહિમા સુર કરે, લબ્ધિ વિજય ગુણ ગાય. કરમ૦ ૨૯

## ૧૧૧
## ચંદનબાલાની સજઝાય

કૌશામ્બી નગરી પધારીયા, વિહરંતા શ્રી મહાવીર;
અભિગ્રહ જેણે ધારીયો, તમે શું જાણો જગદીશ.
હો સ્વામી ભામણા લેઉં હું સદ્‌ગુરુ. ૧
વ્હોરવા નિત દહાલડે, ભમતાં ઘર ઘર બાર;
ઘેબર પકવાન ઢાંકી મેલ્યાં; તોયે મનમાં ન આણે લગાર. હો૦ ૨
રાજાના મહેલો લૂંટાઈ ગયાં, લૂંટાઈ તે ચંપા પોળ;
સૌ પાયક મેડી ચડયા, ત્યાં તે દીઠી છે ચંદનબાલા. હો૦ ૩
ચંદનબાલા ધારણી, હેઠા ઉતારી તેણી વાર;
ખંધે ચઢાવીને લેઈ ગયો, એ તો બોલે કડવા બોલ. હો૦ ૪
બાઇ તું મારે ઘેર ગોઠડી, હું છું ત્હારો નાથ;
એવાં વચન જ્યારે સાંભળ્યાં, ત્યારે ધારણીએ કીધો કાળ. હો૦ ૫
જીભ કચરીને મરી ગઈ, મરતાં ન લાગી વાર,
એતો મરી ગઈ તત્કાલ. હો સ્વામી૦ ૬
માફે બેસાડીને લઇ ચાલ્યા, બોલે છે કડવા બોલ;
હું છું તાહરો નાવલો, હવે તું છે મારે ઘેર નાર. હો૦ ૭
માફેથી પડતાં નાખીયાં, ટળવળે છે ચંદનબાલ;
બાઈ મ કરીશ આપઘાત. હો૦ ૮
માફે બેસાડીને લઈ ચાલ્યા, બોલે છે મીઠા રે બોલ;
તું છે મારે ઘેર બેટડી, હવે હું છું તાહરો તાત. હો૦ ૯
માફે બેસાડીને લેઈ ચાલ્યા, ઘેર છે ચેત્તા નાર;
જાઓ રે બજારમાં વેચવા, ન કર કરીશ રાજ પોકાર. હો૦ ૧૦
માફે બેસાડી લેઈ ચાલ્યા, લેઈ ચાલ્યા બજાર માંહિ;
બજારમાંહી ઊભી કરી, એને મૂલવે ગુણકા નાર. હો૦ ૧૧
લાખ ટકાંએ બાઇને મૂલવ્યાં, મોં માગ્યા તે આપ્યા મૂલ;

લાખ ટકાના બાઈ અધલાખ, બાઈ તુમ ઘેર કેવો ચાલ હો૦ ૧૨
હિંડોલા ખાટે હિંચવા, ચાવવા એલૈયા પાન;
રાગ ઠાઠ બનાવવા બાઈ, અમ ઘેર એવો ચાલ. હો૦ ૧૩
મારો ભઠ પડયો અવતાર હો સ્વામી,
મેં શ્યાં કીધાં પાપ હો સ્વામી,
મેં ના સમર્યા ભગવંત હો સ્વામી,
મેં ના આરાધ્યા અરિહંત હો સ્વામી,
મેં તોડી પૂન્યની પાળ હો સ્વામી. ભામણા૦ ૧૪
આકાશે ઉભા દેવતા, સાંભળે એવા બોલ;
એણે વિકુર્વ્યા વ્યંતર વાંદરા હો સ્વામી.
નાક કાન વલુરીયા, એ તો નાશી ગઇ તત્કાળ હો૦ ૧૫
માફે બેસાડીને લેઇ ચાલ્યા, લેઇ ચાલ્યાં તે બજાર માંહિ;
ચૌટા માંહી ઉભી કરી, એને રાખે સાધર્મી શેઠ. હો૦ ૧૬
લાખ ટકાએ બાઇને મૂલવે, મોં માગ્યા તે આપ્યા મૂલ;
લાખ ટકાના ભાઇ અધલાખ, ભાઈ તમ ઘેર કેવો ચાલ. હો૦ ૧૭
આયંબિલ એકાસણા અતિ ઘણા, ઉપવાસનો નહી પાર;
પોસહ પ્રતિક્રમણા તો છે ઘણા, બાઇ દેવવંદન ત્રણ કાળ. ૧૮
મારો સફળ થયો અવતાર હો સ્વામી,
મેં તો બાંધી પૂન્યની પાળ હો સ્વામી,
મેં તો સેવ્યા શ્રી અરિહંત હો સ્વામી,
મેં સમર્યા ભગવંત હો સ્વામી, મેં તો બાંધી પૂન્યની પાળ. હો૦ ૧૯
માફે બેસાડી લેઈ ચાલ્યા, ઘેર છે મૂલા નાર;
મૂલા એ મનમાં ચિંતવ્યું, એને રાખે કરી ઘર નાર. હો૦ ૨૦
શેઠ તે આવ્યા વખારથી, ચંદનબાલા તે ધૂએ પગ;
મૂલાએ મનમાંહિ ચિંતવ્યું; એને રાખી કરી ઘર નાર. હો૦ ૨૧
હાથે તે ઘાલી હાથ કડી, પાયે લોઢાની બેડી;
મસ્તક મૂંડયા વેણીના કેશ હો સ્વામી,
એને ઘાલી છે ઘરને ગુપ્ત ભંડાર. હો૦ ૨૨
શેઠ તે આવ્યા વખારથી, કયાં ગઈ તે ચંદનબાલ;
સરખી સાહેલીયોમાં ખેલવાં, એ તો ઘરમાં ન આવે લગાર. હો૦ ૨૩
પહેલું રે દહાડુ જ્યાં થયું, કયાં ગઇ તે ચંદનબાલ;
સરખી સહિયરોમાં ખેલવા, અમને ન બહે લગાર. હો૦ ૨૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બીજું દહાડું રે જિહાં થયું, કિહાં ગઇ તે ચંદનબાલ;
તમે એને મોઢે ચઢાવી મેલી, એતો ઘરમાં ન આવે લગાર. હો૦ ૨૫
ત્રીજું દહાડું રે જિહાં થયું, કિહાં ગઈ તે ચંદનબાલ;
એને તમે લાડવાઇ કરી મેલી, એ તો અમને ન બદે લગાર હો૦ ૨૬
ચોથું તે દહાડું તિહાં થયું, કયાં ગઇ ચંદનબાલ;
શેઠે તે લીધી કટારડી; મારીશ તાહરે પેટ. હો૦ સ્વામી૦ ૨૭
જઇને પૂછયું પાડોસણને, કયાં ગઇ તે ચંદનબાલ;
મુલા હતા તે નાસી ગઇ, એતો નાસી ગઈ તત્કાલ. હો૦ સ્વામી૦ ૨૮
હાથે તે ઘાલી હાથકડી, પાએ લોઢાની બેડી;
મસ્તક મુંડયા છે વેણીના કેશા હો સ્વામી.
ચંદના ઘાલી ગુપ્ત ભંડાર. હો૦ સ્વામી૦ ૨૯
શેઠે તે તાલા તોડીયા, કાઢયાં છે ચંદનબાલ;
એમને બેસાડયાં ઉંબરામાં ય હો૦ સ્વામી૦
સુપડા ખુણે દઇ બાકુલા, શેઠજી લવારને તેડવા જાય. હો૦ સ્વામી૦ ૩૦
છ માસીને પારણે મુનિ, ભમતાં તે ઘેર જાય;
સઘળી જોગવાઈ તિહાં મળી, પણ ન દીઠી આંસુની ધાર. હો૦ સ્વામી૦
ત્યાંથી તે પ્રભુ પાછા વળ્યા, ચિંતવે તે ચંદનબાલ;
મારો ભઠ પડયો અવતાર હો સ્વામી, મેં તોડી પુન્યની પાળ હો૦ સ્વામી૦
મેં ન સમર્યા ભગવંત હો સ્વામી, મેં ન આરાધ્યા અરિહંત. હો૦ સ્વામી૦ ૩૧
પાછું વાલીને મુનિ ભાલીસું, આંખે દીઠી આંસુની ધાર;
સઘળી જોગવાઈ તિહાં મળી, ત્યાં તો વહોરાવે ચંદનબાલ.
વહોરાવી કરો તમે પારણું, તમારો સફલ થયો અવતાર. હો૦ સ્વામી૦ ૩૨
બેડી ભાંગીને ઝાંઝર થયાં, હાથે તે સોનાના ચૂડા,
મસ્તકે થયા છે સોનાના કેશ હો સ્વામી, સેંથો તે મોતીનો સેર હો૦ સ્વામી૦
પિતાજી તુમારે પસાય હો સ્વામી, ભામણાં હો૦ સ્વામી૦ ૩૩
એટલામાં તો મૂળા માતા આવીયા, શું થયું તે ચંદનબાલ;
માતા તુમારે પસાય. હો૦ સ્વામી૦ ૩૪
દેશપરદેશનાં સંઘ આવે, મહાવીર સ્વામીને વાંદવા જાય;
એમને છ માસી તપના પારણાં. હો૦ સ્વામી૦ ૩૫
દેશ પરદેશનાં સંઘ આવે, ચંદન બાલાને વાંદવા જાય;
એમને અઠ્ઠમ તપનાં પારણા. હો૦ સ્વામી૦
તિહાં કને બારક્રોડથી અધિક, વૃષ્ટિ થાય. હો૦ સ્વામી૦
ત્યાં તો અઠ્ઠાઇ ઓચ્છવ થાય. હો૦ સ્વામી૦
ત્યાં તો લબ્ધિ વિજય ગુણુગાય. હો૦ સ્વામી૦ ૩૬



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૧૨
## સ્થુલીભદ્રની સજ્ઝાય

વેષ જોઇને સ્વામી આપણો, લાગી મારા તનડામાં લ્હાયજી;
અણુધાર્યું સ્વામી આ શું કર્યું, લાજે સુંદર કાયજી;
કોણે રે ધુતારે તમને ભોળવ્યા; ૧
આવી રે ખબર હોત તો, જાવા દેત નહિં નાથજી;
છેતરી દેહ દીધો મને, પણ છોડું નહિં સાથજી. કોણે રે૦ ૨
બોધ સુણી સુગુરૂ તણો, લીધો સંજમ ભારજી;
માત પિતા પરિવાર સહુ, જુઠો આળ પંપાળજી.
નથી રે ધુતારે મને ભોળવ્યો. ૩
એવું જાણીને કોશ્યા સુંદરી, ધર્યો સાધુનો વેષજી;
આવ્યો ગુરૂની આજ્ઞા લઇ, દેવા તને ઉપદેશજી. નથી રે૦ ૪
કાલે સવારે ભેગા રહી, લીધાં સુખ અપારજી,
અમને બોધ દેવા આવીયા, જોગ ધરીને આવારજી;
જોગ રે સ્વામીજી અહીં નહિં રહે. ૫
કપટ કરીને મને છોડવા, આવ્યા તમે નિરધારજી;
પણ છોડું નહિં કદી નાથજી, નથી નારી ગમારજી. જોગ રે૦ ૬
છોડયાં માતપિતા વળી, છોડયો સહુ પરિવારજી;
ઋદ્ધિ સિદ્ધિ રે મેં તો તજી દીધી, માની સઘળું અસારજી;
છેટી રહી રે કર વાત તું. ૭
જોગ ધર્યો અમે સાધુનો, છોડયો સઘળાનો પ્યારજી;
માત સમાન ગણું તને, સત્ય કહું નિરધારજી. છેટી રહી૦ ૮
બાર વરસની પ્રીતડી, પલમાં તૂટી ન જાયજી;
પસ્તાવો પાછળથી થશે, કહું લાગીને પાયજી. જોગ રે૦ ૯
નારી ચારિત્ર જોઈ નાથજી, તુરત છોડશો જોગજી;
માટે ચેતો પ્રથમ તમે, પછી હસશે લોકજી. જોગ રે૦ ૧૦
ચાળા જોઇને તારા સુંદરી, ડગું નહિ હું લગારજી;
કામ શત્રુ મેં કબ્જે કર્યો, જાણી પાપ અપારજી.
છેટી રહેરે ગમે તે કરો. ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છેટી રહી રે ગમે તે કરો, મારા માટે ઉપાયજી;
પણ તારા સામું જોઉ નહી, શાને કરે તું હાયજી. છેટી રહી૦ ૧૨
માછી પાડે છે જાળમાં, જાળમાંથી જેમ મીનજી;
તેમ તારા નેત્રના બાણુથી, કરીશ હું તમને આધીનજી; જોગ રે૦ ૧૩
ઢોંગ કરવા ત્યજી દઈ, પ્રીતે ગ્રહો મુજ હાથજી;
કાળજુ કપાય છે માહરૂં, વચનો સુણીને નાથજી. જોગ રે૦ ૧૪
બાર વરસ તુજ આગળે, રહ્યો તુજ અવાસજી;
વિવિધ સુખ મેં ભોગવ્યાં, કીધા ભોગ વિલાસજી;
આશા તજ રે હવે માહરી રે. ૧૫
ત્યારે હતો અજ્ઞાન હું, હતો કામનો અંધજી;
પણ હવે તે રસ મેં તજ્યો, સુણી શાસ્ત્રના પ્રબંધજી. આશા૦ ૧૬
જ્ઞાની મુનિ ને રૂષિયો, મોટા વિદ્વાન ભૂપજી;
તે પણ દાસ બની ગયા, જોઈ નારીનું રૂપજી. જોગ રે૦ ૧૭
સાધુપણું સ્વામી નહિં રહે, મિથ્યા વદું નહિ લેશજી;
દેખી રે નાટારંભ માહરો, ત્યજશો સાધુ વેશજી. જોગ રે૦ ૧૮
વિવિધ ભૂષણો ધારીને, સજી રૂડી શણગારજી;
પ્રાણ કાઢી નાંખે તાહરો, કુદી કુદી આ ઠામજી. આશા૦ ૧૯
તો પણ સામું જોઉં નહીં, ગણું વિસ સમાનજી;
સૂર્ય ઉગે પશ્ચિમ કદી; તો પણ છોડુ ન માનજી. આશા૦ ૨૦
ભિન્ન ભિન્ન નાટક મેં કર્યાં, સ્વામી આપની પાસજી,
તો પણ સામું જોઇ તમે, પૂરી નહિં મન આશજી;
હાથ રે ગ્રહો હવે માહરો. ૨૧
હસ્ત જોડી હવે વિનવું, પ્યારા પ્રાણ જીવનજી;
બાર વરસની પ્રીતડી, યાદ કરો તુમ મનજી. હાથ૦ ૨૨
ચેત ચેત રે કોશ્યા સુંદરી. શું કહું વારંવારજી;
આ સંસાર અસાર છે, નથી સાર લગારજી.
સાર્થક કરો હવે દેહનું. ૨૩
જન્મ ધરી આ સંસારમાં, નહિં ઓળખ્યો ધર્મજી;
વિધ વિધ વૈભવ ભોગવ્યાં, કીધા ઘણા કુકર્મજી; સાર્થક૦ ૨૪
તે સહુ ભોગવવું પડે, મૂઆ પછી તમામજી;
અધર્મી પ્રાણી ને મળે નહી. શરણું કોઇ કામજી. સાર્થક૦ ૨૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સિન્ધુ રૂપી આ સંસારમાં, માનવ મીન રૂપ ધારજી;
જંજાળ જાળ ઉપર ડગ ડગે, કાળરૂપી મચ્છી મારજી. સાર્થક૦ ૨૬
વિષય રસ વહાલો ગણી, કીધા ભોગ વિલાસજી;
ધર્મનાં કાર્ય કર્યાં નહિ, રાખી ભોગની આશજી.
ઉદ્ધાર કરો મુનિ માહરો. ૨૭
વ્રત ચૂકાવવા આપનું, કીધાં નાચ ને ગાનજી;
છેડ કરી રે મુનિ આપની, બની છેક અજ્ઞાનજી. ઉદ્ધાર૦ ૨૮
શ્રેય કરો મુનિવર મુને, બતાવીને શુભ જ્ઞાનજી;
ધન્ય ધન્ય છે આપને, દીસો મેરૂ સમાનજી. ઉદ્ધાર૦ ૨૯
બાર વરસ સુખ ભોગવ્યાં, ખરચ્યાં ખૂબ દિનારજી;
તોય હું તૃપ્ત થઈ નહિં, ધિક્ ધિક્ મુજ ધિક્કારજી. ઉદ્ધાર૦ ૩૦
છોડી મોહ સંસારનો, ધારો શિયલવ્રત સારજી;
તો સુખ શાંતિ સદા મળે, પામો ભવજળ પારજી. સાર્થક૦ ૩૧
ધન્ય છે મુનિવર આપને, ધન્ય શકડાલ તાતજી;
ધન્ય સંભૂતિ વિજય મુનિ, ધન્ય લાછલદે માતજી.
મુક્તિ કરી રે મોહ જાળથી. ૩૨
આજ્ઞા દીયો રે હવે મુજને, જાઉં મુજ ગુરૂ પાસજી;
ચોમાસું પુરું થયા પછી, સાધુ છંડે આવાસજી.
રૂડી રીતે શિયલવ્રત પાળજો. ૩૩
દર્શન આપજો મુજને, કરવા અમૃત પાનજી;
સૂરિ ઈન્દ્ર કહે સ્થુલીભદ્રજી, બન્યા સિંહ સમાનજી.
ધન્ય છે મુનિવર આપને. ૩૪

## ૧૧૩
## ભીલ્લડીની સજ્ઝાય

સરસતી સ્વામીને વિનવું, માગું એક પસાય;
સતી રે શિરોમણિ ગાઈશું, ધિંગડ મલ્લરાય. ૧
વન છે અતિ રૂયડો, ભીલ્લી કહે સુણો સ્વામીજી;
મારૂં વચન અવધારો, ફલ રે ખાવા અમે જાઈશું;
ઈણે વન મોઝાર. વન૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભીલ્લ કહે સુણો ગોરડી, ઇણે વન ન જાશો;
પરપુરૂષ તમને દેખશે, ધિંગડ મલ્લરાય. વન૦ ૩
ભીલ્લી કહે સુણો સ્વામીજી, મારો વચન અવધારો;
પરપુરૂષ ભાઈ બાંધવ, મારે ભીલ્લ છે રાય. વન૦ ૪
સ્વામી તણી આજ્ઞા લઇ, ભીલ્લી રમવાને ચાલી;
વન રે દીઠો રળીયમણો, ભીલ્લી ખેલવા લાગી. વન૦ ૫
દ્રમકરાય પૂંઠે ઊભો, ઝબકી નાઠી રે ભીલ્લી;
કમળે કમળે ગુફા છે, ભીલ્લી ભીંતી માં પેઠી. વન૦ ૬
ગજ ગતી ચાલે ચાલતી, તારાં દુઃખે છે પાય;
નમણી પદ્મણી વાલહી, પ્હેરણ પહેર્યા છે પાન. વન૦ ૭
રાય કહે પ્રધાન સુણો, ભીલ્લી રૂપે છે રૂડી;
ભોળ કરીને ભોળવો, મારે મંદિરે લાવો તેડી. વન૦ ૮
પ્રધાન ચઢીને આવીયો, લાગ્યો ભીલ્લીને પાય;
રાય કહે પ્રાણ તજુ, શું કરવું મોરી માય. વન૦ ૯
કહે તું અપસરા દેવ કન્યા, નહિ હું દેવ જ પુત્રી;
જન્મ દીયો મુજ માવડી, રૂપ દીયો કીરતાર. વન૦ ૧૦
વન વસો તમો ઝુંપડાં, આવો અમારે વાસ;
અમરે સરિખા રાજીયા; કેમ મેલો નિરાશ. વન૦ ૧૧
વન ભલું રે મારૂં ઝુંપડું, ખપ નહિં રે આવાસ;
અમરે સરખી ગોરડી, તારે ઘેર છે દાસ. વન૦ ૧૨
સાલ દાલ ધૃત સાલણા, નિત્ય નવા રે તંબોલ;
પેરણ ચિર પટોલિયા, બેસો હીંચકે હીંડોલ. વન૦ ૧૩
ભોજન કંઇક કરાવીયે, રાજા અર્થે અજાણ્યો;
ભોજ અમારો કદકીયાં, તાંદલા દે જી વજીર. વન૦ ૧૪
પેરણ કંઇક સરાવીએ, રાજા અર્થે અજાણ્યો;
પેરણ પાન પટોલીયા, મુજ ભીલ્લને સોહે. વન૦ ૧૫
પૃથ્વી પતિનો રાજીયો, તે તો કહીએ બાપ;
અમને પરિસહ કાં કરો; તમને લાગે છે પાપ. વન૦ ૧૬
મેરુ ડગે તો હું ડગું, ઉગે પશ્ચિમ ભાણ;
શિયલ ખંડિત મારૂ નવિ કરૂં, જો જાયે પ્રાણ. વન૦ ૧૭
રાય તુરંગેથી ઉતરીયો, લાગ્યો ભીલ્લી ને પાય;
વચન કુવચન કીધા ઘણાં, તે ખમજ્યો મોરી માય. વન૦ ૧૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભેર વાગે ભુંગલ વાગે, વાગે નવરંગ તાલ;
ભીલ્લી પધાર્યા મંદિરે, વર્ત્યો જયજયકાર. વન૦ ૧૯
ઉદયરત્નની વિનંતી, એ ઢાલ છે પૂરી;
નરનારી તુમે સાંભળો, એ સતી છે રૂડી. વન૦ ૨૦

## ૧૧૪
## ઉપશમની સજઝાય

ભગવતી ભારતી મન ધરીજી, પ્રણમી ગોયમ પાય;
સદ્‌ગુરૂ ચરણ પસાઉલે,જી કહું ઉપશમ સજઝાય રે પ્રાણી,
આણને ઉપશમ સાર, જે વિણ તપ જપ ખપ કરીજી,
ચારિત્રની હોય હાણ રે પ્રાણી. ૧
ઉપશમથી સંકટ ટળેજી, ઉપશમ ગુણહ ભંડાર;
ઉપશમથી સવી સુખ મળેજી, ઉપશમથી ભવપાર રે. પ્રાણી૦ ૨
ઉપશમ સંયમ મૂળ છે જી, ઉપશમ સંયમ કોડ;
વૈરી વેર વીના થઈજી, આગળ રહે કર જોડ રે. પ્રાણી૦ ૩
રીસવશે પરવશ પડયોજી, હારે બે ઘડી માંહ;
ચારિત્ર પૂરવ કોડનુંજી, ગણધર દે ઇમ સાહ રે. પ્રાણી૦ ૪
ક્રોધ વૃદ્ધિ કડુઆ તણાંજી; વિષમાં ફલફુલ જાણ;
ફુલ થકી મન પરજલેજી, ફલથી કરે ધર્મ હાણ રે. પ્રાણી૦ ૫
વિરૂઆ વૈરી શું કરે જી, મારે એક જ વાર;
ક્રોધ રૂપ રિપુ જીવનેજી, આપે અનંત સંસાર રે. પ્રાણી૦ ૬
જો કો વારે કે દીયેજી, આપણ પહેલી રે ગાલ;
તે ઉપશમ ધરીજી, વળતું વચન મ આલરે. પ્રાણી૦ ૭
મત્સર મન માંહી ધરીજી, કીજે કરીયા કલાપ;
તે રજ ઉપર લીંપણુંજી, વળી જેમ રાન વિલાપ રે. પ્રાણી૦ ૮
રાઈ શરસવ જેવડાંજી, પરનાં દેખે રે છિંદ;
બીલાં સરખાં આપણાંજી, નવિ દેખે મન રૂદ રે. પ્રાણી૦ ૯
પર અવગુણ મુખ ઉચ્ચરેજી, કાંઈ વખાણે આપ;
પરભવ સહેતાં દોહિલાંજી, પરનિંદાનાં પાપ રે. પ્રાણી૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શુદ્ધ ગુરૂ શુદ્ધ દેવનેજી; હીલે હીનાચાર;
કેવલજ્ઞાની એ કહ્યોજી, તાસ ઘણો સંસાર રે. પ્રાણી૦ ૧૧

પરની તાંતે બાપડીજી, મહીયાં ગુંથી રે જાળ;
નરક તિર્યંચ ગતિ દુઃખ લહેજી, રૂલે અનંતાકાળ રે. પ્રાણી૦ ૧૨

નરભવ નિંદક નિગમેજી, ધર્મ મર્મ અણજાણ;
આપ પિંડ પાપે ભરેજી, તસ જીવીત અપ્રમાણ રે. પ્રાણી૦ ૧૩

પરનાં પાતક ધોઈએજી, નિપજાવી પરતાંત;
મૂકી પૈશુન્ય પણું પરહુંજી, નિજ અવગુણ કર શાંત રે. પ્રાણી૦ ૧૪

મેતારજ મુનિ રાજીયોજી; શમરસ તણો નિધાન;
પરિસહ રીસ વિના સહીજી, પામ્યો મુક્તિ પ્રધાન રે. પ્રાણી૦ ૧૫

ખંધક સૂરિ તણાં યતિજી; ક્ષમા તણાં ભંડાર;
ઘાણી એ ઘાલી પીલતાં રે, ન ચાલ્યું મિત્ર લગાર રે. પ્રાણી૦ ૧૬

કુરગડુ હુઆ કેવલીજી, કૂડી છાંડી રીશ;
તપીયા મુનિ મૂકી સૂરિજી, પહેલી નામે શીશ રે. પ્રાણી૦ ૧૭

ગિરૂઓ ગજસુકુમાલજી રે, ન કર્યો કોપ લગાર;
સસરે શિર ઉપર ધર્યાજી, ધગધગતા અંગાર રે. પ્રાણી૦ ૧૮

દૂર મુખ વચન સુણી કરીજી, પ્રસન્નચંદ્ર ઋષિરાય;
ક્રોધ ચડયો કર્મે નડયોજી, બાંધ્યું નરકનું આય રે. પ્રાણી૦ ૧૯

મસ્તક લોચ દેખી કરીજી, વલીયો મુનિ વન માંહી;
ક્રોધ ગયો નિરમળ થયોજી, લહ્યો કેવલ તિણ ઠાય રે. પ્રાણી૦ ૨૦

ક્ષમા ખડ્ગ નહિ જેહનેજી, તે દુઃખીયા સંસાર;
ક્રોધ યોધશું ઝુંઝતાજી, કિમે નવિ પામે પાર રે. પ્રાણી૦ ૨૧

ભવ વિણસે હોંશે કરીજી, સ્રીથી શીલ વિનાશ;
માને વિનય વિણાસીયેજી, ગરવે જ્ઞાન અભ્યાસ રે. પ્રાણી૦ ૨૨

જેહને મન ઉપશમ રમેજી, નહી તસ દુઃખ દંદોલ;
કહે શિષ્ય ઉવજ્ઝાયનોજી, મુનિ લક્ષ્મી કલ્લોલ રે. પ્રાણી૦ ૨૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૧૫
## ઢુંઢક પચવીશીની સજઝાય

શ્રી શ્રુતદેવી પ્રણમી કહેસ્યું, જિન પ્રતિમા અધિકાર;
નવિ માને તસ વદન ચપેટાં, માને તસ શિણગાર.
શ્રી જીન પ્રતિમાશું નહિ રંગ, તેનો કદિય ન કીજે સંગ. ૧
કેવલ નાણી, ચઉનાણી, એણુ સમે નહિ ભરત મઝાર;
જિન પ્રતિમા જિન પ્રવચન, જિનો એ મોટો આધાર. ૨
તે જીનવર પ્રતિમા ઉત્થાપી, કુમતિ હૈયા ફુટે;
તે વિના કિરીયા હાનિ લાગે, તે તો થોથા કુટે. ૩
જિન પ્રતિમાં દર્શથી દર્શન, લહીએ વ્રતનું મૂળ;
તેહજ મૂળ કારણ ઉત્થાપી, શું થાયે જગ શૂલ. ૪
અભયકુમાર મૂકી પ્રતિમા, દેખી આર્દ્રકુમાર;
પ્રતિબોધે સંયમ લઈ સુધો, એ ચાવો અધિકાર. ૫
પ્રતિમા આકારે મચ્છ નિહાળે, અન્ય મચ્છ સવિ બુઝે;
સમકિત પામે જાતિ સ્મરણ, તસ પૂર્વભવ સુઝે. ૬
ચૈત્ય વિના અન્ય તીરથ મુજને, વંદન પૂજા નિષેધે;
સાતમે અંગે શ્રી આણંદે, સમકિત ધારૂં સૂધે. ૭
છઠ્ઠે અંગે જ્ઞાતા સૂત્રે, દ્રૌપદીએ જીન પૂજ્યા;
એહવા અક્ષર દેખે તો પણ, મૂઢ મતિ નવિ બુઝયા. ૮
ચારણ મુનિએ ચેઈય વંદ્યા ભગવઈ અંગે રંગે,
મરડી અર્થ કરે તિણ સ્થાનક, કુમતિ તણે પ્રસંગે. ૯
ભગવઈ આદિ શ્રી ગણધરજી, બંભી લીપીને વાંદે;
એહવા અક્ષર સ્થાપના દેખી, કુમતિ કહો કિમ નંદે. ૧૦
સુર્યાભે જિન આગલે, નાટક કીધું મનને રંગે;
સમકિત દૃષ્ટિ તેહ વખાણ્યા, રાય પસેણી ઉવંગે. ૧૧
સમકિત દૃષ્ટિ શ્રાવક કરણી, જિનઘર જેહ કરાવે;
તે બારમેં દેવલોક પહોંચે, મહાનિષીથ આલાવે. ૧૨
અષ્ટાપદ ગિરિ ઉપર ભરતે, મણિમય બિંબ ભરાવ્યા;
એહવા અક્ષર આવશ્યક સૂત્રે, ગૌતમ વંદન આયા. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પરંપરાગત પુસ્તક પ્રતિમા, માને તેહજ નાણી;
નવિ માને તેહજ અજ્ઞાની, એવી જીનવર વાણી. ૧૪
ઢુંઢક વાણી કુમત સમાની, સુણો મત ભૂલો પ્રાણી;
બોધિ બીજની કરશે હાણી, કિમ વરશે શિવરાણી ૧૫
ક્ષેત્રપાલ ભવાની દેહ રે, તિહાં જાવું નહિ વારે;
વીતરાગને દેહરે વારે, તે કુણસૂત્ર અનુસારે. ૧૬
મેલાં કપડાં મોઢું બાંધી, ઘર ઘર ભીક્ષા ફરતા;
માંદા માણસની પરે થોડું, બોલે જાણે મરતાં. ૧૭
બારસ કાલા માંહે કાલા, જેહવા કાલા પારા;
પંચમકાલે એ દુષ્ટ પ્રગટયા, મહામૂઢ વિકરાલા. ૧૮
ઢુંઢત ઢુંઢત પ્રાણી, તોહા ધર્મ ન પાયો;
તે માટે મૂઢ ઢુંઢક કહેવાયો, એળે જન્મ ગમાયો. ૧૯
ભાવ ભેદ તત્ત્વ નવિ જાણે, દયા દયા મુખ ભાખે;
મુગ્ધ લોકને ભરમે પાડે, એ પણ દુર્ગતિ માટે. ૨૦
ભાષ્ય ચૂર્ણી ટીકા નવિ માને, કેવલ સૂત્ર પોકારે;
તે માંહે નિજ કલ્પિત સ્થાપી, બહુ સંસાર વધારે. ૨૧
આખો સ્કંધ ઉત્થાપે તેની, શી ગતિ હોશે સારી. ૨૨
ચિત્ર લિખિત નારી જોવંતા, વાધે કામ વિકાર;
તિમ જીન પ્રતિમા મુદ્રા દેખી, શુદ્ધભાવ વિસ્તાર. ૨૩
તે માટે હઠ છંડો ભવિયાં, પ્રતિમાશું દિલ રાખો;
જિન પ્રવચન જેને, અનુભવ ભરી રસ ચાખો. ૨૪
ઢુંઢક પચવીશી એહ મેં ગાઈ, નગર નાડુલ મઝાર;
જસવંત શ્રી જિનેન્દ્ર પયંપે, હિતકાર અધિકાર. ૨૫

## ૧૧૬
## વિષયરાગ નિવારકની સજ્ઝાય

મનઆણી જીનવાણી પ્રાણી જાણીયે રે, એ સંસાર અસાર;
દુઃખની ખાણી એહ વખાણી કામિની રે; મ કરીશ સંગ લગાર;
ભોલા ભૂલમાં રે. ૧

ભમુહ ભમાડી આંખે દેખાડે પ્રીતડી રે, હસી હસી બોલે બોલ;
મુહની રૂડી હઈડે કુડી જીવડા રે, એ વિષ વેલિને તોલ. ભોલા૦ ૨
આંસુ પાડી દુઃખ દેખાડી આપણું રે, સાંભળ સાહસ ધીર;
ઈણે જનમારે નવિય હમારે તુમ વિના રે, અવર હૈયાનો હીર. ભોલા૦ ૩
લજ્જા ધરતી આગળ ફરતી ઉતરે રે, કરતી નયણ વિલાસ;
મોહ જાલમાંહિ પડયા નડયા જે બાપડા રે, તે નરનારીનાં દાસ. ભોલા૦ ૪
નયણે મૂકે પણ નવિ ચૂકે કામિની રે, પણછ વિના તે બાણ;
નામે અબલા પણ સબલાને સાંકલ્યાં રે, ઈણે ઈમ રાણોરાણ. ભોલા૦ ૫
નારી નિહાલી તુઝને બાળી મૂકશે રે, પ્રત્યક્ષ અગનની ઝાલ;
તૃપ્તિ ન પામે આપ્યે દામે ભામિની રે, પરિણામે વિકરાળ. ભોલા૦ ૬
આલસ અંગ ઉત્સંગે અંગના રે, કિહાં તેહને જીનનામ;
આગે ખોડો પગે બેડી પડી રે, તે કિમ પાંમે ગામ. ભોલા૦ ૭
નીરખી રૂપવંતી ને પ્રત્યક્ષ પાંતરો રે, તેનો કરો સુવિચાર;
રૂધિર માંસ મલ મૂતરશું ભરી રે, નારી નરકનું બાર. ભોલા૦ ૮
કાને કરીને કેસરી આણે આંગણે રે, જો ઉપજે નિજ કાજ;
ધબકી ધૂજે આઈ રે ઝુઝે કુતરા રે, હું બીહું અબલા આજ. ભોલા૦ ૯
પ્રેમ તણાં જે ભાજન સાજન તેહને રે, અણપુહુચંતિ આશ;
મુકે હાંકી અતિઘણું વાંકી બોલતી રે, જારે જા તું દાસ. ભોલા૦ ૧૦
રાય પરદેશી સુરી કાંતાએ હણ્યો રે, જે જીવન આધાર;
પગશું સાયર રયણાયર ઉતરે રે, તે નવિ પામે પાર. ભોલા૦ ૧૧
જો જો અંગજ હણવાને કર્યો રે, ચુલણીએ બહુ મર્મ;
રાતી ચાતી વનિતા ને નવિ ચિંતવે રે, કરતાં કાંઈ કુકર્મ. ભોલા૦ ૧૨
ઈંદ ચંદ નાગિંદ સુરિંદનાંરે, વલી વાહ્યા બલવંત;
તજીયે પ્રાણી એહવું જાણી કામિની રે, ગુણ લીજે ગુણવંત. ભોલા૦ ૧૩
ભાઈ સરીખો સુરપતિ સરસો રાખીયો રે, છાનો મીનીને રૂપ;
સુખનાં હુંશી તુમને મુંસી મુકશે રે, એહ મનોભવ કૂપ. ભોલા૦ ૧૪
માયા કરશી નારી હરશી ભોલવી રે, શીલ રયણ જે સાર;
એહ સંઘાતે મ કરીશ વાત પણ ઘણું રે, જિમ પામે જયકાર. ભોલા૦ ૧૫
સ્થુલિભદ્ર જંબૂને પાયે લાગીયે રે, ધન્ય ધન્નો અણગાર;
બાલપણે મતિજાગી વૈરાગી થયા રે, તિન મુનિ વયરકુમાર. ભોલા૦ ૧૬
નર ને નારી હૃદય વિચારી ચેતીયે રે, છંડી વિષય વિકાર;
મેરૂ વિજય ગુરૂચરણ પસાયે પામીયે રે, ઋદ્ધિ વિજય જયકાર. ભોલા૦ ૧૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૧૭
# માર્ગાનુસારી ગુણની સજ્ઝાય

વીર કહે ભવિજન પ્રત્યે, માર્ગ તણો ઉપદેશ હો સુંદર;
માર્ગના અનુસરવા વિના, કિમ લહે માર્ગ પ્રવેશ. હો સુંદર ૧

માર્ગાનુસારી ગુણ ભજો, તે સંખ્યા પાંત્રીશ; હો ,,
તેહથી ગૃહીધર્મ યોગ્યતા, હોય તેહ કહીશ. હો ,, ૨

ન્યાયોપાર્જિત સંપદા, શિષ્ટાચારનો ચાહ; હો ,,
અન્ય ગોત્રીયનાં કુલ શીલે, સરખાં સાથે વિવાહ. હો ,, ૩

પાપ કાર્યથી બિહવું, દેશાચાર સાપેક્ષ; હો ,,
અપયશ કોઈનો ન બોલવો, રાજાદિકનો વિશેષે. હો ,, ૪

નહિ અતિ વાવર સાંકડે, ઠાણાયે કરવો વાસ; હો ,,
પાડોશી હોએ ભલા, નહિ બહુદ્વાર પ્રકાશ. હો ,, ૫

અંગ સદાચારી તણો, માતપિતાની સેવ; હો ,,
બહુ ઉપદ્રવને ઉપને સ્થાનક, તજવા હેવ. હો ,, ૬

નીચકર્મ અપવર્તના, કરવો વ્યય જોઈ આપ; હો ,,
વિત્ત પ્રમાણે વેસડો, અડગુણ બુદ્ધિ પ્રથાય. હો ,, ૭

સાંભલવું નિત્ય ધર્મનું, અજીર્ણે ભોજન ત્યાગ; હો ,,
ભોજન ટરવું સાતિમિ, ભૂખ તણે બહુ લાગ. હો ,, ૮

ધર્માર્થ કામનું સાધવું, માંહે માંહે અવિરોધ; હો ,,
સાધુ અતિથિની દીનની, પડિઅરણા જહાં સંધિ. હો ,, ૯

પરંપરાભવ બુદ્ધિયે કરી, કાર્ય તણો અનારંભ; હો ,,
વિનય નયાદિક ગુણ તણો, પક્ષપાતે નહિ દંભ. હો ,, ૧૦

દેશનિકાલ વિરુદ્ધની, આચરણા પરિહાર; હો ,,
કાર્ય આરંભ અવસરે, શક્તિ અશક્તિ વિચાર. હો ,, ૧૧

જ્ઞાની ગુણવંત સેવનાં, આશ્રિત પોસવો ધ્યાન; હો ,,
દીર્ઘદૃષ્ટિ વિચારવું, ન્યૂન વિશેષનું જ્ઞાન. હો ,, ૧૨

કીધા ગુણનું જાણવું, જન અનુકુલ પ્રવૃત્ત; હો ,,
લજ્જા દયાને સૌમ્યતા, પર ઉપકારની વૃત્તિ. હો ,, ૧૩

અંતર રિપુ ષડવર્ગ જે; કામક્રોધ લોભ માન; હો ,,
મદ ને હર્ષ જીતવા, વશ પંચિંદ્રિય તાન. હો ,, ૧૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એહ ગુણે જે ગૃહીપણું, પાલે તે ધન્ય જીવ; હો ,,
તે ભવ જુગલ આરાધતાં, હુએ આનંદી સદિવ. હો ,, ૧૫
પ્રાયેઃ હુએ તેહને વિષે, ધર્મ બીજનો પ્રસાર; હો ,,
શુદ્ધ ભૂમીયે બીજ વાવિયા, ધાન્ય જાતિ વિસ્તાર. હો ,, ૧૬
ઇમ જાણી ગુણ આદરો, આદિ ધાર્મિક એહ જાણી; હો ,,
પંડિત શાંતિ વિજયતણો, માન કહે શુભ વાણી. હો ,, ૧૭

## ૧૧૮
## પ્રદેશી રાજાની સજ્ઝાય

શ્રી શંખેશ્વર પ્રણમું પાસ, પ્રગટ પ્રભાવી પૂરે આશ;
સાધુ શિરોમણી કેશિકુમાર, મહામુનિવર મોટા ગણધાર. ૧
શ્વેતાંબી નગરી સમોસરે, પ્રશ્ન દશ પરદેશી કરે;
સાંભળો સુર નરકા સંદેહ, પિતા અધર્મી માહરો જેહ. ૨
પાપ કરી નરકે તે ગયો, પાછો મુજ આવી નવિ કહ્યો;
કેશી કહે નગર મંડાણ, સૂરિકાતા નારી સુજાણ. ૩
સેવંતી દીઠી વ્યભિચાર, તું કાં નદીએ જાવા જાર;
તિમ તેહને ન દીએ આવવા, પરમાધામી નરકે એહવા. ૪
વળી નૃપ કહે નથી સુરલોક, માતા માહરી ધર્મી શ્લોક;
ગઇ સરગે આવી નવિ કહ્યું, પુણ્ય થકી ફલ એમ એ લહ્યું. ૫
ગુરૂ કહે જાય તું મજ્જન કરી, દેવકુલે શુચિ વસ્ત્ર ધરી;
કોઇક શ્વપચ તેડે નવિ જાય, તિમ સુર નાવે સુખ મહિમાય. ૬
વલી સંશય મુજ જીવ સુરંગ, ચોર ગ્રહી અથ કોઠી અભંગ;
ઘાલી જોયો નવિ દીઠો જીવ, કિહાં ગયો ગુરૂ કહે સુણ પારથીવ. ૭
ભૂમિ ગૃહ પેસી કોઈ ઢોલ, તાડે શબ્દ સુણાય અતોલ;
કુણ મારગે તે શબ્દ નીકળ્યો, તિમ જીવ વાયુ સમો અટકળ્યો. ૮
વળી કહે તિહાં કીડા ઉપન્યાં, જીવ કયે મારગ નિપન્યા;
ગુરૂ કહે લોહખંડ તપાવ્યો, અગનિ કયે છિદ્ર માંહે ઠવ્યો. ૯
વન્હી જીમ પઇઠો લોહ માંહિ, તિમ જીવ ઉપન્યા કોઠા માંહિ;
વળી ભૂપતિ કહે વૃદ્ધ યુવાન, નાખે બાણ ધરી એકતાન. ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક આસન એક દૂરે જાય, સરિખો જીવતો અંતર કાંય;
જીવ પદારથ ઈમ નહિ મહી, ગુરૂ કહે સુણુ રાજન ગહગહી. ૧૧
તનુ ઉપગરણુ સવિ જૂનાં થયાં, સરિખા જીવ પણ કરમે ગ્રહ્યા;
વળી કહે એક દિન ચોર ઝાલીએ, શૂલારોપ કરી ઉતારિયો. ૧૨
હિંસી તોલ્યો સરિખો થયો, જીવ અજીવ અધિકો નવિ લહ્યો;
ગુરૂ કહે દડો વાયે ભર્યો, ઠાલો તોલ્યો સમ ઉતર્યો. ૧૩
તિમ એ જીવ ગુરૂ લઘુ નવિ હોય, વળી રાજા જંપે ગુરૂ જોય;
ચોર ગ્રહી જોયો વધ કરી, ખંડો ખંડ કરી ફિરી ફિરી. ૧૪
નવિ લાધ્યો તે જીવ સુજાણુ, કર્યો નિશ્ચય મેં જીવ અઠાણુ;
ગણુધર કહે અરણી પાસાણુ, અગ્નિ માંહિ અછે નૃપ જાણુ. ૧૫
નવિ દીસે તે બહિર મહીં, જીવ અછે પણુ દીસે નહીં;
જંપે ભૂપતિ ઘટઘટ થંભ, દીસે છે પણુ જીવ અચંભ. ૧૬
કાં નજર નાવે રે જીવ, તેણે મુજ મન સંશય અતીવ;
આચારજ કહે સાંભળ ભૂપ, તરૂ હાલે છે વાયુ સરૂપ. ૧૭
તરૂ હીએ નવિ દીસે વાય, એહ સરૂપી જીવ કહેવાય;
કહે નરપતિ કુંજર કુંથુઆ, સરીખા જીવ તો કો જુજુઆ. ૧૮
એક મોટો એક લઘુ નર હોય, એ સંશય મુજ હઈડે જોય;
ગણુધર કહે દીવો ગૃહ માંહિ, અજુઆળું કરે સઘળે ત્યાંહી. ૧૯
કુંડક મહેલ્યો તવ તિહાં, અજુઆળું વ્યાપે વળી જીહાં;
તિમ એ જીવ તનુ વ્યાપી રહ્યા, ગુરુ લઘુ કાયાએ તિમ લહ્યો. ૨૦
દશમું પ્રશ્ન પૂછે નૃપ વલી, સાંભળો ગણુ નાયક મન રૂલી;
પેઢી ગત કિમ મુકુ ધર્મ, હોએ લાજ મુજ લાગે શર્મ. ૨૧
ગુરૂ કહે વ્યાપારી જીમ કોય, વ્યાપારે પોહોંચે તું જોય;
લોહખાણી દેખી તે ભરે, વળી તિહાંથી આઘા સંચરે. ૨૨
ત્રાંબુ દેખી છંડી લોહ, એક ન છંડે આણી મોહ;
રૂપું હેમ રયણુ ઈમ લીએ, એક ન છંડે લોહું લીએ. ૨૩
ઘરે આવ્યા ને લીલા કરે, લોક ગ્રાહક તે દુઃખીયો ફરે;
તિમ કુજાત છંડી આપણો, કહેણુ કરો અમ જીમ સુખ ઘણો. ૨૪
તેહ વચન નીજ હયડે ધરે, ગુરૂવંદી ચરણે અનુસરે;
સામી તેં મુજ તાર્યો આજ, બેસાર્યો શીવપુરને રાજ. ૨૫
બાર વ્રત ગુરૂકને ઉચરી, શુદ્ધ શ્રાવકના વ્રત આદરી;
પહેલે દેવલોકે થયો દેવ, સૂર્યાભ નામ કરે સૂર સેવ. ૨૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અવધિ કરી જોઇ જિનસંગ, બત્રીશબદ્ધ નાટક ઉછરંગ;
કરી વીરજીન વંદી જાય, ગૌતમ પૂછે પ્રણમી પાય. ૨૭
સામી એ કુણ પામી ઋદ્ધિ, સકલ વાત કહી સુપ્રસિદ્ધિ;
એક ભવાંતર મુગતિ જશે, અવિચલ સુખ પૂરાં પામશે. ૨૮
રાયપસેણી માંહી અધિકાર, જોઈ કીધો એહ વિચાર;
અધિકું ઓછું જે અહીં હોય, પંડિત જન શુદ્ધ કરજો સોય. ૨૯
ગુરૂ નામે લહીએ ગહગટ્ટ, ગુરૂ નામે લઇએ શિવવટ્ટ;
એહવા ગુરૂની સેવા મિલે, તો મન વાંછિત આશા ફલે. ૩૦
સંવત સત્તર પણુવીસો સાર, આસાઢ સુદિ તેરસ રવિવાર;
શ્રી જયવિજય પંડિત સુપસાય, મેરૂ વિજય રંગે ગુણ ગાય. ૩૧

## ૧૧૯
## મરૂદેવા માતાની સજ્ઝાય

ઇણ હી જંબુ દ્વીપે હો ભરતક્ષેત્રમાં રે, વીરહો મુક્તિનો હોય;
અઢાર કોડાકોડી હો સાગરમાંહે રોકિયો રે, મુકતે ગયો નહિ કોય;
માતાજી મરૂદેવા હો મુક્તિ ખોલ્યો બારણો રે. ૧
પેલાં પોત્યાં નિરવાણ, અંતર ક્રિયા ભાખી હો;
સૂત્ર ઠાણાંગ માંહે, આગમ વચન પ્રમાણ. મા૦ ૨
કેળ સરખી કાયા હો ધનુષ્ય પાંચસો રે, સોવન વર્ણ શરીર;
સુપન માંહે હો કદીય ન જાણ્યો સાસરો રે, ન જાણ્યો કદાચ પિયર. મા૦ ૩
ક્રોડ પૂરવ લગે હો સોહાગણ રહ્યાં સતી રે, નીત નીત નવલે વેશ;
ભર જોબન રહ્યાં હો માતાજી જીવ્યાં જ્યાં લગે રે, કાળા ભમ્મર કેશ. મા૦ ૪
ઓસડ એક ન લીધો હો માતાજી જીવ્યાં જયાં લગે રે, કદી કસર ન હુઈ પેટ;
માથું હાથ પગ હો પલક પણ નવિ દુખ્યાં રે, ક્રોડ પૂરવ લગે ઠેઠ. મા૦ ૫
ક્રોડ પૂરવમેં હો એક જોડલો જણ્યો રે, મરૂદેવાજી માત;
તારા સરખો બેટો હો કોણે જનનીએ ન જણ્યો રે, ત્રણ ભુવનનો નાથ. મા૦ ૬
દોનું સુંદરી હો સોવન વર્ણી શોભતી રે, પરણી તે ઋષભ જીણંદ;
ભરતક્ષેત્રમાં હો વિવાહ પહેલો એ હુવો એ, સૂત્રમાં સરવ સંબંધ. મા૦ ૭
એકસો પુત્ર હો દાદીએ નયણે નિરખ્યા રે, બ્રાહ્મી સુંદરી દોય;
સર્વ કબીલો સુખીયો હો દુઃખીયો કોઇ નવિ દેખીયો રે,
ઐસો પુન્ય કેને હો ન હોય. મા૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પાંસઠ હજાર પેઢી હો નયણે નીરખી રે, આપણ દાદીએ દાદાજીનું નામ;
બેટા પોતના હો પડ પોતરા લડપોતરા રે, લાગે દાદીને પાય. મા૦ ૯
ષટ્ખંડ ભોક્તા હો ભરતનો ધણી રે, અરજી કરે કરજોડ, દાદીને પાય લાગે;
હો મુજરો લેજો, માહરો મુખ આગળ મદ મોડ. મા૦ ૧૦
હાથી હોદે બેઠાં હો દેખે પુત્રને રે, રહ્યા ઋષભને જોય;
મરૂદેવા માતા હો મનશું, જીત્યો મોહને રે, કેણે હો સગો નહિ કોય. મા૦ ૧૧
કેવળ પામ્યા હો માતાજી, મુક્તે ગયા રે, હાથી હોદે બનરાગ;
પછી શીવ ગયા હો અસંખ્યાતા કેવલી રે, ખોલ્યો મુક્તિનો માર્ગ. મા૦ ૧૨
તીર્થંકર ચક્રી હો હલદર રાણા રે, કેશવરાણા રાવણ રાય;
ઐસી કરણી માતા હો લુગાઈ નહી ભરતમાં રે ઈણ ચોવીશી માંય. મા૦ ૧૩
સાધુ સાધ્વીમાં હો ચોવીશીના મુક્તે રે ગયા, સૂત્ર સિદ્ધાંત મોઝાર;
મરૂદેવી માતાએ મુક્તિનો ખોલ્યો બારણો રે, જડીઓ જંબુકુમાર. મા૦ ૧૪
સંવત અઢાર હો વરસ પચાસમાં રે, નુષ્ય જ્યેષ્ઠ જગમાળ;
જસવિજય જોડી હો સજ્ઝાય જુગતી શું રે, આછો શહેર અજમેર. મા૦ ૧૫

## ૧૨૦
## મનોરમા સતીની સજ્ઝાય

મોહનગારી મનોરમા, શેઠ સુદર્શન નારી રે;
શીલ પ્રભાવે શાસન સુરી, થઈ જસ સાનિધ્ય કારી રે. મો૦ ૧
દધિવાહન નૃપની પ્રિયા, અભયા દીએ કલંક રે;
કોપ્યો ચંપાપતિ કહે, શુલી રોપણ વંક રે. મો૦ ૨
તે નિસુણીને મનોરમા, કરે કાઉસ્સગ્ગ ધરી ધ્યાન રે;
દંપતિ શીલ એ નિર્મલું, તો વધો શાસન મામ રે. મો૦ ૩
શૂલી સિંહાસન થઈ, શાસન દેવી હજુર રે;
સંજમ ગ્રહી થયાં કેવલી, દંપતી દોય સનુર રે. મો૦ ૪
જ્ઞાનવિમળ ગુણ શીલથી, શાસન શોભ ચઢાવે રે;
સુરનર સવિ તસ કિંકરા, શિવસુંદરી તે પાવે રે. મો૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨૧
## સીતા સતીની સજઝાય

**ગાથા** સરસ્વતી ભગવતી ભારતી, પ્રણમી તેહના પાય;
સીતાના ગુણ ગાવશું, જિમ મુજ આણંદ થાય રે. ૧
**ઉથલો** આણંદ થાયે ગુણજ ગાતાં, જનકરાય સુતા સહી;
અયોધ્યા પતિ દશરથ નંદન, વરી રામે ગહ ગહી. ૨
અતિરૂપ સીતા ત્રિજગ વદીતા, તસ ઉપર નહિ રતિ;
કર્મ વશે વનવાસ પામ્યા, રામ સીતા દંપતિ. ૩
**ગાથા** લંકા ગઢનો જે રાવણ ધણી, જેહને દશશીશ સોહાય રે;
સતી રે સીતા તેણે અપહરી, જગ સઘળે તેહ કહેવાય રે. ૪
**ઉથલો** કહેવાય સીતા હરીય રાવણ, લંપટ પણ લાવ્યો સહી;
શ્રી રામે યુદ્ધ કરીય હણીયો, પાછી લાવ્યા ગહ ગહી. ૫
અયોધ્યા આવે બહુ સુખ થાવે, હર્ષવિસાદ અતિ ઘણો;
લોકાપવાદ સુણ્યો શ્રવણે, સહી રામે સીતા તણો. ૬
**ગાથા** સહુ મનમાંહે ચિંતવે, લોક તણી મુખ બોલ જી;
તિણે વચને મન દુઃખ ધરે, ચિંતા અને અતિ શોકજી. ૭
**ઉથલો** શોક ધરે રાજા રામ લક્ષમણ, ચિંતવે તેહ ઉપાય;
અમ બોલ જો નિષ્કલંક થાયે, તો સહી આનંદ થાય. ૮
તિણ સમે સીતા હાથ જોડી, રામ ચરણે શીશ નામે વળી;
રઘુનાથ નંદન ધીજ કરાવો, જિમ પહોંચે મનની રળી. ૯
**ઢાલ** રામ સીતા ને ધીજ કરાવે રે, સુરનર બહુ જોવાને આવે;
આવે ઇંદ્ર ઇંદ્રાણી જોડી રે, અમરકુમરી બહુ કોડી. ૧૦
મળીયા તિહાં રાણો રાણી રે, નરનારી ચતુર સુજાણ;
મહાધીજ સીતા તિહાં મંડે રે, દેખી સૂર સુભટ સત છંડે. ૧૧
કાયર નર કેતા નાસે રે, જઇ રહ્યા ગુફા વનવાસે;
ત્રણસેં હાથની ખાઇ ખોદાવે રે, લેઇ અગર ચંદને ભરાવે. ૧૨
માંહે વિશ્વાનળ પરજાળે રે, ઉપર નામે ઘૃતની ધારો;
જવાળા તે દશો દિશી જાયે રે, સહુ આકુળ વ્યાકુળ થાય. ૧૩
તિહાં અગ્નિ દીસે વિકરાળ રે, જાણે ઉગતો સૂરજ બાળ;
બાળ તો તરૂવરની તે ડાળ રે, જાણે કાંપે ચઢયો વિકરાળ. ૧૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેણે સમે સીતા એમ બોલે રે, રૂડા વયણ અમીરસ તોલે;
રામ વિના મુજ અવર ભાઇ રે, તિહાં કીધી અગ્નિ સખાઈ. ૧૫
ઇમ સહુકોને સંભળાવે રે, સીતા અગ્નિ કુંડમાં ઝંપલાવે;
મુખ નવકાર ગણંતી ગેલે રે, સીતા શીતળ જળમાં ખેલે. ૧૬
જળનાં તિહાં ચાલે કલ્લોલ રે, જલચર જીવ કરે રંગરોળ;
ચક્રવાક સારસ તિહાં બોલે રે, હંસહંસ તણી ગતિ ખેલે. ૧૭
તિહાં કનક કમળ દળ સોહે રે, ઉપર બેઠી સીતા મન મોહે;
અગ્નિકુંડમાં થયો પુષ્કરણી રે, જુવો શીલતણી એ કરણી. ૧૮
જળક્રીડા કરી તટે આવે રે, સુરનર નારી ગુણ ગાવે;
પંચ પુષ્પ વૃષ્ટિ શીર કીધી રે, સીતા ત્રિભુવન હુઈ પ્રસિદ્ધી. ૧૯
સુરનર નારી તિહાં નાચે રે, દેખી સીતાના ગુણ સાચે;
દેવ દાનવ વાજીંત્ર વાજે રે, ઇંદ્રાદિક અધિક ઉમાહે. ૨૦
ઘર ઘરના વધામણાં આવે રે, માણેક મોતીયે થાળ ભરાવે;
સતી સીતાને સર્વ વધાવે રે, સોહાગણ મંગળ ગાવે. ૨૧
ભામંડળ શત્રુઘ્ન હોઈ રે, બાંધવ સીતાના હોઈ;
રૂપે અલિ જ કરે ગુણ ગ્રામ રે, તું છે અમ કૂળ તિલક સમાન. ૨૨
શશિ વરસે કિમ વિષ ધારા રે, ગંગાજલ ન હોયે ખારા;
સાયર કેમ ઓલંઘાય રે, મેરૂ ત્રાજવે કેમ તોળાય. ૨૩
ચિંતામણી ન હોયે કાચે રે, કીમ પાંગળો નાટક નાચે;
કામધેનુ કાલી કિમ કહીએ રે, આકાશ માન કિમ લહીએ. ૨૪
ઈંદ્ર ને ઘેર દારિદ્ર ન આવે રે, પુણ્ય હીનો તે કિમ સુખ પાવે;
મહિષ ઐરાવણ કિમ જીપે રે, વંશ પુત્ર વિના નવિ દીપે. ૨૫
માન સરોવર તેહ ન સૂકે રે, સાયર મર્યાદા નવિ મૂકે;
ધ્રુનો તારો કદી નવિ ચાલે રે, મંદર ગિરિ કબહી ન હાલે. ૨૬
સાચો હીરો કહો કિમ ચૂરે રે, આકાશે આડ કોણ પૂરે;
હરિશ્ચંદ્ર વાચા નવિ લોપે રે, કહો મુનિ ગાળ દીયે નવિ કોપે. ૨૭
વાંઝણી નારી જણે બેટો રે, સુપ્રને કહો કોણ કહે મોટો;
સિંહને કોણ કહે શિયાળરે, નવનંદન ન હોય દયાળ. ૨૮
સૂર્ય ઉગ્યો પશ્ચિમ કિમ પેખો રે, દયા વિના ધર્મ નવિ લેખો;
શેષ નાગ ધરણી કિમ મૂકે રે, તો સીતા શીયળ કિમ ચૂકે. ૨૯
રઘુપતિ કહે રથ બેસીજે રે, અયોધ્યા પવિત્ર કરીજે;
સીતા કહે નીમ લગાર રે, શિર લોચ કિયો તત્કાળ; ૩૦



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પાળી સંયમ ખાંડા ધાર રે, કરી અણુસણ વિકટ ઉદાર;
બારમે દેવલોકે થયા સ્વામી રે, સીતા ઈંદ્રની પદવી પામી. ૩૧
શીલે દુઃખ દારિદ્ર જાય રે, શીલે સહુ લાગે આવી પાય;
શીલે સો પરિયા તારે રે, તે તો ત્રિભુવનને શણગારે. ૩૨
તપગચ્છ વિજય સેનસૂરિ રાયા રે, બોલે વિમલ હર્ષ ઉવજઝાયા;
મુનિ પ્રેમ વિજય મન ભાવે રે, સતી સીતાના ગુણ ગાવે. ૩૩

## ૧૨૨
## રૂક્મિણીની સજ્ઝાય

કહે સીમંધર સ્વામી, નારદ પ્રત્યે તિણ ઠામ, આછે લાલ;
સાંભળજે તુજને કહું. ૧
પૂરવ ભવ હરિ નાર, બ્રાહ્મણી ઘર અવતાર;
આછે લાલ, રૂપકળા ગુણ ઓરડી. ૨
અમરીને અનુહાર, અભિનવ રતિ અવતાર;
આછે લાલ હતાં સુંદર સુંદરી. ૩
ચાલે પતિ આજ્ઞાય, ગૃહિણી તે કહેવાય;
આછે લાલ, પિયુ મન ગ્રહિયું પાણિમાં. ૪
ભોળી ટોળી સંગ, ગત વન ધરીય ઉમંગ;
આછે લાલ, કોઇ કામિની ભલી મલી. ૫
રમે રામા કરી હોડ, લેવે કુદરડી દોડ;
આછે લાલ, કેઈ ઘુમરી ઘાલતી. ૬
ગાવે મધુરાં ગીત, સુણતાં ઉપજે પ્રીત;
આછે લાલ, નારી નિકાચિત નાચતી. ૭
ન ધરે કોઈની બીક, પિયુ પણ નહી નજીક;
આછે લાલ, મયગલ જયું મદ્ય પીધલો. ૮
થાકી સઘલી નાર, બ્રાહ્મણી તિણ વાર;
આછે લાલ, જઈ બેઠી તરૂ હેઠલે. ૯
મોરલી જ તિણ ઠાય, મૂંકયા ધરીને ઉમાંહ;
આછે લાલ, ઇંડાં સુંદર તરૂ હેઠલે. ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માણુસ સણુ સણુ જાણુ, મૂકણુ લાગી ઠાણુ;
આછે લાલ, ભય ધરી ઉડી મોરલી. ૧૧
કૌતુક દેખણુ કાજ, બ્રાહ્મણી સુણીને સાદ;
આછે લાલ, ઈંડા મૂકયા જોઇને. ૧૨
કુમ કુમ ખરડે હાથ, ઈંડાં લીધાં સાથ;
આછે લાલ, અરૂણુ વરણુ ઈંડાં થયાં. ૧૩
મૂકયાં તિણુ હીજ ઠાય, મનમેં ધરી ઉમાહ;
આછે લાલ, ફરી પાછી આવી ગ્રહે. ૧૪
મોરલી ઈંડા પાસ, આવી થઇ ઉદાસ;
આછે લાલ, અરૂણુ નિરખી નવિ સંગ્રહ્યા. ૧૫
દેખી કરે એ પોકાર, નયણે આંસુ ધાર;
આછે લાલ, દુઃખ ધરતી મન મોરલી. ૧૬
સોળ ઘડી પર્યંત, આકુળી થઇ અત્યંત;
આછે લાલ, પંખીનો શો આશરો. ૧૭
તિણુ અવસર ઘન ધાર, ગાજે કરી ગણુકાર;
આછે લાલ, કાજળ સરખી કંઠલા. ૧૮
વરસે જળધર જોર, ભરીયાં સર નદી ઠોર;
આછે લાલ, ઉડે ઝબકતી વીજળી. ૧૯
જળ વહે ઠામો ઠામ, મોરલી ઈંડા તામ;
આછે લાલ, જળથી ધોવાઈ ઉજ્વળ હુઆં. ૨૦
ઉજવળ દેખી તેહ, હઈડે હર્ષ સમેત;
આછે લાલ, ઇંડા પાછાં આદર્યાં. ૨૧
બ્રાહ્મણ નારી જેહ, હરિ ગૃહિણી થઈ તેહ;
આછે લાલ, પૂરવ કર્મ વશે કરી. ૨૨
પામી પૂત્ર વિછોહ, ઉપન્યો ચિત્ત અંદોહ;
આછે લાલ, સોળ વરસ લગે એહને. ૨૩
ઘડી એક વરસ વિચાર, જાણી વિરહની ઠાર;
આછે લાલ, વિયોગપણે દુઃખ હોવે ઘણું. ૨૪
સાંભળી જીનની વાણી, સંયમ લેઇ કેઇ જાણી;
આછે લાલ, સમકિત ધારી કેઇ થયા. ૨૫
નિસુણી નારદ તામ, જિનને કરીય પ્રણામ;
આછે લાલ, મોહન વચને સંશુણ્યો. ૨૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

१२३

## રત્નાબાઇનો રેંટીયાની સજ્ઝાય

બાઈરે અમને રેંટીયો વાલો, રેંટીયો ઘરનું મંડાણજી,
પરણી પ્રિયા છોડીને ચાલ્યો, ગયો પરદેશે કંથ કમાણ જો. બાઈ૦ ૧
બારે બર્ષે પરણ્યો આવ્યો, દોઢ ત્રાંબીયો લાવ્યો રે;
ગંગા માંહે ન્હાવા પેઠો, દોઢ ત્રાંબીયો પાડયો રે. બાઈ૦ ૨
માય તાય ને સસરે સાસુયે, અમને કીધા અલગા રે;
દુઃખ નિવારણ રેંટિયો રાખ્યો, તેહને જઇને વલગાં રે. બાઈ૦ ૩
દેણુ ઉતાર્યું સઘલું પિયુંનું, વ્યાજે રૂપૈયો વાધ્યો રે;
સુખને કારણ રૂપૈયો રૂડો, પુણ્યે કંત એ લાધો રે. બાઈ૦ ૪
દેરાંણી જેઠાણી આવી, બોલે મીઠી વાણી રે;
રેંટીયાના પસાયથી તો, બીજી આણે પાણી રે. બાઈ૦ ૫
રેંટીયાના પસાયથી તો, કોડી કામ મેં કીધારે;
દાન દીધા અમે અતિ ઘણાં, ને મહિયલમાં યશ લીધાં રે. બાઈ૦ ૬
તું તો આબુ તીરથથી ઉપનો, રૂડી તાહારી વાત રે;
દિવસેં રાત્રેં રેંટીયો કાંતું, ચઢીયો મહારે હાથ રે. બાઈ૦ ૭
રેંટીયાથી આભૂષણ ભારી; પહેર્યાં ચીર ને સાલૂ રે;
મોંઘા કમખાની કાંચલી પહેરી, ભોજન કીધાં વારૂ રે. બાઈ૦ ૮
સાસરીયાં પીયરીયાં આવે, બાઇ ઘરે તમે આવો રે;
છોકરડાને ટાહાઢ વાહે છે, ઝુલડીયો શિવડાવો રે. બાઇ૦ ૯
શેત્રુંજાની યાત્રા કીધી, સાથેં સાસરીયાં પીયરીયાં રે;
ગોત્ર કુટુંબ સહુ નર ને નારી, સંઘવી નામ તે ધરીયાં રે. બાઈ૦ ૧૦
ત્રણશેં એકાવણ માફાની વહેલો, ગાડાં ચારશેં પંચાશી રે;
બસે ઉપર પંચાણું ઘોડા, ઉંટ ત્રણશેં વલી છયાશી રે. બાઇ૦ ૧૧
હીરવિજય સૂરિ પાંત્રીશ ઉપાધ્યાય, પન્યાસ ગૌતમ જેહવારે;
તેરશેં પાંત્રીશ તપગચ્છના સાધુ, શીલે સ્થુલીભદ્ર જેહવા રે. બાઇ૦ ૧૨
પાલીતાણે સંઘવણ ઉતરિયા, યાત્રા નવાણું કીધા રે;
કેશર ચંદને ઋષભજી પૂજ્યા, રેવતેં જઇ લાભ લીધા રે. બાઈ૦ ૧૩
સમેત શિખર ને આબુ ગોડી, શંખેશ્વરો શ્રી પાસ રે;
ન્હાનાં મ્હોટાં તીરથ ભેટયાં, મનની ફલી સવિ આશ રે. બાઈ૦ ૧૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શિખર બાવનનું ચૈત્ય જ કીધું, જિન પ્રતિમા ઉદ્ધાર રે;
પંચ પાષાણુ ને ત્રીશ ધાતુની, રૂપૈયા સહસજ ચાર રે. બાઈ૦ ૧૫
ચિહું વારે રૂડી વાવ કરાવી, છશે ને રૂપૈયા છયાશી રે;
કૂવા તળાવ વલિયાંસું ચંગી, નવશેં ઉપર છયાશી રે. બાઈ૦ ૧૬
હીરવિજય સૂરિ પંદર ઉપાધ્યાય, ઠાણું ત્રણશેં ત્યાશી રે;
નવ અંગે પૂજી પારણાં કરાવ્યાં, ગુરૂભક્તિ કરી બારે માસી રે. બાઈ૦ ૧૭
આંબીલ ઓળી પાંચમ અગીયારસ, તપ સઘલાં મેં કીધાં રે;
કવણી ચાખખી સિદ્ધાંત લખાવી, સાધુ સાધ્વીને દીધા રે. બાઈ૦ ૧૮
ઉજમણાં ઘરહાટ કરાવ્યાં, સાસુ સસરાંનો ખપ કીધો રે;
દીકરા દીકરી ભાણેજ પરણાવ્યાં, રતન રેંટીયે જસ લીધો રે. બાઈ૦ ૧૯
ઘેબર જલેબીએ ગોરણી કીધી, લાહાણી થાળીની કીધી રે;
સવાશેર ખાંડ ને એક રૂપૈયો, ચોરાશી નાળે દીધી રે. બાઈ૦ ૨૦
બાપ ભાઈ ને સસરો પ્રીતમ, ઠામે સગપણ તેહ રે;
રતન રેંટીયો જીવું તિહાં લગે, કદીય ન આવે છેહ રે. બાઈ૦ ૨૧
ધરી ત્રાકને માલ ચમરખાં, તેલ લોટ વલી પૂણી રે;
અલ્પ માગે ને ઘણું દીયે રેંટીયો, નારીયેં કરી ઘણી પૂંજી રે. બાઈ૦ ૨૨
સાયરને વનસ્પતિ ડુંગર, ધ્રુવ તારા સૂરજ ચંદો રે;
કોડી યુગ લગે રહો રેંટીયો, સ્ત્રી ઘર સદા આણંદો રે. બાઈ૦ ૨૩
સોલ પાંત્રીસે મેડતાનગરે, શુદી તેરસ માહા માસ રે;
રત્નબાઈએ રેંટીયો ગાયો, સફળ ફલી મન આશ રે. બાઈ૦ ૨૪

## ૧૨૪
## કામલતાની સજ્ઝાય

**શી** કહું કથની મારી રાજ, શી કહું કથની મારી,
મને કર્મે કરી મહિયારી રાજ. શી૦ ૧
શિવપુરના માધવ દ્વિજની, હું કામલતાભિધ નારી;
રૂપ કલા યૌવન ભારી, ઉરવશી રંભા હારી. રાજ૦ ૨
પારણે કેશવ પુત્ર પોઢાડી, હું ભરવા ગઈ પાણી;
શિવપુરી દુશ્મન રાયે ઘેરી, હું પાણીયારી લૂંટાણી. રાજ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુભટોએ નિજ રાયને સોંપી; રાયે કરી પટરાણી;
સ્વર્ગના સુખથી પણ પતિ માધવ, વીસરી નહિ ગુણ ખાણી. રાજ૦ ૪
વરસ પંદરનો પુત્ર થયો તવ, માધવ દ્વિજ મુજ માટે;
ભમતો યોગી સમ ગોખેથી, દીઠો જાતા વાટે. રાજ૦ ૫
દાસી દ્વારા દ્વિજને બોલાવી, દ્રવ્ય દેઈ દુઃખ કાપ્યું;
ચૌદશને દિન મહાકાળી મંદિરમાં,મળશું વચન મેં આપ્યું. રાજ૦ ૬
કારમી ચુંકે ચીસ પોકારી, મહીપતિને મેં કીધું;
એકાકી મહાકાળી જાત્રા, તુમ દુઃખે મેં વ્રત લીધું. રાજ૦ ૭
વિસરી બાધા કોપી કાળી, પેટમાં પીડા થઈ ભારી;
રાય કહે એ બાધા કરશું, તતક્ષણ ચુંક મટી મારી. રાજ૦ ૮
ચૌદસને દિન રાજા રાણી, એકાકી પગપાળે;
મહિપતિ આગળ ને હું પાછળ, પહોંત્યા બેહુ મહાકાળી. રાજ૦ ૯
રાજાએ નિજ ખડ્ગ વિશ્વાસે, મારા કરમાં દીધું;
જબ નૃપ મંદિર માંહી પેસે, તવ મેં તસ શિર કાપ્યું. રાજ૦ ૧૦
રાયને મારીને પતિને જગાડું, ઢંઢોલતાં નવિ જાગે;
નાગ ડસ્યો પતિ મરણ ગયો તવ, ઉભય ભ્રષ્ટ થઈ ભાગી રાજ૦ ૧૧
નાઠી વનમાં ચોરે લૂંટી, ગુણકાને ઘેર વેંચી;
જાર પુરૂષથી જારી રમતાં, કર્મની વેલ મેં સિંચી. રાજ૦ ૧૨
માધવ સુત કેશવ પિત્રુ શોધે, ભમી ગુણકાને ઘેર આવે;
ધન દેખી જેમ દુગ્ધ મંજારી, ગુણકાને મન ભાવે. રાજ૦ ૧૩
ગુણકાએ દ્વિજ મુજને સોંપ્યો, જાણ્યુ ન મેં લલચાયો;
ધિક્ ધિક્ પુત્રથી જારી ખેલું, કર્મે નાચ નચાવ્યો. રાજ૦ ૧૪
જારી રમતાં કાલ વીત્યો બહુ, એક દિન કીધી મેં હાંસી;
ક્યાંના વાસી ક્યાં જવાના, તવ તેણે અથ ઇતિ પ્રકાશી. રાજ૦ ૧૫
દૃઢ મન રાખી વાત સુણી મેં, ગુહ્યા મેં રાખી મારી;
પુત્રને કહ્યું તુમે દેશ સિધાવો, મેં દુનિયા વિસારી. રાજ૦ ૧૬
પુત્રને વળાવી કહ્યું ગુણકાને, હા હા ધિક્ તુજ મુજને;
મહા પાતિકની શુદ્ધિ માટે, અગ્નિનું શરણું હો મુજને. રાજ૦ ૧૭
સરિતા કાંઠે ચહે સળગાવી, અગ્નિ પ્રવેશ મેં કીધો;
કર્મે નદીનાં પૂરમાં તણાતી, અગ્નિએ ભોગ ન લીધો. રાજ૦ ૧૮
જલમાં તણાતી કાંઠે આવી, આહિરે બહાર કાઢી;
મુજ પાપિણીને નદીએ ન સંઘરી, આહિરે કરી ભરવાડી. રાજ૦ ૧૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે ભરવાડી દહીં દુધ લઈને, વેચવા પુરમાં પેઠી;
ગજ છુટ્યો કોલાહલ સુણીને, પાણીયારી ને હું નાઠી. રાજ૦ ૨૦
પાણીયારીનું બેડું ફુટ્યું, ધ્રુસકે રોવા લાગી;
દહીં દુધની મમ મટકી ફુટી, હું તો હસવા લાગી. રાજ૦ ૨૧
હસવાનું કારણ તેં પુછ્યું, વીરા મેં અથ ઇતિ કીધું;
કેને જોવું ને કેને રોવું હું, દૈવે દુઃખ મને દીધું. રાજ૦ ૨૨
મહીયારીની દુઃખની કહાણી, સુણી મુર્છા થઈ દ્વિજને;
મુર્છા વળી તવ હાહા ઉચરે, દ્વિજ કહે ધિક્ધિક્ મુજને. રાજ૦ ૨૩
મા દીકરો બેહુ પસ્તાવો કરતાં, જ્ઞાની ગુરુ તવ મળીયા;
ગુરૂની દીક્ષા શિક્ષા પામી, ભવના ફેરા ટળીયા. રાજ૦ ૨૪
એક ભવે ભવ બાજી રમતાં, ઉલટ સુલટ પડે પાસા;
નાનાવિધ ભવોભવ સાકળચંદ, ખેલે કર્મ તમાસા. રાજ૦ ૨૫

## ૧૨૫
## ચેતનની સજ્ઝાય

ભમી ભમીને ભવ અટવીમાં, ભૂલ્યો ભવનું ભાન;
ચેતન ચેતીલે ચેતીલે, માનવ ભવની મુસાફરીમાં, બની ગયો મસ્તાન. ૧
આ ચાર ઘડીનું ચોઘડીયું બદલાયે, ચેતન ચેતીલે ચેતીલે;
તું વીર ભજન કર પ્રાણી, તેરી ક્ષણ ભંગુર જીંદગાની. ચેતન૦ ૨
સંસાર સ્વરૂપી કુવો, તેમાં જે પડયો તે મુવો. ચેતન૦ ૩
તું મોહ મદિરા પીતો, જમડાથી જરા ના બીતો. ચેતન૦ ૪
તું ચોરાશીમાં ડૂબ્યો, તું ધર્મ મારગને ભૂલ્યો. ચેતન૦ ૫
તન ધન જોબન આ તારાં, એ ક્ષણ ક્ષણ વિણશે ન્યારા. ચેતન૦ ૬
એ સમજે જે ઝાંઝવા જેવા, જીમ જુઠા સ્વપ્ના મેવા. ચેતન૦ ૭
એ માતપિતા સુત તારા, એ સળ મતલબકા કયારા. ચેતન૦ ૮
તારી કુંભ સમાની કાયા, જુઠી જગતકી માયા. ચેતન૦ ૯
તું ખાલી હાથે આવ્યો, તેં ફોગટ જન્મ ગુમાવ્યો. ચેતન૦ ૧૦
તેં પાપની પાટીક બાંધી, તેં નરક ગતિને સાધી. ચેતન૦ ૧૧
વિષય સુખવિસના પ્યાલા, વિષય ભુજંગ વિકારા. ચેતન૦ ૧૨
તું ચારે ગતિમાં રમીયો, તું મોહ રાજાને નમીયો. ચેતન૦ ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તું મુસાફર પણું છાંડે, તું જાઇશ જમડાને ખોળે. ચેતન૦ ૧૪
જમડા વાળ્યા નહી વળશે, ભયંકર ભયદુઃખ કરશે. ચેતન૦ ૧૫
તું સર્વ છોડીને ચાલ્યો, ત્યાં કાળ કોટવાળે ઝાલ્યો. ચેતન૦ ૧૬
માથે મોતની નોબત વાગે, પણ મસ્તાનો ના જાગે. ચેતન૦ ૧૭
તારી આયુષ્યની સીટી વાગી, તું જઈશ જીવને પુદ્ગલ ત્યાગી. ચેતન૦ ૧૮
નંદરાજા જે મહાભાગી, તેણે નવે ડુંગરીયો ત્યાગી. ચેતન૦ ૧૯
રાવણની લંકા લુંટાણી, એ સબ કર્મોકી કાણી. ચેતન૦ ૨૦
જીવ બને આશાનો દાસ, પણ જમડા પાસે નિરાશ. ચેતન૦ ૨૧
તું જન્મ મરણ જીત કરતો, જમડાથી જરી ન ડરતો. ચેતન૦ ૨૨
તું ભજે વીર પ્રભુ વાણી, તો વરશે શિવ પટરાણી. ચેતન૦ ૨૩
શિવ સુખ દાતા એ જીન, જીન હર્ષ નમે નીશદીન. ચેતન૦ ૨૪

## ૧૨૬
## શ્રાવકની કરણીની સજ્ઝાય

શ્રાવક તું ઉઠે પરભાત, ચાર ઘડી રહે પાછલી રાત;
મનમાં સમરે શ્રી નવકાર, જેમ પામે ભવસાયર પાર. ૧
કવણ દેવ કવણ ગુરુ ધર્મ, કવણ અમારું છે કુલ કર્મ;
કવણ અમારો છે વ્યવસાય, એવું ચિંતવજે મનમાંય. ૨
સામાયિક લેજે મનશુદ્ધ, ધર્મતણી હિયડે ધરજે બુદ્ધ;
પડિક્કમણું કરે રયણિતણું, પાતિક આલોઈએ આપણું. ૩
કાયા શક્તે કરે પચ્ચક્ખાણ, સુધિ પાલે જિનની આણ;
ભણજે ગણજે સ્તવન સજ્ઝાય, જિણ હુંતી નિસ્તારો થાય. ૪
ચિતારે નિત્ય ચૌદહ નીમ, પાળે દયા જીવોની સીમ;
દેહેરે જાઈ જુહારે દેવ, દ્રવ્ય ભાવથી કરજે સેવ. ૫
પૂજા કરતા લાભ અપાર, પ્રભુજી મહોટા મુક્તિ દાતાર;
જે ઉત્થાપે જિનવર દેવ, તેહને નવ દંડકની ટેવ. ૬
પોશાળે ગુરૂવંદને જાય, સુણે વખાણ સદાચિત્ત લાય;
નિર્દૂષણ સૂઝતો આહાર, સાધુને દેજે સુવિચાર. ૭
સામી વચ્છલ કરજે ઘણું, સગપણ મ્હોટું સામી તણું;
દુઃખીયા હીણા દીના દેખ, કરજે તાસ દયા સુવિશેષ. ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘર અનુસારે દેજે દાન, મહોટાશું મ કરે અભિમાન;
ગુરૂને મુખ લેજે આખડી, ધર્મ ન મૂકીશ એકે ઘડી. ૯
વારૂ શુદ્ધ કરે વ્યાપાર, ઓછા અધિકાનો પરિહાર;
મ ભરજે કોઈની કૂડી સાખ, કૂડા જનશું કથન મ ભાખ. ૧૦
અનંતકાય કહ્યા બત્રીશ, અભક્ષ્ય બાવીશે વિશ્વાવીશ;
તે ભક્ષણ નવિ કીજે કિમે, કાચા કુણાં ફલ મત જિમે. ૧૧
રાત્રી ભોજનનાં બહુ દોષ, જાણીને કરજે સંતોષ;
સાજી સાબુ લોહ ને ગળી, મધુ ધાવડીયા મત વેચીશ વળી. ૧૨
વળી મ કરાવે રંગણ પાસ, દૂષણ ઘણાં કહ્યા છે તાસ;
પાણી ગળજે બે બે વાર, અળગણ પીતાં દોષ અપાર. ૧૩
જીવાણીના કરજે યત્ન, પાતક છંડી કરજે પુણ્ય;
છાણાં ઇંધણ ચૂલો જોય, વાવરજે જિમ પાપ ન હોય. ૧૪
ઘૃતની પેરે વાવરજે નીર, અણગળ નીર મ ધોઈશ ચીર;
બ્રહ્મવ્રત વ્રત સુધા પાળજે, અતિચાર સઘળાં ટાળજે, ૧૫
કહીયાં પન્નર કર્માદાન, પાપતણી પરહરજે ખાણ;
માથે મ લેજે અનરથદંડ, મિથ્યા મેલ મ ભરજે પિંડ. ૧૬
સમકિત શુદ્ધ હૈડે રાખજે, બોલ વિચારીને ભાખજે;
પાંચતિથિ મ કરે આરંભ, પાળે શિયળ તજી મનદંભ. ૧૭
તેલ તક ઘૃત દૂધ અને દહીં, ઉઘાડા મત મેલો સહી;
ઉત્તમ ઠામે ખરચે વિત્ત, પરઉપગાર ધરે શુભ ચિત્ત. ૧૮
દિવસ ચરિમ કરજે ચોવીહાર, ચારે આહાર તણો પરિહાર;
દિવસ તણાં આલોવે પાપ, જિમ ભાંજે સઘળા સંતાપ. ૧૯
સંધ્યા આવશ્યક સાચવે; જિનવર ચરણ શરણ ભવભવે;
ચારે શરણ કરી દૃઢ હોવે, સાગારી અણસણ લઇ સૂવે. ૨૦
કરે મનોરથ મન એહવા, તીરથ શેત્રુંજે જાયવા;
સમેત શિખર આબૂ ગિરનાર, ભેટીશ હું ધન્ય ધન્ય અવતાર. ૨૧
શ્રાવકની કરણી છે એહ, એહથી થાયે ભવનો છેહ;
આઠે કર્મ પડે પાતળા, પાપ તણા છૂટે આમળા. ૨૨
વારૂ લહીએ અમર વિમાન, અનુક્રમે પામે શિવપુર ધામ;
કહે જીન હર્ષ ઘણે સસનેહ, કરણી દુઃખ હરણી છે એહ. ૨૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨૭

# ગૌતમ પૃચ્છાની સજ્ઝાય

ગૌતમ સ્વામી પૃચ્છા કરે, કહોને સ્વામી વર્ધમાન જી રે,
કેણે કર્મે નિરધન નિરવંશી, કેણે કર્મે નિષ્ફળ હોય. સ્વામી૦ ૧
ગૌતમ પરધર ભાંગે ને પરદમે, તેણે કર્મે નિર્ધન હોય;
ગૌતમ થાપણ મોસો જે કરે, તેણે કર્મે નિરવંશી હોય. ગૌતમ૦ ૨
ઘાત ગાળે ગર્ભાવાસની, તેણે કર્મે નિષ્ફળ હોય. હો ગૌતમ;
કેણે કર્મે વેશ્યા ને વિધવા; કેણે કર્મે નપુંસક હોય. સ્વામી૦ ૩
દુર્ગંચ્છા કરે જીન ધર્મની, તેણે કર્મે વેશ્યા હોય. ગૌતમ,
શિયલ ખંડીને ભોગ ભોગવે, તેણે કર્મે વિધવા હોય. ગૌતમ૦ ૪
વેશ્યાનો સંગ જે કરે, તેણે કર્મે નપુંસક હોય, ગૌતમ;
કેણે કર્મે ગર્ભ ગળી જાયે, કેણે કર્મે પીઠી ભર્યાં જાય. સ્વામી૦ ૫
વાડી વેડાવે કુંણા મોગરા, તેણે કર્મે ગર્ભથી જાય ગૌતમ;
ફુલ વિંધીને કર્મ બાંધીયા, તેણે કર્મે પીઠી ભર્યા જાય. ગૌતમ૦ ૬
કેણે કર્મે ઠુંઠાં ને પાંગળા, કેણે કર્મે જાતિ અંધ હોય. ગૌતમ;
પાંખો કાઢે પરજીવની, તેણે કર્મે પાંગળા હોય. ગૌતમ૦ ૭
આંખો કાઢે પરજીવની, તેણે કર્મે જાતિ અંધ હોય ગૌતમ;
કેણે કર્મે શોક ઉપજે, કેણે કર્મે કલંક ચડંત. સ્વામી૦ ૮
વેરો વંચો જે કરે, તેણે કર્મે શોક ઉપજંત. ગૌતમ,
જુઠી સાખ ભરી કર્મ બાંધિયાં, તેણે કર્મે કલંક ચડંત. ગૌતમ૦ ૯
કેણે કર્મે વિષધર ઉપજે, કેણે કર્મે જશહીન હોય સ્વામી;
રીસ ભર્યા મોં અણ બોલીયા, તેણે કર્મે વિષધર હોય. ગૌતમ૦ ૧૦
જે જીવ રાગે વ્યાપીયા, તેણે કર્મે જગહીન હોય ગૌતમ;
કેણે કર્મે જીવ નિગોદમાં, કેણે કર્મે તિર્યંચમાં જાય. સ્વામી૦ ૧૧
જે જીવ મોહે વ્યાપીયા, તેણે કર્મે નિગોદમાં જાય ગૌતમ;
જે જીવ માયામાં વ્યાપીયા, તેણે કર્મે તિર્યંચમાં જાય. ગૌતમ૦ ૧૨
કેણે કર્મે જીવ એક ઇંદ્રિયમાં, કેણે કર્મે પંચેદ્રિય હોય સ્વામી;
પાંચ ઇંદ્રિય વશ નવિ કરી, તેણે કર્મે એકેન્દ્રિય હોય, ગૌતમ૦ ૧૩
પાંચે ઇંદ્રિય જેણે વશ રાખી, તેણે કર્મે પંચેન્દ્રિય હોય ગૌતમ;
કેણે કર્મે જીવડા બહુ ભમે, કેણે કર્મે થોડો સંસાર. હો સ્વામી૦ ૧૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જે જીવ મોહ મચ્છર કરે, તેણે કર્મે સંસાર ભમંત ગૌતમ;
જે જીવ સંતોષ પામીયા, તેણે કર્મે થોડો રે સંસાર. ગૌતમ૦ ૧૫
કેણે કર્મે જીવડાં નીચ કુલે, કેણે કર્મે ઊંચકુલ હોય સ્વામી;
દાન દીયાં, અણસૂઝતાં, તેણે કર્મે નીચકુલ હોય. ગૌતમ૦ ૧૬
દાન દીયા સુપાત્રને, તેણે કર્મે ઊંચ કુલ હોય ગૌતમ;
કેણે કર્મે જીવડા નરકમાં, કેણે કર્મે સ્વર્ગ વિમાન. સ્વામી૦ ૧૭
જે જીવ લોભે વ્યાપીયા, તેણે કર્મે નરકમાં હોય ગૌતમ;
દાન શીયલ તપ ભાવના, તેણે કર્મે સ્વર્ગ વિમાન. ગૌતમ૦ ૧૮
રાજગૃહી પ્રભુ આવીયા, શ્રેણીક વાંદવા જાય ગૌતમ;
ચેલણા કરે મોતીની ગહુંલી, હૈડે હરખ ન માય. ગૌતમ૦ ૧૯
ગૌતમે કેવલ માગીયું, દીયો તે વીર વર્ધમાન સ્વામી;
એણે મોહે કેવલ ન પામીએ, મોહે ન હોય નિરવાણ. ગૌતમ૦ ૨૦
રૂપવિજય ગુણ એણી પરે, ભાખે શ્રી ભગવંત ગૌતમ;
જે નર ભણે તે સાંભળે, તસ ઘરે મંગળ માલ. ગૌતમ૦ ૨૧

## ૧૨૮
## સાધુ સમુદાયની સજ્ઝાય

પ્રણમું શાસનપતિ શ્રી વીર, લબ્ધિવંત ગૌતમગણિ ધીર;
જીન શાસનમાં જે સુર, નામ લિઉં તસ ઉગતે સૂર. ૧
નેમિનાથ જીન બાવીશમાં, વિકટ કામ કટક જિણે દમ્યા;
છોડી નારી પશુ ઉગારીયા, જઇ રૈવતગિરિ ચઢી તરીયા. ૨
સ્થુલીભદ્રની મોટી મામ, રાખ્યું ચોરાશી ચોવીશી નામ;
કામ ગેહ કોશ્યા બની ધર્મી, થાપી કીધી ઉત્તમ કર્મી. ૩
કંચન કોડી નવાણું છોડી, નારી આઠ તણો નેહ તોડી;
સોલ વરસે સંયમ લીધ, જંબૂ સ્વામી થયા સુપ્રસિદ્ધ. ૪
કપિલા અભયા બેઉ સુંદરી, કામકદર્થના બહુ પરે કરી;
શૂલી ફીટી સિંહાસન થયો, શેઠ સુદર્શન જગમાં જયો. ૫
દેખી નટવી લાગ્યો મોહ, પૂર્વ પરણી તણો અંદોહ;
કલા શીખી ને ચઢીયો વંશે, દેખી તિહાં મુનિવર અવતંસે. ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નારી બહુ કીધી પ્રાર્થના, પણ સાધુ દેખી એક મના;
ભાવી અનિત્ય તિહાં ભાવના, પુત્ર ઇલાચી કેવલ મના. ૭

ધન્ના શાલીભદ્રના અવદાત્ત, રમણી બુદ્ધિ સુખના સુગાત;
કેતા કીજે તાસ વખાણ, પામ્યા સર્વારથ વિમાન. ૮

નંદિષેણ મોટા અણગાર, લબ્ધિવંત ને પૂરવધાર;
સહસ ત્રેતાલીસ નવાણું એકસો, પ્રતિબોધ્યા દેશનાના રસે. ૯

ક્ષમાવંત માંહી જે લીહ, ગયસુકુમાલ મુનિ માંહિ સિંહ;
સસરે શિર બાંધી માટી પાલ, ભરીયા રીસ કરી ઇંગાલ. ૧૦

બાળી કર્મને અંતગડ થયા, કીર્તિધર સુકોશલ વલી લહ્યા;
વાઘણ કેરા સહી ઉપસર્ગ, બાલ્યા સઘલા કર્મના વર્ગ. ૧૧

ખંધક સૂરીનાં પાંચસે શિષ્ય, ઘાણી ઘાલ્યા પણ ન લહી મન રીસ;
થયા અંતગડ જે કેવલી, મુક્તિ ગયા પોહત્યા રૂલી. ૧૨

અહંકારી ને કેવલ લીધ, બાહુબલી અભિમાન પ્રસિદ્ધ;
લેઈ ચારિત્ર નૃપ દશાર્ણ ભદ્ર, પાય લગાડયો જેણે ઇંદ્ર. ૧૩

પનર સયા ગણ ગૌતમ શિષ્ય, તાપસ ઋષીને દીધી દીખ;
કવલ ભરંતા કેવલ લહ્યા, દુઃખ માત્ર જેણે નવિ સહ્યા. ૧૪

ભરત ભૂપની મતિ નિરમલી, આરિસા ઘરે જે કેવલી;
સુખે સુખે જે લહીયે મોક્ષ, તે જીન શાસનનો રસ પોષ. ૧૫

રાયે હલ ઉપરી જે દાખિયો, આવ્યે ભાતે પરાક્રમ કીયો. ૧૬

પનરસેં જીવને કર્યો અંતરાય, બાંધત કર્મ પુરા બહુ ભવ થાય;
અનુક્રમે કૃષ્ણ તણો સુત થાય, ઢંઢણ નામે ઢંઢણા માય. ૧૭

નેમી હાથે જેણે સંયમ લીધો, પૂર્વે કર્મે અભિગ્રહ કીયો;
અન્નઉદક વિણ રહ્યા છ માસ, કેવલ પામ્યા પોહતી આશ. ૧૮

ઇમ જીનશાસનમાં થયાં અનેક, શમદમ સંયમ તપે વિવેક;
તે મુનિવરના સેવો ચરણ, જિમ તુમ્હે છુટો જન્મ મરણ. ૧૯

નામ થકી હોય કોડી કલ્યાણ, જે ભણે પ્રહ ઉગમતે ભાણ;
ધીર વિમલ કવિરાય પસાય, કવિ નયવિમલ ભણે સજ્ઝાય. ૨૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨૯
# રાજુલનો પત્ર

( રાગ–સામેરી )

સ્વસ્તિ શ્રી રૈવય ગિરીવરા, વ્હાલા નેમજી જીવન પ્રાણ;
લેખ લખું હોંસે કરી, રાણી રાજુલ ચતુર સુજાણ,
વહેલા ઘર આવજો.
મ્હારા જીવન યાદવરાવ, વાર મ લાવજો. ૧
મેં તો લિખ્યા હોંશે લેખ, મનમાં ભાવજો,
વળી જે હોય વેધક જાણ, તાસ સંભળાવજો. વહેલા૦ મ્હારા૦ ૨
ક્ષેમ કુશળ વરતે ઇહા, વ્હાલા જપતાં પ્રભુજીનું નામ;
સાહિબ સુખ શાતા તણો, મુજ લિખજો લેખ તામ. વ૦ ૩
સાવ સોવન કાગળ કરૂં, વહાલાં અક્ષર રયણ રચંત;
જાણી માણેક મોતી લેખણ જડું, હું તો પિયુ ગુણ પ્રેમે લખંત. વ૦ ૪
જેહ તોરણથી પાછા વળ્યા, તેહને કાગળ લખું કઇ રીત;
પણ ન રહે મન માહરૂં, મુને સાલે પૂરવ પ્રીત. વ૦ ૫
દિવસ જેમ તેમ કરી નિર્ગમું, મુને રયણી વરસ હજાર;
જો હોય મન મળવા તણું, તો વહેલા કરજો સાર. વ૦ ૬
નવયૌવને પિયુ ઘર નહીં, વસવું તે દુર જન વાસ;
બોલ બોલ દાખવે વહાલા, ઊંડા મર્મ વિમાસ વ૦ ૭
સહુકો રમે નિજ માળીએ, વહાલા કામિની કંથ સહેજ;
થર થર ધ્રુજે મહારી દેહડી, મ્હારી સુની દેખી તે સેજ. વ૦ ૮
વીતી હશે તે જાણશે, વહાલા વિરહની વેદના પૂર;
ચતુર ચિત્તમાં સમજશે, શું લહે મુરખ ભૂર. વ૦ ૯
પતંગ રંગ દીસે ભલો, વહાલા ન ખમે તાવડ દીઠ;
ફાટે પણ ફીટે નહીં, હું તો વારી ચોળ મજીઠ. વ૦ ૧૦
ઉત્તમ સજ્જન પ્રીતડી, જેમ જળમાં તેલ નિરધાર;
છાંયડી ત્રીજા પહોરની, તે તો વડ જેવી વિસ્તાર. વ૦ ૧૧
દૂર થકી ગુણ સાંભલ્યા, વહાલા મન મળવા ને થાય;
વ્હાલેસર મુજ વિનંતી, તે તો જિહાં તિહાં કહી ન જાય. વ૦ ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક સ્હેલી બીજે મળે, વ્હાલા મનમાં નાહિ તસ નેહ;
લીધા મૂકી જે કરે, તે તો આખર આવે છેહ. વ૦ ૧૩
જે મન તે તેહ મિલી રહ્યા, વહાલા ઉત્તમ ઉપમ તાસ;
જો જો તિલ ફુલની પ્રીતડી, તેહની જગમાં રહી સુવાસ. વ૦ ૧૪
ખાવા પીવા પહેરવા, વહાલા, મનગમતા શણગાર;
ભરયૌવન પિયુ ઘર નહિ, તેહનો એળે ગયો અવતાર. વ૦ ૧૫
બાળ પણે વિદ્યા ભણે, ભરયૌવન ભાવે ભોગ;
વૃદ્ધા પણે તપ આદરે, તે તો અવિચળ પાળે યોગ. વ૦ ૧૬
કાગળ જગ ભલે સરજીયો, વહાલા સાચો તે મિત્ર કહાય;
મનનું દુઃખ માંડી લખું, તે તો આંસુડે ગળી ગળી જાય. વ૦ ૧૭
લેખ લાખેણો રાજુલે લખ્યો, વહાલા નેમજી ગુણ અભિરામ;
અક્ષરે અક્ષર વાંચજો, મહારી કોડ કોડ સલામ. વ૦ ૧૮
નેમ રાજુલ શીવપુર મલ્યાં, પૂગી તે મન કેરી આશ;
શ્રી વિનય વિજય ઉવજ્ઝાયનો, શિષ્ય રૂપ સદા સુખ પાસ. વ૦ ૧૯

## ૧૩૦
## સંગ્રામ સોનીની સજ્ઝાય.

(દોહા)

**શ્રી** શંખેશ્વર પાય નમી, શારદ માત પસાય;
સોની શ્રી સંગ્રામના, ગુણ ગાયે નવનિધિ થાય. ૧
માંડવ ગઢનો રાજીયો, ગ્યાસુદ્દીન પાત શાહ;
એક દિન બહાર ખેલવા, ચાલ્યો ધરી ઉચ્છાહ. ૨
સાથે સીત્તેર ખાન છે, બહોંતેર ઉમરાવ જાણ;
સોની પણ સંગ્રામ છે, તેહના કરૂં વખાણ. ૩

**ઢાલ**:–મારગ સાથે આમ વૃક્ષ, ઉગ્યો અતિસાર;
તે દેખી કોઇ દુષ્ટ જીવ, બોલ્યો તેણી વાર. મારગ૦ ૧
એ આંબા હે વાંઝીયા, સુણો સાહિબ મેરા;
ભૂપ કહે તુમ દૂર કરો, રાખો મત નેડા. મારગ૦ ૨
વળતો સોની ઉચરે, હું કરૂં અરદાસ;
આંબો મુઝને સાત કરે, કહો તો જાઉં પાસ. મારગ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હુકમ લેઈને ત્યાં ગયો, દીયે આંબા શું કાન;
માંડી વાત છાની કહી, આવ્યો તે બુદ્ધિ નિધાન. મારગ૦ ૪
સુણો સુલતાન આંબે કહી, મુજને એક વાત;
આવતા વર્ષે જો નવિ ફળુ, તો કરજો મુજ ઘાત. મારગ૦ ૫
ગ્યાસુદ્દીન જાણી કહે, જુઠે હો સંગ્રામ;
મોંશું ન બોલે રૂખડા, યહ બકાલકે કામ. મારગ૦ ૬
વળતું સોની ઉચરે, ન ફળે જો એહ;
એને કરતાં તે તમે, મુજને કરજો તેહ. મારગ૦ ૭
નિજ નિજ સ્થાનક સહુ વલ્યા, સોની કરે ઉપાય;
દેવ ગુરૂની પૂજા કરે, આંબા પાસે જાય. મારગ૦ ૮
પ્રેમ સહીત ગહુંલી કરે, સમરે ગુરૂદેવ;
જો મુજ ધર્મની આસતા, ફળજો નિત મેવ. પૂણ્યે વંછિત સબ ફળે. ૯
અનુક્રમે આંબો મોરીયો, માળી આવી વધાવે;
સર્વ આંબા પહેલા ફળ્યો, સોની તિહાં આવે. પૂણ્યે૦ ૧૦
પુત્ર બેસાડી હાથીએ, કર સોવન થાળ;
આંબ ભરી પાદશાહને, મૂકયા રે રસાળ. પૂણ્યે૦ ૧૧
રૂમાલ પાછો ફરી પૂછીયો, તુમ આંબ કે તાંઈ;
ગાજતે વાજતે હરખશું, કયા કરી બડાઈ. પૂણ્યે૦ ૧૨
વળતો સોની ઉચ્ચરે, વાંઝીયા સહકાર;
તેણે મેં પક કસી કરી, આણી હર્ષ અપાર. પૂણ્યે૦ ૧૩
ગ્યાસુદ્દીન ઘોડે ચડી, સાથે સબ પરિવાર;
એ આંબા ફાલ્યા ફુલ્યા, દેખી હર્ષ અપાર. પૂણ્યે૦ ૧૪
ગ્યાસુદ્દીન જાણી કહે, ન ફલ્યા એ આમ;
તેરી એ શ્રદ્ધા ફલી, એ સબ ધર્મકા કામ. પૂણ્યે૦ ૧૫
સોનેરી વાઘા સવે, પહેરાવ્યા સહુ સાથ;
ધન ધન તેરી માતકું, ધન્ય ધન્ય તેરી જાત. પૂણ્યે૦ ૧૬
કેતા દિન વિત્યા પછી, ઉત્તમ ભગવતી સુત્ર;
ગુરૂ કને જઇ સાંભળે, કરે જન્મ પવિત્ર. પૂણ્યે૦ ૧૭
મેલે સોનૈયા પ્રશ્ન પ્રતે, જગત ઉત્તમ નામ;
છત્રીશ સહસ સંખ્યા હુવે, કીધા ધર્મના કામ. પૂણ્યે ૧૮
સકલ વાચક શિરોમણી, ભાનુચંદ્ર કહાવે;
તસ શિષ્ય ભાણચંદ્ર ભણે, ભણે દોલત પાવે. પૂણ્યે૦ ૧૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૩૧

## દેવકીના છ પુત્રની સજઝાય અથવા છ સાધુની

મનડું તે મોહ્યું મુનિવર માહરૂં રે, દેવકી કહે સુવિચાર રે;
ત્રીજી તે વાર આવ્યા તુમે રે, મારો અફલ કર્યો અવતાર રે. મનડું૦ ૧
સાધુ કહે સુણ દેવકી રે, અમો છીએ છએ ભ્રાત રે;
ત્રીહિ સંઘાડી ઘર તાહરો રે, અમો લેવા આહારની દાત રે. મનડું૦ ૨
સરખી વય સરખી કળા રે, સરખા સંપ શરીર રે;
તન વાન શોભે સારિખા રે, જે દેખી ભૂલી ધીર રે. મનડું૦ ૩
પૂર્વ નેહ ધરી દેવકી રે, પૂછી સાધુની વાત રે;
કોણ ગામ વસતા તુમે રે, કોણ પિતા કોણ માત રે. મનડું૦ ૪
ભદ્દિલ પુર વસે પિતા રે, નામ ગાહાવઈ સુલસા માત રે;
નેમિ જીણંદ વાણી સુણી રે, પામ્યા વૈરાગ્ય વિખ્યાત રે. મનડું૦ ૫
બત્રીશ કોડી સોવન તજી રે, તજી બત્રીશ નાર રે;
એક દિન સંયમ લીયો રે, જાણી અથિર સંસાર રે. મનડું૦ ૬
પૂર્વ કર્મને ટાળવા રે, અમે તપ ધર્યો છઠ્ઠ ઉદાર રે;
આજ તે છઠ્ઠને પારણે રે, આવ્યા નગર મઝાર રે. મનડું૦ ૭
નાના મોટાં બહુ ઘરે રે, ફરતાં આવ્યાં તુજ વાસ રે;
એમ કહી સાધુ વળ્યા રે, ચાલ્યા નેમજીણંદની પાસ રે. મનડું૦ ૮
સાધુ વચન સુણી દેવકી રે, ચેત્યા હૃદય મોઝાર રે;
બાળ પણે મુજને કહ્યું રે, નિમિત્ત પોલાસપુરી સાર રે. મનડું૦ ૯
આઠ પુત્ર તાહરે થશે રે, તેહવા નહિં જન્મેરે અનેરી માત રે;
આ ભરતક્ષેત્ર મધ્યે જાણજો રે, છે તો જુઠ્ઠી નિમિત્તની વાત રે. મનડું૦ ૧૦
એ સંશય નેમીજિણંદ ટાળશે રે, જઈ પુછુ પ્રશ્ન ઉદાર રે;
રથમાં બેસીને ચાલ્યા દેવકી રે, જઇ વાંદ્યા નેમીજીનના પાય રે. મનડું૦ ૧૧
તવ નેમિજીણંદ કહે દેવકી રે, સુણો પુત્રની વાત રે;
છ અણગાર દેખી તિહાં રે, તવ ઉપન્યો સ્નેહ વિખ્યાત રે. મનડું૦ ૧૨
દેવકી સુત છએ તાહરા રે, તેં ધર્યા ઉદર નવ માસ રે;
હરીણુ ગમેષી દેવતાં રે, જન્મતાં હર્યા ઉદર નવ માસ રે. મનડું૦ ૧૩
સુલસાની પાસે ઠવ્યા રે, પહોંચી સુલસાની આશ રે;
પુણ્ય પ્રભાવે તે પામીયા રે, સંસારના ભોગ વિલાસ રે. મનડું૦ ૧૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નેમિ જિણંદ વાણી સુણી રે, પામી હર્ષ ઉલ્લાસ રે;
વળી છ અણુગાર જઈ વાંદીઆ રે, નીરખે નેહ ભરી તાસ રે. ૧૫
પાહાનો પ્રગટ્યો તિહાં કને રે, વિકસ્યા રોમ કૂપ દેહ રે;
અનીમેષ નયણે નિરખીયાં રે, ધરી પુત્ર પ્રેમ સ્નેહ રે. ૧૬
વાંદી નિજ ઘેર આવીયા રે, હોંશ પુત્ર રમાડણ જાસ રે;
કૃષ્ણજીએ દેવ આરાધીઓ રે, માતને સુખ નિવાસ રે. ૧૭
ગજ સુકુમાલ ખેલાવતી રે, પોંહોતી દેવકીની આશ રે;
કર્મ ખપાવી મુકતે ગયા રે, છ અણગાર સિદ્ધ વાસ રે. ૧૮
સાધુ તણાં ગુણ ગાવતાં રે, સફળ હોવે નિજ આશ રે;
ધર્મસિંહ મુનિવર કહે રે, સુણતાં લીલ વિલાસ રે. ૧૯

## ૧૩૨
## મેઘરથ રાજાની સજ્ઝાય

દશમે ભવે શ્રી શાંતિનાથજી, મેઘરથ જીવડો રાય; રૂડા રાજા;
પોસહ શાળામાં એકદા રે, પોસહ લીધો મન લાય. રૂડા રાજા.
ધન્ય ધન્ય મેઘરથ રાયજી, જીવદયા ગુણખાણ, ધર્મી રાજા ધન્ય૦ ટેક. ૧
ઇશાનધિપ ઈંદ્રજી, વખાણ્યો મેઘરથ રાય, રૂડા રાજા;
ધર્મે ચળાવ્યો નવિ ચલે, ભાસુર દેવતા આય. રૂડા રાજા. ધન્ય૦ ૨
સીંચાણો પારેવો તન અવતરી, પડ્યું પારેવું ખોળામાંય. રૂડા રાજા;
રાખ રાખ મુજ રાજવી, મુજને સીંચાણો ખાય. રૂડા રાજા. ધન્ય૦ ૩
સીંચાણો કહે સુણો રાજીયા, એ છે માહરો આહાર. રૂડા રાજા,
મેઘરથ કહે સુણ પંખીયા, હિંસાથી નરક અવતાર. રૂડા પંખી૦ ૪
શરણે આવ્યું રે પારેવડું, નહિં આપું નિરધાર. રૂડા પંખી૦
બીજો મંગાવી તુજને દઉં, તું તેનો કર આહાર. રૂડા૦ ધન્ય૦ ૫
માટી ખપે મુજ એહની, કાં વળી તાહરી દેહ. રૂ૦
જીવદયા મેઘરથ વસી, સત્ય ન મેલે તેહ. રૂડા૦ ધન્ય૦ ૬
કાતી લેઇને પીંડ કાપીને, બે માંસ તું સીંચાણ. રૂ૦
ત્રાજવે તોળી મુજને દીએ, એ પારેવા પ્રમાણ૦ રૂડા૦ ધન્ય૦ ૭



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રાજવું મંગાવી મેઘરથ રાયજી, કાપી કાપી મૂકે છે માંસ, રૂ૦
દેવ માયા ધારણ સમી, ન આવે એકણ અંશ. રૂડા૦ ધન્ય૦ ૮
ભાઈ સુત રાણી વળવળે, હાથ ઝાલી કહે તેહ. ધર્મી રાજા,
એક પારેવા ને કારણે, શું કાપો છે દેહ. રુડા૦ ધન્ય૦ ૯
મહાજન લોક વારે સહુ, મ કરો એવડી વાત. રૂ૦
મેઘરથ કહે ધર્મફળ ભલા, જીવદયા મુજ ઘાત. રૂડા૦ ધન્ય૦ ૧૦
ત્રાજવે બેઠા મેઘરથ રાજવી, જે ભાવે તે ખાજો, રુડા પંખી.
જીવથી પારેવો અધિક ગણ્યો, ધન્ય પિતા તુજ માય. રૂડા૦ ધન્ય૦ ૧૧
ચઢતે પરિણામે રાજવી, સુર પ્રગટ્યો તિહાં આય. રૂ૦
ખમાવે બહુ વિધે કરી, લળી લળી લાગે પાય. રૂડા૦ ધન્ય૦ ૧૨
ઈંદ્રે પ્રશંસા તાહરી કરી, તેહવો તું છે રાય, રૂડા૦
મેઘરથ કાયા સાજી કરી, સુર પહોંચ્યો નિજ ઠામ. રૂડા૦ ધન્ય૦ ૧૩
સંયમ લીધો મેઘરથ રાયજી, એક લાખ પૂરવનું આય, રૂડા૦
વિશસ્થાનક વિધે સેવીને, તીર્થંકર ગોત્ર બાંધ્યું ત્યાંય૦ રૂડા૦ ૧૪
અગ્યારમેં ભવે શ્રી શાંતિનાથજી, પહોંચ્યા સર્વાર્થસિદ્ધ. રૂ૦
તેત્રીશ સાગર આઉખું, સુખવિલસે સુર ઋદ્ધ૦ રૂડા૦ ૧૫
એક પારેવાની દયા થકી, એ પદવી પામ્યા નરેશ, રૂ૦
પાંચમા ચક્રવર્તી ઉપન્યા, સોલમાં શાંતિ જીણેશ. રૂડા૦ ધન્ય૦ ૧૬
બારમે ભવે શ્રી શાંતિજી, અચિરા કૂખે અવતાર; રૂ૦
દીક્ષા લઈને કેવલ વર્યા, પોહોત્યા મુક્તિ મોઝાર. રૂડા૦ ધન્ય૦ ૧૭
ત્રીજે ભવે શીવ સુખ લહ્યો, પામ્યા અનંતુ જ્ઞાન, રૂ૦
તીર્થંકર પદવી લહી, લાખ વરસ આયુ જાણ. રૂડા૦ ધન્ય૦ ૧૮
દયા થકી નવ નિધિ હોવે, દયા તે સુખની ખાણ. રૂ૦
ભવ અનંતની એ સગી, દયા તે માતા જાણ. રૂડા૦ ધન્ય૦ ૧૯
ગજ ભવે સસલો રાખીયો, મેઘ કુમાર ગુણ જાણ. રૂ૦
શ્રેણીકરાય સુત સુખ લહ્યા, પહોંત્યાં અનુત્તર વિમાન. રૂ૦ ધન્ય૦ ૨૦
એમ જાણી દયા પાળજો, મનમાંહિ કરુણા આણ, રુ૦
પદ્મવિજય એમ વિનવે, દયાથી સુખ નિર્વાણ. રુડા રાજા ધન્ય૦ ૨૧

Jain Education International 2010_05　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

## ૧૩૩.

## સીતાજીની સજઝાય

આવું નોતું જાણ્યું રે મારા મનમાં, મારા નાથે તજી મને પલમાં,
મને કહી સંભળાવો વાત, હજુ ઘોર અંધારી છે રાત;
આ શું ઓચિંતો થયો ઉત્પાત. ૧

મને કહી સંભળાવો મારા વીર, મારા મનમાં રહેતી નથી ધીર
કેમ કાળા ઓઢાડયા ચીર ૨

કાળા રથ ને કાળા કેમ તુરંગ, ચાલ્યા એકલા માહરી સંગ
આ રંગમાં કોણે પાડયો ભંગ ૩

નથી પાપ કર્યાં મેં મારે હાથે, રઘુવીર નાથ મારી સાથે
કેમ તજી દીધી મારા નાથે ૪

નથી ધર્મ કદી મારો હારી, નથી સોબત કીધી નઠારી
કેમ રામે કાઢી ઘર બારી ૫

નથી પરબ પાણીની ફોડી, નથી પાપના પગલામાં દોડી
કેમ રામે મને તરછોડી ૬

નથી ઉઘાડયા મેલ્યા મેં વાળ, નથી ચઢાવી મેં આળ
નથી દીધી મેં કોઈને ગાળ ૭

નથી અભ્યાગતને પાછો વાળ્યો, નથી આત્મા કોઇનો દુભાવ્યો
રામે કર્યો મને ટાળો. ૮

નથી વાટમાં કોઇને વગોવ્યાં, નથી વાટમાં લુગડાં ધોયા;
નથી કડવી દૃષ્ટિ મેં જોયા. ૯

મારૂં જમણું ફરકે છે અંગ, નથી બેઠી હું કોઇને સંગ.
આ તો શો થયો રગમાં ભંગ. ૧૦

મારા માથે ઉતર્યો છે નાગ, મારે માથે ઉતરે છે કાગ;
મારૂં અંતર દાઝે છે અગાધ. ૧૧

મને સૂર્ય લાગે છે ઝાંખો, મને દિવસ લાગે છે અટારો;
હવે રથને અહીં ઉતારો. ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વન તે અઘોરી ઝાડી, ત્યાં શબ્દ ભયંકર થાય.
આવી અટવીમાં કેમ રહેવાય. ૧૩
માણેક વિજય કહે સમતા ત્યાગી, સખી વેદન કરૂ પાય લાગી;
સતી સીતાએ શીખ જ માગી. ૧૪

## ૧૩૪
## સંગતની સજઝાય

લોઢું લાલ બને અગ્નિ સંગથી, એતો રાતું રહે ક્ષણવાર,
નીકળજો બહાર, સંગત એને શું કરે, જેના અંતર જાણે કઠોર. સંગત૦ ૧
બારે મેઘ વરસે બહુ જોરથી, મગશેલીયો ભીંજાય, બીજા ગળી જાય. સં૦ ૨
દૂધસાકર ઘીથી સીંચો સદા, લીંબડાની કડવાસ ન જાય,
મધુરો નવિ થાય. સંગત૦ ૩
ચંદન વૃક્ષના મૂલે વસી રહ્યો, ફણીધરે છોડયો ન સ્વભાવ,
જાણ્યો ના પ્રભાવ. સંગત૦ ૪
પાણી માંહે પડયો રહે સદા, કાલ મિંઢ તણું એવું જોર,
ભીંજાય ન કોર. સંગત૦ ૫
આંધણ ઉકળતાં માંહે ઓરીયે, પણ કોરડું ના રંધાય,
બીજા ચઢી જાય. સંગત૦ ૬
સો મણ સાબૂએ સાફ કર્યા છતાં, કોલસાની કાળાશ ના જાય,
ઉજવલ નવિ થાય. સંગત૦ ૭
ખરને નિર્મલ જલે નવરાવીએ, પણ રાખ દેખી તત્કાલ,
ધરે બાહુબલ. સંગત૦ ૮
કાળા રંગનું કપડું લઈ કદી, રાતા રંગમાં બોળ ઝબોળ,
ભીંજાય નહી ડોળ. સંગત૦ ૯
ઝરમર ઝરમર મેહુલો વરસી રહ્યો, વનસ્પતિઓ લીલી થાય,
જવાસો સૂકાય. સંગત૦ ૧૦
કાગે હંસ તણી સોબત કરી, પણ ચૂકયો ના પોતાનું ચરિત્ર,
જો જો એની રીત. સંગત૦ ૧૧
કસ્તુરી ને કપુરનાં ગંજમાં, કદી દાટે ડુંગરીને કાય,
સુગંધી ન હોય. સંગત૦ ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કસ્તુરી નાં કયારાં માંહે રોપતાં, નવિ જાયે લસણ કેરી વાસ;
દુષ્ટ જેનો પાસ. સંગત૦ ૧૩
સતી સદ્દગુણ વંતના સંગથી, નવિ આવે કુભારજાને રંગ;
ખોટા જેના ઢંગ. સંગત૦ ૧૪
દુર્જને સજ્જનની સોબત કરી, પણ કપટ પણું નવિ જાય,
સીધો નવિ થાય. સંગત૦ ૧૫
ગાઢ અજ્ઞાની જ્ઞાન પામે નહી, જાણે સંત સમાગમ આમ,
કહે મુનિ રામ. સંગત૦ ૧૬

## ૧૩૫
## જંબુસ્વામીની સજઝાય

બોધ સુણી સુધર્મા સ્વામીનો, જંબૂ કહે રજા દ્યો માય,
કુંવરજી, કેમ કરી સહેશો જોગને રે. ૧
સંયમ સોહીલું છે નહી રે, કંચન કાયા જાશે કરમાય. ૨
બાવીશ પરીસહ છે અતિ આકરા રે, ખમશો કેમ કરી કુમાર. ૩
પંચ મહાવ્રત છે મેરૂ તુલ્યના રે, જાણજો ખાંડા કેરી ધાર. કુંવર૦ ૪
સુશોભિત શ્યામ વર્ણા કેશ ને રે, ચુંટવા ભાંજી પાલાની જેમ, કુંવર૦ ૫
ત્યાં નથી ગાદી કે ગાલમ સુરીયાં રે, નથી કાંઈ હેમ હીંડોલા ખાટ, કુંવર૦ ૬
થાશે પાછળથી તને ઓરતો રે, કીધો મેઘકુમારે જેમ. કુંવર૦ ૭
માનો કહ્યું કુંવર આ માહરૂં રે, ઘડાશે પછી ત્યાં અવળાં ઘાટ. કુંવર૦ ૮
ઘર ઘર ભીક્ષા માંગવી દોહીલી રે, દોહીલી શરમ તજવી ત્યાંય. કુંવર૦ ૯
જંબૂ કહે હું શીયાળીયો રે, થાઇશ ત્યાંહ સિંહ સમાન. માતાજી૦ ૧૦
આઠે સુંદરીયો આવી એમ કહે રે, અમને કેમ તજો પ્રાણનાથ;
સ્વામીજી કેમ કરી સહેશો જોગને. ૧૧
જંબૂ કહે જો હોય ઘણી પ્રીતડી રે, તો તુમ ચાલો અમારી સાથ. ૧૨
સુંદરીઓ એમ કરી સહેશું જોગને રે.
બુઝવ્યા માત પિતાદિ સાસુ સસરા રે, તેમ વળી બુઝવી આઠે નાર; ૧૩
બુઝવ્યા પ્રભવાદિક પાંચશો ચોરને રે, પ્રભાતે લીધો સંયમભાર. ૧૪
સંયમ લેઈ ને કર્મ ખપાવીયા રે, પહોચ્યાં શીવપુર પાટણ માંહિ. ૧૫
ભાવ ધરીને ભાવાપુર બંદરે રે, મુનિ વિનય વિજય ગુણ ગાય. કુંવર૦ ૧૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૩૬
## ઋતુવંતીની સજ્ઝાય

પવયણ દેવી સમરી માત, કહીશું મધુરી શાસન વાત;
ધર્મ આશાતન વર્જી કરો, પૂણ્ય ખજાનો પોતે ભરો. ૧

આશાતન કહિયે મિથ્યાત્વ, તસ વર્જન સમકિત અવદાત;
આશાતન કરવા મન કરે, દીર્ઘ ભવ દુઃખ પોતે વરે. ૨

અપવિત્રતા આશાતન મૂલ, તેહનું ઘર ઋતુવંતી પ્રતિકુલ;
તે ઋતુવંતી રાખો દૂર, જો તુમે વાંછો સુખ ભરપુર. ૩

દર્શન પૂજા અનુક્રમે ધરે, ચારે સાતે દિવસે મટે;
પર શાસન પણ એમ સદ્દહે, ચારે શુદ્ધ હોયે તે કહે. ૪

પહેલે દિન ચંડાલણી કહી, બીજે દિન બ્રહ્મઘાતીની સહી;
ત્રીજે દિન ધોબણ સમ જાણ, ચોથે શુદ્ધ હોયે ગુણ ખાણ. ૫

ઋતુવંતી કરે ઘરનું કામ, ખાંડણ પીસણ રાંધણ કામ;
તે અન્ને પ્રતિ લાભ્યા મુનિ, સદ્ગતિ સઘલી પોતે હણી. ૬

તેહજ અન્ન ભર્થાદિક જીમે, તેણે પાપે ધન દૂરે ગમે;
અન્ન સ્વાદ ન હોય લવલેશ, શુભ કરણી જાયે પરદેશ. ૭

પાપડ વડી ખેરાદિક સ્વાદ; ઋતુવંતી સંગતિ લાદ;
ખુંડણ ભુંડણ ને સાપણી, પરભવે તે ધાયે પાપણી. ૮

ઋતુવંતી ઘરે પાણી ભરે, તે પાણી દહેરાસરે ચડે;
બોધિ બીજ નવિ પામે કિમ, આશાતનથી બહુ ભવ ભમે. ૯

અસજ્ઝાયમાં જમવા ધસે, વિચે બેસીને મનમાં હસે;
પોતે સર્વે અભડાવી જીમે, તેણે પાપે દુર્ગતિ દુઃખ ખમે. ૧૦

સામાયિક પડિક્કમણું ધ્યાન, અસજ્ઝાઈએ નવિ સુઝે દાન;
અસજ્ઝાઈએ જો પુરૂષ આભડે, તણે ફરસે રોગાદિક નડે. ૧૧

ઋતુવંતી એક જીનવર નમી, તેણે કર્મે તે બહુ ભવ ભમી;
ચંડાલણી થઈ તે વલી, જીન આશાતના તેહને ફલી. ૧૨

એમ જાણી ચોખાઈ ભજો, અવધિ આશાતના દૂરે તજો;
જીન શાસન કિરિયા અનુસરો, જીમ ભવસાયર વહેલા તરો. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રદ્ધાલુ સેવા વિધિ સાર, અનુષ્ઠાન નિજ શક્તિ અપાર;
દ્રવ્યાદિક દૂષણુ પરિહરે, પક્ષપાત પણુ તેહની કરે. ૧૪
ધન્ય પુરૂષને હોય વિધિજોગ; વિધિ પક્ષારાધક સવિ ભોગ;
વિધિ બહુમાની ધન્ય જે નરા, તેમ વિધિયથી અદૂષડ ખરા. ૧૫
આસન સિદ્ધિ તે હોવે જીવ, વિધિ પરિણામી હોયે તસપીવ;
અવિધિ આશાતન જે પરિહરે, ન્યાયે શિવ લચ્છી તસ વરે. ૧૬

## ૧૩૭
## ધન્નાજીની સજઝાય

વીર બત્રીશ કામિની રે ધન્ના, રહી ઉભી પસ્તાય;
રવિ આથમતો એમ કહે રે ધન્ના, વદન કમલ વિલખાય. ૧
કે તો વારી રે ધન્ના, આજ નહીં એસો કાલ.
તું મુજ અંધા લાકડી રે ધન્ના, તું મુજ પ્રાણુ આધાર,
તુજ વિના જગ સુનો પડયો રે ધન્ના, ભાવે એ જાણુ મ જાણુ. ૨
તન ધન જોબન કારમો રે માતા, આ રે સંસાર અસાર;
અનુમતી દીયો મુજ માતજી રે, હું તો લેઇશ સંજમ ભાર હું. ૩
પંચ મહાવ્રત પાલવા રે ધન્ના, પાંચે એ મેરૂ સમાન;
બત્રીશ પરીસહ જીતવા રે ધન્ના, સંજમ ખાડાની ધાર. ધન્ના૦ ૪
રત્નજડીતનો પાંજરો રે માતા, પોપટ જાણે છે બંધ;
કામ ભોગ સંસારના રે માતા, જ્ઞાની જાણે છે ફંદ. જનની હું૦ ૫
તુજ સરિખી કામીની રે ધન્ના, લક્ષણુ બત્રીશ જાણ;
પાંચ ઈંદ્રિયનાં સુખ પરિહરે રે ધન્ના, ફરી પસ્તાવો કરીશ. જનની હું૦ ૬
ધન જોબન માયા સ્થિર નહિ રે માતા, જેવું આવે એવું જાય;
એ સો ચંચલ જીવડો રે માતા, જેવા પીપલ કેરા પાન. જનની હું૦ ૭
ઘર બેઠા ધર્મ કીજીયે રે ધન્ના, દાન શીયલ તપ ભાવ;
સંજમ મારગ દોહીલો રે ધન્ના, મત કર એવડો ઉન્માદ. ધન્ના હું૦ ૮
રમણીશું રાચી રહ્યો રે ધન્ના, નહિ રે ગણ્યો નવકાર;
મન પસ્તાવો નહિ કર્યો રે ધન્ના, ગયો રે જન્મારો હાર. ધન્ના હું૦ ૯
રમણી શું રાચ્યો નહિ રે માતા, માહરી મતિ ભરપુર;
જે રમણીશું રાચી રહ્યા રે માતા, દુર્ગતિ જાશે હજુર. ધન્ના હું૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તું સુકુમાળ સોહામણો રે ધન્ના, તુજ માતાજીને શોચ;
શોચ કિશો મોરી માતાજી હું તો, કરીશ કર્મનો લોચ રે. જનની હું૦ ૧૧

દીપક વિના મંદિર કિશ્યો રે ધન્ના, વિણ પુત્ર પરિવાર;
વિરહ વિહુણી બેનડી રે ધન્ના, ઝુરે વાર તહેવાર... જનની હું૦ ૧૨

ચંદ્ર વિના કિશી ચાંદની રે ધન્ના, તારા વિના કેસી રાત;
કંથ વિના કિસી કામિની રે ધન્ના, ઝુરે બારે માસ. ધન્ના૦ હું૦ ૧૩

માતા ને સમજાવી ધન્ને, લીધો છે સંજમ ભાર;
માંસ સંલેખણા પાળીને રે ધન્નો, પહોંચ્યો અનુત્તર વિમાન. ૧૪

દાન શીયલ તપ ભાવના રે ધન્ના, એ જનમાંતર સાર;
માન કહે મુનિ વાંદતા રે ધન્ના, વરત્યો જય જયકાર રે ધન્ના૦ હું૦ ૧૫

## ૧૩૮
## સોલ સ્વપ્નની સજ્ઝાય

સુપન દેખી પહેલડે, ભાંગી છે કલ્પવૃક્ષની ડાળ રે;
રાજા સંજમ લેશે નહિ, દુષમ પંચમ કાલ રે, ચંદ્રગુપ્ત રાજા સુણો૦ ૧

અકાલે સૂરજ આથમે, તેનો શ્યો વિસ્તાર રે;
જન્મ્યો તે પંચમ કાળમાં, તેને કેવળ નવિ હોશે રે. ચન્દ્ર૦ ૨

ત્રીજે ચંદ્રમા ચારણી, તેનો શ્યો વિસ્તાર રે;
સામાચારી જુદી જુદી હશે, બારે વાટે ધર્મ હોશે રે. ચન્દ્ર૦ ૩

ભૂત ભૂતાદિ દીઠા નાચતાં, ચોથા સુપન નો વિસ્તાર રે;
કુદેવ કુગુરૂ કુધર્મની, માન્યતા ઘણી હોશે રે. ચન્દ્ર૦ ૪

નાગ દીઠો બાર ફેણો, તેનો શ્યો વિસ્તાર રે;
વરસ થોડાંને આંતરે, હોશે બાર દુકાળ રે. ચન્દ્ર૦ ૫

દેવ વિમાન છઠ્ઠે વર્યા, તેનો શ્યો વિસ્તાર રે;
વિદ્યા ને જંઘા ચારણી, લબ્ધિ નો વિચ્છેદ હોશે રે. ચન્દ્ર૦ ૬

ઉગ્યું તે ઉકરડા મધ્યે, સાતમે કમલ વિમાસ્યે રે;
એક નહી તે સર્વે વર્ણીયા, જુદાં જુદાં મન હોશે રે. ચન્દ્ર૦ ૭

થાપના થાપશે આપ આપણી, પછી વિરાધક ઘણાં હોશે રે;
ઉચ્છેદ હોશે જૈન ધર્મનો રે, વચ્ચે મિથ્યાત્વ ઘોર અંધાર રે. ચન્દ્ર૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સૂકાં સરોવર દીઠા ત્રણ દિશે, દક્ષિણ દિશે ડોળા પાણી રે;
ત્રણ દિશે ધર્મ હોશે નહિ, દક્ષિણ દિશે ધર્મ હોશે રે. ચન્દ્ર૦ ૯
સોનાની થાળી મધ્યે, કૂતરા ખાયે ખીર રે;
ઉંચતણી રે લક્ષ્મી, નીચ તણે ઘરે હોશે રે. ચન્દ્ર૦ ૧૦
હાથી સાથે બેઠો વાંદરો, તેનો શ્યો વિસ્તાર રે;
મ્લેચ્છી રાજા ઊંચા હોશે, અસલી હિંદુ હેઠા હાથ રે. ચન્દ્ર૦ ૧૧
સમુદ્રે મર્યાદા મૂકી બારમે, તેનો શ્યો વિસ્તાર રે;
શિષ્ય ચેલા ને પુત્ર પુત્રીઓ, નહિ રાખે મર્યાદા લગાર રે. ચન્દ્ર૦ ૧૨
રાજકુંવર ચઢ્યો પોઠીએ, તેનો શ્યો વિસ્તાર રે;
ઉંચો તે જૈન ધર્મ છાંડીને, રાજા નીચ ધર્મ આદરશે રે. ચન્દ્ર૦ ૧૩
રત્ન ઝાંખા રે દીઠા તેરમે, તેનો શ્યો વિસ્તાર રે;
ભરત ક્ષેત્રના સાધુ સાધ્વી, (તેને) હેતે મેળાવા થોડા હોશે રે. ચન્દ્ર૦ ૧૪
મહારથે જુત્યાં વાછડા, તેનો શ્યો વિસ્તાર રે;
બાળક ધર્મ કરશે સદા, બુઢ્ઢા પ્રમાદી પડયા રહેશે રે. ચન્દ્ર૦ ૧૫
હાથી લઢે રે માવત વિના, તેનો શ્યો વિસ્તાર રે;
વરસ થોડાને આંતરે, માગ્યા નહિ વરસે મેહ રે. ચન્દ્ર૦ ૧૬
વ્યવહાર સૂત્રની ચૂલીકા મધ્યે, ભદ્રબાહુ મુનિ એમ ભાખે રે;
સોળ સુપનનો અર્થ એ, સાંભળો રાય સુધીર રે. ચન્દ્ર૦ ૧૭

## ૧૩૯
## નાલંદા પાડાની સજ્ઝાય

(તુજ સાથે નહી બોલુ રૂષભજી)

મગધ દેશમાંહી બિરાજે, સુંદર નગરી સોહેજી; રાજગૃહી રાજા શ્રેણીક રે;
દેખતા મન મોહેજી, એક નાલંદે પાડે પ્રભુજીએ, ચૌદ કીયા ચોમાસાજી. ૧
ધન ને ધર્મ નાલંદે પાડે, દોનું વાતે વિશેષાજી;
ફરી ફરી વીર આવ્યા બહુ વારે, ઉપકાર અધિકો દેખ્યોજી. ૨
શ્રાવક લોક વસે ધનવંતા, જિન મારગના રાગીજી;
ઘર ઘર માંહે સોના ચાંદી, જિહાં જ્યોતિ જાગીજી. એક૦ ૩
જડાવ ઘરેણાં જોર વિરાજે, હાર મોતી નવસરીયાજી;
વસ્ત્ર પહેરણ ભારે મૂલાં, ઘરેણા રત્ને જડીયાંજી. એક૦ ૪



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પડિમા વંદન સઘળા જાવે, રચના કરે ઉલ્લાસોજી;
કેસર ચંદન અર્થે બહુલાં, મુક્તિતણા અભિલાષોજી. એક૦ ૫
ત્રણ પાટ શ્રેણીક રાજાના, હુવા સમકિતધારી લગતાજી;
જિન મારગકું જોર દીપાવ્યો; વીર તણા બહુ ભગતાજી. એક૦ ૬
પિયરમાંહી સમકિત પામી, ચેલણા પટ્ટરાણીજી;
મહાસતી જેણે સંયમ લીયો, વીર જીણંદે વખાણીજી. એક૦ ૭
જંબૂ સરીખા હુવા તે જેણે, આઠ અંતેઉર પરણીજી;
બાલ બ્રહ્મચારી ભલા વિચારી, જેણે કીધી નિર્મલ કરણીજી. એક૦ ૮
શાલીભદ્ર ગોભદ્રનો બેટો, બનેવી વળી ધન્નોજી;
સહિત સુભદ્રા સંયમ લીધો, મુક્તિ જાવણરો મનજી. એક૦ ૯
ગોભદ્ર શેઠ ગુણવંતા જેણે, સંયમ મારગ લીનોજી;
મહાવીર ગુરૂ મોટા મળીયા, તેણે જન્મ મરણ દુઃખ છીનોજી. એક૦ ૧૦
અભયકુમાર મહાબુદ્ધિવંતો, જેણે પ્રધાન પદવી પામીજી;
વીર સમીપે સંયમ લીયો, મુક્તિ જાવણરો કામીજી. એક૦ ૧૧
શેઠ સુદર્શન છેલ્લો શ્રાવક, વીર વંદનને ચાલ્યોજી;
મારગ બિચમે અર્જુન મળીઓ, પણ ન રહ્યો તેને ઝાલ્યોજી. એક૦ ૧૨
અર્જુન હોઇ ગયો તે સાથે, વીરજીણંદને ભેટયાજી;
માલી ને દીક્ષા દેવરાવી, સબ દુઃખ નગરીનાં મેટયાજી. એક૦ ૧૩
ત્રેવીસ તો શ્રેણીકની રાણી, તપ કરી દેહ ગાલીજી;
મોટી સતીયો મુક્તિ બિરાજે, કર્મતણા બીજ ગાલીજી. એક૦ ૧૪
ત્રેવીસ તો શ્રેણીકના બેટા, ઉપન્યા અનુત્તર વિમાનોજી;
દશ પૌત્ર દેવલોકે પહોતા, એ સવિ હોશે નિરવાણોજી. એક૦ ૧૫
મહાશતક જે મોટો શ્રાવક; તેને છે તેર નારીજી;
કરણી કરી ને કર્મ ખપાવ્યાં, હુવા એકાવતારીજી. એક૦ ૧૬
મેઘકુમાર શ્રેણીકનો બેટો, જેણે લીધો સંયમ ભારજી;
વૈયાવચ્ચ નિમિત્તે કાયા વોસીરાવી, દો નયણરો સારજી. એક૦ ૧૭

## ૧૪૦
## વૈરાગ્યની સજ્ઝાય

ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો, ભમીયો દિવસ ને રાત;
માયાનો બાંધીઓ પ્રાણીઓ, ભમે પરિમલ જાત. ભૂલ્યો૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કુંભ કાચો ને કાયા કારમી, તેહના કરો રે જતન્ન;
વિણસતાં વાર લાગે નહિં, નિર્મળ રાખો રે મન. ભૂલ્યો૦ ૨
કેહનાં છોરૂ કેહનાં વાછરૂં, કેહના માય ને બાપ;
પ્રાણી રે જાવું છે એકલું, સાથે પૂન્ય ને પાપ. ભૂલ્યો૦ ૩
આશા તો ડુંગર જેવડી, મરવું પગલાં રે હેઠ;
ધન સંચી સંચી રે કાંઈ કરો, કરી દૈવની વેઠ. ભૂલ્યો૦ ૪
ધંધો કરી ધન જોડીઉં, લાખ ઉપર ક્રોડ;
મરણની વેલા રે માનવી, લીયો કંદોરો છોડ. ભૂલ્યો૦ ૫
મૂર્ખ કહે ધન માહરૂં, ધોખે ધાન ન ખાય;
વસ્ત્ર વિના જઈ પોઢવું, લખપતિ લાકડાં માંય. ભૂલ્યો૦ ૬
ભવસાગર દુઃખ જલે ભર્યો, હવે તરવો છે રે તેહ;
વચમાં ભય સબળો થયો, કર્મ વાયરો ને મેહ. ભૂલ્યો૦ ૭
લાખ પતિ છત્ર પતિ સવિ ગયા, ગયા લાખ બે લાખ;
ગર્વ કરી ગોખે બેસતાં, સર્વ થયા બળી રાખ. ભૂલ્યો૦ ૮
ધમણ કુડંતી રે રહી ગઈ, બુજ ગઇ લાલ અંગાર;
એ રણકો કબકો મીટ્યો, ઉઠ ચલ્યો રે લુહાર. ભૂલ્યો૦ ૯
ઉવટ મારગ ચાલવું, જાવું પહેલે રે પાર;
આગળ હાટ ન વાણીયો, શંબલ લેજો રે સાર. ભૂલ્યો૦ ૧૦
પરદેશી પરદેશ મેં, કુણશું કરો રે સ્નેહ;
આવ્યા કાગળ ઉઠ ચલ્યા, ન ગણે આંધિ ને મેહ. ભૂલ્યો૦ ૧૧
કેઇ ચાલ્યા રે કેઈ ચાલશે, કેઈ ચાલણહાર;
કેઈ બેરે બુઢા બાપડા, જાયે નરક મઝાર. ભૂલ્યો૦ ૧૨
જે ઘર નોબત વાગતી, થાતાં છત્રીશે રાગ;
ખંડેર જઈ ખાલી પડયા, બેઠણ લાગ્યા છે કાગ. ભૂલ્યો૦ ૧૩
ભમરો આવ્યો રે કમલમાં, લેવા પરિમલ પૂર;
કમળની વાંછા એ માંહે રહ્યો, જબ આથમતે સૂર. ભૂલ્યો૦ ૧૪
રાતનો ભૂલ્યો રે માનવી, દિવસે મારગ આય;
દિવસનો ભૂલ્યો રે માનવી; ફિર ગોથાં ખાય. ભૂલ્યો૦ ૧૫
સદ્ગુરૂ કહે વસ્તુ વોરીયે, જે કાંઇ આવે રે સાથ;
આપણો લાભ જગાવીએ, લેખું સાહિબને હાથ, ભૂલ્યો૦ ૧૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૪૧
## ખડ્ગકુમારની સજ્ઝાય

અવંતિ નગરી સોહામણી રે, રાજા કેતુ રે રાજા;
વન ગયા મુનિને વાંદવાજી રે, ત્યાં ઉપન્યો વૈરાગ,
મુનીશ્વર જૂવો જૂવો ભગવંત ના કહેણ. ૧
ઘેર આવી કહે માયનેજી રે, અમે લઈશું સંજમ ભાર;
કુંવર અમારો નાનકડોજી, એ અણઘટતું થાય. મુની૦ ૨
વાઘ સિંહ વનમાં વસેજી રે, ખડ્ગકુમારની કેમ જાય;
પાંચશે સુભટ આગળ કર્યા રે, મેલ્યા કુમારની સાથ. મુની૦ ૩
સાવથ્થી નયરીમાં આવીયાજી રે, શ્રાવક હરખ્યા અપાર;
આ નયરી બ્હેનેવી તણી રે, હૈડા હરખ્યા અપાર. મુની૦ ૪
જન સઘળા જમવા ગયાજી રે, જતિને મેલીયા રે એક;
આહાર લેવા જબ ઉઠીયાજી રે, સાવથ્થી નયરીમાં જાય. મુની૦ ૫
રાય ને રાણી નિરખતાંજી રે, નયણે વછુટ્યાં નીર;
આવો તે મારો બાંધવોજી, ક્રોધ ચઢ્યો અપાર. મુની૦ ૬
સાથે તે જનને બોલાવીયાજી રે, જતિને દ્યો પ્રહાર;
જન જઈ ઋષીને મલ્યાજી રે, વચને ઝાલી લ્યો રે હાથ. મુની૦ ૭
મસાણ ભૂમિ લઈ ગયા જી, કંપ્યા નહીં રે લગાર;
ત્વચા ઉતારી જીવતાંજી રે, હણ્યો નાનેરો બાળ. મુની૦ ૮
જન જમીને આવીયાજી રે, શોધવા લાગ્યો રે વચ્છ;
તે નયણે દેખે નહિંજી રે, હૈડા ફાટી રે જાય. મુની૦ ૯
જન જાઈ રાજાને મલ્યાજી રે, રાજા પૂછે રે વાત;
કઇ નગરીનાં કયાં વસોજી રે, રહેતા કેણી રે માસ. મુની૦ ૧૦
અવંતી નગરી સોહામણી જી રે, રાજા કેતુ રે રાય;
ખડ્ગ કુમારે દીક્ષા ગ્રહી જી રે, રહેતા તેહની રે પાસ. મુની૦ ૧૧
વિના વિચારે મેં કર્યું જી રે, હણતાં ન કર્યો વિચાર;
હા હા અણઘટતું મેં કર્યુંજી રે, હણ્યો રાણીનો રે વીર. મુની૦ ૧૨
રાણીયે સંયમ આદર્યોજી રે, રાજા જંપ ન થાય;
ઘેર જવું ગમતું નથી જી રે, લીધો સંયમ ભાર. મુની૦ ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાય રાણી સંયમ લીયો જ્યારે, ઉતારવા મોહની જાળ;
તપ કરતાં અતિ આકરોજી, કરવા ઉગ્ર વિહાર. મુની૦ ૧૪
પાંચશે સુભટ ભેળા થઈજી રે, મળીને કરે વિચાર;
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ જી રે, મળીને કીધો વિચાર. મુની૦ ૧૫
કર્મ ખપાવી હુઆ કેવલી જી રે, પહોંચ્યા મુક્તિ મોઝાર;
હીર વિજયની વિનતી જી રે, લબ્ધિ વિજયની રે જોડ.
આ સજ્ઝાય ભણતાં થકાંજી રે, સૌને ઉપજે વૈરાગ. મુની૦ ૧૬

## ૧૪૨
## સ્થુલીભદ્રની સજ્ઝાય

બોલી ગયો મુખ બોલ, ચાર ઘડીનો કોલ, આછે લાલ;
હજીએ ન આવ્યો વ્હાલો જી, દેઈ ગયો દુઃખ દાહ,
પાછો ન આવ્યો નાહ, આ૦ કે સહિ કેણે ભોળવ્યોજી. ૧
રહેતો નહી ખીણ એક, રે દાસી સુવિવેક. આ૦
જાઈ જુઓ દશે દિશોજી, એમ બોલંતી બાળ;
એહની ઉત્તમ ચાલ, આ૦ છેલ ગયો મુજ છેતરીજી. ૨
ઉલસ વાલસ થાય, અંગ ઉધામા થાય, આ૦
નયણે નાવે નિંદ્રડીજી, ચોખા ચંપક ચીર;
નણદલ ના હો વીર, આ૦ નયણે દીઠા નવીજી. ૩
જેમ બપઈયો મેહ, મચ્છનો જલસું નેહ, આ૦
ભમરાને મન કેતકીજી, ચકવો ચાહે ચંદ;
ઇંદ્રાણી મન ઇન્દ્ર, આ૦ અહનિશ તમને ઓળગુંજી. ૪
તુમ વિણ ઘડીય છ માસ, તેં મુજ નાંખી પાસ, આ૦
નિષ્ઠુરપણું નર તેં કર્યુંજી, ભાખો કોઇક દોષ;
મૂકી મનનો રોષ, આ૦ કાંઇ તો કરૂણા કરોજી. ૫
હું નિરધારી નાર, મેલી ગયો ભરથાર. આ૦
ઉભી કરું આલોચનાજી, એમ વલવલતી કોષ;
દેતી કર્મને દોષ. આ૦ દાસી આવી દોડતીજી. ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાંભળ સ્વાગીની વાત, લાછલદેનો જાત. આ૦
આ સ્થુલીભદ્ર આવ્યા આંગણેજી, વનિતા સાંભળ વાત;
હૈડે હરખ ન માત. આ૦ પ્રીત પાવન પ્રભુ તેં કરીજી. ૭
પધારો ઘર મુજ, મુનિ ભાખ્યો સવિ ગુંજ, આ૦
ઉઠ હાથ અલગે રહીજી, મા ઘર તે મોસાલ;
તે મુજ આગળ ખ્યાલ, આ૦ એહ પ્રપંચ કયાં ભણ્યાજી. ૮
ચિત્રાશાલી ચોમાસ, નિહાલી મુખ તાસ, આ૦
વનિતા વિધિ શું આલોચવેજી, માંદલ તાલ કંસાલ;
ભુંગલ ભેરી રસાલ, આ૦ ગાવે નવ નવ રાગશુંજી રે. ૯
વાળે વિધશું અંગ, ફરતી કુંદડી ચંગ, આ૦
હાવભાવ બહુ હેજ સ્યું રે, સાંભળ સ્વામીની વાત;
સિંહને ઘાલે ઘાત, આ૦ રાઈના પડ રાતે ગયાંજી. ૧૦
સો બાળક સાથે રોય, પાવઇયાને પાનો ન હોય; આ૦
પથ્થર ફાટયો તે કેમ મીલેજી, સમુદ્ર મીઠો ન થાય;
પૃથ્વી રસાતલ જાય. આ૦ સૂર્ય ઉગે પશ્ચિમ દિશેજી. ૧૧
પ્રતિબોધિ ઇમ કોષ, છોડી રાગ ને રોષ, આ૦
દ્વાદશ વ્રત તિહાં ઉચ્ચરેજી. પૂરણ કરે ચોમાસ.
આવ્યા શ્રી ગુરૂ પાસ, આ૦ પંચ મહાવ્રત પાલતાંજી. ૧૨
ધન્ય માતા ધન્ય તાત, નાગર ન્યાતિ કહાય. આ૦
વારૂ વંશ દીપાવ્યોજી. જે નર નારી ગાય;
તસ ઘર લચ્છી થિર થાય, આ૦ પ્રભણે શાંતિ મયા થકીજી. ૧૩

## ૧૪૩
## ચંદનબાલાની સજ્ઝાય

બાળ કુંવારી ચંદન બાલા, બોલે બોલ રસાળા રે;
રૂપ અનુપમ નયણ વિશાળા, ગંગાજળ ગુણ માળા રે. બાલ૦ ૧
શેઠ ધનાવહ ઘરે આણી, બેટીની પરે જાણી રે;
અણુખ અદેખાઇ મનમાં આણી, તસ-ઘરણી દુહવાણી રે. બાલ૦ ૨
મૂળા કુમતિ તણી છે કુંડી, ચંદના મસ્તક મૂંડી રે;
બેડી જડીને જોઇ મતિ ઉંડી, તાળું દેતી ભૂંડી રે. બાલ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આયો શેઠ ત્રણ દિન અંતે, દિવસ બપોરે ચડતે રે;
અડદ બાકુલા દઈ એકાંતે, સૂપડા ખૂણે ખાંતે રે. બાલ૦ ૪
પાંચ દીન ઉણો છ માસી, અભિગ્રહ વીર અભ્યાસી રે;
આવ્યા આંગણે યોગ વિલાસી, દેખી કુંવરી ઉલ્લાસી રે. બાલ૦ ૫
એક પગ ઉંબરા બહાર રાખી, નયણે આંસુડા નાખી રે;
બાકુલા પડિલાભ્યા મન સાખી, મુક્તિ તણી અભિલાષી રે. બાલ૦ ૬
સાડી બાર કોડી પર સિદ્ધિ, વૃષ્ટિ સોનૈયાની કીધી રે;
અનુક્રમે સંયમ કમળા લીધી, મૃગાવતીને દીક્ષા દીધી રે. બાલ૦ ૭
એક દિન વીર કૌશંબી આવ્યા, ચંદ્ર સૂરજ મન ભાવ્યા રે;
મૂળ વિમાને વાંદવા આવ્યા, તેજ અધિક તસકીયા રે. બાલ૦ ૮
ઉભો સ્થાનક આપણે ચેલી, જાશું એ જણ વહેલી રે;
એવી વાણી ન જાયે મેલી, આવી ગુરૂણી એકેલી રે. બાલ૦ ૯
ઘોર ઘપટ અંધારે આઇ, રહી પગે લગાઈ ખમાઇ રે;
કેવળ લઇ નિજ કર્મ ખપાઈ, ગુરૂણીએ ખબર ન પાઈ રે. બાલ૦ ૧૦
હાથ ઉંચો લઇ ચંદના જગાઈ, આવે નાગ ઉજાઈ રે;
તેં અંધારે ખબર કિમ પાઇ, કેવલજ્ઞાન ઉપાઈ રે. બાલ૦ ૧૧
મેં એ કીધી માઠી કરણી, જ્ઞાનીની આશાતના કરણી રે;
ચેલી પગે લાગે તસ ગુરૂણી, તુંહી જ તારણ તરણી રે. બાલ૦ ૧૨
ગુરૂણી ચેલી કર્મ વિછોડી, પહોંચી મુક્તિ શું જોડી રે;
નય વિજય પંડિતની જોડી, શિષ્ય કુંવર કહે કરજોડી રે. બાલ૦ ૧૩

## ૧૪૪
## મયણરેહાની સજ્ઝાય

નયર સુદર્શન મણીરથ રાજા, યુગબાહુ યુવરાજાજી;
મયણ રેહા યુગબાહુની ઘરણી, શીલ તણું ગુણ તાજાજી. ૧
મણીરથ મોહ્યો તેહને રૂપ, બંધવ કીધો ઘાતજી;
મયણ રેહા તે નીજામ્યો, સુર સુખ વહ્યો વિખ્યાતજી. ૨
ચંદ્ર જસા અંગ જ ઘર છોડી, ગર્ભવતી શીલવતીજી;
એકલડી પરદેશે પ્રસવ્યો, સુંદર સુત સરમંતેજી. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જલ હાથી એ ગગન ઉડાડી, વિદ્યાધર લીયે તેહનેજી;
કામ વયણ ભાખ્યા પણ ન છાલી, જૂજા મંદિર ગિરિ પર્વતેજી. ૪
આશ્વાસી નંદીશ્વર દ્વીપે, શાશ્વત તીર્થ ભેટેજી;
તિહાં જ્ઞાની મુનિ અને નિજપતિ,સુર દેખી દુઃખ સવી મેટેજી. ૫
પૂરવ ભવ સુણીને સુતનો, સવી સંબંધ જણાવ્યોજી;
મિથીલા પૂરી પતિ પદ્મરથ રાજા, અડવે અપહર્યો આવ્યોજી. ૬
પૂષ્પમાલાને તે સુત આપ્યો, નવિ ઠવ્યુ તસ નામજી;
તે મુનિ જનક છે વિદ્યાધરનો, તસ વચને ગત કામજી. ૭
મયણ રેહા ઇમ શીલ અખંડીત, થઇ સાહુણી આવેજી;
મણીરથ ને સર્પ ડસ્યો, ગયો નરકે ચંદ્રજસા નૃપ થાયેજી. ૮
રાજા પદ્મરથે પણ નમીને, રાજ દેઇ લીયે દીક્ષાજી;
કેવલ પામી મુગતે પહોંચ્યાં, ગ્રહી સદ્ગુરૂની શિક્ષાજી. ૯
એક દિન નમિરાયનો હાથી, ચંદ્રજસા પૂરી જાયે જી;
તેહ નિમિત્તે નમિચંદ્ર જસાને, યુધ સંબંધ તે થાયજી. ૧૦
સાધ્વી યુદ્ધ નિવારણ કાજે, બંધવ ચરિત્ર જણાવેજી;
નમિ ને રાજ દેઇ ને ચંદ્રજસા, ગ્રહી સંયમ શીવ જાવેજી. ૧૧
નમિરાય પણ દાહજવર રોગે, વલય શબ્દથી બુઝયોજી;
ઇંદ્રે પરીખ્યો પણ નવી ચલીયો, કર્મ નૃપતિ શું જુજ્યોજી. ૧૨
ઉત્તરાધ્યયને પ્રત્યેક બુધના, વિસ્તારે સંબંધજી;
મયણારેહા પણ શિવસુખ પામી, જ્ઞાન વિમળ અનુબંધજી. ૧૩

## ૧૪૫
## વયર મુનિની સજ્ઝાય

સાંભળજો તુમે અદ્ભૂત વાતો, વયરકુંવર મુનિવરની રે; (આંકણી)
ખટ મહિનાનાં ગુરૂ ઝોળીમાં, આવે કેલી કરંતા રે;
ત્રણ વરસનાં સાધ્વી મુખથી, અંગ અગ્યાર ભણતાં રે. સાં૦ ૧
રાજસભામાં નહી ક્ષોભાણા, માત સુખલડી દેખી રે;
ગુરૂએ દીધો ઓઘો મુહપતિ, લીધો સર્વ ઉવેખી રે. સાં૦ ૨
ગુરૂ સંઘાતે વિહાર કરે મુનિ, પાળે શુદ્ધ આચાર રે;
બાળપણાથી મહા ઉપયોગી, સંવેગી શીરદાર રે. સાં૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કોળા પાક ને ઘેબર ભિક્ષા, દોય ઠામે નવી લીધી રે;
ગગન ગામિની વૈક્રિય લબ્ધિ, દેવે જેહને દીધી રે. સાં૦ ૪
દશ પૂરવ ભણીયા જે મુનિવર, ભદ્રગુપ્ત ગુરૂ પાસે રે;
ક્ષીરાસ્રવ પ્રમુખ જે લબ્ધિ, પ્રગટ જસ પ્રકાશે રે. સાં૦ ૫
કોડી સેંકડા ધનને સંચે, કન્યા રૂક્મિણી નામે રે;
શેઠ ધનાવો દિયે પણ ન લિયે, વધતે શુભ પરિણામે રે. સાં૦ ૬
દેઇ ઉપદેશને રૂક્મિણી નારી, નારી દીક્ષા આપી રે;
યુગ પ્રધાન જે વિચરે જગમાં, સૂરજ તેજ પ્રતાપી રે. સાં૦ ૭
સમકિત શિયળ તુંબ ધરી ધરમાં, મોહ સાયર કર્યો છોટો રે;
તે કેમ બૂડે નારી નદીએ, એ તો મુનિવર મોટો રે. સાં૦ ૮
જેણે દુર્ભિક્ષ સંધ લેઈને, મૂકયો નગર સૂકાળ રે;
શાસન શોભા ઉન્નતિ કારણ, પૂષ્પ પદ્મ વિશાળ રે. સાં૦ ૯
બૌદ્ધ રાયને પણ પ્રતિબોધ્યો, કીધો શાસન રાગી રે;
શાસન શોભા જય પતાકા, અંબર જઈને લાગી રે. સાં૦ ૧૦
વિસર્યો શુંઠ ગાંઠિયો કાને, આવશ્યક વેળા જાણયો રે;
વિસરે નહિ પણ એ વિસરિયો, આયુ અલ્પ પિછાન્યો રે. સાં૦ ૧૧
લાખ સોનૈયે હાંડી ચડે તિણે, બીજે દીન સુકાળ રે;
એમ સંભળાવી વયર સેનને, જાણી અણસણ કાળ રે. સાં૦ ૧૨
રથાવર્ત ગીરી જઈ અણુસણુ કીધું, સોહમ હરિ તિહાં આવે રે;
પ્રદક્ષિણા પર્વતને દઈને, મુનિવર વંદે ભાવે રે. સાં૦ ૧૩
ધન્ય સિંહગિરિ સૂરિ ઉત્તમ, જેહના એ પટ્ટધારી રે;
પદ્મવિજય કહે ગુરૂ પદ પંકજ, નિત્ય નમીયે નરનારી રે. સાં૦ ૧૪

## ૧૪૬
## બહુબલીની સજઝાય

**ઢાળ** બાહુબલી શુકલ ધ્યાને રહ્યાં, સુરગિરિ સમ સુર નંદુ રે;
પણ અંતર માને નડયાં, લઘુ બંધવ કેમ વંદુ રે. ૧
**સાખી** કેમ વંદુ બંધુ બહુઆ, ચરણ પર્યાયે વડા;
વિના કેવળ કેમ જાઉં, સમવસરણ આસંકડા,



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીતીઆ જેણે ભૂજા બળથી, ભરત ચક્રી સમવડા;
બલવંત એહવા માને નડીયા, અવર નર કુણ બાપડા. ૨

ઢાળ આદિ જીણંદ આદેશથી, બ્રાહ્મી સુંદરી હિત ભાવી રે;
બંધવ જીણે વન તપ તપે, તિહાં પ્રતિબોધન આવી રે. ૩

સાખી પ્રતિબોધવા હેતે તિહાં આવી, લતા વિંટ્યા નિરખીયા;
શ્રી રિસહ જેહવા કહ્યા માની, તેહવા તિહાં પરખીયા,
અહો વીરા ! ચરણ ધરો, માન કિમ વિ ન જાલવે;
પરમ સાધન વચન એની, સાર્થ ગર્ભિત આલવે. ૪

ઢાલ બંધવ ગજ થકી ઉતરો, હવે તો તુમે વ્રત ધારી રે;
ગજ ચઢ્યું રૂચતું હતું, તો તક્ષશિલા કાં નિવારી રે. ૫

સાખી કાં નીવારા તક્ષ નગરી, સહજથી વિગ્રહ કરી;
મમ હુઓ ગળીઆ થાઓ, બનીયા વીર ઉપશમ અણુસરી;
અણુહાણુડે વય હુએ કેવળ, એહવી તો સાંભળી;
કોઇ પણ ગજરાજ ચઢીયા, માન ન હુઆ કેવળી. ૬

ઢાળ બાહુબલે બહેનરો ઓળખી, મધુર વિરા અનુસારે રે;
કહે મુજ ગજ થકી ઉતરો, અસંભવ ઇમ કા પ્રચારે રે. ૭

સાખી અસંભવ ઇમ કિમ પ્રચારે, ગજ આરૂઢ હું છું કિંહા;
ગજ તણે સ્થાનક રહ્યા છે ગજ, નગર પણ કાંઇ નહિ ઇહા;
ગજ વાજી તજી વનરાજ વિલશું, તજી તે કેમ ચિત્ત ધરૂં;
પણ અલીક એની તો ન જંપે, કંઇક કારણ તો ખરૂં. ૮

ઢાળ અરે હું માન ગજે ચઢ્યો, અવર નહિ ગજ કોઇ રે;
મુજ વડ પણ કુણ કામનું, મુનિપણું એમ કેમ હોઈ રે. ૯

સાખી મુનિ પણું ઇમ કિમ હોવે, બેન વાણી મુજ ગમી;
ગ્રહ સંબંધે બંધુ બહુઆ, હવે તો મોટા સંયમી;
અહં એહવી બુદ્ધિ વિરમે, શ્રેણી ઉપશમ જઈ ચડ્યા;
સંવેગ રસીયો નીપટ હુંતો, માન મયગલ કિમ નડ્યો. ૧૦

ઢાળ વંદુ રે જઇ સવિ સાધુને, ઇમ કહી પગભવે ઈંદો રે;
લોકા લોક પ્રકાશથી, ઉગ્યો નાણ દિણંદો રે. ૧૧

સાખી ઉદય હુઓ નાણ દિનકર, બાહુબલ ઋષીરાય એ;
અનુક્રમે શીવસુખ પામ્યો, શેષ કર્મ ખપાવીએ;
શ્રી બાહુબલી પરે જેહ જગમાં, માન જીપે મુનિવરા;
કહે મોહન રૂપ કવિનો, તેહ સમકિત સિંધુરા. ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૪૭
## કૃષ્ણ મહારાજાની સજઝાય

માન ન કરશો રે માનવી, આખર એ છે અસાર;
રાખ્યા કોઈના રહેશે નહી, જુઓ કર્મ કીરતાર. ૧
સઢણ પઢણ વિધ્વંસના રે, જેવું માટીનું ભાંડ;
ક્ષણમાં વાગે ખોખરૂ રે, એ કેમ રહેશે અખંડ રે. ૨
જરા કુંવર જંગલ વસે રે, તીહાં ખેલે શ્રીકાર,
હરીને પાદે પદ્મધરા રે, સૂતા દીઠા તેણે ઠામ. ૩
મચ્છ લક્ષણે જાણી કરી રે, બાણ નાખ્યું ભરપુર;
પાયે ભેદીને નીસર્યું રે, જઇને પડીયું છે દૂર રે. ૪
આપ બલે ઉઠી કરી રે, બોલ્યા કૃષ્ણ નરેશ;
બાણ કોણે મને ભેદીયું રે, એ છે કોણ પાપી દુષ્ટ. ૫
સાદ કૃષ્ણનો સાંભળી રે, બોલ્યો જરા કુમાર;
હું વાસુદેવનો પુત્ર છું રે, રહુ છું વન મોઝાર. ૬
વનમાં કોઇ નહી માનવી, આજ સુધી નીરધાર;
કૃષ્ણ રખોપાને કારણે, વરસ થયા મુજ બાર. ૭
ઓરા આવો ભાઇ બાંધવા રે, શ્યાં સારૂં સેવો છો વન;
તે તો શ્રી કૃષ્ણને મારીઓ રે, ન મટે શ્રી નેમના વચન. ૮
આ નીશાની પાંડવને આપજો, અહીંથી જાને તું દૂર;
બલભદ્ર આવશે તો મારશે રે, ઉપજશે ઉદ્વેગ રે. ૯
આ સમે કેમ જાઉં ભાઈ એકલો રે, જો મુજ મોકલો મોરાર;
પાછું ફરી ફરી જોવતાં રે, આંખે આંસુડાંની ધાર રે. ૧૦
બત્રીશ સહસ અંતે ઉરી રે, ગોપીઓ સોલસે જાણ;
તરશે તરફડે શ્રીકમો રે, નહી કોઈ પાણી પાનાર રે. ૧૧
ગજે બેસી ને ચાલતાં, પડતી નગારાની ફોજ;
તે નર જંગલમાં એકલા રે, જેવા વનચર રોઝ રે. ૧૨
માથે રસી રસી બાંધતા રે, સારૂં કસબીની પાઘ;
તે નર જંગલમાં એકલા રે, ચાંચું મારે શીર કાગ. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છબીલા છત્ર ધરાવતા રે, ચોઈ દીસી ફરતી ફોજ;
તે નર જંગલમાં એકલા રે, જેવા વનચર રોઝ. ૧૪
જન્મતાં કોઇએ નહી જાણીઓ, મરતા નહી કોઇ રોનાર
મહા અટવીમાં એકલા રે, પડીયા પાડે પોકાર. ૧૫
નેક નજર કરો સાહિબા રે, તારો ભવજલ પાર;
મુક્તિ વિજય કવિરાયનો, કમલ વિજય ગુણગાય. ૧૬

## ૧૪૮
## મેતારજમુનિની સજ્ઝાય

શમદમ ગુણના આગરૂંજી, પંચ મહાવ્રત ધાર;
માસ ખમણને પારણેજી, રાજગૃહી નગરી મોઝાર;
મેતારજ મુનિવર! ધન ધન તુમ અવતાર. ૧
સોનીના ઘરે આવીયાજી, મેતારજ ઋષીરાય;
જવલા ઘડતો ઉઠીયોજી, વંદે મુનિવર પાય. મેતારજ૦ ૨
આજ ફળ્યો ઘર આંગણેજી, વિણુ કાળે સહકાર;
લ્યો ભિક્ષા છે સુઝતીજી, મોદક તણો એ આહાર. મેતારજ૦ ૩
ક્રૌંચ જીવ જવલા આણ્યોજી, વહોરી વળ્યા ઋષીરાય;
સોની મન શંકા થઇજી, સાધુ તણાં એ કામ. મેતારજ૦ ૪
રીસ કરી ઋષિને કહેજી, દ્યો જવલા મુજ આજ;
વાધર શીશે વીંટીયુંજી, તડકે રાખ્યા મુનિરાજ. મેતારજ૦ ૫
ફટ ફટ ફુટે હાડકાંજી, તડ તડ ત્રુટે રે ચામ;
સોનીડે પરિસહ દીયોજી, મુનિ રાખ્યો મન ઠામ. મેતારજ૦ ૬
એહવા પણ મોટા યતિજી, મન ન આણે રોષ;
આતમ નિંદે આપણોજી, સોનીનો શો દોષ. મેતારજ૦ ૭
ગજસુકુમાલ સંતાપીયાજી, બાંધી માટીની પાળ;
ખેર અંગારા શિર ધર્યાજી, મુગતે ગયા તતકાળ. મેતારજ૦ ૮
વાઘણે શરીર વલુરીયુંજી, સાધુ સુકોશલ સાર;
કેવલ લહી મુગતે ગયાજી, ઇમ અરણીક અણગાર. મેતારજ૦ ૯
પાલક પાપી પીલીયાજી, ખંધક સૂરિના શિષ્ય;
અંબડ ચેલા સાતસેંજી, નમો નમો તે નિશદિશ. મેતારજ૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એહવા ઋષિ સંભારતાંજી, મેતારજ ઋષિરાય;
અંતગડ હુઆ કેવલીજી, વંદે મુનિના પાય મેતારજ૦ ૧૧
ભારી કાષ્ટની સ્રીએ તિહાંજી, લાવી નાંખી તિણી વાર;
ધબકે પંખી જાગીયોજી, જવલા કાઢયા તિણે સાર. મેતારજ૦ ૧૨
દેખી જવલા વિષ્ટામાંજી, મન લાજ્યો સોનાર;
ઓઘો મુહપત્તિ સાધુનાજી, લેઈ થયો અણગાર. મેતારજ૦ ૧૩
આતમ તાર્યો આપણોજી, થિર કરી મન વચ કાય;
રાજ વિજય રંગે ભણેજી, સાધુ તણી એ સજ્ઝાય. મેતારજ૦ ૧૪

## ૧૪૯
## હરિકેશી મુનિની સજ્ઝાય

સોવાગ કુળમાં ઉપન્યાં, હો મુનિવર, ગુણતણા ભંડાર;
સમતાધારી સાધુજી, હો મુનિવર, લીધો સંયમ ભાર;
ધન ધન તપસીજી, હો મુનિવર, હરિકેશી અણગાર. આંકણી૦ ૧
ઈંદ્રિય દમન તપ આદર્યો હો મુનિવર, ધ્યાવે અરિહંત દેવ;
તિંદુક વૃક્ષ વાસી દેવતા, હો મુનિવર, સારે નિતનિત સેવ. ધન૦ ૨
માસ ખમણને પારણે હો મુનિવર, પગ ન પાડા નીરે માંય;
મેલાં કચુવાં લુગડાં હો મુનિવર, સમોસર્યા ઋષી ત્યાંય. ધન૦ ૩
બ્રાહ્મણ દ્વેષે પાછા વળીયા હો મુનિવર, જાઓ અનેરે ઠામ;
તુજ લાયક ભોજન નહી, હો મુનિવર, આંહી દ્વિજનો કામ. ધન૦ ૩
યક્ષ પ્રભાવે મુનિ બોલીયા, હો બ્રાહ્મણ, મેં જીવ તણા રખવાળ;
તુજ અર્થે અન્ન નિપજે હો બ્રાહ્મણ, મ્હારે ભિક્ષા તણો છે કાળ. ધન૦ ૫
ઉંચનીચ વસે ભૂમિકા હો બ્રાહ્મણ, જિહાં નિપજે ધાન;
ઉંચનીચ ગણે નહીં, હો બ્રાહ્મણ, દાતાર દેવે દાન. ધન૦ ૬
હેલે નિંદે સાધુને, હો બ્રાહ્મણ, ક્રોધી પેલે પાર;
કુશળ રાયની દીકરી હો બ્રાહ્મણ, બેઠી મહેલ મોઝાર. ધન૦ ૭
જક્ષ પ્રભાવે મુજ પિતા હો બ્રાહ્મણ, પરણાવી ઈણ સાથ;
મને કરી વંછી નહીં. હો બ્રા૦ મત કરજો વિખવાદ. ધન૦ ૮
ગીરી મતી ખણો નખ થકી હો બ્રા૦ પગે મતિ સ્પર્શો આગ;
લોહ જવ ખાતાં દાંત ભાગશે, હો બ્રા૦ મતિ છેડો મહા ભાગ. ધન૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ મરણને ઉઠીયા હો બ્રા૦ જક્ષ કોપ્યો તેણી વાર;
મારી કૂટી કીધા પાંસરા હો બ્રા૦ મુખ વહે રૂધીરની ધાર. ધન૦ ૧૦
કીધાનાં ફળ પામીયાં, હો બ્રા૦ જક્ષ પહોંત્યો નિજ ઠામ;
બ્રાહ્મણ વળી સબ વિનવે, હો મુનિ૦ પર ઉપકારી સ્વામ. ધન૦ ૧૧
વિપ્ર કહે મુનિરાયને હો મુ૦ જોડી દોનુ હાથ;
યગન આજ સફળ કરો, હો મુ૦ તારણ ઋષી જહાજ. ધન૦ ૧૨
વળતાં મુનિવર બોલીયા, હો બ્રા૦ મેં પાળું ષટ્કાય;
કીડી કુંજર સમગણું, હો બ્રા૦ ચાલું મારગ ન્યાય. ધન૦ ૧૩
અવસર દેખી મુનિ વહોરીયો હો મુ૦ તરણ તારણ જહાજ;
પાંચ દિવ્ય પ્રગટ હુવા, હો મુ૦ વાજે દેવ દુંદુભી નાદ. ધન૦ ૧૪
બ્રાહ્મણને પ્રતિ બોધવા, હો મુ૦ ટાળી આતમ દોષ;
ઋષભ દાસ ઇમ વિનવે, હો મુ૦ જઈ બિરાજ્યા મોક્ષ. ધન૦ ૧૫

## ૧૫૦
## સર્વાર્થસિદ્ધ વિમાનની સજ્ઝાય

જગદાનંદન ગુણ નિલો રે, ત્રિશલા નંદન વીર;
છોરૂની પરે શીખવે રે, પુણ્ય કરો નિશ દિશો રે. પુણ્ય ન મુકીએ;
જેહથી શીવસુખ હોય રે, તે કેમ મૂકીએ. ૧
પુણ્યે સર્વારથ સાધીએ રે, સુરનર સુખ અતીવ;
તે વિવરીને હું કહું રે, સાંભળજો ભવિ જીવો રે. પુણ્ય૦ ૨
સર્વાર્થ સિદ્ધે અછે રે, ચંદરવો ચોસાળ;
મોતી ઝુમખો તિહાં વડો રે, સોચે ઝાક ઝમાળ રે. પુણ્ય૦ ૩
એક વચ્ચે મોતી વડું રે, ચોસઠ મણનું માન;
ચાર મોતી તસ પાખતી રે, બત્રીશ મણના પ્રધાનો રે. પુણ્ય૦ ૪
સોળ મણાં વળી શોભતાં રે, અડ મુક્તાફળ ચંગ;
આઠ મણાં સોળ જ સુણો રે, આણી રંગ અભંગો રે. પુણ્ય૦ ૫
ચાર મણાં વળી ચિત્તહરૂં રે, મુક્તાફળ બત્રીશ;
બે મણ કેરાં મનોહરૂં રે, ચોસઠ કહે જગદીશો રે. પુણ્ય૦ ૬
એક મણા વળી જાણજો રે, એકસો ને અઠ્ઠાવીશ;
તેહનું વર્ણન સાંભળી રે, કોણ ન ધૂણે શીસો રે. પુણ્ય૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સરવાળે સઘળાં મળી રે, હોયસેં ત્રેપન હોય;
વલયાકારે જાણજો રે, તે મોતી સહુ કોય રે. પુણ્ય૦ ૮
પવન લહેરશું પ્રેરીયાં રે, સમકાળે તે જામ;
મુખ્ય મોતી શું આફળે રે, રણુણુણુ ઝણુણુણુ તામો રે. પુણ્ય૦ ૯
મધુર નાદમેં સુંદરૂં રે, થાયે તેહ વિમાન;
સુર રાજા તેહ શું ઘણો રે, કુણ કહે બુદ્ધિ નિધાન રે. પુણ્ય૦ ૧૦
તે માટે તે દેવતાં રે, અતિ સુખીયા પુણ્ય વંત;
તિણે નાટક લીલા લહે રે, માને સુખ અનંતો રે. પુણ્ય૦ ૧૧
તેત્રીશ સાગર આઉખું રે, જાતું ન જાણે તેહ;
સિદ્ધ પાહુડે વીરજી રે, અવિતથ્થ ભાખ્યું એહો રે. પુણ્ય૦ ૧૨
છઠ્ઠ તણાં તપ હોત જો રે, તો પહોંચત નિરવાણ;
સિદ્ધ શિલા તિહાંથી અ છે રે, જોજન બાર પ્રમાણો રે. પુણ્ય૦ ૧૩
એક વાર ઇંહાં અવતરી રે, દીક્ષા ગ્રહી ગુરૂ પાસ;
કેવલ જ્ઞાન લહી કરી રે, પહોંચે શીવસુખ વાસો રે. પુણ્ય૦ ૧૪
તેત્રીશ સહસ વરસ પછી રે, ભૂખ તણી રૂચી હોય;
તરત અમૃતમય પરિણમે રે, લવ સત્તમ સુર જોયો રે. પુણ્ય૦ ૧૫
પુણ્યે શિવસુખ સંપદારે, પુણ્યે લીલ વિલાસ;
ગુણ વિજય પ્રભુશું કહે રે, પુણ્ય થકી ફળે આશો રે. પુણ્ય૦ ૧૬

## ૧૫૧
## ઘીના ગુણની સજ્ઝાય

### દોહા

ભવિયણ ભાવ ઘણો ધરી, આણી ગુણની શ્રેણી,
સૂપડા સરખા થાય જો, ચાળણિ પરે મહજોણી. ૧
સાપ તણાં ગુણ મ આણજો, ગાય તણાં ગુણ આણ;
જુઓ ચાર નીરસ ચરી, આપે ઘૃત અહિ નાણ. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘૃત તણાં ગુણ વર્ણવું, સાંભળજો નરનાર;
વસ્તુ સઘળી જોઈ સહી, ઘૃત સમી નહિ સંસાર. ૩

## ઢાલ

ઘૃત રૂપ વાધે બળ કાંતિ, ઘૃત ક્રોધે થાય ઉપશાંતિ;
લુંખું ધાન્ય તે દોહીલું પચે, ઘૃત સહિત સહુકોને પચે. ૪
કુકસ બાકસ જેહમાં ઘૃત તેહ ધાન્ય લાગે અમૃત;
વાણીયા બ્રાહ્મણ સર્વ સુજાણ, ઘૃત પામે તે ધ્રુજે પ્રાણ. ૫
હાથ પગ ઉતર્યો સંધાય, ઢીલ તણા તે ખોડા જાય;
ઘૃતની પરે વિગલ કહેવરાય, એ ઉપમા ઘૃત ને દેવરાય. ૬
બાળકને ઘૃત વહાલુ સહી, રોઈને રોટી ઘી લેહી;
વળી લહે એકવાર તે રંગે, ઘૃત જીભે દેહી તગતગે. ૭
ઘૃત થકી નારા પૂરાય, સુવાવડી પણ ઘી અજ ખાય;
બળદ પીએ તો માતો થાય, ઘી ખાંધે નબળાઇ જાય. ૮
ઉભા રહીને ઘી પીજીએ, તેજ સબળ આંખે કીજીએ;
ગાયનું ઘી હરે સવિ વાય; વ્યાધિ સર્વે ઘીથી જાય. ૯
શાક પાક થાય ભલા ઘીથી, બીજું એહવું ઓસડ નથી;
ઘીનો દીવો માંગલીક કહ્યો, ઘી એ જમાઈ રીસાતો રહ્યો. ૧૦
ન્હાનાં મોટા ફૂલેર કરે, થીજું હોય તો લબકો ભરે;
સુવાળું ગલગલ ઉતરે, સીહાંરી હોય તો માખણ હરે. ૧૧
સાસુ જમાઇ કરવા મેળ, કોષ ઉપાડી કીધો ભેળ;
ખલહળ નામે ભલી કહેવાય, ઘી પીરસે તો પ્રીત જ થાય. ૧૨
વરે પૂછે ઘી કેતું વચ્યું, ઘી અ પખે તે લેખું કહ્યું;
ઘી સંચો રે વિવાહ અછે, બીજી વસ્તુ લેશું પછે. ૧૩
ઘૃત દાને સમકિત આણીયે, ધન્નો સારથ પતિ જગ જાણીયે;
બ્રાહ્મણને ઘી વખાણીયા, નિત્ય જમે પુણ્યવંત વાણીયા. ૧૪
પામર ખાયે પરવિવાહે, કરપી ખાયે પરઘર જાયે;
ઉંદર સાપ વૃક્ષ તે થાય, ધન ઉપર પરઠી રહે પાય. ૧૫
બુધવારે ઘી વહાલું સહી, શૂળ રોગ ઉપદ્રવ હરે;
ઘરડાને ઘી વહાલું સહી, જૂના હાડ રહે ઘીથી લહે. ૧૬
પાટી પીંડે ઘી મૂકીએ; ઘાવ વળી ગુંમડ ગહદીએ;
ઘી ખાધે તપ સોહીલો થાય. પગ બળ નયણે તેજ કહાય. ૧૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છતું ઘીય જે પીરસે નહિ, નરનાં નામ તસ લીજે નહી;
સઘળા ઉપર ઘૃત છે સાર, તે મત વારો વારો વાર. ૧૮
ઘીના ગુણને ઉત્તમનાં વયણ, એ બે સરખાં જાણો સયણ;
શુભ વિજય પંડિતથી લહ્યો, લાભ વિજય ઘીનો ગુણ કહ્યો. ૧૯

## ૧૫૨
## આત્માને શિખામણની સજ્ઝાય

**માહરા** આતમ, એહિજ શીખ સાંભળો, કાંઈ કુમતિ કુસંગતિ ટાળો રે. મા૦
સુગુરૂ સુદેવ સુધર્મ આદરજે, દોષ રહિત ચિત્ત ધરજે;
દોષ સહિત જાણી પરિહરજે, જીવદયા તું કરજે રે. માહરા૦ ૧
પાછલી રાતે વહેલો જાગે, ધ્યાન તણે લય લાગે;
લોક વ્યવહાર થકી મત ભાગે, કષ્ટ પડે મમ માગે રે. માહરા૦ ૨
દુઃખ આવે પણ ધર્મ મ મૂકે, કૂળ આચાર મ ચૂકે;
ધરતી જોઇને પગ તું મૂકે, પાયે કિમહી ન ઢૂકે રે. માહરા૦ ૩
સદ્ગુરૂ કેરી શીખ સુણીજે, આગમનો રસ પીજે;
આળી રીશે ગાળ ન દીજે, આપ વખાણ ન કીજે રે. માહરા૦ ૪
શકતે વ્રત પચ્ચક્ખાણ આદરીયે, લાભ જોઈ વ્યયકરીયે;
પર ઉપકારે આગળ થાયે, વિધિશું યાત્રાએ જઈએ રે. માહરા૦ ૫
સમકિતમાં મત કરજે શંકા, ધર્મે મ થાઈશ વંકા;
છંડી સત્ત્વ ન થાયે એ રંકા, સંતોષ સોવન ટંકા રે. માહરા૦ ૬
કિમહી જુઠું વયણ મ ભાખો, જિન ભેટે લેઇ આખે;
શીલ રતન રૂડી પરે રાખે, હીણે હીણ મ દાખે રે. માહરા૦ ૭
સમકિત ધર્મ મ મૂકે ઢીલો, વ્યસને મ થાઇશ વીલો;
ધર્મ કાજે થાજે તું પહેલો, એહિ જ જસનો ટીલો રે. માહરા૦ ૮
જ્ઞાન દેવ ગુરૂ સાધારણનું, દ્રવ્ય રખોપું કરજે;
પાખંડી અન્યાય તણું દ્રવ્ય, સંગતિ દૂરે કરજે રે. માહરા૦ ૯
વિનય કરજે ગુરૂ જન કેરો, પંચ પર્વ ચિત્ત ધરજે;
હીન મહોદય અનુકંપાએ, દુઃખિયાને સાધારે. માહરા૦ ૧૦
શક્તિ પાખે મ કરીશ મોટાઇ, શુભ કામે ન ખોટાઈ;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

છોડી જે યુગલ ચોટ્ટાને, મળવું ન દુષ્ટથી કાંઈ રે. માહરા૦ ૧૧
ધર્મ ક્ષેત્રે નિજ ધનને વાવે, જિમ આગળ સુખ પાવે રે;
પરનિંદા નિજ મુખે મત લાવે, આપે હીણું ભાવે રે. માહરા૦ ૧૨
ઉદેરી મત કરજે લડાઈ, આદરજે સાદાઈ;
કુલાવ્યો ચિત્ત ન ધરે જડાઇ, પામીશ એમ વડાઇ રે. માહરા૦ ૧૩
વિધિશું સમજી વ્રત આદરજે, ત્રણકાળ જીન પૂજે;
બુધ પૂછીને ઉદ્યમ કરજે, વ્યસન અવશ્ય પરિહરજે રે. માહરા૦ ૧૪
જ્ઞાન વિમલ ગુરૂ સેવા કરીયે, તો ભવ સાયર તરીયે;
શિવ સુંદરીને સહેજે વરીયે, શુદ્ધ મારગ અનુસરીયે રે. માહરા૦ ૧૫

## ૧૫૩
## મુનિગુણની સજ્ઝાય

નિત નિત વંદુ રે મુનિવર એહવા, જસ મુખ પંકજ પેખોજી;
તનુ રોમાંચિત હિયડો ઉલ્લસે, વિકસે નયણ વિશેષોજી; ૧
પંચ મહાવ્રત સુધા જે ધરે, પાળે પંચ આચારોજી;
સુમતિ ગુપતિની બહુલી ખપ કરે, ગુણ છત્રીશ ભંડારોજી. ૨
પાંચે ઇંદ્રિય અહનિશ વશ કરે, પાળે નવવિધ શીળોજી;
ચાર કસાય ન સેવે સંયતી, લક્ષણ સોહે શરીરોજી. ૩
માસ શિયાળે રે બહુલી શીત પડે, વાયે શીતળ વાયોજી;
તપ ધરી પોઢ્યા રે સમતા સેજડી, સંયમ સરીખો ભાવોજી. ૪
ગ્રીષ્મ કાળે રે તરૂણો રવિ તપે, જીવ સહુ વાંછે છાંહોજી;
સૂરજ સામી રે લે આતાપના, ઊંચી કરી બે બાંહ્યોજી. ૫
પાઉસ કાલે રે મેલાં કપડાં, ઝરમર વરસે મેહોજી;
ડાંસ મચ્છરનાં રે પરિસહ આકરા, અહિંયા સહે મુનિ તેહોજી. ૬
બાવીશ પરિસહ મુનિ અંગે ધરે, મહીયલ કરે વિહારોજી.
ક્ષમા ખડ્ગ લેઈ મુનિવર કર ગ્રહી, ઉપશમ રસ ભંડારોજી. ૭
સમકિત માન સરોવર ઝીલતા, ચારિત્ર વન ખંડ વાસોજી;
તપ જપ સંયમ પાળે નિરમળા, પાળે મનને ઉલ્લાસોજી. ૮
મધુકરની પરે મુનિવર ગોચરી, વહોરે શુદ્ધ જ આહારોજી;
તે વળી નીરસ ને વળી થોડલો, દ્યે નિજ દેહ આધારોજી. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બે કરજોડી રે વીનવીશું વળી, સ્વામી શરણે રાખોજી;
હૈડે સાલે રે પાપ જ જે કર્યાં, આળોઈશ ગુરૂ સાખોજી. ૧૦
તીન પ્રદક્ષિણા દેઈ વાંદશું, હૈડે આનંદ પૂરોજી;
શ્રવણે સુણશું વાણી તસ તણી, કઠીણ કરમ દલ ચૂરોજી. ૧૧
વીર જીનેસર નીરતો ભાખ્યો, તિહાં લગે જીનની આણોજી;
દુપ્પસહ આચાર જ સામી વખાણીયો, મહાનિશીથ સુઠાણોજી. ૧૨
તપ પડિવજશું રે વરતી નિરમળા, દૂરિત કરેશું દૂરોજી;
મનના મનોરથ સહુ એ પૂરશું, ભણે વિજય દેવસૂરોજી. ૧૩

## ૧૫૪
## ચેતનને શીખામણની સજ્ઝાય

આપ વિચારજો આતમાં, ભ્રાંતે શું ભુલે;
અથિર પદારથ ઉપરે, ફોગટ શું ફુલે. ૧
ઘટ માંહિ છે ઘર ધણી, મેલો મનનો ભામો;
બોલે તે બીજો નથી, જોને ધારી તામો. આપ૦ ૨
પામીશ તું પાસે થકી, બાહિર શું ખોળે;
બેસે કાં તું બૂડવા, માયાને ઓળે. આપ૦ ૩
પ્રીછયા વિણ કેમ પામીયે, સુણ મૂરખ પ્રાણી;
પીવાયે કેમ વસલીયે, ઝાંઝવાનાં પાણી. આપ૦ ૪
આપ સ્વરૂપ ન ઓળખે, માયા માંહે ઝૂલે;
ગરથ પોતાની ગાંઠનો, વ્યાજમાં જીમ ડૂલે. આપ૦ ૫
જોતાં નામ ન જાણીએ, નહી રૂપ ને રેખ;
જગમાંહિ તે કેમ જડે, અરૂપી અલેખ. આપ૦ ૬
અંધ તણી પરે આફળે, સઘળા સંસારી;
અંતર પટ આડો રહે, કોણ જુવે વિચારી. આપ૦ ૭
પહેલે પાછું કરી, પછી જોને નિહાળી;
નજરે દેખીશ નાથને, તેહશું લે તાળી. આપ૦ ૮
બાંધણ હારો કો નથી, નથી છોડણ હારો;
પ્રવૃત્તે બાંધીએ પોતે, નિવૃત્તે નિસ્તારો. આપ૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભેદા ભેદ બુદ્ધિ એ કરી, ભાસે છે અનેક;
ભેદ તજી ને જો ભજે, તો દીસે એક. આપ૦ ૧૦
કાળે ધોળું ભેળીએ, તો તે થાય બેરંગું;
બે બે રંગે બડે સહી, મન ન રહે ચંગુ. આપ૦ ૧૧
મન મરે નહીં જીહાં લગે, ધૂમે મદ ઘેર્યો;
તબ લગે જગ ભૂલો ભમે, ન મટે ભવ ફેરો. આપ૦ ૧૨
ઉંઘ તણે જોરે કરી, શું મોહ્યો સુહણે;
અળગી મેલી ઉંઘને, ખોળી જોને ખૂણે. આપ૦ ૧૩
ત્યારે જગમાં તુજ વિના, બીજે નવિ દીસે;
ભિન્ન ભાવ મટશે તદા, સહેજે સુજગી સે. આપ૦ ૧૪
મારૂં તારૂં નવિ કરે, સહુથી રહે ન્યારો;
ઇણ એહી નાણે ઓળખ્યો, પ્રભુ તેહને પ્યારો. આપ૦ ૧૫
સિદ્ધ દિશાએ સિદ્ધને, મળીએ એકાંતે;
ઉદયરત્ન કહે આત્મા, તો ભાંગે ભ્રાંતી. આપ૦ ૧૬

## ૧૫૫
## જંબૂસ્વામીની સજ્ઝાય

રાજગૃહી નગરી વસે, ઋષભદત્ત વ્યવહારી રે;
તસ સુત જંબુકુમાર નમું, બાળ પણે બ્રહ્મચારી રે. ૧
જંબૂ કહે જનની સુણો, સ્વામી સુધર્મા આવ્યા રે;
દીક્ષા લેશું તે કને, અનુમતિ દ્યો મોરી માયા રે. જંબૂ૦ ૨
માતા કહે સુણો બેટડા, વાત વિચારી કીજે રે;
તરૂણ પણે તરૂણી વરી, છોડી કેમ છુટી જે રે. જંબૂ૦ ૩
આગે અરણીક મુનિવરા, ફરી પાછા ઘરે આવ્યા રે;
નાટકણી નેહે કરી, આસાઢા ભૂતિ ભોળાયા રે. માતા૦ ૪
વેશ્યા વશ પડીયા પછી, નંદીષેણ નગીનો રે;
આર્દ્ર દેશનો પાટવી, આર્દ્રકુમાર કાં કીનો રે. માતા૦ ૫
સહસ્ર વરસ સંજમ લીઓ, તોયે પાર ન પાયા રે;
પૂરવને કર્મે કરી, પછી ઘણું પસ્તાયા રે. માતા૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિવર શ્રી રહનેમીજી, નેમી જીનેશ્વર ભાઈ રે;
રાજીમતી દેખી કરી, વિષય તણી મતી આઈ રે. માતા૦ ૭
દીક્ષા છે વત્સ દોહીલી, પાળવી ખાંડાની ધાર રે;
અરસ નિરસ અન્ન જિમવું, ડાભ સંથારે સુંવું રે. માતા૦ ૮
દીક્ષા છે વત્સ દોહીલી, કહ્યું હમારૂં કીજે રે;
પરણો પનોતા પદ્મણી, પુરો મનોરથ ભાઇ રે. માતા૦ ૯
જંબૂ કહે જનની સુણો, ધન ધન્નો અણગાર રે;
મેઘ મુનીસર મોટકો, શાલીભદ્ર સંભારો રે. જંબૂ૦ ૧૦
ગજ સુકુમાલ ગુણે ભર્યો, આતમ સાધન કીનો રે;
ષટ્‌માસી તપ પારણે, ઢંઢણે કેવલ લીનો રે. જંબૂ૦ ૧૧
દશાર્ણભદ્ર સંયમ લહી, ઇંદ્રને પાયે લગાડયો રે;
પ્રસન્નચંદ્ર કેવલ લહી, પામ્યા છે પરમ આણંદો રે. જંબૂ૦ ૧૨
એમ અનેક બહુ મુનિવર હુઆ, કહેતાં પાર ન પાવે રે;
અનુમતિ દ્યો મોરા માતાજી, ખીણુ લાખીણો જાય રે. જંબૂ૦ ૧૩
પાંચશે સત્તાવીશ સાથે, જંબૂકુમાર પરવરીઓ રે;
પંચ મહાવ્રત ઉચ્ચરી, ભવજલ સાયર તરીઓ રે. જંબૂ૦ ૧૪
જંબૂ ચરમ જ કેવલી, તાસ તણા ગુણ ગાયા રે;
પંડિત લલિતવિજય તણાં, હેતવિજય સુપસાયા રે. જંબૂ૦ ૧૫

## ૧૫૬
## હરિકેશી મુનિની સજ્ઝાય

ઋષિ વનવાસી સુરવર સેવંત, પાળે પંચ આચાર;
પંચે નિજ ઇંદ્રિય વશ કરતો, તપસી ઉગ્ર વિહાર.
માતંગ મુનિવર, હરિકેશી ધન્ય ધન્ય. ૧
સૂધો મુનિવર જે કહાયો, કિરિયા ગુણ સંપન્ન; માતંગ૦ હરિ૦
માસ તણો તપસી હરિ કેશી, તિંદુખ જનની ઠાણી. માતંગ૦ હરિ૦ ૨
રાજ સુતા ભદ્રા તિહાં આવી, યક્ષને નમવા કામ;
ભમતી માંહે મુનિવર દેખી, મુહ મચકોડે તામ. માતંગ૦ હરિ૦ ૩
તે દેખી સુરવર તવ કોપ્યો, કન્યા કીધી દુષ્ટ;
ત્રોડે હરિને પોઠે તનુ સા, પ્રલયે ભૂતા વિષ્ટ. માતંગ૦ હરિ૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તે નિસુણી રાજા તિહાં આવ્યો, કરી ઉપચાર અનેક;
બોલાવ્યો સુર કહે સુતા જો, પરણે મુનિ સુવિવેક. માતંગ૦ હરિ૦
તો સાજી તત્ક્ષણ એ થાએ, તે નિસુણી કન્યા તેહ;
રાજાએ મુનિને પરણાવી, મૂકી યક્ષને ગેહ. માતંગ૦ હરિ૦ ૫
રાત્રે મુનિને અવિચળ તેણે દીઠો, આવી પ્રભાતે ગેહ;
ઋષિ નિરખીને યોગ કહી ઈમ, જાણી પુરોહિત તેહ. માતંગ૦ હરિ૦ ૬
માંડે યજ્ઞ પુરોહિત એક દિન, વિષ મલ્યા લખ કોડ;
માસ ક્ષમણને પારણે મુનિવર, આવ્યા મનને કોડ. માતંગ૦ હરિ૦ ૭
આરંભી અવિવેકી બ્રાહ્મણ, ન લહે ધર્મ વિચાર;
મુનિ દેખી કહે કુણ તું દીસે, જા અત્યંત જ અવતાર. માતંગ૦ હરિ૦ ૯
યક્ષ તદા મુનિ મુખથી બોલે, યજ્ઞનું ફળ તુમ્હ એહ;
શુદ્ધ પાત્ર ગોચરીએ પહોંત્યો, હું તુમ્હ બારણે જેહ. માતંગ૦ હરિ૦ ૧૦
રોષે બ્રાહ્મણ સુત તવ મુનિને, કરવા યષ્ટિ પ્રહાર;
ઉઠયા તવ તે યક્ષે કીધા, રૂધિર વમંત કુમાર. માતંગ૦ હરિ૦ ૧૧
પાય લાગી મુનિને ને ખામે, પુરોહિત સુત અપરાધ;
પ્રતિલાભી પ્રતિબોધ લહ્યો તિણે, બાળકને થઇ રે સમાધ. માતંગ૦ હરિ૦ ૧૨
મુક્તિ મુનિ પહોંત્યો જય વર્ત્યો, એ અધિકાર અશેષ;
અધ્યયનો બારમે વખાણ્યો, શ્રી મહાવીર જિનેશ. માતંગ૦ હરિ૦ ૧૩
વિજય દેવગુરૂ પાટ પ્રભાવક, શ્રી વિજય સિંહ સૂરિરાય,
તેહ તણો બાળક ઇમ બોલે, ઉદય વિજય ઉવજ્ઝાય. માતંગ૦ હરિ૦ ૧૪

## ૧૫૭
## ઉપશમની સજ્ઝાય

ઉપશમ આણો ઉપશમ આણો, ઉપશમ તપ માંહી રાણો રે;
વિણ ઉપશમ જિન ધર્મ ન શોભે, જિમ જગ નરવર કાણો રે. ૧
તુરમિણી નયરી કુંભ નરેસર, રાજ કરે તિહાં સુરો રે;
તસ નંદન લલિતાંગ મહાપતિ, ગુણમણી મંડિત પુરો રે. ૨
સુગુરૂ તણી વરવાણી શ્રવણે, સુણી સંવેગ ન માયો રે;
રાજઋદ્ધિ રમણી સહુ છંડી, ચારિત્ર નીરે ન્હાયો રે. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેશ વિદેશ ગુરૂ સંઘાતે, વિહાર કરે મુનિ મોટો રે;
સહે પરિસહ દોષ નિવારે, ઋષિ ઉપશમ રસ લોટો રે. ૪
અન્ય દિવસ તસ ક્ષુધા વેદનીય, કરમે ન સહી જાય રે;
ઈંદ્રિ ચંદ્ર વિદ્યાધર મુનિવર, કર્મ કરે તેમ થાય રે. ૫
કૂર ઘડો દિન પ્રત્યે લાવે, એષણા દોષ નિવારી રે,
કૂરગડુ તે માટે કહેવાયા, સંયમ શોભા વધારી રે. ૬
દિવસ પજુસણ ગુરૂ આદેશે, વોહરી કૂર સૂસાધુ રે;
ચાર શ્રમણ ચઉમાસી તપીયા, દેખાડે નિરાબાધ રે. ૭
તે ચારે તસ પાત્રમાં થુંકે, રોષે લવે તું પાપી રે;
આપ પજુસસ કાં તું વિમાસે, દુરગતિ શું મતિ થાપી રે. ૮
કૂરગડુ સમતા રસમાં ભરીયો, હૈયે વિમાસે રૂડું રે;
લુખો અહાર જાણી તે મુનિવર, ઘી નાખ્યું નવિ કૂડું રે. ૯
આહાર કરી નિજ આતમ નિંદો, શુકલ ધ્યાન લય લાગી રે;
ઘન ઘાતી ચઉ કર્મ નિવારી, કેવલ જ્ઞાની મહા ભાગી રે. ૧૦
શાસન દેવી ક્ષપક ને પૂછે, કૂરગડુ કિહાં ધ્યાએ રે;
રોષ ભર્યા જલ્પે તે મુનિવર, ઓ જા ખુણે ખાયે રે. ૧૧
દેવ દુંદુભી નયણે વાજી, ક્ષપક ખમાવે જાણી રે;
કેવલ પામી મુક્તિ સિધાવે, વાત સિદ્ધાંતે લખાણી રે. ૧૨
શ્રી વિજયદાન સૂરીશ્વર રાજ્યે, વિમલ હર્ષ ઉવજ્ઝાયા રે;
આણંદ વિજય પંડિત વરશિષ્યે, ધન વિજય ગુણ ગાયા રે. ૧૩

## ૧૫૮
## આત્મબોધની સજઝાય

સુમતિ સદા સુકુલિણી, વિનવે, સુણ ચેતન મહારાય ચતુરનર;
કુમતિ કુનારી દૂરે પરિહરી, જિમ લહો સુખ સમુદાય સોભાગી. સુ૦ ૧
આવો રંગે વિવેક ઘરે પ્રભુ, કરીએ કેલી વિભંગ પનોતા;
જ્ઞાન પંલગ બિછાયો અતિ ભલો, બેસીજે તસ સંગ રંગીલા. સુ૦ ૨
નિષ્ઠા રૂચિ બેહુ ચામર ધારિકા, વીઝે પુન્ય સુપાય સદાઈ;
ઉપશમ રસ ખુશબો ઈહાં મહ મહે, કેમ નવિ આવે તે દાય છબીલા. સુ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હૃદય ઝરૂખે બેસી હોશશું, મુજરો લીજીયે સાર સનેહા;
કાયાપુર પાટણનો તું ધણી, કીજે નિજપુર સાર મહારાજા. સુ૦ ૪
જે તે ચોકી કરવા નગરની, થાપ્યો પંચ સુભટ મહારાજા;
તે તો કુમતિ નારીશું જઈ મ યાં, તિણે લોપી કુલવટ છબીલા. સુ૦ ૫
પંચ પ્રમાદ મદિરા છાકથી, ન કરે નગર સંભાળ મહારાજા;
મન મંત્રીસર જે તે થાપીયો, શુંથે તેહ જંજાળ સોભાગી. સુ૦ ૬
ચૌટે ચાર ફીરે ચોરટા, સુષે અતિ ઘણું પુણ્ય તણું ધન;
વાહર બુંબ ખબર નહિ કેહની, મુજ પરે ન કરો નંદ મહામન. સુ૦ ૭
કપટી કાળ અને બહુ આમયા, ફરતા નગર સમીપ તપીને;
જોર જરા જોબન ધન અપહરે, ડાકણની પરે નિત્ય છપીને. સુ૦ ૮
એણીપરે વયણ સુણી સુમતિ તણાં, જાગ્યો ચેતન રાય રસીલો;
તેજ સંવેગ સહી નિજ હાથમાં, તેડયો શુદ્ધ સમવાય વસીલો. સુ૦ ૯
મન મંત્રીશ્વર કબજે થયો ઘણું, તબ વશ આયારે પંચ મહાભડ;
ચારે ચોર ચિહુંદિશિ નાસીયા, ઝાલ્યો મોહ પ્રપંચ મહાજડ. સુ૦ ૧૦
સુમતી નારી સાથે પ્રીતડી, જોર જડી જિમ ક્ષીર ને નીર;
રંગ વિલાસ કરે નિતુ નવનવા, ભેલી હિયડાનું હીર હિલમીલ. સુ૦ ૧૧
ઇણી પરે ચતુર સનેહી આતમા, ઝીલે શમ રસપુર સદાઈ;
અનુપમ આતમ અનુભવ સુખ લહે, દિનદિન અધિક સુનુર ભલાઇ. સુ૦ ૧૨
પંડિત વિનય વિમળ કવિરાયના, ધીરવિમલ કવિરાય જયંકર;
સેવક તસ વિનયી નય ઉપદિશે, સુમતિ થકી સુખ થાય સુહંકર સુ૦ ૧૩

## ૧૫૯
## સ્થુલીભદ્રની સજ્ઝાય

દોહા :

સરસ્વતીને ચરણે નમી, મન મય મારણ ટોલ;
સ્થુલીભદ્ર ઋષી આવીયા, કોશા મંદિર મોલ. ૧
ઉઠ હાથ અલગી રહી, કોશ્યા વદજે બોલ;
ચાર માસ ચિત્ર શાલીયે, મુનિવર રહ્યા અડોલ. ૨

**ઢાલ** (દુઃખ દોહગ દૂરે ટળ્યા રે રાગ)

કોશ્યા કહે સ્થુલીભદ્રજી રે, ફૂઢ્ઢા કરો ચકડોલ;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સારી પાસા સોગઠા રે, અમઘર એ રંગરોલ;
સ્થુલીભદ્ર! અમ ઘર એ રંગરોલ. ૩

સ્થુલીભદ્ર વળતું ઈમ કહે રે, સુણ કોશા અમ બોલ;
અરિહંત નામ હૈયે ધરૂ રે, અમ ઘર એ રંગલોલ. કો૦ અ૦ ૪

શાલદાલ શુભ સાલણાં રે, પોલી ઘી શું ઝબોલ;
ભોજન કીજે ભાવતાં રે, અમ ઘર એ રંગરોલ. સ્થૂ૦ અ૦ ૫

અરસ નીરસ કરી એકઠાં રે, ભોજન કીજે ઘોલ;
સ્વાદ લેપટ પણું પરિહરી રે, અમઘર એ રંગરોલ. કો૦ અ૦ ૬

આંખડીયું દોય આંજીયે રે, ઝલકે ઝાલ કપોલ;
પટ પીતામ્બર પહેરીયે રે, અમઘર એ રંગરોલ. સ્થૂ૦ અ૦ ૭

લોચ કરાવું કેશનો રે, માથે ન બાંધુ મોલ;
જીરણ વસ્ત્ર પહેરૂં સદા રે, અમઘર એ રંગરોલ. કો૦ અ૦ ૮

વારૂ વિલેપન કીજીયે રે, કીજીએ અંગ અઘોલ;
શરીર સુંદર સોહાવીએ રે, અમઘર એ રંગરોલ. સ્થૂ૦ અ૦ ૯

વારૂ વિલેપન વરજીયે રે, વરજીયે અંગ અઘોલ;
શીલે શરીર સોહાવીએ રે, અમઘર એ રંગરોલ. કો૦ અ૦ ૧૦

કપૂરે કીજે કોગલા રે, મુખે દીજે તંબોલ;
નવલખો હાર હૈડે ધરૂં રે, અમ ઘર એ રંગરોલ. સ્થૂ૦ અ૦ ૧૧

સુકૃત કરણી કોગલા રે, મુખે ઠવીયે સત્ય બોલ;
અરિહંત નામ હૈયડે ધરૂં રે, અમઘર એ રંગરોલ. કો૦ અ૦ ૧૨

સુખ શય્યા એ પોઢીયે રે, હિંચીયે હરષ હિંડોલ;
ધૂપ ઘટી અતિ મહ મહે રે, અમઘર એ રંગરોલ. સ્થૂ૦ અ૦ ૧૩

સંયમ સુંદર સુંદરી રે, પાસે કરતી કલ્લોલ;
જ્ઞાન દીપક દીપે સદા રે, અમઘર એ રંગરોલ. કો૦ અ૦ ૧૪

સોમવિમળ પંડિત તણો રે, કોશા સ્થૂલીભદ્ર બોલ;
ભણે ગણે ને સાંભળે રે, તસ ઘર નિત્ય રંગરોલ રે. ભવિકા તસ૦ ૧૫

## ૧૬૦
## નેમનાથની સજ્ઝાય

નેમ નેમ કરતી નારી, કોઇની ન ચાલી ન કારી;
રથ લીધો પાછો વાળી રે, સાહેલી મોરી,
કરમે કુંવારા રહ્યા રે, સાહેલી મોરી. ૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મનથી તો માયા મૂકી, સૂની તો દીસે છે ડેલી;
હવે મારૂ કોણ બેલી રે, સાહેલી મોરી. ૨
ચિત્ત મારૂં ચોરી લીધું, પ્રીતિથી પરવશ કીધું;
દુઃખડું તો અમને દીધું રે, સાહેલી મોરી. ૩
જાવો મા જાદવ રાયા, આઠ ભવની મૂકી માયા.
આવો શિવા દેવી જાયા રે, સાહેલી મોરી. ૪
માછલી તો નીર વિણ, બચે નહિ રખે ખીણ;
દાડા કેમ જાશે પીયરે રે, સાહેલી મોરી. ૫
આજ તો બની ઉદાસી, તુમ દરિશન હતી ખાસી;
પરણવાની હતી આશી રે, સાહેલી મોરી. ૬
જોબનીયું તો કેમ જાશે, સ્વામી વિના કેમ રહેવાશે;
દુઃખડાં કોને કહેવાશે રે, સાહેલી મોરી. ૭
જોતા પ્રાણ જોડી મલી, આઠ ભવની પ્રીત તોડી;
જોબનીયામાં ચાલ્યા છોડી રે, સાહેલી મોરી. ૮
દેહી તો દાઝે છે મારી, સ્વામી તુમે શું વિસારી;
તમે જીત્યા હું હારી રે, સાહેલી મોરી. ૯
પશુડાં છોડાવી દીધાં, પ્રભુએ અભયદાન દીધાં;
ઉદાસી તો અમને કીધા રે, સાહેલી મોરી. ૧૦
રાજુલ વિચારે એવું, સુખ છે સપના જેવું;
હવે પ્રભુ નેમ સેવું રે સાહેલી મોરી. ૧૧
મનમાં વૈરાગ્ય આણી, સેસાવન ગયા ચાલી;
સંજમ લીધો મન ભાવી રે, સાહેલી મોરી. ૧૨
કરમનો કરી નાશ, પહોંચ્યા શિવપુર વાસ;
રત્ન વિજય કહે શાબાશ રે, સાહેલી મોરી. ૧૩

## ૧૬૧
## પ્રભંજનાની સજ્ઝાય

ગિરિ વૈતાઢ્યની ઉપરે, ચક્રાંકા નયરી રે લોલ, અહો ચક્રાંકા૦
ચક્રાયુધ રાજા તિહાં, જીત્યા બહુ વયરી રે લો. અ ૧
મદન લતા તસ સુંદરી, ગુણશીલ અચંભા રે લોલ. અહો૦
પુત્રી તાસ પ્રભંજના, રૂપે રતિ રંભા રે લો. અહો૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યાધર ભૂચર સુતા, બહુમલી એક પંતે રે લોલ; અહો૦
રાધા વેધ મંડાવીઓ, વર વરવા ખંતે રે લો. અહો૦ ૩
કન્યા એક હજારથી, પ્રભંજના ચાલી રે લોલ. અહો૦
આરજ ખંડમાં આવતાં, વનખંડ વિચાલી રે લોલ. અહો૦ ૪
નિગ્રંથી સુપ્રની સુતા, બહુ ગુણની સંગે રે લોલ, અ૦
સાધુ વિહારે વિચરંતા, વંદે બહુ રંગે રે લોલ. અ૦ ૫
આરજ્યા પૂછે એવડો, ઉમાહ્યો શ્યો છે રે લોલ. અ૦
વિનયે કન્યા વિનવે, વર વરવા ઇચ્છે રે લોલ. અ૦ ૬
ઇસ્યો હિત જાણ્યો તુમે, એહથી નવિ સિદ્ધિ રે લોલ. અ૦
વિષય હલાહલ વિષ જીહાં, શી અમૃત બુદ્ધિ રે લોલ. અ૦ ૭
ભોગ સંગ કારક રોગ કહ્યાં, જિનરાજે સદાઈ રે લોલ; અ૦
રાગદ્વેષ સંગે વધે, ભવભ્રમણ સદાઈ રે લોલ. અ૦ ૮
રાજ સુતા કહે સાચું એ, જે ભાખો વાણી રે લોલ, અ૦
પણ એ ભૂલ અનાદિની, કિમ જાયે છંડાણી રે લોલ. અ૦ ૯
જેહ તજે તે ધન્ય છે, સેવક જીનજીના રે લોલ; અ૦
અમે છીએ શત પુદ્દગલ રસે રમ્યા, મોહે લયલીના રે લોલ. અ૦ ૧૦
અધ્યાતમ રસ પાનથી, ભીના મુનિરાયા રે લોલ; અ૦
તે તો પર પરિણતિ રતિ તજી, નિજ તત્ત્વ સમાયા રે લોલ. અ૦ ૧૧
અમને પણ કરવો ઘટે, કારણ સંજોગે રે લોલ; અ૦
પણ ચેતનતા પરિણામે, જડ પુદ્દગલ ભોગે રે લોલ. અ૦ ૧૨
અવર કન્યા પણ ઉચ્ચરે, ચિંતિત હવે કીજે રે લોલ; અ૦
પછી પરમ પદ સાધવા, ઉદ્યમ સાધી જે રે લોલ. અ૦ ૧૩
પ્રભંજના કહે હે સખી, એ કાયર પ્રાણી રે લોલ; અ૦
ધર્મ પ્રથમ કરવો ઘટે, દેવચંદ્રની એ વાણી રે લોલ. અ૦ ૧૪

## ૧૬૨
## વૈરાગ્યની સજ્ઝાય

કોના રે સંગાને કોની રે માયા, જીવ રહ્યો છે લોભાઇ રે;
અસ્થિર સંસારમાં કોઈ નથી તાહરૂ, સાચો ધર્મ સગાઈ રે. કોના૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રેણીક રાયને પિંજરમાં પૂર્યો, કોણીકે રાજ્ય લોભાઈ રે;
પૂત્રે પિતાને અતિ દુઃખ દીધું, કયાં ગઈ પુત્ર સગાઇ રે. કોના૦ ૨
ભરત–બાહુબલી રાજ્યને માટે, માંડી મોટી લડાઇ રે;
ચક્ર મુક્યું નીજ ભાઈની ઉપરે, કયાં ગઇ ભાત્રુ સગાઈ રે. કોના૦ ૩
મયણુ રેહા વશ મોહ્યો મણીરથ, માર્યો યુગબાહુ ભાઈ રે;
વિષય કષાયમાં મસ્ત બનીને, કયાં ગઈ ભાઈ સગાઇ રે. કોના૦ ૪
બ્રાહ્મણી નીજ પુત્રને વેચે, ધનને અર્થે લોભાઇ રે;
અમરકુમારને મારણ કાજે, કયાં ગઈ પુત્ર સગાઈ રે. કોના૦ ૫
ગુરૂ ઉપદેશથી રાય પ્રદેશી, સુધુ સમકિત પાઇ રે;
સ્વારથ વિણ સૂરિકાન્તા નારીએ, માર્યો પિયુ વિષ પાઇ રે. કોના૦ ૬
ચુલણી માતા નિજ પુત્રને બાળે, લાખનું ઘર બનાઇ રે;
વિષયમાં અતિ લંપટ થઇને, કયાં ગઈ માત્રુ સગાઇ રે. કોના૦ ૭
શેઠાણી નિજ શેઠને કહે, ઉંડા કુવાની માંહી રે;
કર્મ તણી જોજો વિચિત્રતા, કયાં ગઇ પત્ની સગાઈ રે. કોના૦ ૮
નિજ અંગજના અંગજ છેદે, જીવો રાહુકેતુ કમાઇ રે;
સહુ સહુને નિજ સ્વારથ વહાલો, કોણ ગુરૂ ને કોણ ભાઇ રે. કોના૦ ૯
સુભૂમ પરશુ રામ જ દોઇ, માંહો માંહે વેઢ બનાઈ રે;
ક્રોધ કરીને નરકે પહોંત્યાં, તો કીહાં રહી તાત સગાઇ રે. કોના૦ ૧૦
ચાણુકયે તો પર્વત સાથે, કીધી મિત્ર ઠગાઈ રે;
મરણ પામી તે મનમાં હરખ્યો, તો કીહાં રહી મિત્ર સગાઇ રે. કોના૦ ૧૧
આપ સવારથ સહુને વ્હાલો, કોણ સજ્જન કોણ માઈ રે;
જમરાજાનો તેડો આવ્યો, ટગટગ જોવે ભાઈ રે. કોના૦ ૧૨
કોની માતા ને કોના રે પિતા, કોના ભાઈ ભોજાઇ રે;
મહારૂં મહારૂં સૌ કહે છે, પ્રાણી ત્હારૂં કોઇ ન સહાઈ રે. કોના૦ ૧૩
સજ્જન વર્ગ કોઈ સાથે ન આવે, આવે આપ કમાઇ રે;
વિનય વિજય પંડિત એમ બોલે, જૈન ધર્મ સાચો ભાઇ રે. કોના૦ ૧૪

૧૬૩

## જોબન વય જવાની સજ્ઝાય

જોજો રે એ જોબનીયું મેં, જાણ્યું કેઇ દિન રહેશે રે;
ઘણાં દિનની પ્રીતડી કાંઈ જાતું મુજને કહેશે રે. જો૦ ૧

જોબન વયે યુવતી રસ રાતો, ધન કારણ બહુ ધાતો રે;
પુદ્ગલ શું નિશદિન રહ્યો રાતો, કાલ ન જાણ્યો જાતો રે. જો૦ ૨
જાતે રે ઇણે જોબનીયે વળી, જરા રાક્ષસી મેલી રે;
સર્વ લોહી ચુશી લીયે, તલને જીમ કરે તેલી રે. જો૦ ૩
કાળા તે ધોળા થયા રે, તનનો જુસ્સો ભાગ્યો રે;
ઈચ્છા એ વકરી બહુ વાધે, લોભ પિશાચ તે લાગ્યો રે. જો૦ ૪
શ્રવણે કાંઈ સુણે નહા એ, આંખે પણ નવિ સુઝે રે;
લાખો ગમે લાખો પડે, મૂર્ખ તો એ ન બુઝે રે. જો૦ ૫
દાંત સહુ મુખથી ગયા, હાથ પગ નવિ હાલે રે;
ચિંત્યું કામ એ પણ નવિ થાવે, એ ઘડપણ બહુ સાલે રે. જો૦ ૬
સ્વજન વર્ગ તે સહુ ભાંડે, જડ તે શું એ જાણે રે;
લવ-લવ કરતો લાજ ન આવે, કોણ ગણે તૃણ તોલે રે. જો૦ ૭
વંઠેલ વહુરો એણીપરે બોલે, તાત ઘોડીયું તાણો રે;
લાઠી લેઈ બુઠીને હાંકો, એ વૃદ્ધ તણા સુખ માનો રે. જો૦ ૮
કટુક વચન એમ સુણી શ્રવણે, શિર ધુણે બહુ ઝુરે રે;
જરાએ જીરણ કર્યો એ, આંખે અશ્રુ ચુંયે રે. જો૦ ૯
સાત અહ્લા આવી અડયાં રે, કેહને જઈને કહીયે રે;
અવસરે ચેત્યો નહી પ્રાણી, સમતાએ હવે સહીએ રે. જો૦ ૧૦
હૈ હૈ જન્મ એળે ગયો એ, સ્વજન વિણ રંગ શ્યું મોહ્યો રે;
પાપ કહી આણીને પોખ્યો, નરભવ એળે ખોયો રે. જો૦ ૧૧
જાણતાં પણ કેઈ ભવ્ય પ્રાણી, કરી જેમ કચરે ખુંચે રે;
મોહ મહા જાલે ગુંથાણો, ખેલે માસક જીમ ગુંચે રે. જો૦ ૧૨
એવું જાણી ચિત્તમેં આણી, પુન્ય કરો ભવિ પ્રાણી રે;
જન્મ જરા કરવું નહિ હવે, એમ કહે કેવલજ્ઞાની રે. જો૦ ૧૩
પંડિત વીરવિમલ ગુરૂ સેવક, વિશુદ્ધ ચિત્ત ધરજો રે;
એ સંસાર અસાર મન જાણી, ધર્મને વહેલો કરજો રે. જો૦ ૧૪

## ૧૬૪
## સમતા વિષે સજ્ઝાય

જબ લગ સમતા ક્ષણ નહિ આવે, જબ લગ ક્રોધ વ્યાપક હૈ અંતર;
તબ લગ જોગ ન સુહાવે. જબ૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્ય ક્રિયા કરે કપટ કેળવે, ફીરકે મહંત કહાવે;
પક્ષપાત નહી છોડે કબહુ, ઉનકું કુગતિ બોલાવે. જબ૦ ૨
જીન જોગીને ક્રોધ ક્રિયા તે, ઉનકુ સુગુરૂ બતાવે;
નામ ધારક ભિન્ન ભિન્ન બતાવે, ઉપશમ વિન દુઃખ પાવે. જબ૦ ૩
ક્રોધ કરી ખંધક આચારજ, હુઓ અગ્નિકુમાર,
દંડકી નૃપનો દેશ પ્રજાલ્યો, ભમીયો ભવ મોઝાર. જબ૦ ૪
શાંબ પ્રદ્યુમ્ન કુમાર સંતાપ્યો, કષ્ટ દ્વીપાયન પાય;
ક્રોધ કરી તપનો ફલ હાર્યો, કીધો દ્વારીકા દાહ, જબ૦ ૫
કાઉસ્સગ્ગમાં ચઢીયો અતિ ક્રોધ, પ્રસન્નચંદ્ર ઋષિરાય;
સાતમી નરકતણા દલ મેલી, કડવા તે ન ખમાય. જબ૦ ૬
પાર્શ્વનાથને ઉપસર્ગ કીધો, કમઠ ભવાંતર ધીઠ,
નરક તિર્યંચ તણાં દુઃખ પામી, ક્રોધ તણાં ફલ દીઠ. જબ૦ ૭
એમ અનેક સાધુ પૂરવધર, તપીયા તપ કરી જેહ,
કારજ પડે પણ તે નવિ ટકીયા, ક્રોધ તણા બલ એહ. જબ૦ ૮
સમતા ભાવ વલી જે મુનિ વરીયા તેહનો ધન્ય અવતાર;
ખંધક ઋષિની ખાલ ઉતારી, ઉપશમે ઉતર્યા પાર. જબ૦ ૯
ચંડરૂદ્ર આચારજ ચાલતાં, મસ્તક દીહા પ્રહાર;
સમતા કરતા કેવલ પામ્યો, નવ દીક્ષિત અણગાર. જબ૦ ૧૦
સાગર ચંદનું શીર પ્રજાલ્યું, ઋષભ સેન નરિંદ;
સમતાભાવ ધરી સુરલોકે, પોતા પરમાનંદ. જબ૦ ૧૧
ખિમા કરતા ખરચ ન લાગે, ભાંગે ક્રોડ કલેશ;
અરિહંત દેવ આચારજ થાયે, વાધે સુજશ પ્રવેશ. જબ૦ ૧૨

## ૧૬૫
## નળ દમયંતી સજ્ઝાય

**સમરી** રંગે શ્રુતની દેવી રે, નિજ ગુરૂ કેરા ચરણ નમેવી રે;
નળ દયમંતી પતિ ગાઇશું રે, જસ જસ વાસી ત્રિભુવન વાસ્યું રે. ૧
નયરી અયોધ્યા નિષધ નરેસરે, તસ સુત નળ નૃપ અતિ સુવિશેષ રે;
કુંડિનપુર નૃપ ભીમની પુત્રી રે, પરણી ભૈમી શીલ પવિત્રી રે. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org




नल दमयंति

शाह रमणीकभाई कच्छी पडनबागवाला हैद्राबाद

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## नल दमयंती

(मुनीपीडा)

१. पूर्वभव में दमयंतीनें राजा के साथ शिकार को जाते समय साधु को नौकरों–द्वारा पकडवा कर दुःख दिया ।

२. बारह घडी बाद तीव्र पश्चाताप हुआ, क्षमा मांगी घर लाकर भक्ति की ।

३. जिनप्रतिमाओ को रत्नतिलक लगाने से दमयंति के भवमें जन्म से ही ललाटमें प्रकाशमान कुदरती तिलक हुआ ।

४. स्वर्ग के बाद दोनो ग्वाल बने, बरसात से रुके हुये मुनि पर छाता पकडा ।

५. बाद दोनो ने दूध बेहराया, दोनो दीक्षित बने ।

६. निद्रावश दमयंती को जंगल मे छोड चला गया ।

७. गुफा में शान्तिनाथ भगवान की दमयंती द्वारा तपपूर्वक पूजा भक्ति ।

८. देव बने हुये नल के पितानें सर्प बनकर ऊसे काटा, नलका रुप पलट गया । पूर्वरुप बनाने वस्त्र–श्रीफळ और अलंकार डब्बी दी ।

९. दघिपर्ण के साथ नल दमयंती के स्वयंबर में ।

१०. सूर्यपाक रसोई से दमयंती को नल की पहचान ।

११. नल का पूर्वरुप होना, भीमरथ नें नल को राज दे दिया, जुए में कुबेर को जीतकर हारा हुआ अपना भी राज ले लिया ।
नल दमयंती ने दिक्षा ली स्वर्ग गये ।

–धन्य सती दमयंती

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કુબરભાઇ સ્યું જુ રમી હાર્યો રે, રમતાં ન રહિયો કેહનો વાર્યો રે;
ભૈમી સાથે નળ વની આવે રે, કરમે સહુએ સુખ દુઃખ પાવે રે. ૩

વ્યસની ઉત્તમ પણ નર ચૂકે રે, સુતી અબળા વનમાંહી મૂકે રે;
જાગી જોવે પતિ નવિ દેખે રે, તવ દુઃખ પામે નારી અલેખે રે. ૪

વનફળ લેવા પીઉ ગયો વનમાં રે, જાણે કામિની એવું મનમાં રે;
પિય રૂપ દેખી કે વન દેવી રે, લેઇ ગઈ ચિંતે વાત તે એહવી રે. ૫

જાણ્યું પીઉડો મૂકી ચાલ્યો રે, વિરહે વાલહો હીયડે સાલ્યો રે;
માહરા મોહને સ્યું કીધું રે, મુજને છાંડી બહુ દુઃખ દીધું રે. ૬

અબળા સાથે જોર ન કીજે રે, સુણી સુણી સાજન છેહ ન દીજે રે;
દક્ષિણ કરતણી દીધી વાચરે, છાંડી તવ તે કિમ હુયે સાચ રે; ૭

દઇ દઇ દરિસન દુઃખ ન ખમાયે રે, તુજ વિણ વાલિમ દિન કિમ જાયે રે;
રોતી રોતી હિંડે ફરતી રે, માગ દીયે તો પેસું ધરતી રે; ૮

ઈમ વિલવંતા પિઉ નવિ દીઠો રે, હૈયે હીયડા કાં થયો ધીઠો રે;
વલભ વિરહ કાં નવિ ફાટે રે, કિમ દુઃખ દેખીશ તું પિઉ માટે રે. ૯

ગિરિ ઝરણા જિમ આંસુ નીર રે, લુહે અબળા લઈ ચીર રે;
ચીરે લખીયા અક્ષર વાંચે રે, પિઉના લખીયા માટે રાચે રે. ૧૦

અક્ષર પીઉના વાંચી રે, પીયર વાટે તવ તે હાલે રે;
વાટે સારથપતિ એક મલિયો રે, ચોરતણો ભય તેહને ટળીયો રે. ૧૧

તિહાંથી ચાલે અબળા બાળા રે, પર્વત દીઠો બહુ વંસ જાળી રે;
સાત વરસ તિહાં શાંતિ જિણંદ રે, પૂજે પ્રતિમા મન આણંદ રે. ૧૨

તિહાંથી માસીને ઘરે આવે રે, જાણી તે તવ ભીમ તેડાવે રે;
તાત તણે ઘરી પૂણ્ય પ્રભાવે રે, નિજપતિ મિલીયો બહુ સુખ પાવે રે. ૧૩

કુબર જીતી રાજ તે પાળે રે, સકલ પ્રજાના સહુ દુઃખ ટાળે રે;
નળ દયમંતી છાંડી ભોગ રે, સદ્ગુરૂ પાસે લીધો યોગ રે. ૧૪

તપ જપ સંયમ બહુલાં કીધાં રે, દેવતણા સુખ તાણી લીધાં રે;
તપગચ્છ ઉદયાચલવર સુર રે, દિન દિન ચઢતો જેહનો નુર રે. ૧૫

શ્રી વિજય દેવસૂરિ શણગાર રે, નિત નિત નામે જય જયકાર રે.
શાંતિચંદ્રગુરુ ગુણધામ રે, શિષ્ય અમરત તસ નિત્ય જંપે નામ રે. ૧૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૬૬
## રાવણ મંદોદરીની સજ્ઝાય

કહ્યું રે માનો રાય લંકેશ્વરી, સીતા શીદ લેઇ આવ્યા;
સીતાના વારૂ શ્રી રામજી, ઘણું ક્રોધે ભરાણાં, કહ્યું રે માનો રાય લંકેશ્વરી. ૧
સ્વામી સીતા લઇ આવ્યા ત્યારથી, દિવસ દેખું આંખો;
આપ સ્વારથ સાધીયો, વૈર ધીંગાણું બાંધ્યો. કહ્યું૦ ૨
પેટ ચોળીને પીડા કીધી; વૈર મોટાશું કીધો;
અપજશ સ્વામી અતિઘણો, મોત માંગીને લીધો. કહ્યું૦ ૩
ચોથા વ્રતની લીધી આખડી, અણુ ઇચ્છતી નારીને ત્યાગો;
દેવગુરૂની સાખે તમે કર્યો, એ વ્રત લેઈ કેમ ભાંગો. કહ્યું૦ ૪
નિમિત્તિયે જોષ જોયો હતો, પ્રથમથી તો એવો;
સીતા હરણથી મોત પામશે, સંયોગ મળ્યો પણ તેવો. કહ્યું૦ ૫
સ્વામી સ્વપ્ન જ મેં લહ્યું, જાણે લંકામાં લાય લાગી;
રામચંદ્રજીએ બાણ સાંધ્યું, ત્યારે હું ઝબકીને જાગી. કહ્યું૦ ૬
પત્થરે પાજ બાંધી કરી, રામચંદ્રજી આવ્યા;
લશ્કર સાથે લેઇ કરી, બહુલા નૃપ સાથે લાવ્યા. કહ્યું૦ ૭
રામચંદ્રજીના બળ થકી, નગરી થઈ કાંઇ બહેરી;
સેના ચીહું દિશિ વિસ્તરી, લંકા ગઢ લીધો ઘેરી. કહ્યું૦ ૮
લુંટ્યા મંદિર માળીયા, લુંટ્યા શેરી બજાર;
મ્હેલ લુંટયો રાવણ તણો, લુંટી મંદોદરી રાણી. કહ્યું૦ ૯
સ્વામી કહું છું હું તુમ ભણી, માની લેજો ને આપ;
વારંવાર કેટલું કહું, પરનારી ઘણું પાપ. કહ્યું૦ ૧૦
હવે સ્વામી હું તુમ તણું, દુઃખ નજરે ન દેખું;
સુખ નહિ માહરે તુમ તણું, કેટલું હું તુમ આગે ભાખું. કહ્યું૦ ૧૧
રાવણ કહે સુણો મંદોદરી, આપણે અહંકારી છીએ;
લીધી વાત કેમ મુકીએ, પાછો પગ કેમ ભરીયે;
રાણીજી દૃઢ મન રાખજો...... ૧૨
કુંભકરણ સરીખા બાંધવા, ઇંદ્રજીત સરિખો પુત્ર;
સમરથ સેના આપણી, શું કરશે દશરથનો પુત્ર. રાણીજી૦ ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુગ્રીવ વનનો મન બલી, ધ્રુજે સઘલા તારા;
મેં કીધા છે આકરા, નથી છુટવાના બારા. રાણીજી૦ ૧૪
દલ લશ્કર લેઇ કરી, રાવણ ગયો સામો;
લડતાં લક્ષ્મણે મારીયો, પહોંત્યો નરક મોઝારો. રાણીજી૦ ૧૫
બીભીષણને રાજ્ય સોંપી કરી, સીતા ઘેર લઇ આવ્યા;
અયોધ્યામાં દીધી વધામણી, સીતાને મોતીડે વધાવ્યા.
ધન ધન સીતા મહાસતી... ૧૬
સીતા સંયમ લેઇ કરી, લોચ કર્યો તત્કાળ;
સંયમ પાળી બારમે દેવલોકે, ઇંદ્રની પદવી પામી. ધન૦ ૧૭
તપગચ્છ વિજય સેનસૂરિ, વિમલ હર્ષ ઉવજ્ઝાયા;
તસ શિષ્ય મુનિ પ્રેમવિજયજીએ, સતી સીતાના ગુણ ગાયાં. ધન૦ ૧૮

## ૧૬૭
## મોક્ષાર્થીઓને વંદનાની સજ્ઝાય

આદિ જીનજી અધિકારી, પ્રથમ માતાને તારી, યુગલા ધર્મ નિવારી જીનજી થયા ઉપકારી;
થયા ઉપકારી તેને વંદના હમારી, જીવન સુધારી જેઓ પામ્યા ભવપારી. ૧
શાંતિ જિન શાતા કારી, જન્મતા મરકી નિવારી;
પારેવો ઉગારી લીધું, તીર્થંકર પદ ભારી. તીર્થંકર...તેને૦ વંદના...જીવન. ૨
કમઠે ઉપસર્ગ કીધો, ધરણેન્દ્રે દૂર કીધો;
બંને ઉપર સમ પરિણામી, સમકિત દાતારી...સમકિત...તેને૦ જીવન... ૩
સંગમ દેવે દુઃખ દીયા, ઉપસર્ગો વીરને કીધા;
ક્ષમાના ભંડારી જીનજી, ક્ષમા કીધી સારી......ક્ષમા......તેને......જીવન... ૪
પૂર્વના વૈર વાળ્યા, કાનમાં ખીલા ઠોકાણા;
ખીલા તાણી કાઢ્યા ત્યારે, આક્રંદ કીધો ભારે...આક્રંદ...તેને......જીવન... ૫
ક્ષીરો રંધાણી પ્રભુ ને પાયે ઠવણી;
ઘોર ઉપસર્ગ કીધા, તોયે ડગ્યા ન લગારે......ડગ્યા...તેને......જીવન... ૬
મેહુલો વરસે બારે, વીજળીના ઝબુકારે;
ચર્ણ ઉપર ડાભ ઊગ્યા, સમતા આગારી. સમતા...તેને...જીવન. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જુવો જુવો જંબૂસ્વામી, બાલાવયે બોધ પામી;
ત્યજી રાજ્ય રિદ્ધિ જેને, ત્યજી આઠે નારી. ત્યજી...તેને...જીવન. ૮
ગજ સુકુમાલ મુનિ, ધગે શિરપર ધુની;
અણુ રહ્યા તેને ધ્યાને, કોપ્યા ન લગારી કોપ્યા...તેને...જીવન. ૯
કોશ્યાના મંદિર મધ્યે, રહ્યા મુનિ સ્થુલી ભદ્ર;
ષટ્રસ ભોજન ધારી, તોયે ન થયા વિકારી. તોયે...તેને...જીવન. ૧૦
દુઃખડા તો દીધા દેવે, સહ્યા એ તો કામદેવે;
ઘણું દુઃખ દીધું તોયે, ડગ્યા ન લગારી. ડગ્યા...તેને...જીવન. ૧૧
કુમારીકા ચંદનબાલા, વહોરાવ્યા બાકુલા;
મુઠી બાકુલા સાથે, મુક્તિ પુરી શણગારી. મુક્તિ...તેને...જીવન. ૧૨
સતી તો રાજુલા જેવી, જગમાં ન જોડી એવી;
પતિવ્રતા માટે કન્યા, રહી એ કુંવારી રહી...તેને...જીવન. ૧૩
જનક સુતા જે સીતા, વરસ તો બાર વિત્યા;
અગ્નિ ઝંપાપાત કીધા, પાવક કીધા પાણી. પાવક...તેને...જીવન. ૧૪
સતી કલાવતી નામે, થયા શંખપુર ગામે;
કર નીજ કાઢયા તોયે, રહ્યા ટેક ધારી. રહ્યા...તેને...જીવન. ૧૫
ધન્ય ધન્ય એહ નરનારી, એવા દૃઢ ટેક ધારી;
ભ્રમણા નિવારી, જેઓ પામ્યા ભવપારી. જેઓ...તેને...જીવન. ૧૬
હીરવિજયજી હીરા જેવા, બુઝવ્યા અકબર બાદશાહ કેવા;
અમૃત સરખી વાણી જેની, તાર્યા નરનારી. તાર્યા...તેને...જીવન. ૧૭

## ૧૬૮
## જંબૂસ્વામીની સજ્ઝાય

ત્રીશલાના જાયા જીનજી, તાર્યા નરનારી રે;
ચૌદ ચોમાસા કીધા રાજગૃહી પધારી રે, ધન્ય ધન્ય જંબૂસ્વામી;
જેને મોહે વાર્યો રે, આ આતમ કારજ સાધીયા. ૧
ઋષભદત્ત તાત જેહના, ધારણીના જાયા રે;
ગુણી કુમાર જંબૂ જેની, કંચન વરણી કાયા રે. ધન્ય૦ ૨
સુધર્મા સ્વામીની વાણી, સાંભળી ગુણખાણી રે;
ચરણમાં ચિત્ત આણી, મીઠી લાગી વાણી રે. ધન્ય૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માતા અનુમતિ આપો, ભાવે સંજમ લેશું રે;
નાણ ને ચરણ સાધી, શિવ સુખ વરશું રે. ધન્ય૦ ૪
ઘરણી આઠ પરણી બેટા, હોંશ પૂરો મારી રે;
પછી સંયમ સુખે લેજો, કુલ અજુવાલી રે. ધન્ય૦ ૫
માતા વચણે પરણી ઘરણી, જાણી ગુણખાણી રે;
પ્રિતમ આગે ઊભી પ્યારી, મીઠી જેહની વાણી રે. ધન્ય૦ ૬
જંબૂ કહે નારી પ્રત્યે, સંયમ શું મુજ ભાવે રે;
સંસારમાં સુખ નથી, અસ્થિર બનાવે રે. ધન્ય૦ ૭
કરજોડી કહે નારી, પ્રાણના આધાર રે;
એમ કેમ છોડી જાશો, અમને નિરાધાર રે. ધન્ય૦ ૮
પરણીને શું પરિહરો, હાથનો સંબંધ રે;
પાછળથી પસ્તાવો થાશે, મન હોંશે મંદ રે. ધન્ય૦ ૯
જુઠી કાયા જુઠી માયા, જુઠમેં ભરમાયા રે;
બહુકાલ ભોગ કીધા, તોયે તૃપ્તિ ન પાયા રે. ધન્ય૦ ૧૦
સડી જાશે પડી જાશે, વનમાં થાશે વાસ રે;
માટીમાં તન મલી જાશે, ઉપર ઉગશે ઘાસ રે. ધન્ય૦ ૧૧
આઠે નારી બુઝવીને, વળી માત ને તાત રે;
સાસુ સસરા સાથે બુજ્યા, બાંધી ધર્મ ધ્વજ રે. ધન્ય. ૧૨
પાંચશે ચોરોંની સંગે, પ્રભવોજી આવ્યા રે;
તેને પણ પ્રતિબોધી, વ્રતે મન ભાવ્યા રે. ધન્ય૦ ૧૩
પાંચશો સત્યાવીશ સાથે, ભાવે સંયમ લીધું રે;
સુધર્મા સ્વામીની સંગે, સહુનું કારજ સીધ્યું રે. ધન્ય૦ ૧૪
થયા બાળ બ્રહ્મચારી, વાંછી નહી નારી રે;
ચરમ કેવળી ઈણી ચોવીશી, પામ્યા ભવપારી રે. ધન્ય૦ ૧૫
તત્ત્વ સિદ્ધિ અંક ઇહું, ગુણી ગુણ ગાયા રે;
વિનય વિજય નિત્ય વંદે, જેણે છોડી માયા રે. ધન્ય૦ ૧૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૬૯

# રાજીમતી ને રહનેમિની સજઝાય

ધિગ ધિગ ધિગ મુનિ તુમને, ધિગ ધિગ તુમારા વેણુજી;
ચારિત્ર તમારૂ એળે ગયું, કુડા તમારા કેણુજી.
મોહરે ઉતારો મુનિરાજજી. ૧
માતા પિતા કુળ બોળીયું, બોળ્યું ચારિત્ર આજ જી;
વિષય કારણુ મોહ લાવીયા, કુડા કૃત્ય ને કાજજી. મોહ૦ ૨
તપ જપ કરવો છોડી દીયો, રાણી રાજુલ નારજી;
સંસારના સુખ ભોગવો, કરો સફળ અવતાર જી;
પ્રીતિ રે ધરો પ્રેમદા મુજથી. ૩
મેવા ફળફુલ લાવતો, હું તમારા આવાસજી;
હોંશ ધરીને લેતા તુમે, તેથી થઈ બહુ આશજી. પ્રીતિ૦ ૪
વસ્ત્ર ભૂષણુ લીધાં પ્રેમથી, જાણી દેવર જાતજી;
વ્રત લઇને જેણે ભાંગીયાં, થયો નરકનો પાત જી. મોહ૦ ૫
રૈવત નાથ નિહાળતાં, તુમ હમ દોનું ને આજજી;
નિર્લજ લાજ કિહાં ગઇ, ગયું જ્ઞાન મહારાજજી. મોહ૦ ૬
એથી અધિક કહો મુજને, રાજુલ પ્રાણુ આધારજી;
વહાલ તમારૂં નવિ વિસરે, સુણો રાજુલ નારજી. પ્રીતિ૦ ૭
પીયુ વિણુ રાજુલ એકલી, જાણી તમારી દાજજી;
હોંશ ધરીને અમે આવતાં, કરવા તુમારા કાજજી. પ્રીતિ૦ ૮
તારણુ તંત્ર તોડી કર્યો, મોહ મંત્રનો સંગજી;
મોક્ષ પધ્વી તુમે ખોઈ ને, કર્યો સંજમ ભંગજી. મોહ૦ ૯
સંસાર અસાર છોડી તુમે, લીધો સંજમ ભારજી;
ઉત્તમ પુરૂષ વંછે નહીં, ફરી સંસાર અસારજી. મોહ૦ ૧૦
માયા કરી જે મીલે નહિ, તે મૂરખની રીત જી;
સંસારમાં શું લઈ જવું, એક પૂરણુ પ્રીતજી. પ્રીતિ૦ ૧૧
કુંવારી કન્યાને કંથ કેટલા, સુણુ સુણુ રાજુલ નારજી;
એકની ઉપર રાગ નવિ ઘટે, કરો મુજને સ્વામીજી. પ્રીતિ૦ ૧૨
અમીરસ મૂકી કાં પીધો, નારી અવગુણુ વિખજી;
સંસારમાં સાર કાંઈ નથી, ધરો સંજમ શિખજી. મોહ૦ ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દીક્ષા લઈ પ્રભુ પાસથી, પાળો શુદ્ધ આચારજી;
વિષ ફળ ખાવા વાંછા કરી, લેવા પૃથ્વીનો ભારજી. મોહ૦ ૧૪
મેં જાણ્યું રાજુલ એકલી, પતિ વિના મુંઝાય જી;
પરણીને સુખ આપશું, નહીં લેવા દઉં દીક્ષાયજી. પ્રીતિ૦ ૧૫
પૂન્ય પ્રતાપે મેં ભેટીયાં, આજ કેટલે માસજી;
ચાલો ઘરે થઇ આપણે, કરવા ભોગ વિલાસજી. પ્રીતિ૦ ૧૬
બંધુ તુમારે ફરી ફરી, જાણી અસ્થિર સંસારજી;
શ્વાન પરે ઇચ્છા કાં કરો, જમવા વમન વિકારજી. મોહ૦ ૧૭
ધ્યાન કર્યો તુમે મુજને, તો શો તુમથી સંસારજી;
દીક્ષા આપી સારી સાધ્વી, કર્યો તુમે ઉપગારજી.
ક્ષમા રે કરો મોરી માતાજી. ૧૮

## ૧૭૦
## કેશી ને ગૌતમ ગણધરની સજઝાય

એ દોય ગણધર પ્રણમીયે, કેશી ગોયમ ગુણવંત હો મુણિંદ;
બહુ પરિવારે પરિવર્યા, ચઉનાણી ગુણ ગાજંત હો મુણિંદ;
એ દોય ગણધર પ્રણમીયે. ૧
સંઘાડા દોય વિચરંતા, એકદા ગોચરીએ મીલંત હો મુણીંદ;
પૂછે ગૌતમ શિષ્ય તિહાં, તુમે કુણ ગચ્છના નિર્ગ્રંથ હો મુણીંદ. ૨
અમ ગુરૂ કેશી ગણધરૂં, પ્રભુ પાસ તણા પટધાર હો મુણીંદ;
સાવથ્થી પાસે સમો સર્યા, તિહાં તંદુકવન મનોહાર હો મુણીંદ. ૩
ચાર મહાવ્રત અમ તણાં, કારણે પડિક્કમણાં દોય હો મુણીંદ;
રાતા પીળા વસ્ત્ર વાપરું, વલી પંચ વરણ જે હોય હો મુણીંદ. ૪
શુદ્ધ મારગ છે મુક્તિનો, અમને કલ્પે રાજ પિંડ હો મુણીંદ;
પાસ જીનેસર ઉપદિશે, તુમે પાલો ચારિત્ર અખંડ હો મુણીંદ. ૫
ગૌતમ શિષ્ય કહે સાંભલો, અમે પંચ મહાવ્રત ધાર હો મુણીંદ;
પડિક્કમણા પંચ અમ સહિ, વલી શ્વેત વસ્ત્ર મનોહાર હો મુણીંદ. ૬
રાજ પિંડ કલ્પે નહિં, ભાંખે વીરજીન પર્ષદા માંહી હો મુણીંદ;
એક મારગ સાધે બિહું જણા, તો એવડો અંતર કાંઈ હો મુણીંદ. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંશયવંત મુનિ બેહુ થયા, જઈ પૂછે નિજ ગુરૂ પાસ હો મુણીંદ;
ગૌતમ કોષ્ટુકવન થકી, આવે કેશી પાસ ઉલ્લાસ હો મુણીંદ. ૮
કેશી તવ સામા જઈ, ગૌતમને દીયે બહુમાન હો મુણીંદ;
ફાસુ પરાલ તિહાં પાથરી, બિહું બેઠાં બુદ્ધિ નિધાન હો મુણીંદ. ૯
ચર્ચા કરે જીન ધર્મની, તિહાં મલીયા સુરનર વૃંદ હો મુણીંદ;
બેહુ ગણધર શોભે અતિ ભલા; જાણે એક સૂરજ બીજો ચંદ્ર હો મુણીંદ. ૧૦
એક મુક્તિ જાવું બિહું તણે, તો આચારે કાં ભેદ હો મુણીંદ;
જીવ વિશેષે જાણજ્યો, ગૌતમ કહે મ કરો ખેદ હો મુણીંદ. ૧૧
સંશય ભાંજવા સહુ તણાં, કેશી પૂછે ગુણ ખાણ હો મુણીંદ;
ગૌતમ ભવિ જીવ હિત ભણી, તવ બોલ્યા અમૃત વાણ હો. મુણીંદ. ૧૨
વક્ર જડ જીવ ચરમના, પ્રથમના ઋજુ મૂરખ જાણ હો મુણીંદ;
સરલ સુબુદ્ધિ બાવીશના, તેણે જુજુઓ આચાર વખાણ હો મુણીંદ. ૧૩
ઈમ કેશી એ પ્રશ્ન જે પૂછીયા, તેનાં ગૌતમે ટાલ્યા સંદેહ હો મુણીંદ;
ધન ધન કેશી કહે ગોયમા, તુમે સાચા ગુણમણી ગેહ હો મુણીંદ. ૧૪
મારગ ચરમ જિણંદનો, આદરે કેશી તેણી વાર હો મુણીંદ;
કેશી ગૌતમ ગુણ જપે, તે પામે ભવજલ પાર હો મુણીંદ. ૧૫
ઉત્તરાધ્યયન ત્રેવીશમે, એમ ભાખે શ્રી જીનરાય હો મુણીંદ;
વિનય વિજય ઉવજ્ઝાયનો, શિષ્ય રૂપવિજય ગુણ ગાય હો મુણીંદ. ૧૬

## ૧૭૧
## નેમ રાજુલની સજઝાય

રાણી રાજુલ કરજોડી કહે, એ તો જાદવકુલ શણગાર રે વાલા મારા;
ભવરે આઠનો નેહલો, પ્રભુ મત મેલો વિસારી રે વાલા મારા. ૧
વારિ હું જીનવર નેમજી, એક વિનતડી અવધાર રે વાલા મારા;
સુર તરૂ સરીખો સાહિબો, હું તો નિત્ય નિત્ય ધરૂં દેદાર રે વાલા મારા. ૨
પ્રથમ ભવે તું ધનવંતીનો, તું ધન નામે ભરથાર રે વાલા મારા;
નિશાળે જાતાં મુજને, છાનો મેલ્યો મોતી કેરો હાર રે વાલા મારા. ૩
દીક્ષા લેઈ હરખે કરી, તિહાં દેવ તણો અવતાર રે વાલા મારા;
ક્ષણ વિરહ ખમતાં નહિ, તિહાં પણ ધરતા પ્યાર રે વાલા મારા. ૪
ત્રીજે ભવે વિદ્યા ધરું, તિહાં ચિત્ર ગતિ રાજકુમાર રે વાલા મારા;
ભુપતિ પદવી ભોગવી, હું રત્નવતી તુજ નાર રે વાલા મારા. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મહાવ્રત પાળી સાધુનાં, તિહાં ચોથે ભવે સુરદાર રે વાલા મારા;
આરણ્ય દેવલોકે બેઉ જણા, સુખ વિલસ્યા સવિકાર રે વાલા મારા. ૬
પાંચમો ભવ અતિ શોભતો, તિહાં નૃપ અપરાજીત સાર રે વાલા મારા;
પ્રીતમવંતી હું તાહરી થઈ, પ્રભુ હૈયાનો હાર રે વાલા મારા. ૭
ગ્રહી દીક્ષા હરખે કરી, તિહાં છઠ્ઠે ભવે સુરદાર રે વાલા મારા;
માહેન્દ્ર દેવલોકમાં, તિહાં સુખ વિલસ્યાં વારો વાર વાલા મારા. ૮
શંખ રાજા ભવ સાતમો, તિહાં જસુમતી પ્રાણ આધાર રે વાલા મારા;
વીશ સ્થાનક તિહાં ફરસતાં, જીનવર પદ બાંધ્યું સાર રે વાલા મારા. ૯
આઠમે ભવ અપરાજીતે, તિહાં વરસ ગયા બત્રીસ હજાર રે વાલા મારા;
આહારની ઇચ્છા ઉપની, એ તો પૂરવ પૂન્ય પ્રકાશ રે વાલા મારા. ૧૦
હરિવંશ કુળમાં હું ઉપની, મારી શીવાદેવી સાસુ મલ્હાર રે. વાલા મારા;
નવમે ભવે કયાં પરિહરો, પ્રભુ રાખો લોક વ્યવહાર રે. વાલા મારા. ૧૧
એરે સંબંધ સુણી પાછલો, તિહાં નેમજી ભણે બ્રહ્મચારી રે. વાલા મારા;
હું તમને તેડવા કારણે, કાંઈ આવ્યો સસરાજીને વાસ રે. વાલા મારા. ૧૨
અવિચલ કીધો એણે સાહિબો, રૂડો નેહલો મુક્તિમાં જાય રે. વાલા મારા;
માની વચન રાજીમતી, તિહાં ચાલી પિઉડાની લાર રે. વાલા મારા. ૧૩
ધન્ય ધન્ય જીન બાવીસમો, જીણે તારી પોતાની નાર રે. વાલા મારા;
ધન્ય ધન્ય ઉગ્રસેનની નંદિની, જે સતીયોમાં શિરદાર રે. વાલા મારા. ૧૪
સંવત સત્તર ઇકોતરે, તિહાં શુભવેલા શુભ વાર રે. વાલો મારા;
કાંતિવિજય રાજુલના, તિહાં ગુણ ગાયા શ્રીકાર રે. વાલા મારા. ૧૫

## ૧૭૨
## ઇરિયાવહિયાની સજ્ઝાય

ગુરૂ સન્મુખ રહી વિનય વિવેકે, ઇરિયાવહિ પડિક્કમીયેજી;
આ ભવ પરભવ પાતિક હણીયે, ગુણ શ્રેણીએ ચઢીએ;
શ્રુત અનુસરીએજીરે, તરીએ આ સંસાર;
પાતક હરીએજી, સદ્ગુરૂ ને આધાર, પાર ઉતરીએજી. ૧
ષટ્ અક્ષરનો અર્થ સુણીને, જાણે તે મસ્તક ડોલેજી;
મિચ્છામિ દુક્કડં નિર્યુક્તે, ભદ્રબાહુ ગુરૂ બોલે. શ્રુત૦ ૨
પૃથ્વી અપ તેઉ વાઉ સાધારણ, તરૂ બાદર સુક્ષ્મજી;
પ્રત્યેક તરૂ વિગલેન્દ્રિ પજત્ત, અપજત્ત અડવીસ. શ્રુત૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હવે પંચેન્દ્રિ જલચર ખેચર, ઉરપરી ભુજપરી દીસેજી;
ગર્ભ સમુચ્છિંમ દસ પજત્તા, અપજત્તા એ વીસે. શ્રુત૦ ૪
નારકી સાતે પજ્જ અપજ્જે, ચૌદ ભેદ મન ધારોજી;
કર્મભૂમિ અકર્મભૂમિના, પંદર ત્રીશ વિચારો. શ્રુત૦ ૫
છપ્પન અંતર દ્વીપના માણસ, ગર્ભ સમુચ્છિંમ ભેદેજી;
એ અપજ્જત્ત, પજત્તા, ગર્ભજ ત્રણુસેં ને ત્રણ ભેદ. શ્રુત૦ ૬
ભુવનપતિ દસદસ તિરિજંભક, પંદર પરમાધામીજી;
વ્યંતર સોળ જ્યોતિષી દસ ત્રણ, કીલબિષિયા સુર પામી. શ્રુત૦ ૭
બાર સ્વર્ગ નવ લોકાંતિક, નવ ગ્રૈવેયક પંચ ઉપરનાજી;
એ નવાણું પજ્જત્તા અપજ્જત્તા, એકસો અઠ્ઠાણું સુરનાં. શ્રુત૦ ૮
અભિહયા આદિ દશ પદ સાથે, પાંચસે ત્રેસઠ ગણુતાંજી;
છપ્પનસો ને ત્રીશ થયાં તે, રાગદ્વેષને હણુતા. શ્રુત૦ ૯
અગીયાર સહસ ને બસો સાઠે, મનવચન કાયાએ ત્રિગુણાજી;
તેત્રીસ સહસ ને સાતસેં એંશી, તે વળી આગળ ત્રિગુણા. શ્રુત૦ ૧૦
કરે કરાવે ને અનુમોદે; એક લાખ તેરસે ને ચાલીશજી;
ત્રણકાળશું ગણુતાં તિમ લખ, ચાર હજારને વીશ. શ્રુત૦ ૧૧
કેવલ સિદ્ધિ મુનિ સુર ગુરૂ આતમ, છગુણા લાખ અઢારજી;
ચોવીશ સહસ ને એકસો વીશ, સરવાળે અવધાર. શ્રુત૦ ૧૨
છઠ્ઠે વરસે દીક્ષા લીધી, નવમે કેવલ ધારીજી;
જલક્રીડા કરતાં અયમત્તા, મુનિવરની બલિહારી. શ્રુત૦ ૧૩
એમ કોઈ સાધુ શ્રાવક પાતક, ટાલી લહે ભવપારજી;
શ્રી શુભવીરનું શાસન વરતે, એકવીસ વરસ હજારજી. શ્રુત૦ ૧૪

## ૧૭૩
## વૈરાગ્યની સજ્ઝાય

અનુભવના ભવિયારે, જાગી ને જોજો;
આગળ સુખ છે કે વારે, જીવો તે જોજો. ૧
બાલ પણે ધર્મ ન જાણ્યો રે, રમતાં ખોયો,
જોબનમેં મદ માતો રે, વિષયમાં મોહ્યો. ૨
ધર્મની વાત ન જાણી રે, ખોટી લાગી માયા;
જોબન જાશે જરા આવશે રે, ત્યારે કંપશે રે કાયા. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મોહ માયામાં માંચ્યો રે, સમકિત કિમ ફરસ્યો,
ક્રોધ વ્યાપ્યો સબલો રે; બોલવો નવ ખલશ્યો. ૪
ધનને કાજે ધસમસતો રે, હિંડે હલ ફરતો;
પાસે પૈસો પુર છે રે, ધર્મ નથી કરતો. ૫
નેત્ર ને નાસિકા ગળશે રે, વળી વળશ્યો વાંકા;
બોલ્યું કોઇ ન માનશે રે, ત્યારે પડશો ઝાંખા. ૬
દાંત પડીયા મુખ ખાલી રે, ત્યારે કેને કહેશો;
ધર્મની વાત ન જાણી રે, પ્રભુજીને કેમ મલશો. ૭
ઉંબર ડુંગર થાશે રે, ગોરી થાશે ગંગા;
પ્રભુજીનું નામ સંભારી રે, હોયે જીમ રંગા. ૮
શેરી પર શેરી થાશે રે, ત્યારે બેસી રહેશો;
મોહને લલુતા વધશે રે, બેઠાં કચ કચ કરશો. ૯
દિકરડાની વહુરો રે, રીસડીએ બળશે;
એ ઘરડા ઘરમાંથી રે, કે દહાડે ટળશે. ૧૦
પીપરે પાન ખરંતા રે, હસતી કુપલીયા;
અમ વીતી તુમ વીતશે રે, ધીરી બાપડીયા. ૧૧
રાવણ સરીખા રાજવી રે, ગયા જનમારો ખોતાં;
પાપી હાથ ઘસંતાં રે, જાણે જન્મ્યા નોતા. ૧૨
ધન તે જીહાં તિહાં રહેશે રે, એકાકી જાવું;
લોભ ને લલુતા મૂકી રે, અરિહંતને ધ્યાવો. ૧૩
શિવરમણી સુખ ચાખો રે, અનુભવનો જોવો;
ચેતવું હોય તો ચેતજો રે, સંસાર છે એવો. ૧૪
કવિ ઋષભની શીખડી રે, હૃદયમાં ધારો;
જીતી બાજી હાથથી રે, તુમે કીમ વિસારો. ૧૫

## ૧૭૪
## ચેતનને શીખામણની સજ્ઝાય

કાળ તારે શિર ભમે રે ચેતન પ્યારા, (૨) મનવા તું જો વિચારી;
જગમાં ન રહ્યા જારી, રામ શંભુ કે મોરારી રે. ચેતન૦ ૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નામ તેનો નાશ થાશે, જન્મ્યા તે મરી જ જાશે;
　　　　　　　　　　ઘડી ન રાખી શકાશે રે. ચેતન૦ ૨
જેમ હોલા પર દોડે, બાજ પંખી ડોક માંડે; કોઈને ન કાળ છોડે રે. ચેતન૦ ૩
જેની રાજ રિદ્ધિ ભારે, કોડ સેના સાજ સારે; કાળને ન કોઈ વારે રે. ચેતન૦ ૪
આવ્યો જો તું મુઠી વાળી, જવું જીવ હાથે જ ખાલી; કરે માથા કુટ ઠાલી રે. ચેતન૦ ૫
લખપતિ છત્રપતિ, ગયા કેઈ કરોડ પતિ; દીઠો તે નયન વતી રે. ચેતન૦ ૬
ચક્રી હરિ બળરાયા, ષટ્ખંડમાં ન સમાયા; બળતી ચ્હેમાં સમાયા રે. ચેતન૦ ૭
જર જોરૂ ને જવાની, મોહની છે રાજધાની; દુનીયા બની દિવાની રે. ચેતન૦ ૮
ધન ધરણી ને ધરા, અંતવેળા થયા પરા; પુન્ય પાપ સાથે ખરા રે. ચેતન૦ ૯
જીવ તારી જીંદગાની, એક વેળા ધૂળ ધાણી; કર તું સાચી કમાણી રે. ચેતન૦ ૧૦
રેંટ ઘટ માપ જેવો, વારા પછી વારો લેવો; એક દહાડો સૌને દાવો રે. ચેતન૦ ૧૧
પણ માયાને ન તજે, પ્રાણીઓ ન પ્રભુ ભજે; સામગ્રી ન રૂડી સજે રે. ચેતન૦ ૧૨
માયા તજી ધ્યાન ધરે, સહેજમાં સંસાર તરે; હર્ષ વિજય પોકાર કરે રે. ચેતન૦ ૧૩

## ૧૭૫
## આધુનીક જમાનાને લગતી સજઝાય

એક માસ પછી માસ જાય, ત્યારે માતાને હરખ ન માય;
કુંવર ઉદરે રહ્યા નવ માસ, ત્યારે માતાની પહોંચી છે આશ. ૧
કુંવર ઉંધા મસ્તકે પોઢયા, ત્યારે માતાના રૂધીર ચૂસ્યાં;
પુત્ર જન્મ વેળાએ માતાનું મરણ, માતા તારે શીકોત્તર શરણ. ૨
એમ શીતળ ગર્ભની વાત, ત્યારે ભીનામાં પોઢતા માત;
તારા ગોત્ર જ ઘેલા થાય, પુત્ર જન્મ્યા નો હરખ ન માય. ૩
પુત્ર શરીરની વેદના દમતી, ત્યારે માતા છતે લુખું જમતી;
પુત્ર શરીરની વેદના જાણી, ત્યારે માત પીએ મગ પાણી. ૪
જયારે પુત્રનું મુખડું જોયું, ત્યારે હરખે મલ મૂત્ર ધોયું;
જયારે પુત્ર હતા રે નાના, ત્યારે માતાને ચઢતા પાના. ૫
પુત્ર થયાં રે જોબન ભર રાતા, ત્યારે માતાના અવગુણ ગાતા;
સ્વામિ પુત્ર પરણાવો તો રૂડું, વહુ વર વિના સંસારમાં સુનૂં. ૬
ત્યારે વાલમ હસી હસી બોલે, તારી અક્કલ બાલક તોલે;
પિતા પુત્રને પરણાવે, કુંવર વહુ લઇને ઘેર આવે. ૭

Jain Education International 2010_05　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

સાસુને પગ ચાંપ્યાની ઘણી હેવા, વહુ આવે તો ઘણી કરે સેવા;
વહુને સાસુનું બોલ્યું ન સહેવાય, આવો અન્યાય તો કેમ વેઠાય. ૮
અમે સાસુથી જુદા રહીશું, નહીતર અમારે મહીયર જઇશું;
જ્યારે દીકરાને આવી છે મૂછો, ત્યારે માબાપને શીદ પૂછો. ૯
જ્યારે દીકરાને આવી દાઢી, ત્યારે મા બાપને મૂકો કાઢી;
માતા ખલે તે નાંખો ગરણું, તમે ઘેર ઘેર માંગો ને દરણું. ૧૦
માતા ઘર વચ્ચે મૂકો દીવો, તમે કાંતી પીતીને ઘણું જીવો;
માતા ખલે ને નાંખો રાસ, તમે ઘેર ઘેર માંગો છાશ. ૧૧
એમ ભાગ વેંચીને જુદા રહ્યા, પછી મા-બાપના સામે થયા;
પુત્ર આવું ન્હોતું જાણ્યું, નહીતર ગાંઠે રાખત નાણું. ૧૨
એમ સંસારમાં નહીં સાર, તમે સાંભળજો નર-નાર;
સુમતિ વિજય કહે સુણજો, જેવું વાવો તેવું લણજો. ૧૩

## ૧૭૬
## આળસ કાઠીયાની સજ્ઝાય

આળસ અંગથી પરિહરો, આળસ છે દુઃખ દાય સનેહી.
અતિ આળસુ ઘર વસે, લચ્છી તે દૂર પલાય. આ૦ ૧
આળસ અલગો ધરમથી, આળસુને સંદેહ. સ.
ક્ષણ ક્ષણ નિત નવા ઉપજે, હૈડે તે વિશેષ. સ. આ૦ ૨
પૂન્યે નરભવ પામીયો, ચિહું ગતિ ભમતાં જોય. સ.
આર્યકુળ ઉત્તમ કુળે, ભાગ્યે જનમ જ હોય. સ. આ૦ ૩
આળસ પરિહરો પ્રાણીયા, ધરમે ઉદ્યમ માંડ. સ.
સામગ્રી સુધી લહી, આળસ કાઠીયો છાંડ. સ. આ૦ ૪
ઇન્દ્રિય પંચ પૂરી પામીને, સાંભળ સૂત્ર સિદ્ધાંત. સ.
દેવગુરૂ ધર્મને ઓળખી, સેવો મન એકાંત. સ. આ૦ ૫
આળસે બાંધ્યા પ્રાણીઆ, ન કરે ધર્મ વ્યાપાર. સ.
પામ્યો ચિંતામણી પરિહરી, તે ગ્રહે કાચ ગમાર. સ. આ૦ ૬
ઉદ્યમથી સુખ સંપજે, ઉદ્યમે દારિદ્ર જાય; સ.
વિદ્યા લક્ષ્મી ચાકરી, ઉદ્યમે સફળી. થાય. સ. આ૦ ૭

આળસ ઊંઘે પીડીયાં, ઇહ લોકે સીદાય. સ.
પરલોકનું શું પૂછવું, ભવોભવ દુઃખીયો થાય. સ. આ૦ ૮
નારી ગમાર છે તેહને, આળસુ માંહે ઇન. સ.
સજ્જનમાં શોભા નહી, આળસુ દુઃખિયો દીન. સ. આ૦ ૯
પાપી નર આળસુ ભલા, ધરમી ઉદ્યમ વંત, સ.
પંચમ અંગે ભાખીયો, ભાવે તે ભગવંત. સ. આ૦ ૧૦
ધર્મ દીસે બહુ આળસું, પાપે ઉદ્યમવંત. સ.
પાપે પરભવ દુઃખ લહે, ધર્મે સુખ અનંત. સ. આ૦ ૧૧
આર્દ્ર અરણીક અર્જુન મુનિ, દઢ પ્રહારી ધીર; સ.
આળસ ગોદડુ નાખી ને, ઉદ્યમે થયા વડવીર. સ. આ૦ ૧૨
એહવું જાણી ઉદ્યમે, ધર્મ કરો નરનાર. સ.
વીર કહે આળસ વીરમી રે, વિશુદ્ધ કરી વિચાર સ. આ૦ ૧૩

## ૧૭૭
## જંબુ સ્વામીની સજ્ઝાય

**સ**રસ્વતી સ્વામીને વિનવું રે, સદ્‌ગુરૂ લાગુજી પાય;
ગુણરે ગાઉં જંબૂ સ્વામીના, હરખ ધરી મન માંહિ;
ધન ધન ધન જંબૂ સ્વામીને. ૧
સંજમ પંથ સ્વામી દોહીલો, વ્રત છે ખાંડાની ધાર;
વેલું સમાન જે કોળીયા, તે કેમ વાળ્યા જાય. ધન૦ ૨
પાય અણુ વાણું ચાલવું, દિનકર તપે રે નિલાડ;
મધ્યાહ્ન તે કરવી ગોચરી, લેવો સુઝતો આહાર. ધન૦ ૩
કોડી નવાણું સોવન તાહરે, તાહરે છે આઠ જ નાર;
ભોગ વેળાએ જોગ કાંઈ લીયો, ભોગવો ભોગ સંસાર. ધન૦ ૪
રામે સીતાના વિયોગડે, બહુત કીયો રે સંગ્રામ;
છતી રે નારી પિયુ કાં તજો, કાં તજો ધન ને માલ. ધન૦ ૫
પરણીને પિયુજી શું પરિહરો, હાથ મેલ્યાનો સંબંધ;
પછી કરશો સ્વામી ઓરતો, જેમ કીયો મેઘ મુણીંદ. ધન૦ ૬
રત્ન કચોલે, જીમતા, કાચલડે વ્યવહાર;
પલંગ તળાઈ પોઢતાં, સંથારો દુઃખ કાર. ધન૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શીયાળે શીતલ ઢળે, ઉનાળે લૂ વાય;
વરસાલા ઘણો દોહીલો, અતિ સુકુમાળ તુમ કાય. ધન૦ ૮
પંખી મેળા યે સહુ મળે, પરભાતે ઉડી જાય;
જે જેવી કરણી કરે, તેહવી ગતિ થાય. ધન૦ ૯
જંબૂ કહે નારી પ્રતે, અમે લેશું સંજમ આથ;
સાચો સ્નેહ કરી લેખવો, સંજમ લ્યો અમ સાથ. ધન૦ ૧૦
તેણે સમે પ્રભવોજી આવીયા, પાંચસો ચોર સંગાત;
તેને જંબૂકુમારે બુઝવ્યા, બુઝવી આઠે ય નાર. ધન૦ ૧૧
સસરા ને સાસુ બુઝવ્યા, બુઝવ્યા માય ને તાય;
સુધર્મા સ્વામી પાસે આવીયા, લીધો સંજમ સુખદાય. ધન૦ ૧૨
પાંચસે સત્તાવીશ શું વિચરે, વિચરે મનને ઉલ્લાસ;
કર્મ ખપાવી થયા કેવળી, છેદ્યા ભવ કેરા પાસ. ધન૦ ૧૩
સંવત સત્તર છાસઠે, કડુપુર નગર મોઝાર;
ભાગ્ય વિમળ સૂરિ ઇમ ભણે, જંબૂ નામે જયકાર. ધન૦ ૧૪

## ૧૭૮
## બાર વ્રતની સજઝાય

ગૌતમ ગણધર પાય નમીજે, સુગુરૂ વચન હૈડે ધરીજે;
એણીપેરે પ્રાણી બારે વ્રત કીજે. ૧
પહેલે જીવદયા પાલીજે, તો નીરોગી કાયા પામીજે. ૨
બીજે મૃષાવાદ ન કીજે, દીઠું અણદીઠું આળ ન દીજે. ૩
ત્રીજે અદત્તાદાન ન લીજે, પડયું વિસરીયું હાથ ન લીજે. ૪
ચોથે નિર્મળ શિયળ પાળીજે, રત્ન પાવડીયે મુક્તિ સુખ લીજે. ૫
પાંચમે પરિગ્રહનું માન કરીજે, પાંચ ઇન્દ્રિ પોતા વશ કીજે. ૬
છ દિશીનું માન કરીજે, પચ્ચક્ખાણ કર્યા ઉપર પાય ન દીજે. ૭
સાતમે સચિત્તનો ત્યાગ કરીજે, સચિત્ત મિશ્રનો આહાર ન લીજે. ૮
આઠમે અનર્થદંડ ન દીજે, હિંસા તણો ઉપદેશ ન દીજે. ૯
નવમે નિર્મળ સામાયિક કીજે, અવ્રતિને આવકાર ન દીજે. ૧૦
દશમે દેસાવગાસિક કીજે, એક આસને બેસી ભણીજે. ૧૧
અગ્યારમે પોસહ વ્રત કીજે, છ કાય જીવને અભયદાન દીજે. ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બારમે અતિથિ સંવિભાગ કીજે, સાધુ સાધ્વીને સુઝતું દીજે. ૧૩
સંલેષણાનો પાઠ ભણીજે, પાદપોપગમ અણસણ કીજે. ૧૪
દશ શ્રાવકે સંથારો કીધો, મનુષ્ય જન્મનો લાહો લીધો. ૧૫
બારે વ્રત એણીપરે કીજે, નરક તિર્યંચના બારણા દીજે. ૧૬
કાંતિવિજય ગુરૂ એણીપેરે બોલે, નહિ કોઈ સાધુ સાધ્વીની તોલે. ૧૭

## ૧૭૯
## દેવાનંદાની સજ્ઝાય

જીનવર રૂપ દેખી મન હરખી, સ્તનસે દૂધ ઝરાયા;
તવ ગૌતમકું ભયા અચંબા, પ્રશ્ન કરણકું આયા
ગૌતમ એ તો મેરી અમ્બા. ૧

તસ કુખે તુમ કાહું ન વસીઆ, કવણ કિમ ઈમ કમ્મા, ગૌતમ૦ ૨

ત્રિશલા દે દેરાણી હુતી, દેવાનંદા જેઠાણી;
વિષય લોભ કરી કોઈ ન જાણ્યો, કપટ વાત મન આણી. ગૌતમ૦ ૩

એસા શ્રાપ દીયા દેરાણી, તમ સંતાન ન હોજ્યો;
કર્મ આગળ કોઈનું ન ચાલે, ઇંદ્ર ચક્રવર્તી જોજ્યો. ગૌતમ૦ ૪

દેરાણી કી રત્ન ડાબલી, બહુલ રત્ન ચોરાયા;
ઝઘડો કરતા ન્યાય હુઆ તબ, તબ કછુ નાણું પાયાં. ગૌતમ૦ ૫

ભરતરાય જબ ઋષભને પૂછે, એહમાં કોઇ જીણંદ;
મરીચી પુત્ર ત્રિદંડી તેરો, ચોવીશમો જીણંદ. ગૌતમ૦ ૬

કુળનો ગર્વ મેં ગૌતમ, ભરત રાય જબ વાંદા;
મન વચન કાયાએ કરીને, હરખ્યો અતિ આણંદા. ગૌતમ૦ ૭

કર્મ સંયોગ ભિક્ષુ કુળ પાયા, જનમ ન હોવે કબહું;
ઈંદ્રિ અવધિએ જોતાં, અપહર્યો દેવ ભુજંગમ બાંહિ. ગૌતમ૦ ૮

બ્યાસી દીન તિહાં કને વસીઓ, હરિણગમેષી જબ આયા;
સિદ્ધારથ ત્રિશલાદે રાણી, તસ કુખે છટકાયા. ગૌતમ૦ ૯

ઋષભદત્ત ને દેવાનંદા, લેશે સંજમ ભારા;
તવ ગૌતમ એ મુગતે જાશે, ભગવતી સૂત્ર વિચારા. ગૌતમ૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધારથ ત્રિશલાદે રાણી, અચ્યુત દેવલોક જાશે;
બીજે ખંડે આચારાંગે, તે સૂત્ર કહેવાશે. ગૌતમ૦ ૧૧
તપગચ્છ શ્રી હીરવિજય સૂરિ, દિયો મનોરથ વાણી;
સકલચંદ પ્રભુ ગૌતમ પૂછે, ઉલટ મયમાં આણી. ગૌતમ૦ ૧૨

## ૧૮૦
## કલિયુગની સજ્ઝાય

સરસ્વતી સ્વામીને પાય નમીને, ઉલટ મનમાંહિ આયો;
તીરથ નહી કોઇ ઈણુ સંસારે, તેણે એ કલિયુગ આયો.
દેખો બે યારો કૂડો કલિયુગ આયો; આંકણી.
બાબો કહે મ્હારી નાનડી બેટી, દિન દિન મૂલ્ય સવાયો. બે યારો૦ ૧
રાજા તે પ્રજાને પીડે, કુનર કામ ભલાયો;
બોલ બંધ નહી મંત્રીને, ગોચર ખેત્ર ખેડાયો. બે યારો૦ ૨
ગુરુને ગાલ દિયે નિજ ચેલો, વેદ પૂરાણ પઢાયો;
સાસુ ચૂલે ને વહુ ખાટલડે, કુંકે શરીર જલાયો. બે યારો૦ ૩
એંસી વર્ષનો હીંડે હોંશે, મૂછે હાથ ઘલાયો;
પંચતણી સાખે પરણીને, અબલા અર્થ ગમાયો. બે યારો૦ ૪
જોગી જંગમ ને સંન્યાસી, ભાંગ ભખે મદવાયો;
ચોર ચાડ પરધનનેં ખાયે, સાધુજન સીદાયો. બે યારો૦ ૫
નિર્ધનને બહુ બેટા બેટી, ધનવંત એક ન પાયો;
નીચ તણે ઘર અતિ ઘણી લક્ષ્મી, ઉત્તમ જન સીદાયો. બે યારો૦ ૬
ન મલે બાપ સંઘાતે બેટો, ઘણે રે મનોરથ જાયો;
હાથ ઉપાડે માયને મારે, પરણીશું ઉમાહયો. બે યારો૦ ૭
ઘરડાને ઘહેલો કહે બેટો, આપ તણો મદ વાહયો;
વહુ સૂતી ને વર હિંડોલે, સાસરે સૂવાને ધરાયો. બે યારો૦ ૮
હલ ખેડે બંભણ ગો જુત્તિ, નિર્દય નાક ફડાયો;
માબાપે બેટીને વેંચીને, બેટાને પરણાયો. બે યારો૦ ૯
રાગતણે વશ ગુરૂ ને ગુરૂણી, કામ કરે પરાયો;
કાંગાની પેરે કલહો માંડી, કુલગુરૂ નામ ધરાયો. બે યારો૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બેયર બાર વરસનો બેટો, દીઠો ગાદ ખેલાયો;
માગ્યા મેહ ન વરસે મહીયલ, લોભે ધરાયો સવાયો. બે યારો૦ ૧૧
કૂડા કલિયુગની એ માયા, દેખી ગીત ગવાયો;
પભણે પ્રીતિ વિમલ પરમારથ, જિનવચને સુખ પાયો. બે યારો૦ ૧૨

## ૧૮૧
## બાર ભાવનાની સજ્ઝાય
(તેમાં ભેગી ચાર ભાવનાની.)

**ભાવના** નિશદિન ભાવો ભાવો, ભવભ્રમણ નિવારણ કે;
પહેલી અનિત્ય ભાવના ભાવો, માતપિતા પુત્ર પરિવારો.
ધન વૈભવ ગૃહ સાજ રાજ, નયણ મીંચાયે નહી કીસકે. ભા૦ ૧
દૂસરી અશરણ ભાવના આવે, નહિ કોઈ સ્વજન પત્ની બચાવે;
જીનવરનું ધરો ધ્યાન ધ્યાન, શરણ નહિં બીજું જગમેં. ભા૦ ૨
તીસરી સંસાર ભાવના ભાવો, જન્મ મરણકો પાર ન આવ્યો;
સુખ નહીં લેશ નિરધાર ધાર, ઉલટે સુલટે સગપણમેં. ભા૦ ૩
ચોથી એકત્વ ભાવના ભરીયે, મમતા મૂકી સમતા ધરીએ;
એકીલો આતમ જાય જાય, કર્મ સંજોગે હીલ મીલતે. ભા૦ ૪
પંચમી અન્યત્વ ભાવના ધરીએ, આતમ બલીઓ જ્ઞાનથી કરીએ;
બહિરાતમ ભાવ છોડ છોડ, ગજસુકુમાલ જીમ ધ્યાનનમેં. ભા૦ ૫
છઠ્ઠી અશુચિ ભાવના કીજે, સનત્ ચક્રીની ભાવના લીજે;
હાંડ માંસ લોહી ચામ કામ, નહી તત્ત્વ વસ્તુ તનમેં. ભા૦ ૬
સાતમી આશ્રવ ભાવના ભરીએ, પ્રમાદ છોડી વ્રત આદરીયે;
મિથ્યાત્વ કર દૂર દૂર, અશુભ કરમકો રોકનમેં. ભા૦ ૭
આઠમી સંવર ભાવના કરીએ, ક્રિયા શુભ યોગથી તરીએ;
પ્રવૃત્તિ અશુભ નિવાર વાર, વ્રત બારે લઈ તન મન સે. ભા૦ ૮
નવમી નિર્જરા ભાવના રમીયે, પૂર્વ કર્મ સમતાથી ખમીયે;
જેથી સકામ પમાય પમાય, ધર્મ ધ્યાન હોયે સુખસેં. ભા૦ ૯
દશમી લોકની ભાવના આણો, છ દ્રવ્યનું સ્વરૂપ પીછાણો;
ચૈતન્ય વંત જીવ એક એક, પુદ્ગલ રચના અનુભવમેં. ભા૦ ૧૦
અગ્યારમી બોધી ભાવના પાવન, દુર્લભગતિ મનુષ્ય ને ધ્યાવન;
સદ્ગતિ પ્રાપ્તિને કાજ કાજ, ધરો જીન આજ્ઞા હૃદયે. ભા૦ ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બારમી ધર્મની ભાવના ભાવે, દુર્ગતિમાં પડતાં અટકાવે;
એહી જ ધર્મ સ્વભાવ ભાવ, ધારો મન વચને કાયે. ૧૨

ચાર ભાવના

બાર ભાવના એણી પરે ભાવી, શુદ્ધ પરિણતી કરવા ગાળી;
વિશેષ ભાવના ચાર ચાર, સમભાવ પ્રગટાવન કે. ૧૩
મૈત્રી ભાવના ચિત્તમાં ધરજો, પાશવ ગુણો નિંદાને હરજો;
સર્વ જનોની સાથ સાથ, મિત્ર પણું કરજો જગમેં. ૧૪
પ્રમોદ ભાવના હૃદયે લીજે, અનુમોદન પુન્ય કામમેં કીજે;
પ્રસન્ન વદન નિત્ય રાખ રાખ, ગુણ વૃદ્ધિ કે કારણમેં. ૧૫
કરૂણા ભાવ હૃદયમાં લાવો, જ્ઞાન દાનમાં મદદે ધાવો;
અનાથ અપંગી રોગી શોગી, સૌ જન પર દયા ધરને. ૧૬
મધ્યસ્થ ભવના મનમાં ધારો, રાગદ્વેષને દૂર નિવારો;
સમભાવે રહો સુખ દુઃખ, કર્માનુસારી મીલતે. ૧૭
એણીપરે બાર ઉપર વળી ચાર, ભાવી ભાવના સોળ ઉદાર;
ભવ ભવ બંધન ત્રોડ ત્રોડ, અજર અમર પદવીધર એ. ૧૮
શુદ્ધ ભાવે જે ભાવના ભણશે, કર્મ નિર્જરી શિવસુખ વરશે;
જન્મ મરણ કરી દૂર દૂર, આત્મ રમણમાં તે રમશે. ૧૯
તપગચ્છ ક્ષાન્તિ સૂરીશ્વર રાયા, તાસ શિષ્ય લલિત ગુણ ગાયા;
રાજનગર વીર વાસ રાસ, હિતકારી એ સ્વપર ને. ૨૦

## ૧૮૨
## કલહ નિવારણની સજ્ઝાય

શઠ કલહ સવિ મૂલે નિવારે, વિંધ્યા બોલ મ બોલો રે;
કલહ કરંતા ભલપણ જાયે, મર્મ ગાંઠ મમખોલો રે. ૧
વચન વિચારી ખમો રે ભાઇ, ખમતાં ખિમા ગુણ આવે રે;
ખમતાં દોષ ન ચડાવે કોઈ, વિઘન વિલય સવિ થાવે રે. ૨
જીમ તિમ કલહ કરંતા બોલે, રીસવશે જીવ વાણી રે;
બંધ નિકાચિત તેહથી પાડે, કડવા ફલ લહે પ્રાણી રે. ૩
જેમ તેમ નીચ લવે અણજાણ્યે, ઉત્તમ હિયડે ન આણે રે;
પાન તરફડે વાયે અતિ ઘણું, થડ નિશ્ચલ નિજ ઠાણે રે. ૪



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રાપ મ દ્યો કરકડા મ માંડો, કલહ કરંતા રીસે રે;
વચન તેણે અવસરે બોલાશે, તે પોતે ભોગ વશે રે. ૫
લોહ તણાં કાંટા જેમ ખૂંચે, તેહવા મર્મ વચન્ન રે;
સાલ ન શકશે તે કો કાઢી, ખમશે તે ધન ધન્ન રે. ૬
હલુઆં થાવે અતિ બોલંતો, ખમતો થાય ગંભીર રે;
ખિમા કરે જે નર ને નારી, તે કહેવાયે ધીર રે. ૭
રીશ વશે જો વચન બોલાયે, તો પગે લાગી ખમાવો રે;
ક્રોધ અગ્નિ પરજલતો જાણી, ખીમા જલે ઓલ્હાવો રે. ૮
જિણે મુખે રૂડાં નામ લેવાયે, તેણે કાં વિરૂઆં લીજે રે;
કૂર કપૂર અમીરસ જીમીયે, તેણે કાં અશુચિ પીજે રે. ૯
કલહ કરતાં કીર્તિ નાશે, ક્રોધી નામ ધરાવે રે;
જશ કિરતી સૌભાગ્ય ન હોવે, ભૂંડા માંહી ગિણાવે રે. ૧૦
સૂત્ર વચન સદ્ગુરૂ મુખ સુણીને, કલહ સદાય નિવારે રે;
તેહ તણા ગુણ ઉદય રત્ન કહે, સુરનર નિત્ય સંભારે રે. ૧૧

## ૧૮૩
## પરિગ્રહની સજ્ઝાય

**દુહો :** આશા દાસી વશ પડ્યા, જડ્યા કર્મ જંજીર;
પરિગ્રહ ભાર ભરે નડ્યા, સહે નરકની પીર.

**ઢાળ :** પરીગ્રહ ભાર ભર્યા પ્રાણી, ભમે અધોગતિ દુઃખ ખાણી;
જસમતિ લોભે લલચાણી રે, ચેતન ચતુર સુણો ભાઈ.
લોભ દશા તજો દુઃખ દાઈ રે. ૧
લોભે લાલચ જાસ ઘણી, પરિણતિ નીચી તેહ તણી, લટપટ કરે બહુ લોક ભણી રે. ૨
લોભી દેશ વિદેશ ભમે, ધન કારણ નિજ દેહ દમે, તડકા ટાઢનાં દુઃખ ખમે રે. ૩
લોભે પૂત્રપિતા જગડે, લોભે નરપતિ રહે વગડે;
લોભે બાંધવ જોર લડે રે; ચે૦ ૪
હાટ હાથી લોભે લીનો, કોણીકે સંગર બહુ કીનો;
માતા મહને દુઃખ દીનો રે; ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લોભા રંભે બહુ નડીઆ, કાલાદિક નરકે પડીયા;
નિરયાવલી પાઠે ચઢીયા રે; ૬
લોભ તજી સંવર કરજો, ગુરૂ પદ પદ્મને અનુસરજો;
રૂપ વિજય પદને વરજો રે. ૭

## ૧૮૪
## ચેતનને શિખામણની સજઝાય

ચેતન ચેતજો રે કાળ ન મેલે કેડો;
ભાતું બાંધજો રે, જમડો પકડે છે કેડો; ચેતન૦ ૧
કોઈક બાનું કાઢી જીવને, છેતરશે એ છાનો;
ઓચીંતાનો પકડી જાશે, માથે ચઢાવી બાનો. ચેતન૦ ૨
શરીર પીંજર જીવ મુસાફીર, તૃષ્ણા બગીચે ફરતો,
જુલમી જમડો સમરીની પેરે, લેઇ જાશે ઝટ ભમતો. ચેતન૦ ૩
બાલા બુઢ્ઢા ગરભે હુંતા, જુવાનને લેઇ જાવે;
કાચા પાકા સબ લેઈ જાવે, જમડાને દયા ન આવે. ચેતન૦ ૪
તું જાણે પરવારી જઇશું, લોચા સઘળા વાળે;
હાં હાં કરતા જમ લેઇ જાશે, કુટુંબ નજરે ભાળે. ચેતન૦ ૫
આજ કાલ ને પોર પરાર, ધર્મમાં વિલંબ કરતો;
ક્ષણ ક્ષણ આયુષ્ય ઓછું થાયે, અંજલી જલ જિમ ખરતું. ચેતન૦ ૬
જીવડાંને રણમાં ગાજે છે, બહેરો થઇને બેઠો;
માથે મોતની નોબત વાગે, તું એ પંથે પેઠો. ચેતન૦ ૭
વાર કુવાર કે સુખી દુઃખી, ન ગણે જમડો ટાણું;
અવર રૂઠે તો ધનથી મનાવે, ન વળે જમડાનું આણું. ચેતન૦ ૮
નિશ્ચિંત થઈ સુતો શું જીવડા, જમડાનો જોજે જોરો;
માત પિતાદિક જોતાં રહેશે, ન ચાલે કેહનો તોરો. ચેતન૦ ૯
પાણી પહેલા પાળ જે બાંધે, તે જગમાંહે બળીયો;
ઘર બળે ત્યારે કુવો ખોદે, તે મૂરખમાં ભળીયો. ચેતન૦ ૧૦
જરા કુતરી જોબન સસલો, આહેડી જમ પકડે;
જિહાં જાશે ત્યાં એ જમ મારે, ચિત્તમાં કાં નવિ ખટકે. ચેતન૦ ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એવું જાણી ધર્મ આરાધો, શું કરે જમડો બળીયો;
વીર વિજય ગુરૂ શિષ્ય વિશુદ્ધ કે; જઇ શિવમંદિરમાં ભળિયો. ચેતન૦ ૧૨

## ૧૮૫
## વૈરાગ્યની સજઝાય

એ સંસાર અસાર છે રે જીવડા, બુઝે વિરલો કોય;
એ સંસાર તજી ગયા રે જીવડાં, તે નર સુખીયા હોય.
ચતુર નર ચેતોરે ચિત્તમાંહી. ૧

ડાભ અણી જલ બિંદુઓ રે જીવડા, જેહવો સંધ્યા વાન;
એણીપરે ચંચલ આઉખું રે જીવડા, ચેતી શકે તો ચેતરે. ૨

ધન ધન રામા કાંઈ કરે રે જીવડા, કારમો એહ સંસાર;
સોવનમય નવ ડુંગરી રે જીવડા, નંદે તજી નિરધાર. ૩

માતા મયગલ પરે રે જીવડા, મન્મથ થયો રે અપાર:
નરક નિગોદમાં જાશો રે જીવડા, તેહવો જાણી સંસાર. ૪

યૌવન વય વઈ જાશે રે જીવડા, ઘડગણુ પણ નિવાર;
ખૂણે ઘાલ્યો ખાટલો રે જીવડા, કોઈ ન પૂછે સાર. ૫

અંગ ગલ્યું ને માથું ફરતું રે જીવડા, જાજેરી હુએ દેહ;
સગાં સણીજા ઇમ ભણે રે જીવડા, ડોસો કરાવે વેઠ. ૬

મગધ દેશનો રાજીયો રે જીવડા, શ્રેણીક નામે નરેશ;
કાષ્ટ પિંજર કોણીકે કરી રે જીવડા, સાત વૈરી નું સુવેશ રે. ૭

આદીશ્વર અંગજ ઉપન્યા રે જીવડા, ભરત બાહુબલ ભાઈ;
માંહો માંહે જુજીયા રે જીવડા, એ સંસારની સગાઈ. ૮

પરમેશ્વર નિત પુજીએ રે જીવડા, નિત્ય જપીએ નવકાર;
સુગુરૂ શિખામણ મન ધરો રે જીવડા; જીમ પામો ભવપાર. ૯

અરિહંત નિશદિન ધ્યાઇએ રે જીવડા, પુગે મનના કોડ;
પંડિત શિયલ વિજય તણો રે જીવડા, શિષ્ય કહે કરજોડ. ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૮૬
## સુખીયાની સજ્ઝાય

તે સુખીયા ભાઈ તે સુખીયા, જે પર દુઃખે દુઃખીયાજી;
પરસુખ દેખી જે સંતોષીયા, જેને જિનધર્મ ઓળખીયાજી. ૧

જ્ઞાનાદિક બહુ ગુણના દરિયા, ઉપશમ રસજળ ભરીયાજી;
જે પાળે નિત સુધી કિરીયા, ભવસાયર તે તરીયાજી. ૨

દાન તણે રંગે જે રાતા, શીલગુણે કરી માતા રે;
સવિ જગજીવને દિએ જે શાતા, પર વનિતાના ભ્રાતા રે. ૩

જેણે છાંડયા ઘરનાં ધંધા, જે પરધન લેવા અંધારે;
જે નવિ બોલે બોલ નિબંધા, તપ તપવે જોદ્ધારે. ૪

પરમેશ્વર આગળ જે સાચા, જે પાળે સુધી વાચાજી;
ધર્મકામે કબહી નહી પાછા, જીનગુણ ગાવે જાચા રે. ૫

પાપતણાં દુષણ સવિ ટાળે, નિજ વ્રત નિત સંભાળેજી;
કામ ક્રોધ વૈરીને ગાળે, તે આતમકુળ અજુવાળેજી. ૬

નિશદિન ઈર્યાસુમતે ચાલે, નારી અંગ ન ભાળે જી;
શુકલધ્યાન માંહિ જે મ્હાલે, તપ તપી કર્મ ગાળે જી. ૭

જે નવિ બોલે પરની નિંદા, જે અમીરસ કંદાજી;
જેણે ત્રોડયા ભવના ફંદા, તસ દેખત પરમ આનંદાજી. ૮

જે પૂજે ભાવે જીન ઈંદ્રા, સૌમ્ય ગુણે જિમ ચંદાજી;
ધર્મે ધીર ગુરૂ ચિરનંદા, નય કહે હું તસ બંદાજી. ૯

## ૧૮૭
## પરસ્ત્રી ત્યાગ વિષે સજ્ઝાય

પ્રભુ સાથે જો પ્રીત વંચ્છો તો, નારી સંગ નિવારો રે;
કપટની પેટી કામણગારી, નિશ્ચે નરક દુવારો રે. પ્રભુ૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એહની ગતિ એહ જ જાણે, રખે કોઈ સંદેહ આણો રે. આંકણી
અબળા એવું નામ ધરાવે, સબળા ને સમજાવે રે;
હરિહર બ્રહ્મા પુરંદર સરિખા, તે પણ દાસ કહાવે રે. પ્રભુ૦ ૨
એક નરને આંખે સમજાવે, બીજા શું બોલે કરારી રે;
ત્રીજા શું કર્મ કરે તક જોઇ, ચોથો ચિત્ત મોઝારી રે. પ્રભુ૦ ૩
વ્યસન વિલુબ્ધિ ન જુએ વિમાસી, ઘટના ઘટતી વાતે રે;
પરદેશી મુજની પરે જોઈ, મળજો એહ સંગાતે રે. પ્રભુ૦ ૪
જાંગ ચીરીને માંસ ખવડાવ્યું; તો પણ ન થઈ તેહની રે;
મુખની મીઠી દીલની જૂઠી, કામિની ન હોયે કેહની રે. પ્રભુ૦ ૫
પગલે પગલે મન લલચાવે, શ્વાસો શ્વાસથી જૂદી રે;
ગરજ પડે ત્યારે ઘેલી થાએ, કામ સરે જાય કૂદી રે. પ્રભુ૦ ૬
કરણી એહની કહી ન જાએ, કામની તણી ગતિ ન્યારી રે;
ગાયું એહનું જે નર ગાશે, તેણે સદ્ગતિ હારી રે. પ્રભુ૦ ૭
લાખ ભાતે લલચાવે લંપટ, વિરૂઈને વિષની કયારી રે;
એહનાં પાસમાં જે નર પડીયા, તે હાર્યા જમ વારી રે. પ્રભુ૦ ૮
કોડી જતન કરી કોઈ રાખે, માનની મહેલ મઝારી રે;
તો પણ તેહને સૂતાં વેચે, ઘડી ન રહે ધૂતારી રે. પ્રભુ૦ ૯
જો લાગી તો સર્વસ્વ લૂંટે, રૂઠી રાક્ષસી તોલે રે;
એમ જાણીને અળગા રહેજો, ઉદય રત્ન ઇમ બોલે રે. પ્રભુ૦ ૧૦

## ૧૮૮
## સમુદ્રપાલ મુનિની સજ્ઝાય

નગરી ચંપામાં વસે, એ તો શ્રાવક પાલક નામ; સજની
એક દિન પ્રવહણ પૂરીયાં, પહોં તો પિહુડ પુર ઠામ. સજની.
સમુદ્રપાલ મુનિવર જયો. ૧
એ તો સંવેગી વિખ્યાત, સજની, અધ્યયને એકવીશ મેં;
એહ સયલ અવદાત સજની. ૨
તે તિહાં ધન ભેગું કરી, પરણ્યો વિદેશે નાર; સજની.
સગર્ભા નારી લેઇ ચઢયો, નિજપુર આવણ હાર. ૩
સમુદ્ર માંહિ સુત જન્મીઓ, સમુદ્રપાલ તસ નામ સજની;
પુત્ર કલત્ર લેઈ આવીયો, પાલક ચંપા ઠામ. ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમે તાતે પરણાવીયો, રૂકમણી નારી સરૂપ; સજની;
એક દિન ગોખે બિરાજતો, દેખે નગર સ્વરૂપ. ૫
એક ચોર તવ દીઠડો, તસ કંઠ કણયર માન. સજની.
ગાંઢે બંધને બાંધીયો, ભોગવી દુઃખ અસરાલ. ૬
તે દેખી તસ ઉપનો, મન વૈરાગ્ય અપાર; સજની.
સમુદ્રપાલ તવ ચિંતવે, જૂઓ કઠીન કર્મ અધિકાર. ૭
માતાને પૂછી લીયે, સંયમ ભાર કુમાર; સજની.
મુક્તિ ગયો મુનિ રાજીયો, સુખ પામ્યો શ્રીકાર. ૮
વિજય દેવ પટ્ટે જયો, વિજય સિંહ ગણધાર; સજની.
શિષ્ય ઉદયવાચક કહે, મુનિ ગુણ મોહન ગાર. સજની. ૯

## ૧૮૯
## આત્માને ઉપદેશની સજઝાય

યામે વાસમે બે, મરદો મગન ભયા, મેવાસી કાયા રૂપ મેવાસ બન્યો હૈ;
માયા જયું મેવાસી, સાહેબ કી શિર આણુ ન માને, આખર કયા લે જાશી. ૧
ખાઈ અતિ દુર્ગંધ ખજાના, કોટમેં બહોંતેર કોઠા;
વણસી જાતાં વાર ન લાગે, જેસા જલ પંપોટા. ૨
નવ દરવાજા વહે નિરંતર, દુઃખદાઈ દુર્ગંધા;
કયા ઉસમેં તલીન ભયા હૈ, રે રે આતમ અંધા. ૩
છિનમેં છોટા છિનમેં મોટા, છિનમેં છેહ દિયાસી;
જ બ જમરેકી નજર લગેગી, તબ છિનમે ઉડ જાસી. ૪
મુલક મુલક કી મલી લોકાઇ, બહોત કરે ફરીયાદી;
પણ મુઝરો માને નહિ પાપી, અતિ છાકયો ઉન્માદી. ૫
સારા મુલક મેલા સંતાપી, કામ હિરાડી કોટો;
લોભ તળાટી લોચા વાળે, તો કેમ નાવે તોટો. ૬
ઉદય રત્ન કહે આતમ મેરા, મેવાસી પણું મેલો.
ભગવંત ને ભેટો ભલી ભાતે, મુક્તિ પુરીમાં ખેલો. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૯૦
## બેઇંદ્રિયની સજઝાય

બેઇંદ્રિય બોલે રે મુખથી એહવું, શું કરવા અમ મારે રે;
તારૂ હૈડું રે કેમ ફુટી ગયું, દયા દયા પોકારે રે. ૧

વાસી અન્ન ને ધાન ને રોટલા, તેહમેં રહ્યા અમે ઝાઝા;
તેહનું ભક્ષણ કરતો તું નવિ બીએ, શાસ્ત્રની મૂકી તે માઝા રે. ૨

વીસ વસાની રે તારી દયા ગઇ, કાંઈ ન રહી બાકી રે;
ઉનું પાણી રે વાસી પીવતાં, સચિત્ત સમાન એ વાકી રે. ૩

એઠવાણી તારે પાણીમાં હુવે, સમુચ્છિંમ પંચેંદ્રિ સુધી રે;
ચૌદ સ્થાનકીયા રે જીવને વિચારતાં, કેમ ગઈ તુજ બુદ્ધિ રે. ૪

મોઢે પાટો રે દિન આખો રહે, થુંક મેલ પરસેવો રે;
તિહાં કને ઉપજે જીવ અસંખ્ય જે, તેહ વિચારીને જુઓ રે. ૫

ઢુંઢક ઢુંઢક સઘળો ભટકે, ધર્મ ન પામ્યો લેશજી રે;
રાજ દરબાર ને નીચના આહારથી, દયા ગઈ છે વિશેષ રે. ૬

બેઇદ્રિ વચન તે એહવા બોલતાં, સાને તું સાધ કહાવે રે.
વડીનીતી ને લઘુનીતિ ગુંથતાં, તિહાં તુજ દયા ન આવે રે. ૭

એકેન્દ્રિયનો ઉગારો કરે, બેઇદ્રિને તું ખાય રે;
વિદળ વિદારીને કૂડાં બોલતા, નીચ ગતિએ તે જાય રે. ૮

દયા વિચારી રે સૂત્ર સિદ્ધાંતથી, ધારજો ગુરૂ ઉપદેશ રે;
દશવૈકાલિકે રે હિંસા ટાળવી, અનુબંધી વિશેષો જ રે. ૯

ઇમ જાણીને રે હિંસા ટાળજો, એ જીન મુનિવર વાણી રે;
રત્નવિજય ગુરૂ ચરણ કમલ નમી, ધર્મ કરો સવિ પ્રાણી રે. ૧૦

સૂત્ર ઉત્થાપે સમકિત હીણો, કરે નીચનો આહાર રે;
સમકિત વિના તો સમકિત આપે, તે નહિ તારણહાર રે. ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૯૧
## અંતરાયની સજ્ઝાય

સરસ્વતી માતા આદે નમીને, સરસ વચન દેનારી;
અસજ્ઝાયનું સ્થાનક બોલે, ઋતુવંતી જે નારી, અળગી રહેજે રે;
ઠાણાંગ સૂત્રની વાણી કાને સુણજે રે. ૧

મોટી આશાતના ઋતુવંતીની, જીનજીએ પ્રકાશી,
મલીનપણું જે મન નવિ ધારે, તે મિથ્યામતિ વાસી. અળગી૦ ૨

પહેલે દિન ચંડાલિણી સરખી, બ્રહ્મઘાતિની વળી બીજે;
પરશાસન કહે ધોબણ ત્રીજે, ચોથે શુદ્ધ વદીજે. અળગી૦ ૩

ખાંડી પીરસી રાંધી પિયુને, પરને ભોજન પીરસે;
સ્વાદ ન હોવે ષટરસ દોષે, ઘરની લક્ષ્મી ખીસે. અળગી૦ ૪

ચોથે દિવસ દરિસણ સૂજે, સાતમે પૂજા ભણી એ;
ઋતુવંતી મુનિને પડિલાભે, સદ્‌ગતિ સહેજે હણીએ. અળગી૦ ૫

ઋતુવંતી પાણી પડિલાભે, જિનમંદિર જલ આવે;
બોધિબીજ નવિ પામે ચેતન, બહુલ સંસારી થાવે. અળગી૦ ૬

અસજ્ઝાયમાં જમવા બેસે, પાંત વિચે મત હાંસે;
નાત સર્વે અભડાવી જમતી, દુર્ગતિમાં ઘણું ભમશે. અળગી૦ ૭

સામાયિક પ્રતિક્રમણે ધ્યાને, સૂત્ર અક્ષર નવિ જોગી;
કોઈ પુરૂષને નવિ આભડીએ, તસ ફરસે તનુ રોગી. અળગી૦ ૮

જિન મુખ જોતાં ભવમાં ભમીએ, ચંડાલણી અવતાર;
ભૂંડણ લૂંગણ સાખિણી હોવે, પરભવે ઘણીવાર. અળગી૦ ૯

પાપડ વડી એરાદિક ફરસી, તેહનો સ્વાદ વિણાસી;
આતમનો છે આતમ સાખી; હૈડે જોને તપાસી. અળગી૦ ૧૦

જાણી ચોખાઈ એમ ભણીએ, સમકિત કિરીયા શુદ્ધિ;
ઋષભ વિજય કહે, જીન આણાથી, વહેલા વરશો સિદ્ધિ. અળગી૦ ૧૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૯૨
## અષ્ટ ભંગીની સજઝાય

સુગુરૂ દેવ સુધર્મનું, જેહ તત્વ ન જાણે, મુનિ શ્રાવક વ્રત નાદરે,
ભાવે પણ નાણે, ચેતન જ્ઞાન દશા ભજો, જિમજલ અરવિંદા. ચેતન૦ ૧
નવિ જાણે નવિ આદરે, નવિ પાલે અંગ તેહ;
મિથ્યા તે સવિ જના, કહ્યા પહિલે ભંગે. ચેતન૦ ૨
નવિ જાણે નવિ આદરે, અંગે પણ પાલે;
કષ્ટ ક્રિયા શિલાદિકે. તાપ સત ગાલે. ચેતન૦ ૩
નવિ જાણે વલી આદરે, મુનિવ્રત નવિ પાલે;
પાસત્થાદિક દુર્ભવી, ત્રીજે ભંગી નિહાલે. ચેતન૦ ૪
નવિ જાણે વલી આદરે, પાલે પણ અંગે;
અભવ્ય ઉત્સૂત્ર કથક મુખા, લહ્યા ચોથી ભંગે. ચેતન૦ ૫
જાણે પણ નવિ આદરે, વ્રત ભયે નવિ પાલે;
શ્રેણીક પ્રમુખ જે સમકિતિ, શાસન અજુઆલે. ચેતન૦ ૬
જાણે પણ નવિ આદરે, શીલાદિક પાલે;
પંચાનુત્તર સુરવરા, છઠ્ઠો ભેદ નિહાલે. ચેતન૦ ૭
જાણે અંગે આદરે, મુનિવ્રત નવિ પાલે;
ગીતારથ પ્રવચન લહે, સત્તમ ભેદ વિશાલ. ચેતન૦ ૮
જાણે પાલે આદરે, જિન મતના વેદી;
ચઉવિહ સંઘ જે સુરવિરતિ, અટ્ઠમ ભંગ વિનોદી. ચેતન૦ ૯
પઢમ ચઉભંગી માહિલા, મિથ્યાત નિવાસી;
પર ચઉભંગી સમકિતી, શ્રી જીનમતિ વાસી. ચેતન૦ ૧૦
એ અડભંગી ભાવતા, વિધિને અનુસરતાં;
જ્ઞાનવિમલ મતિ તેહની, જીન આણ ધરંતા. ચેતન૦ ૧૧

## ૧૯૩
## નવવાડની સજઝાય

નવવાડ મુનિસર મન ધરો, જે સંજમનું છે સારો રે;
વર્ધમાન જિણેસર ઇમ ભણે, સહુ સાંભલે પરિસદા બારો રે. ૧

Jain Education International 2010_05	For Private & Personal Use Only	www.jainelibrary.org

નારીની વસતીએ નવિ રહે, રહેતાં તો વાડ લોપાએ રે;
જીમ બીલાડી ઘર પ્રાહુણો, હંસ ચતુર કહો કિમ થાએ રે. ૨
જે કુલ બહુ રૂપ નારી તણો, ન વખાણે જે જે બ્રહ્મચારી રે;
તેની વાડ બીજી તાજી રહે, કામ ન કરે તિહાં અસવારી રે. ૩
નારીને બેસણે નવિ બેસે, જે શીયલ રયણના ધોરી રે;
જીમ આહેડી પાસો રચ્યો, મૃગ છંડે તો સુખકારી રે. ૪
એહનું મુખ રૂડું કુચ કલસલા, એહની આંખ ભલી અણીયાલી રે;
ઇમ નીરખે અંગ જે નારીનો, તેહની ચોથી વાડ ઉલાલી રે. ૫
જે ભીંત અંતર નવિ રહે, જિહાં નારી શબ્દ સંભાલાએ;
જિમ પારદ પૃથ્વીમાં રહે, સ્ત્રી શબ્દે ઉદ્યાન ધાઈ રે. ૬
પૂરવે ભોગ જે ભોગવ્યાં, વ્રત લીધા પછે ન સંભારે રે;
જિમ વરસે અહિ વિષ વિસ્તરે, તે તો શીયલની વાડી સંહારી રે. ૭
સરસ આહારના લોલુપી થઇ, સરસ આહારને જારે રે;
તેહની વાડ નિશ્ચય રહે નહિ, શ્રી સ્થુલિભદ્ર ઉપનય તારે રે. ૮
ઉણોદરી વ્રત નવિ આદરે, અણુભાવતું ખાઈ આગલંચે રે;
આહાર લેવા સમે નવિ ઉલખે, તેહની વાડીશું સંચ રે. ૯
નખ કેશ વેશ શોભા ધરે, તન મેલા ફેડે શુભ રૂપ રે;
તેહનું શીલરત્ન સલી પરે, જડપી લેઈ નાંખે કૂપ રે. ૧૦
નવવાડી રૂડી પર સાચવે, ધન શીયલ તણો જન જેહ રે;
શ્રી મહિમા પ્રભ સૂરીશના, ભાત તે સાધુ શું નેહો રે. ૧૧

## ૧૯૪
## નારદ મુનિની સજ્ઝાય

આવ્યા નારદ મુનિવર, પાંડવ પાંચ તણે ઘરે રે લોલ;
ઉઠી મલીયાં યુધિષ્ઠિર રાયકે, હર્ષે ધરી રે લોલ,
અર્જુન નિકુલ બે જોડી હાથ કે, નમન ભલે કરે રે લોલ;
તેમ વલી સહ દેવ લાગે પાય, પધારો મુખ ઉચ્ચરે રે લોલ. ૧
માંહે બેઠા કુંત માતા કે, દ્રૌપદી પરિવારથી રે લોલ;
તિહાં ગયો નારદ દેખી સભા સહુ, ઉઠી હરખથી રે લોલ;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રૌપદી ઉઠી નવિ લગાર કે, નવિ પૂજા કરી રે લોલ;
રોષે ભરીયો નારદ મનમાં કે, બોલે રોષે કરી રે લોલ. ૨

દ્રૌપદી પાંચ પાંડવની નાર કે, મુજને કેમ નમે રે લોલ;
એહને સંકટમાં નાખું આજ કે, મારૂં મન ગમે રે લોલ;
ચિંતવી ચાલ્યો જાય આકાશ કે, ધાતકી ખંડમાં રે લોલ;
તિહો છે પદ્મોત્તર વલી રાય કે, સ્ત્રીના જકોરમાં રે લોલ. ૩

બોલે નારદ સુણ પદ્મોત્તર, સુજ એક વિનંતિ રે લોલ;
એક છે દ્રૌપદી નામે નાર કે, રતિ સમ રૂઅડી રે લોલ;
સુણી તેહ પદ્મોત્તર વલી રાય કે, દેવ આરાધીયો રે લોલ;
દેવ પાસે તેડાવી દ્રૌપદી નાર કે, નેહ જગાડીયો રે લોલ. ૪
દ્રૌપદી તારે કારણે મેંયરે કે, કઠોર જ દુઃખ સહ્યા રે લોલ;
ત્રીજે દિવસે સુખ કમલના, દરશન મેં લહ્યા રે લોલ;
મુજને મલીયો તોરો જોગ કે, વાંછિત સુખ વિલસીએ રે લોલ;
સુનજરે જોને સામું નાર કે, દરિસણ દીજીએ રે લોલ. ૫
તવ કહે દ્રૌપદી નામે નાર કે, બંધવ રહે વેગલો રે લોલ;
મારે વ્રત છે મોટું છ માસ કે, શીયળ પાળું નિરમલું રે લોલ.
બોલ્યાનું ન હોય હમણા કામ કે, સહી પછી જે હોશે રે લોલ;
એમ કહી વિનિતા રહી આવાસ કે,વલતું ઇહાં શું થઇયુંરે લોલ. ૬
પંચાલથી ઉઠયો યુધિષ્ઠિર રાય કે, અરહું પરહું જુવે રે લોલ;
શાતની રાતમાં કયાં ગઇ નાર કે, એમ થાકીને સુવે રે લોલ;
પ્રભાતે ઉઠી યુધિષ્ઠિર રાય કે, ગામ ઢંઢોલીયું રે લોલ;
કોઇએ દીઠી દ્રૌપદી નામે નાર કે, પટહો વજડાવીઓ રે લોલ. ૭
વિનિતા શોધ ન મલી લગાર કે, નગરી કે દેશમાં રે લોલ;
ત્યારે કુંતા જઈ જદુનાથ કે, કહું સુખ વેશમાં રે લોલ;
દીકરા દ્રૌપદી લઈ ગયો કોઇક, વેરી દેવતા રે લોલ;
અમને તેહ ન મલી ત્રણ ખંડ કે, શોધ કરી દ્યો સુતા રે લોલ. ૮
નારાયણે તવ દીધો કોલ કે, બોલ છે માહરો રે લોલ;
દ્રૌપદી સોંપુ તુમ હાથો હાથ કે, ભત્રીજો તાહરો રે લોલ.
એમ કહી ખબર કઢાવી ત્રણ ખંડ કે, પ્રગટ કરી સતી રે લોલ;
એહવે નારદ આવ્યો તેણે કે, પ્રગટ કરી સતી રે લોલ. ૯
પાંડવ પાંચ ને વાસુદેવ સાથ કે, પહોતા કંકાપુરી રે લોલ;
જીત્યો પદ્મોત્તર વળી રાય કે, દ્રુપદ્ર વાહી હરી રે લોલ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વજડાવી તિહાં જીતનો શંખ કે, સહુ ઘરે આવીઆ રે લોલ;
મંગલ થાયે શીયલ પ્રભાવ કે, ઘર ઘર ગુડી ઉછલી રે લોલ. ૧૦
દ્રૌપદી પાલી આયુ બ્રહ્મલોકે કે, આગમ વચને સુણી રે લોલ;
રાજનગરમાં રહી ચોમાસ કે, સતી ગુણ વરણવ્યા રે લોલ.
મુનિ હરખને સૌ શ્રાવક ભલે ભાવે વિનવ્યો રે લોલ.

## ૧૯૫
## અઢાર નાતરાની સજ્ઝાય

મથુરા નગરી રે, કુબેર સેના ગણિકા વસે;
મન હરણી રે, તરૂણી ગુણથી ઉલ્લસે,
તિણ જાયો રે, યુગલ ઈક સુત ને સુતા;
નામ દીધો રે, કુબેર દત્ત કુબેર દત્તા. ૧

**ઉથલો :** મુદ્રાલંકૃત વસ્ત્ર વિંટી, યુગલ પેટીમાં ઠવ્યો;
એક રાત્રિમાંહિ નદી પ્રવાહે, જમુનાં જળમાં વહ્યો;
સૌરિયપુર પ્રભાત શેઠે, સંગ્રહી વ્હેંચી કરી;
એક પુત્ર ને પુત્રીય બીજે, રાખતાં હરખે ધરી. ૨

**ચાલ :** બિહું શેઠે રે, ઓચ્છવ કીધો અતિ ઘણો;
કર્મ યોગે રે, મળીયો વિવાહ બિહું તણો;
સારી પાસા રે, રમતાં બિહુ મુદ્રા મિલી;
નિજ બંધવ રે, જાણીને થઇ આકળી. ૩

**ઉથલો :** આકુળી થઈ તવ ભગિની, વિષય વિરક્ત તે થઈ;
સાધ્વી પાસે ગ્રહી સંજમ, અવધિ નાણી સા થઈ;
વ્યવસાય કાજે કુબેરદત્ત હવે, અનુક્રમે મથુરા ગયો;
વલી કર્મ યોગે વેષ ભોગે, વિલસતાં અંગ જ થયો. ૪

**ચાલ :** નિજ બંધવ રે, પ્રતિબોધનને સાહુણી;
વેશ્યા ઘર રે, આવીને સા સાહુણી;
ધર્મ શાળા રે, પારણાને પાસે રહી;
હુલરાવે રે બાળક ને સા ઈમ કહી. ૫

**ઉથલો :** ઇમ કહી પુત્ર–ભત્રીજ–બંધવ–દેવર–કાકો–પોતનો;
ઈમ નાતરા ષટ તુજ સાથે, રૂદન કરતી ઉચ્ચરે.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પતિ-પિતા-બંધવ-જેઠ-સુમરો, પિતરીયો ઇણી પરે કહી;
કુબેરદત્ત સુ સાધ્વી, ષટ્ નાતરા ઇણી પરે લહી. ૬

**ચાલ :** ભોજાઈ રે, શોક માતા સાસુ વહુ;
બડી માતા રે, ઇણી પરે ષટ સગપણ લહુ;
તવ ભાષે રે, સાધ્વીને વેશ્યા ઇશ્યું;
અસ મંજસ રે, શું ભાષે છે એ કિશ્યું. ૭

**ઉથલો :** કિશ્યું ભાષે લાજ ન રાખે, સાધ્વી વેશ્યા ને કહે;
મંજૂષ માંહિ ઠવીય મેલ્યા તેહ વિતક સબ કહે;
ઈમ સુણીય ગણિકા લીયે સંજમ, પાર પામી ભવ તણો;
સાધ્વી ઈમ ઉપદેશ દીધો, કરી ઉપકાર અતિ ઘણો. ૮

**ચાલ :** સુણી પ્રભાવ રે, ઇણીપરે સહુ સંસારમેં;
સંબંધ રે, એ સગપણ સંસારમેં;
એ કેકે રે, સગપણ દશ અડ ઈમ કહ્યા;
ચિહું જણના રે, ગણતાં બિહુંતર થયા. ૯

**ઉથલો :** થયા બિહુત્તર ઈમ પડુત્તર, કહે જંબૂ કુમાર એ;
સંસાર વિષય વિકાર વિરૂઆ, દુઃખના ભંડાર એ;
તેહ ભણે સંજમ ગ્રહે પ્રભવો, સુખ તિણ પરે હુલ્લસે;
કવિરાજ ધીર વિમલ સેવક, નય વિમળ ઉપદિશે. ૧૦

## ૧૯૬
## ખામણાની સજ્ઝાય

પંચ પરમેષ્ઠિ ધ્યાઇએ રે, ગુણ તેહના સંભારી, કરો ભવિ ખામણા,
શિષ્ય સ્વામીને ખામણા રે, સાધવી પણ ગુણધાર, કરો ભવિ ખામણા;
એ ગુણી જીવને ઉપરે રે, કીધો જેહ કષાય, કરો નવિ ખામણા. ૧
ગુણ દ્વેષ મચ્છર ધર્યો રે, આ ભવ પરભવ જેહ. કરો૦
પાયે લાગી ત્રિવિધે કરી રે, તાસ ખમાવું તેહ. ૨
ચોરાશી લાખ યોનીમાં રે, વસીયો વાર અનંત;
વૈર વિરોધ કર્યાં તિહાં રે, ખામું તે થઇ શાંત. ૩
સર્વ જીવ ખમજો તુમે રે, માહરો જે અપરાધ. કરો૦
મૈત્રી કરૂં સવિ જીવશું રે, તરૂ સંસાર અગાધ; ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ખામણા જીમ જીમ કીજીએ રે, સ્વર્ગ મોક્ષમાં વાસ. કરો૦
ક્રોધ કરી ખમે નહિ રે, નરક નિગોદ આવાસ; ૫
જેહ ખમે ખામે વલી રે, તે આરાધક થાય. કરો૦
જેહ ખમે નહિ ખામતા રે, આરાધના તસ જાય; ૬
કુરગડુ ચઉ તપ કરી રે, ખામતા કેવલ નાણ. કરો૦
ચંદનબાલા તિમ વળી રે, મૃગાવતી શું જાણ. ૭
ચંડ પ્રદ્યોત ને દીધલો રે, રાજ્ય લીધો તો તાસ; કરો૦
પડિક્કમણું ઉદાઈ ચે રે, ત્યાર પછી કર્યું ખાસ. ૮
તિણ ખમજો ખમાવજો રે, ચિત્ત કરી નિરમાય. કરો૦
મ કરો કુંભારની પરે રે, વૈર વિરોધ ખમાય. ૯
સમવસરણમાં જિનવરે રે, ઉત્તમ પર્ષદા માંહિ;
પદ્મ વિજય કહે ભાખીયો રે, સદ્દહો ભવિ ઉછાંહી. કરો૦ ૧૦

## ૧૯૭
## વર્ધમાન તપની સજ્ઝાય

**મોરા** ચેતન હો કે, કહું અનુભની વાત કે, સાંભળ સ્થિર થઈ મિત્ર તું;
જીમ પામે હો તું શિવ સુખ સારકે, ક્ષણમાં હોય પવિત્ર તું. ૧
તપ આંબીલ હો કરજે વર્ધમાન કે, વિઘ્ન વિદારણ કેસરી;
અષ્ટ સિદ્ધિ હો અણિમાદિક થાય કે, પ્રગટે ઋદ્ધિ પરમેશ્વરી. ૨
ભય સાતે હો તસ દૂર પલાય કે, આંબીલે બળી નહિ;
દ્વારિકા દેવ સાનિધ્ય હો કરે, હરે સહુ કષ્ટ કે, મંત્ર તંત્ર ફળ કારકા. ૩
મયણા સુંદરી હો શ્રીપાળ નરેશ કે, તમથી સુખીયા થયા;
કેઈ સેવ્યો હો એ તપ સુર વૃક્ષ કે, ભુક્તિ મુક્તિ પદવી લહ્યા. ૪
નવકારથી હો તોડે એકસો વર્ષ કે, નરકાયુ સુરનું કરે;
તેમ પોરસી હો વર્ષ એક હજાર કે, અયુત સાઢ પોરસી હરે. ૫
એક લાખ હો પુરિમડ્ઢ હરંત કે, એકાશન દશ લાખનું;
નીવી કરતા હો ક્રોડ એક કષાય કે, એકલ ઠાણ દશ ક્રોડનું. ૬
કાપે સો ક્રોડ હો વર્ષ એકલ દત્તિ કે, હજાર ક્રોડ વર્ષ આંબીલે;
ઉપવાસે હો દશ સહસ ક્રોડ કે, નરક આયુષ તું કાપી લે. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એ વ્યાખ્યા હો મધ્યમ ફળ જાણુ કે, કેવળ લહે ઉત્કૃષ્ટથી;
દશ ધારો હો એ અસિ સૂર્યહાસ કે, મુષ્ટિ જ્ઞાને ગ્રહો મુષ્ટિથી. ૮
નમો તવસ્સ હો ગણો દોય હજાર કે, ખમાસમણા બાર છે;
ગણો લોગસ્સ હો, બાર કાઉસ્સગ્ગ રૂપ કે, સાચો કર્મ કુઠાર છે. ૯
યથા શક્તિ હો, કરી તપ અનુકૂળ કે, સંજમ શ્રેણી આદરો;
તપ તપો હો વર્ધમાન પરિણામ કે, ધર્મરત્ન પદ અનુસરો. ૧૦

## ૧૯૮
## કડવા તુંબડાની સજઝાય

સાધુજીને તુંબડું વહોરાવીયુંજી, કરમે હલાહલ થાય રે;
વિપરીત આહાર વહોરાવીયોજી, વધાર્યો અનંત સંસાર રે. ૧
આહાર લેઇ મુનિ પાછા વળ્યાજી, આવ્યા આવ્યા ગુરૂજીની પાસ રે;
ભાત પાણી આલોવીયાજી, એ આહાર નહિ તુજ લાગ રે. ૨
નિરવદ્ય ઠામે જઈને પરઠવોજી, તુમે છો દયાનાં જાણ રે;
બીજો આહાર આણી કરીજી, તુમે કરો નિરધાર રે. ૩
ગુરૂવચન શ્રવણે સુણીજી, પહોંચ્યા પહોંચ્યા વન મોઝાર રે;
એક જ બિંદુ તિહાં પરઠવ્યોજી, દીઠા દીઠા જીવનાં સંહાર રે. ૪
જીવદયા મનમાં વસીજી, આવી આવી કરૂણા સાર રે;
માસ ક્ષમણને પારણેજી, પડિવજ્યાં શરણાં ચાર રે. ૫
સંથારે બેસી મુનિ આહાર કર્યોજી, ઉપજી ઉપજી દાહ જ્વાળ રે;
કાળ કરી સર્વાર્થ સિદ્ધેજી, પહોંચ્યા પહોંચ્યા સ્વર્ગ મોઝાર રે. ૬
દુઃખણી દુર્ભાગિણી બ્રાહ્મણીજી, તુંબડા તણો અનુસાર રે;
કાળ અનંતા તે ભમીજી, રૂલી રૂલી તિર્યંચ મોઝાર રે. ૭
સાતે નરકે તે ભમીજી, પામી પામી મનુષ્યની દેહ રે;
ચારિત્ર લઈ તપસ્યા કરીજી, બાંધ્યું બાંધ્યું નિયાણું તેહ રે. ૮
દ્રુપદ રાજા ઘેર ઉપનીજી, પામી પામી યૌવન વેષ રે;
પાંચે પાંડવે તે વરીજી, હુઇ હુઇ દ્રૌપદી એષ રે. ૯
તે મનુષ્ય જન્મ પામી કરીજી, લેશે લેશે ચારિત્ર નિરધાર રે;
કેવલજ્ઞાન પામી કરીજી, જસ કહે જાશે જાશે મુક્તિ મઝાર રે. ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૯૯
## અભક્ષ્યની સજઝાય

જિન શાસન રે, શુદ્ધિ સદ્દહણા ધરો,
મિથ્યામતિ રે, કુમતિ કદાગ્રહ પરિહરો;
મહિપાલો રે, તે નર સમકિત મન ખરો. ૧

ત્રુટક : મન ખરો સમકિત શુદ્ધ પાલો, ટાળો દોષ દયા પરો;
ધુર પંચ અણુવ્રત ત્રિણગુણવ્રત, ચાર શિક્ષાવ્રત ધરો;
ઈમ દેશ વિરતિ,ક્રિયા નિરતિ,સુણો ભવિયણ મન રૂલી;
દાખવિયે ગુણ પરહ કેરાં, દોષ મમ કાઢો વલી. ૨

ઢાળ : મન કાઢો રે, લોભી નર કૂડો કરો;
જાણી સાવદ્ય રે, અભક્ષ્ય બાવીસ પરિહરો;
વડ પીપલ રે પીપર ને કઠુંબરો;
ઉંબર ફલ રે, રખે તુમે ભક્ષણ કરો. ૩

ત્રુટક : રખે તુમે ભક્ષણ કરો માખણ, મદ્ય મધુ આમિષ તણો;
વિષ હેમ કરહા, છાંડી પરહા, દોષ મલ માટી ઘણો;
પરિહરો મંજન રયણી ભોજન, પ્રથમ દુર્ગતિ બારણું;
મત કરો વાળુ અતિ અસુરો, રવિ ઉદે વિણુ પારણો. ૪

ઢાળ : અથાણું રે, અનંતકાય સવિ નામીયે,
કાચા ગોરસ રે માંહિ કઠોળ ન જીમીયે;
વેગણ રે, તુચ્છ ફળ સવિ છંડીએ,
આપણ પૂર્વે રે, વ્રત લીધું નવિ ખંડીએ, ૫

ત્રુટક : નવિ ખંડીએ સવિ નેમ લેઈ, છએ ફલ વ્રત ભંગનો.
અજાણ ફલ બહુ બીજ ભોજન, ચલિત રસ હુએ જેહનો;
સંવરે આણી અભક્ષ્ય જાણી, તજો એ બાવીસ એ,
ગુરૂ વચણ વિગતે વળી પ્રીછો, અનંતકાય બત્રીસ એ. ૬

ઢાળ : અનંતી રે, કંદજાતિ જાણો સહુ,
જસ ભક્ષણ રે, પાઠક બોલ્યા છે બહુ,



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કચુરો રે, હલદર નિલુ આદુ વળી,
વજ્ર ચૂરણુ રે, કંદ બહુ કુંલિ ફલી. ૭

ત્રુટક: વલી ફલીય કુપલી બીજ પાખે, ચાખે ચતુરનર આંબલી;
રતાલુ પેડાલુ થંગ થોહર, સતાવરી લસણુ કલી;
ગાજર મુલા ગલો ગરણી, વરિયાલી ટુંક વશ્થુલો;
પલ્યંક સૂરણુ વાલ વીલી, મોથ નીલી સાંભલો. ૮

ઢાળ: વંસ કારેલા રે, કુંપલ કુંલા તરૂતણા;
અંકુર રે, લોટા તે જલ પોયણા,
કુમારી રે, ભમર વૃક્ષની છાંયડી,
જે કહીયે રે, લોકે અમૃત વેલડી. ૯

ત્રુટક: વેલડી કેરા તંતુ તાજા, ખીલોડા ને ખરસુઆ,
ભોમી ફોડા છત્રાકાર જાણો, નિલફુલ સવે જુઆ;
બત્રીસ બોલ પ્રસિદ્ધ બોલ્યા, લક્ષ્મી રત્ન સૂરિ ઈમ કહે,
પરિ હરજે નર દોષ જાણી, તે શિવસુખ લહે. ૧૦

## ૨૦૦
## વૈરાગ્યની સજ્ઝાય

નથી સાર જગતમાં ભાઈ, હવે કરી લે સુકૃત કમાઇ,
જીવ જોવું જરૂર તપાસી. બહુ ભટકયો લાખ ચોરાશી;
મલ્યો માનવ તન સરસાઇ. નથી૦ ૧
તું માતા ઉદરે આવ્યો, દસ માસ કેદ પુરાયો;
તિહાં ભોગવી બહુ દુઃખ દાઈ. નથી૦ ૨
તું ઊંધે શીર લટકાયો, તું ઉંચો નીચો પછડાયો;
આડો આવે તો જાઈ કપાઈ. નથી૦ ૩
જન્મ પ્રસંગની પીડા, જોણે જીવતા નારકીના કીડા;
કાંઇ પતો ન પામે ભાઈ. નથી૦ ૪
સહી આધિ વ્યાધિ ને ઉપાધિ, તેં પાપની ગોઠડી બાંધી;
કેમ છૂટે કહો છોડાઈ. નથી૦ ૫
માત પિતા સુત છે તાહરા, સઘળા તુજથી છે ન્યારા;
સહુ સ્વાર્થની છે સગાઈ. નથી૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંસાર સ્વપ્ના જેવો છે, વળી ફોગટ પાણી વલોવું;
ઠાલી શી કરે ઠકુરાઈ. નથી૦ ૭
ધરે મેરૂ જેવો અભિમાન, પલમાંહે થાશે શમ શાન.
ડુબી જશે સબ ચતુરાઈ. નથી૦ ૮
સદ્ગુરૂ શીખડી દે છે, જેવું દેખે તેવું જ કહે છે;
જો માને તો તારી ભલાઈ. નથી૦ ૯
લાવ્યા પાપ કરમના ગોદા, છે હાર જીતના સોદા;
બધી અસ્થિર બાજી રચાઈ. નથી૦ ૧૦
મલ્યો માનવનો અવતાર, હવે લગરીક ભાર ઉતાર;
સવા ક્રોડની કરી લે કમાઈ. મલ્યો૦ ૧૧
મને કેસર મંત્રી મનાવો, શુભ સુમતિ સોહાગણ લાવો;
છે ધર્મ રત્ન સુખદાઈ. મલ્યો૦ ૧૨

## ૨૦૧
## વૈરાગ્ય વર્ધક સજ્ઝાય

પરસદા આગે દિયે મુનિ દેશના, જુઓ સંસારના રૂપ હો;
જગમાં જોતાં કો કોઈનું નહી, અરથે લાગે અનુપ હો. ૧
સ્વારથ લગે સહુ ખુંધું ખમે, જેમ દુઝણી ગાયની લાત હો;
બૂધે મારે બૂઢીને જુઓ, એમ અનેક અવદાત હો. ૨
ધૂરા વહે ધોરી જિહાં લગે, તિહાં લગે દિયે છે ગવાર હો;
નાથે ઝાલી ઘી પાયે વલી, પછી ન નીર ચાર હો. ૩
સુતને ધવરાવે માતા સ્વારથે, સ્વારથે સુત ધાવંત હો;
લેણું લીજે રે દેનું દીજીયે, ભાંખે એમ ભગવંત હો. ૪
સગપણ સઘળાં રે સંબંધ લગે, જે કરે પૂન્ય ને પાપ હો;
નવાનો ઉધારો જૂના ભોગવે, કુણ બેટો કુણ બાપ હો. ૫
પહોતી અવધે કોઇ પડખે નહી, કીજે કોટી ઉપાય હો;
રાખ્યું તે કોઇનું નહિ રહે, પાકા પાનનો ન્યાય હો. ૬
મોહની જાળે સહુ મુંઝી રહ્યા, એક રાગ ને બીજો દ્વેષ હો;
બળવંત બંને બંધન એ કહ્યાં, તે માંહે રાગ વિશેષ હો. ૭
જે જેમ કરે તે તેમ ભોગવે, કડવા કર્મ વિપાક હો;
વિષય નો વાહ્યો જીવ ચેતે નહિ, ખાતો ફળ કિંપાક હો. ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આખર સહુને ઉઠી ચાલવું, કોઇ આજ કે કોઈ કાલ હો;
પરદેશી આણા પાછી નહિ વળે, એ સંસારની ચાલ હો. ૯
નરપતિ સૂરપતિ જિન પતિ સરિખા, રહી ન શકયા ઘડી એક હો;
તો બીજાનો શ્યો આશરો, કાળ ચૂકે નહિ ટેક હો. ૧૦
એહવું જાણીને ધર્મ આદરો, કેવલી ભાષિત જેહ હો;
વીશમી ઢાળે ઉદયરત્ન વદે, સંસારમાં સાર છે એહ હો. ૧૧

## ૨૦૨
## વિષય તૃષ્ણા-નિવારકની સજ્ઝાય

### દોહા

આતમ રતિ અતિ તૃપ્તિ, આતમ ગુણ સંતુષ્ટ;
જે હુએ તે સુખી સદા, કિશ્યું કરે અરિ દુષ્ટ. ૧
મંગલ જંગલમેં લહે, દૃષ્ટિ આધ્યાતમ વંત;
પૂરૂં પણ સુનુ કરી, દેખે જડ મતિ વંત. ૨
તન હી જલે મનહી જલે, વિષય તૃષ્ણા ન બુઝાય;
જ્ઞાન અમૃત રસ સિંચતાં, સકલ તૃષા મિટ જાય. ૩
નવરસ ખટરસ તૃપ્તિ તે, તે ઇત્વર સાપાય;
તૃપ્તિ લહી મેં એક રસ, આવી કદી ન જાય. ૪
લેવું તે સઘળું લહ્યું, ઘટે પ્રગટ સવિ ઋદ્ધિ;
સાધન બાધન બાધવા, ધરૂં ન અધિકી ગૃદ્ધિ. ૫

ઢાલ

આતમ જ્ઞાને જેહનું રે, ચિત્ત ચોક્કસ ઠહરાત;
તેહને દુઃખ કહીયે નહિ. બીજાના દુઃખે દિન જાત રે;
સુણો લિહાલાકારક વાત રે, તે તો શાસ્ત્રે છે વિખ્યાત રે,
તૃષ્ણા છે દુઃખની માત રે, તૃષ્ણાએ લહે બહુ ઘાત રે;
બલિહારી મીઠે બોલડે મેરે લાલ. ૧
લિહાવા કરવા કેઈ ગયો રે, અટવી એ અંગાર કાર;
ગ્રીષ્મ ઋતુ બહુ જલ લહી, તે તો બહુલા કરે અંગાર રે,
તાપે લાગી તરસ અપાર રે, તનું સિંચે પીએ બહુ વારિ રે,
નીઠાવે જલ અવિચાર રે, નવિ ભાંજે તરસ લગાર રે. બલિ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તેલે અગ્નિ ભડકો હુએ રે, તિમ તસ પ્રગટયો દાહ;
જલપૂટે જલ આશ્રયે, ચાલ્યો ધરી પાણીની ચાહ રે,
અધ માર્ગે પડે તે અનાહ રે, નવિ પામ્યો તૃષાનો થાહ રે,
પડતો લહે તરૂની છાંહ રે, હુઓ વાયુ અમૃત ઉચ્છાંહ રે. બલિ૦ ૩
તરૂ તલ શીતલ છાંયથી રે, નિંદ્રા આવી તાસ,
સુખ જલ રમ્ય તરંગિણી, તિહાં દેખે સ્વપ્ન વિલાસ રે;
વાવ કુવા તળાવ પ્રકાશ રે, સવિ શોષે જલના વાસ રે,
નવિ ટળે તૃષા અભ્યાસ રે, આવ્યો જીરણ કૂપની પાસ રે. બલિ૦ ૪
ભમતાં કૂપને પામીયો રે, લેઈ ન શકે તસ નીર;
ચાટે જીભથી તૃપ્તિ તે, કિમ પામે સકળ શરીર રે;
વેખાસ કરે તે અધીર રે, માને હું પીઉં રહી તીર રે,
માયા છે વડ જંજીર રે, રહે બાંધ્યા તેણે ફકીર રે. બલિ૦ ૫
લિહાલાકારી સારીખા રે, સંસારે સવિ જાણુ,
સુખ સુર અસુર વ્યંતર તણાં, નદી વાવ કૂવા મન આણુ રે;
તેહથી ન થઇ વરસની હાણુરે, નર ભોગની તો શી તાણુ રે,
તે તો છીલ્લર જલને ઠાણુ રે, પુરૂં છે સુખ નિરવાણુ રે. બલિ૦ ૬
અંતે વિયોગ સંયોગને રે, ભોગ કુપિત અહિ ભોગ,
મરણ જનમ આગે સહી, પરિણામે એ દુઃખ યોગ રે;
બલે ઇંદ્રિય તાપે ભોગ રે, સંસ્કારે પણ બહુ દુઃખ જોગ રે;
સ્કંધે તર ભાર ઉપભોગ રે, પડિઆટ તે સઘલા ફોગ રે. બલિ૦ ૭
ત્રિહું ભેદે સુખદુઃખ કરી, જોગા ચારજ દિઠ્ઠ,
તેહ વ્યાધિ પ્રતિકારમાં, મન રાખે કુણુ ગરિઠ્ઠ રે.
વ્યાધિ મૂલ ઉચ્છેદે સિઠ્ઠ રે, રહે વ્યાધિ જે અવ સિઠ્ઠ રે;
તે તો આનંદ ઘન ઉક્કિઠ્ઠ રે, અધ્યાતમ સુજસ વિસિઠ્ઠ રે. બલિ૦ ૮

## ૨૦૩
## મુનિ-ગુણની સજ્ઝાય

સમતા સુખના જે ભોગી, અષ્ટાંગ ધરણુ જે જોગી;
સદાનંદ રહે જે અસોગી, શ્રદ્ધાવંત જે શુદ્ધોપયોગી. ભવિજન૦
એહવા મુનિવંદો, જેહથી ટલે સવિ દુઃખ દંદો,
જે સમકિત સુરતરૂ કંદો. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનામૃત જે રસ ચાખે, જિન આણા હિયડે રાખે;
સાવદ્ય વચન નવિ ભાંખે, ભાખ્યું જીનજીનું ભાખે. ભવિ૦ ૨
આહાર લીચે નિરદોષ, ન ધરે મન રાગ ને રોશ;
ન કરે વળી ઇંદ્રિય પોષ, ન ચિકીત્સે ન જૂએ જોષ. ભવિ૦ ૩
બાહ્યાંતર પરિગ્રહ ત્યાગી, ત્રિકરણથી જીનમત રાગી;
જસ શિવરમણી રસ લાગી, વિનયી ગુણવંત વૈરાગી. ભવિ૦ ૪
મદ આઠ તણા માન ગાલે, એક ઠામે રહે વરસાલે;
પંચાચાર તે સૂધા પાલે, જીન શાસન અજુઆલે. ભવિ૦ ૫
પંચાશ્રવ પાપ નિરોધે, જ્ઞાનદર્શન ચારિત્ર શોધે;
નવિ રાચે ન કોથી ક્રોધે, ઉપગાર ભણી ભવિ બોધે. ભવિ૦ ૬
ભિક્ષા લે ભ્રમર પર ભમતાં, મનમાં ન ધરે કોઈ મમતા;
રાગદ્વેષ સુભટને દમતા, રહે જ્ઞાન, ધ્યાનમાં રમતા. ભવિ૦ ૭
સુધા પંચે વ્રત વહેતા, ઉપશમ ધરી પરિસહ સહેતા;
વળી મોહ ગહનવન દહતા, વિચરે, ગુરૂ આણાએ રહેતા. ભવિ૦ ૮
જે જ્ઞાન ક્રિયા ગુણ પાત્ર, અણદીધુ ન લે તૃણ માત્ર;
સદા શીલે સોહાવે ગાત્ર, જાણે જંગમ તીરથ જાત્ર. ભવિ૦ ૯
દયા પાળે વીશવાવીશ, ધરે ધ્યાન ધર્મ નિશદિશ;
જગજંતુ તણા જે ઇશ, જશ ઇંદ્ર નમાવે શીશ. ભવિ૦ ૧૦
ક્રોધ લોભાભિમાન ને માયા, તજીયા જેણે ચાર કષાયા;
બુધ ખિમાવિજય ગુરૂરાયા, શિષ્ય ગુણ વિજય ગુણ ગાયા. ભવિ૦ ૧૧

## ૨૦૪
## રૂપિયાની શોભાની સજ્ઝાય

દેશ મુલકને પરગણે, હાકમ હુકમ કરંત;
છડીદાર ચોપદાર ઉભલા, ચામર છત્ર ધરંત, રૂપિયાની શોભારે શી કહું. ૧
હાથી ઘોડા રે આંગણે, સોના રૂપાના સાજ;
જડીયા મોતીને હીરલે, એ સહુ ભાઇની લાજ. રૂપિયા૦ ૨
કસબી સેલા ને પાલખી, રથ ઘોરી ઘુઘર માળ;
સેવક દોડે રે મલપંતા, એ ધનપાલની ચાલ. રૂપિયા૦ ૩

Jain Education International 2010_05    For Private & Personal Use Only    www.jainelibrary.org

ઉંચા મંદિર માલિયાં, બાજલી યાલા છે ગોખ; ( કોરણીયાલા છે ગોખ )
ગાદી તકીયાં રે ઢોલિયાં, બેઠા માણે છે મોજ. રૂપિયા૦ ૪
ખરચે વાપરે ખંતશું, અઢળક દેતાં રે દાન;
આવો પધારોજી સહુ કહે, લાડક વાચાના માન. રૂપિયા૦ ૫
વિવાહ ગાજન ઉજલા, સંઘપતિ માન ધરાય;
સંઘ ચલાવે રે તીરથે, સહુએ શેઠજી પસાય. રૂપિયા૦ ૬
ગરથ વિહુણો રે ગાંગલો, ગરથે ગંગજી શેઠ;
ગરથ વિનાના રે શેઠીયા, દીઠા કરતા રે વેઠ. રૂપિયા૦ ૭
સંગ્રામ સોની રે વાપરે, મહોરો છત્રીશ હજાર;
વસ્તુપાલ તેજપાલ ઉજલા; સહુ ભાઇના ઉપકાર. રૂપિયા૦ ૮
પામી ખરચે નહિ લોભીયા, સંચે બહોળી રે આથ;
ખમ્મણ સરીખા રે પ્રાણીઆ, જશે ઘસતો રે હાથ. રૂપિયા૦ ૯
જિનપતિ ગણપતિ ઇમ કહે, જીવને છે દશ પ્રાણ;
રૂપિયા શેઠજીને જગ કહે, એ અગીયારમો પ્રાણ. રૂપિયા૦ ૧૦
દીપવિજય કવિ રાજજી, પ્રભુ દીએ વરસી રે દાન;
જગમાંહે કહેવાય ઉજલાં, એ કુદડી યાલાનાં માન. રૂપિયા૦ ૧૧

## ૨૦૫
## શાલીભદ્રની સજ્ઝાય

મહિમંડળમાં વિચરતાંરે, રાજગૃહી ઉદ્યાન શાલિભદ્ર શું પરિવર્યા રે;
સમોવસર્યા વર્ધમાન શાલીભદ્ર, ગાઇએ કરતાં ઋષિ ગુણગાન આનંદ પાઇએ. ૧
માસક્ષમણને પરણે રે, વાંદી વીર જીણંદ;
મુનિવર વહોરણ સંચર્યા રે, લહી જીનવર આદેશ. ૨
વચ્છ હોશે તુમ પારણું. રે, આજ માતાને હાથ;
નિસુણી અતિ આનંદીયા રે, શાલીકુમાર મુનિ નાથ રે. ૩
જીનવર આવ્યા સાંભળી રે, સામૈયાનો સાજ રે;
હરખે ભદ્રા માવડી રે, કરે સૂત વંદન કાજ રે. ૪
મુનિવર ઈરિયા શોધતા, પહોંચ્યા માતા ને ગેહ;
રૂધિર માંસ જેણે શોષવ્યા, તપ કરી દૂર્બલ દેહ રે. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘેર આવ્યા નહિ ઓળખ્યા, નવિ વાંધા ઉચ્છાંહી,
અનુપાણી વહોરણ તણા રે, વાત રહી મન માંહી રે. ૬
વિણ વહોર્યા પાછા વળ્યા રે, આણી મન સંદેહ;
મારગ મહિયારી મલી રે, મુનિવર ને સસ્નેહ રે. ૭
નેહે તન મન ઉલસ્યાં રે, વિકસ્યા નયન અપાર;
એ એ મોહ વસે વહે રે, દૂધ પયોધર ધાર રે. ૮
ગોરસ વહોરાવી વળી રે, મહિયારી તેણી વાર;
સંશય ધરતા આવીયા રે, સમવસરણ મોઝાર રે. ૯
પૂરવભવ માતા તણો રે, શાલીભદ્ર વૃત્તાંત;
ચૌદ સહસ અણગારમાં, ભાંખે શ્રી ભગવંત રે. ૧૦
વૈભાર ગિરિ અનશન કરી રે, અનુત્તર સુરપદ વાસ;
મહાવિદેહમાં સિદ્ધશે રે, વિજય લક્ષ્મી સુવિલાસ રે ૧૧

## ૨૦૬
## શિખામણની સજઝાય

ચોવીશ જીન પ્રણમી કરી, સુગુરુ ને સુપસાયજી;
સજ્ઝાય કહું રે સોહામણી, ભણતાં સુણતાં સુખ થાયજી.
સુણજો સાજન શીખડી. ૧
સુદેવ સુગુરૂ સુધર્મની, પરીક્ષા ન કરી લગારજી;
દ્રષ્ટિ રાગે રે મોહી રહ્યો, તેણે રૂલ્યો સંસારજી. સુણજો૦ ૨
લાખ ચોરાશી યોનિમાં, ભમ્યો કાલ અનંતજી;
જન્મ મરણ દુઃખ ભોગવ્યાં, તે જાણે ભગવંતજી. સુણજો૦ ૩
મનુષ્ય જન્મ પામી કરી, પાપ કુટુંબ શું ધરી પ્રીતજી;
ધર્મકુટુંબ નવિ ઓળખ્યો, કામ કર્યા વિપરીતજી. સુણજો૦ ૪
પાપનું મૂળ તે ક્રોધ છે, પાપનો બાપ તે લોભજી;
માતા હિંસા રે પાપની, પુત્ર લાલચ અશુભજી. સુણજો૦ ૫
કુબુદ્ધિ પાપની સ્ત્રી છે, પાપની બેન તે રીસજી;
જુઠ ભાઇ તે પાપનો, પુત્રી તૃષ્ણા તે કૃશજી. સુણજો૦ ૬
પાપ કુટુંબ ને પરીહરી, ધર્મ કુટુંબ શું ધરો નેહજી;
નામ બતાવું રે તેહના, જેહથી લહી એ ભવ છેહજી. સુણજો૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મનું મૂળ તે ક્ષમા છે, બાપ નિર્લોભતા જાણુજી;
માતા દયા તે ધર્મની, પુત્ર સંતોષ સુજાણજી. સુણજો૦ ૮
ધર્મની સ્ત્રી તે સંજમ છે, પુત્રી સમતા શું રાચજી;
સુબુદ્ધિ બેન તે ધર્મની, ધર્મનો ભાઇ તે સાચજી. સુણજો૦ ૯
પાંચે ઈન્દ્રિય જે વશ કરે, જગમાં તેહી જ સુરજી;
પર ઉપકાર કરે તે ધનવંત, કુલક્ષણ ન સેવે તે ચતુરજી. સુણજો૦ ૧૦
ધર્મવ્રત આદરીને જે પાળે, જ્ઞાની તેહ કહાયજી;
પદ્મવિજય સુપસાયથી, જીત નમે તેહના પાપજી. સુણજો૦ ૧૧

## ૨૦૭
## સહજાનંદીની સજ્ઝાય

**સહજાનંદી** રે આતમા, સૂતો કાંઇ નિશ્ચિંત રે;
મોહ તણા રણીયા ભમે, જાગ જાગ મતિવંત રે;
લૂંટે જગતના જંત રે, નાંખી વાંક અત્યંત રે;
નરકાવાસ ઠવન્ત રે, કોઈ વિરલા ઉગરંત રે. સહજાનંદી૦ ૧
રાગદ્વેષ પરિણતિ ભજી, માયા કપટ કરાય રે;
કાશ કુસુમ પરે જીવડો, ફોગટ જનમ ગમાય રે,
માથે ભય જમરાય રે, શો મન ગર્વ ધરાય રે,
સહુ એક મારગ જાય રે, કોણ જગ અમર કહાય રે. સહજાનંદી૦ ૨
રાવણ સરીખા રે રાજવી, નાગા ચાલ્યા વિણ ધાગ રે;
દશ માથાં રણમાં રડવડયાં, ચાંચ દીયે શીર કાગ રે;
દેવ ગયા સવિ ભાગ રે, ન રહ્યો માનનો છાગ રે;
હરિ હાથે હણ્યા નિરાગ રે, જો જો ભાઈઓના રાગ રે. સહજાનંદી૦ ૩
કેઈ ચાલ્યા કેઈ ચાલશે, કેતાં ચાલણ હાર રે;
મારગ વહેતો રે નિત્ય પ્રત્યે, જોતાં લક્ષ હજાર રે;
દેશવિદેશ સધાય રે, તે નર એણે સંસાર રે,
જાતાં જમ દરબાર રે, ન જુવે વાર કુવાર રે. સહજાનંદી૦ ૪
નારાયણ પુરી દ્વારીકા, બળતી મેલી નિરાશ રે;
રણમાં તે એકલા, નાઠા દેવ આકાશ રે;



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કિહાં તરૂછાયા આવાસ રે, જળજળ કરી ગયો સાસ રે;
બળભદ્ર સરોવર પાસ રે, સુણી પાંડવ શિવવાસ રે. સહજાનંદી૦ ૫
રાજી ગાજી રે બોલતાં, કરતા હુકમ હેરાન રે;
પોઢયા અગ્નિમાં એકલા, કાયા રાખ સમાન રે;
બ્રહ્મદત્ત નરક પ્રયાણ રે, એ ઋદ્ધિ અથિર નિદાન રે;
જેવું પીંપળ પાન રે, મા ધરો જુઠ ગુમાન રે. સહજાનંદી૦ ૬
વાલેશર વિના એક ઘડી, નવિ સોહાતું લગાર રે;
તે વિણ જનમારો વહી ગયો, નહિ કાગળ સમાચાર રે;
નહિ કોઇનો સંસાર રે, સ્વારથીયો પરિવાર રે;
માતા મરૂદેવી સાર રે, પહોંચ્યા મોક્ષ મોઝાર રે. સહજાનંદી૦ ૭
માત પિતા સુત બાંધવા, અધિકો રાગ વિચાર રે,
નારી અમારી રે ચિત્તમાં, વંછે વિષય ગમાર રે;
જૂઓ સૂર્યકાંતા જે નાર રે, વિષ દીધો ભરતાર રે;
નૃપ જિનધર્મ આધાર રે, સજ્જન નેહ નિવાર રે. સહજાનંદી૦ ૮
હસી હસી દેતા રે તાલીઓ, શય્યા કુસુમની સાર રે;
તે નર અંતે માટી થયા, લોક ચણે ઘરબાર રે;
ઘડતાં પાત્ર કુંભાર રે, એહવું જાણી અસાર રે;
છોડયો વિષય વિકાર રે, ધન્ય કેહનો અવતાર રે. સહજાનંદી૦ ૯
થાવચ્ચા સુત શિવ વર્યા, વળી ઇલાચી કુમાર રે;
ધિક્ ધિક્ વિષયી રે જીવને, લઈ વૈરાગ્ય રસાળ રે;
મેલી મોહ જંજાળ રે, ઘેર રમે કેવળ બાળ રે;
ધન્ય કરકંડૂ ભૂપાળ રે સહજાનંદી૦ ૧૦
શ્રી શુભ વિજય સુગુરૂ લહી, ધર્મ રયણ ધરો છેક રે;
વીરવચન રસ શેલડી, ચાખે ચતુર વિવેક રે;
ન ગમે તે નર ભેક રે, ધરતા ધર્મની ટેક રે;
ભવજળ તરીયાં અનેક રે. સહજાનંદી૦ ૧૧

## ૨૦૮
## સકામ અકામ મરણની સજઝાય

મરણ અકામ સકામ રે, અકામ અજાણ ને સકામ બીજુ શ્રુતવંતને એ; ૧
પહેલું અનંતી વાર રે, પામે પ્રાણીઓ, સકામ કહ્યો કોઇ સંતને એ. ૨

પ્રત્યક્ષ તેહ પ્રમાણુ રે, પરલોક નવિ માને, શાસ્ત્રવાત ન સદ્દહે એ. ૩
ભોગવે ઇચ્છીત ભોગ રે, ધર્મ નથી ધરા, નાસ્તિક મુખે એહવું કહે એ. ૪
મગન્ન વિષય સુખમાંહિ રે, વ્રતની વાસના, સુપને પણ સમઝે નહી એ. ૫
મૂરખ એહવા મૂઢ રે, અકાળ મરણે કરી, સંસારે ભમે તે સહી એ. ૬
નહી તૃષ્ણા નહિ લોભ રે, મગન મહાવ્રતે, લગત નહી કિસી વાતની એ. ૭
સુધા એહવા સાધુ રે, સકામ મરણે કરી, બલીહારી તસ નામની એ. ૭
સ્વર્ગ અને અપવર્ગ રે, સુખ લહે શાશ્વતાં, ઉદય રતન વાચક વદે એ. ૯
ધરીએ તેહનું ધ્યાન રે, માન તજી મુદા, રંગે શુદ્ધ રાખો રહે એ. ૧૦

## ૨૦૯
## મરૂદેવા માતાની સજ્ઝાય

એક દિન મરૂદેવી માતા પૂછે, ઋષભ જીણંદની વાતો રે, બહુ નેહ ધરી;
મારો ઋષભ ગયો કેઈ દિશે રે, કે દહાડે મુજને મલશે રે, બહુ નેહધરી. ૧
આંખે આંસુડા બહુ વરસે, મારો રીખવ જોવા, તલસે રે. બહુ૦
મારા રીખવે મુજને વિસારી, મારો મોહ ગયો નિવારી રે. બહુ૦ ૨
વિનતા નગરીની પાસે, સ્વામી સમોસર્યા ઉલ્લાસે રે, બહુ૦
સમવસરણ દેવે રચિઓ, સિંહાસન રત્ને જડિયો રે. બહુ૦ ૩
જોડી છત્ર બિરાજે શિષ, ચામર વીંઝે ચોવીશે રે. બહુ૦
વાજીંત્ર વાગે સાડી બાર ક્રોડ, સુર આવે હોડા હોડ રે. બહુ૦ ૪
ભામંડલ ઝલકે શિરપુંઠે, જાણે ઉગ્યો સૂરજ ક્રોડ રે; બહુ૦
દેવદુંદુભિ આકાશે વાગે, જાણે ગગન મંડલ ગાજે રે. બહુ૦ ૫
ત્યાં તો સુરનર સહુ સેવા સારે, ભવિ જીવને પાર ઉતારે રે; બહુ૦
ભરતેશ્વર કહે સુણો દાદી, પુત્ર દેખાડું તો શું દીયો વધાઇ રે. બહુ૦ ૬
સમોવસરણ સ્વામીજી કેરા, માતા દેવ વાજીંત્ર ભલેરા રે; બહુ૦
મેં જાણ્યું વત્સ સહુથી દુઃખીયો, એતો દિશે છે સહુથી સુખીયો રે. બહુ૦ ૭
પૂત્ર એવડા સુખમાં માલે, તો તે મુજને શીદ સંભાળે રે; બહુ૦
મેં જાણ્યું વત્સ સહુથી દોહિલો, પણ દિશે છે સહુથી સોહિલો રે. બહુ૦ ૮
પૂત્ર વાંદ્યા ઉગમતે સૂરે, માતાના પાપ પડળ ગયાં દૂરે રે; બહુ૦
પૂત્રને વાંદીને કેવળ પામ્યાં, એમ રૂપ વિજય ગુણ ગાયા રે. બહુ૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૧૦
## પડિક્કમણાની સજ્ઝાય

કર પડિક્કમણું ભાવશુંજી, સમભાવે ચિત્ત લાય;
અવિધિ દોષ જો સેવશોજી, તો નહિ પાતક જાય, ચેતનજી એમ કેમ તરશોજી. ૧
સામાયિકમાં સામટીજી, નિંદ્રા નયને ભરાય;
વિકથા કરતા પારકીજી, અતિ ઉલ્લસિત મન થાય. ચેતનજી૦ ૨
કાઉસ્સગ્ગમાં ઉભા થકાંજી, કરતાં દુઃખે રે પાય;
નાટક પ્રેક્ષણ જોવતાંજી, ઉભા રયણી જાય. ચેતનજી૦ ૩
સંવરમાં મન નવિ રૂચેજી, આશ્રવમાં હુંશીયાર;
સૂત્ર સુણે નવિ શુભ મનેજી, વાત સુણે ધરી પ્યાર. ચેતનજી૦ ૪
સાધુ જનથી વેગલોજી, નીચહું ધારે રે નેહ;
કપટ કરે કોડો ગમેજી, ધર્મમાં ધ્રુજે દેહ. ચેતનજી૦ ૫
ધર્મની વેલા નવિ દીએજી, ફુટી કોડી રે એક;
રાઉલમાં રૂંધ્યો થકોજી, ખૂણે ગણી દીએ છેક. ચેતનજી૦ ૬
જીન પૂજા ગુરૂ વંદનાજી, સામાયિક પચ્ચક્ખાણ;
નવકારવાલી નવિ રૂચેજી, કરે મન આર્તધ્યાન. ચેતનજી૦ ૭
ક્ષમા દયા મન આણીએજી, કરીએ વ્રત પચ્ચક્ખાણ;
ધરીએ મનમાંહી સદાજી, ધર્મ શુકલ દોય ધ્યાન. ચેતનજી૦ ૮
શુદ્ધ મને આરાધશોજી, જો ગુરૂના પદ પદ્મ;
રૂપવિજય કહે પામશોજી, તો સુર શિવ સુખ સદ્મ. ચેતનજી૦ ૯

## ૨૧૧
## વૈરાગ્યની સજ્ઝાય

માનમાં માનમાં માનમાં રે, જીવ મારૂં કરીને માનમાં;
અંતકાળે તો સર્વ મૂકીને, ઠરવું છે જઈ સ્મશાનમા રે. જીવ૦ ૧
વૈભવ વિલાસી પાપ કરો છો, મરી તિર્યંચ થાશો રાનમાં રે. જીવ૦ ૨
રાગના રંગમાં ભૂલા ભમો છો, પડશો ચોરાશીની ખાણમાં રે. જીવ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જગતમાં તારૂં કોઈ નથી રે, રાખજે મન ભગવાનમાં રે. જીવ૦ ૪
વૃદ્ધાવસ્થા આવશે ત્યારે, ધાકો પડશે તારા કાનમાં રે. જીવ૦ ૫
કોઈ દિન જાનમાં તો કોઈ દિન કાણુમાં, મિથ્યા ફરે અભિમાનમાં રે. જીવ૦ ૬
એકદિન સુખમાં તો એકદિન દુઃખમાં, સઘલા તે દિન સરખા જાણુમાં રે. જીવ૦ ૭
સુત વિત દારા પુત્રી ને ભૃત્યો, અંતે તે તારા જાણુમાં રે, જીવ૦ ૮
આયુ અથિર ને ધન ચપલ છે, ફોગટ મોહ્યો તેના તાનમાં રે. જીવ૦ ૯
છેલ બટુક થઇ શાને ફરે છે, અધિક ગુમાન માન તાનમાં રે. જીવ૦ ૧૦
મુનિ કેવલ કહે સુણો સજ્જન સહુ, મન રાખજે પ્રભુ ધ્યાનમાં રે. જીવ૦ ૧૧

## ૨૧૨
## ઉપદેશની સજ્ઝાય

જાવું જરૂર મરી જીવડા રે, તારે જાવું જરૂરી મરી;
અનંત કાળથી ભવમાં ભટકતાં, પૂન્યે નર દેહ ધરી જીવડા૦
મળમૂત્રમાં ઉંધે શીર લટકયો, જ્યું વડે વાગુળી. જીવડા૦ ૧
ગર્ભાવાસની અંદર તુજને, વેદના અનંતી પડી, (પરી)
જન્મટાણે મહાકષ્ટ સહ્યાં, તે તો જાણે એક હરી. જીવડા૦ ૨
સંસારનો જબ વાયુ વાયો તબ, વેદના ગયો વિસરી;
પય પાન માતાનું કરીને, જોબન વય વરી. જીવડા૦ ૩
કામિની સાથે પ્રેમ કરીને, કર્મ બંધનો કરી;
માત પિતાથી જુદો પડીને, વસ્તુ ઘરમાં ભરી. જીવડા૦ ૪
છોરૂ પ્રિયાની ટાપ ટીપ તું, કરતો પળપળ ધરી;
સદ્‌ગુરૂથી નિત્ય દૂરી ફરતો, જ્યું સાધુ સંતથી ડરી. જીવડા૦ ૫
ગયો જોબન ને આયો બુઢાપણુ, શરીર ગયો જરજરી;
ઝાંખા આંખના દેવ થયા વળી, ઉજ્જડ કરણ પુરી. જીવડા૦ ૬
ઉંબર ડુંગર પાદર પરદેશ, ગોળી ગંગાસરી;
દુષ્ટ પુષ્ટ કાયા ઘટીને, નબળાઈ દેહ વરી. જીવડા૦ ૭
વૃદ્ધા વયમાં કુટુંબ કબીલે, ચાકરી નવિ કરી;
અંતકાળે જિન નામ ન લીધું, મારૂં મારૂં કરી. જીવડા૦ ૮
મરતી વખતે બુરે હવાલે, જીવ ગયો નીસરી;
જન્મ મરણની વેદના સુણતાં, હૈયું જાય થરથરી. જીવડા૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વીતરાગનું નામ વિસારી, દુર્ગતિ હાથ ધરી;
નરક નિગોદના કારાગૃહમાં, બેસીશ કેમ તું ઠરી. જીવડા૦ ૧૦
ધર્મ મારગ મૂકીને પામ્યો, લાખ ચોરાશી ફરી;
વીર મુનિ કહે ધર્મ કરો તો, સંસાર જાઓ તરી, રે તારે જાવું જરૂર મરી. ૧૧

## ૨૧૩
## અનાથી મુનિની સજ્ઝાય

ભંભસારે વનમાં ભમતાં, ઋષી દીઠો રયવાડી રમતાં;
રૂપ દેખીને મને રીઝયો, ભારે કરમી પણ ભીંજ્યો. ૧
પાણી જોડીને ઈમ પૂછે, સંબંધ તમારે શું છે?
નરનાથ હું છું અનાથ, નથી કોઈ મહારે નાથ; ૨
હરખે જોડી કહે હાથ, હું થાઉં તુમારો નાથ;
નરનાથ તું છે અનાથ, શું મુજને કરે છે સનાથ. ૩
મગધાધિપ હું છું મોટો, શું બોલે છે નૃપ ખોટો;
નાથપણું તું નવિ જાણે, ફોગટ શું આપ વખાણે. ૪
વત્સ દેશ કૌશંબીનો વાસી, રાજપુત્ર હું છું વિલાસી;
એક દિન મહા રોગે ઘેર્યો, કેણે તે પાછો ન ફેર્યો. ૫
માતપિતા મુજ બહુ મહિલા, વહેવરાવે આંસુના વહેલા;
વડા વડા વૈદ્ય તેડાવે, પણ વેદન કોઈ ન હઠાવે. ૬
તેહવું દેખી તવ શૂલ, ધાર્યો મેં ધર્મ અમૂલ;
રોગ જાયે જો આજની રાત, તો સંયમ લેઉં પ્રભાત. ૭
ઈમ ચિંતવતા વેદન નાઠી, બાકરી મેં બાંધી કાઠી;
બીજે દિન સંયમ ભાર, લીધો ન લગાડી વાર. ૮
અનાથ સનાથનો વહેરો, તુજને દાખ્યો કરી ચહેરો;
જિનધર્મ વિના નરનાથ, નથી કોઈ મુગતિનો સાથ. ૯
શ્રેણીક તિહાં સમકિત પામ્યો, અનાથી ને શિર નમ્યો;
મુગતે ગયો મુનિરાય, ઉદય રતન વદે ઉવજ્ઝાય. ૧૦

Jain Education International 2010_05          For Private & Personal Use Only          www.jainelibrary.org

## ૨૧૪

## કૃષ્ણ વાસુદેવની સજઝાય

નગરી દ્વારિકામાં નેમિ જિનેશ્વર, વિચરંતા પ્રભુ આયે;
કૃષ્ણ નરેસર વધાઇ સુણીને, જીત નિશાન બજાયે
હો પ્રભુજી નહિ જાઉં નરકને ગેહે;
નહિ જાઉં નહી જાઉં હો પ્રભુજી નહી જાઉ નરકને ગેહે. ૧

અઢાર સહસ સાધુજીને વિધિશું; વાંદ્યા અધિકે હરખે;
પછી નેમિ જિનેશ્વર કેરા, ઉભા મુખડા નિરખે. હો૦ ૨

નેમિ કહે તુમે ચાર નિવારી, ત્રણયતણાં દુઃખ રહીયાં;
કૃષ્ણ કહે હું ફરી ફરી વાંદું, હર્ષ ધરી મન હઈયાં હો૦ ૩

નેમિ કહે એહ ટળ્યા ન ટળે, સો વાતે એક વાત;
કૃષ્ણ કહે મારા બાળ બ્રહ્મચારી, નેમિ જિણેસર ભ્રાત. હો૦ ૪

મહોટા રાજાની ચાકરી કરતાં, રાંક સેવક બહુ રળશે;
સુરતરૂ સરીખા અફળ જશે ત્યારે, વિષ વેલડી કેમ ફલશે. હો૦ ૫

પેટે આવ્યો તેહ ભોરંગ વેઠે, પુત્ર કપુત્ર જ થાય;
ભલો ભૂંડો પણ જાદવ કુળનો, તુમ બાંધવ કહેવાય. હો૦ ૬

છપ્પન ક્રોડ જાદવનો રે સાહિબો, કૃષ્ણ જ નરકે જાશે;
નેમિ જિનેસર કેરા રે બાંધવ, જગમાં અપજશ થાશે. હો૦ ૭

શુદ્ધ સમકિતની પરીક્ષા કરીને, બોલ્યા કેવલજ્ઞાની;
નેમિ જિનેસર દિયો રે દિલાસો, ખરો રૂપૈયો જાણી. હો૦ ૮

નેમિ કહે તુમે ચિંતા ન કરશો, તુમ પદવી અમ સરખી;
આવતી ચોવીશીમાં હોશો તીર્થંકર, હરી પોતે મન હરખી. હો૦ ૯

જાદવકુળ અજવાળ્યું રે નેમિજી, સમુદ્રવિજય કુળ દીવો;
ઇંદ્ર કહે રે શિવાદેવીના નંદન, ક્રોડ દિવાળી જીવો. હો૦ ૧૦

## ૨૧૫

## જંબુ સ્વામીનો વરઘોડો

સંયમ લેવા સંચર્યા રે, સાથે સૌ પરિવારરે સંયમ રંગ લાગ્યો;
આઠે કન્યા સાંભળી રે, માત પિતા પરિવાર રે સંયમ૦
પૂજા શ્રી જિનરાજની રે, વિરચે સત્તર પ્રકાર રે. સં૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સૂરિયાભ સૂરિ પ્રતિ પરે, નાટક વિવિધ પ્રકાર રે. સં૦ ૩
મુખ માલા નીલ કમલશું રે, છાયા રથ ચકડોલ. સં૦ ૪
ચુંઆ ચંદન છાંટણાં રે, કેસરીયા રંગ રોલ. સં૦ ૫
ખુંપ સજયો જંબૂ શીરે રે, મોતી ઝાક ઝમાલ. સં૦ ૬
સોના વહેલ તીહાં પાલખી રે, ધર્મતણા ઉજમાળ. સં૦ ૭
માતા જગત શણગારીયું રે, સ્વર્ગ પુરી અનુસાર. સં૦ ૮
સુરનર જોવા આવીયા રે, દીક્ષાનો અધિકાર. સં૦ ૯
પાંચસેં કુંવર શણગારીયારે, પ્રભવનો પરિવાર. સં૦ ૧૦
જીનધર્મ પ્રભાવથી રે, ચોર થયો શાહુકાર. સં૦ ૧૧
સાંબેલા સહુ સજજ કર્યા રે, આવ્યો કોણીક રાય. સં૦ ૧૨
પડહ વજાવે નગરમાં રે, ભવિ મન હર્ષ ન માય. સં૦ ૧૩
ગોવીર વાજા ઘન પરે રે, વાજીંત્ર નવનવ છંદ. સં૦ ૧૪
જે જે શબ્દ સુખથી કહેરે, સહેજે માનવ ગ્રંથ. સં૦ ૧૫
અઢી લાખ દીધું તિહાં વરસતા રે, જેમ પુષ્કર જલધાર. સં૦ ૧૬
ચામર છત્ર બિરાજતાં રે, ચાલે જંબૂકુમાર. સં૦ ૧૭
નારી અપ્સરા કિન્નરી રે, ગાવે મધુરા ગીત. સં૦ ૧૮
જીનશાસન શોભાવ્યું રે, ધન ધન તુજ સુવિનિત. સં૦ ૧૯
કર્મ બળે કેવળ લહ્યું રે, દેવત કોઈ આશિષ. સં૦ ૨૦
વડ વખત વ્યવહારિયો રે, આવી નમાવે શિષ. સં૦ ૨૧
લુણ ઉતારે બેનડી રે, આવે રાજ દ્વાર. સં૦ ૨૨
વધાવે મુક્તા ફળે રે, રાણી સોહાગણ નાર. સં૦ ૨૩
જંબૂને જોવા ભણી રે, સોભાગી સસનેહ. સં૦ ૨૪
નવબારી નગરી હતી રે, સાંકડી થઈ તસ તેહ. સં૦ ૨૫
થાવચ્ચા સુતની પરે રે, જેની પરે મેઘકુમાર. સં૦ ૨૬
તેની પરે ઓચ્છવ જાણજો રે, જ્ઞાતા સૂત્ર મોઝાર. સં૦ ૨૭
એમ અંતરાય કરત થકાં રે, પરીવરીયા પરિવાર. સં૦ ૨૮
ગુણશીલચૈત્ય આવીયા રે, જીહાં સોહમ અણગાર. સં૦ ૨૯
રથ તુરંગ ગજ ઘોડા રે, સવિ ઉભા સરદાર. સં૦ ૩૦
નયવિજય કહે તેહનો રે, જગમાં ધન અવતાર. સં૦ ૩૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૧૬
## પચ્ચક્ખાણની સજ્ઝાય

નવકારશી કરૂં તો મારે મન વસી રે, પોરસીના કરૂં રે પચ્ચક્ખાણ,
સતી રે શિરોમણી રે.
એકાસણા રૂપી બે મોતીડા રે, નીવી રૂપી નવસેરો હાર. સતી રે. ૧
આંબીલરૂપી ઝાલ ઝબુકતી રે, ઉપવાસે ઝબુકીયા મોર. સતી રે. ૨
ત્રણ ઉપવાસે ત્રિભુવન મોહી રહ્યાએ, પંચ ઉપવાસે મોહ્યો ગુજરાત. સતી રે. ૩
આઠ ઉપવાસે આઠ કર્મ ક્ષય કર્યાએ, દશ ઉપવાસે તાર્યો સંસાર. સતી રે. ૪
પંદર ઉપવાસે ઇંદ્ર તણા બેસણા રે, માસ ખમણ મુક્તિનો વાસ. સતી રે. ૫
એવા તપ તપીયા બ્રાહ્મી સુંદરી રે, રાજીમતી સુકુમાલી. સતી રે. ૬
ધર્મ કરી લાહો લીજીએ રે, ધર્મના ચારે પ્રકાર. સતી રે. ૭
દાન શીયલ તપ ભાવના એ, તેહથી ભવજલ પાર. સતી રે. ૮
દાન દઈ લાહો લીજીએ, દાનથી જય જય કાર. સતી રે. ૯
તપ તપી કર્મ ખપાવ્યા એ, જ્ઞાન વિમલ સુખકાર. સતી રે. ૧૦

## ૨૧૭
## ચંદનબાળાની સજ્ઝાય

કરે વિનંતી ચંદનબાળા વીરને રે, મારે ઘેર પધારો;
જીવનના આધાર મારે ઘેર પધારો, પ્રાણ તણા આધાર. ૧
**સાખી :** બાળ મૃગાવતી રાણીને, પુત્રી પ્રિયા ધરે પ્યાર;
ધનદત્ત શેઠ શેઠાણીને, કરે વિનંતી અપાર;
લાવી પ્રેમ નજરે કરી, ગરીબ સેવક ઉપરે રે;
આપો પ્રભુજી દર્શન દુઃખડાના હરનાર. કરે. ૨
**સાખી :** કોઈ વહોરાવે લાડવા, પેંડા મોહન થાળ;
કોઈ વહોરાવે લાપસી, વિવિધ ભાત રસાળ;
હું તો વહોરાવીશ લુખા બાકુળા વીરને પ્રેમથી રે;
તે વહોરો તો આવો મારે દ્વાર. કરે. ૩



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

**સાખી :** સોવન થાળે રત્ને જડચાં, કાંઈ શોભીત હાથ;
આવે તો મહાવિધિ એ સવિ, મેવા પકવાન સાર;
મારી પાસે સામગ્રી તે માંહી એકે નથી રે;
બાકુળા સુપડામાં રહ્યા છે તૈયાર. કરે. ૪

**સાખી :** સોળ શણગાર સજી કરી, પહેરી નવરંગ ચીર;
ઉભી ઘરને આંગણે, વાટ જોતી પ્રભુ વીર;
હું તો અડવણ વેશે, બેસી ઉંબરા વચમાં રે;
સ્મરણ કરતી પ્રભુનું, શ્વાસો શ્વાસ મઝાર. કરે. ૫

**સાખી :** મોટા ને મોટા ગણે, એ છે જગત વ્યવહાર;
મોટા છોટા સરિખા ગણે, એ વીતરાગ આચાર;
દયા લાવી પારણું કરો, પ્રભુ મારા હાથથી રે;
હું તો કરગરી અરજ કરૂં છું વારંવાર. કરે. ૬

**સાખી :** ઘર ઘર ફરતા આવીયા, વીર પ્રભુ સતી દ્વાર;
એક બોલ અપૂર્ણ રહ્યો, પાછા વળ્યા તત્કાળ;
પૂરવ પૂન્ય વિના દાન લાભ કયાંથી મળે રે;
એમ ચિંતવતા ચાલી આંખે આંસુ ધાર. કરે. ૭

**સાખી :** તેર બોલ સંપૂર્ણ થયા, પ્રભુ આવી ધર્યો હાથ,
બાકુલા લેઈ સતી હાથથી, પારણું કરે જગનાથ;
સાડીબાર કોડી વૃદ્ધિ તિહાં થઈ રે;
સુરદુંદુભી વાજે દેવ કરે જયકાર. કરે. ૮

**સાખી :** સોલ બોલ સંપૂર્ણ થયા, સતી શીર વાધ્યો વાન;
સુખ સઘળા આવી મળ્યા, જુઓ પ્રભાવિક દાન,
દીક્ષા લીધી સતીએ, વીર પ્રભુના હાથથી રે;
છત્રીશ હજાર થયાં છે શિરદાર. કરે. ૯

**સાખી :** પાંચ માસ પચવીશ દિવસે, પારણું કરે જગનાથ;
પ્રભાતે ઉઠી સહુજનો, સ્તવન ગાવો રસાળ,
વીર મુનિ કહે આપો દાન પ્રેમથી રે;
દાનથી જીવ અનંતા તર્યા છે સંસાર. કરે. ૧૦

Jain Education International 2010_05          For Private & Personal Use Only          www.jainelibrary.org

## ૨૧૮

## નરક દુઃખની સજ્ઝાય

હે સુણુ ગોયમજી, વીર પયંપે, નરક તણા દુઃખ વારતા;
પરનારી સંગત જે કરતા, વળી પાય થકી પણ નહી ડરતાં,
જનરાયની શંકા નવિ ધરતાં. સુણુ૦ ૧

હે શ્રોતાજનો, નરકનાં દુઃખ સાંભળતા હૈયા થર થરે;
હે ગુણવંતા, વીરવાણી સાંભળીને ધર્મ ખજાનો ભરો,
લોહીની પૂતળીને તપાવે છે, અતિ અગ્નિ મય બતાવે છે;
તસ આલિંગન દેવરાવે છે. સુણુ૦ ૨

પાંચસો જોજન ઉછાળે છે, પછી પટકી ભોંય પછાડે છે;
પછી તેહની દેહને બાળે છે. સુણુ૦ ૩

શ્વાન થઇને ફરી ફરી કરડે છે, ઝીલી પરમાધામી મરડે છે;
વળી તેહની પાછળ દોડે છે. સુણુ૦ ૪

મૃગની જેમ પાસમાં પકડે છે, કરવત કરી તેહને ફાડે છે;
વળી પકડી પકડી ભમાવે છે. સુણુ૦ ૫

વળી તેહને શૂળીએ ચડાવે છે, કાન નાક પણ તેહના કાપે છે;
વળી ભરસાડમાં તેહને મારે છે. સુણુ૦ ૬

વલી ખાલ ઉતારી જલાવે છે, તાતા તેલમાં પણ ઘાલે છે;
વિરૂઆ વિપાકો તેહને દેખાડે છે. સુણુ૦ ૭

માંસનો તેહને આહાર કરાવે છે, એમ નરકમાં દુઃખ ઘણા પાવે છે;
અતિ ત્રાસમાં દિવસ ગમાવે છે. સુણુ૦ ૮

વળી શરીરમાં ખાર મિલાવે છે, એમ પરમાધામી દુઃખ દેખાડે છે;
શુભવીરની વાણીથી શીતળ થાવે છે. સુણુ૦ ૯

## ૨૧૯

## સામાન્ય સજ્ઝાય

ધિક્ જગત જંગલ તને, ધિક્ વિષય વિકારજી;
પંચેન્દ્રિયનાં વિષય વશ થઈ, ખાવા અસેક પ્રહારજી.
ઉદ્ધાર કરો પ્રભુ માહરો. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ધિક્ મલમૂત્રની કોટડી, હાડ ચામની મહેલીજી;
ધિક્ સેવા હું તેની કરૂં, માંહી વધારૂં કર્મ મેલજી. ઉદ્ધાર૦ ૨
દુર્ગંધી આ દેહને કારણે, કરૂં અનેક ધમાલજી;
ધિક્ કામણગારી આ કોટડી, માંહી બન્યો છું બેહાલજી. ઉદ્ધાર૦ ૩
દેહ પોષણ દામ-દારડી, લાવ્યો લાડી મતિ મંદજી;
તેહનાં ફંદમાં ફસી પડી, વાધ્યો વિષય સુરંગજી. ઉદ્ધાર૦ ૪
ટાબર ટુબરની વિંછી વેદના, ડંખ દેતા ચારે કોરજી;
સહુ સ્નેહાય સેવા સંઘથી, ફર્યો હરાયા ઢોરજી. ઉદ્ધાર૦ ૫
કુટુંબ પોષણને કારણે, ફરીયો દેશ વિદેશજી;
વિવિધ વેશ મેં ત્યાં સજ્યો, લાજ ન રાખી લેશજી. ઉદ્ધાર૦ ૬
પાટ પટંબર પહેરણે, આભૂષણ અપારજી;
નવા નવા ઘાટ ઘડાવીયા, ન આવ્યો સંતોષ લગારજી. ઉદ્ધાર૦ ૭
એક ભવમાં તો અનેક થયાં, કહેતા વળી ન આવે પારજી;
કાયા કાજે રે માયા આ બધી, ફેલાવી અપારજી. ઉદ્ધાર૦ ૮
ધિક્ સંસાર સંબંધનો, ધિક્ આ આળ પંપાળજી;
કરૂણા કરીને આવી ઉદ્ધરી, મુજને દેવ દયાળજી. ઉદ્ધાર૦ ૯
ઝરતી જવાળામાં શું બને, પડ્યો કરે પોકારજી;
તુજ ચરણોની સેવા હું કયા કરૂં, જ્યાં છે આ મારા ચારજી. ઉદ્ધાર૦ ૧૦
દર્શન મિષ પ્રભુ આ અર્જના, દીન કિંકરની સ્વીકારોજી;
આવી આફત કોઈ દિન ન મળે, નય વિજય કરો ઉદ્ધારજી. ઉદ્ધાર૦ ૧૧

## ૨૨૦
## વૈરાગ્યની સજઝાય

**જોને** તું પાટણ જેવા, સારા હતા શહેર કેવા;
આજ તો બન્યા ઉજ્જડ જેવા રે, આ જીવ જોને જાય છે જગત ચાલ્યું રે. ૧
વળી સિદ્ધપુર વાળો, મોટો જોને રૂદ્ર મહાલો, કિહાં ગયો તે રૂપાળો રે. ૨
રૂડા રૂડા રાણી જાયા, મેળવી અથાગ માયા, કાલે તેની પડી કાયા રે. ૩
છત્ર જેને છાયા થતી, રૂડી જેની રીતિ હતી, કિહાં ગયો કરોડપતિ રે. ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યારે જે હાજર થાતાં, હાજરે હુકમે હતા, તેના તો ના લાગ્યા પત્તા રે. ૫
કોઇ તો કેવાતા કેવા, આભના આધાર જેવા, ઉઠી ગયા હેવા હેવા રે. ૬
જોબનીયા ને જાતું જોઈ, રાખી શકયા નહિ કોઈ, સગા સર્વે રહ્યા રોઈ રે. ૭
હાજારે હજુરે રહેતા, ખમાખમા મુખે કહેતા, વિશ્વમાંથી થયા વેતા રે. ૮
મુઆ જન જેની સાથે, હેતથી પોતાને હાથે, મરણ ન મૂકે માથે રે. ૯
જસ લીધો શત્રુ જીતી, નવી ન ચલાવી રીતિ, વેળા તેની ગઈ વીતી રે. ૧૦
જગ માંહી ખૂબ જામ્યો, વૈર વારી વિસરામ્યો, પણ તે મરણ પામ્યો રે. ૧૧
નેક નામદાર નામે, જઈ વસ્યા સ્મશાને ઠામે, રત્નવિજય કહે નાવે કામે રે. ૧૨

## ૨૨૧
## વૈરાગ્યની સજ્ઝાય

એક દિવસમાં ક્ષણે ક્ષણે ને, શિરપર ભમે કાળજી;
લઈજાવે જમ જીવડા તીમ, તીતર ઉપર બાજે હો મન પંખીડા,
મન પડે જીમ પિંજરે, સંસાર માયા જાળ હો. મન૦ ૧
મન આયુષ્યરૂપી જીવ જાણયો, ને ધર્મ રૂપી પાળજી;
એવો અવસર જે ચુકશે, તેને જ્ઞાની એ ગણ્યો ગમાર હો. મન૦ ૨
અઢી રે હાથનું કપડું લાવીને, શ્રીફળ બાંધ્યા ચારજી;
ખોખરી હાંડીમાં આગ મૂકી, લઈ ચાલ્યા તત્કાલ હો. મન૦ ૩
જ્યારે સરોવર ભર્યા હતા, ત્યારે ન બાંધી પાળજી;
નીર હતા તે વહી ગયા, પછી હાથ ઘસે શું થાય હો. મન૦ ૪
મન કાચો રે કુંભ જળે ભર્યો, તેને ફુટતા ન લાગે વારજી;
હંસલો તે ઉડી ગયો, પછી કાયા માટીમાં જાય હો. મન૦ ૫
હાડ બળે જેમ લાકડું ને, કેશ બળે જેમ ઘાસજી;
કંકુ વર્ણી તારી કાયા બળે, ખોળી બાળે હાડ હો. મન૦ ૬
શેરી લગે સગી સુંદરી ને, જાયા લગે મા ને બાપજી;
સ્મશાન લગે સગો બાંધવો, પછી કોઈ ન આવે તારી સાથ હો. મન૦ ૭
માતા રૂવે તારી ઘડી ઘડીને, બેની રૂવે ખટ માસજી;
પ્રિયા રૂવે એક વર્ષ લગે, પછી શોધે ઘરનો વાસ હો. મન૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કોના છોરૂ ને કોના વાછેરૂ ને, કોના મા ને બાપજી;
પ્રાણી જવું એકલા, એમ વીરવિજયની વાણી હો. મન૦ ૯

## ૨૨૨
## વંકચૂલની સજ્ઝાય

જંબુદ્વીપમાં દીપતું રે લાલ, ક્ષેત્ર ભરત સુવિશાલ સુવિવેકી;
શ્રી પુર નયરનો રાજીયો રે લાલ, વિમળ જસા ભૂપ રે સુવિવેકી;
આદરજો કાંઈ આખડી રે લાલ. ૧

સુમંગલા પટરાણી એ રે લાલ, જન્મ્યા તે યુગલ અમુલ રે વિવેકી;
નામ ઠવ્યું હોય બાલનું રે લાલ, પૂષ્પ ચુલા વંકચૂલ રે વિવેકી. ૨

અનુક્રમે ઉદ્ધત થયો રે લાલ, લોક કહે વંકચુલ રે વિવેકી;
લોક વચનથી ભૂપતિ રે લાલ, કાઢચો સુત વંકચુલ રે વિવેકી. ૩

પૂષ્પ ચુલા ધન બેનડી રે લાલ, પલ્લીમાં ગયો વંકચુલ રે વિવેકી;
પલ્લી પતિ કીયો ભિલ્લડે રે લાલ, ધર્મ થકી પ્રતિકુલ રે વિવેકી. ૪

સાત વ્યસન સરસો રમે રે લાલ, ન ગમે ધર્મની વાત રે વિવેકી;
રાત પડે ને ચોરી કરે રે લાલ, પાંચસે તિણે સંઘાત રે વિવેકી. ૫

ગજપુર પતિ દીયે દીકરી રે લાલ, રાખવા નગરનું રાજ રે વિવેકી;
સિંહ ગુફા તણે પાસમાં રે લાલ, નિરભય રહે ભિલ્લરાજ રે વિવેકી. ૬

સૂરિ ધર્મ ઉપદેશથી તિણે રે લાલ, પામ્યા નિયમ તે ચાર રે વિવેકી;
ફળ અજાણ્યું કાગ માંસનું રે લાલ, પટરાણી પરિહાર રે વિવેકી. ૭

સાત ચરણ ઓસર્યા વિના રે લાલ, ન દેવો રિપુ શિર ઘાત રે વિવેકી;
અનુક્રમે તે ચારે નિયમના રે લાલ, પારખા લહે ભિલ્લરાજ રે વિવેકી. ૮

વંકચૂલ વડા રે નિયમના રે લાલ, ફળ ભોગવ્યા પ્રત્યક્ષ રે વિવેકી;
મરણ ને સુરસુખ પામીયો રે લાલ, આગળ લહેશે મોક્ષ રે વિવેકી. ૯

કષ્ટ પડે જે સાહસી રે લાલ, ન લોપે નીજ સીમ રે વિવેકી;
કહે મતિ નીકી તેહની રે લાલ, જેહ કરે ધર્મની નીમ રે વિવેકી. ૧૦

## ૨૨૩
## આત્માની સજ્ઝાય

મ કર હો જીવ પરતાંત દીન રાત તું, આપણો વાંક નયણે ન દેખે;
તીલ સમ પારકા દોષ હોવે જીકે, તેહ કરી દાખવે મેરૂ લેખે. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હો કરે પરતણી અતિહી નિંદા ઘણી, તેહનો તેહ તો મેલ ધોવે;
તાસ ઉજ્વલ કરે પીંડ પાપે ભરે, મુઢ તે માનથી સુગુણ ખોવે. ૨
બહુલ મચ્છર પણે ગુણ તજી પરતણાં, સંત અ સંત જે દોષ ભાખે;
બાપડો જીવડો તેહ મુરખ પણે, ગરજ પડે નીજ સીરે ધુડ નાખે. ૩
દ્રાક્ષ સાકર સરસ વસ્તુ સવિ પરિહરી, કાગ જેમ ચાંચશું મેલ ચુંથે;
નિંદકી તેમ ગુણ કોડી છોડી કરી, ચિત્તમાં પરતણાં દોષ ગુંથે. ૪
અંગ જેમ ગોપવી મીનને મારવા, બગ રહે તાકી જેમ નીર નાકે;
નીચ તિમ છીદ્ર ગોપવી કરી આપણા, રાતદિન પારકા છીદ્ર તાકે. ૫
નીકટ લંપટ પણે, લંપટી કુતરો, વમન દેખી કરી નફ્ટ નાચે;
દોષ લવલેશ પામી તથા પારકાં, અધમ જન સબલ મનમાંહી માંચે. ૬
એક સજ્જન હોયે શેલડી સારીખા, ખંડે ખંડે કરી કોઇ કાપે;
તોહી પણ પીડતા આપ ઉત્તમપણે, સરસવસ્તુનો સ્વાદ આપે. ૭
કોડી અવગુણ પણ છોડી જે ગુણ ગ્રહે, દેશ પરદેશ તે સુખ પાવે;
દેખ પ્રત્યક્ષ પણે કૃષ્ણ પરે તેહનાં, દેવ રાજેન્દ્ર પણ સુયશ ગાવે. ૮
દેવ ગુરૂ ધર્મ આરાધ શુદ્ધ મને, પારકે પેશમાં મુઢ કાને,
સકલ સુખ કારિણી દુરિત દુઃખ વારિણી, ભાવના એહ હિત શીખ માને. ૯

## ૨૨૪
## ચંદનબાળાની સજ્ઝાય

**વીર** પ્રભુજી પધારો રાજ વીર પ્રભુજી પધારો, વીનતડી અવધારો રાજ,
ચંદનબાલા રાજકુમારી બોલે વચન રસાલા;
હાથપગમાં જલદીયાં તાળા, સાંભળો દીન દયાળા. ૧
કઠણ કરમ મુજ કર્મની કહાણી, સુણો પ્રભુજી મુજ વાણી;
રાજકુમારી હું ચૌટે વેંચાણી, દુઃખની નથી ખામી હો રાજ. ૨
તાત જ મારો બંધને પડીયો, માતા મરણ જે પામી;
મસ્તક ને વેણી કતરાણી, ભોગવી મેં દુઃખની રાશી હો રાજ. ૩
મોંઘી હતી હું રાજકુટુંબમાં, આજે હું ત્રણ ઉપવાસી;
સુપડાને ખૂણે અડદના બાકુલા, શું કહું દુઃખની કહાણી હો રાજ. ૪
શ્રાવણ ભાદરવા માસની પેરે, વરસે આંસુની ધારા;
ગદ્ગદ શબ્દે રડે ચંદનબાલા, બોલે વચન કરૂણાય હો રાજ. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દુ:ખ એ સઘલું ભૂલી પૂર્વનું, આપના દર્શન થાતા;
દુ:ખ એ સઘળું હૈયે આવે છે, પ્રભુજી પાછા જાતા. હો રાજ. ૬
ચંદનબાળાની અરજ સુણીને, નીર નયન નીહાળી;
બાકુલા લઇ વીર પ્રભુજી પધારે, દયા કરી દીનદયાળ હો રાજ. ૭
સોવન કેરી ત્યાં થઈ વૃષ્ટિ, સાડી બાર કોડી સારી;
પંચદિવ્ય તત્કાળે પ્રગટયાં, બંધન સર્વ વિદારી હો રાજ. ૮
સંયમ લઇને કારજ સાધ્યું, ચંદનબાળા કુમારી;
વીર પ્રભુની સાહુણી પહેલી, પંચ મહાવ્રત ધારી. હો રાજ. ૯
કર્મ ખપાવી મોક્ષે સીધાવ્યા, ધન્ય સતી શિરનામી;
વિનય વિજય કહે ભાવ ધરીને, વંદુ હું વારંવાર હો રાજ. ૧૦

## ૨૨૫
## નંદા સતીની સજ્ઝાય

બેનાતટ નયરે વસે, વ્યવહારી વડ મામ રે;
શેઠ ધનાવહ નંદિની, નંદા ગુણ મણી ધામ રે;
સમકિત શીલ ભૂષણ ધરો, જીમ લહો અવિચલ લીલ રે;
સહજ મલે શીવ સુંદરી, કરીય કટાક્ષ કલ્લોલ રે. સમકિત. ૧
પ્રસેન જીત નરપતિ તણો, નંદન શ્રેણીક તામ રે;
કુમરપણે તિહાં આવીયો, તે પરણી ભલે મામ રે. સમકિત. ૨
પંચ વિષય સુખ ભોગવે, શ્રેણીક શું તે નાર રે;
અંગ જ તાસ સોહામણો, નામે અભયકુમાર રે. સમકિત. ૩
અનુક્રમે શ્રેણીક નૃપ થયા, રાજગૃહી પુરી કેરા રે;
અભયકુમાર આવી મલ્યો, તે સંબંધ ઘણેરાં રે. સમકિત. ૪
ચઉવિહ બુદ્ધિ તણા ઘણી, રાજ્યધુરંધર જાણી રે;
પણ તેણે રાજ ન સંગ્રહ્યું, નિસુણી વીરની વાણી રે. સમકિત. ૫
બુદ્ધિ બલે આજ્ઞા ગ્રહી, ચેલણાને અવદાત રે;
કહે શ્રેણીક જા ઈહાં થકી, એહની છે ઘણી વાત રે. સમકિત. ૬
નંદા માતા સાથ શું, લીધો સંયમભાર રે;
વિજય વિમાને ઉપન્યાં, કરશે એક અવતાર રે. સમકિત. ૭

Jain Education International 2010_05　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

શ્રેણીક કોણીક ને થયા, વૈર તણા અનુબંધ રે;
તે સવિ અભય સંયમ પછી, તે સવિ કર્મ સંબંધ રે. સમકિત. ૮
જ્ઞાન વિમલ પ્રભુ વીરજી, આણ ધરે જે શિષ્ય રે;
તે નિત્ય નિત્ય લીલા લહે, જાગતી જાસ જગીશ રે. સમકિત. ૯

## ૨૨૬
## વૈરાગ્યની સજ્ઝાય

તને સંસારી સુખ કેમ સાંભરે રે લોલ, દુઃખ વિસર્યા ગર્ભાવાસ જો;
નવ માસ રહ્યો તું માતા ઉદરે રે લોલ, મળ મૂત્ર અશુચિ વિષ્ટા માંય જો. તને૦ ૧
તિહાં હવા પાણી નહી સંચરે રે લોલ, નહીં સેજ તલાઈ પલંગ જો;
તિહાં લટકી રહ્યો ઉંધે શીરે રે લોલ, દુઃખ સહત અપાર અનંત જો. તને૦ ૨
ઉઠ કોડી સુઇ તાતી કરી રે લોલ, સમકાલે ચાંપે કોઇ સોય જો;
તેથી અનંત ગણું તિહાં કને રે લોલ, દુઃખ સહતા વિચાર તવ થાય જો. તને૦ ૩
હવે પ્રસવે જો મુજ માવડી રે લોલ, તો હું કરૂં તપ જપ ધ્યાન જો;
હવે સેવું સદા જીનરાજને રે લોલ, મુકુ કુદેવ કુગુરૂ ને અજ્ઞાન જો. તને૦ ૪
જ્યારે જન્મ્યો ત્યારે ભૂલી ગયો રે લોલ, ઉહાં ઉહાં રહચો ઇમ કહેવાય જો;
તિહાં લાગી લાલચ રમવા તણી રે લોલ, આયુ અંજલી જલ સમ જાય જો. તને૦ ૫
ઈમ બાળક વય રમતા ગઇ રે લોલ, થયો જોબને મકરધ્વજ સહાય જો;
પ્રીત લાગી તિહાં રમણી સુખે રે લોલ, પુત્ર પૌત્ર દેખી હરખાય જો. તને૦ ૬
થઈ ચિંતા હવે વિવાહ વાજમ તણી રે લોલ, ધન કારણે ધ્યાવે નિશદિનજો;
પુન્ય હીણુ થકો પામે નહી રે લોલ, ચિંતે ચોરી કરૂં કે લુંટું દેશ જો. તને૦ ૭
ગયું જોબન આવી જરા ડાકણી રે લોલ, ધ્રુજે કર પગ શિર ને શરીર જો;
ઘરે કહ્યું કોઇ માને નહી રે લોલ, પડયો કરે પોકાર નહી ધીર જો. તને૦ ૮
ઈમ કાલ અનંતો વહી ગયો રે લોલ, અબ ચેત મૂરખ અબ ચેતજો;
જિનદાસ કહે જોગ એહવો રે લોલ, મળવો છે મહા મુશ્કેલ જો. તને૦ ૯

## ૨૨૭
## શીલની સજ્ઝાય

શ્રી જિનવાણી હો ભવિયણ ચિત્ત ધરો, છંડો વિષય વિરૂપ; ચતુર નર.
નારી દેખી હો નયણ ન જોડીયે, નવી પડીયે ભવકુપ. ચતુરનર. ૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સજ્જન સ્નેહી હો શીયલથી સુખ લહે, આતમ નિર્મળ થાય; ચતુ૦
વ્રત સકલમાં જે શિરોમણી, જસ સુરનર ગુણ ગાએ. ચતુ૦ ૨
ચક્ષુ કુશીલે હો જે સુખ માણુતા, વિણ સાડે નિજ કાજ; ચતુ૦
કાચને કટકે હો રત્ન ચિંતામણી, હારે નિજ કુલ લાજ. ચતુ૦ ૩
રૂપને જોવે હો રાગ વધે સહી, વિષય વધે મન કાય; ચતુ૦
મનને પાપે હો મચ્છર તંદુલીયો, જુઓ મરી સાતમીએ જાય. ચતુ૦ ૪
ધિગ્ ધિગ્ સરસવ સુખને કારણે, દુઃખ લહે મેરૂ સમાન; ચતુ૦
અણુ ભોગવતા હો ભવસાયર હરે, કરતા સુવતિનું ધ્યાન. ચતુ૦ ૫
રાજા રૂપી હો નયણુ કુશીલથી, લક્ષ્મણા મનને રે વાય; ચતુ૦
કાયાને જોગે હો સત્યકી પ્રમુખ, બહુ પામ્યા ભવદવ તાપ. ચતુ૦ ૬
સંયમ પાળ્યું હો સહસ વરસ લગે, રાજ ઋષિ કંડરીક; ચતુ૦
ઉત્તરાધ્યયને હો ભોગને ચાખતા, પામ્યા નરકની ભીક. ચતુ૦ ૭
સામગ્રી જોગે હો જે નથી જાણુતા, લહેશે ભવની વાટ; ચતુ૦
ભાંગ્યો ઘાટ તે મિલવો દોહીલો, કામનું મુંખડું રે દાટ. ચતુ૦ ૮
દીપક પકડી હો જે કુવે પડે, હરખે જે વિષ ખાય; ચતુ૦
અગ્નિ મૂકે હો નિજ આવાસમાં, તસ કુણ વારવા જાય. ચતુ૦ ૯
દેહ અશુચિ હો મલમૂત્રે ભરી, નરકની દીવી રે નાર; ચતુ૦
એહવું જાણી હો નવવિધ પાલજો, પામશો ભવનો રે પાર. ચતુ૦ ૧૦
શીલ થકી જીન ઉત્તમપદ લહે, રૂપકલા ગુણ જ્ઞાન; ચતુ૦
કીર્તિ કમલા હો ઇહ ભવ પરભવે, જીવ લહે બહુ માન. ચતુ૦ શ્રીજીન૦ ૧૧

## ૨૨૮
## સત્સંગની સજ્ઝાય

સત્સંગનો રસ ચાખ પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ;
પ્રથમ લાગે છે વિખો ને કડવો અંતે આંબા કેરી સાખ. પ્રાણી૦ ૧
મેડી મંદિર માલ ખજાના, પડયા રહેશે ઘર બાર. પ્રાણી૦ ૨
આરે કાયાનો ગર્વ મ કરશો, અંતે થવાની છે રાખ. પ્રાણી૦ ૩
જુગતી જોઈને રાખ્યો જરાયે, ખોટો બધો છે આ ખેલ. પ્રાણી૦ ૪
ચાર ગતિમાં જીવ તું ભમીયો, પંચમી ગતિ સંભાળ. પ્રાણી૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તન ધન જોબન તે નથી તારા, અંતે માટીમાં મીલનાર. પ્રાણી૦ ૬
મારૂં મારૂં કરી દાન ન દીધું, સાથે આવે ન તલભાર. પ્રાણી૦ ૭
રાય પ્રદેશી રાજ્યમાં ખુત્યો, ગુરૂ સંગત જુઓ સાર. પ્રાણી૦ ૮
શ્રેણીક રાજા સમકિત પામ્યા, ગુરૂ અનાથી મુનિરાય. પ્રાણી૦ ૯
દાસનો દાસ તું જીવ અભાગીયો, જ્ઞાંન વિમળ ધરો ધ્યાન. પ્રાણી૦ ૧૦

## ૨૨૯
## સુદર્શનશેઠની સજ્ઝાય

શીળ રતન જતને ધરો રે લોલ, જેહથી સહુ સુખ થાય રે. સલુણા,
શેઠ સુદર્શનની પરે રે લો, સંકટ સહુ મીટ જાય રે. શી. ૧
અંગ દેશ ચંપાપુરી રે લો, દધિવાહન ભૂપાળ રે; સ૦
અભયા પ્રમુખ અંતેઉરી રે લો, સુંદર લહે સુકુમાર રે. સ૦ ૨
શેઠ સુદર્શન તિહાં વસે રે લો, નારી મનોરમા કંત રે; સ૦
કાય સમો રૂપે કરી રે લો, વ્રતધારી ગુણવંત રે. સ૦ ૩
અથડાયા રાણી એકદારે લોલ, કેળવી કૂડ મંડાણ રે; સ૦
કાઉસ્સગ્ગ કરતા શેઠજી રે લો, અણાવ્યા નિજ ઠાણ રે. સ૦ ૪
ઉપસર્ગ કીધા આકરાં રે લોલ, પણ નવિ ચૂકયા તેહ રે; સ૦
આળ અલીક દીયો તીણે રે લોલ, નૃપ સવિ સદ્દહે દેહ રે. સ૦ ૫
શેઠ ભણી પૂછે ઇશો રે લો, કહો એ કવણ વૃત્તાંત રે; સ૦
શેઠ મુખે બોલે નહી રે લો, રૂઠયો ભૂપ અત્યંત રે. સ૦ ૬
મરણ દુઃખ કીયો તદા રે લો, કીધી વિટંબના ભૂર રે; સ૦
તસ ઘરણી કાઉસ્સગ્ગ રહી રે લો, કષ્ટને કરવા દૂર રે. સ૦ ૭
શાસન સુરી સાનિધ્યથી કરી રે લો, પ્રગટયો પુણ્ય પંડુર રે. સ૦
શૂળી સિંહાસન થયું રે લો, શીલ પ્રભાવ સનૂર રે; સ૦ ૮
રાજા બહુ આદર કરી રે લો, પહુંચાવ્યો નિજ ગેહ રે. સ૦
સબ અપરાધ ખમાવીઆ રે લો, વ્યાપો સુજસ અછેહ રે; સ૦ ૯
અનુક્રમે સંયમ આદર્યો રે લો, સાર્યા આતમ કામ રે. સ૦
કેવળ લહી મુગતે ગયા રે લો, શેઠ સુદર્શન સ્વામ રે. સ૦ ૧૦
મગધ દેશ પાટલી પુરી રે લો, વાંદે શ્રી મુનિ ભાણ રે. સ૦
અમૃત ધર્મ સંયોગથી રે લો, શિષ્ય ક્ષમા કલ્યાણ રે. સ૦ ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૩૦

## નરક દુઃખની સજઝાય

હાંરે લાલા પાપકર્મથી પ્રાણીયા, ઉપજે નરક મોઝાર રે લાલા;
પરમાધામી પરસ્પર વેદના, વેદના ક્ષેત્ર વિચાર રે લાલા. ભવ તરણી કરણી કરો. ૧

હાંરે લાલા ત્રિહુ નરકે ત્રણ વેદના, બીજા ત્રિકમાં હોય રે લાલા;
સાતમી એ ક્ષેત્ર એહથી, ક્ષણભર સુખ ન હોય રે લાલા. ૨

હાંરે લાલા લાઠી લંગર કોરડાં, ચાબુક તણાં દે પ્રહાર રે લાલા;
ઝર પકડ કર બાંધીને, દેવે મુદ્ગર માર રે લાલા. ૩

હાંરે લાલા સાંકળે ઘાલી સામટા, મારે તે વિવિધ પ્રકાર રે લાલા;
ઘોર અંધારે ઘાલીને, પડીઆ કરે પોકાર રે લાલા. ૪

હાંરે લાલા તિક્ષણ રૌદ્ર પરિણામથી, જીવ ઘણા સંસાર રે લાલા;
વૈર બાંધી ઉપન્યાં, નરકમાં પામે તે દુઃખ અપાર રે લાલા. ૫

હાંરે લાલા પરમાધામી એ ઘેરીયાં, સાંકળે ઘાલ્યાં સોયરે લાલા;
શસ્ત્ર ઉઘાડા તે લાવે, મરણ લાગ્યા તોય રે લાલા. ૬

હાંરે લાલા જીવ હિંસા પાપે કરી, હુવા તેં નારકી જેહ રે લાલા;
પરમાધામી તેને મારવા, ઘાલે કુંભી ગેહ રે લાલા. ૭

હાંરે લાલા જાતાં વાડ ઝંઝોરતાં, ચપલ સ્વભાવી જીવ રે લાલા;
માથે મુદ્ગર પડતાં થકા, બહુલી પાડે રીવ રે લાલા. ૮

હાંરે લાલા રણ તણા રસિયા સુણી, સુણી કરતા તાન રે લાલા;
ધર્મકથા નવિ સાંભળે, તેનાં કાપે કાન રે લાલા. ૯

હાંરે લાલા પર રમણીનાં રૂપનો, વિષય વખાણ્યો જોય રે લાલા;
દેવ ગુરૂ નિરખ્યા નહી, તેની આંખો કાઢે સોય રે લાલા. ૧૦

હાંરે લાલા એહવું જાણીને ચેતજો, એહી શિખામણ સાર રે લાલા;
ખિમા વિજય મુનિ એમ કહે, તુમે રાખો ધર્મશું પ્યાર રે લાલા. ૧૧

## ૨૩૧

## આત્માની સજઝાય

હુંતો પ્રણમું સદ્ગુરૂ રાયા રે, માતા સરસ્વતીના વંદુ પાયા રે;
હુંતો ગાવું આતમરાયા જીવનજી, બારણે મત જાજો રે;
બારણે મત જાજો રે, તુમે ઘેર બેઠા ને કમાવો રે જી. બા૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તારી બાહિર દુરમતી રાણી રે, કહેતા કુમતી કહેવાણી રે;
તને ભોળવી બાંધશે તાણી જી. બા૦ ૨
તારા ઘરમાં છે ત્રણ રત્ન રે, તેનું તું તો કરજે યત્ન રે;
એ તો અખૂટ ખજાનો છે ધન્ન રે. જી. બા૦ ૩
તારા ઘરમાં પેઠા છે ધુતારા રે, તેને કાઢો ને પ્રીતમ પ્યારા રે;
તેથી તુમે જ રહોને ન્યારા રે. જી. બા૦ ૪
સત્તાવન ને કાઢો ઘરમાંથી રે, તેત્રીશને કહો જાય અહીંયાથી રે;
પછી અનુભવ જાગશે મહીથી. જી. બા૦ ૫
સોલ કષાયને દીયો શીખ રે, અઢાર પાપ સ્થાનની મંગાવી ભીખ રે;
પછી આઠ કર્મની શી બીક રે. જી. બા૦ ૬
ચારને કરો ચકચૂર રે, પાંચમી હું થાઉં હજુર રે;
પછી પામો આનંદ ભરપૂર રે. જી. બા૦ ૭
વિવેક દીવો કરી અજુઆળો રે, મિથ્યાત્વ અંધકાર ટાળો રે;
પછી અનુભવ સાથે મહાલો રે. જી. બા૦ ૮
સુમતી સાહેલી શું ખેલી રે, દુરમતીનો છેડો મેલી રે;
પછી પામો મુક્તિ ગઢ હેલી રે. જી. બા૦ ૯
મમતાને કેમ ન મારી રે, જે તે બાજી કાંઇ હારી રે;
પછી પામશો ભવનો પારી રે. જી. બા૦ ૧૦
શુદ્ધ દેવગુરુ શું પસાય રે. મારો જીવ આવે કાંઈ જાય રે;
પછી આનંદ ઘન મન થાય રે. જી. બા૦ ૧૧

## ૨૩૨
## ચા દેવીની સજઝાય

જાઉં તારી બલિહારી હો, ચા દેવી જાઉં તારી બલિહારી;
દેશ પરદેશ ને ગામો ગામને, વશ કીધા તેં ભારી હો. ૧
ધર્મશાળા મુસાફીર ખાના, જ્યાં ત્યાં તારી સવારી;
બુઢાબાળ જુવાન નરનારી, સેવા કરે સૌ તારી. ચા દેવી૦ ૨
ભૂલી ભગવાનને તને ભજે છે, તું છે ચિત્ત હરનારી;
સાધુ સંત ત્યાગી વૈરાગી, તેની સંજ્ઞા ન વારી હો. ચા દેવી૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તારા વિના તેને ન ચાલે, તું લાગે છે બહુ પ્યારી;
ઉજમણું સંઘ પોથી પારણે, હોય તારી તૈયારી. ચા દેવી૦ ૪
વિવાહ ખર્ચે સગાં આવે ત્યાં, આખી રાત ઉડનારી;
ચાલતાં ચાર જણ ભેગાં મલે ત્યારે, નીકળે છે વાત તારી. ચા દેવી૦ ૫
તારા પંજામાં આવી ફસાણી, કરે તેહની ખુવારી;
શેરીનાં નાકે મહોલ્લાના મુખમાં, ઠેર ઠેર હોટલ ભારી. ચા દેવી૦ ૬
અળગણ પાણીમાં ઉકળે તું તો, સહુને સરીખા કરનારી;
દૂધનો દાટ વાળી, ખાનુ ખરાબ કરી, હાડમાંસને ચૂસનારી. ચા દેવી૦ ૭
રોગ શોકમાં રંગે રાતી, તારી ગતિ છે ન્યારી;
ખેડૂત મજુરો કોઇને ના છોડે, ખરા ખેતરમાં સવારી. ચા દેવી૦ ૮
અડધી કોફીમાં ત્રણ ભાગ તાહરા, બચ્ચાને ભૂખે મારનારી;
મ્હેર આણી ને જમની માતા, કરજે જવાની તૈયારી. ચા દેવી૦ ૯
ખૂવાર થઈ ને જવું જ પડશે, શાંતિથી જાય તો સારી;
હાર્ટ ફેલ જેવા રોગ ઉપજાવે, મરણ સંખ્યાને વધારી;
કર્પુર કહે એ જીવતી ડાકણ, જલ્દી કરો દેશપારી. ચા દેવી૦ ૧૦

## ૨૩૩
## ભરતચક્રવર્તીની સજ્ઝાય

આભરણ અલંકાર સઘળા ઉતારી, મસ્તકે સેંતી પાગી;
આપો આપ થઇને બેઠા, તવ દેહ દીસે છે ત્યાગી ભરતેશ્વર,
ભૂપતિ ભયો રે વૈરાગી. ૧
અનિત્ય ભાવના ઐસી રે ભાવી, ચાર કરમ ગયા ભાગી;
દેવતાએ દીધો ઓઘો મુહપત્તિ, જેહ જીન શાસન રાગી. ભૂપતિ૦ ૨
સ્વાંગ દેખી ભરતેશ્વર કેરો, સહીયરો હસવાને લાગી;
હસવાની અબ ખબર પડેગી, રહેજો અમશું આઘી. ભૂપતિ૦ ૩
ચોરાશી લાખ હયવર ગયવર, છન્નુ ક્રોડ હે પાગી;
ચોરાશી લાખ રથ સંગ્રામી, તત્ક્ષણ દીધા છે ત્યાગી. ભૂપતિ૦ ૪
ચાર ક્રોડ મણ અન્ન નિત્ય સીઝે, દશ લાખ મણ લુણ લાગી;
ચોસઠ સહસ અંતે ઉરી ત્યાગી, સુરતા મોક્ષસેં લાગી. ભૂપતિ૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અઠતાલીશ કોસમાં લશ્કર પડે છે, દુશ્મન જાય છે ત્યાગી;
ચૌદ રત્ન તો અનુમતિ માગે, મમતા સહસશું ભાગી. ભૂપતિ૦ ૬
તીન ક્રોડ ગોકુળ ધણ ધ્રુજે, એક ક્રોડ હળ ત્યાગી;
ચોસઠ સહસ અંતેઉરી ત્યાગી, મમતા સહુસુ ભાગી. ભૂપતિ૦ ૭
ભરી સભામાં ભરતેશ્વર બોલ્યા, ઉઠો ખડા રહો જાગી;
આ લોક ઉપર નજર ન દેશો, નજર દેજો તુમ આઘી. ભૂપતિ૦ ૮
વચન સુણી ભરતેશ્વર કેરા, દશ સહસ્ર ઉઠયા છે જાગી;
કુટુંબ કબીલો હાટ હવેલી, તત્ક્ષણ દીધા છે ત્યાગી. ભૂપતિ૦ ૯
એક લાખ પૂરવ લગે સંયમ, પાળી કેવલ સાર;
શેષ અઘાતી કર્મ ખપાવી, પહોચ્યાં મુક્તિ મોઝાર. ભૂપતિ૦ ૧૦

## ૨૩૪
## શ્રી સ્થૂલીભદ્રજીની સજ્ઝાય

શ્રી મહાવીર જિનેસરૂ, ત્રિભુવન ગુરૂજી;
તસુ અષ્ટમ પટધાર, શ્રી સ્થુલીભદ્ર નમો. ૧
પાટિલ પુત્ર સોહામણું મહિ મંડણુંજી, તિહા પાયો અવતાર. ૨
નંદ નરિંદ મંત્રીશ્વરૂ, ગુણ આગરૂજી, શ્રી સકડાલ સુપુત્ર. ૩
લાછલદે નંદન ભલો, સુનિ ગુણ નિલોજી, નાગરદ્વિજ કુલ દીપ. ૪
શ્રી સંભૂતિ વિજય ગુરૂ, પૂરવ ધરૂજી, વ્રત લીધુ તસુ પાસ. ૫
કોશ્યા વેશ્યા પ્રતિ બોધવે, સુગુરૂ તવેજી, દુક્કર દુક્કર કાર. ૬
ચાર પૂરવ શિષ્યો વળી, શ્રુત કેવળીજી, શ્રી ભદ્ર બાહુ સમીપ. ૭
સંયમ પાળ્યો નિર્મળો, ત્રિવિધે ભલોજી, જંગમ યુગ પ્રધાન. ૮
પંચ માસ પંચ દિન સહી, ઉપર કહીજી, વરસ નવાણું આય. ૯
કરી અણસણ આરાધના,શુભ વાસનાજી,પહોંચ્યા સ્વર્ગ મોઝાર. ૧૦
ચોરાશી ચોવીશી લગે, જસ જગમગેજી, રહેશે જેનું નામ. ૧૧
વસુયુગ ચંદ્ર સંવત્સરે, પાટલી પુરેજી, જસુપદ થાપના કીધ. ૧૨
વાચક અમૃત ધર્મનો, થુણે શુભ મનોજી, શિષ્ય ક્ષમા કલ્યાણ. ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૩૫
## નેમ રાજુલની સજઝાય

હલકો હાંકોને સ્વામી, હાથીયો હો લાલ, હું આવું તુમારી પાસરે નગીના નેમ.
ત્યારે તમે ત્યાંથી ચાલજો હો લાલ, મુજને મળવાની ઘણી હોંશ રે. ન૦ ૧

ભેળા થઇને મુજને ભાવથી હો લાલ, વળતી વનમાંહી જાવ રે;
તોરણથી શું પાછા વળો હો લાલ, ભંગ કરીને મારા ભાવ રે. ન૦ ૨

દયા જાણી તિર્યંચની હો લાલ, તેવી જાણી મુજ નાથ રે;
આશા પૂરણ કરો આ સમે હો લાલ, હેતે ગ્રહીને મારો હાથ રે. ન૦ ૩

દયાલુ થઇને દીલમાં હો લાલ, દૂરે કરો મારૂં દુઃખ રે;
હુંશ ઘણી છે હૈયા વિષે હો લાલ, તુમશું ભોગવવા સુખ રે. ન૦ ૪

પોચી ચતુરા તિહાં ચોપથી હો લાલ, કરતી અતિ ઉચાટ રે;
આગળ આવી ઉભી રહી હો લાલ, રોકી રસીલાની વાટ રે. ન૦ ૫

પકડી કરને કાંડે કરગરે હો લાલ, જોવંતી જોડીને હાથ રે;
અપરાધ શો અબળા તણો હો લાલ, નક્કી કહો તમે નાથ રે. ન૦ ૬

કહ્યું માન્યું નહી કોઈનું હો લાલ, જ્યારે તમે જદુરાય રે;
ત્યારે પડયું મારે આવવું હો લાલ, એકલા ચાલીને પાય રે. ન૦ ૭

રાખોને રાજવી માહરો હો લાલ, આવ્યા તણો ઈતબાર રે;
ઘણી થઇ છે વાતો ગામમાં હો લાલ, કહું શું વારંવાર રે. ન૦ ૮

પરણોને પિયુ પાછા વળી હો લાલ, અંદેશો તજી ઉર રે;
દીન દારા દુભવો નહી હો લાલ, જટ જાવા દ્યો દૂર રે. ન૦ ૯

ના કહેતા નહી થાય છુટકો હો લાલ, કર જોડીને કહું કંથ રે;
ઝાઝું કરો તો યાદવપતિ હો લાલ, આપું નહી જાવા પંથ રે. ન૦ ૧૦

આઠ ભવની પિયુ પ્રીતડી હો લાલ, નવમે ભવ તજી નાર રે;
ગિરિ ગિરનાર પર પામીયા હો લાલ, ધર્મ પસાયે ભવપાર રે. ન૦ ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૩૬
## સુંદરીની સજ્ઝાય

(રૂડે રૂપે રે શીળ સોહાગણ સુંદરી, સુંદરી સુલલિત વયણ રૂડે;
પંકજ દળ સમ નયણ રૂડે. એ રાગ,

સાઠ સહસ વર્ષ દિગ્વિજય કરીને, ભરત અયોધ્યા એ આવ્યા;
બાર વરસ તિહાં ચક્રી પદને, અભિષેકે ન્હવરાવ્યા. રૂડે૦ ૧
એકદિન ચક્રી સુંદરી દેખે, બાહુબળી ની બહેન;
દિનકર તેજે ચંદ્રકળા જીમ, રૂપકાંતિ થઈ ખીણ. રૂડે૦ ૨
વૈદ્ય પ્રમુખ સવિ તેડી કહો, કિશ્યું ઉણું તાત વંશ;
ઘર તેડીને તમે દાખો જે જોઈએ, તે પૂરૂં સદંશ રૂડે૦ ૩
એ વહાલી સુંદરી કિમ કૃશતનુ, તેહ નિદાન કહી જે;
સાઠ હજાર વરસ થયાં એહને, આંબીલનું તપ કીજે. રૂડે૦ ૪
દીક્ષા લેતા તુમહી જે વારી, સ્ત્રી રયણની ઈહા;
તસ નયથી દુર્દ્ધર તપ કીધાં, ધન ધન એહના દીહા. રૂડે૦ ૫
એમ નિસુણી કહે વાત અપત્યમાં, તુંહિ જ મુકુટ સમાણી;
વિષય દશાથી એણી પરે વિરમી, માત સુનંદા જાણી. રૂડે૦ ૬
અમે તો વિષય પ્રમાદે નડિયાં, પડીયો છે સંસાર;
નરપતિ ઉત્સવ સાથે તે, પ્રભુ હાથે લીયે વ્રત ભાર. રૂડે૦ ૭
યુદ્ધે ચક્રી હારી મનાવી, બાહુબળી લીધો દીખ;
વરસ સમે બ્રાહ્મી સુંદરીયે, કહેરાવે પ્રભુ શીખ. રૂડે૦ ૮
ગજ ચઢયા કેવળ ન હોયે વીરા, એમ સુણી માન ઉતારે;
પય ઉપાડી કેવળ પામ્યા, મહોટા અણગાર પ્રભુ પાસે પાઉધારે. રૂડે૦ ૯
અનુક્રમે કેવળ સાધી સાધ્વી, બ્રાહ્મી સુંદર જોડી;
જ્ઞાનવિમળ પ્રભુ ઋષભની બેટી, પ્રણમું હું કરજોડી. રૂડે૦ ૧૦

## ૨૩૭
## વૈરાગ્યની સજ્ઝાય

જોઈ જતન કર જીવડા, આયુ. અજાણ્યું જાય રે,
લે લ્હાવો લક્ષ્મી તણો, પછી કાંઈ નવી થાય રે. જોઈ૦ ૧


Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દુલહો ભવ માણુસ તણો, દુલહો દેહ નિરોગી રે;
દુલહો દયા ધર્મ વાસના, દુલહો સુગુરૂ સંયોગ રે. જો૦ ૨
દિન ઉગે દિન આથમે, ન વળે કોઈ દિન પાછો રે;
અવસરે કાજ ન કીધલું, તે મનમાં રહેશે લાછો રે. જો૦ ૩
લોભ લગે લખ સંચીયા, તેં પર ધન હરી લીધાં રે;
કેડે ન આવે કોઇને, કેડે કરમ રહયાં કીધાં રે. જો૦ ૪
માતા ઉદરે ઉંધો રહ્યો, કોડી ગમે દુઃખ દીઠાં રે;
યોની જનમ દુઃખ જે હુવે, તે તુજ લાગે છે મીઠાં રે. જો૦ ૫
હૈ હૈ ભવ એળે ગયો, એકો અરથ ન સાધ્યો રે;
સદ્ગુરૂ શીખ સુણી ઘણી, તો પણ સંવેગ ન વાધ્યો રે. જો૦ ૬
માન મને કોઇ મતિ કરો, જમ જિત્યો નવિ કેણે રે;
સુકૃત કાજ ન કીધલું, એ ભવ હાર્યો છે તેણે રે. જો૦ ૭
જપ જગદીશના નામને, કાંઇ નચિંતો તું સુવે રે;
કાજ કરે અવસર લહી, સવિ દિન સરીખા ન હુવે રે. જો૦ ૮
જગ જાતો જાણી કરી, તિમ એક દિન તુજ જાવો રે;
કર કરવો જે તુજને હુવે, પછી હોશે પસ્તાવો રે. જો૦ ૯
તિથિ પર્વે તપ નવિ કર્યો, કેવળ કાયા તેં પોષી રે;
પરભવ જાતાં ઈણ જીવને, સંબળ વિણ કિમ હોસે રે. જો૦ ૧૦
સુણ પ્રાણી પ્રેમે કહી, લબ્ધિ લહી જિમ વાણી રે;
સંબળ સાથે સંગ્રહો, ઈમ કહે કેવળ નાણી રે. જો૦ ૧૧

## ૨૩૮
## અનિત્ય સંબંધની સજ્ઝાય

કુહેના રે સગપણ કેહની માયા, કેહના સજ્જન સગાઈ રે;
સજ્જન વરગ કોઇ સાથે ન આવે, આવે આપ કમાઈ રે. ૧
મારૂં મારૂં સૌ કહે પ્રાણી, તહારૂં કોણ સગાઈ રે;
આપ સવારથ સહુને વહાલો, કુણ સજ્જન કુણ માઇ રે. ૨
ચુલણી ઉદરે બ્રહ્મદત્ત આયો, જુઓ માત સગાઈ રે;
પુત્ર મારણને અગ્નિ જ દીધી, લાખનાં ઘર નિપજાઇ રે. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કાષ્ટ પિંજરમાં ઘાલીને મારે, શસ્ત્ર ગ્રહી દોડે ધાઈ રે;
કોણીકે નિજ તાત જ હણીયો, તો કિહાં રહી પુત્ર સગાઈ રે. ૪
ભરત બાહુબળ આપે લડીયા, આયે સજ્જ થાઈ રે;
બાર વરસ સંગ્રામ જ કીધો, તો કિહાં રહી ભ્રાતૃ સગાઈ રે. ૫
ગુરૂ ઉપદેશથી રાય પ્રદેશી, સુધો સમકિત પાઇ રે;
સ્વારથ વિણ સુરકાન્તા નારી, માર્યો પિયુ વિષ પાઇ રે. ૬
નિજ અંગજનાં અંગજ છેદે, જુઓ રાહુ કેતુ કમાઈ રે;
સહુ સહુને નિજ સ્વારથ વ્હાલો, કુણ ગુરૂ ને કુણ ભાઇ રે. ૭
સુભુમ પરશુ રામ જ દોઇ; માંહો માંહે વેર બનાઇ રે;
ક્રોધ કરીને નરકે પહોંચ્યા, તો કિહાં ગઇ તાત સગાઈ રે. ૮
ચાણાકયે તો પર્વત સાથે, કીધી મિત્ર સગાઇ રે;
મરણ પામ્યો ને મનમાં હરખ્યો, તો કિહાં રહી મિત્ર સગાઈ રે. ૯
આપ સ્વાસ્થ સહુને વહાલો, કુણ સજ્જન કુણ માઇ રે;
જમ રાજાનો તેડો આવ્યો, ટગટગ જોવે ભાઈ રે. ૧૦
સાચો શ્રી જીન ધર્મ સખાઇ, આરાધો લય લાઈ રે;
દેવવિજય કવિનો શિષ્ય ઇણીપરે, કહે તત્ત્વ વિજય સુખ દાઇ રે. ૧૧

## ૨૩૯

## દેવલોકની સજઝાય

સુધર્મા દેવલોકમાં રે, વૈમાન બત્રીશ લાખ;
કેઇ ભોળા શંકા કરે રે, એ તો ભગવતી સૂત્રની સાખ;
પુણ્યના ભવ જોજો. ૧
સુધર્મા દેવલોક માંહે, પાંચસે જોજન મહેલ;
સત્તાવીશ યોજન ભોંઈ તળીયાં રે ભાઇ,
એ સુખ નહિ સહેલ રે. ૨
વેગ ગતિ ચાલે દેવતા રે, લાખ જોજન કરે દેહ;
એકે કા વિમાનનો રે ભાઈ, નાવે છટ્ઠે મહિને છેહ રે. ૩
હાવ ભાવ કરતી થકી રે, દેવીઓ આવે હજુર;
આ ઠામે આવી ઉપન્યાં રે, સ્વામી શા કીધાં પુણ્ય પૂર્વ રે. ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નામ બતાવો ગુરૂ તણું રે, નિર્લોભી ઋષીરાય;
ભવસાગરમાં બુડતાં રે, તુમ હાથ લિયો સઝાય રે. ૫
નીરલોભી ન લાલચી રે, માગી બદામ ન એક;
દુર્ગતિ પડતાં રાખીયો રે, મને મોકલીયો દેવલોક રે. ૬
દેવ પ્રત્યે દેવીયો કહે રે, સુણો વલ્લભ મોરા નાથ;
નાટક જુઓ એક અમ તણું રે, પછી જઈ કહેજો વાત રે. ૭
એક નાટક કરતાં થકાં રે, ગયાં વર્ષ હોય હજાર;
દેવતા મનમાં ચિંતવે રે, હવે કરવો કવણ વિચાર રે. ૮
સઘળું કુટુંબ પુરૂં થયું રે, હવે કહે શું કેહને જાય;
દુર્ગંધ ઉઠે મનુષ્ય લોકની રે, હવે જાય અમારી બલાયરે. ૯
ઉદયરત્ન વાચક કહે રે, દેવલોકની સજ્ઝાય;
ભણે ગણે ને સાંભળે રે, તેના પાતક દૂરે પલાય રે. ૧૦

## ૨૪૦
## આત્મ શિક્ષાની સજ્ઝાય

પ્યારી તે પિયુને પ્રીછવે, પેખી નજીક પ્રયાણ રે, પંથીડા બટાઉડા;
આજનો વાસો રે તું તો ઇહાં વસ્યો, કાલનાં કિહાં હોશે મેલાણરે પં૦ ૧
ચાર દિશે રે ફરે ચોરટા, જીવન સુતો જાગે રે; પં૦
ચરણે ચારિત્ર ધર્મરાયને, લાગી શકે તો લાગ રે. પં૦ ૨
રાંધણ આદિ મહારોગ જે, લાગ્યા તાહરી બાર રે; પં૦
આવે છે તેડું તેડા ઊપરે, બહુ કાળનું તાહરે બાર રે. પં૦ ૩
પરદેશી આણા પાછો નહી ફરે, સાસર વાસો સજ્ય રે; પં૦
સાસ ચલંતે ભગવંતને, ભજી શકે તો ભજ્ય રે. પં૦ ૪
માથે નગારાં વાજે મોતનાં, હાથે તે આવે સાથ રે; પં૦
ખાશે કુટુંબ ખોખરા કરી, બાકી તાહરી હાથ રે. પં૦ ૫
મદનો છાકયો રે ન લહે તું મને, ડગ ડગ દેવની ડાંગ રે; પં૦
જો તું વાળે રે તો જાણું ખરો, ખોહયા ભવનાં ખાંગ રે; પં૦ ૬
સુખ તું માણે છે ધણની સેજમાં, ધણ તે ધૂતારી છે ધીઠ રે; પં૦
ગરથ ખાઈને ગણીકાની પરે, આખર હોશે અદીઠ રે. પં૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મમતા વાહયો રે તું થઇ મોટકો, પર શું માંડે છે પ્રીત રે; પં૦
આપ સ્વરૂપ નવિ ઓળખે, અનેક ચલાવે અતીત રે. પં૦ ૮
ભૂત ભૂત માંહે જાશે ભળી, દાવો રહેશે દામ રે; પં૦
બાહ્ય કુટુંબ મળ્યું છે બહુ, પણ કોઇ ન આવે કામ રે. પં૦ ૯
ચેતન જીવ પિયુને ચેતના, બાળા બૂજવે એમ રે; પં૦
અચેતન સાથે એહવી આશકી, કહીને કીજે કેમ રે. પં૦ ૧૦
ઉદય વદે જે અરિહંતના, આશક હોશે અતીવ રે; પં૦
પડશે નહિ જે મોહના પાશમાં, મુગતે જાશે તે જીવ રે. પં૦ ૧૧

## ૨૪૧
## આત્મ શિક્ષાની સજ્ઝાય

સમય સંભાળો રે આખર ચાલવું, સંબલ લેજે સાથ હોરે હોરે સુણ પંથીડા;
સાથી તાહરા રે પંડે પરવર્યા, તાળી લેઈ લેઈ હાથ. હોરે. સુણ૦ ૧
વહાલાં વોળાવી રે વળશે તાહરાં, વચમાં વસમી વાટ; હોરે.
વિણ વિસામે રે પંથ ઓલંઘવો, ઉતરવો નરકનો ઘાટ. હોરે૦ ૨
આજનો વાસો રે ઇણ મંદિર વસ્યો, વિષયનો માંડયો વ્યાપાર હોરે;
કાલનાં ઉતારા રે કહો કિહાં હોશે, નહિ તેહનો નિરધાર. હોરે૦ ૩
જિહાં તિહાં લાગે રે જમનો જીજિયો, બેસે બહુ બેસરાણ; હોરે.
ઘરનાં ભાડાં રે વળી ભરવાં પડે, નિત્ય નવલાં રહેઠાણ હોરે૦ ૪
ડગલે ડગલે રે દાણ ચૂકાવવું, નિત્ય નવલાં મહેલાણ; હોરે.
પરવશ પણે રે પંથે ચાલવું, નહિ કોઈ આગે વહાણ. હોરે૦ ૫
યૌવન સસલો રે જરા કુતરી, કાળ આહેરી કબાણ હોરે;
બાણ પુરીને રે પંથે બેસી રહ્યો, નહિ મહેલે નિરમાણ. હોરે૦ ૬
તું નહિ કેહનો રે કોઈ નથી તાહરૂં, લોભ લગે એહ છે લોક હોરે,
પરદેશી શું રે કોણ કરે પ્રીતડી, કાં પડયા ફંદમાં ફોક. હોરે૦ ૭
વીશ વટાઉરે સુણ એક વીનતી, ચાલ તું મુક્તિ ને પંથ હોરે;
સદ્‌ગુરૂ તુજને રે સંબલ આપશે, ભાંગશે ભવની સહુ ભ્રાંતિ. હોરે૦ ૮
કાસીદું કરંતા રે કાળ બહુ ગયો, તોહે નાવ્યો પંથનો પાર. હોરે;
ઉદય કહે અરિહંત ને ભજો સહી, તો તરશો સંસાર. હોરે૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૪૨

## અનાગ્રહે અગ્નિભૂતિ વાયુભૂતિની સજ્ઝાય

પ્રણમું તે ઋષીરાયને, સદ્દહણા હો જેહ શુદ્ધ ધરંત કે,
દોષ ખપાવી આપણો, નિજ ચારિત્ર હો નિકલંક તરત કે. ૧

સૂધા સાધુને સેવીએ, જેહને નહી હો પ્રમાદ પ્રસંગ કે;
ગ્યાન ના રંગ તરંગમાં, જેહ લીના હો નિતુ જ્ઞાની સંગકે. આંકણી
મોકા નગરીએ વીર નઇ, અગ્નિભૂતિ હો પૂછિઓ કરી ભક્તિ કે;
ભગવાન રિદ્ધિ ચમરિંદની, કહો કેહવી હો વિકુર્વણા સગતિકે. સૂધા૦ ૨

વદતું વીર વદે ઈસ્યું, તસ ભવન હો છે ચઉત્રીશ લાખ કે;
ચઉસઠિ સહસ સામાનિકા, ત્રાય ત્રિંશક હો તેત્રીસની લાખ કે. સૂધા૦ ૩

લોકપાલ ચઉ સરીખા, અગ્રમહિષી હો પણ સપરિવાર કે;
કટક સાત તિગ પરષદા, પતિ કટકના હો સાતે ઝુઝાર કે. સૂધા૦ ૪

ચઉસઠિ સહસ ચઉદ્દિશિ, અંગરક્ષક હો બીજા પણ દેવ કે;
ગીત ગાન નાટિક કરે, આણા વહે હો સારૈ નિતુ સેવ કે. સૂધા૦ ૫

વૈક્રિય શક્તિ સુણો હવે, નિજ રૂપે હા ભારે જંબૂદ્વીવ કે;
અહવા અસંખ્ય દ્વીવો દહિ, પણ કેવલ હો એહ વિષય સદીવ કે. સૂધા૦ ૬

સામાનિક ત્રાય ત્રિંસની; ઈમ કહવિ હો વૈક્રિયની સગતિ કે;
લોકપાલ અગ્રમહિષીને, દ્વીપ સમુદ્રની હો સંખ્યાતી વિગતિ કે. સૂધા૦ ૭

અગનિ ભૂતિ ઈમ સાંભલી, વાયુ ભૂતિને હો નિકટે આવંત કે;
અણપૂછે સવિ ઉપદિશ્યો, વાયુભૂતિ હો ન હુ તે સદ્દહંત કે. સૂધા૦ ૮

ઉઠી જીન પાસે ગયો, સહ જાતનું હા ભાષિત પૂછેય કે;
એહ સવિ સાચું જિન કહે, ઇમ ગૌતમ હો હું પણ ભાખેય કે. સૂધા૦ ૯

જિન વયણે નિશ્ચય કરી, સોદર નેં હો આવી ખામંત કે;
ઈમ સદ્દહણા શુદ્ધતા, જેહ રાખે હો તેહ ધન્ય મહંત કે. સૂધા૦ ૧૦

ભગવતી ત્રીજા શતકમાં, ભગવંત હા ભાખ્યો એહ ભાવ કે;
માન વિજય ઉવજ્ઝાયને, ઇમ આવે હો સદ્દહણા ભાવ કે. સૂધા૦ ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૪૩
## સાત વ્યસનની સજઝાય

વાર તું વ્યસન સપ્તકમિદં, જીવ તું જોય મનમાં વિચારી;
દ્યુત માંસ ઉંશ વાર વનિતા વળી, ચોર મૃગયા પારકીય નારી. વાર૦ ૧
રૂપવંતી બહુ ગુણયુતા કુળવંતી, સુતવતી નિજપતિ પ્રેમે લીધી;
એક જ દ્યુતના વ્યસનથી, નિજવશા, પરવશા તોય નળરાયે કીધી. વાર૦ ૨
માંસના વ્યસનથી વનમાંહિ હરિણલી, બાણે વેધી પરાક્રમ વખાણે;
શ્રેણીક નરપતિ શ્રવણપિતૃ ભક્તિ યુત, નરકે ગયો તે સહુ લોક જાણે. વાર૦ ૩
દ્વારકા દ્વારિકા સ્વર્ગ નગરી તણી, લાસિતા યાદવા પતિ મુરારિ;
વિસ્તૃતા બાર જોયણ વને પૂરિતા, ચૂરિતા તેહ દ્વૈપાયનારિ. વાર૦ ૪
નયર વસંત વસંત બંધવ સમો, વસિત ધમ્મિલ જસ દ્રવિણ કોડી;
સકળ નિજ ગેહ સુખ છોડી વેશ્યા તણી, સંગતે પામીયો દુઃખ કોડી. વાર૦ ૫
ચોરિકા વ્યસનથી દુઃખ દુર્ગતિ તણાં, ભાજના–તેજના ભવન માંહી;
ચોર મંડૂક હરિ, ચિત્રક પ્રમુખને, રાજ દંડાદિ દુઃખ નરક પ્રાહી. વાર૦ ૬
દુઃખનું ઘર થયો જેહ મૃગયા થકી, રાઘવો વનમાંહિ રહેલી સીતા;
હરણને મારવા નિજ વશા હારવા, લંપટી રાવણે લીધી સીતા. વાર૦ ૭
વાસુદેવાર્ધ સમ ઋદ્ધિ સેના યુતો, જાસ મહીમાંહી મહિમા વિરાજે;
પ્રબળ લંકાધિનાથો પરસ્ત્રી થકી, નારકી તત્ર અદ્યાપિ ગાજે. વાર૦ ૮
એમ અનેક થયા એક વ્યસન થકી, દુઃખીયા થયા તે કહેવાય કેતું;
જેહને સાત વ્યસન હોય મોકળાં, તે લહે દુઃખ મેરૂ જેતું. વાર૦ ૯
એમ જાણી થકી વ્યસને વારિયે, ધારિયે ધર્મવર ધરિય નેહા;
સંયમે ધીરગુરૂ ચરણ આરાધિયે, નય કહે જિમ લહિયે સુખ સમૂહા. વાર૦ ૧૦

## ૨૪૪
## મનક મુનિની સજઝાય

નમો નમો મનક મહામુનિ, બાળપણે વ્રત લીધો રે,
પ્રેમ પિતા શું રે પરઠીયો, માયશું મોહ ન કીધો રે.
નમો નમો મનક મહામુનિ. ૧

પૂરવ ચૌદ પૂરવ ધણી, સિજ્જંભવ જસ તાતો રે;
ચોથો પટધર શ્રી વીરનો, મહિયલ માંહી વિખ્યાતો રે. નમો૦ ૨
શ્રી સિજ્જંભવ ગણધરે, ઉદ્દેશી, નિજ પુત્રો રે;
સયળ સિદ્ધાંતથી ઉદ્ધરી, દશવૈકાલિક સૂત્રો રે. નમો૦ ૩
માસ છએ પૂરવ ભણ્યો, દશ અધ્યયન રસાળો રે;
આળસ અંગથી પરિહરી, ધન ધન એ મુનિ બાળો રે. નમો૦ ૪
ચારિત્ર ષટ માસ વાડલા, પાળી પુણ્ય પવિત્રો રે;
સ્વર્ગ સમાધે સિધાવિયો, કરી જગજનને મિત્રો રે. નમો૦ ૫
પુત્ર મરણ પામ્યા પછી, સિજ્જંભવ ગણધારો રે;
બહુશ્રુત દુઃખ મનમાં ધરે, તેમ નયણે જળધારો રે. નમો૦ ૬
પ્રભુ તમે વેહુ પ્રતિબોધવા, શમ સંવેગીયા સાધ રે;
અમે આંસુ નવિ દીઠડાં, તુમ નયણે નિરાબાધ રે. નમો૦ ૭
અમને એ મુનિ મનકલો, સુત સંબંધથી મળીયો રે;
વિણસે અર્થ કહ્યા થકાં, પણ તેણે નવિ કળિયો રે. નમો૦ ૮
શું કહીએ રે સંસારીને, એ એહવી સ્થિતિ દીસે રે;
તન દીઠે મન ઉલ્લસે, જોતાં હિયડલું હીસે રે. નમો૦ ૯
લબ્ધિ કહે ભવિયણ તમે, મ કરો મોહ વિકારો રે;
તો તમે મનક તણી પરે, પામો સદ્ગતિ સાચે રે. નમો૦ ૧૦

## ૨૪૫
## અરણીક મુનિની સજ્ઝાય

અરણિક મુનિવર ચાલ્યા ગોચરીયે, તડકે, દાઝે શીશોજી;
પાય અડવાણે રે વેળુ પરજળે, તન સુકુમાળ મુનીશોજી. અરણિક૦ ૧
મુખ કરમાણું રે માલતી ફુલ જયું, ઉભો ગોખની હેઠોજી;
ખરે બપોરે દીઠો એકલો, મોહી માનિની દીઠોજી. અરણિક૦ ૨
વયણ રંગીલી રે નયણે વીંધીયો, ઋષી થંભ્યા તેણે ઠાણેજી;
દાસીને કહે જારે ઉતાવળી, ઋષી તેડી ઘર આણોજી. અરણિક૦ ૩
પાવન કીજે ઋષી ઘેર આગણું, વોહરો મોદક સારોજી;
નવ જોબન રસ કાયા કાં દહો, સફળ કરો અવતારોજી. અરણિક૦ ૪
ચંદ્ર વદનીયે ચારિત્રથી ચૂકવ્યો, સુખ વિલસે દિન રાતોજી;
બેઠો ગોખે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતોજી. અરણિક૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અરણિક અરણિક કરતી મા ફરે, ગલિયે ગલિયે બજારોજી;
કહો કોણે દીઠો મહારો અરણિકો, પૂંછે લોક હજારોજી. અરણિક૦ ૬
હું કાયર છું રે માહરી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી;
ધિગ્ ધિગ્ વિષયા રે માહરા, જીવને મેં કીધો અવિચારોજી. અરણિક૦ ૭
ગોખથી ઉતરી જનની ને પાય પડયો, મનશું લાજ્યો અપારોજી;
વત્સ તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂંકવું, જેહથી શિવસુખ સારોજી. અરણિક૦ ૮
એમ સમજાવી રે પાછો વાળીયો, આણ્યો ગુરૂની પાસોજી;
સદ્દગુરૂ દીયે રે શીખ ભલી પરે, વૈરાગે મન વાસોજી. અરણિક૦ ૯
અગ્નિ ધિખંતી રે શીલા ઉપરે, અરણિકે અણુસણ કીધુંજી;
રૂપવિજય કહે ધન્ય તે મુનિવરા, જેણ મનવાંછિત લીધુંજી. અરણિક૦ ૧૦

## ૨૪૬
## નદીષેણ મુનિની સજઝાય

સાધુજી ન જઈએ રે પરઘર એકલાં રે, નારીનો કવણ વિશ્વાસ;
નંદિષેણ ગણીકા વચન રહ્યા રે, બાર વરસ ઘરવાસ. સા૦ ૧
સુકુલિની વર કામિની પાંચસેં રે, સમરથ શ્રેણીક તાત;
પ્રતિબુજ્યો વચને જિનરાજને રે, વ્રતની કાઢી રે વાત. સા૦ ૨
ભોગ કરમ પોતે વિણ ભોગવે રે, ન હોવે છુટક બાર;
વાત કરે છે શાસન દેવતા રે, લીધો સંજમ ભાર. સા૦ ૩
કંચન કોમલ કાયા સોસવી રે, વિરસ નિરસ આહાર;
સંવેગી મુનિવર શિર સેહરો રે, બહુ બુદ્ધિ સકલ ભંડાર. સા૦ ૪
વેશ્યા ઘર પહોત્યો અણજાણતો રે, ધર્મલાભ દીપે જામ;
ધર્મલાભનું કામ ઈહાં નહિ રે, અર્થ લાભનો કામ. સા૦ ૫
બોલ ખમી ન શકયા ગરવે ચડયા રે, ખેંચ્યો તરણો નેવ;
દીઠો ઘર સારો અરથે ભર્યો રે, જાણે પ્રત્યક્ષ દેવ. સા૦ ૬
હાવ ભાવ વિભ્રમ વશે આદરી રે, વેશ્યા શું ઘરવાસ;
પણ દિન પ્રતિ દશ દશ પ્રતિબુઝવી રે, મૂકે પ્રભુની પાસ. સા૦ ૭
એક દિવસ નવ તો આવી મલ્યા રે, દશમો ન બુઝે કોય;
આસંગાયત હાસ્ય મિષે કહે રે, પોતે દશમા રે હોય, સા૦ ૮



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નંદિષેણુ ફરી સંયમ લીયે રે, વિષય થકી મન વાળ;
મૂકીને જણુ જે પાછા વળે રે, તે વિરલા ઈણિ કાળ. સા૦ ૯
વ્રત અકલંક જો રાખવા ખપ કરે રે, તો ઈણુ જૂઠે સંસાર;
કવિ જિનરાજ કહે તું એકલો રે, પરઘર ગમન નિવાર. સા૦ ૧૦

## ૨૪૭
## સર્વાર્થ સિદ્ધ વિમાનની સજઝાય

સરવારથ સિદ્ધે ચંદુએ, મોતી ઝુંમક સોહે રે;
મુખ્ય મોતીશું મુક્તાફલ, આફલતા સૂર મોહે રે. ૧
તેણો ઝુંમકડે વચલું મોતી, ચઉસઠ મણનું જાણો રે;
મોતી ચાર વલી તસ પાખલિ, બત્રીશ મણના વખાણો રે. ૨
તેહને પાખતિઆં અતિ નિર્મળ, સોળમણાં અડ મોતી રે;
સુંદરતા તેહની શી કહીએ, આંખડી હરખે જોતી રે. ૩
આઠ મણા મુક્તાફલ સોલસ, તેહને પાસે કહીયા રે;
નિજગુરૂ ચરણ કમળ સેવતાં, ગુરૂ મુખથી મેં લહીયાં રે. ૪
ચિહુંમણ કેરાં તેને પાખતિ, બત્રીસ મોતી દીપે રે;
જે જોવંતા સુરવર કેરી, ભૂખ તૃષા સવિ છીપે રે. ૫
તસ પાખતિઆં દો મણ કેરાં, ચઉસઠ મોતી મુણીયા રે;
તે તેજે ઉદ્યોત કરંતાં, ગુરૂચરણે મેં સુણીયા રે; ૬
એક મણા તસ પાસે મોતી, એકસો અડવીસ દીસે રે;
ઝાકઝમાલ કરે તે તેજે, દેખી સુરમન હીસે રે. ૭
દો શત ને વળી ત્રેપન મોતી, સર્વ થઈને મલીયાં રે;
ત્રિશલા નંદન વીર જિણંદે, કેવલજ્ઞાને કલીયાં રે. ૮
વચ્ચે મોતીશું સવિ મુક્તાફલ, અફલાઈ વાયુ યોગે રે;
ઈણી પરે સુંદર નાદ ઉપજે, સુરને આવે ભોગે રે. ૯
તે મુક્તાફલ નાદ સુણંતાં, સુરની પહોંચે જગીશ રે;
તેહને નાદે લીણા રહેવે, સુરસાગર તેત્રીશ રે. ૧૦
એ સર્વારથ સિદ્ધ તણાં સુખ, પુણ્યે પામે પ્રાણી રે;
ધન હર્ષ સ્વામી વીર જિનેસર, બોલે ઈણીપરે વાણી રે. ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૪૮
## રાજીમતીની સજ્ઝાય

પ્રણમી સદ્ગુરૂ પાય, ગાઈશું રાજીમતી સતીજી;
જિણુરે શીલ અખંડ, પ્રતિબોધ્યો દેવર યતિજી. ૧

નાહ વંદનને હેત, રૈવતગિરી ગઈ કામિનીજી;
મારગ વુઠયા હો મેહ, ચિહું દિશિ ચમકે દામિનીજી. ૨

ભીની ચૂનડી ચીર, તેહ પસારે ગુફા જિહાંજી
દેવર દેખી દેહ, ચતુર ચૂકયો કાઉસ્સગ્ગ તિહાંજી. ૩

બોલ્યો મુનિવર બોલ, મૃગનયણી દેખી કરીજી;
મધુરા કરશ્યા રાજ, તુજ ઉપર પ્રીત મેં ધરીજી. ૪

છાંડો છોકરવાદ, નરકવાસે કાં નડોજી;
વિરૂઆ વિષય વિકાર, ભવસાગરમાં કાં પડોજી. ૫

સુંદર સાંભળો શિખ, કઠીન હૈયું કોમલ કરોજી;
બોલો વચન વિમાસ, પાપે પિંડ કિશ્યો ભરોજી. ૬

જગમેં જોવન જોર, જલતંતુ જિમ ગજ ગ્રહેજી;
યૌવન જલતે પુર, જ્ઞાનનો ગજ અલગો રહ્યોજી. ૭

યૌવન દિવસ બે ચાર, ચંદ્રમુખી રસ ચાખીએજી;
જાદવકુળના જોગીંદ, ઓછી મતિ કિમ રાખીએજી. ૮

તુજ બંધવ મુજ નાહ, સમવસરણ લીલા કરેજી;
જિણુરી મોટી લાજ, સુરપતિ સહુ ચામર ધરેજી. ૯

શરમાણો સુકુલીન, ચારિત્ર ચોકખો ચિત્ત ધર્યોજી;
સતીરી નિસુણી શિખ, ભવસાયર હેલે ઉતર્યોજી. ૧૦

જે પાળે નર શીલ, સુરપતિ સમ જિનવર કહ્યોજી;
હિત વિજય કહે એમ, અવિચલ પદ રાજુલ લહ્યોજી. ૧૧

## ૨૪૯
## વૈરાગ્યની સજ્ઝાય

હો ચેત જીવલડાં મ, કર તું બહુ જંજાલ જો, બાપલડા;
ભોગવીશ જ તું તાહરૂં રે લો. હો ચેત૦

તું જાણતો હૃદય મોઝાર જો, માત ઉદાર થકી, જો હું વહેલો નીસરું રે લો. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હો ચેત જી૦ તો કરૂં ધર્મ સમાધજો, ગર્ભાવાસનાં;
દુઃખ માંહી કદી નવિ પડું રે લો, હો ચેત૦ તિહાં ધરતો ભગવંત ધ્યાનજો;
ઉંધે મુખ તો, જનની કુખ તું ઉપનો રે લો. ૨

હો ચેત જી૦ જન્મ હુઓ જબ તુજ જો, તે દુઃખ તો;
તિહાં સર્વ વિસારીયા રે લો, હો ચેત૦ હર્ષે હુઓ આત અંધજો,
જીહાંથી, નિસર્યો તે હોંશે ઇચ્છતો રે લો. ૩

હો ચેત૦ જી૦ છાંડ સંસાર ગમારજો,
છોડીશ તો સુખ પામીશ તું શિવપુરનાં રે લો;
હો ચેત જી૦ એહ સંસાર અસારજો,
એણે જગમાં, આપણો તે કોઈ નહિ હુઓ રે લો. ૪

હો ચેત જી૦ કેહનાં માય ને બાપજો,
કેહના ભાઈ, ભત્રીજા કેહના દીકરા રે લો;
હો ચેત જી૦ વાદલ વાયુ સંજોગ જો, વાયે તો,
પાછા તે સવિ વિખેરીયાં રે લો. ૫

હો ચેત જી૦ તિમ જગમાં સહુ સ્નેહી જો,
કર્મ સંયોગે આવીને ભેળા થયા રે લો;
હો ચેત જી૦ ભોગવી નિજ નિજ આયજો,
પંખીની પરે, જાયે સવિ ઉડી કરી રે લો. ૬

હો ચેત જી૦ કર્યા શુભાશુભ કર્મ જો,
તુજ સાથે, તે વિણુ બીજો નહિ આવશે રે લો;
હો ચેત જી૦ એહવું નિજમન ધારજો,
ધર્મ પ્રવર્તન, આદરજે, શુભ ભાવથી રે લો. ૭

હો ચેત જી૦ ધર્મથી નવનિધિ થાય જો,
ઈહભવ પરભવ, સાચો ધર્મ સખાઈઓ રે લો;
હો ચેત જી૦ કુણુ રાજા કુણુ રંક જો,
ઇણુ જગમેં, ન રહ્યા કોઇ થિર થઇ રે લો. ૮

હો ચેત જી૦ ધર તપશું બહુ પ્રેમજો,
જેહથી, દુરગતિનાં દુઃખ છેદે પ્રાણીયો રે લો;
હો ચેત જી૦ પંડિત રત્નનો શિષ્યજો,
વિનીત વિજય એમ ભાખે, અતિ ઉલટ ભરે રે લો. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૫૦
## હિત શિખામણની સજઝાય

ગર્ભાવાસમાં એમ ચિંતવતો, ધર્મ કરીશ હું ધાઇ રે;
ઉંધે મસ્તક મલ મૂતરમાં, ગમતું નથી મુજ ભાઇ રે. ૧
જો રે જીવડા તું રે વિચારી, આયુ ખૂટે દિનરાત રે;
પંથી મેળા સમ સર્વ સંબંધી, નિજ નિજ મારગ જાત રે. ૨
જન્મ થયો તવ તેહ વિસરીયો, ઉંહાઉંહા એમ કહંતો રે;
મૂઢપણે રમત બહુ કરતો, પરવશ દુઃખ લહંતો રે. ૩
યૌવન વય વિષયાસંગ લીનો, તરૂણી રસમાં રાતો રે;
અશન વસન આશન પરિગ્રહ, રહે સદા મદમાતો રે. ૪
ધર્મ ન કીધો ધન બહુ વંછી, પુત્રાદિક પરિવરીયો રે;
સગાં સહોદર સગપણ કરતાં, મનમાં કાંઇ ન ડરીઓ રે. ૫
પચાસ સાઠ વરસ લગે પહોતો, તોહી નાથ ન ગાયો રે;
આશા બંધન પડીયો પ્રાણી, લક્ષ્મી કમાવા ધાયો રે. ૬
સીત્તેર એંસી એ બલહીણો, ઓશીઆળો તિહાં થાય રે;
ઘડપણનાં દુઃખ છે અતિ મોટા, કહ્યું ન કરે કોઇ કાંય રે. ૭
પત્ની પ્રેમવતી પણ અળગી, સ્વારથ ન થયો પૂરો રે;
ડગમગતો લાકડીએ હિંડે, શ્વાસ ચડે ભરપૂરો રે. ૮
પરવશ પાસ પડયો તું જીવડા, વિશ્વાસે ધન ખોઇ રે;
ધરમ કરમ સઘલાં નવિ થાયે, રહ્યો ઉદાસે રોઈ રે. ૯
નેવું ઉપર સો વરસ લગે, હોય આયુષ્યની દોરી રે;
હાથે કર્યું તે સાથે આવે, આશ ફલે સવિ તોરી રે. ૧૦
એમ સમજીને ધર્મ કરો જીવ, આગળ સુખ ઘણેરાં રે.
હીરવર્ધન શિષ્ય ક્ષેમ પયંપે, હિત વચન એ ભલેરાં રે. ૧૧

## ૨૫૧
## દાનધર્મની સજઝાય

ચોત્રીશ અતિશય વંત, સમવસરણે બેસી હો, જગગુરૂ;
ઉપદેશે અરિહંત, દાનતણા ગુણ હો પહેલે સુખકરૂ. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દાન દોલત દાતાર, દાન ભાંજે હો ભવનો આમળો;
દાનનાં પાંચ પ્રકાર, ઉલટ આણી હો ભવિયણ સાંભળો. ૨
પહેલું અભય સુદાન, દયા હેતે હો નિજ તનુ દીજીએ;
જીમ મેઘરથ રાજન, જીવ સર્વને હો નિરભય કીજીએ. ૩
બીજુ દાન સુપાત્ર, સત્તર ભેદે હો સંજમ જે ધરે;
નિર્મલવ્રત ગુણ ગાત્ર, તૃણ મણિ કંચન હો અદત્ત જે પરિહરે. ૪
અશનાદિક જે આહાર, હેજે દીજે હો હાજર જે હોવે;
જિમ શાલિભદ્રકુમાર, સુપાત્ર દાને હો મહા સુખ ભોગવે. ૫
અનુકંપા દાન વિશેષ, ત્રીજું દેતાં હો પાત્ર ન જોઈએ;
અન્નનો અરથી દેખી, તેહને આપી હો પુણ્યવંતા હોઇએ. ૬
ધન પામી સસનેહ, અવસર આવે હો જ્ઞાતિ જે પોષીએ;
ઉચિત ચોથું એહ, સ્વજન કુટુંબ હો જેહથી સંતોષીએ. ૭
પાંચમું કીરતી દાન, યાચક જનને હો જે કાંઈ આપીએ;
વાધે તેણે યશવાત, જગમાં સઘળે હો, ભલપણ થાપીએ. ૮
પામી ચિત્ત વિત્ત પાત્ર, જેહથી પ્રાણીઓ હો, અવિચલ સુખ લહે;
ધન દેતાં ક્ષણ માત્ર, વિલંબ ન કીજે, ઉદય રત્ન કહે. ૯

## ૨૫૨
## વૈરાગ્યની સજઝાય

આવ્યો ત્યારે મુઠી વાળી, જાતી વેળાએ ખાલી;
જાતી વેળા ખાલી જીવડા, તું સમય સુધાર રે,
બહુ ફાવ્યો બહુ કુદયો, અંતે દેશે બાળી રે. અંતે૦ ૧

ઉંહા ઉંહા તું તો કરતો, જનમતાં તે વારે રે;
સઘળું તે રહી ગયું રે, પ્રભુને દરબાર રે. અંતે૦ ૨
આવ્યો ત્યારે સાકર વેંચી, હરખ ન માય રે;
જાતિ વેળા રોવા લાગ્યા, કરે હાય હાય રે. અંતે૦ ૩
આવ્યો ત્યારે પહેરવાનાં, ખાવાનાં અપાર રે;
જાતિ વેળા તહારૂં બધું, લૂંટી લેવાય રે. અંતે૦ ૪

Jain Education International 2010_05	For Private & Personal Use Only	www.jainelibrary.org

આવ્યો ત્યારે પારણામાં, ઝુલાવે અપાર રે;
જાતિવેળા વાંસ લાવશે, સાડા ત્રણ હાથ રે. અંતે૦ ૫

જીવવું ટુંકુ જગતમાં, આશા બહુ બંધાય રે;
રાત થોડી વેશ જાજા, વખત વહી જાય રે. અંતે૦ ૬

ખાશે તે તો ધરાશે ને, બાકી ભૂખ્યા જાશે રે;
માટે ભજી લેને પ્રભુ તું, પાર બેડો થાય રે. અંતે૦ ૭

મોહ માયા છોડી ભજ, નિરાગી પ્રભુ આજ રે;
ધર્મ કેરો સંગ કરી, છોડી દે તું કાજ રે. અંતે૦ ૮

મારૂ મારૂં છોડી દે ને, કરી લે ભલાઈ રે;
ઉદય રત્ન કહે ભલા, સાધી લે તું કાજ રે. અંતે૦ ૯

## ૨૫૩
## દમયંતી સતીની સજ્ઝાય

કુંડિનપુર ભીમનંદિની, દયમંતી ઈતિ નામ, સજની૦
નયરી અયોધ્યાનો ધણી, નિષધાંગજ નલ નામ. સજની૦
શીલ સુરંગી જે સતી. ૧

પરણી નિજપુર આવતે, વને કાઉસ્સગ્ગ રહ્યો સાધ; સજની.
તિલક પ્રકાશે વંદીયો, ગજમલથી ગુણ લીધ. સજની૦ શીલ૦ ૨

કુબર સાથે જુગટે રમતે, હાર્યું રાજ; સજની૦
પરદેશે દોય નિસર્યા, સુતે કીધો ત્યાગ. સજની૦ ૩

સંકટ સવિ દૂરે ગયું, બાર વરસની સીમ; સજની૦
ભાવે શાંતિ જીણંદની, પૂજે પ્રતિમા નીમ. સજની. ૪

માસી મંદિર અનુક્રમે, કુબ જ રૂપી કંત; સજની૦
પુનરપિ સ્વયંવર ને મીષે, આવી મિલ્યા એકંત. સજની૦ ૫

પુનરપિ રાજ્ય મિલ્યે થકે, લેવે સયંમ ભાર; સજની૦
દંપતી સૌધર્મે ગયા, નલ થયો ધનદ સુરસાર. સજની૦ ૬

તિહાંથી ચ્યવી ભૈમી થકી, કનકવની ગુણગેહ; સજની૦
વસુદેવે પરણી તિહાં, ઉચ્છવ ધનદ કરે તેહ. સજની૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દર્પણ ઘર અવલોકતાં, લઇ કેવલ થઈ સિદ્ધ; સજની૦
દમયંતી મોટી સતી, નામ થકી નવ નિધ. સજની૦ ૮
નેમ ચરિત્ર દશવૈકાલિકે, વૃત્તિમાંહે વિસ્તાર; સજની૦
જ્ઞાન વિમલ ગુણ જે લહી; સતીઓમાં શિરહાર. સજની૦ ૯

## ૨૫૪
## સ્થુલીભદ્રની સજ્ઝાય

અહો મુનિવરજી, માહરી ઉપર મહેર કરી ભલે આવીયા;
હું વાટ તમારી જોતીતી, તુમ વિરહે નયણાં ભરતીતી.
વળી દૈવને ઓલંભા દેતીતી. અહો૦ ૧

તુમે ચતુર ચોમસું કરી ચાલ્યા, તે ઉપર દિન મેં ગળ્યાં;
હવે ભલું થયું નયણે ભાળ્યાં. અહો૦ ૨

હવે દુઃખડા મારા ગયા દૂરે, આનંદ નહી હરખે પૂરે;
હવે ચિત્ત ચિંતા સઘલી ચૂરે. અહો૦ ૩

મારા તાપ ટળ્યાં સઘલાં તનનાં, મારા વિલય ગયા વિકલ્પ મનનાં;
વલી વુઠા નિર અમૃત ઘનનાં. અહો૦ ૪

એક ચોમાસું ને ચિત્રશાલી, એ નાટક ગીત તણી તાલી;
મુજ સાથે રમિએ મનવાલી. અહો૦ ૫

તવ બોલ્યા સ્થુલીભદ્ર સુણ બાળા, તુમ કરીશ ચિત્ત ચરિત્ર ચાળા;
એ વાત તણાં હવે દ્યો તાળા. અહો૦ ૬

મનહરણી તુમે મુજ ઉપર રાગ સરાગ ન રાખો, અહો સુખ કરણી સયંમ;
રસથી રાગ હૈયામાં રાખો. અહો૦ ૭

હવે રસભરી વાત તિહાં રાખી, મેં સંયમ લીધું ગુરૂ સાખી;
ચિત્ત ચોખે ચારિત્ર રસ ચાખી. અહો૦ ૮

હવે વિષય તૃષ્ણાથી મન વારો, હવે ધર્મદયાથી દીલધારો;
એ ભવોદધિથી આતમ તારો. અહો૦ ૯

કોશ્યા મુનિ વચને પ્રતિબોધે, આશ્રવ કરણી તે સવિ શોધે;
તે વ્રત ચોથું લઇ થઈ શુદ્ધિ. અહો૦ ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જે નર એહવી પ્રીત પાલે, જે વિષમ વિષયથી મન વાળે;
તે તો આતમ પરિણતી અજુઆળે. અહો૦ ૧૧
જે એહવા ગુણીના ગુણ ગાવે, જે ધર્મરંગ અંતર ધ્યાવે;
તે તો મહાનંદ પદ નિશ્ચલ પાવે, અહો મનહરણી;
તુમે મુજ ઉપર રાગ સરાગ ન રાખો. અહો૦ ૧૨

## ૨૫૫
## સીતા સતીની સજ્ઝાય

ઝલ હળતી બળતી ઘણું રે લોલ, જ્વાલે જ્વાલા અપાર રે. સુજાણ સીતા;
જાણે કે શું કુલીયા રે લોલ, રાતા ખેર અંગાર કે સુજાણ સીતા,
ધીજ કરે સીતા સતી રે લોલ. ૧
સતીય તણે પરિમાણ રે, સુ૦ લક્ષમણ રામ ખડા તિહાં રે લોલ,
નિરખે રાણુરાય રે. સુ૦ ધી૦ ૨
સ્નાન કરી નિર્મળ જળે રે લોલ, પાવક પાસે આય રે; સુ૦
ઉભી જાણે સુરાંગના રે લોલ, અનુપમ રૂપ દેખાય રે. સુ૦ ધી૦ ૩
(આવીયા)મીલીયા નર નારી ઘણા રે લોલ, ઉભા કરે (હાયહાય) પોકાર રે; સુ૦
ભસ્મ હોશે ઇણ આગમાં રે લોલ, રામ કરે છે અન્યાય રે. સુ૦ ધી૦ ૪
રામ (રાઘવ) વિના વાંચ્છયો હુવે રે લોલ, સુપને અવર નર કોઈ રે; સુ૦
તો મુજ અગ્નિ પ્રજાળજો રે લોલ, નહિંતર પાણી હોય રે. સુ૦ ધી૦ ૫
એમ કહી પેઠી આગમાં રે લોલ, તુરત થયો અગ્નિ નીર રે; સુ૦
જાણે દ્રહ જળસેં ભર્યો રે લોલ, ઝીલે ધર્મશું ધીર રે. સુ૦ ધી૦ ૬
દેવકુસુમ વૃષ્ટિ કરે રે લોલ, એહ સતી શિરદાર રે; સુ૦
સીતા ધીજથી ઉતરી રે લોલ, શાખ ભરે છે સંસાર રે. સુ૦ ધી૦ ૭
રળીયાત મન સહુકો થયા રે લોલ, સઘળે થયો ઉછરંગ રે; સુ૦
લક્ષમણ રામ ખુશી થયા રે લોલ, સીતા શિયળશું રંગ રે. સુ૦ ધી૦ ૮
જગમાં જય થયો જેહનો રે લોલ, અવિચલ શિયલ સન્નાહ રે; સુ૦
(સતીઓના ગુણ ગાવતાં રે લોલ, આણંદ અત્યંત થાય રે. સુ૦)
કહે જીન હર્ષ સીતા તણાં રે લોલ, પ્રણમીજે નિત્ય પાય રે. સુ૦ ધી૦ ૯



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૫૬
## રોટલાની સજ્ઝાય

સર્વ દેવ મેં પ્રત્યક્ષ દેવ રોટી;
તાન માન સર્વ વાત એહી વિના ખોટી. ૧
જિનરાજ મુનિરાજ, બડે ધ્યાન ધ્યાવે;
ઘડી થાય સોલમી તો, ગોચરી સંભારે. ૨
શેઠ બડે શાહુકાર, લખે લાખ હુંડી;
ઘડી થાય સોલમી ને, આંખ જાય ઊંડી. ૩
સંઘ લઇ સંઘવી, પ્રયાણ પંથ ચાલે;
ઘડી થાય સોલમી, તો મુકામ ઠામ ઝાલે. ૪
ચક્રવર્તી વાસુદેવ, પુન્યના છે બલીયા;
ઘડી થાય સોળમી ને, અંગ જાય ગળીયા. ૫
નિસ્નેહી નગ્ન ભાવે, ભસ્મ અંગ લગાવે;
ઘડી થાય સોળમી, તો અલેક જગાવે. ૬
ધ્યાન ધરે નાસિકા, ડબક માળા મોટી;
ઘડી થાય સોળમી, તો યાદ કરે રોટી. ૭
પેટ પડે રોટલો તો, સર્વ વાત સૂઝે;
પેટ પૂરણ ઘાસ અન્ન, ગાય ભેંસ દુઝે. ૮
ધન ધન વીતરાગ, ઋષભદેવ સ્વામી;
એક વરસ આહાર ત્યાગી, વંદુ શિરનામી. ૯
વીર વીર મહાવીર, જગને વિષે દીપે;
ષટ્‌માસ આહાર ત્યાગી, કર્મ સર્વે જીપે. ૧૦
દીપવિજય કવિરાજ, અઢી દ્વીપ છાજે;
છઠ્ઠ અટ્ઠમ માસ પાસ, ધીર મુનિ ગાજે. ૧૧

## ૨૫૭
## જીવદયાની સજ્ઝાય

ગજભાવે સસલો ઉગારીયો રે, કરૂણા આણી અપાર;
શ્રેણીકને ઘેર ઉપન્યો રે, અંગજ મેઘકુમાર ચતુરનર.
જીવદયા ધર્મ સાર, જેથી પામીયે ભવનો પાર. ચતુરનર. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વીર વાંદી વાણી સુણી રે, લીધો સંયમ ભાર;
વિજય વિમાને ઊપન્યો રે, સિધશે મહાવિદેહ મોઝાર. ચતુર૦ ૨
નેમિ પ્રભુ ગયા પરણવા રે, સુણી પશુડાનો પોકાર;
પશુડાની કરૂણા ઉપની રે, તજ્યા રાજીમતી નાર. ચતુર૦ ૩
શરણે પારેવો ઉગારીયો રે, જુઓને મેઘરથ રાય;
શાંતિનાથ ચક્રી થયા રે, દયા તણે સુપસાય. ચતુર૦ ૪
માસ ખમણને પારણે રે, ધર્મ રૂચી અણગાર;
કીડીઓની કરૂણા ઉપની રે, કીધો કડવા તુંબડાનો આહાર. ચતુર૦ ૫
સર્વાર્થ સિદ્ધમાં ઉપન્યા રે, સિદ્ધચા વિદેહ મોઝાર;
ધર્મ ઘોષના શિષ્ય થયા રે, રૂડી દયા તણા એ પસાય. ચતુર૦ ૬
અર્જુન માલી જાણજો રે, લીધો સંયમ ભાર;
કર્મ છ માસે ક્ષય કરી રે, પહોંતા મુગતી મોઝાર. ચતુર૦ ૭
દેવકીનંદન સોહામણા રે, નામે તે ગજ સુકુમાલ;
ધગધગતી સગડી સહી રે, આણી દયા રે અપાર. ચતુર૦ ૮
એ ધર્મ છે સુરતરૂ સમો રે, જેહની શીતલ છાંય;
સેવક જન નીત સેવજોરે, એહ છે મુગતિનો દાય. ચતુર૦ ૯

## ૨૫૮
## વિનયની સજ્ઝાય

શ્રી જંબુ મુનિ વિનવ્યા રે, શ્રી સોહમ ગણધાર;
ભાંખે ઉત્તરાધ્યયનમાં રે, પહેલું વિનય વિચાર રે;
પ્રાણી વિનય ધરો ગુણ અંગ, જેથી ઉપજે જ્ઞાન તરંગ રે. પ્રાણી૦
તેથી દર્શન ચરણ પ્રસંગ રે પ્રાણી, તે શિવસુખ કેતુ અભંગ રે. પ્રાણી૦ ૧
ગુરૂ આણા નિત્ય ધારવી રે, પાળવી ગુરૂની શીખ;
નિજ છંદે નવિ વર્તવું રે, તો હોય સફળી દીક્ષ રે. પ્રાણી૦ ૨
શિષ્ય વિનીતની ન ઉપરે રે, ગુરૂ મન હોય સુપ્રસન્ન;
આપે તેહને ઉજમે રે, આગમ વચન રતન રે પ્રાણી૦ ૩
ગુરૂ દ્રોહી મત્સર ભર્યો રે, ન કરે ગુરૂ બહુમાન;
તે અપમાન લહે ઘણું રે, જિમ કોહ્યા કાનનો શ્વાન રે. પ્રાણી૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શુકર જેમ તજી શાખને રે, અશુચિ કરે આહાર;
તેમ અવિનીતને વાલહો રે, અવિનયનો આચાર રે. પ્રાણી૦ ૫
ગુરૂ અવિનયી કૂલ વાલુઓ રે, પડીઓ ગણીકા પાસ;
ભાવમાંહે ભમશે ઘણું રે, બાંધી કર્મની રાશ રે. પ્રાણી૦ ૬
ગુરૂ વચને કૂપે નહિ રે, જાણે આપણો વાંક;
તે નવ દીક્ષિતની પરે રે, સાધે સાધ્ય નિશંક રે. પ્રાણી૦ ૭
વિનયથી ગુણ વધે ઘણા રે, જગમાં લહે જસવાદ;
ધર્મનું મૂળ વિનય કહીયે રે, સેવો તજી પ્રમાદ રે. પ્રાણી૦ ૮
વિનયથી રીઝે દેવતા રે, વિનયથી દાનવ વશ થાય;
વિનયથી ઇહભવ પરભવે રે, કાર્યસિદ્ધિ સવી થાય રે. પ્રાણી૦ ૯
વિનયને વશ છે ગુણ સવે રે, તે માર્દવથી થાય;
માટે વિનીત સરલા શયી રે, પામે સુજસ સવાઈ રે. પ્રાણી૦ ૧૦
વાચક રામ વિજય કહે રે, વિનય કરે તે ધન્ય;
અધ્યયને પહેલે કહ્યા રે, સાચા વીરના વચન રે. પ્રાણી૦ ૧૧

## ૨૫૯
## માન ત્યાગની સજ્ઝાય

ચતુર સનેહી ચેતન ચેતીયે રે, મુક તું માયા જાલ;
સુંદર એ તનુ કાયા કારમી રે, સરવાલે વિસરાલ. અ૦ ૧
અકલ અરૂપી અવિગત આત્મા રે, શાંતિ સુધારસ ચાખ;
વિષય તણે સુરંગે ફુલડે રે, અંટલો મન અલિ રાખ. અ૦ ૨
સ્વાર્થને વશ સહુ આવી મીલે રે, સ્વાર્થ સુધી પ્રીત;
વિણ સ્વાર્થ જગ વાલુ કો નહિ રે, એ સંસારની રીત. અ૦ ૩
આદર સમતા મમતા મેલીને રે, ધર જીન ધર્મ શું રંગ;
ચંચલ વીજ તણી પરે જાણીયે રે, કૃત્રીમ સવી હું સંગ. અ૦ ૪
વહાલું વૈરી નહી તાહરે, જુઠો રાગ ને રોષ;
પંચ દિવસ નો તું છે પ્રાહુણો રે, તો શ્યો એવડો શોષ. અ૦ ૫
રાવણ સરીખો જો જો રાજવી રે, લંકા સરીખો કોટ;
તે પણ રૂઠે કર્મે રોળવ્યો રે, શ્રી રામચંદ્રની ચોટ. અ૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જેહ નર મૂછે વળ ગાલતા રે, કરતા મોડા મોડ;
તેહ ઉઠી સ્મશાને સંચર્યા રે, કાજ અધુરા છોડ. અ૦ ૭
મુંજ સરીખે માગી ભીખડી રે, રામ રહ્યા વન વાસ;
એણે સંસારે એ સુખ સંપદા રે, સંધ્યા રાગ વિલાસ. અ૦ ૮
રાજ લીલા સંસારની સાહેબી રે, એ યૌવન રંગ રોલ;
ધન સંપત પણ દીસે કારમાં રે, જેહવા જલધિ કલ્લોલ. અ૦ ૯
કિહાંથી આવ્યો કિહાં જાવું અ છે રે, કિહાં તાહરી ઉત્પત્તિ;
ભ્રમ ભૂલ્યો તું અથીર પદાર્થે રે, ચતુર વિચારી જો ચિત્ત. અ૦ ૧૦
મોહ તણે વશ દુઃખ દીઠા ઘણાં રે, સંગ ન કરે હવે તાસ;
ઉદય રત્ન કહે ચતુર તું આત્મા રે, ભજ ભગવંત ઉલ્લાસ. અ૦ ૧૧

## ૨૬૦
## દ્વેષ પાપસ્થાનકની સજ્ઝાય

દ્વેષ ન ધરીએ લાલન! દ્વેષ ન ધરિયે;
દ્વેષ તજ્યાથી લાલન શિવસુખ વરિયે, લાલન શિવસુખ૦
પાપ સ્થાનક એ અગ્યારમું કુડું, દ્વેષ રહિત ચિત્ત; સવિ રૂડું. લાલન૦ હોએ૦ ૧
અરણ કરણ ગુણ બની ચિત્ર શાલી, દ્વેષ ધૂમેં હોય તે સવિ કાલી. લાલન૦ તે૦ ૨
દોષ બેંતાલીશ શુદ્ધ આહારો, ધુમ્ર દોષે હોય પ્રબલ વિકારો. લાલન૦ પ્રબલ૦ ૩
ઉગ્ર વિહાર ને તપ જપ કિરિયા, કરતા દ્વેષે તે ભવમાંહે ફિરીયા. લાલન૦ ભવ૦ ૪
યોગનું અંગ અદ્વેષ છે પહેલું, સાધન સવિ લહે તેહથી વહેલું. લાલન૦ તેહ૦ ૫
નિરગુણ તે ગુણવંત ન જાણે, ગુણવંત તે ગુણ દ્વેષમાં તાણે. લાલન૦ દ્વેષ૦ ૬
આપ ગુણી ને વળી ગુણરાગી, જગમાંહે તેહની કીર્તિ જાગી. લાલન૦ કીર્તિ૦ ૭
રાગ ધરીજે જિહાં ગુણ લહિયે, નિરગુણ ઉપરે સમચિત્ત રહિયે. લાલન૦ સમ૦ ૮
ભવથિતિ ચિંતન સુજસ વિલાસે, ઉત્તમના ગુણ એમ પ્રકાશે. લાલન૦ એમ૦ ૯

## ૨૬૧
## ભવિષ્યની સજ્ઝાય

ભવિષ્યમાં લખ્યું હોય તે થાય, ડહાપણ કોઈનું કામ ન આવે;
ક્રોડ કરોને ઉપાય, ભવિષ્યમાં લખ્યું હોય તે થાય. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાજાને મન રઢ જ લાગી, ત્યારે મૃગયા રમવા જાય;
સાધુ મુનિ સંતાપ્યા ત્યારે, સર્પ ડંસે શું થાય. ભ૦ ૨
મંગલ મુહુરત શુભ ચોઘડીયું, પ્રથમ ગ્રહ પૂજાય;
જાણુ જોશી જાણતાં છતાં, રંગભેર શીદ ને રંડાય. ભ૦ ૩
રામચંદ્રજી જાણતાં છતાં, વનમાં શીદને જાય;
સતી સીતાને કલંક આવ્યું ત્યારે, રાવણ રણમાં રોલાય. ભ૦ ૪
અર્જુન ભીમ નકુલ સહદેવ, રાજા ધર્મી કહેવાય;
પાંચ પાંડવ જાણતાં છતાં, દ્રૌપદી શીદને લૂંટાય. ભ૦ ૫
ચંદન બાળા ચૌટે વેંચાણી, એમને રાખ્યા છે મૂળા વેર;
હાથે પગે બેડી ડસકલા એમને, રાખ્યા છે ગુપ્ત ભંડાર. ભ૦ ૬
સતી સુભદ્રાને કલંક આવ્યું ત્યારે, સાસુએ દીધી છે આળ;
જિહ્વાએ કરી તરણું કાઢ્યું ત્યારે, મુનિને કપાલે વેલ થાય. ભ૦ ૭
સતી અંજનાને કલંક આવ્યું ત્યારે, સાસુએ દીધી છે આલ;
મા બાપે પણ પાણી ન પાયું એમને, કાઢયા છે ઉજ્જડ વનવાસ. ભ૦ ૮
હીર વિજય ગુરૂ હીરલો, લબ્ધિ વિજય ગુણ ગાય;
માણેક વિજય ગુરૂ એમ ભણે, તમે સંભાલી લેજો સાર. ભ૦ ૯

## ૨૬૨
## વૈરાગની સજઝાય

કાતરીયા રે કાઢી નાંખો, અરિહંત પદ મુખથી ભાંખો;
જે કોઇ કહે તેનું સાખો રે. કાતરીયા૦ ૧
તમે કૂડી નવિ બોલો વાણી, સુખીયા થાશો સહુ પ્રાણી;
પંચ બોલે તે પ્રમાણી રે. કાતરીયા૦ ૨
તમે ખમીયા થઇને સહુ ખમજો, પ્રભુજી તણા રંગમાં રમજો;
જપટી લઈ જાશે જમડો રે. કાતરીયા૦ ૩
તમે ખારિલા થઈને નવિ ખાંટો, કોઇ સાથે નવિ રાખો આંટો;
નાશે કપટ તણો કાંટો રે. કાતરીયા૦ ૪
એ ક્રોધ કષાયને દૂર કરીએ, ક્ષમા ખડ્ગ કરમાં ધરીએ.
શિવ સુંદરી ઝટપટ વરીએ રે. કાતરીયા૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તમે માયા લોભને વિસારો, મિત્રતા સંતોષ દિલ ધારો;
વશીકરણ મહામંત્ર સારો રે. કાતરીયા૦ ૬
તમે સમતા સરોવરીએ ઝીલો, કર્મ ખીલો કરજો ઢીલો;
શિવ સુંદરી સહેજે મીલો રે. કાતરીયા૦ ૭
પાંચ ચોર પચવીશ નારી, તમે મુખથી મુકો વિસારી;
તો શિવ ગતિ થાશે તુમારી રે. કાતરીયા૦ ૮
જ્ઞાન વિમળ ગુણના દરિયા, તપ સંયમ ગુણના ભરીયા;
શિવસુખ મારગ અનુસરીયા રે. કાતરીયા૦ ૯

## ૨૬૩
## મનડાની સજ્ઝાય

ક્યાં કરૂં મન સ્થિર નહી રહતા, અધર ફીરે મન મેરા રે;
યહ મનકો બેરબેર સમજાયા, સમજ સમજ મન મેરા રે. ૧
કયાં બેઠ કહું તો ઉઠ ચલત હૈ, મન દોડે મન ધીરા રે;
પલક પલક મન સ્થિર નહી રહેતા, કોણ પનીયારા મન મેરા રે. ૨
કુડ કપટ મહ વિષ ભરીયો, પરનારી સંગ કેરા રે;
ભવભવમાં જીવ કાલ ભટકતો, ફોગટ ફરીયા ફેરા રે. ૩
કુટુંબ કબીલા માલ ખજાના, ઈસમેં નહિ કોઈ તેરા રે;
સાંજ ભઈ જબ ઉઠ ચલેગા, જંગલ હોગા ડેરા રે. ૪
કહત આનંદઘન મન સમજાયા, મન કાયર મન સુરા રે;
મનકા ખેલ અજબકા પ્યાલા, પીએ સો પીવન હારા રે. ૫

## ૨૬૪
## રેવતીની સજ્ઝાય

સોનાને સિંહાસન બેઠા રેવતી, બેઠા બેઠા મંદિર મોઝાર રે;
ગજગતિ દીઠા મુનિ ને આવતા, સુંદર સિંહ અણગાર રે.
મંદિર પધારો મેરે પૂજ્યજી. ૧
આજ સુરતરૂ ફળ્યો આંગણે, મોતીડે વુઠા મેહ રે;
સિંહ અણગાર પધારતા, પ્રગટયો ધર્મ સ્નેહ રે. મંદિર૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગંગાજલમાં રે જિમ કમલડી, મધુકર કેલી કરંત રે;
તેમ મુજ મન મધુકર પરે, ઉલટયો રંગ અત્યંત રે. મંદિર૦ ૨
પૂજ્યજીને વાંદી નિહાળતા, તેમ તેમ રાગની હેલ રે;
શાંત સ્વભાવી સોહામણા, મૂરતિ મોહન વેલ રે. મંદિર૦ ૪
આદરમાન દીધાં ઘણાં, પૂછે કાંઈ સિંહ અણગાર રે;
કહો ને પૂજ્ય કેમ પધારીયા, આદેશ દ્યો સુવિચાર રે. મંદિર૦ ૫
મુજ ગુરૂએ તુમ ઘર મોકલ્યો, માનુની પાક વહોરાય રે;
રેવતી કહે પૂજ્ય કેમ લહ્યું, કેવલ જ્ઞાન પસાય રે. મંદિર૦ ૬
શુભ પરિણામે કરી આપ્યો, બીજોરા પાક ઉદાર રે;
મણી માણીક મોતી તણી, વૃષ્ટિ હુઇ તિણવાર રે. મંદિર૦ ૭
દેવ આયુષ્ય તિહાં બાંધીયું, રેવતીએ તેણી વાર રે
વીરપ્રભુ સુખ સંપદા, સફળ કર્યો અવતાર રે. મંદિર૦ ૮
પુરૂષ ભલાં રે સંસારમાં, તેમ વળી નારી સંસાર રે;
રાજીમતી સીતા કુન્તા દ્રૌપદી, મૃગાવતી ચંદન બાળ રે. મંદિર૦ ૯
ઈત્યાદિ એ જૈન ધર્મ આદર્યો, ધન ધન તે નરનાર રે;
વીર કિંકર એમ ઉચરે, દાનથી જય જય કાર રે. મંદિર૦ ૧૦

## ૨૬૫
## મધુબિંદુની સજઝાય

ઢાળ : સરસ્વતી મુજરે, માતા દ્યો વરદાન રે;
પૂછે ગૌતમ રે, ભાખે શ્રી વર્ધમાન રે;
છંડો ગિરૂઆરે, વિરૂઆ વિષયનું ધ્યાન રે;
વિષયા રસ રે, છે મધુબિંદુ સમાન રે. ૧

ત્રુટક : મધુબિંદુ સરખો વિષય નિરખો, જોઇ પરખો ચિત્ત શું;
નર જન્મ હાર્યો મોહ ગાર્યો, પિંડ ભરિયો પાપશું;
કાંતાર પડિયો નાગ નડિયો, કોઈ દેવાણુપ્પિઓ;
વડવૃક્ષ ચઢિયો વેગ વળીયો, રંક રૂલીયો છપ્પિઓ. ૨

ઢાળ : વડ હેઠલ રે, કુપ અછે અસરાલ રે;
દોય અજગર રે, મગર જિસ્યા વિકરાલ રે;
ચિહું પાસે રે, ચાર ભુજંગમકાળ રે;
તેહ ઉપર રે, છે મોટો મહુયાલ રે. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રુટક : મહુયાલ માખી રગત ચાખી, ચંચુ રાખીને રહી;
ધંધોલતો ગજરાજ ધાયો, પડત વડવાઈ ગ્રહી;
વડવાઈ કાપે, ઉંદર આપે, તાપ સંતાપે ગ્રહ્યો;
મધુ થકી ગલિઓ, બિંદુ ઢળિયો, તેણે સુખ લીણો રહ્યો. ૪

ઢાળ : એહ સંકટ રે, છોડે તે દેવ દયાલ રે,
દુઃખ હરવારે, વિદ્યાધર તત્કાલ રે;
ઉધરવારે, ધરિયું તાસ વિમાન રે;
ઓ આવે રે, મધુબિંદુ કરે શાન રે. ૫

ત્રુટક : મધુબિંદુ ચાખે, વચન ભાખે, કરે લાલચ લખ લુલી;
વારંવાર રાખે, શાંત પાખે, રહો ક્ષણ એક પરવલી,
તસ ખેચર મલીયો, વેગ વલીયો, રંક રૂલીયો તે નરૂ;
મધુ બિંદુ ચાટે, વિષય સાટે, કહ્યો ઉપનય જગગુરૂ. ૬

ઢાળ : ચોરાશી લખ રે, ગતવાસી કાંતાર રે;
મિથ્યા મતિ રે, ભુલો ભમે સંસાર રે;
જર મરણાં રે, અવ તરણાઈ કુપ રે;
આઠ ખાણી રે, પ્રાણી એક સ્વરૂપ રે. ૭

ત્રુટક : આઠ કર્મખાણી, દોય જાણી, તિરિય નેરય અજગરા;
ચારે કષાયા, મોહપાયા, લબકાયા વિષહરા;
દોય પક્ષ ઉદર, મરણ ગજવર, આપું વડવાઈ છટા;
ચટકા વિયોગા, રોગ શોગા, જોગ ભોગા સામટા. ૮

ઢાળ : વિદ્યાધર રે, સદ્દગુરૂ કરે, સંભાલ રે;
તેણે ધરિયું રે, ધર્મ વિમાન વિશાલ રે;
વિષયા રસ રે, મીઠો જેમ મહુયાલ રે;
પડ ખાવે રે. બાલ યૌવન વયકાલ રે. ૯

ત્રુટક : બાલ યૌવન કાલ તરૂણી, ચિત્તહરણી નિરખતો;
ઘર ભાર ત્રુત્તો, પંકખુત્તો, મદ વિગુત્તો પોષતો;
એ જૈન વાણી ચિત્તઆણી, હૃદય જાણી જાગીએ;
ચરણ પ્રમોદ મુનીશ્વર જલ્પે, અચલ સુખ એમ માગીએ. ૧૦



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૬૬
## ચંદ્રાવતીની સજ્ઝાય

જસ મુખ સોહે સરસ્વતી માય, પ્રણમી વીર જીનેશ્વર પાય;
સાધુ સહુકો સુણજો એહ, મંત્ર યંત્ર તંત્રાદિક તેહ. ૧
વૈદ્યક પોતીક કુટી કર્મ, મુખથી ન કહીએ એહનો મર્મ;
અનરથ ઉપજે તેહથી ઘણાં, જેમ એહથી મુવા પાંચે જણા. ૨
કુંડલ પુર ખત્રી એકઠામ, ભીમસેન છે તેહનું નામ;
નારી તેહની ચંદ્રાવતી, દોષ ન દીસે તેહમાં રતી. ૩
ચંદ્રાવતી મૂકી ઘરબાર, એક દિવસ તે થયો અસવાર;
ચાલ્યો ચતુર તે કીંક મોઝાર, ચંદ્રાવતી તે કરે વિચાર. ૪
એક મને જો કિજે ધર્મ, તો નિકાચિત છુટે જે કર્મ;
ઘર પાસે તિહાં મુનિવર રહે, ચંદ્રાવતીને ધર્મ જ કહે. ૫
પ્રતિબોધી કીધી શ્રાવિકા, થઇ તે જીન શાસન ભાવિકા;
વહોરવા આવ્યા તેહ મુનિરાય, ચંદ્રાવતી તે પ્રણમી પાય. ૬
નયણે નીર ઝરે તે ઘણું, દુઃખ દેખી દીલ દુભાવે આપણું;
ઘણા દિવસ પીયુ ચાલ્યે થયા, ખર્ચી બીજી નવી મેલી ગયા. ૭
દીન વચન તેહનું તે સુણ્યું, દુઃખ થયું તે મુનિવરને ઘણું;
જોષ જોઇને કર્યો વિચાર, દિવસ સાતમે આવે ભરતાર. ૮
જોષ જોઈને મુનિવર ભણ્યા, કહેલ દિવસે કંત જ મલ્યા;
ત્યારે ખુશી થયું ચંદ્રાવતીનું મન્ન, તેણે રાંધ્યું સુંદર અન્ન. ૯
પ્રથમ પડિલાભ્યાં મુનિરાજ, નિમિત્ત કહી સારો મુજ કાજ;
ભીમસેન મન ભટકે બોલ્યો, એ પાખંડી એહને મલ્યો. ૧૦
એહને એહવું આપ્યું અન્ન, જોએ બેહુનો એક જ મન્ન;
ખડ્ગ કાઢીને મારવા ધસ્યો, દેખી મુનિવર મનમાં હસ્યો. ૧૧
નારી કહે નવિ કીજે રોષ, ઇણે પ્રકાશ્યો તાહરો જોષ;
તે માટે મેં આપ્યું અન્ન, સુણી વચન તુમ્હે વાળો મન્ન. ૧૨
જુવો જોષ મુનિવર તત્કાળ, આ ઘોડી રયું જણશે બાળ;
જોષ જોઇને કહે તત્કાળ, તે બેઉનો ઉપજશે કાળ. ૧૩
જોષ જોઇને મુનિવર ભણ્યો, ઉદર વધે રહયો ઘોડી તણો;
ધોળા પગલે રાતુ અંગ, લીલવટ ટીલું છે તરંગ. ૧૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુણી વાત તેણે તત્કાલ, ઉદર વધેરી કાઢયો બાળ;
અનરથ દેખીને ચંદ્રાવતી, વિષ ખાઈ મૂઈ મહાસતી. ૧૫
ભીમસેન મન પડીયો ફાળ, આપે હુતે કરીયો કાળ;
હત્યાચારે હુઈ જે કાળે, દુઃખ કરવા લાગ્યો તે ટાણે. ૧૬
હે હે મેં શું કીધું કાજ, અનરથ ચારે કીધાં આજ;
અન્નપાણી મુનિવર પરિહરી, કાળ કીધો નિશ્ચલ મન કરી. ૧૭
એહવા દોષ કહ્યા છે ઘણા, મંત્ર યંત્ર તંત્રાદિક તણા;
મૂકે ન માયા મમતા મોહ, ચારિત્ર નહિં ચઢાવે સોહ. ૧૮
જેમાં દોષ ન હોય રતી, તે કહો મુજને શુદ્ધ યતી;
ઈણ અવસર સહુ કો મુનિવર ભણે, દોષ રહિત તે શિવપુર વરે. ૧૯
વાર્ધિક નામે વડો રૂષિ હુશે, ચંદ્રપ્રદ્યોતે નિમિત્ત કહ્યો;
કુલ વાલુઓ નિમિત્ત જે ભણે, શુભ પાડી લીધી દુર્ગતી ગણે. ૨૦
તપગચ્છ પતી શ્રી હીર સૂરિંદ, પટ્ટોધર વિજય સેન સૂરિંદ;
હરખ્યા પંડિત તે વર શિષ્ય, હરખ વિજય ભજો જગદીશ. ૨૧

## ૨૬૭
## રહનેમિ ને રાજીમતીની સજ્ઝાય

**દોહા** રાજુલ સતી અણ જાણતાં, પેઠાં તે ગુફા માંહી;
અંધારે દેખે નહી, તેહ ઋષિને ત્યાંહી. ૧
કાઢી વસ્ત્ર નિજ અંગથી, કરે મોકળા તેહ;
નીચોવે નહિં વસ્ત્રને, મુનિવર મારગ એહ. ૨
નગ્ન દેખી નારી પ્રત્યે, કામાતુર થયો ઋષી તેહ;
રહનેમી ભાખે ઈસ્યું, આણી અધિક સનેહ. ૩
ભોગ ભોગવીએ આપણે, કરીએ સફલ સંસાર;
યૌવન ફરી ફરી દોહિલું, દોહિલો એ અવતાર. ૪

**ઢાલ :** રાજીમતી ગુણવંતી બોલે, ધૈર્ય કછોટો વાળી;
કુલવંતા નર એમ ન બોલો, આવે ટીલી કાળી;
અલગા રેજો, ત્રણલોક પતિ દુહવાસે. અલગા૦ ૧
જગબાંધવના બાંધવ થાઓ, વળી જગ શરણના શિષ્ય;
હજીય લગી દુર્બુદ્ધિ શી તુજને, બીહું લોકે અપજશિય. અલ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વજ્ઞ શિષ્ય થઈને આતમ હીત, જો નવિ કરશો કાંઈ;
તો ભમશો ભવ સાયર માંહિ, સુલભ નહિં એ છાંહી. અલ૦ ૩
દેવ દ્રવ્ય હરવો સંયમી વ્રત, ખંડનને ઋષિઘાત;
શાસન ઉડ્ડાહક બોધિ તરૂં, મૂલે અગ્નિ વરસાદ. અલ૦ ૪
જેહ અંગધન કુલના જાયા, નાગ વમ્યું નવિ ઈચ્છે,
જવલતી અગ્નિ માંહી તે પેસે, તે પણ નવિ કેમ પ્રીછે. અલ૦ ૫
એહ અસંયતી જીવીત કાજે, વમીયા વાંછે ભોગ;
ધીક્ અપજસ કામી તુજ રૂડો, મરણ તણો સંજોગ. અલ૦ ૬
હું ભોગ રાજાના કુલમાં ઉપની, તું અંધક કુલ જાયો;
આપણો કુલ એક એકથી દિસે, સર્વ થકી સવાયો. અલ૦ ૭
ગંધન કુલ સરીખા રખે થઈએ, તેણે સંયમમાં મ્હાલો;
ઉન્મારગ ચાલીને આતમ, કાં દુર્ગતિમાં ઘાલો. અલ૦ ૮
જ્યાં જ્યાં કામિની દેખશો, ત્યાં ત્યાં મન જો તુમારૂં થાશે;
તો વાતાહત વૃક્ષ પરે તુમારૂં, સહી મનડું ડોલાશે. અલ૦ ૯
એહવા સતીનાં વયણ સુણીને, જાગ્યો તે મહાભાગ;
ઉન્મારગે જાતો તેમ વાળ્યો, જેમ અંકુશે નાગ. અલ૦ ૧૦
ભોગ તણી ઇચ્છા છાંડીને, પ્રભુજી પાસે આલોવે;
પશ્ચાત્તાપ કરતો મુનિવર તિહાં, કર્મ કલંકને ધોવે. અલ૦ ૧૧
એક વરસ છદ્મસ્થે રહીને, મુનિવર શુભ પરિણામે;
ઘાતિ કર્મનો ઘાત કરીને, કેવલ જ્ઞાન ને પામે. અલ૦ ૧૨
ધન્ય રાજીમતી ધન્ય એ ઋષિજી, જિણે સાર્યા નિજ કાજ;
ક્ષમા વિજય જીન ઉત્તમ ગુરૂ પદ, પદ્મ નમે મુનિરાજ. અલ૦ ૧૩

૨૬૮

## બલભદ્ર મુનિની સજ્ઝાય

સુરતરૂ સરિખો સંયમ સોહે, શાસન વનમન મોહે હો;
દેખી દુઃખનો જે દરિયો, મુનિએ બાહ્ય પાંગરીઓ;
દુર્ગતિ પડતાં ઉદ્ધરીઓ, તારે ભવજલધિ તરીયો.
ભવિયાં એ મુનિ વંદો. આંકણી. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કેશરી વનમાં મૃગની કેડે, એક દિન અશ્વપતિ ખેલે હો;
પેરી શિકારી વાઘા, દલ લેઇ આહેડે લાગ્યા;
વેગે બાણ તે વાગ્યા, મૃગના પરાક્રમ ભાગ્યાં. ભવિયાં૦ ૨
તરફડતો તે મુનિની આગે, જાણે પડયો પાય લાગે હો;
એવું દેખી મહારાજ, મનમાં પામ્યો તે લાજ;
અહો મેં કીધું અકાજ, વિણસાડયું સર્વે કાજ. ભવિયાં૦ ૩
મુનિવર ને તવ કહે મહારાજ, મેં લોપી તુમારી માજા હો;
ગુનો કીધો મેં ભારી, તો પણ તમે ઉપગારી;
દયા ધર્મ વિચારી, લ્યો મુજને તમે તારી. ભવિયાં૦ ૪
ધ્યાન પારી મુનિ કહે નરનાથ, તું કોણ જીવ અનાથ હો;
જંગલ વાસી એ જીવ, મુખે પાડંતા રીવ;
એતો પાપ અતિવ, કહો કોણ અશ્વાધિપ. ભવિયાં૦ ૫
ધન-કણ-કંચન કોડાકોડી, હય ગય પાયક છોડી હો;
આખર એકીલો જાવે, સાથે ન કોઈ આવે;
આપ એ ફળ પાવે, દુઃખ કોઇ ન વેચાવે. ભવિયાં૦ ૬
કંપીલપુરનો સ્વામી સંયતી, મોહ તણી મદ ભાંજે હો;
ગર્દભિલ્લની પાસે, સંયમ લીધો ઉલ્લાસે;
ગીરૂઆ ગુરુને આદેશે, વિચર્યા દેશ વિદેશે. ભવિયાં૦ ૬
મારગમાં એક મુનિવર મલીયા, વાતને તે સું વળીયા હો;
સુભુમ બ્રહ્મદત્ત ટાળી, ચક્રવર્તિ દશ અજુવાળી;
ઉદયા આપ સંભાળી તરિયા, મહાવ્રત પાળી. ભવિયાં૦ ૮
કરકંડુ આદિ પ્રત્યેક બુજ્યા, મહાબળ ઉદયે સિધ્યા હો;
વળી દશારણ ભદ્ર, સંયમ લીધો અક્ષુદ્ર;
તરીયા સંસાર સમુદ્ર, ભાખે ઉદય સુભદ્ર. ભવિયાં૦ ૯

## ૨૬૯
## વૈરાગ્યની સજ્ઝાય

મરણ ન છૂટે રે પ્રાણીઆ, કરતાં કોટી ઉપાય રે;
સુરનર અસુર વિદ્યાધરા, સહુ એક મારગ જાય રે. મરણ૦ ૧
ઈંદ્ર ચંદ્ર રવિ હળી મળી, ગણપતિ કામ કુમાર રે;
સુરગુરુ સુરવૈદ્ય સારીખા, પહોંચ્યાં જમ દરબાર રે. મ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મંત્ર જંત્ર મણિ ઔષધી, વિદ્યા હુન્નર હજાર રે;
ચતુરાઇ ડેરા રે ચોકમાં, જમડો લૂંટે બજાર રે. મ૦ ૩
ગર્વ કરી નર ગાજતાં, કરતા વિવિધ તોફાન રે;
માથે મેરૂ ઉપાડતાં, પહોંચ્યા તે સમશાન રે. મ૦ ૪
કપડાં ઘરેણાં ઉતારશે, બાંધશે ઠાઠડી માંય રે;
ખોખરી હાંડલી તે આગળે, રોતાં રોતાં સહુ જાય રે. મ૦ ૫
કાયા માયા સહુ કારમી, કારમો સહુ ઘર બાર રે;
રંક ને રાય છે કારમા, કારમો સકળ સંસાર રે. મ૦ ૬
ભીડી મુઠી લેઈ અવતર્યો, મરતાં ખાલી છે હાથ રે;
જીવડા જોને તું જગતમાં, કોઇ ન આવે તુજ સાથ રે. મ૦ ૭
નાના મોટા સહુ સંચર્યા, કોઇ નહિ સ્થિર વાસ રે;
નામ રૂપ સહુ નાશ છે, ધર્મ રત્ન અવિનાશ રે. મ૦ ૮

## ૨૭૦

## અધ્યાત્મિક સજ્ઝાય

ચતુર વિચારો, ચતુર વિચારો, એ કુણ કહીએ નારી રે;
પીયુથી ક્ષણ એક અળગી ન રહે, કુલવંતી અતિ સારી રે. ૧
નાચે માચે પીયું શું રાચે, રમે ભમે પ્રીય સાથે રે;
એક દિન સા બાલા તરૂણી, નવિ ગ્રહવાયે હાથે રે. ૨
ચીર ચીવર પહેરી સા સુંદરી, ઉંડા પાણી પેસે રે;
પણ ભીંજાયે નહીં તસ કાંઈ, અચરીજ એ જગદીસે રે. ૩
વાદળ કાળે મરે તત્કાળ, આતપ યોગે જીવે રે;
અંધારામાં નિશિએ આવે, તો દેખાડું દીવે રે. ચ૦ ૪
અવધિ કરૂ છું માસ એકની, આપો અર્થ વિચારી રે;
કીર્તિ વિજય વાચક શિષ્ય જંપે, બુદ્ધ જનની બલિહારી રે. ૫

## ૨૭૧

## સ્થુલીભદ્રની સજ્ઝાય

ઉઠ સખી ઉતાવળી રે, સર પરોવી લાવ, મોતીનું ઝુંમખડું;
લાવો આભુષણ દાબડા રે, કરવા સોલ શણગાર. મોતી૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થુલીભદ્ર આવ્યા આંગણે રે, જપતી તેહનો જાપ; મો૦
જબ જટ ઉઠી ઉતાવળી રે, હું (વ્હોરાવવા રે) સજી સોલે શણગાર. મો૦ ૨
નવા નવા નાટક નાચતી રે, બોલતી વચન રસાલ; મો૦
આજ પરાણું થઈ રહ્યા રે, જાણ્યો તુમારો જોગ. મો૦ ૩
ઓઘો મુહપત્તિ મેલો પરારે, કરો ને રંગ વિલાસ; મો૦
એ મુનિવર ચલ્યા નહિં રે, શિયલ શું રાખ્યો રંગ. મો૦ ૪
એ ડુંગર ડોલ્યા નહિં રે, સરીએ હલાવ્યો મેર; મો૦
માણેક મુનિવર એમ ભણે, રે, શિયલ તણી સજ્ઝાય. મો૦ ૫

## ૨૭૨
## રોહિણીની સજ્ઝાય

ઋતુ વસંત આવે થકેજી રે, શ્રી વાસુપૂજ્ય ભગવંત;
ક્રીડંતા જન દેખીનેજી રે, ચિંતે એમ ગુણવંત રે;
આ તે કેવો મોહ વિકાર. આ૦ ૧
પણ મોહ અંધા પ્રાણીઆજી રે, પાશ બંધનની રે માંહી;
શિલા સરિખી શોભતીજી રે, માને નહી કહો કાંઈ રે. આ૦ ૨
મોહે મુંજ્યા માનવીજી રે, હીંડોળે રહીનાર;
દેખી દેખીને ચિંતવેજી રે, બેઠી વિમાને સાર રે. આ૦ ૩
નિજ હીંડોળે દેખીનેજી રે, હરખે મુઢ અપાર;
પુણ્ય પાપનું ત્રાજવુંજી રે, માને નહી ગમાર રે. આ૦ ૪
પ્રમાદ અગ્નિથી બળેજી રે, પુણ્ય મહેલની રે ઝાળ;
વિષય તપ્ત શરીરમાંજી રે, કેમ નહિ માને ડામ રે. આ૦ ૫
જળકણ ક્રીડા જોઈનેજી રે, મુક્તા ફળ કહેનાર;
પણ તેહને માને નહીંજી રે, શા થાશે મુજ હાલ રે. આ૦ ૬
જળ ક્રીડા કરતા થઈજી રે, આંખ પ્રીયાની રે લાલ;
રાગ સમુદ્ર તરંગનાજી રે, માને મનમાં ફાલ રે આ૦ ૭
અલ્પબુદ્ધિ જન ગીતનેજી રે, કામશાસ્ત્ર ટંકાર;
માને પણ દુર્ગતિ તણાંજી રે, ઉઘડયાં એહ કમાડ રે. આ૦ ૮
ગાત ગાનના તાનથીજી રે, જડ કંપાવે રે શિર;
પણ તેહને મહા પ્રમાદનાજી રે, નિષધ ન માને ધીર રે. આ૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિભુવનની ઋદ્ધિ થકીજી રે, મનુષ્ય જન્મ નહીં પાય;
તે ચિંતામણિ સારિખો જીરે, ફોગટ એણી પરે જાય રે. આ૦ ૧૦
એમ ચિંતવી ઘેર આવીયાજી રે, દીધાં વરસી રે દાન;
દીક્ષા લીધી રૂયડીજી રે, મનઃપર્યવ થયું નાણુ રે. આ૦ ૧૧
કર્મ ખપાવી થયા કેવળીજી રે, છસો મુનિવરની સાથ રે;
ચંપાપુરી ચંપક તળેજી રે, શિવસુખ પામ્યા નાથ રે. આ૦ ૧૨
શ્રી વિજયાનંદસૂરીશનોજી રે, સેવક કહે કરજોડ;
શ્રી વાસુપૂજ્ય જીન બારમાજી રે, મુજ પ્રભુ મોહ વિછોડ રે. આ૦ ૧૩

## ૨૭૩
## નંદીષેણ મુનિની સજ્ઝાય

રહો-રહો-રહો વાલમા, કયાં જાવો છો રૂઠી લાલ રે;
જેહને તન-ધન-ઉપજે, તેહને ન દીજે પૂઠી લાલ રે રહો૦ ૧
રાત-દિવસ જે ગુણ જપે, રાખે સ્નેહ અપાર લાલ;
તે માણસ કેમ મેલીએ, જો હોય વાંક હજાર. લા. રહો૦ ૨
પાયે પડી પ્રભુ વિનવું, હસતાં મ ધરો રોષ, લા;
વાડ ગળે જો ચીભડાં, તો કેહને દીજે દોષ લા. રહો૦ ૩
પાંચશેં નારી જેણે પરિહરી, કીધી મુજશું સંભાળ, લા;
દિન-દિન પ્રત્યે દશ બુઝવે, નંદીષણ વાણી રસાળ. લા. રહો૦ ૪
બાર વરસ સુખ ભોગવી, લીધો સંયમ ભાર લા;
વિનય વિજય ઉવજ્ઝાયનો, રૂપ વિજય જયકાર. લા. રહો૦ ૫

## ૨૭૪
## રહનેમિની સજ્ઝાય

નાજી-નાજી-નાજી છેડોનાજી, દેવરીયા હો મુનિવર છેડોનાજી;
સંયમ વ્રત ભાંગે છેડો, યદુકુલ દુષણ લાગે. છેડો૦ ૧
અગ્નિકુંડમાં નિજ તનુ હોમે, વમ્યું વિષ નવિ લેવે;
જો અગંધન કુલના ભોગી, તે કેમ કરી વિષ સેવે. છેડો૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લોક હસે ને ગુણ સવિ નિકસે, વિકસે દુર્ગતિ બારી;
એમ જાણીને કહો કોણ સેવે, પાપ પંક પરનારી. છેડો૦ ૩
વળી વિશેષે સંયતિ સંગે, બોધી બીજ બળી જાવે;
સાહીબ બાંધવ નામ ધરાવો, તો કેમ લાજ ન આવે. છેડો૦ ૪
મૂરખ કોઈ દહીકરી ચંદન, છાર કોયલો લેવે;
વિષય હળાહળ પાપ નિકંદન, કોણ જીવવાને સેવે. છેડો૦ ૫
રાજુલ બાળા વચન રસાલા, જેમ અંકુશે સૂંઢાળા;
એમ થિર કરી રહનેમિ પ્રગટયા, જ્ઞાન વિમળ ગુણમાળા. છેડો૦ ૬

## ૨૭૫
## રાવણને મંદોદરીએ આપેલા ઉપદેશની સજ્ઝાય

સીતા હરી રાવણ ઘર આણી, બોલે મંદોદરી રાણી;
અવર સતી જગ એહ સમાણી, નવ દીઠી નવ જાણી રે,
રાજા, રામ ગૃહિણી કાં આણી.
એમ તુજ મતિ કાં મુંઝાણી રે, રાવણ સીતા ઘર કાં આણી;
સીતા આણે થાશે ફજેતી, રહેશે જુગ જુગ વાણી રે. રાવણ૦ ૧
સમકિત શુદ્ધ શિયળ ગુણ ખાણી, સિદ્ધ સમા સુખ વાણી;
સકળ સતી શિર મુગટ કહાણી, દોહિલી એ દુહવાણી રે. રા૦ ૨
દશરથ નંદનની એહ પટરાણી, માને ઈંદ્ર ઈન્દ્રાણી;
લંકાપતી મૂકો ઉતાવળ, એહશું કરો મેરબાની રે. રા૦ ૩
પરદાશ શું પ્રીતિ પૂરાણી, કરતાં ન રહે પ્રાણી;
દુર્ગતિ આપે એહ કમાણી, બોલ્યા કેવળ નાણી રે. રા૦ ૪
શિયળ ગુણે સુરલોકે ગવાણી, સમરે છે સુર વૈમાણી;
એહ તણા ગુણ સૂત્ર સિદ્ધાંતે, કહો કિમ એહ હરાણી રે. રા૦ ૫
પાપ પરંપર પીચુ શિલખાણી, રાધાવેધે વરાણી;
પતિવ્રતા વ્રત રંગે રંગાણી, કેમ તરિયે નાવ કહાણી રે. રા૦ ૬
તું છો પરમ પુરુષ પ્રમાણી, હું તુચ્છ મતિ તોલાણી;
પર રમણી લંપટ ન નિર્વાણી, કીર્તિ કમલા હરાણી રે. રા૦ ૭
કંથ કહો કુણ કુમતિ ઉપાઇ, સતી સીતા ન પીછાણી;
અથવા જે વિધિ લખીય લખાણી, તેહ કુણ ટાલે પ્રાણી રે. રા૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અઠ્ઠોત્તરસો શોકો વરાણી, એહ કોઈ નવિ સમજાણી;
એમ આવે દુર્ગતિ ઉજાણી, એહ કોઇ નવિ પીછાણી રે. રા૦ ૯
શિયલ સબલ ગુણ ગ્રંથે કહેવાણી, એહ વર ઉત્તમવાણી;
જાઓ નિજ ઠામે મેલાણી, મીઠી સાકર ખાણી રે. રા૦ ૧૦
તું છે ન્યાયી બિભીષણ ભાઈ, જલનિધિ ખાઇ ભરાણી;
ધર્મ સખાઇ જે ઠકુરાઇ, કાં હારે અભિમાની રે. રા૦ ૧૧
ઠાર ભરાઈ જ્યોતી ન થાઇ, શું ફુંકે ઓલવાણી;
અંગ સુકોમલ રામ વિયોગે, પોયણી જીમ કરમાણી રે. રા૦ ૧૨
આરાધો પરમારથ સાધો, એહ કમલા બ્રહ્માણી;
વિનયે કરીને વિઘ્ન ઓલાવો, જિમ હોય કુશલ કલ્યાણી રે. રા૦ ૧૩
રાવણ કંથ કહે સુણ કામિની, મુજ મન એહ ન સુહાણી;
કહે કેમ હારૂં બલ છે મ્હારૂં, પરદલ દેખી ડરાણી રે. રા૦ ૧૪
સતીય સીતાની નિરત ન જાણી, કિમ લાભે સુપટરાણી;
રામ–લક્ષ્મણ છે મહાબલિયા, સબલી ગોત ગોતાણી રે. રા૦ ૧૫
રાવણ જીતી જગત વદીતી, સાગર સહસ બંધાણી;
રામે ઘેર આણી ઘણી આણી, વિદ્યાચંદ્ર વખાણી રે. રા૦ ૧૬

## ૨૭૬
## આંબીલ તપની સજ્ઝાય

**સમરી** શ્રુત દેવી શારદા, સરસ વચન વર આપે સદા;
આંબીલ તપનો મહિમા ઘણો, ભવિજન ભાવ થકી તે સુણો. ૧
વિગઈ સકલનો જીહાં પરિહાર, અશન માંહિ પણ ભેદ વિચાર;
વિદળ સર્વ તિલ તૂવેર વિના, અલસી કોદ્રવ કાંગની મના. ૨
ખડધાન પુંહક દુકટ ફલ સર્વ, વર્જી જે આંબીલને પર્વ;
ઓસામણ પરે જો જલ ભલે, તો આંબીલ અંબિલ રસ ટલે. ૩
બલવણ સૂંઠ મરીચ ને સુઆ, મેથી સંચલ ચંમઠ કહ્યા;
અજમાદિક ભેલા રંધાય, તો આંબીલમાં લેતા થાય. ૪
જીરૂં ભલે તે જેવડી કહી, તે સુજે પણ જીરૂં નહીં;
ગોમુત્ર વિના અછે અણાહાર, તે સવિ લેવાનો વિવહાર. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાત જાતિ જે તંદુલ તણી, તે સુજતી આંબીલમાં ભણી;
સેકેલ ધાન અપકી દાલ, માંડા ખાખર લેવા ટાલ. ૬
હલદર લવિંગ પીંપર પીંપલી, હરડે સીંધવ વેસણ વલી;
ખાદિમ સ્વાદિમ જે કહેવાય, તે આંબીલમાં નવિ લેવાય. ૭
ઉત્કૃષ્ટ વિધે ઉષ્ણ જલનીર, જઘન્ય વિધે કાંજીનું નીર;
ઈમ નિરદૂષણ આંબીલ કરે, મુખ ધોવણ દાતણ નવિ કરે. ૮
જે નિરદૂષણ લિયે આહાર, ઓદનને તેહને વેવહાર;
આટો લેમટું પાણી વાળું, તે પણ આંબીલ સુજતું. ૯
અશઠ ગીતારથ અણ મછરી, જે જે વિધિ બોલે તે ખરી;
લાભા લાભ વિચારે જેહ, વિધિ ગીતારથ કહીયે તેહ. ૧૦
આંબીલ તપ ઉત્કૃષ્ટો કહ્યો, વિઘ્ન વિદારણ કારણ લહ્યો;
વાચક કીર્તિ વિજય સુપસાય, ભાખે વિનય વિજય ઉવજ્ઝાય. ૧૧

## ૨૭૭
## મુરખાની (જીવનગાડી) સજ્ઝાય

મુરખો ગાડી દેખી મલકાએ, ઉંબર તારી રેલ તણી પરે જાવે;
સંસાર રૂપી ગાડી બનાવી, રાગ દ્વેષ દોનું પાટા;
દેહ ડબ્બા ને પળ પળ પૈડાં, એમ ફરે આઉખાના આંટા. મુરખો૦ ૧
કર્મ એંજીનમાં કષાય અગ્નિ, વિષય વારી માંહી ભરીયું;
તૃષ્ણા ભુંગળું આગળ કરીને, ચાર ગતિ માંહી ફરીયું. મુરખો૦ ૨
પ્રેમરૂપી અંકોડા વળગાડ્યા, ડબ્બે ડબ્બે જોડ્યા ભાઈ;
પૂર્વ ભવની ખરચી લઇને; ચેતન બેસારૂ બેઠાં માંહી. મુરખો૦ ૩
કોઈ એ ટિકીટ લીધી નરક તિર્યંચની, કોઇએ લીધી મનુષ્ય દેવા;
કોઇએ ટીકીટ લીધી સિદ્ધિ ગતિની, તેણે પામ્યા છે અમૃત મેવા. મુરખો૦ ૪
ઘડી ઘડી ઘડીયાળ જ વાગે, નિશદિન એમ વહી જાય;
વાગે સીટી ને ઉપડે ગાડી, આડા અવળા મહેલ થાય. મુરખો૦ ૫
જાણી તર્કમાં યમરાય પાસે, જઈને સોંપ્યો તત્કાળ;
આરામ કરીને આવ્યો પરોણો, તેની ખાંભી તે પાક માંહી ઘાલ્યો. મુરખો૦ ૬
લાખ ચોરાથી જીવાયોનીમાં, જીવડો રૂલે વારંવાર;
સદ્‌ગુરૂ શીખ ધર્મ આરાધે, તે પામે છે મુક્તિનાં દ્વાર. મુરખો૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત ૧૯૮૬ ના વર્ષે, આતમ ધ્યાન લગાઈ;
ગોપાળ ગુરૂના પુણ્ય પસાયે, મોહન ગાએ ભાવ ગાડી. સુરખો૦ ૮

## ૨૭૮
## સમુચ્છિર્મ મનુષ્ય જીવોને ઉપજવાના ચૌદસ્થાનકોની સમજુતી

ચાલો સહિયર મંગળ ગાઇએ, લહીએ પ્રભુનાં નામ રે;
પહેલું મંગળ વીર પ્રભુનું, બીજું ગૌતમ સ્વામી રે,
ત્રીજું મંગળ સ્થુલીભદ્રનું, ચોથું મંગળ ધર્મ રે. ચાલો૦ ૧
જીવની જયણા નિત્ય જ કરીએ, સેવીએ શ્રી જીન ધર્મ રે,
જીવ અજીવને ઓળખીએ, તો પામીએ સમકિત મર્મ રે. ચાલો૦ ૨
છાણાં ઇંધણાં નિત્ય પુંજીએ, ચુલે ચંદરવો બાંધી રે,
પોચે હાથે વાસીદું વાળીએ, દીવે ઢાંકણ ઢાંકી રે. ચાલો૦ ૩
શિયાળે પકવાન્ન દિન ત્રીશ, ઉનાળે દીન વીશ રે,
ચોમાસે પંદર દિન માન, ઉપર અભક્ષ્ય ઇશ રે. ચાલો૦ ૪
ચૌદ સ્થાનકીયા જીવ ઓળખીયે, પન્નવણા સૂત્રની સાખે રે,
વડીનીતિ લઘુનીતિ બડખા માંહે; અંતર્મુહુર્ત પામે રે. ચાલો૦ ૫
શરીરનો મેલ નાકનો મેલ, વમન પિત્ત સાતમે રે;
શુક્ર શોણીત મૃત કલેવર, ભીનું કલેવર અગ્યારમેરે. ચાલો૦ ૬
નગરનો ખાળ અશુચિસ્થાન, સ્ત્રી પુરૂષ સંગમેં રે;
ઉપજે ત્યાં મનુષ્ય સમુચ્છિર્મ, સ્થાનક જાણો ચૌદમે રે. ચાલો૦ ૭
અસંખ્યાતા અંતર્મુહૂર્ત આઉએ, બીજાનો નહિ પાર રે;
બાવીશ અભક્ષ્ય, બત્રીશ અનંતકાય, વર્જો નર ને નાર રે. ચાલો૦ ૮
આપવેદના પરવેદના સરખી, લેખવીએ આઠે જામ રે;
પદ્મવિજય પસાયથી પામે, જીત તે ઠામોઠામ રે. ચાલો૦ ૯

## ૨૭૯
## શીખામણની સજ્ઝાય

પરપંથે એક દિન, દુનીયા વિસારી મનવા;
મનવા માની લે માની, સ્હેજ શિખામણ. મનવા૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પર્ણ કુટીના જેવી કાચી, કાયાની માયા;
પવન ઝપાટે પળમાં, ઢળી પડનારી. મનવા૦ ૨
સંભાળી પાળી પોષી, પણ નહિ રહેનારી;
એક દિન જંગલમાં જઇને, ડેરા દેનારી. મનવા૦ ૩
સેજ તલાઇ ફુલની ચાદર, ખુંચે જીવને વહાલા;
સ્મશાને જઇને કરવી, કાષ્ટ પથારી. મનવા૦ ૪
ખોખરી હાંડલી રે આખર, વાંસની ઘોડીવાલા;
વાડી ગાડી ને લાડી, નહિ આવે લારી. મનવા૦ ૫
શેરી તક નારી ચાલશે, સગાં સંબંધી સ્મશાને;
વળશે તુજને વળાવી, કાયા ભસ્મ થનાર. મનવા૦ ૬
ભક્તિ કર પ્રભુની પ્યારા, કરલે ભલાઇ વ્હાલા;
આત્મારામ કુડી કાયા, સ્થીર નહિ રહેનારી. મનવા૦ ૭

## ૨૮૦
## સાધુના સાત સુખ ને સાત દુઃખની સજ્ઝાય

સુદેવ સુગુરૂના પ્રણમી પાય રે, કરૂં સજ્ઝાય અધિક ઉચ્છાહ રે;
વીતરાગ દેવના કહ્યા કરશે રે, તે ભવસાયરને તરશે રે. ૧
નવસો એંસી વરસ ગયા રે, શ્રી સિંદ્ધાત પુસ્તકારૂઢ થયા રે;
સાધુ શિરોમણી દેવર્દ્ધિ ગણધાર રે, સાતે સુખે પુરા અણગાર રે. ૨
પહેલું સુખ જે સંયમ લીયો રે, બીજુ સુખ જે નિર્મળ હીયો રે;
ત્રીજું સુખ કરે વિહાર રે, ચોથું સુખ વિનીત પરીવાર રે. ૩
પાંચમું સુખ ભણવું જ્ઞાન રે, છઠ્ઠું સુખ ગુરૂનું બહુમાન રે;
નિરવદ્ય પાણી ને ભાત રે, એટલા મળ્યા સુખ સાત રે. ૪
સાધુ થઇને સાવદ્ય કામ કરે રે, તે તો સાતે દુઃખ અનુસરે,
પહેલું દુઃખ જે ક્રોધી ઘણો રે, બીજું દુઃખ મૂરખ પણો રે. ૫
ત્રીજું દુઃખ જે લોભી બહુ રે, ચોથું દુઃખ ખીજાવે સહુ રે;
પાંચમું દુઃખ નહિ વિનય લગાર રે, છઠ્ઠું દુઃખ અભ્યંતર બાર રે. ૬
રીગાંગી ને અભિમાની પણો રે, એ સાતે દુઃખ મુનિના ભણો રે;
એ સાતે દુઃખ તજે અણગાર રે, જીત વિજય વંદે વારોવાર રે. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૮૧
## શ્રી સ્થુલીભદ્રનો જવાબ

સ્થુલી ભદ્ર કહે સુણુ રે કોશ્યા, કહી સાચી તે વાણી;
મા સુસાળે એ પદને અર્થે, તું મુજ માત સમાણી;
છોડો નાંજી છોડો નાંજી–છોડો નાંજી કોશ્યાજી;
વિષયના વયણા વિરૂઆ છોડો નાંજી. ૧
ઘટતા બોલ કહ્યા તે સઘલાં, ઉત્થાપ્યા નવિ જાએ;
નવવિધ વાડ રાખે તે મુનિવર, આગમે કહેવાએ. છોડો નાંજી૦ ૨
ચિત્ર લેખિત પુતલડી પણ, નિરખે, નહિ સોભાગી;
તો કિમ નિશદિન નારી સંગે, રાંચે વડ વૈરાગી. છોડો નાંજી૦ ૩
સરસ આહાર નવિ ખાયે મુનિવર, તપ જપ કિરીયા ધારી;
વન મૃગની પરે મમતા મૂકી, વિચરે મુનિ બ્રહ્મચારી. છોડો નાંજી૦ ૪
કોઇક ભાવી પદાર્થથી હું, ગુરુ આજ્ઞા લેઇ આવ્યો;
પણ એમ ન રહેવું ઘટે મુનિને, મો મન અર્થ એ ભાવ્યો. છોડો નાંજી૦ ૫
વિષય કિંપાક (વિપાક) તણા ફળ જાણી, કોશ્યા કીધી દૂરે;
સરલ સ્વભાવ સહી ગુણ આવે, તરીએ ભવજલ પૂરે. છોડો નાંજી૦ ૬
મીઠી વાણી મુનિવર ઝીલી, વેશ્યાને મન ભેદી;
શીલવ્રત અંગે અજવાળી, વિષયની વેલી છેદી. છોડો નાંજી૦ ૭
ધન શકડાળ તણો નંદન, ધન લાછલદે માયે;
શ્રી શ્રી મહીમા પ્રભ સૂરીનો, ભાવ નમે મુનિ પાયે. છોડો નાંજી૦ ૮

## ૨૮૨
## સ્થુલીભદ્રને કોશ્યાનો સંવાદ

કોશ્યા : યોગ ધ્યાન ધ્યાનમેં જોડી તાલી, હાથ ગ્રહી જપ માલી;
સ્થુલીભદ્ર યોગીશ્વર આગે, બોલી કોશ્યા બાલી.
બોલો નાંજી, બોલો નાંજી, બોલો નાંજી,
સ્થુલીભદ્ર વાલમ પ્રીતડી ખટકે છે. બોલો નાંજી૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અણબોલે ઈહાં કેમ જ સરશે, પ્રેમનો કાંટો ખૂંચે;
આમણી દોમણી દેખી મુજને, પાડોશી સહુ પૂછે બોલો. બોલો નાંજી૦ ૨
મા આગળ મોસાળ વખાણે, હું ગુણ જાણું તોહીલા;
એક ઘડી રીસાવી રહેતી, ત્યારે થાતા દોહીલા. ૩
એક વાંઝણી ને બેટો મોટો, તે સાચો કેમ પ્રીછો;
તીમ વેશ્યા ની સંગે આવી, સંયમ રાખણ ઈચ્છો. ૪
વાય ઝકોળે ડોલે દીવો, અગ્નિ ઘી પીગળાયે;
તેમ નારી સંગે વ્રત ન રહે, આખરે હાંસી થાયે. ૫
સુકાં પાન સેવાળને ખાતાં, વનવાસી આજે યોગી;
તે પણ નારી દરિસણ દેખી, કામ તણાં થયા ભોગી. ૬
મુનિવરની મુદ્રા લઈ બેઠા, વળી ખટ્રસ પણ ખાવા;
કોળીના ટોળામાં કુશળે, રત્ન વાંચ્છે લઈ જાવા. ૭

## ૨૮૩
## સુમતી વિલાસની સજ્ઝાય

પડજો કુમતિ ગઢ કાંગરાં, મરજો મોહ મહેરાણ;
વ્હાલો મ્હારો નિજ ઘરે નાવીયો, એણે પરઘર કીધા પ્રયાણ.
વ્હાલા ઈમ કહે સુમતિ સુજાણ. ૧
દાંત પાડું રે દુતી તણાં, પાડોશણના લેઉં પ્રાણ;
જેણે મ્હારો જીવન ભોળવ્યો, લઈ નાખ્યો નરકની ખાણ. વ્હાલા૦ ૨
માયા એ મદ પાઈને રે, વાસ્યો પોતાનો વાસ;
મ્હારો તે વાસો તેણે ટાળીયો, ઈણે મુજ કીધી નિરાશ. વ્હાલા૦ ૩
ગુણવંતના ગુણ ગોપવી, નિગુણાં શું માંડે ગોઠ;
આપ સ્વરૂપ ન ઓળખે, એ તો પાપની ચલવે પોઠ. વ્હાલા૦ ૪
અ પૂજ્ય સાથે ઘરે આશકી, એતો પૂજ્યના પૂજે પાય;
પરમ મહોદય પામશે જ્યારે, આવશે આપણે ઠાય. વ્હાલા૦ ૫
શ્રી દાદા પાસ પસાઉલે,
ઉદયરત્ન વાચક વદે, પૂજશે જે પ્રભુના પાય;
તે પરમ પદે પધારશે, વળી સંપદ લેશે સવાય. વ્હાલા૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૮૪
## ધન્ના-શાલીભદ્રની સજઝાય

અજીયા જોરાવર કારમી હો જાલમી, અજીયા શાલીભદ્ર
ધનો હોય સંત;
ધર્મરા ધોરીએ મુનિ તે, વૈભાર ગિરિ જઈ વંદીએ. ૧
માસ ખમણને પારણે અ૦, આવ્યા હોય અણગારા અ૦;
પણ તે કેણે નવિ ઓળખ્યા અ૦, આપ્યો નહીં વળી આહાર. ધ૦ ૨
અજીયા વલતી મહિયારી મહિ આપીને અ૦, પડિલાભ્યા
હોય અણગાર;
પૂર્વભવમાં માવડી અ૦ પ્રભુ કહે એમ. ધ૦ ૩
તવ તેણે અવસર આદર્યું, અ૦, વૈભારગિરી જઇ તેહ;
અ૦ ફુલની સજ્યા જેને ખુંચતી, અ૦, સંથારો શળી કરી સ્હેજ. ધ૦ ૪
માતા મહિલા તિહાં આવીયાં, નાથજી વયણે ધરી નેહ;
નાથજી અમ સામું જુવો, હરખાણી કહે ધરી નેહ. ધ૦ ૫
માતા વચને મન વિંધીયું, મોહે ઘેરૂં મન્ન;
જનની સામું જોયું તદા, ધીરજ ધરી રહ્યો ધન્ન. ધ૦ ૬
સર્વાર્થ સિદ્ધિ જઈ ઉપન્યો, ધન્નો ગયો મુક્તિ મોઝાર;
અ૦ ઉદય રત્ન વંદે તેહને, તે પામે ભજજલ તીર. ધ૦ ૭

## ૨૮૫
## વરદત્તકુમારની સજ્ઝાય

વિચરંતા નેમીશ્વર આવીયા રે, ગઢગીરનાર સહસાવન જાય;
સહસ અઢાર સંઘાતે સાધુ શોભતા રે, ધર્મ પ્રકાશે પર્ષદા માય,
ધન ધન દહાડો રે ધન ઘડી આજની. ૧
વન પાલકની સુણી વધામણી રે, હરખ્યાં કૃષ્ણાદિક નરનાર;
હય ગય રથ પાયક પરિવારશું રે, વાંદીને સફલ કર્યો અવતાર ધન૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દોય દશ આવર્તે કરી વંદના રે, નેમી જીનેશ્વરને મુનિ રાય;
શત્રુ મિત્ર સર્વે સમભાવશું રે, તે સુણી હરિ મન હરખિત થાય; ધન૦ ૩
સોળ શણગાર સજી સહુ સુંદરી રે, શિયલવંત સત્યભામા રૂકમણી નાર;
પ્રભુને વાંદીને ચૂરતાં કર્મને રે, નિરખતાં પ્રભુનો દેદાર. ધન૦ ૪
કોઇ મુનિ ધ્યાન ધરે જોગાસને રે, કોઇ મુનિ કરતાં તે જ્ઞાન અભ્યાસ;
કોઇ મુનિ તપ જપ કીરીયા આદરે રે, કરવા આતમ નિજ ઉપકાર. ધન૦ ૫
ભવજળ તારણ સુણીને દેશના રે, વરદત્ત કુમાર ને રાજુલ નાર;
સહસ પુરૂષસું સંયમ આદર્યો રે, કરવા શિવરમણી શું પ્યાર. ધન૦ ૬
પંચ આચાર નિવારો ક્રોધને રે, ઇચ્છા નિરોધી સંબળ લેજો સાર;
એહવા મુનિ જનને કરૂં વંદના રે, વિમળદીપ કહે એણીવાર. ધન૦ ૭

## ૨૮૬
## કઠીયારાની સજ્ઝાય

વીર જીનવર રે, ગૌતમ ગણધર ને કહે,
ગુરુ વાણી રે, પૂન્યવંતા પ્રાણી સદ્દહે,
કઠીયારો રે, પરદેશી દૂર બોધીએ,
તે તો નિશ્ચય રે, નવિ પામે પ્રતિબોધીએ,
પ્રતિબોધ નિશ્ચય નવિ પામે, જીવ તે દુર બોધીએ,
ધન કર્મ મર્મ જોગ જડને, ધર્મ સાથે વિરોધ એ,
તવ કહે ગૌતમ સ્વામી, કર સંપુટ કરી મનોહર એ;
દ્દષ્ટાંત કઠીયારા તણો, મુજ કહો જગદાધાર એ. ૧
તવ જલ્પે રે, ચરમ જીનેશ્વર કેવલી;
સુણ ગૌતમ રે, ગૌતમ ગોત્ર તણા ધણી;
કઠીયારો રે, કોઈ એક પૂર રહે;
તો અનુદિન રે, મૂળી લેવાં વન વહે;
વનવહે ઈંધણી કાજે, ગિરિ ગહ્‌વરમાં ગયો,
અતિ સરળ સુંદર તરૂ નિહાળી, હૈડામાં હરખીત થયો;
તે તુરત છેદ્યો મૂળ ખણતાં, નીકળી એમ માટલી;
વર પાંચ રત્ન જડિત અદ્દભૂત, જાતિ રૂપ તણી ભલી. ૨
શિર મૂળી રે, વાસે તે માટલી ધરી;
ઘરે આવતાં રે, વૃષ્ટિ થઈ અતિ આ કરી;



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મૂળી વેચી રે, ન શકયો તે ઘરમાં ઠવી;
ખોળ ખાવા રે, આવ્યો દીન પણું ચવી;
ચવી દીન પણું મુરખ ત્રિપણુથી, ઉછીનો ખોળ આણીઓ;
કનક માટલી માંહે ઘાલી, રાંધે મૂરખ પ્રાણીયો;
મૂળી કેરાં ખંડ કાપી, અગ્નિમાં ક્ષણ ક્ષણ ધરે;
તેહ તણો પરિમલ અતિ અનર્ગલ, સબળ સઘળે વિસ્તરે. ૩
એ હવે એક રે, ધન દસમ અવતરીયો;
ઈણ વખતે રે, તેહ પંથે વહેવારીયો;
જાતાં થકાં રે, ગંધ તેને તસ આવીયો;
મન ભીતર રે, ભારે વિસ્મય પામીયો;
પામીયો તે ગંધ કયાંથી, બાવના ચંદન તણો;
એહવો ઉદાર છે કવણ ભોગી, દ્રવ્ય એમ કેહને ઘણો;
તે ગંધને અનુસાર આવે, શેઠ કઠિયારા ઘરે;
વગર વિચાર્યું કાર્ય દેખી, શેઠ શીખામણ ભણે. ૪
અરે મુરખ રે, મમ કર તું અકાજ રે;
કાંઈ બાળે રે, બાવના ચંદન આજ રે;
તુને આપું રે, તોળી કનક બરોબ રે;
સુખ ભોગવ રે, ભામીની સુંદર મંદિરે;
મંદિર સુંદર જસ્યું પુરંદર, કરે વિનોદ વિલાસ રે;
એ રયણ રૂડા જાળવે તો, પૂરવું તુજ આશ રે;
મુર્ખ સમજે નહિ અકિંચન, રયણ વિણસાડે જડો;
મન ખેદ ધરતો ઘર સિધાવે, શેઠ એહ ઉપનય વડો. ૫
ભવ પાટણ રે, વિસ્તાર ભૂમિ વખાણીએ;
મતિ જાડી રે, જીવ કબાડી જાણીએ,
રૂડી કાયા રે, કનક તણી એ માટલી;
પાંચ ઈંદ્રિય રે, જયોતિ રત્ન ઉપર વળી,
ઉપર વળી રૂચી રત્ન કેરી, વિષય ખોળ અસાર એ;
તેહ તણે કાજે આપું ચંદન, દહે મુઢ ગમાર રે;
નિજ કાય ઈંદ્રિય કનક રયણ, કાન્તિ સકળ કહે વૃથા,
એક વાત જગ વિસ્તાર પામી, તેલ જળમાંહે યથા. ૬
શેઠ સદગુરૂ રે, પ્રીતિ ધરે પ્રતિ બોધવા,
ઉપગારી રે, દીએ ઉપદેશ નવનવા;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નવિ બુઝે રે, ભારે કર્મી જીવડો;
જાતી અંધો રે, શું કરે તસ દીવડો;
દીવડો શું કરે સદ્ગુરુ, વિષય અંધા જે જના,
એ કળા સારી ગુરુ કેરી, વૃથા નિર્મળ દળ વિના;
એહ સુણી ઉપનય વિષય વિસસમ, વિષય ખોળ સવી વામીએ;
ગુણવિજય અધિપતિ વીર જંપે, પરમ પદવી પામીએ. ૭

## ૨૮૭
## ગૌતમ સ્વામીની સજઝાય

હે ઇન્દ્રભૂતિ! ત્હારા ગુણ કહેતા હરખ ન માય રે;
હે ગુણદરિયા! સુરવધુ કરજોડી તુમ ગુણ ગાય. આંકણી.
જે શંકર વિરંચીની જોડી, વલી મોરલી ધરને વિછોડી;
તેં જીનજી સાથે પ્રીતિ જોડી. હે૦ ૧
વેદના અર્થ સુણી સાચા, વીરના ચેલા થયા જાચા;
કોઈ લબ્ધિએ ન રહ્યા કાચા. હે૦ ૨
પરિગ્રહ નવવિધના ત્યાગી, તુમચી જાગરણ દશા જાગી;
ધર્મ ધ્યાન શુકલ ધ્યાનનાં રાગી. હે૦ ૩
અનુજોગ ચારના બહુ જાણ, તેણે નિર્મળ પ્રબળ તુજ નાણ;
અમૃત રસ સમ મીઠડી વાણ. હે૦ ૪
જે કામ નૃપને રમવા દડી, ત્રણગતિ ત્રિવટે તેહ પડી;
તે રમણી તુજને નહીં નડી. હે૦ ૫
અતિ જાગરણ દશા જ્યારે જાગી, ભાવઠ સઘળી ત્યારે ભાગી;
કહે ધર્મજીત નોબત વાગી. હે૦ ૬

## ૨૮૮
## કુમતિની સજઝાય

રહેને રહેને રહેને, અલગી રહેને, કુમતિ પડી કેમ કેડે અલગી રહેને;
તને કુતિને કોણ તેડે અલગી રહેને, તે મુજ મોહ મહામધ પાયો,
તેણે હું થયો મતવાલો, તૃષ્ણા તરૂણી આણી મિલાવી;
—વિચમા કરે તે દલાલો. ૧

કર્મ નટાવો તું તેડી આવી, તેણે પણ માંડી બાજી;
મિથ્યા ગીત તણે ભણકારે, મુજને કીધો રાજી. વિચમા૦ ૨
નરક નિગોદ ઘણા મંદિરમાં, પાતિક પલંગ બીછાયો;
મુજને ભોળવી તિહાં બેસાર્યો, પણ સુમતિએ સમજાવ્યો. વિચમા૦ ૩
જબ મેં મદિરા છાક નિવારી, સમકિત સુખલડી ચાખી;
અનુભવ રસનો પ્યાલો મેં પીધો, ચિત્ત ચેતનને દાખી. વિચમા૦ ૪
શ્રી શંખેશ્વર ચરણ કમળમાં, લાગી ધ્યાનની તાલી;
રૂપ વિબુધનો મોહન પભણે, જીનમત સ્તુતિ લટકાલી. વિચમા૦ ૫

## ૨૮૯
## કુશિષ્યની સજ્ઝાય

વીર ગોયમને ઇમ કહે, અવિનીત ઉવેખો શિષ્યોજી;
વાંકા બળદ તણી પેરે, કામ વેળા આણીએ રીશજી. વીર૦ ૧
સમોલ તે ભાંગે જોતર્યા, વળી સામા માંડે શિંગજી;
તિમ સાહમા બોલે ઘણું, ઇમ અવિનયથી ગુણ ભંગજી. વીર૦ ૨
આળસુઆ અકહ્યાગરા, છાંડી જાયે નિજ નિજ છંદજી;
પોષ્યા ગુરૂએ વળી શીખવ્યા, પણ ન ધરે તે ગુણવૃંદજી. વીર૦ ૩
બળદને ઉવેખી રહે, જીમ સારથી સુખ સમાધીજી;
તિમ ગુરૂપણ અવિનીતને, ઉવેખી કારજ સાધેજી. વીર૦ ૪
શ્રી વિજયદેવ ગુરૂ પાટવી, જયો શ્રી વિજયસિંહ ગણધારજી;
અધ્યયને સગવીશ મેં લહ્યો, ઉદય કહે સુવિચારજી. વીર૦ ૫

## ૨૯૦
## આઠ કર્મની સજ્ઝાય

પ્રભુજી મારા કર્મો લાગ્યાં છે મારા કેડલે;
ઘડીએ ઘડીએ આતમરાય મુંઝાય રે, પ્રભુજી. ૧
જ્ઞાનાવરણીએ જ્ઞાન રોકીયું, દર્શનાવરણીયે રોકયો છે દર્શનનો પ્રવાહ રે. પ્ર૦ ૨
વેદની કર્મે વેદના મોકલી, મોહનીય કર્મે ખવરાવ્યો છે માર રે. પ્ર૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આયુ કર્મે રે તાણી બાંધીયો, નામ કર્મે નચાવ્યો છે નાચ રે. પ્ર૦ ૪
ગૌત્ર કર્મે બહુ રઝળાવીઓ, અંતરાય કર્મે આડો વાળ્યો આંક રે. પ્ર૦ ૫
આઠે કર્મોનો રાજા મોહ છે, મુંઝવી મારે ચોવીશે કલાક રે. પ્ર૦ ૬
આઠે કર્મોને જે વશ કરે, તેને ઘેર હોશે મંગલિકની માળ રે. પ્ર૦ ૭
આઠ કર્મો ને જે જીતશે, તેનો હોશે મુક્તિપુરીમાં વાસ રે. પ્ર૦ ૮
હીરવિજય ગુરૂ હીરલો, સ્નેહી રત્નવિજય ગુણ ગાય રે. પ્ર૦ ૯

## ૨૯૧
## જીભલડીની સજ્ઝાય

બાપલડી રે જીભલડી, તું કાં નવિ બોલે મીઠું;
વિરૂઆ વચન તણાં ફલ વિરૂઆં તે શું તેં નવિ દીઠું રે. બાપ૦ ૧
અન્ન ઉદક અણુગમતાં તુજને, જે નવિ રૂચે અનીઠાં;
અણુબોલાવ્યો તું શા માટે, બોલે કુવચન ધીઠાં રે. બાપ૦ ૨
અગ્નિ દાઝયો તે પણ પાળે, કુવચન દુર્ગતિ ઘાલે;
અગ્નિ થકી અધિકું તે કુવચન, તેતો ક્ષણ ક્ષણ સાલે રે. બાપ૦ ૩
તે નર માન મહોબત નવિ પામે, જે નર હોય મુખ રોગી;
તેહને તો કોઈ નવિ બોલાવે, તે તો પ્રત્યક્ષ સોગી રે. બાપ૦ ૪
ક્રોધ ભર્યો ને કડવું બોલે, અભિમાને અણુગમતે;
આપતણો અવગુણ નવિ દેખે, તે કેમ જાશે મુગતે રે. બાપ૦ ૫
જનમ જનમની પ્રીતિ વિણાશે, એકણ કડુવે બોલે;
મીઠાં વચન થકી વિણુ ગરથે, લેવો સબ જગ મોલે રે. બાપ૦ ૬
આગમને અનુસારે હિત મતિ, જે નર રૂડું ભાખે;
પ્રગટ થઈ પરમેશ્વર તેહની, લજ્જા જગમાંહી રાખે રે. બાપ૦ ૭
સુવચન કુવચનના ફળ જાણી, ગુણ અવગુણ મન આણી;
વાણી બોલે અમીય સમાણી, લબ્ધિ કહે સુણો પ્રાણી રે. બાપ૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૯૨
## કૌશલ્યાની સજ્ઝાય

દશરથ નૃપ કૌશલ્યાને કહે, તું ભામિની કિમ દુહવાણી; કે આ જોને રે તું ભા૦
પ્રાણ થકી અધિકી છે વહાલી, રામમાતા ગુણ ખાણી. કે ના જો કે નહિ જો કે,
શાને કે શા માટે, નારે વ્હાલા નહિ બોલું તુમ સાથે રે;
તુમશું અબોલડા લીધા. ૧
ગળા ફાંસો રમણીનાં ગળાથી, છોડવે આપણે હાથ, કે;
સામુ જોઈ દુઃખ કહે મુજને, એમ કહે ગ્રહી બાથે રે. કે. તુમ૦ ૨
અઠ્ઠોત્તર વિધ સ્નાત્ર કરાવ્યાં, મંત્ર ન્હવણનાં પાણી, કે;
અમ્હવિણ તે સઘલે મોકલ્યાં, ત્યારે પ્રીતિ તમારી જાણી. કે. તુમ૦ ૩
પતિ સુતવંતી જે કુલવંતી, તે સવિ સરખે દાવે કે;
શોકય વેધ હોય શૂળી સમાનાં, તે કિમ ખમીયા જાવે કે. તુમ૦ ૪
કહે દશરથ નૃપ સ્નાત્ર તણું જળ, મોકલ્યું છે પેલા કે;
કરકંકણનો શો આરિસો, શ્યાં બોલો છો ઘેલા કે. તુમ૦ ૫
પ્રેમ કલહ કરતાં એક આવી, જળ લેઈ દાસી ઝરતી કે;
તુરત આગમન નવિ થયું જરાથી, એમ અવસ્થા કરતી કે. તુમ૦ ૬
ઇણ નિમિત્ત ભવ સંવેગ આવ્યો, દેહ અથિરતા જાણી કે;
દંપતિ દોય મળ્યાં રસરંગે, લીયે સંજમ નૃપ ને રાણી કે. તુમ૦ ૭
કે હોવે રે જિહાં વહાલાં, હવે બોલું તુમ્હ સાથે રે;
ઈમ સંબંધ છે પદ્મચરિત્રે, રામને રાજની વેલી કે.
જ્ઞાન વિમલ ગુરૂથી તે લહ્યો, કર્યો ભક્તિને મેલી કે. તુમ૦ ૮

## ૨૯૩
## ચંદનબાલાની સજ્ઝાય

કૌશાંબી પતિ શતાનિક નૃપ, મૃગાવતી તસ રાણી;
મંત્રી ગુપ્તિ પ્રિયા તસ નંદા, મૃગાવતી સહિયાણી,
પ્રેમે પૂજ્ય પધારો વીર, બોલે ચંદન બાલા. પ્રેમે૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શેઠ ધનાવહ મૂલાનો પતિ, નિવસે તે પુર માંહિ;
એક દિન વીર અભિગ્રહ ધારે, પોસ બહુલ પડિવાયે. પ્રેમે૦ ૨
મુંડિત મસ્તક કરપગિ નિગડિત, રોતી અઠ્ઠમ અંતે;
રાજસુતા દાસી થઇ આપે, અડદ સુપડાને અંતે. પ્રેમે૦ ૩
એમ ગોચરીએ નિત્ય ફિરે પણ, અભિગ્રહ પૂર્ણ ન થાવે;
મૃગાવતી શતાનિક નંદા, મનમાંહિ દુઃખ પાવે. પ્રેમે૦ ૪
દધિવાહન નૃપ નગરી ચંપા, શતાનિકે ભાંગી;
પદ્માવતી પુત્રી વસુમતી જે, રાજસુતા બંદી લાગી. પ્રેમે૦ ૫
શેઠ ધનાવહે તે ઘર આણી, ત્રણ્ય દિવસની ભૂખી;
અડદ ઉત્સંગી લેઇને બેઠી, મૂલાએ તે દેખી. પ્રેમે૦ ૬
દેખી વીર હર્ષ જલ નયણે, અડદ બાકુલા આપે;
પંચ દિવ્ય સુર પ્રગટે નામે, ચંદનબાલા થાપે. પ્રેમે૦ ૭
વીર હાથે લેઇ સંયમ અનુક્રમે, શિવ લહે ચંદનબાલા;
જ્ઞાનવિમલ ગુણ લહી ખમાવતાં, નામે મંગલ માલા. પ્રેમે૦ ૮

## ૨૯૪
## સામાયિક પદની સજ્ઝાય

ચતુરનર સામાયિક નય ધારો, લોક પ્રવાહ છોડકર અપની;
પરિણતી શુદ્ધ વિચારો. ૧
દ્રવ્યત અખય અભંગ આતમા, સામાયિક નિજ જાતિ;
શુદ્ધ રૂપ સમતામય કહીએ, સંગ્રહ નયકી બાતિ પરિ૦ ૨
અબ વ્યવહાર કહે યું સબજન, સામાયિક હુઇ જાએ;
બાતેં આચરના સૌ માને, એસા નૈગમ ગાએ. પરિ૦ ૩
આચરતાં ઋજુસૂત્ર, શિથિલકી, બિનુ ઉપયોગ ન માને;
આચારી ઉપયોગી આતમા, સો સામાયિક જાને. પરિ૦ ૪
શબ્દ કહે સંજત જો એસો, સો સામાયિક કહીએ;
ચોથે ગુણઠાણે આચરણા, ઉપયોગે ભિન્ન લહીએ. પરિ૦ ૫
અપ્રમત્ત ગુણઠાણે ઇર્યાકો સમભિરૂઢ નય સાખી;
કેવલજ્ઞાન દશથિતિ ઉનકી, એવં ભૂતે ભાખી. પરિ૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સામાયિક નય જો નહુ જાને, લોક કહે સો માને;
જ્ઞાનવંતકી સંગતિ નાહિ, રહિયો પ્રથમ ગુણ ઠાણે. પરિ૦ ૭
સામાયિક નય અંતર દૃષ્ટે, જો દિન દિન અભ્યાસે;
જગ જસવાદ લહે સો બૈઠો, જ્ઞાનવંત કે પાસે. પરિ૦ ૮

## ૨૯૫
## ત્રિશલા માતાની સજઝાય

શીખ સુણો સખી માહરી, બોલોને વચન રસાળ;
તુમ કુખડીયે રે ઉપજ્યા, સોભાગી સુકુમાળ, ત્રિશલા ગર્ભને સાચવે. ૧
તીખું કડવું કસાયલું, ખાટા ખારાની જાત;
મધુરા રસ નવિ સેવીયે, વપુ મલય પરિહાર. ત્રિશલા૦ ૨
અતિ ઉનું અતિ શિયલડું, નયણ કાજળ રેખ;
અતિ ભોજન નવિ કીજીયે, તેલ ન ચોપડીયે રેખ. ત્રિશલા૦ ૩
સ્નાન વિલેપન તાહરૂં, મન જાણી દુઃખ માય;
હળવે મધુરે બોલીયે, આસી સુખની વાડ. ત્રિશલા૦ ૪
ગાડ વહેલ વિડોળતા, ધબ બધ બંધન ચાલ મ ચાલ;
અતિ શિયળ જગ સેવના, વિણસે પુત્રનાં કાજ. ત્રિશલા૦ ૫
જેમ જેમ દોહલા ઉપજે, તેમ તેમ ઉપજે બહુ માન;
ભોગ સંયોગને વાર જો, હોશે પુત્ર નિદાન. ત્રિશલા૦ ૬
એણીપરે ગર્ભને પાળતાં, પુત્ર થયો શુભ ધ્યાન;
સંઘમાં જે જે રે સહુ કરે, હીરવિજય ગુણ ગાય. ત્રિશલા૦ ૭

## ૨૯૬
## ચરખાની સજઝાય

સુણ ચરખેવાલી, ચરખો ચાલે છે, તારો ચું ચું ચું જબ જાઈ થલ ઉપનીજી;
ઉપની આપે આપ, એક અચંભો એસો કીનો, બેટી જાયો બાપ રે. સુણ૦ ૧
સુજ્ઞાની કેરો વિવાહ કરશે, વિણજાયો ભરથાર;
વિણ જાયો વર નહિ મીલે તો, અમસું તુમસું વિવાહ રે. સુણ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાસુ મર ગઈ સસરો મર ગયો, પરણ્યો બી મર જાય;
એક બુઢલો રહી ગયો, મને ચરખો દેવું બનાવ રે. સુણ૦ ૩
ભાવ ભગતકી રૂઈ મંગાવો, સુત પિંજારણુ હાર;
જ્ઞાન પિંજારણુ પીંજણુ બેઠો, કાંતો રહી જાણકાર રે. સુણુ૦ ૪
ચરખો તારો રંગ રંગીલો, પુણીએ ઘન સાર;
આનંદઘન કહે વિધિસુ કાંતો, જેમ ઉતરો ભવપાર રે. સુણુ૦ ૫

## ૨૯૭
## છટ્ઠા આરાની સજ્ઝાય

છઠ્ઠો આરો એવો આવશે, જાણશે જીનવર દેવ;
પૃથ્વી પ્રલય થાય શે, વરસશે વિરૂવા મેહ રે, જીવ જૈન ધર્મ કીજીએ. ૧
તાવડે ડુંગર તડતડે, વાએ ઉડી ઉડી જાય;
ત્યાં પ્રભુ ગૌતમે પૂછીયું, પૃથ્વી બીજ કેમ થાય રે. જીવ૦ ૨
વૈતાઢય ગિરિ નામે શાશ્વતી, ગંગા સિંધુ નદી નામ;
તેણે બેટે બહુ ભેખડો, બોતેર બીલની ખાણુ રે. જીવ૦ ૩
સર્વે મનુષ્ય તિહાં રહેશે, મનખા કેરી રે ખાણ;
સોલ વરસનું આઉખું, મુડા હાથની કાય રે; જીવ૦ ૪
છ વરસની સ્ત્રી ગર્ભ ધરશે, દુઃખમાં દુઃખ થાય;
રાતે ચરવા નીકળે, દિવસે બીલમાં જાય રે. જીવ૦ ૫
સર્વ ભક્ષી સર્વે, માછલા, મરી મરી દુર્ગતિ જાય;
નરનારી હોશે બહુ, દુર્ગંધી તસ કાય રે. જીવ૦ ૬
પ્રભુ બાલની પેરે વિનવું, છટ્ઠે આરે જન્મનિવાર;
કાંતિ વિજય કવિરાયનો, મેઘ ભણે સુખમાલ રે. જીવ૦ ૭

## ૨૯૮
## નવકારવાલીની સજ્ઝાય

બાર જપું અરિહંતના, ભગવંતના રે, ગુણ હું નિશદિશ;
સિદ્ધ આઠ ગુણ જાણીયે, વખાણીયે રે ગુણ સૂરિ છત્રીશ;
નવકારવાલી વંદીયે. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચિર નંદીયે રે ઉઠી ગણીયે સેવ, સૂત તણા ગુણ ગુંથીયા;
મણીઆ મોહન રે, માંહે મોટો મેર. ન૦ ૨
પચવીશ ઉવજઝાયના, સત્તાવીશ ગુણ શ્રી અણગાર;
એકસો આઠે ગુણે કરી, ઈમ જપીયે રે ભવિયણ નવકાર. ન૦ ૩
મોક્ષનો જાપ અંગુઠડે, વૈરી રૂઠે રે તર્જની અંગુલી જોય;
બહુ સુખદાયક મધ્યમાં, અનામિકારે વસ્યારથ હોય. ન૦ ૪
આકર્ષણ રચી અંગુલી, વલી સુણજો રે ગણવાની રીત;
મેરૂ ઉલંઘન મમ કરો, મમ કરજો રે નખ અગ્રશું પ્રીત. ન૦ ૫
નિશ્ચલ ચિત્તે જે ગણે વળી, જે ગણે સંખાદિકથી એકાંત;
તેહને ફલ હોય અતિ ઘણું, ઇમ બોલે રે જીનવર સિદ્ધાંત. ન૦ ૬
શંખ પ્રવાલ સ્ફટીક મણી, પિતાંજી વસ્તાંજલી મોતીની સાર;
રૂપા સોવન રયણ તણી, ચંદનવર અગર ને ઘન સાર. ન૦ ૭
ઉત્તમ ફળ રૂદ્રાક્ષની, જપ માલીકા રે રેશમની અપાર;
પંચ વરણ સમ સૂત્રની, વળી વસ્તુ વિશેષ તણી રે ઉદાર. ન૦ ૮
ગૌતમ પૂછંતાં કહ્યો, મહાવીરે રે એ સયલ અધિકાર;
લબ્ધિ કહે ભવિયણ સુણો, ગણજો ભણજો રે નિતનિત નવકાર. ન૦ ૯

## ૨૯૯
## નવકાર વાલીની સજઝાય

કહેજો ચતુરનર એ કોણ નારી, ધરમી જનને પ્યારી રે;
જેણે જાયા બેટા સુખકારી, પણ છે બાળકુમારી રે. કહેજો૦ ૧
કોઇ ઘેર રાતી કોઈ ઘેર લીલી, કોઇ ઘેર દીસે પીલી રે;
પંચ રૂપી છે બાળકુમારી, મનરંજન મત વાળી રે. કહેજો૦ ૨
હૈયા આગળ ઉભી રાખી, નયણા શું બંધાણી રે;
નારી નહી પણ મોહનગારી, જોગીશ્વરને પ્યારી રે. કહેજો૦ ૩
એક પુરુષ તસ ઉપર ઠાહે, ચાર સખી શું ખેલે રે;
એક બેર છે તેહને માથે, તે તસ કેડ ન મેલે રે. કહેજો૦ ૪
નવ નવ નામે સહુ કોઇ માને, કહેજો અર્થ વિચારી રે;
વિનય વિજય ઉવજઝાયનો સેવક, રૂપવિજય બુદ્ધિ સારી રે. કહેજો૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૦૦
## ચેલાને શીખામણની સજઝાય

ચેલા રહે ગુરુને પાસ, ભટકતો શીદ ફરે છે રે;
ચેલો છે પણ ઘણી ચંચળતા, નથી ગુરૂ વશ રહેતો રે,
આડું અવળું જોતો હીંડે, રાત દિવસ રહે ફીરતો રે. ચે૦ ૧
પાપ તણી ઝોલી કરી મોટી, લોભ પાત્ર લઈ હાથે રે;
વિષય ભિક્ષા ઘર ઘર માંગે, ગુરુ પ્રત્યનીકની સાથે રે. ચે૦ ૨
દુર્જન ભેગો હોંશે બેસે, જાએ સજ્જનથી નાશી રે;
જીહાં તિહાં ગુરુને ગાળ દેવરાવે, લોક કરે છે હાંસી રે. ચે૦ ૩
ચોરાશી લાખ ચૌટા વિષે, દુઃખ પામ્યો બહુ વારો રે;
તોહી તુજને શીખ ન લાગે, ધિક્ તારો અવતારો રે. ચે૦ ૪
ગુરૂનો ગુણ તો જીનવર ભાખે, શ્રી સિદ્ધાંત વારૂ રે;
એહવા ગુરૂને મૂકી જાતાં, લોક કહે છે કાળું રે. ચે૦ ૫
ગુરૂ પાસે રહેતા જશ પામ્યો, અલગા અવગુણ જાણો રે;
ગૌતમની પેરે ગુરૂને સેવે, સરશે તુમારો કામો રે. ચે૦ ૬
ચંચળતા છોડી ગુરૂ પાસે, રહી ગ્રહે વિનયે નાણુ;
વિબુધ વિમળસૂરિ પદ સેવો, ઈમ કહે જીન ભાણુ. ચે૦ ૭

## ૩૦૧
## ગુણ સ્થાનકની સજઝાય

હોયે મિથ્યાત્વ અભવ્યને, કાળ અનાદિ અનંતો રે;
તેહ અનાદિ સાંત છે પ્રાણી, ભવ્યને તેતો રે.
શ્રી જીન વચન વિચારીએ. ૧
આવલી ષટ સાસાયણે, ચોથું અયર તે ભીસો રે;
મનુજ ભવાદિક સુર ભવે, ઇમ ભાખે જગદીશો રે. શ્રીજીન૦ ૨
પૂરવ કોડી છે પાંચમો, તેરમું દેશથી ઉણું રે;
કાલ અવર ગુણ જાણવો, અંતર્મુહૂર્ત સહુનો રે. શ્રીજીન૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુ છઠ્ઠે અને સાતમે, મિલિ રહે પૂરવ કોડી રે;
અધિક વધે હોય કેવલી, કઠીન કર્મદલ મોડી રે. શ્રીજીન૦ ૪

જે જેહના વ્યવહારમાં, તેહને તેહ કહેવાય રે;
નિશ્ચયથી ગુણ ઠાણુ એ, અંતરગતિ પલટાય રે. શ્રીજીન૦ ૫

ઉચિત ક્રિયા અધિગમ થકે, અછતો પણ ગુણ આવે રે;
છતો હોય તે થિર રહે, જો જીન વચન સુહાવે રે. શ્રીજીન૦ ૬

જે ગુરૂ ચરણ ઉપાસતે, ઈમિ ગુણઠાણે વિચાર રે;
તે લહે સુજસ સંપદા, નિશ્ચય ને વ્યવહાર રે. શ્રીજીન૦ ૭

## ૩૦૨
## મરૂદેવી માતાની સજઝાય

મરૂદેવી માતા રે એમ ભણે, ઋષભજી આવોને ઘેર;
હવે મુજ ઘડપણ છે ઘણું, મળવા પુત્ર વિશેષ. મરૂદેવી૦ ૧

વત્સ તુમે વનમાં જઈ શું વસ્યા, તમારે ઓછું શું આજ;
ઈંદ્રાદિક સર્વ શોભતાં, સાધ્યાં ષટ ખંડ રાજ. મરૂદેવી૦ ૨

ઋષભજી આવી સમો સર્યા, વિનીતા નગરી મોઝાર;
હરખે દેઉં રે વધામણા, ઉઠી કરૂં રે ઉલ્લાસ. મરૂદેવી૦ ૩

આઈ બેઠા ગજ ઉપરે, ભરત સ્વજન વાંદવા જાય;
પર્ષદા દીઠી રે પુત્રની, ઉપન્યું કેવળજ્ઞાન. મરૂદેવી૦ ૪

દૂરથી વાજા રે વાગીયાં, હૈયડે હરખ ન માય;
હરખે આંસુ આવીયાં, પડલ દૂરે પલાય. મરૂદેવી૦ ૫

સાચું સગપણ મા તણું, બીજા કારમા લોક;
રડતાં પડતાં મેળો નહિ, હૃદય વિચારીને જો. મરૂદેવી૦ ૬

ધન્ય માતા ધન્ય બેટડો, ધન્ય તેમનો પરિવાર;
વિનય વિજય ઉવજઝાયનો, વર્ત્યો જય જયકાર. મરૂદેવી૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૦૩
## ચરણ સિત્તરીની સજ્ઝાય

પંચ મહાવ્રત દશવિધ યતિ ધર્મ, સત્તર ભેદે સંયમ પાલેજી;
વૈયાવચ્ચ દશ નવવિધ બ્રહ્મ, વાડ ભલિ અજુઆલેજી.
ભવિજન ભાવે મુનિ ગુણ ગાવો. ૧
જ્ઞાનાદિક ત્રય બારે ભેદે, તપ કરો જે અનિયાણોજી;
ક્રોધાદિ ચારેનો નિગ્રહ, એ ચરણ સિત્તરી જાણોજી. ભવિ૦ ૨
ચઉવિહ પિંડ વસતિ વસ્ત્ર પાત્ર, નિર્દૂષણ જે લેવેજી;
સમિતિ પાંચ વલી પડિમા બારે, ભાવના બારે સેવેજી. ભવિ૦ ૩
પચવીશ પડિલેહણ પંચેંદ્રિય, વિષય કષાયને વારેજી;
ત્રણ ગુપ્તિ ને ચાર અભિગ્રહ, દ્રવ્યાદિક સંભારેજી. ભવિ૦ ૪
કરણ સિત્તરી એહવી ધારી, ગુણ અનંત વલી સેવેજી;
સંજમી સાધુ તેહને કહીયે, બીજા સવિ નામે ધરાવેજી. ભવિ૦ ૫
એ ગુણ વિણ પ્રવજ્યા બોલી, આજીવિકાને તોલેજી,
તે ષટ્કાય અસંજમી જાણો, ધર્મદાસ ગણી બોલે રે. ભવિ૦ ૬
જ્ઞાનવિમલ ગુરૂ આણા ધારી, સંજમ શુદ્ધ આરાધોજી;
જેમ અનોપમ શિવસુખ સાધો, જગમાં કીર્તિ વાધોજી. ભવિ૦ ૭

## ૩૦૪
## બલભદ્ર મુનિની સજ્ઝાય

માસખમણને મુનિવર પારણેજી, આવી ઉતર્યા સરોવરીયા પારે;
મન મોહ્યું તુંગીયાપુર નગર સોહામણુંજી. આંકણી૦
આરે નગરીમાં જઈશું ગોચરીજી, આરે નગરીમાં કરશું આહારજી. ૧
કુંવાને કાંઠે પાણીડા સંચર્યાજી, પાછળ બાલુડો જાયજી; મન૦
રૂપે સ્વરૂપે મુનિવર ફુટડાજી, દેખી મનડું થયું અદ્ભૂતજી. ૨
ઘડાને બદલે બાલુડો ફાંસીયોજી, ગયો છે કુવામાં બાલ; મન૦
આરે નગરીમાં નહિ જાવું ગોચરીજી, આરે નગરીમાં નહી કરું આહારજી. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુકા તે વનમાં મુનિવર સંચર્યાજી, ત્યાં કર્યો છે મૃગલે નમસ્કારજી; મન૦
ખત્રી વહેરે છે વનમાં લાકડાજી, ખત્રાણી લાવી છે ભાત. ૪
ખત્રીએ મુનિવરને વાંદીઆજી, લો મુનિ સુઝતો આહારજી; મન૦
દોષ બેંતાલીશ ટાળીનેજી, લીધો છે સુઝતો આહારજી. ૫
ખત્રી ખત્રાણી મુનિવર મૃગલો જી, જઇ બેઠા તરૂવર છાંય જી; મન૦
કોઇ દિશીથી પવન આવીયોજી, ભાગી છે તરૂવરની ડાળ જી. ૬
ખત્રી ખત્રાણી મુનિવર મૃગલોજી, ચારે જીવ સ્વર્ગમાં જાય જી, મન૦
મુનિ સત્ય વિજયની એવી શીખડીજી, ધર્મમાં ખર્ચી લેજો સાથજી. ૭

## ૩૦૫
## સુલસા શ્રાવિકાની સજ્ઝાય

શીલ સુરંગી રે સુલસા મહાસતી, વર સમકિત ગુણ ધારીજી;
રાજગૃહી પૂરે નાગ રથિક તણી, સુલસા નામે નારીજી. શીલ૦ ૧
નેહ નિવિડ ગુણ તેહ દંપતિ તણો, સમકિત ગુણ થિર પેખીજી;
ઇંદ્ર પ્રશંસા રે તસ સત કારણે, આવ્યો હરિણ ગમેષી જી. શીલ૦ ૨
ગ્લાન મુનિને કાજે યાચીયા, ઔષધ કુંપા ચારજી;
ભગન દેખાડયા પણ નવી ભાવથી, ઉણીય ધરીય લગારજી. શીલ૦ ૩
પ્રગટ થઇ સુર સુત હેતે દીયે, ગુટીકા તિહાં બત્રીશજી;
તસ સંયોગે રે બત્રીસ સુત થયા, સકલ કલા સુજગીશજી. શીલ૦ ૪
એક દિન વીરે ચંપાપુરી થકી, ધર્મા શિષ કહાવે જી;
અંબડ સાથે રે પરીક્ષા તે કરે, પણ સમકિત ભણાવે જી. શીલ૦ ૫
દેશવિરતિનો રે, ધર્મ સમાચરી, સુરલોકે ગઇ તેહજી;
નિર્મમ નામે રે, ભાવિ જીન હોસ્યે, પંદરમો ગુણ ગેહજી. શીલ૦ ૬
ઇણીપરે દ્રઢમન સમકિત ગુણ, જ્ઞાનવિમલ સુપસાયજી;
તે ધન ધન જગમાંહી જાણીયે; નામે નવવિધિ થાયજી. શીલ૦ ૭

## ૩૦૬
## મન વશ કરવાની સજ્ઝાય

મન મોકલડું આણા ન માને, અરિહંત કહો કિમ કીજે રે;
રાત દિવસ હીંડે હલફૂલતું, શિખામણ શી દીજે રે. મન૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાજ માર્ગ મૂકી બાપલડું, ઉવટ વાટે જાવે રે;
આઠ પહોર અટતો નિરંતર, તૃપતો કિમહી ન થાવે રે. મન૦ ૨

ક્ષણ ધરાયો ક્ષણ ભૂખ્યો ભૂંડો, ક્ષણ રૂપે ક્ષણ તુષે રે;
ધર્મ તણા ફલ સરસ ન ચાખે, પાપ તણાં ફળ લુસે રે. મન૦ ૩

લાખ ચોરાશી ચાચર ચઢીયો, રંકપણે રડવડીયો રે;
ધર્મ વિના તે ભવભવ હીંડે, કર્મ તણે વશ પડીયો રે. મન૦ ૪

આશા બાંધે ડુંગર જેવડી, ત્રેવડ કિમહી ન પહોંચે રે;
ચિંતા જાળ પડયું પસ્તાવે, પરવશ પડીયું વિગુચે રે. મન૦ ૫

મૂળ મંત્ર ને તંત્ર કરીને, મન મંકડ વશ આણે રે;
પ્રભણે પ્રીતિ વિમલ મન સાચે, એહને સહુએ વખાણે રે. મન૦ ૬

## ૩૦૭
## સ્થુલીભદ્રની સજ્ઝાય

આંબો મોર્યો હે આંગણે, પરિમલ પુહવી ન માય;
પાસે ફુલી છે કેતકી, ભ્રમર રહ્યો હો લોભાય. આંબો૦ ૧

આવો સ્થુલીભદ્ર વ્હાલા, લાછલ દે ના હો નંદ;
તુમ શું મુજ મન મોહ્યું, જીમ સાયરને હો ચંદ. આંબો૦ ૨

સુગુણા સાથે પ્રીતડી; દિન દિન અધિકી હો થાય;
લાગ્યો રંગ મજીઠનો, કહીયે ચટકી ન જાય. આંબો૦ ૩

નેહ વિહુણા રે માણસાં, જેહવા આવળ ફુલ;
દીસંતા રળીયામણાં, પણ નવિ પામે હો મૂલ. આંબો૦ ૪

કોયલડી ટહુકા કરે, આંબે લહેકે રે લૂંબ;
સ્થુલીભદ્ર સુરતરુ સારીખા, કોશ્યા કાનપર કંબ. આંબો૦ ૫

સ્થુલીભદ્ર કોશ્યાને બુઝવી, દીધું સમકિત સાર;
રૂપવિજય કહે શીયલથી, લહીયે સુખ અપાર. આંબો૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૦૮
## આત્માની સજ્ઝાય

દુધ પુત્તરને ધન જોબન તારૂં, કાલ શું રહ્યો ભાળી;
ફલ ફુલડાં તારા વેરાઇ જાશે, વસમા છે વન મારીરે,
આમળો મેલી દેને મચકારી, જમડા લેઇ રહ્યા લટકારી. ૧
પારકા ઘરની વાતો કરતી, આપે થતી રૂપાળી;
પારકા ઘરની નિંદા કરતી, હાથની લેતી તાળી રે. ૨
પારકા મળે ત્યારે પીતાંબર પેરતી, નાકમાં નાખતી વાળી;
પોતાના મરે ત્યારે પછાડ ખાતી, કુટતી મુઠીઓ વાળીરે. ૩
પોતાના આવે ત્યારે પ્રાણ પાથરતી, નણંદ આવે ત્યારે કાળી;
વારે વારે હું વારી રહ્યો છું, હળવી બોલ હેઠાળી રે. ૪
બાર બાર મહિને મંદવાડ આવે, ખાટલો ઢાળીને સૂતી;
રૂની પુણીઓ તારી વેરાઇ જાશે, રેંટીયો મેલ ઉલાળી રે. ૫
ઉદયરત્ન કહે ઘરનો ધંધો, ઘડી ન ભજીયા પ્રભુ;
વિનય વિજય કહે કાળમાં ઘેલી, લાખ ચોરાશીયા ફરી રે. ૬

## ૩૦૯
## વહુની સજ્ઝાય

ઉત્તર દિશાથી રે સાધુ આવ્યા, વહુએ દીક્ષા લીધી રે;
સાત પાંચ સૈયર ટોળે મળીને, વહુને વ્યાકુલ કીધી રે,
એ મારી નાનકડી વહુ ભગવાન ભજવાને ચાલી. ૧
તારૂં મારૂં ધન એકઠું કર્યું ને, કાંઈ ના આવ્યું સાથે રે;
ચતુર હોય તો ચેતી લેજો, જાવું ઠાલે હાથે રે. ભગ૦ ૨
સવારે ઉઠીને સામાયિક કરતી, નિત્ય પોષહ કરતી રે;
આઠ કર્મનો ક્ષય કરીને, જેમ જપાય તેમ જપતી રે. ભગ૦ ૩
કેણો રે સસરો ને કેણીરે સાસુ, કેણો રે ઘરનો સ્વામી રે;
ઘરના સુખ તે ઘરમાં મેલ્યા, વહુ ઉપાસરે ચાલી રે. ભગ૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘરમાં રે ડોશી ડગમગે ને, વહુ દેવલોકમાં પહોંચ્યા રે;
અડધે જાતાં અરિહંત મલીયાં, મુક્તિ સુખલડી આપી રે. ૫
વહુને કેવલજ્ઞાન જ ઉપન્યું, વહુએ કારજ સાધ્યું રે;
કાન્તિ વિજયનો પંડિત બોલે, જૈન ધર્મ છે સાચો રે. ૬

## ૩૧૦
## સામાયિક લાભની સજઝાય

કર પડિક્કમણું ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન લાલ રે;
પરભવ જાતાં જીવને, સંબળ સાચું જાણ લાલ રે. કર૦ ૧
શ્રી મુખ વીર ઈમ ઉચ્ચરે, શ્રેણીકરાય પ્રતે જાણ લાલ રે;
લાખ ખાંડી સોના તણી; દીયે દિન પ્રત્યે દાન લાલ રે. કર૦ ૨
લાખ વર્ષ લગે ને વળી, એમ દીયે દ્રવ્ય અપાર લાલ રે;
એક સામાયિકને તોલે, નાવે તેહ લગાર લાલ રે. કર૦ ૩
સામાયિક ચઉવીસત્થો, ભલું વંદન દોય દોય વાર લાલ રે;
વ્રત સંભારો રે આપણા, તે ભવ કર્મ નિવાર લાલ રે. કર૦ ૪
કર કાઉસ્સગ્ગ શુભ ધ્યાનથી, પચ્ચક્ખાણ સૂધુ વિચાર લાલ રે;
દોય સજ્ઝાયે તે વળી, ટાળો ટાળો અતિચાર લાલ રે. કર૦ ૫
શ્રી સામાયિક પ્રસાદથી, લહીયે અમર વિમાન લાલ રે;
ધર્મસિંહ મુનિ એમ ભણે, એ છે મુક્તિ નિદાન લાલ રે. કર૦ ૬

## ૩૧૧
## દશાર્ણભદ્ર રાજાની સજઝાય

વીર એસે જીન વંદનકું હરિ, આવત બે કર જોડી;
ચોસઠ સહસને હસ્તી બનાયે, પાંચસે બાર મુખોરી હાંરે લાલા પાંચસે૦
મુખ મુખ અષ્ટ દંતૂસળ સોહે, વાવડી આઠ લહેરી; વીર૦ ૧
વાવ્ય વાવ્ય બિચ અષ્ટ કમળ હે, પાંખડી લાખ બહોરી, હારે૦ પાંખડી૦
પાંખડી પાંખડીયે નાટ્ય રચના, વાંસળી વેણ ઝકેરી. વીર૦ ૨



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કમળ કમળ બિચ ઈંદ્રિ ભુવન રે, આઠ ભદ્રાસન જોરી, હારે૦ આઠ૦
બિચમેં સિંહાસન ઇંદ્ર બિરાજે, વીરકું નમત કરજોરી. વીર૦ ૩
દશાર્ણભદ્ર દેખી હરિ રચના, નિજ અભિમાન તજયોરી, હારે૦ નિજ૦
રૂદ્ધિ છોડકે ચારિત્ર લીનો, પ્રભુકે શરણ રહ્યોરી. વીર૦ ૪
પ્રભુકે વચન સુણી આનંદ પાવે, વંદન મુનિ પેં કર્યોરી, હોરે૦ વંદન૦
વિનય ધરત બહુ ભક્તિ કરત હે, હરિ નીજ સ્વર્ગ ગયોરી. વીર૦ ૫

## ૩૧૨
## હિતશીક્ષાની સજઝાય

આપે આપ સદા સમજાવે, મનમાં દુઃખ મત પાવે રે;
કોઈ કિસી કે કામ ન આવે, આપ કિયા મૂલ પાવે રે. આપે૦ ૧
જિમ પંખી તરૂપર મિલિ આવે, રયણી વીતે જાવે રે;
તિમ તીરથ મેલી સવિ સોદા, કહી કહી નીજ ઘર આવે રે. આપે૦ ૨
આપ તણી કરતુ તે કર્યા, જે ભોગવે તેહ એકલો રે;
માહરૂં કરતો અહનિશિ, મૂઢપણે હોઈ ગહીલો રે. આપે૦ ૩
થિર નહી એ સંસારી પ્રાણી, તન ધન યૌવન વાન રે;
જીમ સંધ્યાનું વાદલ રંગ, જીમ ચંચલ ગજ કાન રે. આપે૦ ૪
ઇમ જાણીને ધર્મ આરાધો, કો આપે આપસ બાહુરો રે;
શ્રી જ્ઞાન વિમલ પ્રભુને નિત ધ્યાવો, જિમ શિવસુખને પાઓ રે. આપે૦ ૫

## ૩૧૩
## ક્રોધની સજઝાય

કડવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હલાહલ તોલે. કડવાં૦ ૧
ક્રોધે કોડ પુરવ તણું, સંજમ ફલ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવાં૦ ૨
સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ;
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીયો નાગ કડવાં૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે. કડવાં૦ ૪
ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળ નાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવાં૦ ૫
ઉદયરતન કહે ક્રોધને, કાઢજો ગળે સહી;
કાયા કરજો નિર્મળી, ઉપશમ રસે નાહી. કડવાં૦ ૬

## ૩૧૪
## માનની સજ્ઝાય

રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહી, તો કિમ સમકિત પાવે રે. રે૦ ૧
સમકિત વિણ ચારિત્ર નહી, ચારિત્ર વિણ નહી મુક્તિ રે;
મુક્તિના સુખ છે શાશ્વતા, તે કિમ લહીએ જુક્તિ રે. રે૦ ૨
વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે;
માને ગુણ જાયે ગળી, પ્રાણી જોજો વિચારી રે. રે૦ ૩
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગરવે કરી, અંતે સવિ હાર્યો રે. રે૦ ૪
સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે;
ઉદય રતન કહે માનને, દેજો દેશવટો રે. રે૦ ૫

## ૩૧૫
## માયાની સજ્ઝાય

સમકિતનું મૂળ જાણીએજી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત્વરે પ્રાણી,
મ કરીશ માયા લગાર. ૧
મુખ મીઠો જુઠો મનેજી, કુડ કપટનો રે કોટ;
જીભે તો જીજી કરેજી, ચિત્તમાંહે તાકે ચોટ રે. પ્રાણી૦ ૨
આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે અંતરોજી, એ માયાનો પાસ રે. પ્રાણી૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જેહશું બાંધે પ્રીતડીજી, તેહશું રહે પ્રતિકુલ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂળ રે. પ્રાણી૦ ૪
તપ કીધો માયા કરીજી, મિત્રશું રાખ્યો રે ભેદ;
મલ્લિ જીનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્ત્રીવેદ રે. પ્રાણી૦ ૫
ઉદયરત્ન કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જવા તણોજી, એ મારગ છે શુદ્ધ રે. પ્રાણી૦ ૬

## ૩૧૬
## લોભની સજ્ઝાય

તુમે લક્ષણ જોજો લોભના રે, લોભે મુનિજન પામે ક્ષોભના રે;
લોભે ડાહ્યા મન ડોળ્યા કરે રે, લોભે દુર્નય પંથે સંચરે રે. તુમે૦ ૧
તજે લોભ તેહના લેઉ ભામણાં રે, વળી પાયે નમીને કરૂં ખામણા રે;
લોભે મરજાદા ન રહે કેહની રે, તુમે સંગત મેલો એહની રે. તુમે૦ ૨
લોભે ઘર મેલી રણમાં મરે રે, લોભે ઉંચ નીચ આચરે રે;
લોભે પાપ ભણી પગલાં ભરે રે, લોભે અકારજ કરતાં ન ઓસરે રે. તુમે૦ ૩
લોભે મનડું ન રહે નિર્મળુ રે, લોભે સગપણ નાસે વેગળું રે;
લોભે ન રહે પ્રીતિ ને પાવડું રે, લોભે ધન મેળે બહુ એકઠું રે. તુમે૦ ૪
લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે, લોભે હત્યા પાતક નવિ ગણે રે;
તે તો દામ તણે લોભે કરી રે, ઉપર મણિધર થાયે મરી રે. તુમે૦ ૫
જોતાં લોભનો થોભ દીસે નહી રે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભૂમ નામે જુવો રે, તેતો સમુદ્રમાંહે ડુબી જુઓ રે. તુમે૦ ૬
એમ જાણીને લોભને છંડજો રે, એક ધર્મશું મમતાં મંડજો રે;
કવિ ઉદયરત્ન ભાખે મુદા રે, વંદુ લોભ તજે તેહને સદા રે. તુમે૦ ૭

## ૩૧૭
## સામાયિક પદની સજ્ઝાય

સમર રે જીવ ! નવકાર નિત્ય સ્નેહશું, અવર કાં આળ પંપાળ જંખે;
વર્ણ અડસઠ નવકારના નવપદ, સંપદા આઠ અરિહંત ભાખે. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શત્રુંજય તીર્થ સમ તીર્થ ન કો ભજંત, વચણુ વીતરાગ સમ ન કો કહેશે;
મંત્ર નવકાર સમ મંત્ર જપો નકો, આદિને અંત હુવો ન હોશે. ૨

આદિ અક્ષર નવકાર તે નરકના, સાત સાગર ટળે નહી અધુરી;
એક પદ ઉચ્ચરે દુરિત દુરિયા ટળે, સાગર આયુ પચાસ પુરી. ૩

સયલ પદ સમરતાં પાંચસો સાગરા, સહસ્ર ચઉપન્ન નવકારવાળી;
હર્ષ ધરી એકસો આઠ નવકાર ગણે, પંચ લક્ષ સાગર નરકાયુ ટાળી. ૪

લાખ એક જાપ જીન પૂજી પૂજો જંપે, પદવી પામે અરિહંત કેરી;
અશોક તરૂ વર તળે બાર પર્ષદા મળે, ગડગડે ગગન ભેરી ન ફેરી. ૫

આઠસો આઠ વળી આઠ સહસા વળી, આઠ લખ્યા વળી આઠ કોડી;
મુક્તિ લલના વરે, પ્રીતિ વિમળ કહે, આપણા કર્મ આઠે વિછોડી. ૬

## ૩૧૮
## ગજસુકુમાલની સજ્ઝાય

ગજસુકુમાલ મહામુનિજી રે, સમશાને કાઉસ્સગ્ગ;
સોમિલ સસરે દેખીને જીરે, કીધો મહા ઉપસર્ગ રે
પ્રાણી ધન ધન એહ અણગાર, વંદો વારંવાર રે. પ્રાણી૦ ૧

પાળ બાંધી શિર ઉપરેજી, અગ્નિ ધરી તેહ માંહી;
જળ જળ જવાળા સળગતીજી, ઋષિ ચઢીયા ઉત્સાહ રે. પ્રાણી૦ ૨

એ સસરો સાચો સગોજી, આપે મુક્તિની પાઘ;
ઈણ અવસર ચૂકુ નહિજી રે, ટાળું કર્મ વિપાક રે. પ્રાણી૦ ૩

મારૂં કાંઈ બળતું નથીજી રે, બળે બીજાનું એહ;
પાડોશીની આગમાંજી રે, આપણો અલગો ગેહ રે. પ્રાણી૦ ૪

જન્માંતરમાં જે કર્યાજી રે, આ જીવે અપરાધ;
ભોગવતા ભલી ભાતશુંજી રે, શુકલ ધ્યાન આસ્વાદ રે. પ્રાણી૦ ૫

દ્રવ્યાનળ ધ્યાનાનળેજી રે, કાયા કર્મ દહંત;
અંતગડ હુવા કેવળીજી રે, ધર્મરત્ન પ્રણમંત રે. પ્રાણી૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૧૯
## સંસારના ખોટા સગપણની સજઝાય

સગુ તારૂં કોણ સાચું રે સંસારીયામાં સગુ.
પાપનો તો નાખ્યો પાયો, ધરમમાં તું નહિ ધાયો;
ડાહ્યો થઇને તું દબાયો રે, સંસારીયામાં. સગુ૦ ૧
કૂડું કૂડું હેત કીધું, તેને સાચું માની લીધું;
અંત કાલે દુઃખ દીધું રે, સંસારીયામાં. સગુ૦ ૨
વિસવાસે વ્હાલા કીધાં, પીયાલા ઝેરના પીધા;
પ્રભુને વીસારી દીધા રે. સંસારીયામાં. સગુ૦ ૩
મન ગમતા માં મહાલ્યો, ચોરને મારગે ચાલ્યો;
પાપીઓનો સંગ ઝાલ્યો રે. સંસારીયામાં. સગુ૦ ૪
ઘરને ધંધે ઘેરી લીધો, કામીનીયે વશ કીધો;
ઋષભ દાસ કહે દગો દીધો રે. સંસારીયામાં. સગુ૦ ૫

## ૩૨૦
## સુંદરીના આયંબીલ તપની સજઝાય

સરસ્વતી સ્વામિની કરો સુપસાય રે, સુંદરી તપનો ભણું સજઝાય રે;
ઋષભદેવ તણી અંગજાત રે, સુંદરી ની સુનંદા માત રે,
ભવિજન ભાવે એ તપ કીજે રે, મનુષ્ય જન્મનો લાહો લીજે રે. ૧
ઋષભ દેવે જબ દીક્ષા લીધી રે, સુંદરી ને આજ્ઞા નવિ દીધી રે;
ભરત જાણે મુજ થાશે નારી રે, એ મુજ પ્રાણ થકી છે પ્યારી રે. ૨
ભરતરાય જબ ષટખંડ સાધ્યો રે, સુંદરીએ તપ માંડી આરાધ્યો રે;
સાઠ હજાર વર્ષ લગે સાર રે, આંબીલ તપ કીધો નિરધાર રે. ૩
ચૌદ રત્ન નવ નિધાન રે, લાખ ચોરાશી હાથીનું માન રે;
લાખ ચોરાશી જેહને વાજી રે, ભરતરાય આવ્યા તવ ગાજી રે. ૪
ભરતરાય મોટા નરદેવ રે, દોય સહસ યક્ષ કરે સેવ રે;
અયોધ્યા નગરીએ ભરતજી આવ્યા રે, મહિલા સર્વે મોતીડે વધાવ્યા રે. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આ કુણ દીસે દુર્બળ નારી રે, સહુ કહે સુંદરી બેન તુમારી રે;
કહે તુમે એને દુબળી કીધી રે, મુજ બેનડીની ખબર ન લીધી રે. ૬
સહુ કહે આંબીલનો તપ કીધો રે, સાઠ હજાર વરસ પ્રસિદ્ધો રે;
જાઓ તુમે બેનડી દીક્ષા પાળો રે, ઋષભદેવનું કુળ અજવાળો રે. ૭
ભરતરાયની પામી શિક્ષા રે, સુંદરીએ તવ લીધી દીક્ષા રે;
કર્મ ખપાવીને કેવલ પામી રે, કાંતિવિજય પ્રણમે શીરનામી રે. ૮

## ૩૨૧
## દ્રૌપદી સતીની સજ્ઝાય

લજ્જા મોરી રાખો રે દેવ ખરી, દ્રૌપદી રાણી યું કર વિનવે;
કર દોય શીશ ધરી, દ્યૂત રસે પ્રીતમ મુજ હાર્યો વાત કરીની ખરી. ૧
દેવર દુર્યોધન દુઃખશાસન, એહની બુદ્ધિ ફરી;
ચીવર ખેંચે મોહી સભામેં, મનમેં દ્વેષ ધરી રે. લજ્જા૦ ૨
ભીષ્મ દ્રૌણ કરણાદિક સરવે, કૌરવ ભીક ભરી;
પાંડવ પ્રેમ તજી મુજ બેઠા, જે હતા જીવ જૂંરી રે. લજ્જા૦ ૩
અરિહંત એક આધાર અમારે, શીયલ શું સંગ ધરી;
પત રાખો પ્રભુજી ઇણુ વેળા, સમકિત વંત સૂરી. લજ્જા૦ ૪
તતખિણ અષ્ટોત્તર શત ચીવર, પૂર્યા પ્રેમ ધરી;
શાસન દેવી જય જય રવ બોલે, કુસુમની વૃષ્ટિ કરી. લજ્જા૦ ૫
શીયલ પ્રભાવે દ્રૌપદી રાણી, લજ્જા લીલ વરી;
પાંડવ કુંતાદિક હરખ્યા, કહે ધન્ય ધીર ધરી. લજ્જા૦ ૬
સત્ય શીલ પ્રભાવે કૃષ્ણ, ભવજલ પાર તરી;
જીન કહે શીયલ ધરે તસ જનને, નમીયે પાય પડી રે. લજ્જા૦ ૭

## ૩૨૨
## સીતાજીની સજઝાય

જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતર જામી;
પાલવ મારો મેલને પાપી, કૂળને લાગે છે ખામી,

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અડશો માજો માજો માજો માજો. અ૦ મારો નાવલીયો દુહવાય; અ૦
મને સંગ કેનો ન સુહાય, અ૦ મારૂં મન માંહેથી અકળાય. અ૦ ૧
મેરૂ મહિધર ઠામ તજે જો, પથ્થર પંકજ ઉગે;
જો જલધિ મર્યાદા મૂકે, પાંગળો અંબર પૂગે. અ૦ ૨
તો પણ તું સાંભળને રાવણ, નિશ્ચય શીલ ન ખંડું;
પ્રાણ અમારા પરલોક જાએ, તો પણ સત્ય ન છંડું. અ૦ ૩
કુણ મણિધરની મણી લેવાને, હૈડે ઘાલે હામ;
સતી સંગાથે સ્નેહ કરી ને, કહો કુણ સાધે કામ. અ૦ ૪
પરદારાનો સંગ કરીને, આખર કોણ ઉગરીયો;
ઉંડું તો તું જોને આલોચી, સહી તુજ દહાડો ફરીયો. અ૦ ૫
જનક સુતા હું જગ સહુ જાણે, ભામંડળ છે ભાઇ;
દશરથ નંદન શિર છે સ્વામી, લક્ષ્મણ કરશે લડાઇ. અ૦ ૬
હું ધણીયાતી પીયું ગુણ રાતી, હાથ છે મારે છાતી;
રહે અલગો તુંજ વયણે ન ચલું, કાં કુળે વાવે છે કાતી. અ૦ ૭
ઉદય રત્ન કહે ધન્ય એ અબલા, સીતા જેહનું નામ;
સતીયો માંહી શિરોમણી કહીએ, નિત્ય નિત્ય હોજો પ્રણામ. અ૦ ૮

## ૩૨૩
## ધન્ના અણગારની સજ્ઝાય

ચરણ કમળ નમી વીરના રે, પૂછે શ્રેણીક રાય; મુનિશ્યું મન માન્યો.
ચૌદ સહસ મુનિ તાહરે રે, અધિકો કુણ કહેવાય. મુનિ૦ ૧
જીન કહે અધિકો માહરે રે, ધન ધન્નો અણગાર; મુનિ૦
છતી રિદ્ધિ જેણે પરીહરી રે, તરુણી તજી પરિવાર. મુનિ૦ ૨
સિંહ તણી પરે નીકળી રે, પાળે વ્રત સિંહ સમાન; મુનિ૦
ક્રોધ-લોભ માયા તજી રે, દૂર કીધો અભિમાન. મુનિ૦ ૩
મુજ હાથે સંયમ ગ્રહી રે, પાળે નિરતીચાર; મુનિ૦
છઠ્ઠ છઠ્ઠ આંબીલ પારણે રે, લીયે નિરસ આહાર. મુનિ૦ ૪
કોઈ ન વંછે માનવી રે, તેવો લીયે આહાર; મુનિ૦
ચાલતા હાડ ખડખડે રે, જીમ ખાખરના પાન. મુનિ૦ ૫
સક્કર ભર્યું જેમ કોચલું રે, તીમ ધન્ના મુનિનું વાન; મુનિ૦
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ શું રે, રંગે રમે નિશદિશ. મુની૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વાર્થસિદ્ધ સુખ પામીયા રે, ધન ધન્નો અણગાર. મુનિ૦
નવમે અંગે જેહનો રે, વીરે કહ્યો અધિકાર. મુનિ૦ ૭
પંડિત જીન વિજય તણો રે, નમે તેહને વારોવાર. મુનિ૦
પ્રાતઃ ઉઠીને તેહનું રે, નામ લીજે સુવિચાર. મુનિ૦ ૮

## ૩૨૪
## નમી પ્રવજયાની સજ્ઝાય

સુરલોકના સુખ ભોગવી હો શ્રોતા, નગરી મિથીલા નરેશ;
જાતિ સ્મરણે જાગીયો હો શ્રોતા, મેલી ઋદ્ધિ અશેષ હો હુંવારી શ્રોતા;
નિત્ય નમીજે એ નિત્ય નમીજે તેહને હો શ્રો૦ વિચરે દેશ વિદેશ હો. હું૦ ૧
સંજમ લેઇ સંચર્યો હો શ્રો૦ મેલ્યો સહુનો મોહ;
કોલાહલ તવ ઉલ્લસ્યો રે શ્રો૦ વેઠયો ન જાય વિછોહ હો. હું૦ ૨
પુરંદર પારખા કારણે હો શ્રો૦ વિપ્રને વેશે તામ;
પરજળતી દાખે પુરી હો શ્રો૦ સુરપતિ સહસા ઉદ્દામ હો. હું૦ ૩
રૂધ્ધિ ભરી દાઝે પુરી હો સાધુ, કાં તુમે મુકો ઉવેખ;
મૂડી કાંઇ બળતી નથી હો વિપ્રા, રિદ્ધિ માહરી ઇંહા રેખ હો. હું૦ ૪
પૂરી એ સમરાવી હો સાધુ, કરજો આતમ કાજ;
ગઢમઢ મંદિર શોભતી હો સાધુ, રહે અવિચલ જીનરાજ હો. હું૦ ૫
અવિચલ નગરી જેહ છે હો વિપ્રા, તિહાં કરશું મંડાણ;
અથીર તણો શો આશરો હો વિપ્રા, જીહાં નિત્ય પડે ભંગાણ હો. હું૦ ૬
કોડી કટક જીત્યા થકી હો વિપ્રા, મન જીતે તે શૂર;
સૂરપતિ સૂરલોકે ગયો હો શ્રો૦ પરશંસી ભરપૂર હો. હું૦ ૭
પરમ ઉદય પામ્યા નમિ હો શ્રો૦ ઉદયરત્ન ઉવજ્ઝાય;
વલયથી મન વાલ્યું જિણે હો, શ્રો૦ પ્રેમે નમું તસ પાય હો હું૦ ૮

## ૩૨૫
## જય ભૂષણ મુનિની સજ્ઝાય

નમો નમો જયભૂષણ મુનિ, દુષણ નહિ લગાર રે;
શોષણ ભવજલ સિંધુના, પોષણ પુન્ય પ્રચાર રે. નમો૦ ૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કીર્તિ ભૂષણ કુલ અંબ રે, ભાસન ભાણુ સમાન રે;
કોસંબી નયરી પતિ, માત સ્વયંપ્રભા નામ રે નમો૦ ૨
પરણી નીજ ઘરે આવતા, સખિ સવિ પરિવાર રે;
જયધર કેવલી વંદીયા, નિસુણી દેશના સાર રે. નમો૦ ૩
પૂરવ ભવની માતડી, પરણી તેં ગુણ ગેહ રે;
જય સુંદરીયે સ્વયંવરા, આણી અધિક સનેહ રે. નમો૦ ૪
તે નિસુણીને પામીયો, જાતિ સ્મરણ તેહ રે;
સંયમ બે સહસ પુરૂષશું, વનીતા સાથે અછેહ રે. નમો૦ ૫
એક અનંતપણે હોઈ, સંબંધે સંસારી રે;
ઈમ પરિભાવના ભાવતાં, વિચરે પૂરવ ધારી રે. નમો૦ ૬
ઘાતિ કર્મક્ષયે ઉપનું, કેવલજ્ઞાન અનંત રે;
પર ઉપગાર કરે ઘણા, સેવે સુરનર સંત રે. નમો૦ ૭
ઈમ વિરમે જે વિષયથી, વિષસમ કટુફલ જાણી રે;
જ્ઞાનવિમલ ચઢતી કલા, થઇ તે ભવિ પ્રાણી રે. નમો૦ ૮

## ૩૨૬
## વૈરાગ્યની સજ્ઝાય

માયા ઘેનમાં ઊંઘી રહ્યો, જાગીને ન કરી તપાસ;
કાળે આવીને હલ્લો કર્યો, તવ થયો રે ઉદાસ.
આરે સંસાર અસાર છે, નથી નિત્ય રહેનાર.
અંતે કોઈ કેહનું નહિ, નથી ફેર લગાર. આરે૦ ૧
દોડે કુદે રે ઉંદર બાપડા, કરે તાન ગુલતાન;
બીલ્લીએ આવીને પકડયો, મરણ પામે હેવાન. આરે૦ ૨
પોપટ બેઠો રે પાંજરે, કરે વિવિધ ઉચ્ચાર;
મંજરી જો આવી મલે, નક્કી પ્રાણ લેનાર. આરે૦ ૩
તેતર બગલું રે બાપડું, ભવિષ્ય થકી રે અજાણ;
ચાલ્યું જાય ઉલ્લાસમાં, બાજ ખેંચી લે પ્રાણ. આરે૦ ૪
હરણ ઠેકે દોડે વનમાં, કરે નવ નવા ખેલ;
શીઘ્ર શીકાર જો આવી મલે, દેવે ઓચીંતુ બાણ. આરે૦ ૫
ક્રુર કસાય જે ઘાતકી, બોકડા પાછળ જાય;
મારે શીર ઊંધું ટાંગીને, ત્યારે દયા વિનાશ. આરે૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એવું જાણી તું ચેતજે, થઈ રહેજે તૈયાર;
અણધાર્યું ઉઠી ચાલવું, નહિ જુવે વાર કુવાર. આરે૦ ૭
ખોત ગઈ થોડી રહી, ભાતું કરજે રે સાથ;
ન્યાયસાગર પ્રભુ એમ ભણે, છોડો સંસાર અસાર. આરે૦ ૮

## ૩૨૭
## વૈરાગ્યની સજ્ઝાય

સુરતરૂની પરે દોહીલો રે, લાધ્યો નર અવતાર;
લહી એળે મત હારજો રે, કોઈ કરજો મનમાંહી વિચાર કે,
ચેતો રે ચિત્ત પ્રાણી, મત રાચો રે તમે રમણી ને સંગ કે.
માચો રે જીનવાણી. ૧

તે કારણ તુમે સદ્દહો રે, જે ભાખ્યો જગનાથ;
પાંચે આશ્રવ પરિહરો રે, કાંઈ દુલ્લહો રે માનવ ભવ સાથ કે ચેતો૦ ૨
જીવવાને વાછે સહુ રે, મરણ ન વાંછે કોય;
આપણની પેરે પાળવા રે, ત્રસ થાવર રે હણવા નવિ હોય કે. ચેતો૦ ૩
અપજશ કીર્તિ ઈણ ભવે રે, પરભવ દુઃખ અનેક;
કૂડ કરતાં પામીયે રે, જેણે નાણ્યો રે મનમાંહી વિવેક કે. ચેતો૦ ૪
માતાપિતા બાંધવ સહુ રે, પુત્ર કલત્ર પરિવાર;
સ્વારથ લગે એ સહુ સગું રે, કોઇ પરભવ રે રાખણ હાર કે. ચેતો૦ ૫
પુત્ર કલત્ર ઘરહાટની રે, મમ કરો મમતા ફોક;
જે પરિગ્રહ માંહી હતા રે, તે છોડી રે ગયા બહુલા લોક કે. ચેતો૦ ૬
અલ્પ દિવસનો પ્રાહુણો રે, સહુ કોઈ ઈણે સંસાર;
એક દિન ઉઠી જાયવો રે, કુણ જાણે રે કેહવો અવતાર કે. ચેતો૦ ૭
અંજલિગત જલની પરે રે, ખિણુ ખિણુ ખૂટે આય;
જાવે તે નવિ બાહુડે રે, જરા શું ઘટે યૌવનને ધાય કે ચેતો૦ ૮
આરંભ છંડી આતમા રે, પીઓ સંજમ રસ ભરપૂર;
સિદ્ધિ વધુને કારણે રે, ઇમ બોલે રે શ્રી વિજય દેવ સૂરી કે ચેતો૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૨૮
## વિનય અધ્યયનની સજ્ઝાય

સરસતિ મતિ અતિ નિરમલી રે, આપો કરીય પસાય;
ગાઈશ હું જિન ધર્મનું રે, મૂલ વિનય કરી ભાવ રે.
વિનય સમાચરો, વિનય સયલ ગુણ સાર રે. વિ૦ ૧
જંબૂ પ્રત્યે જુગતે કહે રે, શ્રી પંચમ ગણધાર;
ચરમ જિણેસર ઈમ કહ્યું રે, પ્રથમ અધ્યયન વિચાર રે. વિ૦ ૨
વિનય લગે વહીયે સહી રે, જ્ઞાન સુધારણ સાર;
જ્ઞાને દરિસણ સંપજે રે, દરિસણે ચરણ ઉદાર રે. વિ૦ ૩
ચરણ થકી શિવપુર તણો રે, લહીએ સુખ અનંત;
ભવિક જીવ કારણ કહે રે, ભય ભંજન ભગવંત રે. વિ૦ ૪
ગુરૂની આણ ચાલીયે રે, રહીયે ગુરુને રે પાસ;
ગુરુ મન ગમતું જોઈએ રે, ઈમ જીવ વિનય અભ્યાસ રે. વિ૦ ૫
ગડ સુઅર કણ કુંડલું રે, મૂકી માંડે મોહ;
વિષ્ટા ઉપર તિમ રમે રે, મૂરખ ગુરૂએ દ્રોહ રે. વિ૦ ૬
કોહી કાને જિમ કુતરી રે, ન લહે કહીય વિશ્રામ;
તિમ કુશીલ અ કહ્યાગરા રે, પામે નહીય સુઠામ રે. વિ૦ ૭
ચંદ્ર કિરણસમ નિરમલો રે, જાગે તસ જસ વાય;
વિનય નિરંતર જે કરે રે, મૂકી વિષય કષાય રે. વિ૦ ૮
ઇમ ગુણ વિનય તણા સુણી રે, જે નિતુ કરે અભ્યાસ;
શ્રી રાજશીલ ઉવજ્ઝાય ભણે રે, સફલ ફલે તસ આસો રે. વિ૦ ૯

## ૩૨૯
## વરદત્તકુમારની સજ્ઝાય

મુખડાનો મટકો દેખાડી, પાડે પુરૂષ હજારી રે;
પગે પગે પ્રીત કરતાં પાપની, ન રહે કોઇની વારી રે.
ઠમકે શું ચાલે ઠગારી રે, કામિની કામણ ગારી રે; ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક નરને આંખે સમજાવે, બીજા શું બોલે કરારી રે;
ત્રીજા શું રમે તક જોઇ, ચોથો ધરે ચિત્ત સંભારી રે. ઠમકે૦ ૨
કોડી જતન કરી કોઈ રાખે, માનિની મહોલ મોઝારી રે;
તો પણ તેહને સુતા વેચે, ઘરે ન રહે ધુતારી રે. કે. ઠમકે૦ ૩
લાખ ભાતે લલચાવે લંપટ, વિરૂઈ વિષયની કયારી રે;
એહના પાસમાં જે નર પડીઆ, ન છુટયા તે નિરધારી રે. ઠમકે૦ ૪
ભામિની બોલે જે નવિ ભૂલે, શીલે દેહ સમારી રે;
ઉદયરત્ન કહે તેહ પુરૂષની, હું જાઉં બલીહારી રે. ઠમકે૦ ૫

## ૩૩૦
## એલક—અધ્યયનની સજ્ઝાય

અજને જિમ કોઈ આપણે આંગણે, પાહુણા કાજે રે પ્રેમે પોષે;
ગમતે ચારો ચરે ફરે ગોલશ્યું, જવોદન પૂરે રે મનને તોષે. ૧
ભગવંત ભાખે હો ભોગ ભૂંડા અછે, શિર જેમ છંહી રે અજને આરોગે;
પંચ વિષયને પદારથે પ્રાણીઓ, ભવભવમાં તમે ભોગ સંજોગે. ૨
મંદિરા માંસને આહારે મોહીયો, જીવડો દંડાય રે દિવસ ને રાતે;
નરકે નાના વિધ લહે વેદના; પ્રાણી પીડાએ રે પાપને પાતે. ૩
કોડીને કાજે કનક ટકા ગમે, રામ જિમ હારે કોઇક રાજા;
કુપથ્ય કાચા અંબ ફલ કારણે, તિમ લહે દુઃખડા રે વિષય તગાજા. ૪
સુરવર શિવ સુખની તજી સાહિબી, વિષયની વાતે રે કેઈ વિગુતા;
ઉદયરત્ન વાચક એમ ઉચ્ચરે, હજીય ન ચેતો રે કાં હાહુત્તા. ૫

## ૩૩૧
## પરદેશી રાજાની સજ્ઝાય

દોહા : શ્રી ગુરૂ સેવો સાધુ જન, આણી આદર સાર;
રાય પ્રદેશીની પરે, જયું પામો ભવપાર. ૧
શ્રી ગુરૂ સુરતરૂથી અધિક, દોલતનો દાતાર,
રાય પ્રદેશી જેણે કિયો, સુર રમણી ભરથાર. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઢાલ : શ્રી ગુરૂ સંગતિ કરજો ભાઈ, એ સહી માનો વાત રે;
નરનારી મન માન્યા પામે, સુખ સઘલાં વિખ્યાત રે. શ્રી૦ ૧
શ્વેતામ્બી નગરીયે મોટો, રાય પ્રદેશી પાપી રે;
પણ ગુરૂની વાણી નિસુણી ને, વિરૂઇ વાત ઉત્થાપી રે. શ્રી૦ ૨
પહેલે સુરલોકે અવતરીયો, શ્રી સુર્યાભ વિમાને રે;
અવલ આયુ લહ્યું લીલાયે, ચાર પલ્યોપમ માને રે. શ્રી૦ ૩
તિહાંથી તે ચવીને અવતરશે, મહાવિદેહ શુભ ક્ષેત્રે રે;
કેવલ પામી સિદ્ધિયે જાશ્યે, વાત કહી એ સૂત્રે રે. શ્રી૦ ૪
પંડિત ઋદ્ધિ વિજય ગુરૂ પાસે, ગુણ સંગતિ ગુણ સુણીયા રે;
તે પંડિત સુખ વિજયે બુધ્ધે, ભાવ ધરીને ભણીયા રે. શ્રી૦ ૫

## ૩૩૨
## કપિલ ઋષિની સજ્ઝાય

કપિલ નામે કેવલી રે, ઈણી પરે દિયે ઉપદેશ,
ચોર સહી પાંચને ચાહીને રે, વિગતે વયણ વિશેષ રે,
નાચ ન નાચીયે, ચાર ગતિને ચોકે રે રંગે ન રાચીયે. ૧
નાટક દેખાડયું નવું રે, ભવ નાટક ને રે ભાવ;
જે નાચે સહિ જીવડા રે, જ્યારે જે પ્રસ્તાવ રે. નાચ૦ ૨
પંચ વિષયને પરિહરી રે, ધરો મન સાથે રે ધીર;
કાયરનું નહિ કામ એરે, નર જે જે હોય વીર રે. નાચ૦ ૩
ભવ દરીયો તરીયો દુઃખે રે, નિરમળ સંજમ નાવ;
ત્રણ ભુવને તરવા રે, બાકી સર્વ બનાય રે. નાચ૦ ૪
મન વચનાદિક વશ કરી રે, જયણા જે કરે જાણ;
દુરગતિના દુઃખ તે દલી રે; પામે પરમ કલ્યાણ રે. નાચ૦ ૫
લાભે લોભે વાધે ઘણો રે, દો માસા લહી દામ;
કોડી ધન મન કામના રે, તૃષ્ણા ન શમી તામ રે. નાચ૦ ૬
તસકર તે પ્રતિ બૂઝીયા રે, કપિલ ઋષિ ઉપદેશ;
ઉદય રતન વાચક વદે રે, અરથ એહ લવલેશ રે નાચ૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૩૩
## સંસારની અસારતાની સજ્ઝાય

સંસાર ધુમાડાના બાચકા રે, જાતાં નહિ લાગે વાર;
રંગ પતંગીયું ઉડી જાશે,
સ્વપ્નું થાશે સંસાર, હેતે ધર્મરસ પીજીએ. રંગ૦ ૧
કઠીન ચોટે છે કાળની રે, મરણ મોટેરૂ માન;
કંઈક રાજા ને કંઇક રાજીઆ, છોડી ચાલ્યા સંસાર. રંગ૦ ૨
કેનાં છોરૂં કેના વાછરૂં રે, કેના ભાઇ ને બાપ;
અંત કાલે જવું એકલાં, સાથે પૂન્ય ને પાપ. રંગ૦ ૩
માલી વીણ રૂડાં ફુલડાં રે, કળીયો કરે રે વિચાર;
આજનો દિન રળીયામણો, કાલે આપણા શું ઘાત. રંગ૦ ૪
વિનય વિજયની સેવના રે, ભવિ કરજો દિન રાત;
પૂન્ય રૂપી બીટીઓમાં, સુનો થાશે રે સંસાર. રંગ૦ ૫

## ૩૩૪
## મેઘકુમારની સજઝાય

ધારિણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એક જ પુત્ર,
તુજ વિણ જાયા રે, સુનાં મંદિર માળીયાં રે,
રાખો રાખો ઘર તણાં સૂત્ર. ધારિણી૦ ૧
તુજને પરણાવું રે આઠ કુમારી કારે, સુંદર અતિ સુકુમાળ;
મલપતી ચાલે રે જેમ વન હાથણી રે, નયણ વયણ સુવિશાળ. ધારિણી૦ ૨
મુજ મન આશા રે પુત્ર હતી ઘણી રે, રમાડીશ વહુના રે બાળ;
દૈવ અટારો રે દેખી નવિ શકયો રે, ઉપાયો એહ જંજાળ. ધારિણી૦ ૩
ધન કણ કંચન રે ઋદ્ધિ ઘણી અછે રે, ભોગવો ભોગ સંસાર;
છતી ઋદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે,
પૂછી લેજો સંયમ ભાર. ધારિણી૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મેઘકુમારે રે માતા પ્રતિ બુઝવી રે, દીક્ષા લીધી વીરજીની પાસ;
પ્રીતિ વિમળ રે ઈણુ પરે ઉચ્ચરે રે, પહોતી મારા મનડાની આશ.ધારિણી૦ ૫

## ૩૩૫
## ઉપદેશની સજ્ઝાય

આતમધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપે રહેવું;
કર્માધીન છે સહુ સંસારી, કોઇને કાંઇ ન કહેવું. આ૦ ૧
કોઇ જન નાચે કોઇ જન ખેલે, કોઇ જન યુદ્ધ કરંતા;
કોઇ જન જન્મે કોઇ જન રૂવે, દેશાટન કોઇ કરતા. આ૦ ૨
વેલુ પીલી તેલની આશા, મૂરખ જન મન રાખે;
બાવળીયો વાવીને કેરી, આંબા રસ શું ચાખે. આ૦ ૩
રાગીથી તો રાગ ન કીજે, દ્વેષીથી નહી દ્વેષ;
સમ ભાવે સહુ જીવને ગણીએ, તો શીવ સુખનો લેશ. આ૦ ૪
જૂઠી સહુ પુદ્ગલકી બાજી, ત્યાં નવિ રહીએ રાજી;
તન ધન જોબન સાથ ન આવે, આવે ન માત પિતાજી. આ૦ ૫
ભલભલા પણુ ઉઠી ચાલ્યા, જોને કેઈક ચાલે;
બીલાડીને હોટે ચડીયો, ઉંદરડો શું મહાલે. આ૦ ૬
કાળ ઝપાટા સહુને વાગે, યોગીજન ઝટ જાગે;
ચિંદા નંદ ઘન આતમ અર્ચી, રહેજો સૌ વૈરાગે. આ૦ ૭

## ૩૩૬
## આપ સ્વભાવની સજ્ઝાય

આપ સ્વભાવમાં રે અવધૂ સદા મગનમેં રહના;
જગત જીવ હે કર્માધીના, અચરીજ કછુઅ ન લીના. આપ૦ ૧
તુમ નહિ કેરા કોઇ નહિ તેરા, કયા કરે મેરા મેરા;
તેરા હે સો તેરી પાસે, અવર સબ અનેરા. આપ૦ ૨
વપુ વિનાસી તું અવિનાસી, અબ હે ઇનકા વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી. આપ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દિસા;
જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા. આપ૦ ૪
પારકી આશા સદા નિરાશા, એહે જગજન પાસા;
વો કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા. આપ૦ ૫
કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી;
કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્ગલકી બાજી. આપ૦ ૬
શુદ્ધ ઉપયોગ ને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી;
કર્મ કલંક કું દૂર નિવારી, જીવ વરે શીવનારી. આપ૦ ૭

## ૩૩૭
## મનુષ્ય ભવના ટાણાની સજઝાય

મનુષ્ય ભવનું ટાણું, કાલે વહી જશે રે, અરિહંતના ગુણ ગાવો નરનાર;
રત્ન ચિંતામણી આવ્યો રે હાથમાં, ભગવંતના ગુણ ગાવો નરનાર. ૧
બળદ થઈને ચીલાએ ચાલશો રે, ચઢશો વલી ચોરાશીની ચાલ;
ચોકડું બાંધીને ઘાણીએ ફેરવશે રે, ઉપર બેસી મૂરખ દેશે માર. ૨
કુતરા થઈ ઘરઘર ભટકશો રે, ઘરમાં નહી પેસવા દે કોય;
કાનમાં કીડા રે પડશે અતિ ઘણા રે, ઉપર પડશે લાકડીઓના માર. ૩
ગધેડા થઇને ગલીઓમાં ભટકશો રે, ઉપાડશો અણુતોલ ભાર;
ઉકરડાની ઓ'થે રે જઇને ભૂંકશો રે, સાંજ પડે ધણી નવિ લીયે સંભાળ. ૪
ભૂંડ થઈને પાદર ભટકશો રે, કરશો વળી અશુચિના આહાર;
નજરે તે પડચા કોઇને નહિ ગમો રે, ઉપર પડશે પત્થરોના પ્રહાર. ૫
ઉંટ થઈને બોજે ઉપાડશો રે, ચરશો વળી કાંટા ને કંથાર;
હાથને હડસેલે ઘર ભેગા થાશો રે, ઉપર પડશે પાહુના પ્રહાર. ૬
ઘોડા થઇને ગાડીઓ ખેંચશો રે, ઉપર પડશે ચાબુકના પ્રહાર;
ચોકડું બાંધી બેસશે રે, રાય જાદા અસવાર. ૭
ઝાડ થઈને વનમાં ધ્રુજશો રે, સહશો વળી તડકો ને ટાઢ;
ડાળે ને ડાળે પંખી માળા ઘાલશે રે, ઉપર પડશે કુહાડાના ઘાત. ૮
ઉત્તમ નરભવ ફરી ફરી આતમા રે, મેળવવો છે મુશ્કેલ;
હીર વિજયની એણી પરે શીખડી રે, સાંભળો અમૃત વેલ. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૩૮
## અધ્યાત્મપદની સજઝાય

કુહા કરૂં મંદિર કહા કરૂં ડમરા, ન જાણું કહા ઉડ બેઠેગા ભમરા;
જોરી જોરી ગયે છોરી, દુમાલા ઉડ ગયા પંખી પડ રહ્યા માલા. ૧

પવનકી ગઠરી કૈસે ઠરાઉં, ઘર ન બસત આપ બેઠે બટાઉં;
અગ્નિ બુઝાની કાહેકી ઝાળા, દીપ છીપે તબ કૈસે ઉજાળા. ૨

ચિત્ર કે તરૂવર કબહિ ન મોરે, માટી કે ઘોરે કેતેક દોરે;
ધુંવેકી ડેરી તુરકે થંભા, ઉહાં ખેલે હંસા દેખો અચંભા. ૩

ફિર ફિર આવત જાત ઉસાસા, લાંપરે તારેકા કયા વિસવાસ;
આ દુનિયાકી જુઠી હૈ યારી, જૈસી બનાઈ બાજીગર બારી. ૪

પરમાતમ અવિચલ અવિનાશી, સોહે શુદ્ધ પરમ પદવાસી;
વિનય કહે સો સાહિબ મેરા, ફીર ન કરૂં આ દુનિયામેં ફેરા. ૫

## ૩૩૯
## શિયળની સજઝાય

શિયળ સમું વ્રત કો નહિ, શ્રી જીનવર એમ ભાખે રે;
સુખ આપે જે શાશ્વતા, દુર્ગતિ પડતા રાખે રે. શિ૦ ૧

વ્રત પચ્ચક્ખાણ વિના જુઓ, નવનારદ જેહ રે;
એક જ શિયળ તણે બળે, ગયા મુગતિમાં તેહ રે. શિ૦ ૨

સાધુ અને શ્રાવક તણાં, વ્રત છે સુખ દાયી રે;
શિયળ વિના વ્રત જાણજો, કુશકા સમ ભાઈ રે. શિ૦ ૩

તરૂવર મૂળ વિના જીસ્યો, ગુણ વિણ લાલ કમાન રે;
શિયળ વિના વ્રત એહવું, કહે વીર ભગવાન રે. શિ૦ ૪

નવવાડે કરી નિર્મલું, પહેલું શિયળજ ધરજો રે;
ઉદયરત્ન કહે તે પછી, વ્રતનો ખપ કરજો રે. શિ૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૪૦
## આત્માની સજઝાય

તુમે શ્રી જિનના ગુણ ગાવો રે, તુમે મનુષ્ય ભવમાં જાજો રે;
બાજીગર બાજી રાચી રે, તારી કાયા પડશે કાચી રે. તુમે૦ ૧
જોબનમાં નારી વ્હાલી રે, સહુ જનને મેલ્યાં વિસારી રે;
તું પરનારી શું મોહ્યો રે, તેં તારો જન્મારો ખોયો રે. તુમે૦ ૨
ચાલીસે ચિત્તડુ માર્યું રે, તારૂં માયામાં મનડું ભાર્યું રે;
પચાસે આવ્યા પરીયાં રે, તારા સુખના ડાચા ફરીયાં રે. તુમે૦ ૩
સાઈઠે બુદ્ધી નાઠી રે, તારી ભમતાં જીભડી ગાઠી રે;
સીત્તેરે કાંઈ ન સુઝે રે, તારી કાયા થરથર ધ્રુજે રે. તુમે૦ ૪
એંશી એ અઘરૂં લાગ્યું રે, તારૂ ઘરમાંથી તોલ ભાંગ્યુ રે;
નેવું વરસે થયો ઘરડો રે, તું તો બેઠો રહેને પચડો રે. તુમે૦ ૫
સો વરસે સોડ તાણી સૂતો રે, એને સર્વ મલીને કુટો રે;
જીવ શૈ શૈ કરે પોકાર રે, પેલા જમડાને કોઈ વારો રે. તુમે૦ ૬
એવે ધર્મરાજાએ પૂછયું રે, ભાઇ શું છે તાહરૂં પૂન્ય રે;
મેં નથી કીધાં પૂન્યનાં કામ રે, મેં નથી દીધાં સુપાત્રે દાન રે. તુમે૦ ૭
એનાં પુન્યનાં પાના જોયા રે, એને કાઢી મેલ્યા સર્વે કોરા રે;
એવી હીરવિજયની વાણી રે, જન ભજો સહુકો પ્રાણી રે. તુમે૦ ૮

## ૩૪૧
## શિખામણની સજઝાય

અણસમજુ શી શિખામણ દઉં રે, મન માને નહિ, જીવ મારૂ મારૂં મિથ્યા કરવું,
એક પેટ બહુ પ્રપંચે ભરવું, થોડું જીવવું ને કુલી ફરવું. ૧
ભોળો વિષય મળ્યો ને કરે વાતલડી, મુખે મીઠું બોલે ને હૈયે કાતરડી;
એ તો જાશે નરકની સાતલડી. ૨
તમે સાહેબી દેખી મન મ્હાલો છો, તમે અહંકાર અભિમાન આણો છો,
વળી જમ લઈ જાશે તે જાણો છો. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘેર હાથી ઘોડા ને વેલ અંબાડી, ચારે દિશે આણ ફરે તોરી,
પાસે નથી પુન્યની પુંજી સારી. ૪

એક ભાગ્યવતી સાથે ભમતો, પાસે પૈસા છે ને પૂન્ય નથી કરતો,
એ તો દીઠો દીવી પેઠે બળતો. ૫

એક ચંપા વિના શી ચંપેલી, સાંજ પડે ને ચકવા ચકવી,
એક નેમ વિના રાજુલ ઘેલી. ૬

એક પંડિત મહા મુનિવર ડાહ્યા, એ તો ધ્યાન મેલી ધનને ધ્યાયા,
એ ઝડપ લઈ કાળે ચાલ્યા. ૭

એક રૂપવિજય કહે સાચું છે, કાયાને રહેવું કાચું છે,
મહાવીરે ભાખ્યું તે સાચું છે. ૮

## ૩૪૨
## મોક્ષની સજ્ઝાય

મોક્ષનગર મહારૂં સાસરૂં, અવિચલ સદા સુખવાસ રે,
આપણુ જીનવર ભેટીયે, તીહાં કરો લીલ વિલાસ રે. મો૦ ૧
જ્ઞાન દર્શન આણા આવીયા, કરો કરો ભક્તિ અપાર રે;
શીયળ શણગાર પહેરો શોભતાં, ઉઠી ઉઠી જીન સમરંત રે. મો૦ ૨
વિવેક સોવન ટીલું તપ તપે, જીવદયા કુમક રોલ રે;
સમકિત કાજલ નયનરો, સાચું સાચું વચન તંબોલ રે. મો૦ ૩
સમતા વાટ સોહામણી, ચારિત્ર વેલ જોડાય રે;
તપ જપ બળદ ધોરી જોતરો, ભાવના ભાવો રસાલ રે. મો૦ ૪
કારમું સાસરૂં પરિહરો, ચેતો ચેતો ચતુર સુજાણ રે,
જ્ઞાનવિમળ મુનિ ઈમ ભણે, તિહાં છે મુગતિનું ઠામ રે. મો૦ ૫

## ૩૪૩
## પ્રસન્નચંદ્ર રાજર્ષિની સજ્ઝાય

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા થાય;
રાજ છોડી રળીયામણું રે, જાણી અથીર સંસાર;
વૈરાગે મન વાળીયું રે, લીધો સંયમ ભાર. પ્રસન્ન૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્મશાને કાઉસ્સગ્ગ રહી રે, પગ ઉપર પગ ચઢાય;
બાહુ બે ઉંચા કરી રે, સૂરજ સામી દૃષ્ટિ લગાય. પ્રસન્ન૦ ૨
દુર્મુખ દુત વચન સુણી રે, કોપે ચઢયો તત્કાળ;
મનશું સંગ્રામ માંડીયો રે, જીવ પડયો જંજાળ. પ્રસન્ન૦ ૩
શ્રેણીક પ્રશ્ન પૂછે તે સમે રે, સ્વામિ એહની કુણ ગતિ થાય;
ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય. પ્રસન્ન૦ ૪
ક્ષણ એક આંતરે પૂછીયું રે, સર્વારથ સિદ્ધ વિમાન;
વાગી દેવની દુદુંભી રે, ઋષી પામ્યા કેવલજ્ઞાન. પ્રસન્ન૦ ૫
પ્રસન્નચંદ્ર ઋષિ મુગતે ગયા રે, શ્રી મહાવીરના શિષ્ય;
રૂપ વિજય કહે ધન્ય ધન્ય, દીઠા એ પ્રત્યક્ષ. પ્રસન્ન૦ ૬

## ૩૪૪
## પાપશ્રમણની સજઝાય

પાપશ્રમણ કહે સત્તરમે, ગુણહીણ ભર્યા પ્રમાદ,
વસનાસન ભોજન મિલ્યે કંઠ શોષ કર્યે શો સ્વાદ;
કંઠ શોષ કર્યે શો સ્વાદ રે, પ્રમાદી ઈમ કહે મતિમંદ રે,
મતિમંદ ભર્યો રસગારવે, શાતા ગારવે મોહ ફંદ રે. ૧
ભાત પાણી ભોજન કરી કરે, શયન નિરંતર જેહ રે;
ધ્યાન સજ્ઝાય કરે નહિ, કહ્યા પાપશ્રમણ મુનિ તેહ,
કહ્યા પાપ શ્રમણ મુનિ તેહ રે, જીણે ગુરૂએ શિખવ્યા ધરી નેહ રે;
ધરી નેહ ને તેહને ઉપરી, મદ ભર્યા બહુ કલિ ગેહ રે. ૨
આચારજ ઉવજઝાયના, બોલે જે બહુ વિસંવાદ રે;
પ્રાણ બીજ હરિય તણાં, સમર્દ કરે ઉન્માદ રે,
ઉન્માદ કરે શયના સન, પુંજી ન વાવરે અવિનીત રે,
અવિનીત ઉતાવલી ચાલ હિંડે, ધબ ધબ કરી ગાઈ ગીત રે. ૩
પડિલેહે પ્રમાદથી વસના-સન અણ ઉપયોગ રે;
બહુ માયી મુખરી ઘણું, પાપ શ્રમણ કહ્યો અજોગ રે,
કહ્યો તેહ અજોગ ઉદી રે, કલહો નિત નવો ધરી રોશ રે,
ધરે રોશ ન દોષ પોતાનો, અભિ નવો શોષ રે. ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દૂધ દહી વિગઈ કડા વિગઈ તણો, નિત્ય મેવ તે સેવે રે,
તપ કરવા રાતો નહિ, ન કરે વલી ગુરૂની સેવ રે,
ન કરે વલી ગુરૂની સેવ રે, સંધ્યા લગે વાવરે જેહ ભાત રે,
જેહ ભાત ચરી કરી શયન, સુખે જાગે સહી પ્રભાત રે. ૫
ઇમ અનેક અવગુણ ભર્યા, કહ્યા પાપ શ્રમણ જીન વીર રે,
એ અવગુણ છાંડો તુમે, જીમ પામો ભવ જલ તીર રે,
જીમ પામો ભવજલ તીર રે, સુધીર પણું ધરો મુનિ રાય રે,
કહે રામ વિજય ઉવજ્ઝાય, શ્રમણ ગુણ આદરો સુખ થાય રે. ૬

## ૩૪૫
## નળરાજાની સજઝાય

નથી ડરતી હો, નળરાજાની રાણી દમયંતી,
વન ફરતી હો, નળરાજાએ મૂકી વનમાં એકલી. ૧

ભાઈ કૌશલ દેશનો નૈષધપતિ, જેનો સુત છે નળરાજા પતિ;
ભાઇ કુબેર તેહની દુષ્ટ મતિ. નથી૦ ૨

ભાઇ કુબેર જુગટું ખેલાવે, ભલા રાજપાટ સબ મિલાવે;
નળરાજા એ વનમાં જાવે. નથી૦ ૩

નળરાજાનાં સુખને કહેનારો, કાંઈ રાજભવનમાં વસનારો;
સાથે દમયંતીનો સથવારો. નથી૦ ૪

જાગી નળરાજા જુએ છે, દમયંતીનું સુખ સાલે છે;
ચીર અર્ધું લઇને ચાલે છે. નથી૦ ૫

જાગી દમયંતી જુએ છે, નળરાજાને કંઇ નિરખે છે;
નળરાજા કરતી એમ ઝંખે છે. નથી૦ ૬

તિહાં વાઘ વરૂ પણ આવે છે, દમયંતી જોઇને નાસે છે;
વનદેવી જેહની પાસે છે. નથી૦ ૭

નવપદનું સ્મરણ કરતી, પછી પીયર મારગ સંચરતી;
વરસ સમ દિનરાત ધરતી. નથી૦ ૮

બાર વરસ વિત્યા જ્યારે, નળરાજા મળ્યા તેહને ત્યારે;
મુનિ માણેક વિજય ગુણ ગાવે ત્યારે. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૪૬
## શાલીભદ્રની સજ્ઝાય

બોલો બોલો રે શાલીભદ્ર દો વરીયા, દોવરીયા દો ચાર વરીયા. ૧
માય તુમારી ખરીય પૂકારે, વહુઅર સબ આગે ખરીયા. ૨
પોઢ્યો પુત્ર શિલા પટ પેખી; આંખે આંસુ જળ ઢળીયા. ૩
ફુલની શય્યા જેને ખૂંચતી, તેણે સંથારો શીલા કરીયા. ૪
પૂરવ ભવ માડી આહીરણી, આહાર કરી અણુસણુ કરીયા. ૫
આજ પીછે ડુંગર ચરનેકી, સુંસ કરૂં હું ઘણુવરીયા. ૬
સનમુખ બોલ જોયો નહી માકું, ધ્યાન નિરંજન મન ધરીયાં. ૭
કાજ સરે ઉદય રત્ન ઉતરી કે, જીણે પલકમેં શિવ વરીયાં. ૮

## ૩૪૭
## શીખામણની સજઝાય

ગરભા વાસમાં ચિંતવે રે, હવે ન કરશું પાપ;
જબ આયો તબ વિસર્યો રે, માંડ્યો માંડ્યો ઘણો રે સંતાપ કે,
સુણ રે ચંચળ જીવડા રે.
તું તો પરભવ કૈસો લઇશ કે, સુણ રે ચંચળ જીવડા રે. ૧
જો નવકાર ગણાવીયે તો, નયણે નીંદ ભરાય;
નાટક ચેટક નિરખતા તો, જાયે રયણી વિહાય કે. સુણ૦ ૨
જો સામાયિક કરાવીયે તો, લાગે વાર અપાર;
વાતો સાથે જો મીલે તો, કરે કરે દો ચાર કે. સુણ૦ ૩
ઉભા કાઉસ્સગ્ગ કરાવીએ તો, કહે દુઃખે મોરા પાય;
માથે પોટક મુકીએ તો, દોડ્યો દોડ્યો મારગે જાય કે. સુણ૦ ૪
જો ઉપવાસ કરાવીએ તો લાગે ભૂખ અપાર;
લેણા કારણ રોકી એ તો, લાંઘે લાંઘે દો દિન ચાર કે. સુણ૦ ૫
ધર્મને કાજે માગીએ તો, એક બદામ ન દેય;
રાજક દૈવક રોકી લે તો, ખૂણે બેસી ગણી ગણી દેય કે. સુણ૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

લોભને વશ થઈ પ્રાણીયો રે, મેળે ઘણેરી રે આથ;
દાન સુપાત્રે દેવતાં તો, થર થર ધ્રુજે છે હાથ કે. સુણ૦ ૭
ત્રણ તત્ત્વ આરાધીયે તો, જપીએ શ્રી નવકાર;
ખીમાવિજય ગુણ આણીએ તો, પહોંચે પહોંચે મુક્તિ મઝાર કે. સુણ૦ ૮

## ૩૪૮
## ચંદનબાલાની સજઝાય

મારૂં મન મોહ્યું જી, ઈમ બોલે ચંદનબાલ, મારૂં.
મુજ ફલીયો સુરતરૂ સાલ રે. મારૂં૦ ૨
હું રે ઉમરડે બેઠી હુંતી, અઠ્ઠમ તપને અંતે;
હાથ ડસકલાં ચરણે બેડી, માહરા મનની ખંતે. મારૂં૦ ૧
શેઠ ધનાવહે આણી દીયા, અડદ બાકુલા ત્યારે;
એહવામાં શ્રી વીર પધાર્યા, કરવા મુજ નિસ્તારે. મારૂં૦ ૨
ત્રિભુવન નાયક નીરખી નયણે, હરખી ચિત્ત મઝાર;
હરખ આંસુજલ વરસંતી, પ્રતિ લાભ્યા જયકાર. મારૂં૦ ૩
પંચ દિવ્ય તવ દેવા કરે શુચિ, વરસી કંચન ધાર;
માનું અડદ અન્ન દેવા મીચે, વીર કર્યા તિણવાર. મારૂં૦ ૪
જ્ઞાનવિમળ પ્રભુજીને હાથે, લીધો સંજમ ભાર;
વસુમતી તવ કેવલ લહીને, પામી ભવજલ પાર. મારૂં૦ ૫

## ૩૪૯
## લોભનિવારકની સજઝાય

રાત દિવસ કાયા મુઢ પોષે રે, પછી અનંત દુઃખી જીવ હોશે રે;
જીવ જુઓને હૃદય વિચારી રે, આંખ મીંચી તો રિદ્ધિ પરાઈ રે. રાત૦ ૧
એતો કાયા અમર ન હોઇ રે, વીર વચન સુણો સહુ કોઇ રે;
એતો દૂધ દહીથી દેહને લાલે રે, પાણીએ ઘણું પખાલે રે. રાત૦ ૨
શણગાર તણો રસ લાગ્યો રે, જીવ નિશ્ચે જાઈશ નાગો રે;
પાંચે ઇંદ્રિયના સુખ નવિ છોડે રે, ધર્મ સ્થાનકે આળશ મોડે રે. રાત૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ખાય ખેલે હસે મદ આણે રે, ભોળો ધર્મનું નામ ન જાણે રે;
પુણ્ય વિના ધનને મોહે રે, ઘૃત કારણ તે જલને વલોહે રે. ૪
જીવ ધનને સઘળા ધ્યાવે રે, પણ પૂર્વે દીધું પાવે રે;
અતિ લોભ કિહાં ન સમાવે રે, લાખ ક્રોડે તૃપ્તિ નવિ થાવે રે. ૫
સોનાની ડુંગરી કીધી રે, નવનંદે સાથે ન લીધી રે;
ચારે ચોર કાયા થકી રાખો રે, શુદ્ધ સમકિત શીયળ વ્રત પાળો રે. ૬
તપ કરી કાયા અજુવાળો રે, રાગ દ્વેષી વૈરી હોય ટાળો રે;
એતો શીખ ચલે જે કોઇ રે, તેને અવિચલ પદવી હોય રે.
ગુરૂજ્ઞાની ને ઉપગારી રે, વીર વચન સુણો નરનારી રે. ૭

## ૩૫૦
## દીવાની સજઝાય

દીવામાં દીવેલ ખુંટયું, હવે નથી વાર;
મનમાં મસ્તાન હીંડે, છોગા મેલ્યા ચાર. મૂરખ મનમાં વિચાર. ૧
માથા ઉપર મરણ ભમે, કોપી રહ્યો કાળ;
ઓચીંતાની આવી પડશે, જમ કેરી ધાડ. મૂરખ મનમાં વિચાર. ૨
ઉંચા મંદિર માળીયા, ગોખોનો નહી પાર;
પંડે જાશે પડયું રહેશે, કાઢશે ઘરની બહાર. મૂરખ મનમાં વિચાર. ૩
લીલા વાસની પાલખી, શ્રીફળ જોઇએ ચાર;
મુજને દોરીએ તાણી બાંધશે, ઉચકનાર ચાર. મૂરખ મનમાં વિચાર. ૪
સઉ વહાલું સવારથીયું, કરશે કાગા રોળ;
ઝાંપા સુધી વળાવીને, ઝટ પાછું વાળ. મૂરખ મનમાં વિચાર. ૫
વન કેરી કાઠી, છાતી ઉપર ભાર;
સુંદર વરણી કાયા બળે, ઉડી જશે રાખ. મૂરખ મનમાં વિચાર. ૬
જે સંભાળે અરિહંત, તેને ઉતારે ભવપાર;
લબ્ધિ વિજય ઈમ કહે, કરો ધર્મના કામ. મૂરખ મનમાં વિચાર. ૭

## ૩૫૧
## વૈરાગ્યની સજઝાય

તું થોડુ ફાટી જા કોણ છે થોરી રે; પ્રાણીયા પાપી રે.
પ્રભુ જાણે છે ચિત્તડાની ચોરી રે. પ્રાણીયા પાપી રે. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈક તારાથી પુણ્યવાન પાકા રે; ,, ,,
તે તો વાળી નાંખ્યા છે આંક આડા રે. ,, ,, ૨
શ્વાન તારાથી બાપડા સારા રે; ,, ,,
તેથી દુષ્ટ કરમ તારા રે. ,, ,, ૩
કુળ ઉંચા ને કામ તારા કાળા રે ,, ,,
હૈયે વસ્યા છે ટંક શાળી તાળા રે. ,, ,, ૪
શેઠ ભોળા ને કાટલા કુડા રે; ,, ,,
હૃદયે રોશ વાળે વેણુ રૂડા રે. ,, ,, ૫
પશુ પહાડમાં મનુષ્ય જન્મ પામી રે; ,, ,,
ખરે ખંતે એક પૂછડાંની ખામી રે. ,, ,, ૬
આર્ય દેશમાં મનુષ્ય જન્મ પામી રે; ,, ,,
ખરે ખંતે એક શીંગડાની ખામી રે. ,, ,, ૭
તારૂં લક્ષણ કહેતા હું લાજુ રે; ,, ,,
ગુરૂ રામ વિજય કેમ થાય રાજી રે. ,, ,, ૮

## ૩૫૨
## ઉત્તરાધ્યયના દશમા અધ્યયનની સજ્ઝાય

**સમવસરણ** સિંહાસનેજી, વીરજી કરે રે વખાણ;
દશમે ઉત્તરાધ્યયનમેંજી, દીયે ઉપદેશ સુજાણ
સમયમેં રે ગોયમ મ કર પ્રમાદ, વીરજીનેશ્વર શીખવેજી,
પરિહર મદ વિખવાદ. ૧
જિમ તરૂ પંડુર પાંદડુંજી, પડતાં ન લાગેજી વાર;
તિમ એ ચંચળ જીવડોજી, સ્થિર ન રહે સંસાર. સમયમેં૦ ૨
ડાભ અણી જાલ ઉસનોજીરે, ક્ષણ એક રહે જલબિંદુ;
તિમ એ ચંચલ જીવડો જી, ન રહે ઈંદ્ર નરીન્દ્ર. સમયમેં૦ ૩
સુક્ષ્મ નિગોદ ભમી કરીજી રે, રાશી ચઢયો વ્યવહાર;
લાખ ચોરાશી જીવાયોનીમાંજી, લાધ્યો નરભવ સાર. સમયમેં૦ ૪
શરીર જરાએ જર્જર્યુંજી, શિરપર પળીયા રે કેશ;
ઈન્દ્રિય બળ હીણા પડયાજી, પગ પગ પેખે કલેશ. સમયમેં૦ ૫
ભવસાયર તરવા ભણીજી, ચારિત્ર પ્રવહણ પૂર;
તપ જપ સંયમ આકરાજી, મોક્ષ નગર છે દૂર. સમયમેં૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઇમ નિસુણી પ્રભુ દેશનાજી, ગણુધર થયા સાવધાન;
પાપ પડલ પાછા પડયાજી, પામ્યા કેવલ જ્ઞાન. સમયમેં૦ ૭
ગૌતમના ગુણ ગાવતાંજી, ઘર સંપત્તિની ક્રોડ;
વાચક શ્રી કરણુ ઇમ ભણેજી, વંદુ બે કરજોડ. સમયમેં૦ ૮

## ૩૫૩
## વૈરાગ્યની સજ્ઝાય

મારૂં મારૂં મ કર જીવ તું, તાહરૂં જગમાં નહિં કોય રે;
આપ સ્વારથે સહુ મિલ્યાં, હૃદય વિચારી તું જોય રે. મા૦ ૧
દિન દિન આયુ ઘટે તાહરૂં, જીમ જલ અંજલિ હોય રે;
ધર્મની વેળા નાવ્યો ઢુંકડો, કવણુ ગતિ તાહરી હોય રે. મા૦ ૨
રમણી સંગે રાચ્યો રમે, કેમ હીયે બાઉલે બાથ રે;
તન ધન જોબન સ્થિર નહી, નહિ આવે પરભવ સાથ રે. મા૦ ૩
એક ઘરે ધવલ મંગલ ગાવે, એક ઘરે રોવે બહુ નાર રે;
એક રામા રમે કંતશું, એક છંડે સકલ શણુગાર રે. મા૦ ૪
એક ઘરે સહુ મલી બેસતાં, નિત નિત કરતા વિલાસ રે;
તેરે સાજનીયાં ઉઠી ગયાં, જાણુતાં અથિર સંસાર રે. મા૦ ૫
એહવું સ્વરૂપ સંસારનું, ચેત ચેત જીવ ગમાર રે;
દશ દૃષ્ટાંતે દોહીલો ફરી, લેવો માનવ અવતાર રે. મા૦ ૬
હરખ વિજય કહે એહવું, જે ભજે જિનપદ રંગ રે;
તે નરનારી વેગે વરે, મુક્તિ વધુ કેરો સંગ રે. મા૦ ૭

## ૩૫૪
## સૂરિકાન્તાની સજ્ઝાય

સરસ્વતી સ્વામીને વિનવું રે, સદ્ગુરૂ લાગુ છું પાય, ભવિયણુ સાંભળો,
સૂરિકાન્તા પૂછે પુત્ર ને રે, કેવા વહાલા તારા તાત. ભવિ૦ ૧
એ શું બોલ્યા રે મોરી માવડી, પિતા પિતા રે ગુરુને ઠામ. ભવિ૦
સૂરિકાન્તા મન ચિંતવે, નકામો ભરતાર. ભવિ૦ ૨
છઠ્ઠ અઠ્ઠમના પારણા, જમવા તેડું રાય;
વિષ ઘોલી ને વિષ ભેળવ્યું, જમવા આવે રાય. ભવિ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સોના કચોલે વિષ ઘોલીયા, જમવા બેઠા રાય; ભવિ૦
રત્ન કચોલે પિરસ્યા, જમવા બેઠા રાય. ભવિ૦ ૪
ચતુર રાયે વિષ ઓળખ્યું, ક્ષમા આણી ત્યાંય; ભવિ૦
નારી એ વિષની વેલડી રે, નારી નરકની ખાણ. ભવિ૦ ૫
ચળુ કરીને રાય ઉભા થયા, ગયા પૌષધ શાલા માંય; ભવિ૦
ભોંય સંથારો રાયે કર્યો, લોચે એકા એક. ભવિ૦ ૬
પરંપરા વાત સાંભળી, સૂરિકાન્તા આવે ત્યાંય; ભવિ૦
મારગડે મલપતી, મેલી છૂટી વેણ. ભવિ૦ ૭
મિત્ર ને કહે ખસ આઘા રહો, આ શું થયું તત્કાળ; ભવિ૦
હૈ હૈ કરતી હેઠે પડી, નખ દીઠો ગલા હેઠ. ભવિ૦ ૮
અરિહંત મનમાં સમરીને, પહોંચ્યા દેવલોક માંય. ભવિ૦
હીર વિજય ગુરુ હીરલો, ધન્ય એના પરિણામ. ભવિ૦ ૯

## ૩૫૫
## વૈરાગ્યની સજ્ઝાય

તારૂં ધન રે જોબન ધૂળ થાશે રે, તારી કંચન જેવી કાયા રાખમાં રોળાશે,
તારી કંચન વર્ણી કાયા રે રાખમાં રોળાશે. ૧
પેટ પીડા ને કાળા કળતર, જીવતા કેમ જોવાશે;
કળ ઉપડશે ને મુંઝારો થાશે, પછી કડવા ઔષધ કોણ પાશે. તારી૦ ૨
વૈદ તેડાવી વૈદુ કરાવશે ને, તારી તે નારીઓ જોવડાશે;
તુટી એની પછી બુટી નહી, તારા નાકની ડાંડી મરડાશે. તારી૦ ૩
દશ દરવાજા તારા બંધ કરી દેશે, પછી અતિ આતુરતા વધશે;
આંખ ફરકશેને અકળામણુ આવશે, પછી જીભલડી તારી જલાશે. તારી૦ ૪
જેના વિના એક ઘડી ન ચાલતું, તે તારી પ્રીયા રંડાશે;
ભવો ભવના છેટા પડશે પછી, તારા નામની ચુડીઓ ભંગાશે. તારી૦ ૫
ખોખરી હાંડીમાં આગ જલાવશેને, શમશાને લાકડા નાંખશે;
સઘળા કુટુંબ મલી સળગાવી દેશે, પછી બહારના કાગળ લખાશે. તારી૦ ૬
દશદિવસ પછી સુતક કાઢશે ને, માથું ને મુછ મુંડાશે;
સારી પેઠે તેનું સુતક કાઢશેને, પછી બારમાની સુખડી ખાશે. તારી૦ ૭
દયા ધર્મને ભક્તિ વિના તારૂ, ધનને રાજ્ય ભેલાશે;
જ્ઞાન વિમલ પ્રભુ ભજન વિના, પછી મોટા મોટા લુંટાશે. તારી૦ ૮

Jain Education International 2010_05    For Private & Personal Use Only    www.jainelibrary.org

## ૩૫૬
## રાવણ મંદોદરીની સજઝાય

સુણો મંદોદરી, નારાયણુ નમવાનું મારે નેમ છે;
હો રાણીજી, રઘુવર કેરા ચરણો ધોઈ ધોઈ પાયે. ૧
મારે શુદ્ધબુદ્ધ આવી પાણી ભરે, મારે નવનિધિઓ રસોઇ કરે;
મારે ઘેર ચાંદો સૂરજ આવી દીવા કરે. સુણો૦ ૨
મારે કંચન સરીખો કોટ છે, મારે લંકા સરીખું રાજ્ય છે;
મારે બિભિષણુ કેરો ભાઇ છે. સુણો૦ ૩
મારે કોટ કાંગરા બારી છે, દરવાજે ચોકી સારી છે;
મારે કંસ કરણુ બે ભાઈ છે. સુણો૦ ૪
વળી આવખું તે અથીર જાણી, તુમે સાંભળજો ઉત્તમ પ્રાણી;
એમ બોલે મુનિ માણેક વાણી. સુણો૦ ૫

## ૩૫૭
## ઢંઢણુ ઋષિની સજઝાય

ઢંઢણુ રૂષિને વંદણા હુંવારી લાલ, ઉત્કૃષ્ટો અણુગાર રે હુંવારી લાલ;
અભિગ્રહ લીધો આકરો હું૦ લબ્ધે લેશું આહાર રે હું૦ ૧
દિન પ્રત્યે જાવે ગોચરી હું૦ ન મલે શુદ્ધ આહાર રે હું૦
ન લીએ મૂળ અસુઝતો હું૦ પિંજર હુંવો ગોખ હું૦ ૨
હરિ પૂછે શ્રી નેમને હું૦ મુનિવર સહસ હજાર રે હું૦
ઉષ્કૃષ્ટો કુણુ એહમેં, હું૦ મુજ ને કહો કૃપાળ રે હું૦ ૩
ઢંઢણુ અધિકો દાખીયો હું૦ શ્રી મુખ નેમી જીણુંદ રે હું૦
કૃષ્ણુ ઉમાયો વાંદવા હું૦ ધન્ય જાદવ કુળ ચંદ રે હું૦ ૪
મારગ માંહિ મુનિવર મલ્યાં હું૦ વાંદે કૃષ્ણુ નરેશ રે હું૦
કિણુહી મિથ્યાત્વી દેખી ને, હું૦ આવ્યો ભાવ વિશેષ હું૦ ૫
આવો અમઘર સાધુજી હું૦ લ્યો મોદક છે શુદ્ધ રે, હું૦
ઋષિજી લેઈ આવીયા હું૦ પ્રભુજી પાસ વિશુદ્ધ રે હું૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મુજને લબ્ધે મોદક મલ્યા હું૦ મુજને કહો કૃપાળ રે હું૦
લબ્ધિ નહી વત્સ તાહરી હું૦ શ્રી પતિ લબ્ધિ નિહાળ રે હું૦ ૭
તો મુજને લેવો નહી હું૦ ચાલ્યો પરઠણ કાજ રે હું૦
ઇંડ નિભાડે જોઈને હું૦ ચૂરે કર્મ સમાજ રે હું૦ ૮
આવી શુદ્ધ ભાવના હું૦ પામ્યા કેવળ નાણ રે હું૦
ઢંઢણ ઋષિ મુગતે ગયા હું૦ કહે જિન હર્ષ સુજાણ રે હું૦ ૯

## ૩૫૮
## વૈરાગ્યની સજઝાય

ઉંચાં તે મંદિર માળીયાં, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યો જ ન્હોતો,
એક રે દિવસ એવો આવશે, મન સબલોજી સાલે. એક૦ ૧
અબુધ પણામાં રે હું રહ્યો, મન સબળોજી સાલે;
મંત્રી મળ્યા સર્વે કારમાં, તેનું કાંઇ નવ ચાલે. એક૦ ૨
સાવ સોનાનાંરે સાંકળાં, પહેરણ નવ નવ વાઘા;
ધોળુ રે વસ્ત્ર એના કર્મનું, તે તો શોધવા લાગ્યા. એક૦ ૩
ચરુ કઢાઇઆ અતિ ઘણાં, બીજાનું નહી લેખું;
ખોખરી હાંડલી એના કર્મની, તે તો આગળ દેખું. એક૦ ૪
કેનાં છોરૂ ને કેરાં વાછરૂં, કેના માય ને બાપ;
અંત કાળે જાવું જીવને એકલું, સાથે પૂન્ય ને પાપ. એક૦ ૫
સગી રે નારી એની કામિની, ઊભી ટગટગ જુએ;
તેનું પણ કાંઈ ચાલે નહીં, બેઠી ધ્રુસકે રૂવે. એક૦ ૬
વ્હાલાં તે વ્હાલાં શું કરો, વ્હાલાં વોળાવી વળશે;
વહાલાં તે વન કેરાં લાકડાં, તે તો સાથે જ બળશે. એક૦ ૭
નહિ ઝાંપો નહી ત્રુંબડી, નહી તરવાનો આરો;
ઉદય રત્ન મુનિ ઈમ ભણે, મને ભવજળ તારો. એક૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૫૯

## આત્મશિક્ષાની સજઝાય

આતમ રામે રે મુનિ રમે, ચિત્ત વિચારી ને જોય રે;
તાહરૂં દીસે ન કોય રે, સહુ સ્વાર્થી મલ્યું જોય રે,
જન્મ મરણ કરે લોય રે, પૂઠે સવિ મલી રોય રે. આતમ૦ ૧
સ્વજન વર્ગ સવિ કારમો, કૂડો કુટુંબ પરિવાર રે;
કોઈ ન કરે તુઝ સાર રે, ધર્મ વિણ નહિં આધાર રે,
જીણે પામે ભવપાર રે. આતમ૦ ૨
અનંત કલેવર મૂકીયાં, તેં કીયા સગપણ અનંત રે;
ભવ ઉદ્વેગે રે તું ભમ્યો, તો એમ આવ્યો તુજ અંત રે,
ચેતો હૃદય માંહી સંત રે. આતમ૦ ૩
ભોગ અનંતા તેં ભોગવ્યા, દેવ મણુઅ ગતિ માંહી રે;
તૃપ્તિ ન પામ્યો રે જીવડો, હજી તુજ વાંછા છે ત્યાંહી રે,
અણ સંતોષ ચિત્ત માંહી રે. આતમ૦ ૪
ધ્યાન કરો રે આતમ તણું, પર વસ્તુથી ચિત્ત વારી રે;
અનાદિ સંબંધ તુઝકો નહીં, શુદ્ધ નિશ્ચય ઇમ ધારી રે,
ઇણ વિધ નિજ ચિત્ત ઠારી રે, મણીચંદ્ર આતમ તારી રે. આતમ૦ ૫

## ૩૬૦

## આત્મ પ્રબોધની સજઝાય

હો સુણ આતમ મતપડ મોહ પંજરમાં હે માયા જાળ રે હો.
ધન રાજ્ય જોબન રુપ રામા, સુત સુતા ઘરબાર રે;
હુકમ હોદ્દા હાથી ઘોડા, કારમો પરિવાર રે. માયા૦ ૧
અતુલ બલહરી ચક્રી રામા, ભુજા જિત મદમત્ત રે;
કૂર જમ બળ નિકટ આવે, ગળિત જાયે સત. માયા૦ ૨
પુહવી ને જે છત્ર પરે કરે, મેરૂ ને કરે દંડ રે;
તે પણ હાથ ઘસતા ગયા, મૂકી સર્વ અખંડ. માયા૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જે તખત બેસી હુકમ કરતા, પહેરી નવલા વેષ રે,
પાઘ શેલા ધરત ટેઠા, મરી ગયા જમ દેશ. માયા૦ ૩
મુખ તંબોલ ને અધર રાતા, કરત નવ નવા ખેલ રે;
તેહ નર બળ પુણ્ય કાઢે, કરત પરઘર ટેલ રે. માયા૦ ૫
ભજ સદા ભગવંત ચેતન, સેવ ગુરૂ પદ પદ્મ રે;
રૂપ કહે કર ધર્મકરણી, પામે શાશ્વત સદ્મ રે. માયા૦ ૬

## ૩૬૧
## રહનેમીની સજઝાય

કાઉસ્સગ્ગ ધ્યાને મુનિ રહનેમી નામે, રહ્યા છે ગુફામાં શુભ પરિણામ રે.
દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો, ધ્યાન થકી હોય ભવનો પાર રે. દેવ.
વરસાદે ભીનાં ચીવર મોકળા કરવા, રાજુલ આવ્યા તેણે ઠામ રે. દેવ૦ ૧
રુપે રતિ રે વસ્ત્રે વર્જીત બાળા, દેખી ખેલાણો તેણે કામ રે; દેવ૦
દિલડુ ખોભાણું જાણી રાજુલ ભાખે, રાખો સ્થિર મન ગુણના ધામ રે. દેવ૦ ૨
જાદલ કુળમાં જીનજી નેમ નગીનો, વમન કરી છે મુજ ને તેણ રે; દેવ૦
બંધવ તેહના તમે શિવાદેવી જાયા, એવડો પટંતર કારણ કેણ રે. દેવ૦ ૩
પરદારા સેવી પ્રાણી નરકમાં જાય, દુર્લભ બોધી હોય પ્રાયરે; દેવ૦
સાધ્વી સાથે ચૂકી પાપ જે બાંધે, તેહનો છુટકારો કદીય ન થાય રે. દેવ૦ ૪
અશુચી કાયા રે મળ મૂત્રની કયારી, તમને કેમ લાગી એવડી પ્યારી રે; દેવ૦
હું તે સંયમી તમે મહાવ્રત ધારી, કામે મહાવ્રત જાશો હારી. દેવ૦ ૫
ભોગ વમ્યારે મુનિ મનથી ન ઇચ્છે, નાગ અગંધન કુલના જેમ રે; દેવ૦
ધિક્ કુળ નીચા થઈ નેહ નિહાળે, ન રહે સંયમ શોભા એમ રે. દેવ૦ ૬
એવા રસીલા રાજુલ વયણ સુણીને, બુઝયા રહનેમી પ્રભુજી પાસ રે; દેવ૦
પાપ આલોયણ કરી સંયમ લીધું, અનુક્રમે પામ્યા શિવ આવાસ રે. દેવ૦ ૭
ધન્ય ધન્ય જે નરનારી શિયળને પાળે, સમુદ્ર તર્યા સમવત છે એહ રે; દેવ૦
રૂપ કહે તેહના નામથી હોવે, અમ મન નિર્મળ સુંદર દેહ રે. દેવ૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૬૨
## હીરસૂરિની સજઝાય

બે કર જોડી વિનવું જી, શારદા લાગું જી પાય;
વાણી આપો નિર્મળી જી, ગાશું તપગચ્છ રાય,
થેં મને મોહ્યું રે હીરજી. ૧
અકબર કાગળ મોકલે, હીરજી વાંચીને જોય રે;
તુજ મલવા અલજો ઘણો, બિરબલ કરતોજી જોય. થે૦ ૨
અકબર કરેજી વિનતી, ટોડરમલ લાગેજી પાય;
પૂજ્ય ચોમાસું ઈહાં કરો, હોશો તુમે સવાય. થે૦ ૩
તેજી ઘોડાજી અતિ ઘણા, પાયક સંખ્યા નહિ પાર;
મહાજન આવે જી અતિ ઘણા, થાનસિંહ શાહ ઉદાર. થે૦ ૪
પહેલું ચોમાસુજી આગ રે, બીજું લાહોર માંહી;
ત્રીજુ ચોમાસુજી ફતેપુરે, અકબર કરે ઉત્સાહી. થે૦ ૫
ડામર સરોવર છોડિયાં, છોડયા બંદીના બાન;
છોડયાં પંખી ને મૃગલાં, અકબર દે બહુમાન. થે૦ ૬
તપગચ્છ નાયક રાજીયો, શ્રી વિજયસેન સૂરીંદ;
તાસ શિષ્ય ભક્તિ ભણે, હોજો અતિહિ આનંદ. થે૦ ૭

## ૩૬૩
## સ્થુલીભદ્રની સજઝાય

લાલ સ્નેહી રે સ્થુલીભદ્ર દેખીયે રે, જે મુજ પ્રાણ આધાર;
આ ચિત્ર શાળા રે ન ગમે તે વિના રે, સાંભળે વાર હજાર. લાલ૦ ૧
મુજને કહું તુરે હું આવીશ વળી રે, વળતાં લાગે રે વાર;
પ્રીત ન કીજે રે સંયમી પંથીયા રે, જે ઘરઘરના ભટનાર. લાલ૦ ૨
નારી ધુતારી રે જગમાં બહુતિરે, પણ તુજને રે શાબાશ;
મનડું મેલી રે રસકસ લઈ ગઈ રે, ધરતો તે ન પડયો પાસ. લાલ૦ ૩
એહવા વાલેસર વલીવલી દોહીલારે, બહુગુણ રયણ ભંડાર;
લાજ ન કીજે રે, તેહશું બોલતા રે, જીહાં મન માન્યુ સો વાર. લાલ૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચોરાશી ચોવીશીના રે નામ, નિજ રાખ્યું રે, કોશ્યાને સમકિત દીધ;
રૂપવિજય કહે સ્થુલીભદ્ર તું જ્યો રે, નામે નવનિધિ સિધ. લાલ૦ ૫

## ૩૬૪
## સમકિત સુખલડીની સજ્ઝાય

ચાખો નર સમકિત સુખલડી, દુઃખ ભુખલડી ભાજે રે;
ચાર સદ્દહણા લાડુ સેવઇયા, ત્રિણ લિંગ ફેણા છાજે રે. ચાખો૦ ૧
દશ વિનયના દહાડા (દહીથરા) મીઠા, ત્રિણ શુદ્ધી સખર સુહાળી રે;
આઠ પ્રભાવક જતને રાખી, પણ દુષણ તે ગાળી રે. ચાખો૦ ૨
ભૂષણ પાંચ જ જલેબી કુંપલી, (કુમળી) ઇહુવિધ જયણા ખાજા રે;
લખણ પાંચ મનોહર ઘેબર, છઠાણ ગુંદવડા તાજા રે; ચાખો૦ ૩
છ આગાર નાગોરી પીંડા, છ ભાવના પણ પુરી રે;
સડસઠી ભેદે નવનવવાળી, સમકિત સુખડી રૂડી રે. ચાખો૦ ૪
શ્રી જીનશાસન ચઉહરે દીઠી, સિદ્ધાંત માલે સારી રે;
તે ચાખે અજરા મર હોવે, મુનિ દરશને પ્યારી રે. ચાખો૦ ૫
એ નિશ્ચે જીવ અણાહરી, સંતુષ્ટ પુદ્ગલ વિપહારી રે;
વાચક જસ કહે આગળ માતે (માંતે) વાત પ્રમાણે પ્રકાશી રે. ચાખો૦ ૬

## ૩૬૫
## મુર્ખને પ્રતિબોધની સજ્ઝાય

જ્ઞાન કદી નવી થાય, મૂરખને જ્ઞાન કદી નવી થાય;
કહેતા પણ પોતાનું પણ જાય, મૂરખને જ્ઞાન કદી નવિ થાય. ૧
શ્વાન હોય તે ગંગા જળમાં, સો વેળા જો નાય;
અડસઠ તીર્થ ફરી આવે પણ, શ્વાન પણું નવિ જાય. મૂરખ૦ ૨
ક્રુર સર્વ પય પાન કરતા, સંતપણું નવિ જાય;
કસ્તુરીનું ખાતર જો કીજે, વાસ લસણ નવિ જાય. મૂરખ૦ ૩
વર્ષા સમે સુગ્રીવ તે પક્ષી, કપિ ઉપદેશ કરાય;
તે કપિને ઉપદેશ ન લાગ્યો, સુગ્રીવ ગૃહ વિખરાય. મૂરખ૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નદી માહે નિશદિન રહે પણ, પાષાણ પણું નવિ જાય;
લોહ ધાતુ ટંકણ જો લાગે, અગ્નિ તુરત જરાય. મૂરખ૦ ૫

કાગ કંઠમાં મુક્તા ફળની, માળા તે ન ધરાય;
ચંદન ચર્ચિત અંગ કરી જે, ગર્દભ ગાય ન થાય. મૂરખ૦ ૬

સિંહ ચર્મ કોઇ શિયાળ સુતને, ધારે વેષ બનાય;
શિયાળ સુત પણ સિંહ ન હોવે, શિયાલપણુ નવિ જાય. મૂરખ૦ ૭

તે માટે મુરખથી અલગા, રહે તે સુખીયા થાય;
ઉખર ભૂમીમાં બીજ ન ઉગે, ઉલટું બીજ તે જાય. મૂરખ૦ ૮

સમકિત ધારી સંગ કરીજે, ભવ ભવ ભીત મીટાય;
મયા વિજય સદ્ગુરુ સેવાથી, બોધી બીજ પમાય. મૂરખ૦ ૯

૩૬૬

## આત્માની સજઝાય

કુચાં તન માંજતાં રે એક દિન મીટીમે મીલ જાના;
મીટે મેં મીલ જાના બંધે ખાખ મેં ખપ જાના. કયાં૦ ૧

મીટીયા ચૂન ચૂન મેલ બંધાયે, બંદા કહે ઘર મેરા;
એક દિન બંદે ઉઠ ચલેંગે, યહ ઘર તેરા ન મેરા. કયાં૦ ૨

મીટીયા ઓઢણ મીટીયા બીછાવણ, મીટીકા સીરાના;
ઈસ મીટીયા કુ એક ભૂત બનાયે, અમર જાન લોભાના કયાં૦ ૩

મીટીયા કહે કુંભાર ને રે, તું કયાં જાણે મોય;
એક દિન એસા આવેગા પ્યારે, મે શુંકુંગી તોય. કયાં૦ ૪

લકડી કહે સુથારને રે, તું કયાં જાણે મોય;
એક દિન એસા આવેગા, પ્યારે મે ભુંજુંગી તોય. કયાં૦ ૫

દાન શીયલ તપ ભાવના રે, શિવપુર મારગ ત્યાર;
આનંદઘન કહે ચેતલો પ્યારે, આખર જાના ગમાર. કયાં૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૬૭
## આનંદઘન મહારાજ વિરચિત સજઝાય

મગરી ઉપરી કૌવા બોલ્યો, પાહુણા આવ્યા તીન;
પાહણા તારી મૂછો બાળું, છાણા ન લાવ્યો વિણ,
કર્કશા નારી મળી રે, ધન્ય હો ધન્ય હો ધન્ય પ્રભુજી. ધન્ય૦ ૧
પામ્યા આવ્યા દેખીને રે, ચૂલે દીયો બુઝાય;
પરણ્યા ને બે લાતો મારી, આપ બેસી રિસાય. ધન્ય૦ ૨
મૂઠ બાજરો પીસાવોજી, લેઈ બેઠી ભરસૂપ;
અબ જો પરણ્યો આવી કહેશે, તે જઈ પડુંગી કુપ. ધન્ય૦ ૩
ઘરમેં ઉલલ ઘરમેં ઘંટી, પરઘર પીસણ જાય;
પાડોશી શું વાતો કરતા, ચુન કુતરા ખાય. ધન્ય૦ ૪
માંચો બાળ્યો બરડો બાળ્યો, બાળી કોયલાની કોઠી;
છપ્પરો બાળ્યો સુપડો બાળ્યો, તોય ન ચડી એક હાંડી. ધન્ય૦ ૫
તીન પાવકી સાત બનાઈ, સાત પાવકી એક;
પરણ્યો ડાડી સઘળી ખા ગયો, હું સગુણી એક. ધન્ય૦ ૬
ગંગા આવી ગોમતીને, વિચમેં આવી ઘાટી;
ઘરમેં આઈ જોઉં હું તો, હજીયે ન મરીઓ માટી. ધન્ય૦ ૭
નાહી ધોઈ વેષ બનાઇ, તિલક કરે અપાર;
સૂર્ય સામને કરે વિનતી, કદી મરે ભરથાર. ધન્ય૦ ૮
આનંદઘનજી કહે છે સુણો ભાઇ સાધુ, યહ પદ હૈ નિર્વાણી;
વહ પદકી જો નિંદા કરે તો, નિશ્ચલ નરકની ખાણી. ધન્ય૦ ૯

## ૩૬૮
## રત્નમાલાના પાંચ બાંધવની સજઝાય

રત્નવતી નયરી ભલી, તિહાં રાજા શ્રી નયસાર રે;
રયણ માલાના રૂયડાં, પાંચ બાંધવ ગુણ ભંડાર રે,
પાંચ બાંધવ ગુણ ભંડારે, મહામુનિ વંદના સુખ થાય રે;
સુખ થાય સવિ દુઃખ જાય. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભગીની ભગીની પતી ભણી, આવ્યા તે મિલવાનેહેત રે;
એક દિન ગણધર વાંદવા પહોત્યા, તે સયલ સમેત રે. ૨
ભવ પાછલા દઢ નૃપતિનાં, શ્રી દેવી અંગજ હોય રે;
ઉદ્યાને રમવા ગયા, ચારણ મુનિ મલ્યા દોય રે. ૩
ધર્મ સુણી ઘેર આવતાં, વીજળી વિઘ્ને લહ્યા અંત રે;
શુભ ધ્યાને મરી સાતે હુઆ, સૌધર્મે સુરવર કંત રે. ૪
તિહાંથી ચવી તુમે નિપન્યા, સંપ્રતિ સંબંધી સાત રે;
જાતિ સ્મરણ પામીયા, નિસુણી પૂરવ અવદાત. ૫
તન ધર જોબન જીવીત એ, ચપલા પરે ચલ ભાવ રે;
તિહાં સ્થિર જીનવર ધર્મ છે, ભવ જલધી તારણ વડનાવ રે. ૬
તિહાંકને સંયમ આદર્યો, સવિ હુઆ આણી મન સ્નેહ રે;
શમ દમ સુધા સંયમી, ગુણવંતા મુનિવર તેહ રે. ૭
માસક્ષમણ અભિગ્રહ ધરી, વાંદ્યા સીમંધર સ્વામી રે;
વિચરે જીનવર સાથશું, શ્રુતધર થયાં તે અભિરામ રે. ૮
કેવળ લહી શીવ પામશે, કરી આઠ કર્મોનો અંત રે;
અહો નિશી તે આરાધીએ, જ્ઞાન વિમળ મહોદય વંત રે. ૯

## ૩૬૯
## આત્મજ્ઞાનની સજ્ઝાય

**શી** કહું કથની મારી વીર, શી કહું કથની મારી;
જન્મ પહેલા મેં આપની પાસે, કીધા કોલ કરાર;
અનંત જન્મનાં કર્મ મિટાવા, મનુષ્ય જન્મ મેં દિલધારી. શી૦ ૧
સંસાર વાયરા લહેર થકી હું, વિસર્યો આજ્ઞા તુમારી;
બાળ પણામાં રહ્યો અજ્ઞાની, મનુષ્ય જન્મ ગયો હારી. શી૦ ૨
યૌવન વયમાં વિષય વિકારી, રાચી રહ્યો દિલધારી;
ધર્મ ન પામ્યો ધર્મ ન સાધ્યો, ધર્મ ને મેલ્યો વિસારી. શી૦ ૩
જોત જોતામાં ઘડપણ આવ્યું, શક્તિ ગઈ સહુ મારી;
ધન દોલતની આશાએ વળગ્યો, જાયે મનુષ્ય ભવ હારી. શી૦ ૪
ભરત ભૂમિ મેં પંચમ કાળે, નહી કોઇ કેવળ ધારી;
સંદેહ સઘળાં કોણ નિવારે, મન મુંઝાય છે મારૂં. શી૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદય રત્ન કરજોડી કહે છે, રંગો મે શહેર મોઝારી,
ભક્ત વત્સલ બહુ સહાય ધરીને, લેજો મુજને ઉગારી. શી૦ ૬

### ૩૭૦
### મરણ વખતની સજ્ઝાય

સુણ સાહેલી રે કહું હૃદયની વાતો, જરૂરી જીવને મરવું સાચું,
કંઈ નથી બાંધ્યું ભાતું, મરવા ટાણે રે મારાથી કેમ મરાશે,
કેમ મરાશે શી ગતિ થાશે, નરકમાં કેમ રહેવાશે. સુણ૦ ૧
સાધ્યું સંતાપ્યા રે, મુનિને, કાંઈ ન આપ્યું;
હાથ માં તો કરવત લઈને, મૂળ પોતાનું કાપ્યું. સુણ૦ ૨
બે બાળકડા રે બાઈ, મારા છે લાડકડા;
અંગેથી અલગા રહેશે, પોતાના કેમ કહેવાશે. સુણ૦ ૩
ભર્યા ભાર્યા રે આ ઘર, કોના કહેવાશે,
મરવાની તો ઢીલ જ નથી, આ ઘર કોને સોંપાશે. સુણ૦ ૪
પરવશ થઈ ને પથારી રે પડશું, હતું ત્યારે હાથે ન દીધું,
હવે શી ગતિ થાશે. સુણ૦ ૫
શ્વાસ ચડશે રે ધબકે આંખ ઉઘડશે,
અહીંથી ઉઠાતું નથી, ભૂખ્યા કેમ ચલાશે સુણ૦ ૬
જમદૂત આવશે રે એકદમ ભડકા બળશે,
ઝાઝા દુઃખની જ્વાલા ચડશે, ડચકો કેમ લેવાશે. સુણ૦ ૭
ઉદય રત્ન કહે રે સહુ સમજીને રહેશો,
સમજાયા તે તો સ્વર્ગે પહોંચ્યા, ગાફેલ ગોથા ખાશો. સુણ૦ ૮

### ૩૭૧
### મન વશ કરવાની સજ્ઝાય

મનાજી તું તો જીન ચરણે ચિત્ત લાય, તેણે અવસર વિત્યો જાય. મ૦
ઉદર ભરણ કે કારણ રે, ગૌઆ વનમેં જાય,
ચારો ચરે ચિહું દિસી ફરે રે, વાંકુ ચિત્તડું વાછરીયામાં જાય. મનાજી૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચાર પાંચ સહીયર ટોલે મલીને, હીલમીલ પાણીડા જાય;
તાળી દિયે ખડ ખડ હસે, વાકું, ચિત્તડું ગાગરીયામાં જાય. મનાજી૦ ૨
નટવો નાચે ચોકમાં રે, લખ આવે લખ જાય;
વંશ ચઢી નાટક કરે રે, વાકું ચિત્તડું દોરડીયામાં જાય. મનાજી૦ ૩
સોની સોનાના ઘાટ ઘડે રે, વળી ઘડે રૂપાનાં ઘાટ;
ઘાટ ઘડે મન રીઝવે, વાકું ચિતડું સોનૈયામાં જાય. મનાજી૦ ૪
જુગટીયા મન જુગટું રે, કામિની ને મન કામ;
આનંદ ઘન એમ વિનવે રે, ઐસો પ્રભુરો ધરો ધ્યાન. મનાજી૦ ૫

## ૩૭૨
## આત્મહિતની સજ્ઝાય

સ્હેજ શીખામણ મનવા માની લે;
મારી પરપંથે એક દિન દુનીયા વિસારી. ૧
પર્ણ કુટીના જેવી, કાચી કાયા તે માયા;
પવન ઝપાટે પલમાં, છતી પડનારી. ૨
સંભાળી પાળી પોસી, પણ નહી રહેનારી;
એક દિન જંગલમાં જઇને ડેરો દેનારી ૩
સેજ તલાઇ ફુલની ચાદર ખૂંચે વાલા,
સ્મશાને જઇને કરવી કાષ્ટની પથારી. ૪
ખોખરી દેહી રે આખર વાંસની ઘોડી વાલા,
વાડી ગાડી ને લાડી નહી આવે લારી. ૫
શેરી તક નારી ગૃહ લગે, સગા ને સંબંધી;
વસ્ત્રે વોળાવી, કાયા ભસ્મ થનારી. ૬
ભક્તિ કર પ્રભુની પ્યારા કરલે ભલાઈ;
આત્મારામ કુડી કાયા, સ્થિર નહી રહેનારી. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૭૩
## ભરત ચક્રવર્તીની સજ્ઝાય

મનમેં હી વૈરાગી, ભરતજી; મનમેં હી વૈરાગી;
સહસ બત્રીશ મુગટ બંધ રાજા, સેવા કરે વડ ભાગી.
ચોસઠ સહસ્ત્ર અંતેઉરી જાકે, તોહી ન હુવા અનુરાગી.
ભરતેશ્વર મનમેં હી વૈરાગી. ૧
લાખ ચોરાશી તુરંગમ જાકે, છન્નું કોડ હે પાગી;
લાખ ચોરાશી ગજરથ સોહીયે, સુરતા ધર્મશું લાગી. ભર૦ ૨
ચાર ક્રોડ મણ અન્ન નિત સીજે, લુણ દશલાખ મણ લાગી;
તિન ક્રોડ ગોકૂળ ઘર દૂઝે, એક ક્રોડ હળ સાગી. ભર૦ ૩
સહસ્ર બત્રીશ દેશ વડભાગી, ભયે સરવકે ત્યાગી;
છન્નું ક્રોડ ગામકે અધિપતિ, તો હિ ન હુવા સરાગી. ભર૦ ૪
નવ નિધિ રતનચોગડ બાજે; મન ચિંતા સબ ભાગી;
કનક કીર્તિ મુનિ પદ વંદન હૈ, દેજ્યો મુક્તિ મેં માગી. ભર૦ ૫

## ૩૭૪
## વૈરાગ્યની સજ્ઝાય

કોરા કાગળની પૂતળી, મન તું મેરા રે;
એને ઘડતા ન લાગે વાર, સમજ મન મેરા રે. સમજ૦ ૧
કાચો કુંભ જલે ભર્યો, મન૦ એને ફુટતા ન લાગે વાર. સમજ૦ ૨
ભર લાકડ ગાડા ભર્યા. મન૦ ખોખરી હોણી તેની સાથ. સમજ૦ ૩
ઘરની લુંગાઇ ઘર લાગી, મન૦ શેરી લગે સગી માય. સમજ૦ ૪
સીમા લગે સાજન ભલું, મન૦ પછી હંસ એકલો જાય. સમજ૦ ૫
સુંદર વર્ણી ચેહ બળે. મન૦ એનો ધુમાડો આકાશે જાય. સમજ૦ ૬
પાંચે આંગળી ચે પુન્ય પાપ, મન૦ અંતે થાય સખાઇ. સમજ૦ ૭
હીરવિજય ગુરૂ હીરલો, મન૦ લબ્ધિ વિજય ગુણ ગાય. સમજ૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૭૫

## નેમ રાજુલની સજઝાય

પિયુજી પિયુજી રે નામ જપું દિન રાતીયાં,
પિયુજી ચાલ્યા પરદેશ તપે મોરી છાતીયાં,
પગ પગ જોતી વાટ વાલેસર કબ મિલે;
નીર વિછોયાં મીન કે તે જયું ટળ વળે. ૧

સુંદર મંદિર સેજ સાહિબ વિણુ નવિ ગમે;
જિહાં રે વાલેસર નેમ તિહાં મારૂં મન ભમે,
જો હોવે સજ્જન દૂર તોહી પાસે વસે;
કિહાં પંકજ કિહાં ચંદ દેખી મન ઉલ્લસે. ૨

નિઃસ્નેહી શું પ્રિત મ કરજો કો સહી,
પતંગ જલાવે દેહ દીપક મનમેં નહી.
વહાલા માણુસનો વિયોગ, ન હોજો કેહને,
સાલે રે સાલ સમાન હૈયામાં તેહને. ૩

વિરહ વ્યથાની પીડ યૌવન વયે અતિ દહે;
જેનો પિયુ પરદેશ છે તે માણુસ દુઃખ સહે,
ઝુરી પંજર કીધ કાયા કમલ જિસી;
હજીય જુએ ન નયણે હસી. ૪

જેહને જેહશું રાગ ટાલ્યો તે તો નવી ટલે,
ચકવી રયણી વિજોગ તે તો દિવસે મલે;
આંબા કેરો સ્વાદ લીબું તેતો નવિ કરે,
જે નાહ્યા ગંગાનીર તે છિલ્લર જલ કિમ તરે. ૫

જે રમ્યા માલતી ફુલ તે ધત્તૂરે કિમ રમે;
જેહને ઘૃતશું પ્રેમ; તે તેલે કિમ જમે;
જેહને ચતુરશું નેહ તે અવરને શું કરે,
નવ યૌવના તજી નેમ, વૈરાગી થઇને ફરે. ૬
રાજુલ રૂપ નિધાન પોંહોતી સહસાવને;
જઇ વાંદ્યા પ્રભુ નેમ, સંજમ લેઈ એક મને;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પામ્યા કેવલજ્ઞાન, પહોંતી મનની રૂલી;
રૂપવિજય પ્રભુ નેમ, ભેટે આશા ફલી. ૭

## ૩૭૬
## દેવકુંજર ઋષિની સજ્ઝાય

સહજ સુંદર મુનિ પુરંદર, વંદીએ ધરી ભાવ રે;
ભવ મહોદધિ તરણ પ્રવહણ, સાધુ વંદન નાવ રે. સા૦ ૧
રૂપ મનહર વર ગુણાકર, દેવકુંજર ભૂપ રે;
કનકવાનો ઋષિવર એ, રાજહંસ સ્વરૂપ રે. સહજ૦ ૨
અન્ય દિન ઉદ્યાનમાંહી, ગયા ક્રીડન કાજ રે;
અરૂણ ઉદયે તે જ હેજે, વિકસિતાં અુજ રાજ રે. સહજ૦ ૩
સંત વિલસે એમ વસંતે, કરી નવા નવા રંગ રે;
એમ કરતાં સાંજ સમયે, પ્રગટયો બહુ રંગ રે. સહજ૦ ૪
કમલ કાનન ગ્લાન દેખી, થયાં તરૂ વિછાય રે;
ચક્રવાકી વિરહ આતુર, વિસ્તર્યું ભૂછાય રે. સહજ૦ ૫
તેહ દેખી નૃપતિ ચિંતે, અહો રંગશું એહ રે;
સંધ્યા વાદળ પરિ વિસ્તર્યું, અથિર તનુધન ગેહ રે. સહજ૦ ૬
એમ અનિત્ય ભાવ રૂપે, લહ્યો ભાવ ઉદાસ રે;
લહ્યું કેવળ નાણ ઉજવળ, સાધુ વેશ પ્રકાશ રે. સહજ૦ ૭
સહસ દશ નિજ પુત્ર સાથે, પરિવર્યા વિચરંત રે;
ભવિક જન ઉદ્ધાર કરતા, જ્ઞાન વિમળ મહંત રે. સહજ૦ ૮

## ૩૭૭
## દશ શ્રાવકની સજઝાય

સકળ ઉપાસકમાં સિરદારા, સૂત્ર ઉપાસક મધ્ય વિચારા;
નામસ્તવન મુજ લાગત પ્યારા, તિણે ગુણશું દસ સમકિત ધારા,
સાહિબા દશ શ્રાવક એહાં, મોહના ગુણ ગેહા. ૧
ગાથા પતી આણંદ વિચારી, ચઉ ગોકુળ શિવા નંદા નારી;
દ્વાદશ કોઇ હિરણ્ય ધનવંતા, અવધિ નાણ કહે ભગવંતા. ૨

Jain Education International 2010_05　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

કામદેવ શુભ ભદ્રાનાર, ષટ્ ગોકુળ ધન કોટિ અઢાર;
ગોકુળ આઠ સુસામા જોડી, ચુલણિપિયા ધન ચોવીશી કોડી. ૩

સૂરદેવ વનિતા જસધન્ના, ચુલ્લ શતક બહુળા એક મન્ના;
કુંડકોળિક પુંસા સમ ધર્મે, એ ત્રણ્ય શ્રાવકને અનુક્રમે. ૪

કોડી અઢાર હિરણ્ય જસ ઘરમેં, ષટ્ ગોકુળ અનુકુળ જીનધર્મે;
સકડાળ પુત્ર કહ્યા કુંભકાર, એક ગોકુળ તીન કોડી દીનાર. ૫

મહાશતક અડ ગોકુળ ઘેર, રેવંતી આદે કહી વધુ તેર;
ચોવીશ કોડી હિરણ્ય પરિમાણ, અંતે પામ્યા અવધિનાણ. ૬

અશ્વિની નારીને નંદની પિયા, ફલ્ગુણી વલ્લભ સાલણી પિયા;
એ દોય શ્રાવકને ઘર બાર, બાર કોડી ધન ગોકુળ ચાર. ૭

ધેનું દશ હજાર જ જાણ, એક ગોકુળનું એ પરિમાણ;
દંસણવય આદિ અગિયાર, પડિમા શ્રાવકની વહી સાર. ૭

વીશ વરસ શ્રાવક ઘર જાય. દશ શ્રાવક સોહમ સુર થાય;
જંબૂ સુણે ઇમ સોહમ વાણી, દે શુભ વીરવિજય શિવરાણી. ૮

## ૩૭૮
## અઇમુત્તાની સજ્ઝાય

**શ્રી** અઇમુતા મુનિવર કી, કરણીકી બલીહારી વે૦
ખટ વર્ષને કે સંજમલીનો, વીરવચન ચિત્ત ધારી વે૦

વિજય નૃપતિ શ્રી દેવી નંદન, પોલાસપુર અવતારી વે૦
અંગ અગ્યાર પઢે ગુણ આદર, ત્રિવિધ ત્રિવિધ અવિકારીવે૦ ૨

તપ ગુણ રયણ સંવત્સર આદિક, કરકે કાય ઉદ્ધારી વે૦
પ્રભુ આદેશે વિપુલાચળ પર, કરી અણસણ અતિ ભારી વે૦ ૩

કેવળ પાય મુક્તિ ગયે મુનિવર, કર્મ કંલક નિવારી વે૦
અઢારસે અડતાળે, તિહિગીરી, કીની થાપના સારી વે૦ ૪

વાચક અમૃત ધર્મ સુગુરૂ કે, સુપસાથે સુવિચારી વે૦
શિષ્ય ક્ષમા કલ્યાણ હરખ ધર, ગુણ ગાવે જયકારી વે૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૭૯
## સોળસતીની સજઝાય

સરસતિ માતા પ્રણમું મુદા, તું તુઠી આપે સંપદા;
સોળ સતીના લીજે નામ, જીમ મન વાંછીત સીજે કામ. ૧
બ્રાહ્મી સુંદરી સુલસા સતી, જપતાં પાતક ન રહે રતી;
કૌશલ્યા કુંતી સતી સાર, પ્રભાવતી નામે જયકાર. ૨
ભગવતી શીળવતી ભય હરે, સુખ સંપત્તિ પદ્માવતી કરે;
દ્રૌપદી પાંડવ ઘરણી જેહ, શિયળ અખંડ વખાણ્યું તેહ. ૩
ચુલા દમયંતી દુઃખ હરે, શિવાદેવી નિત્ય સાનિધ્ય કરે;
ચંદનબાળા ચઢતી કળા, વીર પાત્ર દીધા બાકુળા. ૪
રાજીમતી નવિ પરણ્યા નેમ, તોયે રાખ્યો અધિકો પ્રેમ;
સીતા તણું શીયળ જ્યો, અગ્નિ ટળીને પાણી થયો. ૫
ધન્ય ધન્ય સતી સુભદ્રાધીર, કાંચે તાંતણે ચાલણી નીર;
ચંપા પોળ ઉપાડી ચંગ, મૃગાવતી પ્રણમું મન રંગ. ૬
પ્રહ ઉઠી સતી જપીયે સોળ, જિમ લહીએ ઋદ્ધિ વૃદ્ધિઘૃત ગોળ
શ્રી વિનયવિજય વાચક સુપસાય, રૂપ વિજય ભાવે ગુણ ગાય. ૭

## ૩૮૦
## બાહુબલી સજઝાય

બહેની બોલે હો બાહુબલ સાંભળોજી, રૂડા રૂડા રંગ નિધાન;
ગયવર ચઢીયા હો કેવળ કેમ હુવેજી, જાણ્યું જાણ્યું પુરૂષ પ્રધાન. ૧
તુમ સમ ઉપશમ જગમાં કુણ ગણેજી, અકળ નિરંજન દેવ;
ભાઈ ભરતે સર વહાલા વીનવેજી, પ્રગટ્યા પુણ્ય અંકુર. ૨
ભર વરસાળો હો વનમાં વેઠીઓજી, જિહાં ઘણા પાણીના પૂર,
ઝરમર ઝરમર વરસે મેહુલો ઘણોજી, પ્રગટ્યા પુણ્ય અંકુર. ૩
ચિહું દિશિ વીંટચો હો વેલડીએ ઘણુંજી, જેમ વાદળ છાયો સૂર;
શ્રી આદિનાથે હો અમને મોકલ્યાંજી, તુમ પ્રતિ બોધન નૂર. ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વર સંવેગ રસ હો મુનિવર ભર્યાજી, પામ્યું પામ્યું કેવલ નાણ;
માણેક મુનિ જસ નામે હો હરખ્યો ઘણુજી, દિનદિન ચઢતો છે વાન. ૫

## ૩૮૧
## કર્મ વિડંબનાની સજ્ઝાય

સુખ દુઃખ સરજ્યા પામીયે રે, આપદ સંપદ હોય;
લીલા દેખી પરતણી રે, રોષ મ ધરજો કોય રે;
પ્રાણી મન ન આણો વિખવાદ, એતો કર્મ તણો પરસાદ રે. પ્રા૦ ૧
ફળને આહારે જીવીયા રે, બાર વરસ વન રામ;
સીતા રાવણ લઇ ગયો રે, કર્મ તણા એ કામ રે. પ્રા૦ ૨
નીર પાખે વન એકલો રે, મરણ પામ્યો મુકુંદ;
નીચ તણે ઘર જળ વહ્યો રે, શીર ધરી હરિશ્ચંદ્ર રે. પ્રા૦ ૩
નળે દમયંતી પરીહરી રે, રાત્રિ સમય વન બાળ;
નામ ઠામ કૂળ ગોપવી રે, નળે નિરવહ્યો કાળ રે. પ્રા૦ ૪
રૂપ અધિક જગ જાણીએ રે. ચક્રી સનત્ કુમાર;
વરસ સાંતસેં ભોગવી રે, વેદના સાત પ્રકાર રે. પ્રા૦ ૫
રૂપે વાન સૂર સારીખા રે, પાંડવ પાંચ વિચાર;
તે વનવાસે રડવડયા રે, પામ્યા દુઃખ સંસાર રે. પ્રા૦ ૬
સુરનર જસ સેવા કરે રે, ત્રિભુવન પતિ વિખ્યાત;
તે પણ કર્મે વિટંબીયા રે, તો માણસ કેઈ માત્ર રે. પ્રા૦ ૭
દોષ ન દીજે કેહને રે, કર્મ વિડંબણ હાર;
દાન મુનિ કહે જીવને રે, ધર્મ સદા સુખકાર રે. પ્રા૦ ૮

## ૩૮૨
## વણઝારાની સજઝાય

નરભવ નગર સોહામણો વણઝારા રે, ત્યાયે વણજ કરેય;
અહો મોરા નાયક રે, ભાર ભરે શુભ વસ્તુનો. વણ૦
અતિહિ અમૂલક લેય. અહો૦ ૧
સાત પાંચ પોઠી ભરે, વણ૦ સંબલ લેજો સાથ. અહો૦
વહોરત વારુ રાખજે, વણ૦ શેઠ શું સૂધો વ્યવહાર. અહો૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સહરો રહેજે સાથમાં રે, વણ૦ વશ કરજે ચારે ચોર. અહો૦
પાંચ પાહોશી પાડુઆ, વણ૦ આઠે મદકો દોર. અહો૦ ૩
વાટ વિષમ ભવ પાછલે, વણ૦ રાગદ્વેષ દો ભીલ. અહો૦
ચોકસ ચોકી તે કરે, વણ૦ પામીશ અવિચળ લીલ. અહો૦ ૪
કાયા કામિની ઇમ કહે, વણ૦ સુણ તું આતમ રામ. અહો૦
જ્ઞાન વિમળ નર ભવ થકી, વણ૦ પામીશ અવિચળ ઠામ. અહો૦ ૫

## ૩૮૩
## નિંદ્રાની સજ્ઝાય

નિંદ્રડી વેરણ હુઈ રહી, કીમ કીજે હો સા પુરુષ નિદાન કે;
ચોર ફૂટે ચિહું પાસથી કિમ સુતા હો કાંઈ દિન ને રાત કે. ૧
વીર કહે સુણો ગોયમા, મત કરજો હો કાંઇ કવણ સવાદ કે. ૨
ચઉદ પૂરવધર મુનિવરા, નિદ્રા કરતા હો ગયા નરક નિગોદ કે;
અનંતો અનંત કાલ તિહાં રહે, કિમ બગડે હો કાંઇ ધરમનો મોદ કે. વીર૦ ૩
જોરાવર ઘણા જાલીમી, યમરાજી હો કાંઈ સબલ કરૂર કે;
નિજ સેના લેઇ ચિહું દિશિ, કિમ જાગતા હો નર કહિયે સૂર કે. વીર૦ ૪
જાગતડાં ગંજે નહિ, છેતરાવે હો નરસુનો નેટ કે;
સુતારીણી પાડા જાણ્યા, કિમ કીજે હો સા પુરૂષની ભેટ કે. વીર૦ ૫
શ્રી વીરે ઇમ ભાખ્યું, પંખી ભારંડ હો ન કરે પરમાદ કે;
તેહ તણી પરે વિચરજો, પરિહરજો હો ગોયમ પરમાદ કે. વીર૦ ૬
વીર વચન ઇમ સાંભળી, પરિહરીયો હો ગોયમ પરમાદ કે;
લીલા સુખ લીધા ઘણાં, થિર રહીયે જગમાં જસવાદ કે. વીર૦ ૭
નિંદ્રા નિંદ્રડી મત આણજો, સુઇ રહેજો હો સાવધાન કે;
ધ્યાન ધરમ હિયે ધારજો, ઈમ ભાખે હો મુનિ કનક નિદાન કે. વીર૦ ૮

## ૩૮૪
## વણઝારાની સજ્ઝાય

નરભવ નયર સોહામણું વણઝારા રે, પામીને કરજે વ્યવહાર;
અહો મોરા નાયક રે, સત્તાવન સંવર તણી, વણ૦ પોઠીભરજે ઉદાર. અ૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ પરિણામ વિચારતા વણ૦ કરિયાણુ બહુમૂલ, અ૦
મોક્ષ નગર જાવા ભણી વણુ૦ કરજે ચિત્ત અનુકુલ. અ૦ ૨
ક્રોધ દાવાનલ ઓલવે, વણુ૦ માન વિષમ ગિરિરાજ, અ૦
ઓલંઘ જે હળવે કરી, વણુ૦ સાવધાન કરે કાજ. અ૦ ૩
વંશ જાલ માયા તણી, વણુ૦ નવિ કરજે વિશરામ. અ૦
ખાડી મનોરથ ભટતણી, વ૦ પૂરણનું નહિ ઠામ. અ૦ ૪
રાગદ્વેષ દોય ચોરટા વણુ૦ વાટમાં કરશે હેરાન. અ૦
વિવિધ વીર્ય ઉલ્લાસથી વણુ૦ તે હણજે રે કાય અ૦ ૫
એમ સવિ વિઘન નિવારીને વણુ૦ પહોંચજે શીવપુર વાસ. અ૦
ક્ષય ઉપશમ જે ભાવના વણુ૦ પોઠે ભર્યા ગુણરાશ. અ૦ ૬
ખાયક ભાવે તે થશે વણુ૦ લાભ હોશે તે અપાર. અ૦
ઉત્તમ વણુજ જે એમ કરે વણુ૦ પદ્મ નમે વારંવાર. અ૦ ૭

## ૩૮૫
## સોદાગરની સજ્ઝાય

સુણુ સોદાગર બે, દિલકી બાત હમેરી, તે સોદાગર દૂર વિદેશી,
સોદા કરનકું આયા, મોસમ આયે માલ સવાયા, રતનપુરીમાં ઠાયા. ૧
તિનું દલાલકું હર સમઝાયા, જિનસે બહોત ન ફાયા;
પાંચુ દીવાનું પાઉં જડાયા, એકકું ચોકી બીઠાયા. સુણુ૦ ૨
નફા દેખ કર માલ બહિરણાં, મુઆ કહે નપુ ઘરના,
દોનું દગાબાજી દૂર કરનાં, દીપકી જ્યોતે કિરનાં. સુણુ૦ ૩
એક દિન વલી મહેલમેં રહનાં, બંદરકું નહી લાનાં,
દશ શહેરશેં દોસ્તીહી કરનાં, ઉનસેં ચિત્ત મિલાનાં. સુણુ૦ ૪
જનહર તજનાં જીનવર ભજના, સજના દિનકું દલાઈ,
નવસર હાર ગલેમેં રખનાં, જખના લખકી કટાઈ. સુણુ૦ ૫
શિરપર મુગટ ચામર ઢોલાઈ, અમઘર રંગ વધાઈ,
શ્રી શુભવીર વિજય ઘર જાઈ, હોત સતાબી સગાઈ. સુણુ૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૮૬
## ચેતનને શિખામણની સજ્ઝાય

ચેતન અબ કછુ ચેતીયે, જ્ઞાન નયન ઉઘાડી,
સમતા સહસ પણ ભજો, તજો મમતા નારી. ૧
યા દુનિયા હે બાવરી, જેસી બાજીગર બાજી,
સાથ કીસીકે ના ચલે, જયું કુલટા નારી. ૨
માયા તરૂ છાયા પરે, ન રહે થિર કારી,
જાનત હે દિલ મેંજની, પણ કરી બિગારી. ૩
મેરી મેરી તું કયાં કરે, કરે કોણ શું યારી,
પલટે એકણ પલકમાં, જયું ઘન અંધીયારી. ૪
પરમાતમ અવિચળ ભજો, ચિદાનંદ ચાકરી,
નય કહે નિયત સદા કરો, સબ જન સુખકારી. ૫

## ૩૮૭
## આત્મ બોધની સજ્ઝાય

સાંભળ સયણા સાચી સુણાવું, પૂરવ પૂણ્યે તું પામ્યો રે ભાઈ,
નરક નિગોદમાં ભમતાં નરભવ, તેં નિષ્ફળ કેમ વામ્યો રે ભાઈ. ૧
જૈન ધર્મ જયવંતો જગમાં, ધારી ધર્મ ન સાધ્યો રે ભાઈ,
મેઘ ઘટા સરીખા ગજ સાટે, ગર્દભ ઘરમાં બાંધ્યો રે ભાઈ. ૨
કલ્પવૃક્ષ કુહાડે કાપી, ધતુરો ઘેર ધારે રે ભાઇ,
ચિંતામણી ચિંતિત પૂરણ તે, કાગ ઉડાવણ ડારે રે ભાઈ. ૩
એમ જાણી જાવા નવિ દીજે, નરનારી નર ભવને રે ભાઈ,
ઓળખી શુદ્ધ ધર્મને રે સાધો, જે માન્યો મુનિ મનને રે ભાઈ. ૪
જે વિભાવ પરભાવમાં ભજીયે, રમણ સ્વભાવમાં કરીયે રે ભાઈ,
ઉત્તમ પદ પદ્મને અવલંબી, ભવિયણ ભવજલ તરીએ રે ભાઈ. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૮૮

## આત્મને શિખામણની સજઝાય

કાંઈ નવિ ચેતો રે ચિત્તમાં જીવડા રે, આયુ ગળે દિનરાત;
વાત વિસારી રે ગર્ભાવાસની રે, કુણ કુણ તાહરી જાત. કાંઈ૦ ૧
દોહિલો દીસે રે માનવભવ તણો રે, શ્રાવક કુળ અવતાર;
પ્રાપ્તિ પૂરી રે ગિરુઆ ગુરુતણી રે, તુજ ન મળે વારંવાર. કાંઈ૦ ૨
તું મન જાણે રે એ ધન માહરું રે, કુણ માત કુણ તાત;
આપ સવારથે સહુકો મિલ્યું રે, મ કર પરાઈ તું વાત. કાંઈ૦ ૩
પુણ્ય વિહુણા રે દુઃખ પામે ઘણા રે, દોષ દિયે કિરતાર;
આપ કમાઈ રે પૂરવ ભવ તણી રે, ન મીટે તેહ લગાર. કાંઈ૦ ૪
કઠીણ કરમ તે અહનિશ જે કરે રે, તેહના ફળ છે વિપાક;
હું નવિ જાણું રે કુણ ગતિ તાહરી રે, તે જાણે વીતરાગ. કાંઈ૦ ૫
તેં સુખ પામ્યા રે બહુ રમણી તણા રે, અનંત અનંતી વાર;
લબ્ધિ કહે રે જે જિનને ભજે રે, તે પામે મોક્ષ દુવાર. કાંઈ૦ ૬

## ૩૮૯

## તપની સજઝાય

કીધા કર્મ નિકંદવા રે, લેવા મુક્તિ નિદાન;
હત્યા પાતિક છુટવા રે, નહિ કોઈ તપ સમાન.
ભવિક જન તપ સરખું નહિ કોય. ૧
ઉત્તમ તપના યોગથી રે, સુરનર સેવે પાય;
લબ્ધિ અઠ્ઠાવીશ ઉપજે રે, મનવાંછીત ફળ થાય. ભવિક૦ ૨
તીર્થંકર પદ પામીયે રે, નાસે સઘલા રોગ;
રૂપ લીલા સુખ સાહીબી રે, લહીયે તપ સંયોગ. ભવિક૦ ૩
તે શું છે સંસારમાં રે, તપથી ન હોવે જેહ;
મનમાં જે જે ઇચ્છીયે રે, સફળ ફળે સહી તેહ. ભવિક૦ ૪
અષ્ટ કરમના ઓઘને રે, તપ ટાલે તત્કાળ;
અવસર લહીને તેહ નો રે, ખપ કરજો ઉજમાલ. ભવિક૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બાહ્ય અભ્યંતર જે કહ્યા રે, તપના બાર પ્રકાર;
હોજો તેની ચાલમાં રે, જેમ ધન્નો અણગાર. ભવિક૦ ૬
ઉદય રત્ન કહે તપ થકી રે, વાધે સુજસ સનુર;
સ્વર્ગ હોવે ઘર આંગણે રે, દુર્ગતિ નાસે દૂર. ભવિક૦ ૭

## ૩૯૦
## બલભદ્ર મુનિની સજ્ઝાય

શામાટે બાંધવ મુખથી ન બોલો, આંસુડે આનન ધોતા મોરારી રે;
પૂન્ય યોગે હડીઓ એક પાણી, જડયો છે જંગલ જોતાં મોરારી રે. ૧
શ્રીકમ રીષ ચઢી છે તુજને, વનમાંહે વન માળી મોરારી રે;
ઘણી રે વારનો મનાવું છુ વ્હાલા, તું તો વચન ન બોલે ફરીવાર મો૦ ૨
નગરીને દાઝીને શુદ્ધ ના લીધી, માહરી વાણી ન સુણ વાલહા; મો૦
આ વેળામાં લીધો અબોલા, કાનજી કાં થયા કાસા. મો૦ ૩
શી શી વાત કહું શામળીયા, વિઠ્ઠલજી આ વેળા; મો૦
શાને કાજે મુજને સંતાપો, હરી હસી બોલોને હેલા. મો૦ ૪
પ્રાણ હમારા જાશે પાણી વિણ, અધ ઘડીને અણ બોલે; મો૦
આરતી સઘલી જાયે અલગી, બાંધવ જો તું બોલે. મો૦ ૫
ષટ્ માસ લગી પાળ્યો છબીલો, હૈયા ઉપર અતિ હેતે; મો૦
સિંધુ તટે સુરને સંકેતે, હરિ દહન કરમ શુભ રીતે. મો૦ ૬
સંયમ લેઇ ગયો દેવે લોકે, કવિ ઉદય રતન બોલે; મો૦
સંસાક માંહે બળદેવ મુનિને, કોઇ નવ આવે તોલે. મો૦ ૭

## ૩૯૧
## ધર્મના ચાર પ્રાકારની સજ્ઝાય

શ્રી મહાવીરે ભાખીયા, સખી. ધર્મના ચાર પ્રકાર રે;
દાન શીયલ તપ ભાવના, સખી. પંચમી ગતિ દાતાર રે. શ્રીમહા૦ ૧
દાને દોલત પામીયે, સખી. દાને ક્રોડ કલ્યાણો રે;
દાન સુપાત્ર પ્રભાવથી, સખી કયવન્નો શાલીભદ્ર જાણો રે. શ્રીમહા૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

શિયળે સંકટ સવી ટળે, સખી. શિયળે વાંછીત સિદ્ધ રે;
શિયળે સુર સેવા કરે, સખી. સોળ સખી પ્રસિદ્ધ રે. શ્રીમહા૦ ૩
તપ તપો ભવિ ભાવશું, સખી. તપે નિર્મળ તન્ન રે;
વર્ષો પવાસી ઋષભજી, સખી. ધન્નાદિક ધન્ય ધન્ય રે. શ્રીમહા૦ ૪
ભરતાદિક શુભ ભાવથી, સખી. પામ્યા પંચમ ઠામ રે;
ઉદયરત્ન મુનિ તેહ ને, સખી. નિત્ય કરે પ્રણામ રે. શ્રીમહા૦ ૫

## ૩૯૨
## ભાવ વિષે સજ્ઝાય

રે ભવિ ભાવ હૃદયે ધરો, જે છે ધર્મનો ધોરી;
એકલ મલ્લ અખંડ જે, કાપે કર્મની દોરી રે. ભવિ૦ ૧
દાન શિયલ તપ ત્રણ એ, પાતક મળ ધોવે;
ભાવ જો ચોથો નવિ મળે, તો તે નિષ્ફળ હોવે. રે. ભવિ૦ ૨
વેદ પૂરાણ સિદ્ધાંત માં, ષટ દર્શન ભાખે;
ભાવ વિના ભવ સંતતિ, પડતાં કોણ રાખે. રે. ભવિ૦ ૩
તારક રૂપ એ વિશ્વમાં, ઝંપે જગભાણ;
ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિર્વાણ રે. ભવિ૦ ૪
ઔષધ આપ ઉપાયજે, યંત્ર મંત્રને મૂળી;
ભાવે સિદ્ધ હોવે સદા, ભાવ વિણ સહુ ધૂળી. રે. ભવિ૦ ૫
ઉદયરત્ન કહે ભાવથી, કોણ કોણ નર તરીઆ;
શોધી જોજો સૂત્રમાં, સજ્જન ગુણ દરિયા રે. ભવિ૦ ૬

## ૩૯૩
## નિંદ્રાની સજ્ઝાય

બેટી મોહ નરિંદકી, નિંદ્રા નામે વિખ્યાત બે, ધર્મ દ્વેષણી પાપિણી;
ન ગમે ધર્મની વાત બે, નિંદ્રા ન લહે જે સજ્જનાં,
સજ્જનાં બે દુઃખભંજના બે. ૧
ઘેરે સઘળા જીવને, જિહાં જમનો પાસ બે;
જા ઘડી નિંદ ન પાઈએ, તા ઘડી પ્રભુકો વાસ બે. સજ્જનાં૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આળસ ઉમરાવ એહનો, જાલીમ જોદ્ધ જુવાન બે;
દૂત બગાસું જાણજો, ચાલે આગે તાન બે. સજ્જનાં૦ ૩
જાતિ પાંચ છે જેહની, પસરી વિશ્વ પ્રમાણ બે;
કેવળી વિના એક જેહની, કોઇ ન લોપે આણ બે. સજ્જનાં૦ ૪
કર્મે ન આવે ઢુંકડી, ધર્મે પાડે ભંગાણ બે;
વાજાં વાગે જિહાં ઉંઘનાં, તિહાં હોય સુખની હાણ બે. સજ્જનાં૦ ૫
ઉદયરત્ન કહે ઉંઘને, જિત્યા વો એહ ઉપાય બે;
પહેલો આહાર જીતીએ, તો નિંદ્રા વશ થાય બે. સજ્જનાં૦ ૬

## ૩૯૪
## સંસાર સ્વરૂપની સજ્ઝાય

**ઢાળ :** સંસારે જીવ અનંત ભવે કરી, કરે બહુલા રે સંબંધ ગતિ ચિહું ફરી ફરી;
નવિ રાખે રે કોઇને તવ નિજ કરધરી, સગાઇ રે કહો કિણીપરે કહીયે ખરી. ૧
**ત્રુટક :** કહો ખરી કિણી પરે એહ સગાઇ, કરમો સંબંધ એ;
સવિ મૃષા માત પિતા બહેની, બંધુ નેહ પ્રબંધ એ,
ઘરે તરૂણ ઘરણી રંગે પરણી, ત્રાણ કારણ તે નહી;
મણિ કણગ મુત્તિઅ ધન્ન ધાન્ય કણ, સંપદા સબ સંગ્રહી. ૨
**ઢાળ :** એહ થાવર રે જંગમ પાતિક દોઈ કહ્યા;
જે કરતા રે ચઉગઇ દુઃખ જીવે સહ્યા;
તે ટાળો રે પાતિક દૂરે ભવિયણા;
જીમ પામો રે ઇહ પરભવ સુખ અતિ ઘણાં. ૩
**ત્રુટક :** અતિઘણા સુખ તે લહો ભવિયણ, જૈનધર્મ કરી ખરો;
પરદાર પરધન પરિહરી તિણે, જૈનધર્મ સમાચરો,
જે મદે માચે રૂપ રાચે, ધર્મ સાથે નવિ રમે;
અંજલિ જળ પરિ જનમજાતો, મૂઢ તે ફળ વિણ ગમે. ૪
**ઢાળ :** અધ્યયને રે છઠ્ઠે શ્રી જીનવર કહે;
શુભ દૃષ્ટિ રે તેહ ભલી પરે સદ્દહે,
સદ્દહી રે તપ નિયમાદિક આદરે,
આદરતો રે કેવળ લચ્છી પણ વરે. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રુટક: લચ્છી વરે જિન ધર્મ કરતો, હલુઆ કર્મી જે હુવે,
પાંચમો ગણધર સ્વામી જંબુ, પૂછીયો ઇણી પરે કહે,
શ્રી વિજયદેવ સૂરીંદ પટધર, વિજયસિંહ મુણીસરૂ,
તસ શિષ્ય વાચક ઉદય ઇણીપરે, ઉપદિશે ભવિ હિતકરૂ. ૬

## ૩૯૫
## પ્રમાદવર્જન સજ્ઝાય

અજરામર જગ કો નહી, પરમાદ તે છાંડો રે;
મિથ્યામતિ મૂકી કરી, ગુણ આદર તે માંડો રે. અજરા૦ ૧
શુદ્ધ ધરમનો ખપ કરો, ટાળી વિષય વિકારો રે;
ચોથે અધ્યયને કહે, શ્રી વીર એહ વિચારો રે. અજરા૦ ૨
પાપ કરમ કરી મેળવે, ધનના લખ જેહ રે;
મૂરખ ધન કોડી કરી, નરકે ભમે તેહ રે. અજરા૦ ૩
બંધવ જનને પોષવા, કરે તે મરણ પરે પાપ રે;
તેહના ફળ દોહીલાં, સહે એકલો આપ રે. અજરા૦ ૪
ખાતર તણે મુખે જિમ ગ્રહ્યો, એવો ચોર અજાણ રે;
નિજ કરમેં દુઃખ દેખતાં, તેહનો કુણ જાણ રે. અજરા૦ ૫
ઇમ જાણી પુણ્ય કીજીયે, જેહથી સુખ થાય રે;
દિન દિન સંપદ અનુભવી, વળી સુજસ ગવાય રે. અજરા૦ ૬
વિજય દેવગુરૂ પાટવી, વિજયસિંહ મુણિંદો રે;
શિષ્ય ઉદય કહે પુણ્યથી, હવે પરમ આણંદો રે. અજરા૦ ૭

## ૩૯૬
## પરિણામ શુદ્ધિપર અઇમુત્તાની સજ્ઝાય

ગુણ આદરીએ પ્રાણીઆ રે, ગુણવંત વિરલા કોય;
ગુણ ગ્રાહક પણ થોડલા રે, બુધ જન ગુણને જોય. અજરા૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુગુણનર ગુણ ઉપરિ કરો દૃષ્ટિ, બાહ્યો ચરણ મમ પડો રે;
અંતર દૃષ્ટિ સુદૃષ્ટિ સુગુણ૦ (આંકણી)
અઈમુત્તો કુંઅર હુઓ રે, વીરનો શિષ્ય ઉત્સાહે;
મેહ વૃષ્ટિમાં પડિગ્રહો રે, તારે જલ પરવાહે. સુગુણ૦ ૨
દેખી થવિર જિન વીરને રે, ઈમ પૂછે ધરી રીસ;
કેતા ભવમાં સીજસ્યે રે, અઈમુત્તો તુમ સીસ. સુગુણ૦ ૩
વીર કહે એહજ ભવે રે, સીજસ્યે કર્મ ખપાય;
એહની નિંદા મત કરો રે, ચાલો એહની ધાય. સુગુણ૦ ૪
ભાત પાણી વિનય કરી રે, એહનું કરો વૈયાવચ્ચ;
ખેદ તજી એહને ભજો રે, ચરમ શરીરી સચ્ચ. સુગુણ૦ ૫
થવિર સુણી તિમ આદરે રે, વીર વચન ધરી ખંતિ;
ઈમ અંતર દૃષ્ટિ કરી રે, પરખી ગુણ ગ્રહો સંત. સુગુણ૦ ૬
ભગવતી શતકે પંચમે રે, ચાલ્યો એ અધિકાર;
પંડિત શાંતિ વિજય તણો રે, માન ધરે બહુ પ્યાર. સુગુણ૦ ૭

## ૩૯૭
## વિનયની સજ્ઝાય

પવયણ દેવી ચિત્ત ધરીજી, વિનય વખાણીજ સાર,
જંબૂને પૂછે કહ્યોજી, શ્રી સોહમ ગણધાર,
ભવિકજન વિનય વહો સુખકાર. (આંકણી) ૧
પહેલે અધ્યયને કહ્યોજી, ઉત્તરાધ્યયન મઝાર;
સઘળાં ગુણમાં મૂળગોજી, જે જિન શાસન સાર. ભવિક૦ ૨
નાણ વિનયથી પામીયેજી, નાણે દરિસણ શુદ્ધ;
ચારિત્ર દરિસણથી હુવેજી, ચારિત્રથી પૂણ સિદ્ધ. ભવિક૦ ૩
ગુરૂની આણા સદા ધરેજી, જાણે ગુરૂનો ભાવ;
વિનયવંત ગુરૂ રાગીયાજી, મુનિ સરળ સ્વભાવ. ભવિક૦ ૪
કણનું કુંડું પરિહરીજી, વિષ્ઠાનો મન રાગ;
ગુરૂ દ્રોહી તે જાણવાજી, સૂઅર ઉપમ બાગ. ભવિક૦ ૫
કોહ્યા કાનની કૂતરીજી, ઠામ ન પામે રે જેમ;
શિળ હીણ અકહ્યાગરાજી, આદર ન લહે તેમ. ભવિક૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચંદ્રતણી પરે ઉજળી જી, કીરતી તેહ લહંત;
વિષય કષાય જીતી કરીજી, જે નર વિનય વહંત. ભવિક૦ ૭
વિજય દેવગુરૂ પાટવીજી, શ્રી વિજયસિંહ સુરીંદ;
શિષ્ય ઉદય વાચક ભણેજી, વિનય સયળ સુખકંદ. ભવિક૦ ૮

## ૩૯૮
## શિયલની સજ્ઝાય

રખે કોઇ રમણી રાગમાં, પ્રાણી મુંઝાઓ;
અથિર એ બાળા ઉપરે, થિર શાને થાઓ. રખે૦ ૧
એતો અનર્થનો આશ્રય છે, કલેશનો છે કંદો;
વૈરોદધિ પૂર વધારવા, ચાવો પૂનમ ચંદો. રખે૦ ૨
કુલટા નારી ને કારણે, કેઇ કુળવંતા;
આચરણુ હીણા આચરે, વાહલા શું વહંતા. રખે૦ ૩
દુઃખની દરીએ સુંદરી, દુરગતિની દાતા;
આગળથી લ્યો ઓળખી, ગુણ એહના જ્ઞાતા. રખે૦ ૪
ખાંડ મીઠી કરી લેખવે, મળતા મૂઢ પ્રાણી;
ઉદય વદે કડુઈ પછે, જિમ તીર્થે જાણી. રખે૦ ૫

## ૩૯૯
## જિનવાણીની સજઝાય

શ્રી જિનવાણી પ્રાણી ચિત્ત ધરો રે, ટાળી સકળ અંદેશ,
શ્રદ્ધા સાચી રાચીને ગ્રહો રે, આતમ શક્તિ વિશેષ. શ્રીજિન૦ ૧
સમકિત પામી વામી મિથ્યાત્વને રે, પ્રગટે સાચુ રે હેમ;
ફરી તે અવરરૂપ જિમ નવિ લહે રે, તિમ ધરો સમકિત પ્રેમ. શ્રીજિન૦ ૨
માર્ગાનુસારી ક્રિયા અનુમોદીયે રે, એ જીન શાસન મર્મ;
સદ્ ગુરૂ સંગ થકી વળી પામીયે રે, વાત વિદોષનો ભર્મ. શ્રીજિન૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમકિત દૃષ્ટિ હોયે જે નરા રે, બોલે બિહુ તવ વાચ;
આપ પ્રશંસે પર નીંદે નહી રે, સમકિત તેહનો સાચ. શ્રીજિન૦ ૪
ચારિત્ર નિર્મળ જ્ઞાન પ્રમાણતા રે, હોયે જાસ પસાય;
તેહી જ દર્શન દેજો જગપતિ રે, અમૃત પ્રણમે રે પાય. શ્રીજિન૦ ૫

## ૪૦૦
## વિષયતૃષ્ણા નીવારક સજ્ઝાય

જબ લગે વિષય તૃષ્ણા ના મિટી, જબ૦
તબ લગે તપજપ સંયમ કિરીયા, કાંઇ કરે કપટી ? જબ૦ ૧
વાત વિનોદ કરી જનમન રંજે, જેસે નૃત્ય નટી;
ઈમિ કામ કરતાં તું કયું. પાવેગો, ભવસમુદ્ર તટી. જબ૦ ૨
કુણ જોગી જંગમ ઔર જંદા, કુણ ભગત યતિ;
મલિન દેહી કયા બહુત વધારે, ઓઢે મલિન પટી. જબ૦ ૩
ધ્યાન ધરે બહુ લોક વિપ્રતારે, કરે બહોત ચટી;
બાર વરસ લગે ઉભો રહેતો, સહે પંચાગ્નિ નિરટી. જબ૦ ૪
સોય સિદ્ધનર વડ વૈરાગી, જામની વિષય નટી;
લબ્ધિ વિજય કહે સો ગુરૂ મેરા, જિણે વિષ વેલી કટી. જબ૦ ૫

## ૪૦૧
## શાલીભદ્રની સજ્ઝાય

ગુરૂ અભિગ્રહ ધારી ધીર, કૌશંબી આયા;
ખટમાસી તપસી વીર, એ ગુરૂ મન ભાયા;
દાસી ભાવે રાયકી શિર; મુંડિત નિગડિત પયથી રે;
ઘર ઉંબર રહી અડદ સુપડામાં, રૂદતી દેજો કરથી. ગુરૂ૦ ૧
ઇમ ચિંતી નિત્ય ભિક્ષા કાળે, આયે જિનવર રાયા રે;
મંત્રી ઘરણી નંદા એકદિન, દેખી દુર્બલ કાયા. ગુરૂ૦ ૨
નિજ પતીને ઓલંભા બોલી, તેણે વિનવિયો રાય રે;
કાંઇ પ્રભુજીને છે અભિગ્રહ, ફરી ફરી પાછા જાય. ગુરૂ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાજા મંત્રી મૃગાવતી નંદા, મેળે શુદ્ધ આહાર રે;
પણ જગગુરૂજી ખપ તે ન કરે, કીધા અનેક પ્રકાર. ગુરૂ૦ ૪
દેખી ચંદનબાલા ને ઘર, અભિગ્રહ પૂરણ આયા રે;
નિરખી હરખી એણી પરે બોલે, લ્યો પ્રભુ અડદ નિપાયા. ગુરૂ૦ ૫
લીયા અડદ શિર દુંદુભી વાગી, પંચ દીવ્ય તિહાં રલીયા રે;
સાડીબાર સોવન કોડી વરસી, સુરનરપતિ બહુ મલીયા. ગુરૂ૦ ૬
શક્ર શતાનિક રાય ધનાવહ; વંદે પ્રભુના પાય રે;
ચંદનબાળા મૃગાવતી નંદા, મંગળ કરી ગુણ ગાય. ગુરૂ૦ ૭
તીરથ થાપન સમયે હોશે, સાહુણીમાં શિરદાર રે;
કેવલ અમૃત આસ્વાદીને, લહેશે સુખ નિરધાર. ગુરૂ૦ ૮

## ૪૦૨
## વૈરાગ્યની સજઝાય

તે ગિરૂઆ ભાઇ તે ગિરૂઆ, જે બોલ ન બોલે વિરૂઆ રે;
તસ ઘરે આવે સોવન ચરૂઆ, ફલવંતા સુરતરૂઆ રે. તે૦ ૧
છતી શકતે જે દીયે ધન દાતા, પરમણી નવિ રાતા રે;
અહનિશ તે પામે સુખ શાતા, ધનધન તેહની માતા રે. તે૦ ૨
જે મન શુદ્ધે કરશે કિરિયા, તે તરશે ભવ દરિયા રે;
શીયલ ગુણે કરી જે નર ભરીયા, પાપ થકી ઓસરીયા રે. તે૦ ૩
જે નર જીનવરને આરાધે, મુનિજનને ન વિરાધે રે;
અહનિશ નિજ આતમ હિત સાધે, તેહ તણા ગુણ વાધે રે. તે૦ ૪
જે મન મદ મચ્છર નવિ આણે, જે પરવેદન જાણે રે;
તે પહોંચે ઉત્તમ ગુણ ઠાણે, કવિજન તાસ વખાણે રે. તે૦ ૫
જે નર ખીજાવ્યા નવી ખીજે, ઉપશમ રસમાં ભીંજે રે;
લબ્ધિ કહે તસ સેવા કીજે, તેહના પય પ્રણમીજે રે. તે૦ ૬

## ૪૦૩
## વૈરાગ્યની સજઝાય

આપ અજવાળ જે આતમા, એનો મહાતમ જાણી;
ખાણી પૂન્ય રયણ તણી, એહવી જીનવર વાણી. આપ૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્ફટિક રયણ જિમ રંગથી, ધરે નવ નવ રૂપ;
તિમ એ અષ્ટ કરમ થકી, થાયે વિવિહ સ્વરૂપ. આપ૦ ૨
આદિ ઉત્પત્તિ નહી એહની, નહિ કોઈનો એહ;
દેહ એ કારમો કરમથી, ધરે થઇ નિઃસનેહ. આપ૦ ૩
નિરમલ આતમ આપણો, રમે રંગ નિઃશંક,
નાણ રયણ તણો સાયરૂ, પ્રભુ એ નિઃકલંક. આપ૦ ૪
દેહથી દુઃખ પરંપરા, પામે એ ભગવંત;
લોહ કુસંગતે તાડીયે, જેમ અગ્નિ અત્યંત. આપ૦ ૫
કારમો દેહ પામી કરી, કરો પર ઉપકાર;
સાર અસારમાં એ અ છે, કહે લબ્ધિ વિચાર. આપ૦ ૬

## ૪૦૪
## નાણાવટીની સજ્ઝાય

હો નાણાવટી, નાણું નિરભય ખરું પરખાવી લેજે;
તને ધૂતી જશે. પારખસરનું નિરમળ નજરે જોજે,
આ શહેરમાં ઠગ બહુ આવે છે, તે તો ખોટો રૂપીયા લાવે છે,
સહુ સંસાર ને મન ભાવે છે, હો નાણાવટી. ૧
ચૌટે બેસી લેજે નાણું, ખરૂ ખોટું પરખી સવિ જાણું;
તારે આ અવસર રળવા ટાણું. હો૦ ૨
હાટે બેસી વેપાર કરજે, કોથળીમાં નાણું ખરૂ ભરજે;
કપટીની સંગત પરીહરજે. હો૦ ૩
અહીં રૂપૈયા સિક્કા સહિ ચાલે, તારે પારખું હોય તો પારખી લે;
તે ખોટા હશે તો નહી ચાલે. હો૦ ૪
તું તો લોભી શહેરનો છે રાજા, તને લોભે મળીયા ઠગ ઝાઝા;
જે હવા રાજા તેહવી પ્રજા. હો૦ ૫
તું તો માઝમ રાતનો વેપારી, તારી પરદેશે ચીઠ્ઠીઓ ચાલી;
તારા નામની હુંડીઓ સ્વિકારી. હો૦ ૬
નહી જાણે કપટીની વાતો, ખોટે નાણે રખે લલચાણો;
તું તો સુરત શહેરનો વિખ્યાતો. હો૦ ૭
ઈમ બોલે વિવેક વાણી, કવિ રૂપ વિજય મનમાં આણી;
તમે સાંભળજો ભવિયણ પ્રાણી. હો૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૦૫
## જીવન અસ્થિરની સજ્ઝાય

જોબનીયાં ની મોજા ફોજા, જાય નગરા દેતી રે;
ઘડી ઘડી ઘડીયાળાં વાગે, તોય ન જાગે તેથી રે. જોબ૦ ૧

જરા રાક્ષસી જોર કરે છે, ફેલાવે ફજેતી રે;
આવી અવધે ઉચકે સહીં, લખપતી ને લેતી રે. જાબ૦ ૨

માળે બેઠા મોજ કરે છે, ખાંતે જોવે ખેતી રે;
જમડો ભમરો તાણી લેશે, ગોફણ ગોળાં સેતી રે. જોબ૦ ૩

જિન રાજાને શરણે જાવું, જોરાલો કોન જેથી રે;
દુનિયામાં દુઝો દીસે નહીં, આખર તરશો તેથી રે. જોબ૦ ૪

દાંત પડયા ને ડોસો થયો, કાજ સર્યું નહી કેથી રે;
ઉદય રત્ન કહે આપે સમજો, કહીયે વાતો કેતી રે. જોબ૦ ૫

## ૪૦૬
## નિયાણું નિવારક સજ્ઝાય

સુધા સાધુજી રે, તુમે નિયાણું નિવારી;
નિયાણું કરીને તુમે તપ સંયમ કયાં હારો. ૧

પંદરમાં અધ્યયને પ્રગટ, વીર વદે એમ વાણી;
સંજમ માંહી મ ધરો સંશય, ખરા તો ગુણ ખાણી. ૨

મંત્ર જંત્રના ભામા છોડી, છોડો રાગ ને રોષ;
પરિસહે પણ પાછા મ ધરો, દૂર કરો સવિ દોષ. ૩

પરિચય ગૃહસ્થ તણો પરિહરીએ, અરસ નિરસ લ્યો આહાર;
પૂજાદિકમાં વંછો કયા રે, એ ઉત્તમ આચાર. ૪

એણી પેરે સાધુ આચારે, જે ચારિત્રીયો ચાલે;
ખરી ક્રિયાનો ખપ કરે તો, મુક્તિ પૂરીમાં મ્હાલે. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમિતે સમિતા ગુપ્તે ગુપ્તા, સત્તાવીશ ગુણધાર;
ઉદય રત્ન કહે એહને મેરો, નિત્ય હોજો નમસ્કાર, ૬

## ૪૦૭
## ઓઘાની સજ્ઝાય

સુગુણ નર એ કોણ પુરૂષ કહાયો, મુજ દેખણુસે સુખ પાયો. સુ૦
નિર્મળ તનું બહુ નારી મળીને, પુરૂષ હી એક બનાયો;
માત પિતા વિણ બેટો જાયો, સકલ જંતુ સુખદાયો. સુ૦ ૧
હાથ પગ દિસે નહી એહને, શિરપર કેશ ન સોહે;
ખાવે ન પીવે નિંદ્રા ન લેવે, તોહી પુષ્ટ દેખાયો. સુ૦ ૨
ધોતી કબજો કોટ ન પહેરે, ખંભે પછેડી ન દીસે;
મસ્તકે મુગટ નહી, ગળે ભૂષણ નહી, તોહી રૂપ વિશેષે. સુ૦ ૩
નયણ રહિત નિત્ય યતના કરતો, જીવદયા નિત્ય પાળે;
નર-નારી શું રંગે રમતો, દુર્ગતિ દોષ નિવારે. સુ૦ ૪
દેવ ગુરૂ ચરણે સદા નમતો, સુમતિ ને મન ભાવ્યો;
કુમતિ કુદારા કો કાજ સરે નહિ, યોગી કે પાસ રહીયો. સુ૦ ૫
દોય અક્ષર સુંદર છે એહની, અનુભવ વીલા વરજો;
રવિ વિજય કહે સહુ સજ્જન ને, અર્થ લઇ આદરજો. સુ૦ ૬

## ૪૦૮
## જીનપૂજાની કરણીની સજ્ઝાય

જેને જીનવરનો નહિ જાપ, તેહનું પાસું ન મેલે પાપ;
જેને જીનવર શું નહિ રંગ, તેહનો કદીય ન કીજે સંગ; જેને૦ ૧
જેહને વહાલા નહિ વીતરાગ, તે મુક્તિનો ન લહે તાગ;
જેહને ભગવંત શું નહિ ભાવ, તેહની કોણ સાંભળશે રાવ. જેને૦ ૨
જેહને પ્રતિમા શું નહિ પ્રેમ, તેનું મુખડું જોઈએ કેમ;
જેહને પ્રતિમાશું નહિ પ્રીત, તેતો પામે નહિ સમકિત. જેને૦ ૩
જેહને પ્રતિમાશું છે વેર, તેહની કહો શી થાશે પેર;
જેહને પ્રતિમાશું નહિ પૂજ્ય, આગમ બોલે તેહ અપૂજ્ય. જેને૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ામ સ્થાપના દ્રવ્ય ને ભાવ, પ્રભુને પૂજે સહિ પ્રસ્તાવ;
જેહ નર પૂજે જિનનાં બિંબ, તે લહે અવિચલ અવિલંબ. જેને૦ ૫
ૂજા છે મુક્તિનો પંથ, નિત્ય ભાખે એમ ભગવંત;
ાહિં એક નરક વિના નિરધાર, પ્રતિમા છે ત્રિભુવનમાં સાર. જેને૦ ૬
ાત્તર અઠાણું અસાઢી બીજ, ઉજ્જવલ કીધું છે બોધી બીજ;
મ કહે ઉદયરતન ઉવજ્ઝાય, પ્રેમે પૂજો પ્રભુના પાય. જેને૦ ૭

## ૪૦૯
## અરણિકમુનિની સજ્ઝાય

મુનિ અરણિક ચાલ્યા ગોચરી રે, વનના વાસી;
એનું રવી તપે રે લલાટ, મુનિવર વૈરાગી;
મુનિ ઉંચા મંદિર વેશ્યાતણાં રે; વનના વાસી;
જઈ ઉભા રહ્યા ગોખની હેઠ મુનિવર વૈરાગી. ૧
વેશ્યાએ દાસીને મોકલી ઉતાવળી રે, વનના વાસી;
પેલા મુનિને અહિં તેડી લાવ. મુનિવર વૈરાગી;
મુનિ મંદિરે તે ચાલ્યા ઉતાવળા રે વનના વાસી.
ત્યાં જઈ દીધો ધર્મલાભ, મુનિવર વૈરાગી. ૨
મુનિ પચરંગી બાંધો પાઘડી રે વનના વાસી;
તૂમે મેલો ઢળકતા તાર, મુનિવર વૈરાગી;
મુનિ નવા નવા લેઉં વારણાં રે વનનાં વાસી;
તમે જમો મોદકના આહાર, મુનિવર વૈરાગી. ૩
મુનિની માતા હીંડે શેરી શોધતા વનના વાસી;
ત્યાંતો જોવા મળ્યા બહુ લોક, મુનિવર વૈરાગી;
કોઈએ દીઠો મારો અરણિકરે વનના વાસી;
એતો લેવા ગયો છે આહાર, મુનિવર વૈરાગી. ૪
ગોખે તે બેઠા રમે સોગંઠે રે વનના વાસી;
ત્યાં તો સાંભળ્યો માતાજી નો શોર મુનિવર વૈરાગી;
ગોખેથી હેઠો ઉતર્યો રે, વનના વાસી;
જઈ લાગ્યો માતાજી ને પાય, મુનિવર વૈરાગી. ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મુનિ નહી કરવાના કામ તમે કર્યા વનના વાસી;
તમે થયા ચારિત્રના ચોર મુનિવર વૈરાગી;
અમે શીલા ઉપર જઈ કરશું સંથારો રે વનના વાસી;
મને ચારિત્રથી અધિક સુહાય મુનિવર વૈરાગી. ૬
મુનિ એ શીલા ઉપર જઇ કર્યો સંથારો વનના વાસી;
ત્યાં તો ઉપન્યું છે કેવલ જ્ઞાન મુનિવર વૈરાગીઃ
શ્રી હીરવિજય ગુરૂ હીરલો રે વનના વાસી;
લબ્ધિ વિજય ગુણ ગાય મુનિવર વૈરાગી,

## ૪૧૦
## સીતાજીની સજ્ઝાય

જનક સુતા સીતા સતી રે, રામચંદ્રની ઘરનારી;
કૈકેયી વર અનુભવથી રે, પહોંત્યા વન મોઝારી રે;
શીલવંતી સીતા વંદીયે રે. ૧
અતિ રૂપથી રાવણે હરી રે, તિહાં રાખ્યું શીલ અખંડ રે;
રાવણ હણી લંકા ગ્રહી રે, લક્ષ્મણ રામ પ્રચંડ રે. શીલ૦ ૨
અનુક્રમે અયોધ્યાએ આવીયા રે, કર્મ વશ થયો દોષ રે;
ગર્ભવતી વને એકલી રે, મૂકી પણ થયું સુખ રે. શીલ૦ ૩
લવ ને કુશ સુત પરગડા રે, વિદ્યાવંત વિશાલ રે;
અનુક્રમે દીજે ઉતર્યા રે, અગ્નિ જાળ થયું પાણી રે. શીલ૦ ૪
દીક્ષા ગ્રહી સુરપતિ થયાં રે, અચ્યુત કલ્પે તેહ રે;
તિહાંથી ચવી ભવ અંતરે રે, શિવ લહેશે ગુણ ગેહ રે. શીલ૦ ૫
લવ ને કુશ હનુમાનજી રે, રામ લહ્યા શિવવાસ રે;
રાવણ લક્ષ્મણ પામશે રે, જીન ગણધર પદ ખાસ રે. શીલ૦ ૬
પદ્મ ચારિત્રે એહના રે, વિસ્તારે અધિકાર રે;
જ્ઞાન વિમલ ગુરૂથી લહ્યો રે, સુખ સંપત્તિ જયકાર રે. શીલ૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૧૧
## જંબૂસ્વામીની સજઝાય

જીહો સોહમ પટ રાજીયો જિહો જિન શાસન શણુગાર;
જીહો સોલ વરસ નો સંયમી, જિહો ચઢતી યૌવન વાર,
વૈરાગી ધન ધન જંબૂકુમાર. ૧
જિહો પ્રાણ પ્રિયા પ્રતિ બુજવી, જીહો સુકુલીની સસનેહ;
જીહો ગુણવંતી ગંગા જીસી, જીહો આઠે સોવન દેહ. વૈરાગી૦ ૨
જીહો માત પિતા મન ચિંતવે, જીહો નંદન પ્રાણ આધાર;
જીહો આંખ થકી અળગો થયે, જીહો થાશે કવણ પ્રકાર. વૈરાગી૦ ૩
જીહો ઘડી એક પુત્ર વિયોગની, જીહો થાતી વરસ હજાર;
જીહો તે નાનડીયો વિછોડયો, જીહો કિમ જાસે જન્મ માર. વૈરાગી૦ ૪
જીહો પિયરયા પ્રેમદા તણા, જીહો પોતાનો પરિવાર;
જીહો પંચ સયા પ્રતિ બુઝવ્યા, જીહો પ્રભવો પણ તેણીવાર. વૈરાગી૦ ૫
જીહો ભર જોબન ધન ભામિની, જીહો હેજે કરતી રે હોડી;
જીહો હસતાં હેજે પરિહરી, જીહો કનક નવાણું કોટી. વૈરાગી૦ ૬
જીહો સોભાગી શીર સેહરો, જીહો ભવિયણ કમલ દિણંદ;
જીહો મહિમા સાગર પ્રભુ સેવંતાં, જીહો નિત નવલો આણંદ. વેરાગી૦

## ૪૧૨
## વિનયની સજઝાય

વિનય કરો ચેલા ગુરૂ તણો, જીમ લહો સુખ અપારો રે;
વિનય થકી વિદ્યા ભણો, તપ જપ સૂત્ર આચારો રે. વિનય૦ ૧
ગુરૂવચન નવી લોપીએ, નવિ કરીએ વચન વિઘાતો રે;
ઉંચે આસન નવિ બેસીએ, વચ્ચે વચ્ચે નવિ કરીએ વાતો રે. વિનય૦ ૨
ગુરૂ આગળ નવી ચાલીયે, નવિ રહીએ પાછળ દૂર રે;
બરોબર ઉભા નવિ રહીએ, ગુરૂને શાતા દીજે ભરપુર રે. વિનય૦ ૩
વસ્ત્ર પાત્ર નિત્ય ગુરૂ તણાં, પડિલેહીયે દોય વારો રે;
આસન બેસણ પુંજીએ, પાથરીએ સુખ કારો રે. વિનય૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અસન વસનાદિ સુખ દીએ, ગુરૂઆણાએ મુખ નિરખો રે;
વિબુધ વિમલ સૂરિ ઈમ કહે, શિષ્ય થાયે ગુરુ સરખો રે. વિનય૦ ૫

## ૪૧૩
## પાંજરાની સજ્ઝાય

પાંજરૂ પોતાનું પોપટ જાળવે જો, કાંઇ તું છે ચતુર સુજાણજો;
પારધી કાંઈ પૂંઠે ફીરે જો, કાંઈ ઓચીંતુ આવશે બાણ જો. પાંજરૂ૦ ૧

કડવા ફળ છે ચાર કષાયના જો, કાંઈ સારૂં ફળ છે ધર્મ જો;
સુરનર સરિખા જાળવે જો, એ તો નવકાર મંત્રનો મર્મ જો. પાંજરૂ૦ ૨

એ રે કાયા પોપટ પાંજરે જો, કાંઈ ઈંદ્રિયોનો પેરેલો વેષજો;
મેલી માયા રે જમના પારધી જો, કર્મ સુતારે ઘડીયું તેહ જો. પાંજરૂ૦ ૩

કડવાં કષાય ખારાં ખારવા જો, તેમાં ન બોળે ચાંચ જો;
સારૂં ફળ હોય તો સેવજો જો, એમ કવિયણ કહે કરજોડ જો. પાંજરૂ૦ ૪

જઈને બેસજે જાજા ઝાડવે જો, ત્યાં મળશે પોપટડાનો સાથ જો;
કોઈક આવશે તુજને તારવાજો, એમ કાન્તિ વિજય કરજોડ જો. પાંજરૂ૦ ૫

## ૪૧૪
## મનની સજ્ઝાય

મન માંકલડું આણા ન માને, અરિહંત કહો કિમ કીજે રે;
રાત દિવસ હિંડે હલ ફલતું, શીખામણ શી દીજે રે. મન૦ ૧

રાજમાર્ગ મૂકી બાપડલું, ઉવટ વાટે જાવે રે;
આઠ પહોર અટતો નિરંતર, તૃપતો કિમહી ન થાવે રે. મન૦ ૨

ક્ષણ ધરાયો ક્ષણ ભૂખ્યો, ભૂંડો ક્ષણ રૂપે ક્ષણ તુસે રે;
ધર્મ તણા ફળ સરસ ન ચાખે, પાપ તણા ફળ લુસે રે. મન૦ ૩

લાખ ચોરાશી ચાચર ચઢીયો, રંક પણે રડવડીઓ રે;
ધર્મ વિના તે ભવ ભવ હીંડે, કર્મ તેણે વશ પડીઓ રે. મન૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આશા બાંધે ડુંગર જેવડી, ત્રેવડ કીમહી ન પહોંચે રે;
ચિંતા જાળ પડયું પછતાવે, પરવશ પડીઉ વિગુચે રે. મન૦ ૫
મૂળ મંત્ર ને તંત્ર કરી ને, મન મંકડ વશ આણે રે;
પભણે પ્રીતવિમળ મન સાચે, એહને સહુએ વખાણે રે. મન૦ ૬

## ૪૧૫
## ધર્મના વ્યાપારની સજ્ઝાય

વેપાર કીજે હો વાણીયા, જેમ કમાયે ક્રોડ આતમા;
દોઢા સવાયા બમણા કરે, નાવે જેહમાં ખોટ આતમા. ૧
જૈન શાસન હાટ મનોહરૂં, સમકિતની પેઢી સાર આતમા;
મિથ્યાત્વ કચરો કાઢીને, શ્રદ્ધા ગાદી ઉદાર. આતમા. ૨
જ્ઞાન ક્રિયા દોય ત્રાજવા, ધૈર્યની માંડી ધાર આતમા;
સ્યાદ્‌વાદ સત્ય ભાવના, તપ તોલા શ્રીકાર આતમા. ૩
શુભ કરણી કરી આણા રાખીને, દાનાદિક ચાર રતન આતમા;
શ્રાવક ધર્મ શ્રીફલ ભલા, કીજીએ તાસ જતન આતમા. ૪
પર ઉપકાર ગોળ ગળ્યો ઘણો, વિનયઘૃત મનોહર આતમા;
તત્ત્વના તાંબુલ ઉજવલા, દયા સુખડી અમૃત વેલ આતમા. ૫
વિવેક વસ્ત્ર વારૂ ઘણા, ધ્યાન તે ધાન્ય વિશેષ આતમા;
સુમતી સોપારી શોભતી, એમ કરીયાણા અનેક પ્રકાર. આતમા. ૬

## ૪૧૬
## વૈરાગ્યની સજઝાય

આતમ રામ કહે ચેતન સમજો, શ્વાસ સુધાની સગાઈ;
શ્વાસો શ્વાસ જ્યારે શમી જાશે, ત્યારે ઉભો ન રાખે ભાઈ રે;
જમડા જોઈ રહ્યા છે લટકાલી, આમલો મેળી દેને મચકાલી. આતમ૦ ૧
સંસાર માયા દૂર કરીને; આતમ ધ્યાન લગાઈ;
મોતની નોબત માથે ગાજે છે, ધર્મ કરોને સગાઈ રે. આતમ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુખ છે સ્વપ્ન ને દુઃખ છે દરીયો, શું કરવી સંસારે સગાઇ;
દુઃખનો દરિયો છલી વળે ત્યારે, આવે ત્યાં કોણ સખાઈ રે. આતમ૦ ૩
પોતાના આવે ત્યારે પ્રાણ પાથરે ને, પરાયા આવે ત્યારે કાલી;
મારે વારે હું તો થાકી ગઇ છું, હળવે બોલે હોઠાલી રે. આતમ૦ ૪
પોતાનો મરે ત્યારે પછાડીયું ખાતીને, કૂટતી મૂઠીવાલી;
પરાયા મરે ત્યારે પિતામ્બર પહેરતી, નાકમાં પહેરતી વાલી રે. આતમ૦ ૫
પોતાના મરે ત્યારે પીડા થતીને, થતી શોક સંતાપ વાલી;
પરાયા મરે ત્યારે પ્રીતિ ધરીને, હાથમાં દેતી તાલી રે. આતમ૦ ૬
સગા સંબંધી ભેગા થઇને, પાછલથી કરશે સગાઇ;
દાન દિયંતા એને મુજ વછુટતી, કીધી કાંઇ ન કમાઈ. આતમ૦ ૭
ફણીધર થઈને કુંફાડા મારશે, ઉપર ધનને દાટી;
જમડા પાસે જોર નહી ચાલે, ઢાકલી જાશે ફાટી. આતમ૦ ૮
આતમરામ કહે ચેતના રાણી, સમજો શિખામણ સાણી;
આમલો મેલી જિનહર્ષ નમે તો, વરશે શિવ પટરાણી. આતમ૦ ૯

## ૪૧૭
## સુકૃતની સજ્ઝાય

જીવડા સુકૃત કરજે સાર, નહિતર સ્વપ્નું છે સંસાર;
પલક તણો, નિશ્ચય નથીને, નથી બાંધી તેં ધર્મની પાલ, જીવડા૦ ૧
ઉંચી મેડીને અજબ જરૂખા, ગોખ તણો નહિ પાર;
લખપતિ છત્રપતિ ચાલ્યા ગયા, તેના બંધ રહ્યાં છે બાર. જીવડા૦ ૨
ઉપર ફુલડાં ફરફરે ને, બાંધ્યા શ્રીફળ ચાર;
ઠાકઠીક કરી એને ઠાઠડીમાં બાંધ્યો, પછી પૂંછડે તે લોકના પોકાર. જીવડા૦ ૩
શેરી લગે જબ સાથે ચલેંગી, નારી તણો પરિવાર;
કુટુંબ કબીલો પાછો ફરીને, સૌ કરશે ખાનપાન સાર. જીવડા૦ ૪
સેજ તલાઈ વિના નવિ સુતો, કરતો ઠાઠ હજાર;
સ્મશાને જઇ એહમાં સુવું, ઉપર કાષ્ટના ભાર. જીવડા૦ ૫
અગ્નિ મૂકીને અળગા રહેશે, ત્યારે વરસશે અંગે અંગાર;
ખોળી ખોળીને બાળશે જેમ, લોઢું ગાળે લુહાર. જીવડા૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સ્નાન કરીને ચાલીયા સૌ, સાથે મીલી નરનાર;
દશ દિવસ રોઇ રોઈને રહેશે, પછી તે મુકીયા વિસાર. જીવડા૦ ૭
એવું જાણીને ધર્મ કરી લે, કરી લે પર ઉપકાર;
સત્ય શિયળથી પામીજા જીવડા, શિવતરૂફળ સહકાર. જીવડા૦ ૮

## ૪૧૮
## વણજારાની સજઝાય

વણજારો ધુતારો, કામણગારો, સુંદર વર કાયા છોડ ચાલ્યો વણઝારો;
વણઝારો ધુતારો, કામણગારો, એની દેહલડીને છોડ ચાલ્યો વણઝારો. સું૦ ૧
એણી રે કાયા મેં પ્રભુજી પાંચ પણીયારી, પાણી ભરે છે ન્યારી ન્યારી. સું૦ ૨
એણી રે કાયામેં પ્રભુજી સાત સમુદ્ર, તેનું નીર છે ખારો મીઠો. સું૦ ૩
એણી રે કાયામેં પ્રભુજી નવસેં નાવડીયો, તેનો સ્વભાવ ન્યારો ન્યારો. સું૦ ૪
એણી રે કાયામેં પ્રભુજી પાંચ રતનીયા, પરખે પરખણુ હારો. સું૦ ૫
ખુટ ગયું તેલ ને બુજ ગઇ બતીયાં, મંદિરમેં પડ ગયો અંધેરો. સું૦ ૬
ખસ ગયો થંભો ને પડ ગઈ દેહીયાં, મીટ્ટીમેં મીલ ગયો ગારો. સું૦ ૭
આનંદઘન કહે સુન ભાઈ સાધુ, આવા ગમન નિવારો નિવારો. સું૦ ૮

## ૪૧૯
## વૈરાગ્યની સજઝાય

શાને કરે તું મારૂં મારૂં રે,
જીવડા શાને કરે તું મારૂં મારૂં. ૧
તારૂં છે તારી પાસે, બીજું કાંઈ તારૂં.
અંતે મૂકીને જવાનું છે રે. જંજાળી૦ ૨
હું ને માહરામાં મહાલ્યો, વિષયાદિ કોના હાલ્યો;
યોની ચોરાસી રૂલવાનું રે. જંજાળી૦ ૩
અનાદિની કુટેવો હજી, શાસન પામ્યો છે તો પણ;
ત્યજવી તને નથી ગમતી રે. જંજાળી૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અંશે ન સુખ સંસારે, મોહ માયામાં મહાલે;
મિથ્યાત્વના પડલ ખોલ રે. જંજાળી૦ ૫

મૂરખ શાને કહેવરાવે, વીરનું સંતાન થઈને;
કર્મો તોડવાને પ્રમાદ છોડ રે. જંજાળી૦ ૬

ચિદાનંદ સુખમાં મહાલે, દુઃખનો જ્યાં અંશ ન સાલે;
જીન શાસનની જય જય બોલ રે. જીવડા૦ ૭

## ૪૨૦
## વૈરાગ્યની સજ્ઝાય

હતું બાળક પણું, પછી નિશાળે ભણવું;
પંડિતપણું મેલી, મુરખ પણું લેવું,
આ સંસાર સુકુડો રે સુજ્ઞાની સુધમીંશું. ૧

આવ્યો શાળો ને શાળી, વચ્ચે મેલો ને થાળી;
ભાઈએ બેનજ ટાળી, જોજો હૃદય વિચારી. આ૦ ૨

દિકરે દગો જ દીધો, વહુએ દાવો જ કીધો;
ઓરડો જુદો લીધો, પીયુ પોતાનો કીધો. આ૦ ૩

પિતા વિચારી જોજો, ભાગ વેંચીને દેજો;
ન્યાય ચુકવીને આલો, નઈતર કોરટે ચાલો. આ૦ ૪

ડોસી ખાટે બેસી ખાય, ડોસો કાંઈ ન કમાય;
ભૂંડો મરીય ન જાય, ઘરમાં મોકળું ન થાય. આ૦ ૫

એવી હીર વિજયની વાણી,
સુણી સમજે સર્વે ભવિ પ્રાણી;
ધર્મ કરશે તે તરશે, નઈતર સંસાર રઝળશે;
નઈતર ભવમાં ભટકશે. આ૦ ૬

## ૪૨૧
## વૈરાગ્યની સજ્ઝાય

લખ ચોરાશી મેં ભટકત ભટકત, પાયો નર અવતારો;
બોલ જોગ દશ કેરો મિલગ્યો, આલસ મેં મતિહારો,
નરભવ તારો રે, તારો સંસાર લાગે છે ખારો,
નર૦ વૈરાગ લાગે છે પ્યારો, નરભવ તારો રે તારો. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માયા જાલમેં અબુજ રહ્યો, કર રહ્યો, મારો મારો;
પણ બેટા પોતા કુટુંબ કબીલો, કોઈ નહી દિસે તારો. ૨
સુંદર નાર મિલી મન ગમતી, તન ધન સોઈ પરિવારો;
આય જબ ઘાંટી પકડી, ઉઠ ચાલ્યો નિરધારો. ૩
એમ જાણીને અહોભવી પ્રાણી, છોડો પાપનો ભારો;
બાર બાર સદ્ગુરૂ સમજાવે, ધાર સકે તો ધારો. ૪
દાન શીયલ તપ ભાવના ભાવો, આ ભવ પાર ઉતારો;
આનંદઘન કહે સબહી નારો, તાર સકે તો તારો. ૫

## ૪૨૨
## આત્માને ઉદ્દેશાની સજ્ઝાય

જીવ વારૂં છું મોરા વાલમાં, પરનારીથી પ્રીત મ જોડ;
પરનારીની સંગત નહી ભલી, તારા કુળમાં લાગશે ખોડ. જીવ૦ ૧
જીવ આ સંસાર છે કારમો, દીસે છે આળ પંપાળ;
જીવ એવું જાણીને ચેતજે, આગળ માછીડે નાખી છે જાળ. જીવ૦ ૨
જીવ માત પિતા ભાઈ બેનડી, સહુ કુટુંબ તણો પરિવાર;
જીવ વહેતી વારે સહુ સગુ, પછી લાંબા કીધા છે જુહાર. જીવ૦ ૩
જીવ ડહેલી લગે સગી અંગના, શેરી લગી માય;
જીવ સીમ લગે સાજન ભલો, પછે હંસ એકીલો જાય. જીવ૦ ૪
જીવ જાતાં થકાં નવિ જાણીયું, નવિ જાણ્યો વારફુવાર;
જીવ ગાડું ભરીયું ઈંધણે, વળી ખોખરી હાંડલી સાર. જીવ૦ ૫
જીવ આઠમ પાખી ન ઓળખી, જીવ બહુલા કીધા પાપ;
જીવ સુમતિ વિજય મુનિ એમ ભણે, જીવ આવાગમન નિવાર. જીવ૦ ૬

## ૪૨૩
## સંતોષની સજ્ઝાય

સજ્ઝાય ભલી સંતોષની, કીજે ધર્મ રસાલ રે;
મુક્તિ મંદિરમાં પોઢતાં, સુતાં સુખ અપાર રે. સ૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંજમ તલાઈ ભલી પાથરી, વિનય ઓશીકા સાર રે;
સમતાએ ગાલમસુરીઆં, વીંઝણીયો વ્રતધાર રે. સં૦ ૨
ઉપશમ ખાટ પછેડી રે, ઓઢણીયું છે વૈરાગ રે;
ધર્મ શીખરે ભલી ઓઢણી, ઓઢે તે ધર્મના રાગી રે. સં૦ ૩
આ સજ્ઝાયે કોણ પોઢશે, પોઢશે શિયલવંતી નારી રે;
કવિયણ મુખથી એમ ઉચ્ચરે, પોઢશે પુરૂષ વ્રતધારી રે. સં૦ ૪
ધર્મ કરો તુમે પ્રાણીયા, આતમને હિતકારી રે;
વિનય વિજય ઉવજ્ઝાયનો, લેજો કેવલ સુખકારી રે. સં૦ ૫

## ૪૨૪
## રાજીમતી અને રહનેમિની સજ્ઝાય

અગ્નિકુંડમાં નિજ તનુ હોમે, વમ્યું વિષ નવિ લેવે;
તે અગંધનકુળના ભોગી, તો કયું ફરી વિષ સેવે. છેડોનાંજી૦
યદુકુળને દુષણ લાગે, સંયમ વ્રત ભાંગે દેવરીયાં; મુ૦ છેડો૦ ૧
લોક હસે ને ગુણ સવિ નીકસે, વિકસે દુર્ગતિ વારી;
એમ જાનીને કહો કોણ સેવે, પાપ પંક પરનારીજી. છેડો૦ ૨
વળી વિશેષે સ્ત્રીની સંગે, બોધ બીજ પણ જાવે;
સાહેબ બંધવ નામ ધરાવો, તો કયું લાજ ન આવે. છેડો૦ ૩
કોઈક મૂરખ કહો કુણ ચંદન, છાર કોયલા કાજે;
વિષય હલાહલ થીર થકી પણ, કુંણ ચીર જીવન રાજે. છેડો૦ ૪
રાજુલ બાલા વચન રસાલા, જેમ અંકુશે સુંઢાળા;
થીર કરી રહનેમિ પ્રગટે, જ્ઞાન વિમળ ગુણ માળા. છેડો૦ ૫

## ૪૨૫
## ઉપદેશી સિદ્ધની સજ્ઝાય

જીવ તું સિદ્ધને સંભારજે, મૂકી આળ પંપાળ;
ઘડી એક જાય રે સ્વપ્ના સમી, શિર પર ફરે કાળ. જીવ૦ ૧
આંખ તણે ફરકલે, ઘડી એક વરસાં સો થાય;
મૂરખ મન નથી જાણતો, ઘડીએ નવ નવ થાય. જીવ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જાળ છે કાળના હાથમાં, નાંખતાં કેટલી વાર;
જીવ તું માયામાં મોહી રહ્યો, કેમ ઉતરીશ ભવપાર. જીવ૦ ૩
જેવો બિંદુ છે ઠારનો, તેવો ખોટો સંસાર;
દેખતાં દીસે રળિયામણો, ખરતાં કેટલી વાર. જીવ૦ ૪
જેવો નીરનો પરપોટડો, જોતાં જે પગટાય;
મૂરખ મન નથી જાણતો, જોતાં જળમાં સમાય. જીવ૦ ૫
પોલો ઢોલ જેમ બોલતો, તેવો ખોટો સંસાર;
જેવા ધુમાડાનાં બાચકા, જેવી વેલુની વાડ. જીવ૦ ૬
કાચો કુંભ જળે ભર્યો, રહે એ કેટલી વાર;
કાગળ ભીનો રે પાણીમાં, એવો સકલ સંસાર. જીવ૦ ૭
જેવો ચંદનનો ખેરીઓ, તેવી કાયાની રીત;
જેવો વાયરે દીવડો, જેવી વેલુની ભીંત. જીવ૦ ૮
જેવી છાયા બપોરની, જેવું અંજલિનું નીર;
જેવા કુવાયાં વાદળાં, તેવું મિથ્યા શરીર. જીવ૦ ૯
નદી કાંઠે જે રૂખડાં, તણાઈ જાય જળપુર;
જીવ તું ધન રામા માંહિ રહ્યો, અંતે મળી જાય ધુડ. જીવ૦ ૧૦
સ્વપ્નું લાધ્યું રે ઉંઘમાં, પામ્યો લીલ વિલાસ;
જાગતાં તે દીસે નહિ, અંતે થાએ નિરાશ. જીવ૦ ૧૧
અણુચિંત્યું તેડું આવશે, તેલ વિણુ દીવો ઓલાય;
મારૂં મારૂં તું કરી રહ્યો, તારૂં કોઇ ન થાય. જીવ૦ ૧૨
જેવો સંયોગ નદી નાવ તણો, તેવો સકલ સંસાર;
પછી કોઈ કોઈને મળે નહી; કેમ ઉતરીશ ભવપાર. જીવ૦ ૧૩
હે જે વાસો પક્ષી તણો, સંધ્યાયે એકઠાં થાય;
પછી કોઈ કોને મળે નહી; પ્રભાતે ઉડીને જાય. જીવ૦ ૧૪
જેવું પત્ર છે વૃક્ષનું, દીસે શોભાય માન;
દિન પ્રત્યે થાય જેવું પાદડું, તેવું કાયાનું વાન જીવ૦ ૧૫
કાળ સિંચાણું રે શિર ફરે, મૂરખ કરે રે પ્રપંચ;
અણ ચિંત્યું તેડું આવશે, વિણુશી જાશે સહુ સંપ. જીવ૦ ૧૬
સુખ સોવન નું રે પાંજરૂ, રત્ને જડીઆ છે નંગ;
મૂરખ મન નથી જાણતો, ક્ષણમાં થઈ જાશે ભંગ. જીવ૦ ૧૭
પોપટ બેઠો રે પાંજરે, બહાર ઉભો માંજાર,
મૂરખ મન નથી જાણતો, ઝડપતાં કેટલી વાર. જીવ૦ ૧૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિષમે મારગ ચાલતો, આગળ અંધારી રાત;
તેમાં કાંઇ પણ સુજે નહી, ત્યારે કોનું સંગાથ. જીવ૦ ૧૯
પાંચે ચોર ચોરી કરે, લૂંટે દિવસ ને રાત;
સર્વે મૂકીને ચાલતો, મૂરખ ઘસતો રે હાથ. જીવ૦ ૨૦
યૌવન મદમાં રે ચાલતો, વિષમો મારગ ઝટ;
ફાટી આંખે સામે જોઇ રહ્યો, જ્યારે રુંધાણું કંઠ. જીવ૦ ૨૧
હિંડે મૂછું રે મરડતો, ઢળકતાં મેલે રે પાય;
મરણ કાળે રે ઘેરીયો, ખોયા ચાટે રે અભાગ્ય. જીવ૦ ૨૨
કાયા નયરીએ ઘેરીઓ, ગામો ગામ લૂંટાય;
દશ દ્વારો તેણે ગ્રહયાં, વાટે કોઇ નવિ થાય. જીવ૦ ૨૩
ડહાપણ ચતુરાઈ વહી ગઈ; ન છૂટે કર્મનાં કૂટ;
દાન પુણ્ય નવિ નીપજે, લાગે જમડાની ચોટ. જીવ૦ ૨૪
ગયા રાણા ને રાજીયા, મૂકી ગરથ ભંડાર;
અલ્પ આઉખું છે તાહરૂં, શા માટે વહે તું ભાર. જીવ૦ ૨૫
બાળપણું રમતાં ગયું, યૌવન નારી સંગાથ;
ઘડપણ રોગે રે આથડયો, વિસાર્યો સિદ્ધો જે પ્રખ્યાત. જીવ૦ ૨૬
મારૂં મારૂં તું કરી રહ્યો, તારૂં કોઇ નવિ થાય;
આપ સ્વાર્થે સહુ મળ્યા, મન વિચારીને જોય. જીવ૦ ૨૭
સાધુ ઋષીશ્વરને વાંદશું, કરશું ધર્મને ધ્યાન;
સિદ્ધાંત સાંભળી પાળશે, તેનું મુક્તિમાં સ્થાન. જીવ૦ ૨૮
જે થયા સ્વર્ગ ના ઠાકરા, લીધાં સાધુનાં શરણ;
તે સંસાર પાર ઉતરી, થાશે સિદ્ધ અવર્ણ. જીવ૦ ૨૯
ચંડાળ હરિકેશી ઉદ્ધર્યા, લીધાં સાધુનાં શરણ;
તપ જપ સંયમ આદરી, પામ્યા કેવલ નાણ. જીવ૦ ૩૦
સિદ્ધાંત વેદ પૂરાણમાં, ઠામ ઠામ સિદ્ધ ભગવાન;
જે કોઈ સિદ્ધ સિદ્ધ ઉચ્ચરે, તેનું મુક્તિમાં સ્થાન. જીવ૦ ૩૧
સિદ્ધ મુક્તિમાં બેસાડશે, જે કોઈ કરશે રે ધર્મ;
જીવદયા નિત્ય પાળશે, તેનાં છૂટશે કર્મ. જીવ૦ ૩૨
બહુલાં તપ જપ જે કરે, તેનાં ટળે સહુ દોષ;
પાપ થકી અળગા રહે, તે જીવને થાય મોક્ષ. જીવ૦ ૩૩
સીતા સરખી રે મહાસતી. રહ્યા વન મુઝાર;
રાવણે હરી શિયળ પાળીયું, ધન્ય ધન્ય તેનો અવતાર. જીવ૦ ૩૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભરત ને બાહુબળ રાજીયા, બૂઝયા થઇ સાવધાન;
અનિત્ય ભાવના ભાવતાં, પામ્યા કેવલ જ્ઞાન. જીવ૦ ૩૫
રાય પરદેશી કેશી ગુરૂ મળ્યા, પામ્યા સમકિત સાર;
એકલ અવતારી તે થયા, પહોંચ્યા સ્વર્ગ મોઝાર. જીવ૦ ૩૬
ડૂબ્યા પ્રાણી સંસારથી, ધર્મ વિના સર્વે રે લોક;
ધર્મી તર્યા સંસારથી, ધર્મ વિના સર્વે ફોક. જીવ૦ ૩૭
ભોળા પ્રાણી જે થયા, થયા ઋષિ અણગાર;
પાંચ મહાવ્રત જેણે ગ્રહ્યાં, પહોંચશે સ્વર્ગ મોઝાર. જીવ૦ ૩૮
ભાવ ધરી જે વ્રત પાળશે, પહોંચશે મનડાની આશ,
બે કર જોડી સિદ્ધને વાંદશું, નાવે ગર્ભાવાસ. જીવ૦ ૩૯

## ૪૨૬
## જંબૂસ્વામીની સજ્ઝાય

શ્રી ઋષભ શાંતિ વીરને નમી રે, ગાશું શ્રી જંબૂ કુમાર રે;
બ્રહ્મ વ્રત ગ્રહ્યું બાળ વય પણે રે, પછી તજયો સકળ સંસાર.
ધન્ય ! ધન્ય ! ધન્ય ? જંબૂસ્વામીને રે. ૧
સ્વામી સુધર્મા બોધ સાંભળી રે, આવ્યા જનનીની પાસ રે;
દોય કર જોડી એમ વિનવે રે, આણી હૃદય ઉલ્લાસ રે.
અનુમતિ આપો મોરી માવડી. ૨
રત્ન ચિંતામણી સારીખા રે, પાંચે મહાવ્રત સાર રે;
નાણું દેતાં પણ જે કદિ નવ જડે રે, તે લેવા થયો હું તૈયાર રે. અનુ૦ ૩
માતા કહે રે સુણો બાલુડા રે, મ કરો એહવી વાત રે;
ભોગ રે ભોગવો સંસારના રે, સ્વર્ગના સમ સાક્ષાત્ રે.
સંયમ મત લેજે મોરા મોહના રે. ૪
ભોગ તો રોગના કરનાર છે રે, કિંપાક ફળના સમાન રે;
ખાતાં મીઠા લાગે પણ આખરે, મૃત્યુ કેરા નિદાન રે. અનુ૦ ૫
ભર્યા રે ભંડાર તારા ધન તણા રે, ખાઓ ખરચી લ્યો લાવ રે;
સાત પેઢી લગે તો ખૂટે નહિ રે, વડો એ પુણ્યનો પ્રભાવ રે. સંયમ૦ ૬
સોના રૂપા અને માણેક વળી રે, હીરા રત્ન અમૂલ્ય રે;
અજ્ઞાની મુંઝાયે તેહમાં રે, હું માનું પત્થરની તુલ્ય રે. અનુ૦ ૭



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હીર ચીર અવલ પિતાંબર રે, રંગરંગીલા શણગાર રે;
લિયો રે લહાવો મોરા નાનડા રે, ફરી ફરી નથી મળનાર રે. સંયમ૦ ૮
હીર ચીર અવલને શું કરૂં રે, શૃંગાર અંગાર સમાન રે;
પર પુદ્દગળમાં રાચું નહિ રે, રાચે અજ્ઞાની નાદાન રે. અનુ૦ ૯
મૃગરે નયની ને ગજગામિની રે, રતિ સમ તારે આઠે નાર રે;
છતી મળી છે તેને કેમ તજો રે, ભોગવો ભોગ ઉદાર રે. સંયમ૦ ૧૦
દુર્ગંધ ભરેલી નારી દેહડી રે, ખાળકુંડીની સમાન રે;
અશુચિ વહે છે દ્વાર બારથી રે, રાચું કેમ થઈ હું જાણ રે? અનુ૦ ૧૧
સ્વજન સંબંધી ઘણા તાહરે રે, તેમ પરિજનનો નહિ પાર રે;
ખમારે ખમારે તને સહુ કહે રે, તે કેમ તજો હિતકાર રે. સંયમ૦ ૧૨
સગાઓ સ્વાર્થી છે સંસારમાં રે, સ્વાર્થ સર્યે નાસી જાય રે;
કર્મ ઉદય આવ્યા જીવને રે, ભાગી કોઈ નવી થાય રે. અનુ૦ ૧૩
અમે વ્હાલા જીવીએ જ્યાં લગે રે, કરવી ન દીક્ષાની વાત રે;
વંશ વધ્યાં ભુક્ત ભોગી પછે રે, સંયમ લેજે સુજાત રે. સંયમ૦ ૧૪
ઘડી રે ભરોસો નહી દેહનો રે, પહેલાં પછી કોણ જાય રે;
કાળ રે ભમે છે શિર ઉપરે રે, ધાર્યું કોઈનું નવિ થાય રે. અનુ૦ ૧૫
અંતરાય મુજને માતા મત કરો રે, ક્ષણ લાખેણી મોરી જાય રે;
અસાર સંસારે હું કેમ રહું રે? જિહાં નિત્ય કર્મ બંધાય રે.
અંતરાય મુજને કોઇ મત કરો રે. સંયમ૦ ૧૬
માત કહે રે સુત સાંભળો રે, ચારિત્ર છે ખાંડાની ધાર રે;
પરિસહ સહેવા અતિ આકરા રે, વિકટ વળી કરવા વિહાર રે, સંયમ૦ ૧૭
ઘણાં દુઃખ નરક નિગોદનાં રે, મેં સહ્યાં અનંતી વાર રે;
તે દુઃખ આગે તો વ્રત દુઃખ નહિ રે, ભવિ સુખ કરનાર રે. અંત૦ ૧૮
કોમળ કાયા છે વચ્છ તાહરી રે, સહેવાશે કેમ તરસ ભૂખ રે?
દારૂણ લોચનું કષ્ટ જિને કહ્યું રે, તેમ શીત તાપનાં દુઃખ રે. સંયમ૦ ૧૯
મન દઢતાં કરી વિચરશું રે, કરી તન મમતાને દૂર રે;
અનાદિ કાયરતા છોડી કરી રે, પાળીશ વ્રત થઇ શૂર રે. અંત૦ ૨૦
આઠે પ્રિયા મલી એમ વિનવે રે, વ્હાલા મૂકો કેમ નિરાધાર રે;
આપને આત્મા અમચા અર્પીયા રે, અમને આપનો આધાર રે;
સંયમ મત લેજો મોરા વાલહા રે. ૨૧
જંબૂ કહે રે ભામિનીઓ પ્રત્યે રે, મેં જાણ્યો અસ્થિર સંસાર રે;
સાચું જો સગપણ તમે લેખવો રે, તો લ્યો સંયમ અમ લાર રે. અંત૦ ૨૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરૂ આગળે મેં અંગીકર્યું, રે, સાચું શિયળ જે રત્ન રે;
ગણું વળી માતા લઘુ બેનડી રે, કરવા શિયળનું યત્ન રે. અંત૦ ૨૩
છતાં રે ભોગને નાથ કેમ તજો રે, વ્રત છે એ વસમી વાટ રે;
મેઘ કુમાર રહનેમી પરે રે, થાશે બહુલો ઉચાટ રે;
અમને મત કેજો બેની નાથજી રે. ૨૪
નરકનાં દુઃખ જેણે અનુભવ્યાં રે, તે કેમ વંછે કૂડા ભોગ રે;
સંયમ આપે છે સુખ મોક્ષનાં રે, ગાળે છે કર્મના રોગ રે. અંત૦ ૨૫
મંદિર સુંદર વન વાડીયો રે, સુખકર સર્વ સંયોગ રે;
અમ સાથે સુખ રૂડા ભોગવો રે, ફરી નહી મળે આવો જોગ રે. અમને૦ ૨૬
નરભવ દેવને દુર્લભ જિને કહ્યો રે, મહા પુણ્યે મળ્યો છે ઇણ વાર રે;
ક્ષણ એક સુખના કારણે રે, પડે કોણ નરક મોઝાર રે. અંત૦ ૨૭
વાડી ગાડી લાડી સર્વ કારમાં રે, કારમો કુટુંબ જંજાળ રે,
સાચો ભરોસો નહી દેહનો રે, બીજું સવિ આળ પંપાળ રે. અંત૦ ૨૮
સાથ ન લાવ્યા કાંઈ આપણે રે, સાથ ન ચાલે તેમ કાંઈ રે;
થોડા રે જીવનના કારણે રે, કોણ કરે કર્મ કમાઈ રે. અંત૦ ૨૯
આઠ કથા કહી ભામિની રે, આઠ કહી જંબૂ કુમાર રે;
બોધ પમાડી પ્રિયા આઠને રે, વ્રત લેવા કરી તૈયાર રે. ધન્ય૦ ૩૦
સાસુ સસરાને વળી બૂઝવ્યાં રે, બૂઝવ્યાં માત ને તાત રે;
પાંચસે ચોરને તેમ બૂઝવ્યા રે, લઈ સઘળાં ને સંઘાત રે. ધન્ય૦ ૩૧
સુધર્મા સ્વામી પાસે આવીયા રે, લીધો છે સંયમ ભાર રે;
માત રે તાતને અજવાળીયાં રે, અજવાળ્યો કુટુંબ પરિવાર રે. ધન્ય૦ ૩૨
ચરમ કેવળી થઈ પામીયાં રે, જંબૂ શિવપુર ધામ રે;
વીર મુનિ ભણે એવા સંતને રે, હોજો હંમેશા પ્રણામ રે. ધન્ય૦ ૩૩

## ૪૨૭
## સાસુ વહુનો સંવાદ

( આનંદ મંગલ ગાવો જૈન ધર્મનો લેવો લાવો )
વહુવર ઉઠજે વેલી, ચકી ફેરવજે પેલી મારી,
વહુવર સંસારનો સાચો પંથ છે.
બે મણ બાજરી લીજે, દળવાનું મનમાં કીજે. મારી વહુવર૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘરમાં આટો ખુટયો, પરોણો આવસે પીટયો. મારી વહુવર૦
ઓલો છો બાઇજી ઘેલું, પણ ધર્મની ટેવ ન મેલું;
મારી સાસુ ધર્મનો સાચો પંથ છે.
સામાયિક રૂડું કરશું, પછી દલણું દળશું; મારી સાસુ ધર્મનો૦
રાત અંધારી ભારી, હિંસા થાય ખુવારી; મારી સાસુ ધર્મનો૦
શ્રાવક કુળ સોહાવો, સામાયિક મનમાં લાવો; મારી સાસુ ધર્મનો૦
મનના મુકો લાળા, સુખે ફેરવો માળા; મારી સાસુ૦ધર્મનો૦
નરભવનો લેવા લાવો, જીવદયા મનમાં ભાવો; મારી સાસુ૦ધર્મનો૦
આવ્યા રૂપાળા ગોરી, ધર્મનાં થઇતે ધોરી; મારી વહુવર૦
છાનાં રહો છકેલી, હાથમાં ધરો તપેલી. મારી વહુવર૦
સળગાવી ચુલો બનાવો, ગરમ ગરમ ચા લાવો. મારી વહુવર૦
દાતણ તો જબ કરીએ, ઉદરને ઠાંસી ભરીએ. મારી વહુવર૦
પ્રભુ દરશન તો કરીએ, પછી દાંતણને ધરીએ. મારી સાસુ૦ધર્મનો૦
પાપનાં પાતિક હરવા, પ્રભુ દર્શન રોજે કરવા. મારી સાસુ૦ધર્મનો૦
દર્શનની વાતો મેલી, દાળ કરોને વેલી, મારી વહુવર૦
નવરીને નહી વાંધો, ધર્મનો લઈ બેસે ધંધો. મારી વહુવર૦
બોલ વિચારી બોલો, આગળ નહી થાય તોલો. મારી સાસુ૦ધર્મનો૦
ગુરૂજી ગીતાર્થ આવ્યા, મનડામાં મુજ ભાવ્યા. મારી સાસુ૦ધર્મનો૦
વ્યાખ્યાન સુણવા જઇએ, કર્મને હેલે હણીએ. મારી સાસુ૦ધર્મનો૦
ગુરૂજી જ્ઞાનને આપે, પાપના પુંજને કાપે. મારી સાસુ૦ધર્મનો૦
જન્મીને શું કરીયે, હાય હાય કરતાં મરીયે. મારી સાસુ૦ધર્મનો૦
માત પિતાને ભ્રાતો, સૌ આળ પંપાળની વાતો. મારી સાસુ૦ધર્મનો૦
ઉપદેશની વાતો મેલી, દાળ કરોને વેલી, મારી વહુવર૦
વઉજી વખાણે જાસો, ઘરે અદેખા થાસો, મારી વહુવર૦
ઘરનો ધંધો છોડી, ઉપાશ્રયે આ દોડી. મારી વહુવર૦
વેલણને કાંઇ વાળી, રોટી કરો સુંવાળી. મારી વહુવર૦
છૈયાં ભુખ્યાં થાશે, રડતાં બહુ ગભરાશે. મારી વહુવર૦
થઈ છું સાસુ નવરી, કરશો નહી કાંઈ લવરી, મારી સાસુ૦ધર્મનો૦
ઊંદર થયા અનાડી, કપડાં નાખ્યાં ફાડી. મારી વહુવર૦
મારી સાડી લાલ લપેટી, હું તો મોટા ઘરની બેટી. મારી વહુવર૦
સોય દોરો લઇ સાંધો, નવરાશનો નહીં વાંધો, મારી વહુવર૦
બે ઘડી સમતા ધરશું, સામાયિક રૂડું કરશું, મારી સાસુ૦ધર્મનો૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભણવું મુજને છાજે, જ્ઞાન લેવાની કાજે. મારી સાસુ૦ધર્મનો૦
આચારજ જ્ઞાને આવે, લક્ષ્મી સંગાથે લાવે, મારી સાસુ૦ધર્મનો૦
આચારે શોભા ઘરની, ન રાખે સુખ વગરની. મારી સાસુ૦ધર્મનો૦
આચારે પુન્યના વેલા, લક્ષ્મી રેલંછેલા, મારી સાસુ૦ધર્મનો૦
સાસુ મનમાં સમજો, શ્રાવક કુળની ફરજો. મારી સાસુ૦ધર્મનો૦
આ ભવ લાગે મીઠો, પરભવ કોણે દીઠો, મારી વહુવર૦
ધર્મની વાત ન કીજે, ઘરનાં કામજ લીજે. મારી વહુવર૦
ઘર આંગણાં ગયાં ભાંગી, તેને મેલો ત્યાગી, મારી વહુવર૦
પરોણો ઘેર આવે, ઘરની ઈજત જાવે. મારી વહુવર૦
છાણ માંટીને લાવો, ઘર આંગણાં સમરાવો. મારી વહુવર૦
ચોમાસાના કાજે, જીવ હિંસાતિ ત્રાજે. મારી સાસુ૦ધર્મનો૦
ગાર માટી નવી કરીયે, પાપે પેટ ન ભરીયે, મારી સાસુ૦ધર્મનો૦
દસરા દીવાળી આવે, ગાર માટી ત્યારે થાવે, મારી સાસુ૦ધર્મનો૦
ઢોર ઢાંખર નો વારો, વગડેથી લાવો ભારો, મારી વહુવર૦ધર્મનો૦
પર્વ તિથિને પાળું, જીવદયા અજવાળું. મારી સાસુ૦ધર્મનો૦
નાવણ ધોવણ લીંપણ, ખાંડણ પીંસણ ઈંધણ, મારી સાસુ૦ધર્મનો૦
પર્વને દાડે ન કરીએ, જો પાપથી કાંઇ ડરીયે. મારી સાસુ૦ધર્મનો૦
આ ધર્મ ધુતારી ક્યાં આવી, મનગમતી વાતો લાવી. મારી વહુવર૦ધર્મનો૦
સાસુ થયાં છો ઘરડાં, આવશે જમનાં તેડાં, મારી સાસુ૦ધર્મનો૦
ધર્મને મનમાં ધારો, આખર બાજી સુધારો. મારી સાસુ૦ધર્મનો૦
પુત્રજ ઘેરે આવે, તો સઘળું દુઃખજ જાવે છે. મારી વહુવર૦
પુત્રજ ઘેરે આવ્યો, માતાએ બોલાવ્યો,

મારા જાયા, સંસારનો સાચો પંથ છે૦

કહું છું બેટા સારૂં, ઘાલ્યું ઘર અંધારૂં. મારા જાયા સંસારનો૦
વહુને શિક્ષા દીજે, મુજ ઉપર નવી ખીજે. મારા જાયા સંસારનો૦
પ્રીતમજી છો પ્યારા, પણ કર્મથી છો ન્યારા. મારા પ્રીતમ ધર્મનો૦
ધર્મ કરતાં આવો આડા, તો લાગે પાપ પછાડા. મારા પ્રીતમ૦ ધર્મનો૦
સ્વામી સાચું કેશું, ધર્મ કરીને રહેશું. મારા પ્રીતમ૦ ધર્મનો૦
હોંસ ધરીને આવ્યા, સાસરીયે ન ફાવ્યા, મારા પ્રીતમ૦ ધર્મનો૦
પ્રીતમ પ્રાણ આધારા, પણ ધર્મથી છે ન્યારા. મારા પ્રીતમ ધર્મનો૦
સાસુની સુળી ભારી, જાણે જમની બારી. મારા પ્રીતમ ધર્મનો૦
જેઠાણીની જોડે, ધર્મ ન કીધો કોડે. મારા પ્રીતમ ધર્મનો૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેવર ડાહ્યા એવા, ધર્મ કરતાં વારે તેવા. મારા પ્રીતમ ધર્મનો૦
નણંદલજી છે નવરી, પાપની કરતી લવરી. મારા પ્રીતમ ધર્મનો૦
સસરાજી છે ભુંડા, પાપમાં ઊતરે ઊંડા. મારા પ્રીતમ ધર્મનો૦
રત્નાગરમાં રેવું, કછપથી કાંઈ બીહવું. મારા પ્રીતમ ધર્મનો૦
પરભવ જોવું આગે, મારે તમારે શું લાગે. મારા પ્રીતમ ધર્મનો૦
સંસારને મારી તાળું; દીક્ષાથી કુળ અજવાળું. મારા પ્રીતમ ધર્મનો૦
આજ્ઞા આપો આજે, સંજમ લેવાની કાજે. મારા પ્રીતમ ધર્મનો૦
સ્વામીની આજ્ઞા માગી, સંયમની થઈ રાગી. મારી સાસુ ધર્મનો૦
સંજમ લઈને અબળા, સાસુથી થઇ સબળા,

મારી બેની દીક્ષાનો સાચો પંથ છે.

સંસારની ખટપટ આવી, દેખો ધ્યાન લગાવી. મારી બેની૦ દીક્ષા૦
જો પાપથી ન ડરવું તો સાસરીયે શું શું કરવું મારી બેની૦ દીક્ષા૦
સાસુનાં વયણાં ધરવાં, રાત્રી ભોજન કરવાં મારી બેની૦ દીક્ષા૦
સાસુને તાબે ફરવું, પ્રભુ દર્શન કયાંથી કરવું મારી બેની૦ દીક્ષા૦
વ્રત નિયમ ને પચ્ચક્ખાણ, લાગે એમાં ભંગાણ. મારી બેની૦ દીક્ષા૦
બટાકાને મોળી, ધરવી હૈડે હોળી. મારી બેની૦ દીક્ષા૦
કંદમૂળાદિ ખાવે, નિશ્ચય નરકે જાવે, મારી બેની૦ દીક્ષા૦
રાત્રી ભોજન કરીએ, નાગ કાગને ઘુવડ થઈએ. મારી બેની૦ દીક્ષા૦
ઈચ્છા નહીં તોય ડરતાં, ઘરનાં કામ જ કરતાં મારી બેની૦ દીક્ષા૦
છાણના ટોપલાં, લેવા, મળે ન ધર્મના મેવા. મારી બેની૦ દીક્ષા૦
ઈંધણ છાણાં બાળી, પાપની ગુંથવી જાળી. મારી બેની૦ દીક્ષા૦
શોક સંતાપને થાપે, ધર્મની દોર ન માપે. મારી બેની૦ દીક્ષા૦
રડવા કુટવા જાવું, હાય હાય કરીને ખાવું. મારી બેની૦ દીક્ષા૦
કાળા કપડાં ધરવા, જિન દર્શન નવી કરવા. મારી બેની૦ દીક્ષા૦
આજ મારે તારે, કાલ બીજાને વારે; મારી બેની૦ દીક્ષા૦
જન્મીને તો મરવું, પાપનું ભાતું ભરવું; મારી બેની૦ દીક્ષા૦
શાણાં બેની સમજો, સુબુદ્ધિ મનમાં ધરજો. મારી બેની૦ દીક્ષા૦
સુજ્ઞાન વિવેક સાચો, શાન્તિ સુખમાં રાચો. મારી બેની૦ દીક્ષા૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૨૮
## રહનેમિની સજઝાય

કાઉસ્સગ્ગ થકી રે રહનેમિ, રાજુલ નિહાળી;
ચિત્તડું ચળિયું તવ બોલે નાર રે, દેવરિયા મુનિવર. ધ્યાનમાં રહેજો;
ધ્યાન થકી હોય ભવનો પાર રે દેવ૦ ધ્યા૦
ઉત્તમ કુળમાં યાદવ કુળરે, અજુવાળી, લીધો છે સંયમ ભાર રે. દેવ૦
હું રે વર્તી રે તુમે સંયમધારી, જાશો સર્વ વ્રત હારી રે. દેવ૦ ધ્યા૦ ૨
વિષધર વિષ વમી આપ ન લેવે, કરે પાવક પરિચાર રે. દેવ૦ ધ્યા૦
તુજ રે બાંધવ નેમજીયે મુજને રે વામી;
વમ્યો ના ઘટે તુમને આહાર રે. દેવ૦ ધ્યા૦ ૩
નારી અછે રે જગમાં વિષની રે વેલી;
નારી છે અવગુણનો ભંડાર રે. દેવ૦ ધ્યા૦
નારી મોહે રે મુનિવર જેહ વિગુત્તા;
તે નવિ લહે ભવ પાર રે. દેવ૦ ધ્યા૦ ૪
નારીનું રૂપ દેખી મુનિને ન રહેવું,એ છે આગમનો અધિકાર રે; દેવ૦ ધ્યા૦
નારી નિસંગી તે તો મુનિવર કહીયે, ન કરે ફરી સંસાર રે. દેવ૦ ધ્યા૦ ૫
એ રે સતીનાં મુનિવર વયણ સુણીરે, પામ્યા ભવનો પ્રતિબોધ રે, દેવ૦ ધ્યા૦
નેમજી ભેટીને ફરી સંયમ લીધો;
કર્યો છે આતમ શોધ રે. દેવ૦ ધ્યા૦ ૬
ધન્ય રે સતી રે જેને મુનિ પ્રતિબોધ્યા;
ધન્ય ધન્ય એ અણગાર રે. દેવ૦ ધ્યા૦
એ રે વસતા મુનિનાં વયણ સુણીને, ફરી ન કરે સંસાર રે. દેવ૦ ધ્યા૦ ૭

## ૪૨૯
## નવકાર મંત્રની સજઝાય

**શ્રી** નવકાર જપો મન રંગે, શ્રી જિન શાસન સાર રે;
સર્વ મંગલમાં પહેલું મંગલ, જપતાં જય જયકાર રે. શ્રી૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પહેલે પદ ત્રિભુવન જન પૂજિત, પ્રણમું શ્રી અરિહંત રે;
અષ્ટ કર્મ વરજિત બીજે પદ, ધ્યાવો સિદ્ધ અનંત રે. શ્રી૦ ૨
આચાર જ ત્રીજે પદ સમરૂં, ગુણ છત્રીસ નિધાન રે,
ચોથે પદ ઉવજઝાય જપી જે, સૂત્ર સિદ્ધાન્ત સુજાણ રે. શ્રી૦ ૩
સર્વ સાધુ પંચમ પદ પ્રણમું; પંચ મહાવ્રત ધાર રે;
નવ પદ અષ્ટ ઈહાં છે સંપદા, અડસઠ વરણ સંભાર રે. શ્રી૦ ૪
સાત અક્ષર અછે ગુરૂ જેહના, એકસઠ લઘુ ઉચ્ચાર રે;
સાત સાગરના પાતક હણે, પદ પંચાશ વિચાર રે. શ્રી૦ ૫
સંપૂરણ પણસય સાગરનાં, જાયે પાતક દૂર રે;
ઈહભવ સર્વ કુશલ મનવાંછિત, પરભવ સુખ ભરપૂર રે. શ્રી૦ ૬
યોગી સોવન પુરિસો કીધો, શિવકુમાર ઈણે ધ્યાન રે,
સર્પ મિટી તિહાં ફૂલમાળા, શ્રીમતીને પરધાન રે. શ્રી૦ ૭
જક્ષ ઉપદ્રવ કરતો વાર્યો, પરચો એ પરસિદ્ધ રે;
ચોર ચંડ પિંગલ ને હુંડક, પામે સુર તણી ઋદ્ધિ રે. શ્રી૦ ૮
એ પંચ પરમેષ્ઠિ છે જગ ઉતમ, ચૌદ પૂરવનો સાર રે;
ગુણ બોલે શ્રી પદ્મરાજ ગણી, મહિમા જાસ અપાર રે. શ્રી૦ ૯

## ૪૩૦
## તેર કાઠીયાની સજઝાય

આળસ પહેલોજી કાઠીયો, ધર્મે ઢીલ કરાય રે;
નિવારોજી કાઠિયા તેર દૂર કરો.
બીજો તે મોહ પુત્ર કલત્ર શું, રંગે રહે લપટાય રે. નિ૦ કા૦ ૧
ત્રીજો તે આવરણ ધર્મમાં, બોલે અવરણ વાદ; નિ૦ કા૦
ચોથો તે દંભજ કાઠિયો, ન લહે વિનયે સ્વાદ રે. નિ૦ કા૦ ૨
ક્રોધ તે કાઠિયો પાંચમો, રીસે રહે અમળાય રે. નિ૦ કા૦
છટ્ઠો પ્રમાદ તે કાઠિયો, વ્યસને વિગુત્તો થાય રે. નિ૦ કા૦ ૩
કૃપણ કાઠિયો સાતમો, ન ગમે દાનની વાત રે; નિ૦ કા૦
આઠમો ભયથી નવિ સુણે, નરકાદિક અવદાત રે. નિ૦ કા૦ ૪
નવમો તે નામે કહ્યો, શોકે છાંડે ધર્મ રે; નિ૦ કા૦
દશમો અજ્ઞાને તે નવિ લહે, ધર્મ અધર્મનો મર્મ રે. નિ૦ કા૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

વિકથા નામે અગ્યારમો, લોક વાતે ધરે પ્રીત રે; નિ૦ કા૦
કુતૂહલ કાઠિયો બારમો, કૌતુક જોવા ધરે ચિત્ત રે. નિ૦ કા૦ ૬
વિષય તે કાઠિયો તેરમો, નારી સાથે ધરે નેહ રે. નિ૦ કા૦
જે એ કાઠિયા વારશે, તરશે ભવજળ તેહ રે. નિ૦ કા૦ ૭

## ૪૩૧
## આધ્યાત્મિકની સજઝાય

અરે કિસ્મત તું ઘેલું, હસાવે તું રડાવે તું;
ઘડી ફંદે ફસાવીને, સતાવે તું રીબાવે તું. અરે૦ ૧
ઘડી આશા મહી વહેતું, ઘડી અંતે નિરાશા છે;
વિવિધ રંગે બતાવે તું, હસે તેને રડાવે તું. અરે૦ ૨
કોઈની લાખ આશાઓ, ઘડીમાં ધુળ ધાણી થઈ;
પછી પછી સજીવન થઇ, રડેલાને હસાવે તું. અરે૦ ૩
રહી મશગુલ અભિમાને, સદા મોટાઇ મન ધરતાં;
નિડરને પણ ડરાવે તું. ન ધાર્યું કોઇનું થાતું. અરે૦ ૪
વિકટ રસ્તા અરે તારા, અતિ ગંભીર ને ઉંડા;
ન નમે કોઇ શકે જાણી, અતિ તે ગુઢ અભિમાની. અરે૦ ૫
સદાચારી જ સંતો ને, ફસાવે તું રડાવે તું;
કરે ધાર્યું અરે તારૂં, બધી આલમ ફના કર તું. અરે૦ ૬
અરે આ નાવ જીંદગી નું, ધર્યું મેં હાથ એ તારે;
ડુબાડે તું, ઉગારે તું, શ્રી શુભવીર વિનવે તુજને. અરે૦ ૭

## ૪૩૨
## સ્વાર્થની સજઝાય

જગત હે સ્વાર્થ કા સાથી, સમજ લે કોણ હે અપના;
યે કાયા કાચકે કુંભા, નાહક તું દેખકે ફુલતા.
પલક મેં ફુટ જાવેગા, પત્તા જ્યું ડાલ સે ગિરતા. જગત૦ ૧



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મનુષ્યકી મેલી જીંદગાની, અબી તું ચેત અભિમાની;
જીવનકા ક્યાં ભરોસા હે, કરીલે ધર્મકી કરણી. જગત૦ ૨

ખજાના માલ ને મંદિર, કયું કહેતા મેરા મેરા તું;
ઈહાં સબ છોડ જાના હે, ન આવે સાથ અબ તેરા. જગત૦ ૩

કુટુંબ પરિવાર સુત્તદારા, સુપન સમ દેખે જગ સારા;
નીકલ જબ હંસ જાવેગા, ઉસી દીન હૈ સબી ન્યારા. જગત૦ ૪

તેરે સંસાર સાગર કો, જપે જો નામ જીનવર કો;
કહે ખાન્તિી યેહી પ્રાણી, હટાવે કર્મ જંજીર કો. જગત૦ ૫

## ૪૩૩
## ધન્ના અણગારની સજઝાય

ધન ધન્નો એ મુનિ વંદીએ રે લોલ; શ્રી વીર તણા અણગાર રે;
તપ કરી કાયા શોષવી રે લોલ, કીધો ઉગ્ર વિહાર રે. ધ૦
કાકંદી પુર માંહે વસે રે લોલ, ભદ્રા માતા મલ્હાર રે;
તૃણ જેમ છાંડી સંપદા રે લાલ, લીધો સંયમ ભાર રે. ધ૦ ૨

શુદ્ધ કિરિયા પાળે સદા રે લાલ, છંડી સર્વ પ્રમાદ રે;
વીર વખાણે એકદા રે લાલ, સુણી તજે સંવાદ રે. ધ૦ ૩

ચઉદ સહસમાં કો નહિ રે લાલ, ધન્ના સમો અણગાર રે;
તપ જપ સંયમ આદર્યો રે લાલ, પાળે શુદ્ધ આચાર રે. ધ૦ ૪

શીઘ્રથી શીવસુખ પામશે રે લાલ, જીહાં છે સુખ અનંત રે;
એહના ગુણ ગાતાં થકાં રે લાલ, ભવભવ દુઃખ નાસંત રે. ધ૦ ૫

સુરનર સુણી હરખ્યા ઘણું રે લાલ, વાંદે મુનિવર પાય રે;
નિરણી માંહે તે નીલો રે લાલ, દીઠા આવે દાય રે. ધ૦ ૬

અનુત્તર ઉવાઇમાં કહ્યો રે લાલ, ધન્નાનો અધિકાર રે;
વિદ્યા કીર્તિ કહે સાધુ ને રે લાલ, નામ થકી નિસ્તાર રે. ધ૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૩૪
## શિખામણની સજઝાય

શિખામણ દેતાં ખરી રે, મુઢ ન માને મન;
શિલાયે જળ સિંચતાં રે, ઉગે નહી જેમ અન્ન રે;
બેની ત્યાં બોલ નબોલો એક, જ્યાં નહી વિનય વિવેક રે;
બ્હેની ત્યાં બોલ ન બોલો, એહવા માણુસ અનેક રે. બ્હેની૦ ૧
શિક્ષા દિજે સંતને રે, જેહની ઉત્તમ જાત;
ફાટે પણુ ફીટે નહી રે, જીમ પડી પટોલે ભાત રે. બ્હેની૦ ૨
વિઘટાવ્યા વિઘટે નહી રે, ગોળે ઘેહલા રે થાય;
કસોટી એ કુંડળ પરે રે, કસતાં નવિ ક્ષણુ થાય રે. બ્હેની૦ ૩
ડગ ડગ દીસે ડુંગરા રે, પગ પગ પાણી પુર;
હીરો તે અમૃત બને રે, શોધ્યા ન મળે સનુર રે. બ્હેની૦ ૪
આવળ રૂપે રૂઅડી રે, ડમરો મરૂઓ સોય;
રૂપ રહિત સહુ આદરે રે; આવળ આદરે ન કોય રે. બ્હેની૦ ૫
આપ મતીલા આદમી રે, ઇચ્છાચારી અપાર;
હાર્યા દોર્યા હારમાં રે, નાવે તે નિરધાર રે. બ્હેની૦ ૬
પડ સુદ્દી વાળી વળે રે, વાળી વળે વલી વેલ;
કુચાસણુને કાષ્ટની રે, વાળી ન વળે વેલ રે. બ્હેની૦ ૭
ઉદય રત્ન ઉપદેશથી રે, રીઝે જે પુરૂષ રતન;
તેહનાં લીજે ભામણાં રે, જે કરે શિયળ જતન રે. બ્હેની૦ ૮

## ૪૩૫
## અન્ન દેવતાની સજઝાય

મારા અન્ન દેવતા વેગે પધારો રાજ, તુમ બીન ઘડી ન સરે કાજ,
અનીયો નાચે અનીયો ફરે, અનીયો તાલ બજાવે;
એક દીન અનીયો નહિ મલે તો, નિઃશંક હાય હોય થાવે. મારા૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અનીયો રાજા અનીયો પ્રજા, અનીયો હું ઉમરાવ;
એક રોટીકા કારણે, પડે નીચ કપાળ. મારા૦ ૨
નહી કે રાજા નહી કે પ્રજા, નહી કે રાજા દીવાન;
એક રોટી કે કારણે, વીણે જંગલમાં છાણા. મારા૦ ૩
ઉપવાસ કીધા બેલા કીધા, કીધા તેલા ચોલા;
પંચરો જબ આપો પારણો. અબ હું દેવે હેલા. મારા૦ ૪
અનીયો નાચે અનીયો ફરે, અનીયો કરે ગટરકા;
એક દીન અનીયો નહી મળે તો, મીટ ગયા સવી ભટરકા. મારા૦ ૫
અન્ન સહુકા કારણે, સહુકા દુઃખ ભાંગે;
ઓજણ પામી લારે લાગ્યો, બાટી સાથે ભાગા. મારા૦ ૬
આનંદ ઘન કહે સુણ ભાઈ બનીયા, અન્ન છોડે તેને ધન્ન;
અન્ન દેવે સુહીલી મળે તો, જાણું તારો મન્ન. મારા૦ ૭

## ૪૩૬
## ચેતનની સજ્ઝાય

તને હસી હસીને સમજાવું હો ચેતન ચેતો રે,
તને શાન્ત કરી શીખવાડું હો ચેતન ચેતો રે;
તને વાતો કરીને બોલાવું હો ચેતન ચેતો રે. ૧
ઉપશમના બજારમાં રે, જ્ઞાન રત્ન વેચાય રે;
ગ્રાહક તો મલશે ઘણાં રે, તેના મૂલ મોંઘેરા થાય. હો૦ ૨
વિષય નારી રંગશું રે, નિશ દિન રહ્યો બોલાવ રે;
ચુમતિ નારીને ભેટવા રે, તેહનું જીવતર લેખે ન થાય. હો૦ ૩
બાજીગર બાજી રમી રે, તું તો જાણે એવો સંસાર રે;
અંજલી જલ જયું આઉખુ રે, તોયે તૃષ્ણા ન માય. હો૦ ૪
શ્રી ગોડીજી પાર્શ્વના રે, ચરણે લાગું પાય રે;
રૂપવિબુધ કવિરાયનો રે, તારે નામે નવનિધિ થાય. હો૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૩૭
## વૈરાગ્યની સજઝાય

જીવડા ચૂપ કરીને ચેતો, જીવડા આ અવસર બહુ રૂડો;
પછી તુમે ઘણી ઝુરણા કરશો, જિમ પિંજરમાં સુડો. જીવડા૦ ૧
સુખમાં પ્રભુ સમરતાં નથી, કોઇ કરો કાળ ખોટાઇ;
આવીને કંઠ પકડશે, નગરથી જાશે લુંટાઈ. જીવડા૦ ૨
રત્ન ચિંતમણી હાથમાં આવ્યું, પારખું કરી શું જુઓ;
મોટા પદનો મનખો ગુમાવી, હાથે કરીને ખોયો. જીવડા૦ ૩
દુર્લભ માંહે દુર્લભ પામ્યો, માનવનો અવતાર,
નવઘાટી ઓલંગી આવ્યો, રહી નહી મના લગાર. જીવડા૦ ૪
આળ પંપાળ પરિહરીને, એક જ પ્રભુ ધ્યાનમાં રાખો;
કુડી માયામાં તું લલચાણા, વિષ મુકીને અમૃત ચાખો. જીવડા૦ ૫
ખોટી માયામાં શું ખોટી થાવું, શાને મરો છો દોડી;
અંત સમય કોઇ કામ ન આવે, સાથ ન આવે કોડી. જીવડા૦ ૬
માલમતા જે મેળવી અધિકી, તે તો રહેવે આંહી;
રામ વિજય કહે અહીંથી ભૂલ્યો, તો નથી ઠેકાણું કાંઈ. જીવડા૦ ૭

## ૪૩૮
## દેહની અનિત્યતાની સજઝાય

સોના વરણી રે ચેહ બળે, રૂપા વરણી તે દેહ રે;
કુંમ કુંમ વરણી રે દેહડી, અગની પરજાળી તેહ રે. માન૦ ૧
માન ન કરશો રે માનવી, કિશ્યો કાયાનો ગર્વ રે;
સુરનર કિન્નર રાજીયા, અંતે મૃત્તિકા સર્વ રે. માન૦ ૨
જે શીરે રચી રચી બાંધતા, સાસુ સસરાને પાગ રે;
તે નર પોઢીયારે પાધરા, ચાંચ દીપે શીર કાગ રે. માન૦ ૩
જે નર ગાજીને બોલતા, વાવરતા મુખમાં પાન રે;
તે નર અગ્નિ રે પોઢીયાં, કાયા કાજળ વાન રે. માન૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચીર પીતામ્બર પહેરણે, કંઠે કનકનો હાર રે;
તે નર અંતે માટી થયા, જોતાં કોઇ નવ સાર રે. માન૦ ૫
જે શિર છત્ર ધરાવતાં, ચઢતાં ગજવર ખંધે રે,
તે નર અંતે રે લઈ ગયા, દેઇ દોરડાનાં બંધ રે. માન૦ ૬
ચોસઠ સહસ અંતે ઉરી, પાયક છન્નું કરોડ રે;
તે નર અંતે રે એકલો, સુતો ચીવર ઓઢ રે. માન૦ ૭
જે જીહાં તે તિહા રહ્યા, પાપ ને પુણ્ય લેઇ સાથ રે;
એક સ્વરૂપ છે દેહનું, પુણ્ય કરો નિજ હાથ રે. માન૦ ૮
જેહ શું હસી હસી બોલતાં, કરતાં ભોજન સાર રે;
તે કાલે માટી થયા, કરતાં પાત્ર કુંભાર રે. માન૦ ૯
ચંપક વરણી રે દેહડી, કદલી કોમલ જંઘ રે;
તે નર સુતા રે કાષ્ટમાં, પડે ભડો ભડ ડાંગ રે, માન૦ ૧૦
દેહ વિડંબણ નર સુણી, મ કર તૃષ્ણાનો લોભ રે;
ઋષભદાસ કવિ ઈમ કહે, ધર્મે મતિ સ્થિર રાખ રે. માન૦ ૧૧

## ૪૩૯
## બીજની સજ્ઝાય

બીજ કહે ભવી જીવને રે લોલ, સાંભળો આણી રીજ રે; સુગુણનર૦
સુકૃત કરણી ખેતમાં રે લોલ, વાવો સમકિત બીજ રે. સુ૦ ૧
ધરજો ધર્મશું પ્રીતડી રે લોલ, કરી નિશ્ચય વ્યવહાર રે; સુ૦
ઈણભવ પરભવ ભવો ભવે રે લોલ, હોવે જય જયકાર રે. સુ૦ ૨
ક્રિયા તે ખાતર નાંખીયે રે લોલ, સમતા દીજે ખેડ રે; સુ૦
ઉપશમ નીરે સીંચીએ રે લોલ, ઉગે જયું સમકિત છોડ રે. સુ૦ ૩
વાડી કરો સંતોષની રે લોલ, તે પાખલ તસ છોર રે; સુ૦
વ્રત પચક્ખાણ ચોકી ઠવો રે લોલ, વારજો કર્મ રૂપ ચોર રે. સુ૦ ૪
અનુભવ કેરી મંજરી રે લોલ, મોરે સમકિત વૃક્ષ રે; સુ૦
શ્રુત ચારિત્ર ફલ ઉતરે રે લોલ, તે ફળ ચાખજો શિષ્ય રે. સુ૦ ૫
જ્ઞાનામૃતરસ પીજીયે રે લોલ, સ્વાદ લ્યો સમ તંબોળ રે; સુ૦
એણે રસે સંતોષ પામશો રે લોલ, લેશો ભવ નિધિ ફૂલ રે. સુ૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઈણુ વિધ બીજ તુમે સદ્દહો રે લોલ, છોંડી રાગ અને દ્વેષ રે; સુ૦
કેવલ કમલા પામીયે રે લોલ, વરીયે મુક્તિ સુવિવેક રે. સુ૦ ૭
સમકિત બીજ જે સદ્દહે રે લોલ, તે ટાલે નરક નિગોદ રે; સુ૦
વિજય લબ્ધિ નિત સદા લહે રે લોલ, નિત્ય નિત્ય વિવિધ વિનોદ રે. સુ૦ ૮

## ૪૪૦
## બીજની સજ્ઝાય

(પ્રાણી ધરીએ સમકિત રંગ...)

**બીજ** તણે દિન દાખવું રે, દુવિધ ધર્મ પ્રકાર;
પંચ મહાવ્રત સાધુને રે, શ્રાવકનાં વ્રત બાર રે.
પ્રાણી ધર્મ કરો સહુ કોય૦ ૧
પ્રાણાતિપાત જેહ કહ્યું રે, જાવજ્જીવ તે જાણ;
બીજું મૃષાવાદ જાણીએ રે, મોટું તેહ વખાણ રે. પ્રાણી૦ ૨
જાવજ્જીવ ત્રીજું વલી રે, નામે અદત્તા દાન;
ચોથું વ્રત ઘણું પાલતાં રે, જગમાં વાંધે માન રે. પ્રાણી૦ ૩
નવ વિધ પરિગ્રહ છાંડતાં રે, પંચતી ગતિ શુભ ઠામ;
એ વ્રત સુધાં પાલતાં રે, અણગારી કહ્યો નામ રે. પ્રાણી૦ ૪
પાંચ વ્રત પાળે સદા રે, સાધુનો એહ આચાર;
પડિક્કમણાં બે ટંકનાં રે, રાખે ધર્મશું પ્યાર રે. પ્રાણી૦ ૫
એહવાં વ્રત પાળે સદા રે, ગ્રંથ તણે અનુસાર;
આરાધક એહને કહ્યો રે, તે પામે ભવપાર રે. પ્રાણી૦ ૬
મિથ્યાત્વે ભૂલો ભમ્યો રે, એહ અનાદિનો જીવ;
સાર ધર્મ નવિ ઓળખ્યો રે, જેહથી મોક્ષ સદીવ રે. પ્રાણી૦ ૭
આરંભ છાંડી આતમા રે, સમિતિ ગુપ્તિ શું કર પ્રીત;
આઠે મદ દૂરે ત્યજી રે, કરો ધર્મ સુવિનીત રે. પ્રાણી૦ ૮
પાળો જિનવર આણને રે, જો ચાહો શિવરાજ;
શ્રી વિજયરત્ન સૂરીંદનાં રે, દેવનાં સર્યા સવિ કાજ રે. પ્રાણી૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૪૧
## પાંચમની સજ્ઝાય

શ્રી ગુરૂચરણ પસાઉલે રે લાલ, પંચમીનો મહિમાય રે હો આતમ;
વિવરી ને કહીશ્યું સુણો રે લાલ, સુણતાં પાતક જાય રે હો આતમ,
પંચમી તપ પ્રેમે કરો રે લાલ. ૧
મન શુદ્ધે આરાધતાં રે લાલ, તુટે કર્મ નિદાન રે હો આતમ;
આ ભવ સુખ પામો ઘણા રે લાલ, પરભવ અમર વિમાન રે. હો૦ પં૦ આ૦ ૨
સયલ સૂત્ર રચના કરી રે લાલ, ગણધર હુઆ વિખ્યાત રે હો આતમ;
જ્ઞાને કરીને જાણતાં રે લાલ, સ્વર્ગ નરકની વાત રે હો૦ પં૦ આ૦ ૩
ગુરુ જ્ઞાને કરી દીપતા રે લાલ, તે તરીયા સંસાર રે હો આતમ;
અજુઆલી પક્ષ પંચમી રે લાલ, કરો ઉપવાસ જગીશરે હો૦ પં૦ આ૦ ૪
નમો નાણસ્સ ગણણું ગણો રે લાલ, નવકાર વાલી વીશ રે; હો૦
પંચ માસ શકિતએ ઉજવો રે લાલ, જેમ મનને ઉલ્લાસ રે. હો૦ પં૦ આ૦ ૫
વરદત્ત ને ગુણ મંજરી રે લાલ, તપથી નિર્મલ થાય રે આતમ;
કીર્તિ વિજય ઉવજ્ઝાયનો રે લાલ, કાંતિવિજય ગુણ ગાય રે હો૦ પં૦ આ૦ ૬

## ૪૪૨
## પાંચમની સજ્ઝાય

### ઢાળ પહેલી

શ્રી વાસુપૂજ્ય જિનેસર વયણથી રે, રૂપ કુંભ કંચન કુંભ મુનિ દોય;
રોહિણી મંદિર સુંદર આવીયા રે; નમી ભવ પૂછે દંપતી સોય,
ચઉનાણી વયણે દંપતી મોહિયા રે૦ ૧
રાજા રાણી નિજ સુત આઠનો રે, તપફળ નિજ ભવ ધારી સંબંધ;
વિનય કરી પૂછે મહારાજ ને રે, ચાર સુતાના ભવ પરબંધ. ચઉ૦ ૨
રૂપમતી શીયલ વતી ને ગુણવતી રે, સરસ્વતી જ્ઞાન કલા ભંડાર;
જનમથી રોગ સોગ દીઠો નહિ રે. કુણ પુન્યે લીધો એ અવતાર. ચ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ઢાલ-બીજી
(વ્હાલો વસે વિમલાચલે રે.)

ગુરુ કહે વૈતાઢય ગિરિવરે રે, પુત્રી વિદ્યાધરી ચાર;
નિજ આયુ જ્ઞાનીને પૂછીયું રે, કરવા સફલ અવતાર,
અવધારો અમ વિનતી રે. અવ૦ ૧
ગુરૂ મુખથી એક દિવસનું રે, સાંભલીને નિજ આય;
અલ્પ કાલ જાણી કરી રે, ચિંતાતુર મન થાય. અવ૦ ૨
થોડામાં કાર્ય ધર્મનાં રે, કેમ કરીયે મુનિરાજ;
ગુરૂ કહે યોગ અસંખ્ય છે રે, જ્ઞાન પંચમી તુમ કાજ. અવ૦ ૩
ક્ષણ અરધે સવિ અઘ ટળે રે, શુભ પરિણામે સાધ;
કલ્યાણક નેવું જિનતણાં રે, પંચમી દિવસે આરાધ. અવ૦ ૪

## ઢાલ-ત્રીજી
(જઈને કહેજ્યો, મારા વાલાજી રે.)

ચૈત્ર વદિ પાંચમ દિને, સુણો પ્રાણીજી રે;
આવીયા ચંદ્રપ્રભુ સ્વામ, લહી સુખ ઠામ. સુણો૦
અજિત સંભવ અનંતજી; સુ૦
સુદિ પંચમી શિવધામ, શુભ પરિણામ. સુણો૦ ૧
વૈશાખ વદિ પંચમી દિને. સુ૦
સંજમ લીયે કુંથુનાથ, બહુ નર સાથ. સુણો૦
જેઠ સુદિ પંચમી વાસ રે; સુ૦
મુક્તિ પામ્યા ધર્મનાથ, શિવપુર સાથ. સુણો૦ ૨
શ્રાવણ સુદિ પંચમી દિને; સુ૦
જન્મ્યા નેમિ સુરંગ, અતિ ઉછરંગ. સુણો૦
માગશર વદિ પંચમી દિને; સુ૦
સુવિધિ જન્મ સુખ સંગ, પુણ્ય અભંગ. સુણો૦ ૩
કારતિક વદિ પંચમી દિને; સુ૦
સંભવ કેવલનાણ; કરે બહુમાન. સુણો૦
દશ ક્ષેત્રે નેવું જિનતણાં; સુ૦
પંચમી દિનનાં કલ્યાણ, સહુનાં નિધાન. સુણો૦ ૪

## ઢાલ-ચોથી
(હાંરે મારે ધર્મ જિણંદશું, લાગી પૂરણ પ્રીત જો)

હાંરે મારે જ્ઞાની ગુરૂનાં, વયણ સુણી હિતકાર જો;
ચાર વિદ્યાધરી પંચમી વિધિ તે, આચરે રે લોલ.

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

હાંરે મારે શાસન દેવને પંચ જ્ઞાન મનોહાર જો;
ટાળી રે આશાતન દેવવંદન કરે રે લોલ. ૧
હાંરે મારે તપ પૂરણથી ઉજમણાનો ભાવ જો;
એહવે વિદ્યુત યોગે સુર પદવી વર્યા રે લોલ;
હાંરે મારે ધર્મ મનોરથ આળસ તજતાં હોય જો;
ધન્ય તે આતમ અવિલંબે કારજ કર્યાં રે લોલ. ૨
હાંરે મારે દેવ થકી તુમ કુખે લિયો અવતાર જો;
સાંભળ રોહિણી જ્ઞાન આરાધન ફલ ઘણાં રે લોલ;
હાંરે મારે ચારે ચતુરા વિનય વિવેક વિચાર જો,
ગુણ કેટલા લખાયે તુમ પુત્રી તણાં રે લોલ. ૩

## ઢાળ-પાંચમી

(એમ કેઈ સિદ્ધિ વર્યા મુનિરાયા.)

જ્ઞાનીના વયણથી ચારે બેની, જાતિ સમરણ પામી રે;
જ્ઞાની ગુણવંતા.
ત્રીજા ભવમાંહે ધારણા કીધી, સિદ્ધાં મનનાં કામો રે. જ્ઞાની૦ ૧
શ્રી જિનમંદિર પંચ મનોહર, પંચ વરણી જિન પડિમાં રે; જ્ઞાની૦
જિનવર આગમને અનુસારે, કરે ઉજમણાનો મહિમા રે. જ્ઞાની૦ ૨
પંચમી તિથિ આરાધતાં પંચમ, કેવલનાણ તે થાય રે; જ્ઞાની૦
વિજયલક્ષ્મી સૂરિ અનુભવ નાણે, સંઘ સકલ સુખદાય રે. જ્ઞાની૦ ૩

## ૪૪૩
## પંચમીની સજ્ઝાય

### ઢાળ=પાંચમી

(પુક્ખલવઈ વિજયે જયો રે.)

પુનરપિ પાંચમ એમ વદે રે, સાંભળો પ્રાણી સુજાણ;
શ્રી જિન અનુમતે ચાલીયે રે, જિમ લહીએ સુખની ખાણ;
ભવિક જન, ધરજો ધર્મ શું પ્રીતિ;
એ તો આણી મન શુભ રીતિ. ભ૦ ધ૦ (એ આં.) ૧
આશ્રવ પંચ દૂર કરી રે, કીજે સંવર પંચ;
પંચ સમિતિ શુભ પાળીને રે, તુમે મેલો શિવવધૂ સંચ. ભ૦ ધ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પંચ મહાવ્રત અનુસરી રે, પાળો પંચ આચાર;
ત્રિકરણ શુદ્ધિયે ધ્યાવજો રે, પંચ પરમેષ્ઠી નવકાર. ભ૦ ધ. ૩
સમકિત પંચ અજુવાળજો રે, ધરજો ચારિત્ર પંચ;
પંચ ભૂષણને પડિવજજી રે, ટાળો દૂષણ પંચ. ભ૦ ધ૦ ૪
મત કરો પંચ પ્રમાદને રે, મત કરો પંચ અંતરાય;
પંચથી તપ શુભ આદરો રે, જિમ દિન દિન દોલત થાય. ભ૦ ધ૦ ૫
પંચમી તપ મહિમા ઘણો રે, કહેતાં નાવે પાર;
વરદત્ત ને ગુણ મંજરી રે, જુઓ પામ્યા ભવનો પાર. ભ૦ ધ૦ ૬
પંચમી એમ આરાધીએ રે, લહીએ પંચમનાણ;
ચઉદ રજજવાત્મક લોકના રે, એતો મન પજ્જવ શુભ જાણ. ભ૦ ધ૦ ૭
ઘનઘાતિ કર્મ ખપાવતાં રે, વાજે હો મંગળ શબ્દ;
પંચમી ગતિ અવિચળ લહેરે, તિહાં સુખ અનંત સુલબ્ધ. ભ૦ ધ૦ ૮

## ૪૪૪
## અષ્ટમીની સજ્ઝાય

**શ્રી** સરસ્વતી ચરણે નમી, આપો વચન વિલાસ. ભવિયણ
અષ્ટમી ગુણ હું વર્ણવું, કરી સેવકને ઉલ્લાસ. ભવિયણ ૧
અષ્ટમી તપ ભાવે કરો, આણી હર્ષ ઉમેદ; ભવિયણ;
તો તુમ પામશો ભવતણો, કરશો કર્મનો છેદ. ભવિ૦ અ૦ ૨
અષ્ટ પ્રવચન તે પાળીએ, ટાળીએ મદનાં ઠામ. ભવિયણ;
અષ્ટ પ્રતિહાર્ય મન ધરી, જપીએ જિનનું નામ. ભવિ૦ અ૦ ૩
એહવો તપ તુમે આદરો, ધરો મનમાં જિનધર્મ. ભવિયણ;
તો તુમે અપવાદથી છૂટશો, ટાળશો ચિહું ગતિ મર્મ. ભ૦ અ૦ ૪
જ્ઞાન આરાધન એહ થકી, લહીએ શિવ સુખ સાર. ભવિયણ;
આવાગમન જન નહિ હુએ, એ છે જગ આધાર. ભ૦ અ૦ ૫
તીર્થંકર પદવી લહે, તપથી નવે નિધાન. ભવિયણ;
જુઓ મલ્લિકુમરી પરે, પામે તે બહુ ગુણ જ્ઞાન. ભ૦ અ૦ ૬
એ તપનાં છે ગુણ ઘણા, ભાખે શ્રી જિન ઈશ. ભવિયણ;
શ્રી વિજયરત્ન સૂરીંદનો, વાચક દેવસૂરીશ. ભવિ૦ અ૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૪૫
## અષ્ટમીની સજ્ઝાય

અષ્ટ કર્મ ચુરણ કરી રે લાલ, આઠ ગુણે પ્રસિદ્ધ મેરે પ્યારે રે;
ક્ષાયિક સમકિતના ધણી રે લાલ, વંદુ એવા સિદ્ધ મેરે પ્યારે રે. ૧
અનંત જ્ઞાન દર્શન ધરા રે લાલ, ચોથું વીર્ય અનંત મેરે;
અગુરૂ લઘુ સુક્ષ્મ કહ્યા રે લાલ, અવ્યાબાધ મહંત મેરે. અષ્ટ૦ ૨
જેહની કાયા જેહવી રે લાલ, ઊણી ત્રીજે ભાગ મેરે;
સિદ્ધ શિલાથી જોયણે રે લાલ, અવગાહન વીતરાગ. મેરે. અષ્ટ૦ ૩
સાદિ અનંતા તિહાં રે લાલ, સમય સમય તેહ જાય મેરે;
મંદિર માંહી દીપાલિકા રે લાલ, સઘળા તેજ સમાય મેરે. અષ્ટ૦ ૪
માનવ ભવથી પામીયે રે લાલ, સિદ્ધ તણા સુખ સંગ. મેરે;
એહનું ધ્યાન સદા ધરો રે લાલ, એમ બોલે ભગવતી અંગ મેરે. અષ્ટ૦ ૫
શ્રી વિજયદેવ પટ્ટધરૂ રે લાલ, શ્રી વિજયસેન સૂરીશ મેરે;
સિદ્ધ તણા ગુણ એ કહ્યા રે લાલ, દેવ દીયે આશિષ મેરે. અષ્ટ૦ ૬

## ૪૪૬
## વૈરાગ્યની સજ્ઝાય

ગોયમ પૂછે વીરને, સુણો સ્વામીજી, મૌન એકાદશી કોણે કહી;
કોણે પાલી, કોણે આદરી, સુણો૦ એહ અપૂર્વ દિન સહી. ૧
વીર કહે સુણો ગોયમ, ગુણ ગેહાજી, નેમે પ્રકાશી એકાદશી;
મૌન એકાદશી નિર્મલી, સુણો ગોયમા, ગોવિંદ કરે મલારસી. ૨
દ્વારમતી નગરી ભલી, સુણો૦ નવ જોયણ આરામ વસી;
છપ્પન ક્રોડ જાદવ વસે. સુણો૦ કૃષ્ણ બિરાજે તિણે નગરી. ૩
વિચરંતા વિચરંતા નેમજી,સુણો૦આવી રહ્યા ઉજ્જયંત શિખરે;
મધુરી ધ્વનિ દીયે દેશના, સુણો૦ ભવિયણને ઉપગાર કરે. ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભવ અટવી ભીષણ ઘણી, સુણો૦ તે તરવા પંચપર્વી કહી;
બીજે બે વિધ સાચવો, સુણો૦ દેશવિરતિ સર્વ વિરતિ સહી. ૫
પંચમીયે જ્ઞાન આરાધીયે, સુણો૦ પંચ વરસ પંચ માસ વળી;
અષ્ટમી દિન અષ્ટ કર્મનો. સુણો૦ પરભવ આયુનો બંધ કરે. ૬
ત્રીજે ભાગે નવમે ભાગે, સુણો૦ સત્તાવીશમે ભાગે સહી;
અથવા અંતર્મુહુર્ત સમે સુણો૦ શ્વાસો શ્વાસમાં બંધ કરે. ૭
માયા કપટ જે કેળવે સુણો૦ નરક તિર્યંચનું આયુ ધરે;
રાગતણે વશ મોહિયો, સુણો૦ વિકલ થયો પરવશ પણે. ૮
કરણી અકરણી નવિ ગણે સુણો૦ મોહ તિમર અંધકાર પણે;
મોહે મદ ગાઢો કરે, સુણો૦ દે ઘુમણી ઘણું જોર પણે. ૯
ઘાયલ જેમ રહે ઘુમતો, સુણો૦ કહ્યું ન માને તેહ પણે;
જીવ રૂલે સંસારમાં, સુણો૦ મોહ કર્મની સહી જાણી. ૧૦
અલ્પ સુખ સરસવ જેવું, સુણો૦ તો તેને મેરૂ સમાન ગણે;
લોભે લંપટ વાહીયો, સુણો૦ નવિ ગણે તે અંધપણે. ૧૧
જ્ઞાની વિણ કહો કોણ લીએ, સુણો૦ શું જાણે છદ્મસ્થ પણે;
અષ્ટમી એકાદશી ચૌદશી, સુણો૦ સામાયિક પોસહ કરે. ૧૨
ધર્મને દિવસે કર્મનો, સુણો૦ આરંભ કરે જે નરનારી;
નિશ્ચય સદ્ગતિ નવિ લહે, સુણો૦ અશુભ કર્મના ફળ છે ભારી. ૧૩
પાંચ ભરત પાંચ અઈરવતે, સુણો૦ મહાવિદેહ તે પાંચ ભણે;
કર્મ ભૂમિ સઘળી થઈ, સુણો૦ કલ્યાણક પચ્ચાસોય ગણે. ૧૪
શ્રી વિશાળ સોમ સૂરીશ્વર પ્રભુ, સુણો૦ તપગચ્છકો શિરદાર સુણિ;
તસગુરૂ ચરણકમળ નમી સુણો૦ સુવ્રતરૂપ સજ્ઝાય ભણી. ૧૫

## ૪૪૭
## એકાદશીનો સંવાદ

આજ મારે એકાદશી રે, નણદલ મૌન કરી મુખ રહીએ;
પુછયાનો પડુત્તર પાછો, એહને કાંઇ ન કહીએ. આજ૦ ૧
મારો નણદોઇ તુજને વહાલો, મુજને તારો વીરો;
ધૂમાડાના બાચકા ભરતાં, હાથ ન આવે હીરો આજ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એકે ન આવ્યો આડો;
પરભવ જાતા પાલવ ઝાલે, તે મુજને દેખાડો. આજ૦ ૩
માગશર શુદિ અગીયારસ મોટી, નેવું જિનના નિરખો;
દોઢસો કલ્યાણક મોટા, પોથી જોઇ જોઇ હરખો. આજ૦ ૪
સુવ્રત શેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીઓ;
પાવક પુર સઘળું પર જાળ્યું, એહનો કાંઈ ન દહીયો. આજ૦ ૫
આઠ પહોરનો પોસહ કહીએ, ધ્યાન પ્રભુનું ધરીએ;
મન વચ કાયા જો વશ કરીએ, તો ભવસાગર તરીએ. આજ૦ ૬
ઈર્યાસમિતિ ભાષા ન બોલે, આડું અવળું પેખે;
પડિક્કમણા શું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે. આજ૦ ૭
કર ઉપર તો માળા ફિરતી, જીવ ફરે વનમાંહી;
ચિત્તડું તો ચિહું દિશિયે ડોલે, ઈણ ભજને સુખ નાંહિ. આજ૦ ૮
પૌષધશાળે ભેગા થઈને, ચાર કથા વળી સાથે;
કાંઈક પાપ મિટાવણ આવે, બાર ગણું વળી બાંધે. આજ૦ ૯
એક ઉઠંતી આળસ મોડે, બીજી ઉંઘે બેઠી;
કોઇક નદીઓમાંથી નિસરતી, જઈ દરિયામાં હેઠી. આજ૦ ૧૦
આઈ બાઇ નણંદ ભોજાઈ, ન્હાની મ્હોટી વહુને;
સાસુ સસરો માને માસી, શિખામણ છે સહુને. આજ૦ ૧૧
ઉદયરતન વાચક ઉપદેશે, જે નરનારી રહેશે;
પોષહમાંહે પ્રેમ ધરીને, અવિચળ લીલા લહેશે. આજ૦ ૧૨

## ૪૪૮
## ઋષભદેવની સજ્ઝાય

કયાંથી રે પ્રભુ અવતર્યા, કયાં લીયો અવતારજી;
સરવારથ સિદ્ધ વિમાનથી ચ્યવિ, ભરતક્ષેત્ર અવતારજી.
તારો રે દાદા ઋષભજી. ૧
ચોથ ભલી રે અષાઢની, જનની કુખે અવતારજી;
ચૌદ સુપન નિરમલ લહી, જાગ્યાં જનની તેણિવારજી. તારો૦ ૨
ચૈત્ર વદિ આઠમને દિને, જન્મ્યા શ્રી ત્રિભુવન નાથજી;
છપ્પન દિક્કુમરી મલી, કરે શુચિકર્મ તેણીવારજી. તારો૦ ૩

ચોસઠ ઇન્દ્ર તિહાં આવીયાં, નાભીરાયા દરબારજી;
પ્રભુને લેઇ મેરૂ ગયા, સ્નાત્ર મહોત્સવ કરે તેણીવારજી. તારો૦ ૪
પ્રભુને સ્નાત્રમહોત્સવ કરી, લાવ્યા જનની પાસજી;
અવસ્વાપિની નિદ્રા હરી કરી, રત્નનો ગેડીદડો મૂકેજી. તારો૦ ૫
લોકાંતિક સુર આવી કરી, વિનવે ત્રિભુવન નાથજી;
દાન સંવત્સરી આપીને, લીધો સંજમ સારજી. તારો૦ ૬
પંચ મહાવ્રત આદરી, ચૈત્ર વદિ અષ્ટમી જાણજી;
ચાર હજાર સાથે સંયમી, ઉપન્યું ચોથું જ્ઞાનજી. તારો૦ ૭
કર્મ ખપાવી કેવલ લેહી, લોકાલોક પ્રકાશજી;
સંશય ટાળી જીવનાં, લેવા શિવરમણી સારજી. તારો૦ ૮
ખોટ ખજાનો પ્રભુ તારે નથી, દેતાં લાગે શું વારજી;
કાજ સરે નિજ દાસનાં, એ છે આપનો ઉપકાર જી. તારો૦ ૯
ઘરનાને તાર્યાં તેમાં શું કર્યું, મુજ સરીખાને તારોજી;
કલ્પવૃક્ષ જિહાં ફલ્યો, તેમ દાદો દયાલજી. તારો૦ ૧૦
ચરણે આવ્યાને પ્રભુ રાખશો, બાહુબલ ભરત નરેશજી;
પદ્મવિજય કહે વંદણા, તારા તારો દાદા દયાલજી. તારો૦ ૧૧

## ૪૪૯
## રોહિણીની સજ્ઝાય

**શ્રી** વાસુપૂજ્ય જિણંદના એ, સુત મઘવા મનોહાર;
જયો તપ રોહિણી એ;
રોહિણી નામે તસ સુતા એ, શ્રી દેવી માતા મલ્હાર. જયો૦
કરે તસ ધન અવતાર. જયો૦ ૧
પદ્મપ્રભુના વયણથી એ, દુર્ગંધ, રાજકુમાર; જયો૦
રોહિણી તપ તે ભવે એ, સુજસ સુગંધ વિસ્તાર. જયો૦ કરે૦ ૨
નરદેવ સુરપદ ભોગવીએ, તે થયો અશોક નરિંદ; જયો૦
રોહિણી રાણી તેહની એ, હોયને તપ સુખ કંદ. જયો૦ કરે૦ ૩
દુરભિ ગંધા કામિની એ, ગુરૂ ઉપદેશ સુણંત; જયો૦
રોહિણી તપ કરી દુઃખ હરીએ, રોહિણી ભવ સુખવંત. જયો૦ કરે૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ પારણા દિન ઋષભનો એ, રોહિણી નક્ષત્ર વાસ; જયો૦
ત્રિવિધે કરી તપ ઉચ્ચરો એ, સાત વરસ સાત માસ. જયો૦ કરે૦ ૫
કરો ઉજમણું પૂર્ણ તપે એ, અશોક તરૂ તલ ઠાય; જયો૦
બિંબ રયણ વાસુપૂજ્યનું એ, અશોક રોહિણી સમુદાય. જયો૦ કરે૦ ૬
એકસો એક મોદક ભલા એ, રૂપા નાણાં સમેત; જયો૦
સાત સત્યાવીશ કીજીયે એ, વેશ સંઘ ભકિત હેત. જયો૦ કરે૦ ૭
આઠ પુત્ર ચારે સુતા એ, રોગ સોગ નવિ દીઠ; જયો૦
પ્રભુ હાથે સંયમ લહ્યું એ, દંપતી કેવળ દીઠ. જયો૦ કરે૦ ૮
કાંતિ રોહિણી પતિ જિસી એ, રોહિણીસુત સમ રૂપ; જયો૦
એ તપ સુખ સંપદ દીયે એ, વિજય લક્ષ્મી સૂરિ ભૂપ. જયો૦ કરે૦ ૯

## ૪૫૦
## સિદ્ધચક્રની સજ્ઝાય

શ્રી મુનીચંદ્ર મુનીશ્વર વંદીએ, ગુણવંતા ગણધર સુજ્ઞાની;
દેશના સરસ સુધારસ વરસતાં, જિમ પુષ્કળ જળધાર સુજ્ઞાની. શ્રી૦ ૧
અતિશય જ્ઞાની પર ઉપકારીયા, સંયમ શુદ્ધ આચાર સુજ્ઞાની;
શ્રી શ્રીપાળ ભણી જાપ આપીઓ, કરી સિદ્ધચક્ર ઉદ્ધાર સુજ્ઞાની. શ્રી૦ ૨
આયંબીલ તપ વિધિ શીખી આરાધીયો, પડિક્કમણાં દોયવાર સુજ્ઞાની;
અરિહંતાદિક પદ એક એકનું, ગુણણું દોય હજાર. સુજ્ઞાની. શ્રી૦ ૩
પડિલેહણ દોય ટંકનાં આદરે, જિન પૂજા ત્રણ કાળ સુજ્ઞાની;
બ્રહ્મચારી વળી ભોંય સંથારે, વચન ન આળ પંપાળ સુજ્ઞાની. શ્રી૦ ૪
મન એકાગ્ર કરી આયંબીલ કરે, આસો ચૈતર માસ સુજ્ઞાની;
શુદી સાતમથી નવ દિન કીજીએ, પૂનમે ઓચ્છવ ખાસ સુજ્ઞાની. શ્રી૦ ૫
એમ નવ ઓળી એકાશી આયંબિલે, પૂરી પૂરણ હર્ષ સુજ્ઞાની;
ઉજમણું પણ ઉદ્યમથી કરે, સાડા ચારે રે વર્ષ સુજ્ઞાની. શ્રી૦ ૬
એ આરાધનથી સુખ સંપદા, જગમાં કીર્તિ રે થાય સુજ્ઞાની;
રોગ ઉપદ્રવ નાસે એહથી, આપદા દૂરે પલાય સુજ્ઞાની. શ્રી૦ ૭
સંપદા વાધે અતિ સોહામણી, આણા હોય અખંડ સુજ્ઞાની;
મંત્ર જંત્ર તંત્ર કરી સોહતો, મહિમા જાસ પ્રચંડ સુજ્ઞાની. શ્રી૦ ૮
ચક્કેશ્વરી જેહની સેવા કરે, વિમલેશ્વર વળી દેવ સુજ્ઞાની;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

મન અભિલાષ પૂરે સવિ તેહના, જે કરે નવપદ સેવ સુજ્ઞાની. શ્રી૦ ૯
શ્રી પાળે તેણી પરે આરાધીઓ, દૂર ગયો તસ રોગ સુજ્ઞાની;
રાજ ઋદ્ધિ દિન દિન પ્રત્યે વાધતો, મનવાંછિત લહ્યા ભોગ સુજ્ઞાની. શ્રી૦ ૧૦
અનુક્રમે નવમે ભવ સિદ્ધિ વર્યા, સિદ્ધચક્ર સુપસાય સુજ્ઞાની;
એણી પરે જે નિત્ય નિત્ય આરાધશે, તસ જશ વાદ ગવાય સુજ્ઞાની. શ્રી૦ ૧૧
સંસારીક સુખ વિલસી અનુક્રમે, કરીએ કર્મનો અંત સુજ્ઞાની;
ઘાતી અઘાતી ક્ષય કરી ભોગવે, શાશ્વત સુખ અનંત સુજ્ઞાની. શ્રી૦ ૧૨
એમ ઉત્તમ ગુરૂ વયણ સુણી કરી, પાવન હુઆ બહુ જીવ સુજ્ઞાની;
પદ્મવિજય કહે એ સુરતરૂ સમો, આપો સુખ સદૈવ સુજ્ઞાની. શ્રી૦ ૧૩

## ૪૫૧
## સિદ્ધચક્રની પાંચ પદની સજ્ઝાય

### અરિહંત પદની સજ્ઝાય.

વારી જાઉં શ્રી અરિહંતની, જેહના ગુણ છે બાર; મોહન૦
પ્રાતિહારજ આઠ છે, મૂલ અતિશય ચાર. મો૦ વારી૦ ૧
વૃક્ષ અશોક સુર કુસુમની, વૃષ્ટિ દિવ્ય ધ્વનિ વાણ; મો૦
ચામર-સિંહાસન-દુંદુભિ, ભામંડલ છત્ર વખાણ. મો૦ વા૦ ૨
પૂજા અતિશય છે ભલો, ત્રિભુવન જનને માન; મો૦
વચનાતિશય જોજન ગામી, સમજે ભવિઅ સમાન. મો૦ વા૦ ૩
જ્ઞાનાતિશય અનુત્તર તણા, શંસય છેદનહાર; મો૦
લોકા લોક પ્રકાશતાં, કેવલ જ્ઞાન ભંડાર. મો૦ વા૦ ૪
રાગાદિક અંતર રિપુ, તેહનો કિધો અંત; મો૦
જિહાં વિચરે જગદીશ્વરૂં, તિહાં સાતે ઇતિ સમંત. મો૦ વા૦ ૫
એહવા અપાયાપગમનો, અતિશય અતિ અદ્‌ભુત; મો૦
અહર્નિશ સેવા સારતા, કોડી ગમે સુર હુંત. મો૦ વા૦ ૬
માર્ગ શ્રી અરિહંત નો, આદરીયે ધરી નેહ; મો૦
ચાર નિક્ષેપે વાંદીયે, જ્ઞાન વિમલ ગુણ ગેહ. મો૦ વા૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૫૨
## બીજા સિદ્ધપદની સજ્ઝાય

નમો સિદ્ધાણં બીજે પદે રે લાલ, જેહના ગુણ છે આઠ રે; હું વારી લાલ;
શુકલ ધ્યાન અનલે કરી રે લાલ, બાળ્યા કર્મ કઠોર રે. હું૦ ન૦ ૧
જ્ઞાના વરણીયે ક્ષયે લહ્યું રે લાલ, કેવલ જ્ઞાન અનંત રે; હું૦
દર્શના વરણીય ક્ષયથી થયા રે લાલ, કેવલ દર્શન કંત રે. હું૦ ન૦ ૨
અક્ષય અનંત સુખ સહજથી રે લાલ, વેદની કર્મનો નાશ રે; હું૦
મોહનીય ક્ષયે નિર્મલો રે લાધ, ક્ષાયિક સમકિત વાસ રે. હું૦ ન૦ ૩
અક્ષય સ્થિતિ ગુણ ઉપન્યો રે લાલ, આયુ કર્મ અભાવ રે; હું૦
નામ કર્મ ક્ષયે નિપન્યો રે લાલ, રૂપાદિક ગતિ ભાવ રે. હું૦ ન૦ ૪
અગુરૂ લઘુ ગુણ ઉપન્યો રે લાલ, ન રહ્યો કોઈ વિભાવ રે; હું૦
ગોત્રકર્મના નાશથી રે લાલ, નિજ પ્રગટયા જસ ભાવ રે. હું૦ ન૦ ૫
અનંતવીર્ય આતમ તણું રે લાલ, પ્રગટ્યો અંતરાય નાશ રે. હું૦
એ આઠે કર્મ નાશી ગયા રે લાલ, અનંત અક્ષય ગુણવાસ રે. હું૦ ન૦ ૬
ભેદ પંદર ઉપચારથી રે લાલ, અનંતર પરંપર ભેદ રે. હું૦
નિશ્ચયથી વીતરાગના રે લાલ, ત્રિકરણ કર્મ ઉચ્છેદ રે. હું૦ ન૦ ૭
જ્ઞાનવિમલની જ્યોતિમાં રે લાલ, ભાસિત લોકાલોક રે. હું૦
તેહના ધ્યાન થકી થશે રે લાલ, સુખીયા સઘળા લોક રે. હું૦ ન૦ ૮

## ૪૫૩
## આચાર્યપદની સજ્ઝાય

આચારી આચાર્યનોજી, ત્રીજે પદે ધરો ધ્યાન;
શુભ ઉપદેશ પ્રરૂપતાંજી, કહ્યા અરિહંત સમાન. સૂરીશ્વર૦
નમતાં શિવસુખ થાય, ભવો ભવનાં પાતિક જાય સૂરીશ્વર૦
પંચાચાર પલાવતાંજી, આપણપે પાલંત;
છત્રીશી છત્રીશી ગુણે કરીજી, અલંકૃત તનુ વિલસંત. સૂરી૦ ૨
દર્શન જ્ઞાન ચારિત્રનાજી, એકેક આઠ આચાર;
બારહ તપ આચારનાજી, ઈમ છત્રીશ ઉદાર. સૂરી૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પડિ રૂપાદિક ચૌદ છેજી, વલિ દશવિધ યતિ ધર્મ;
બારહ ભાવના ભાવતાંજી, એ છત્રીશ મર્મ. સૂરી૦ ૪
પંચેન્દ્રિય દમે વિષયથીજી, ધારે નવવિધ બ્રહ્મ;
પંચ મહાવ્રત પોષતાંજી, પંચાચાર સમર્થ. સૂરી૦ ૫
સમિતિ-ગુપ્તિ શુદ્ધિ ધરેજી, ટાળે ચાર કષાય;
એ છત્રીશી આદરેજી, ધન્ય ધન્ય તેહની માય. સૂરી૦ ૬
અપ્રમતે અર્થ ભાખતાંજી, ગણિ સંપદ જે આઠ,
છત્રીશ ચઉ વિનયાદિકેજી, એમ છત્રીશે પાઠ. સૂરી૦ ૭
ગણધર ઉપમા દીજીએજી, યુગ પ્રધાન કહાય;
ભાવ ચારિત્રી તેહવાજી, તિહાં જિન માર્ગ ઠરાય. સૂરી૦ ૮
જ્ઞાન વિમલ ગુણ ગાવતાંજી, ગાજે શાસન માંહી;
તે વાંદી નિર્મલ કરોજી, બોધિ બીજ ઉચ્છાંહી. સૂરી. નમતાં. ૯

## ૪૫૪
## ઉપાધ્યાય પદની સજ્ઝાય

ચોથે પદે ઉવજ્ઝાયનું, ગુણવંતનું ધરો ધ્યાન રે;
યુવરાજ સમ તે કહ્યા, પદ સૂરિ ને સમાન રે. ચોથે૦ ૧
જે સૂરિ સમાન વ્યાખ્યાન કરે, પણ મ ધરે અભિમાન રે;
વલી સૂત્ર અર્થનો પાઠ દીયે, ભવિ જીવને સાવધાન રે. ચોથે૦ ૨
અંગ અગ્યાર ચૌદ પૂર્વ જે, વલી ભણે ભણાવે જેહ રે;
ગુણ પચવીશ અલંકર્યા, દૃષ્ટીવાદે અર્થના ગેહ રે. ચોથે૦ ૩
બહુ નેહે અર્થ અભ્યાસે સદા, મન ધરતા ધર્મ ધ્યાન રે;
કરે ગચ્છ નિશ્ચિંત પ્રવર્તક, દીયે સ્થવિર ને બહુ માન રે. ચોથે૦ ૪
અથવા અંગ અગ્યાર જે વલી, તેહના બાર ઉપાંગ રે;
ચરણ કરણની સિત્તરી, જે ધારે આપણે અંગ રે. ચોથે૦ ૫
વલી ધારે આપણે અંગે, પંચાંગી મતે શુદ્ધ વાણ રે;
નય ગમ ભંગ પ્રમાણ વિચાર ને, દાખતા જિન આણ રે. ચોથે૦ ૬
સંઘ સકલ હિત કારીયા, રત્નાધિક મુનિ હિતકાર રે;
પણ વ્યવહાર પ્રરૂપતાં, કહે દશ સમાચારી આચાર રે. ચોથે૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઇન્દ્રિય પંચથી વિષય વિકારને, વારંતાં ગુણ ગેહા રે;
શ્રી જિન શાસન ધર્મ ધૂરા, નિર્વહેતા શુચિ દેહા રે. ચોથે૦ ૮
પચવીશ પચવીશ ગુણ તણી, જે ભાખી પ્રવચન માંહી રે;
મુક્તાફલ શુક્તી પરે, દીપે જસ અંગ ઉચ્છાંહી રે. ચોથે૦ ૯
જસ દીપે અતિ ઉચ્છાંહે, અધિક જીવથી એકતાન રે;
એહવા વાચકનું ઉપમાન કહ્યું, તેહથી શુભ ધ્યાન રે. ચોથે૦ ૧૦

## ૪૫૫
## સાધુપદની સજ્ઝાય

તે મુનિને કરૂં વંદન ભાવે, ષટકાય વ્રત રાખે રે;
ઇન્દ્રિય પણ દમે વિષય ઘણાથી, વલી શાન્ત સુધારસ ચાખે રે. તે૦ ૧
લોભ તણા નિગ્રહ ને કરતા, વલી પડિલેહણાદિક કિરિયા રે;
નિરાશંસ યતના એ બહુ પદી, વળી કરણ શુદ્ધિ ગુણ દરિયા રે. તે૦ ૨
અહર્નિશ સંયમ યોગ શું યુક્તા, દુર્ધર પરિષહ સહેતા રે;
મન-વચ-કાય કુશલતાં યોગે, વરતાવે ગુણ અનુસરતા રે. તે૦ ૩
છંડે નિજ તનું ધર્મને કામે, વલી ઉપસર્ગાદિક આવે રે;
સત્તાવીશ ગુણે કરી સોહે, સૂત્રા ચાર ને ભાવે રે; તે૦ ૪
જ્ઞાન-દર્શન-ચારિત્ર તણા જે, ત્રિકરણ યોગ આચાર રે;
અંગે ધરે નિસ્પૃહતા શુદ્ધિ, તે સત્તાવીશ ગુણ સાર રે. તે૦ ૫
અરિહંત ભક્તિ સદા ઉપદેશે, વાચક સૂરિના સહાઈ રે;
મુનિ વિના સર્વ ક્રિયા નવિ સુઝે, તીર્થ સકલ સુખદાઈ રે. તે૦ ૬
પદ પાંચમે ઇણીપરે ધ્યાવો, પંચમી ગતિને સાધો રે;
સુખી કરજો શાસન નાયક, જ્ઞાન વિમલ ગુણ વાધો રે. તે૦ ૭

## ૪૫૬
## નવપદની સજ્ઝાય

સરસતી માયા મયા કરો, આપો વચન વિલાસો રે;
મયણા સુંદરી સતી ગાઈશું, આણી હૈઇડે ભાવો રે, નવપદ મહિમાં સાંભળો
મનમાં ધરી ઉલ્લાસો રે, મયણા સુંદરી ને શ્રીપાલને;
ફલિયો ધર્મ ઉદારો રે. નવપદ૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માલવ દેશ માંહી વલી, ઉજ્જેણી નગરી જામો રે;
રાજ્ય કરે તિહાં રાજીઓ, પૃથ્વીપાલ નરિંદો રે. નવપદ૦ ૨
રાય તણી મન મોહની, ઘરણી અનુપમ હોય રે;
તાસ કુખે સુતા અવતરી, સુર સુંદરી મયણા જોડ રે; નવપદ૦ ૩
સુર સુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાત રે;
મયણા સુંદરી સિદ્ધાંતનો, અર્થ લીયો સુવિચાર રે. નવપદ૦ ૪
રાય કહે પુત્રી પ્રત્યે, હું તુઠ્યો તુમ જેહ રે;
વાંછિત ફલ માગો તદા, આપું અનુપમ તેહ રે. નવપદ૦ ૫
સુર સુંદરીએ વર માગીયો, પરણાવી શુભ ઠામ રે;
મયણા સુંદરી વયણાં કહે, કર્મ કરે તે હોય રે. નવપદ૦ ૬
કર્મે તુમારે આવિયો, વર વરો, બેટી જેહો રે;
તાત આદેશે કર ગ્રહ્યો, વરીયો કુષ્ટી તેહો રે. નવપદ૦ ૭
આંબિલનો તપ આદરી, કોઢ અઢાર નિકાલો રે;
સદ્‌ગુરૂ આજ્ઞા શિર ધરી, હુવો રાય શ્રી પાલો રે. નવપદ૦ ૮
દેશ દેશાંતર ભમી કરી, આવ્યો તે વર સંતો રે;
નવરાણી પામ્યા ભલી, રાજ્ય પામો મન રંગો રે. નવપદ૦ ૯
તપ પસાયે સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહોંચ્યો રે.
ઉપસર્ગ સવિ દૂરે ટલ્યાં, પામ્યો સુખ અનંતો રે. નવપદ૦ ૧૦
તપગચ્છ દિનકર ઉગીયો, શ્રી વિજયસેન સૂરિંદો રે;
તાસ શિષ્ય વિમલ એમ વિનવે,સતીય નામે આણંદો રે. નવપદ૦ ૧૧

## ૪૫૭
## નવપદની સજ્ઝાય

રાજગ્રહી ઉદ્યાન, સમોસર્યા ભગવંત, અછે લાલ;
શ્રેણીક વંદન આવિયાજી. ૧
હયગય રથ પરિવાર, મંત્રી અભય કુમાર અછે લાલ;
બહુ પરિવાર સુપરિવર્યાજી. ૨
વાંદ્યા પ્રભુજીના પાય, બેઠી પરષદા બાર, અછે લાલ;
જીનવાણી સુણવા ભણીજી. ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેશના દિયે જીનરાય; સાંભળે સહુ નારનાર, અછે લાલ;
નવપદ મહિમા વરણવેજી. ૪
આસો ચૈતર માસ; કીજે ઓળી ઉલ્લાસ, અછે લાલ;
સુદિ સાતમથી માંડીયેજી. ૫
પંચ વિષય પરિહાર, કેવળ ભૂમિ સંથાર, અછે લાલ;
જુક્તે જીનવર પુજીએજી. ૬
ગણિએ શ્રી નવકાર, દેવવંદન ત્રણ કાલ, અછે લાલ;
અઢાર હજાર ગુણણું ગણોજી. ૭
નય આંબીલ નિરમાય, કીજે ઓળી ઉદાર, અછે લાલ;
દંપતિ સુખ લિયે સ્વર્ગનાંજી. ૮
મયણાં ને શ્રીપાલ, જપતાં નવપદ જાપ, અછે લાલ,
અનુક્રમે શિવરમણિ વર્યાજી. ૯
ઉત્તમ સાગર શિષ્ય, પ્રણમે તે નિશદિશ, અછે લાલ;
નવપદ મહિમા જાણીએજી. ૧૦

## ૪૫૮
## સાધુ સમુદાયની સજ્ઝાય

શ્રી મુનિરાજને વંદના નિત્ય કરીએ;
હાંરે તપસી મુનિવર અનુસરીયે;
હાંરે ભવસાગર સહેજે તરીએ
હાંરે જેનો ધન્ય અવતાર. શ્રી મુનિરાજને૦ ૧
નિંદક પૂજક ઉપરે સમ ભાવે, હાંરે પૂજક પર રાગ ન આવે;
હાંરે નિંદક પર દ્વેષ ન લાવે, હાંરે તેહથી વીતરાગ. શ્રી મુનિ૦ ૨
સંજમધર મુનિરાજજી મહા ભાગી, હાંરે જેની સંજમે શુભમતી જાગી;
હાંરે થયા કંચન કામિની ત્યાગી, હાંરે કરવા ભવ તાગ. શ્રી મુનિ૦ ૩
ત્રણ ચોકડી ટાળીને વ્રત ધરીયા, હાંરે જાણ્યું સંજમ રસના દરિયાં;
હાંરે અજુવાલ્યા છે આપણા પરીયા, હાંરે ધન્ય ધન્ય ઋષિરાજ. શ્રી મુનિ૦ ૪
ચરણ કરણની સિત્તરી દોય પાળે, હાંરે જિનશાસનને અજુઆલે;
હાંરે મુનિ દોષ બેંતાલીશ ટાલે, હાંરે લેતા શુદ્ધ આહાર. શ્રી મુનિ૦ ૫
ચિત્ર સંભૂતિ ને વલી હરિ કેશી, હાંરે અનાથી મુનિ શુભ લેશી;
હાંરે ગૌતમ ગણધર વલી કેશી, હાંરે બેહુના અણગાર. શ્રી મુનિ૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દશ ચક્રી પ્રત્યેક બુદ્ધને જગ જાણે, હાંરે નેમિરાજને ઈન્દ્ર સમાણે;
હાંરે ઉત્તરાધ્યયને તેહ વખાણે, હાંરે શ્રી દશાર્ણ ભદ્ર. શ્રી મુનિ૦ ૭
છવ્વીશ કોટી જાઝેરા અઢી દ્વીપે, હાંરે તપ સંજમ ગુણથી દીપે;
હાંરે ચાર શોલ પચીશને ઝીપે, હાંરે કીજે ગુણ ગાન. શ્રી મુનિ૦ ૮
દીપવિજય કવિરાજના ગુણ ગાવો, હાંરે ગુણ ગાઈને ભાવના ભાવો;
હાંરે ગાતાં પરમ મહોદય પાવો, હાંરે માનવ ભવસાર. શ્રી મુનિ૦ ૯

## ૪૫૯
## પર્યુષણ પર્વની સજ્ઝાય
## પહેલા વ્યાખ્યાનની

પર્વ પજુસણ આવીયા, આનંદ અંગે ન માય રે;
ઘર ઘર ઉત્સવ અતિઘણા, શ્રી સંઘ આવે ને જાય રે.
પર્વ પર્યુષણ આવીયા. આંકણી. ૧
જીવ અમારી પલાવીએ, કીજીએ વ્રત પચ્ચક્ખાણ રે;
ભાવ ધરી ગુરૂ વંદીયે, સુણીએ સૂત્ર વખાણ રે. પર્વ૦ ૨
આઠ દિવસ એમ પાલીએ, આરંભનો પરિહારો રે;
નાવણ ધોવણ ખંડણ, લીંપણ પીસણ વારો રે. પર્વ૦ ૩
શક્તિ હોય તો પચ્ચક્ખીએ, અઠ્ઠાઈ અતિ સારો રે;
પરમ ભક્તિ પ્રીતિ લાવીને, સાધુને ચાર આહારો રે. પર્વ૦ ૪
ગાય સોહાગણ સવિ મલી, ધવલ મંગલ ગીત રે;
પકવાને કરી પોષીએ, પારણે સાહમી મન પ્રીત રે. પર્વ૦ ૫
સત્તર ભેદી પૂજા રચી, પૂજીએ શ્રી જિનરાય રે;
આગળ ભાવના ભાવીએ, પાતક મલ ધોવાય રે. પર્વ૦ ૬
લોચ કરાવે રે સાધુજી, બેસે બેસણા માંડી રે;
શિર વિલેપન કીજીએ, આળસ અંગથી છંડી રે. પર્વ૦ ૭
ગજગતી ચાલે ચાલતી, સોહાગણ નારી તે આવે રે;
કુંકુમ ચંદન ગહુંલી, મોતીયે ચોક પુરાવે રે. પર્વ૦ ૮
રૂપા મ્હોરે પ્રભાવના, કરીએ તવ સુખ કારી રે;
શ્રી ક્ષમાવિજય કવિરાયનો, બુધ માણેક વિજય જયકારીરે. પર્વ૦ ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

४६०

## પ્રથમ વ્યાખ્યાનની દ્વિતીય સજ્ઝાય

પહેલે દિન બહુ આદર આણી, કલ્પસૂત્ર ઘર આણો;
કુસુમ વસ્ત્ર કેસર શું પૂજી, રાત્રી જગે લીયે લાહો રે પ્રાણી.
કલ્પસૂત્ર આરાધો, આરાધી શિવસુખ સાધો રે, ભવિજન. કલ્પ૦ ૧
પ્રહ ઉઠીને ઉપાશ્રયે આવી, પૂજી ગુરૂ નવ અંગે;
વાંજિંત્ર વાજંતાં મંગલ ગાવંતાં, ગહુંલી દીએ મન રંગે રે. પ્રા૦ ક૦ ૨
મનવચ કાયાએ ત્રિકરણ શુદ્ધે, શ્રી જિન શાસન માંહિ;
સુવિહિત સાધુ તણે સુખ સુણીએ, ઉત્તમ સૂત્ર ઉમાંહી રે. પ્રા૦ ક૦ ૩
ગિરિમાંહે જેમ મેરૂ ગિરિવર, મંત્ર માંહે નવકાર;
વૃક્ષમાંહે કલ્પવૃક્ષ અનુપમ, શાસ્ત્રમાંહે કલ્પ સાર રે પ્રા૦ ક૦ ૪
નવમા પર્વનું દશાશ્રુત, અધ્યયન આઠમું જેહ;
ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ, ઉદ્ધરીયું શ્રી કલ્પ એહ રે. પ્રા૦ ક૦ ૫
પહેલે મુનિ દશ કલ્પ વખાણો, ક્ષેત્ર ગુણ કહ્યા તેર;
તૃતીય રસાયન સરીખું એ સૂત્ર, પૂરવમાં નહિ ફેર રે. પ્રા૦ ક૦ ૬
નવશેં ત્રાણું વર્ષે વીરથી, સદા કલ્પ વખાણ;
ધ્રુવ સેન રાજા પુત્રની આરતી, આનંદ પુર મંડાણ રે પ્રા૦ ક૦ ૭
અઠ્ઠમ તપ મહિમા ઉપર જે, નાગકેતુ દૃષ્ટાંત;
એતો પીઠિકા હવે સૂત્ર વાંચનાં, વીર ચરિત્ર સૂણો સંત રે. પ્રા૦ ક૦ ૮
જંબૂદ્વીપમાં દક્ષિણ ભરતે, માહણકુંડ સુઠામ;
આષાઢ શુદિ છઠે ચવિયા, સુરલોકથી અભિરામ રે. પ્રા૦ ક૦ ૯
રૂષભદત્ત ઘરે દેવાનંદા, કુખે અવતરીયા સ્વામ;
ચૌદ સુપન દેખી મન હરખી, પિયુ આગળ કહે તામ રે. પ્રા૦ ક૦ ૧૦
સુપન અર્થ કહ્યો સુત હોશે, એહવે ઈંદ્ર આલોચે;
બ્રાહ્મણ ઘર અવતરીયા દેખી, બેઠો સુરપતિ શોચે રે. પ્રા૦ ક૦ ૧૧
ઈંદ્ર સ્તવી ઉલટ આણી, પૂરણ પ્રથમ વખાણ;
મેઘકુમાર કથાથી સાંજે, કહે બુધ માણેક જાણ રે. પ્રા૦ ક૦ ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૬૧
## દ્વિતીય વ્યાખ્યાનની સજઝાય

( પ્રથમ ગોવાલીયા તણે ભવેજી )

ઇંદ્ર વિચારે ચિત્તમાંજી, એ તો અચરિજ વાત;
નીચ કુલે નાવ્યા કદાજી, ઉત્તમ પુરૂષ અવદાત.
સુગુણનર,જુવો જુવો કર્મ પ્રધાન. કર્મ સબલ બલવાન. સુ૦ જુ૦ ૧
આવે તો જન્મે નહીંજી, જિન ચક્રી હરિ રામ;
ઉગ્રભોગ રાજન કુલેજી, આવે ઉત્તમ ઠામ. સુ૦ જુ૦ ૨
કાલ અનંતે ઉપનાજી, દશ અચ્છેરાં રે હોય;
તિણે અચ્છેરા એ થયુંજી, ગર્ભ હરણ દશ માય. સુ૦ જુ૦ ૩
અથવા પ્રભુ સત્યાવીશમાંજી, ભવમાં ત્રીજે રે જન્મ;
મરિચિ ભવ કુલમદ કીયોજી, તેથી બાંધ્યું નીચ કર્મ. સુ૦ જુ૦ ૪
ગોત્ર કર્મ ઉદયે કરીજી, માહણ કુલે ઉવવાય;
ઉત્તમ કુલે જે અવતરેજી, ઇંદ્રજિત તે થાય. સુ૦ જુ૦ ૫
હરિણગમેષી તેડીને જી, હરિ કહે એહ વિચાર;
વિપ્રકુલેથી લઇ પ્રભુજી, ક્ષત્રિય કુલે અવતાર. સુ૦ જુ૦ ૬
રાય સિદ્ધારથ ઘર ભલીજી, રાણી ત્રિશલા દેવી;
તાસ કુખે અવતારીયાજી, હરિ સેવક તતખેવ. સુ૦ જુ૦ ૭
ગજ વૃષભાદિક સુંદરૂજી, ચૌદ સુપન તિણવાર;
દેખી રાણી જેહવાંજી, વર્ણવ્યા સૂત્રે સાર. સુ૦ જુ૦ ૮
વર્ણન ચાર સુપન તણુંજી, મૂકી બીજુ વખાણ;
શ્રી ક્ષમાવિજય ગુરૂ તણોજી, કહે માણેક ગુણ ખાણ. સુ૦ જુ૦ ૯

## ૪૬૨
## તૃતીય વ્યાખ્યાનની સજઝાય

દેખી સુપન તવ જાગી રાણી એ તો, હિયડે હેતજ આણી રે;
પ્રભુ અર્થ પ્રકાશે. આંકણી.
ઉઠીને પિયુ પાસે તે આવે, કોમલ વચને જગાવે રે. પ્રભુ૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કર જોડીને સુપન સુણાવે, ભૂપતિને મન ભાવે રે. પ્રભુ૦
કહે રાજા સુણ પ્રાણ પ્યારી તુમ, પુત્ર હોશે સુખકારી રે. પ્રભુ૦ ૨
જાઓ સુભગે સુખ શય્યાએ, શયન કરીને સજ્ઝાયે રે. પ્રભુ૦
નિજ ઘર આવી રાત્રી વિહાઇ, ધર્મ કથા કહે બાઈ રે. પ્રભુ૦ ૩
પ્રાતઃ સમય થયો સૂરજ ઉગ્યો, ઉઠ્યો રાય ઉમાયો રે. પ્રભુ૦
કૌટુંબિક નર વેગે બોલાવે, સુપન પાઠક તેડાવે રે. પ્રભુ૦ ૪
આવ્યા પાઠક આદર પાવે, સુપન અર્થ સમજાવે રે. પ્રભુ૦
દ્વિજ અર્થ પ્રકાશે. આંકણી.
જિનવર ચક્રી જનની પેખે, ચૌદ સુપન સુવિશેષે રે. દ્વિજ૦ ૫
વસુદેવની માતા સાત, ચાર બળદેવની માતા રે; દ્વિજ૦
તે માટે જિન ચક્રી સારો, હોશે પુત્ર તુમારો રે. દ્વિજ૦ ૬
સુપન વિચાર સુણી પાઠકને, સંતોષે નૃપ બહુ દાને રે. દ્વિજ૦
સુપન પાઠક ઘેર બોલાવી, નૃપ રાણી પાસે આવી રે. દ્વિજ૦ ૭
સુપન અર્થ કહ્યાં સંખેવે, સુખ પામી પ્રિયા તત્ખેવે રે. દ્વિજ૦
ગર્ભ પોષણ કરે હવે હર્ષે, રાણી અંગ આનંદ વર્ષે રે. દ્વિજ૦ ૮
પંચ વિજય સુખ રંગે વિલસે, અબ પુણ્ય મનોરથ ફળશે રે. દ્વિજ૦
એટલે પુરૂં ત્રીજું વખાણ, કરે માણેક જિન ગુણગાન રે. દ્વિજ૦ ૯

## ૪૬૩
## ચતુર્થ વ્યાખ્યાનની સજ્ઝાય

ધનદ તણે આદેશથી રે, મન મોહના રે લાલ;
તિર્યગ્ જાંભક દેવ રે. જગ સોહના રે લાલ;
રાય સિદ્ધારથને ઘરે રે. મ૦ વૃષ્ટિ કરે નિત્ય મેવ રે. જ૦ ૧
કનક રયણ મણિ રૌપ્યની રે. મ૦ ધનકણ ભૂષણ પાન રે. જ૦
વરસાવે ફળ ફુલની રે. મ૦ નૂતન વસ્ત્ર નિધાન રે. જ૦ ૨
વાધે દોલત દિન પ્રત્યે રે. મ૦ તેણે વર્ધમાન હેત રે. જ૦
દેશું નામજ તેહનું રે. મ૦ માત પિતા સંકેત રે. જ૦ ૩
માતાની ભક્તિ કરી રે. મ૦ નિશ્ચલ રહ્યા પ્રભુ તામ રે. જ૦
માતા અરતિ ઉપની રે. મ૦ શું થયું ગર્ભને આમ રે. જ૦ ૪
ચિંતાતુર સહુ દેખી રે. મ૦ પ્રભુ હાલ્યા તેણી વાર રે. જ૦
હર્ષ થયો સહુ લોકને રે. મ૦ આનંદમય અપાર રે. જ૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ઉત્તમ દોહલા ઉપજે રે. મ૦ દેવ પૂજાદિક ભાવ રે. જ૦
પૂરણ થાયે તે સહુ રે. મ૦ પુરવ પુણ્ય પ્રભાવ રે. જ૦ ૬
નવ માસ પૂરા ઉપરે. મ૦ દિવસ સાડા સાત. રે. જ૦
ઉચ્ચ સ્થાને ગ્રહ આવતાં રે. મ૦ વાયે અનુકૂળ વાત રે. જ૦ ૭
વસંત ઋતુ વન મોરીયાં રે. મ૦ જન મન હર્ષ ન માયરે. જ૦
ચૈત્ર માસ શુદિ તેરશે રે. મ૦ જિન જન્મ્યા અડધી રાત રે. જ૦ ૮
અજવાલું તિહું જગ થયું રે. મ૦ વરત્યો જય જયકાર રે. જ૦
ચોથું વખાણ પૂરણ ઇહાં રે. મ૦ બુધ માણેકવિજય હિતકારરે જ૦ ૯

## ૪૬૪
## પંચમ વ્યાખ્યાનની સજ્ઝાય

જિનનો જન્મ મહોત્સવ પહેલો રે, છપ્પનદિશિ કુમરી વહેલો રે;
ચોસઠ ઈંદ્ર મલી પછે ભાવે રે, જિનને મેરૂ શિખર લઈ જાવે રે. ૧
ક્ષીર સમુદ્રનાં નીર અણાવી રે, કનક રજત મણિ કુંભ રચાવી રે;
એક કોટિ સાઠ લાખ ભરાવે રે, એહવે ઇંદ્રને સંદેહ આવે રે. ૨
જલધારા કેમ ખમશે બાલ રે, તવ પ્રભુ હરિનો સંશય ટાલ રે;
અંગુઠે કરી મેરૂ હલાવે રે, હરિ ખામીને જિન ન્હવરાવે રે. ૩
બાવના ચંદન અંગે લગાવે રે, પ્રભુ પ્રણમી ઘરે પધરાવે રે;
સબલ વિધાની સિદ્ધારથ રાજા રે, દશદિન ઉત્સવ કરી તાજા રે. ૪
કુંકુમ હાથા દિયે ઘરબારે રે, વાજાં વાગે વિવિધ પ્રકારે રે;
ધવલ મંગલ ગોરી ગાવે રે, સ્વજન કુટુંબ તે આનંદ પાવે રે. ૫
પકવાન શું પોષી નાત રે, નામ ધાર્યું વર્દ્ધમાન વિખ્યાત રે;
ચંદ્રકલા જિમ વાધે વીર રે, આઠ વરસના થયા વડ વીર રે. ૬
દેવ સભામાં ઇંદ્ર વખાણે રે, મિથ્યાદષ્ટિ સુર નવિ માને રે;
સાપનું રૂપ કરી વિકરાલ રે, આવ્યો દેવ બિવરાવવા બાલ રે. ૭
નાંખ્યો વીરે હાથે સાહી રે, બાલક રૂપ કરી સુર ત્યાંહી રે;
વીરની સાથે આવ્યો રમવા રે, જાણી હાર્યો સુરતે બલમાં રે. ૮
નિજ ખંધોલે વીરને ચડાવે રે, સાત તાડ પ્રમાણે તે થાવે રે;
વીરે માર્યો મુષ્ટિ પ્રહાર રે, બીનો સુર તે કર્યો પોકાર રે. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દેવ ખમાવી કહે સુણ ધીર રે, જગમાં મહોટો તું મહાવીર રે;
માત પિતા હવે મહુરત વારૂ રે, સુતને મેહલે ભણવા સારૂં રે. ૧૦
આવી ઇંદ્ર તે પૂછવા લાગ્યો રે, વીરે સંશય સઘળો ભાંગ્યો રે;
જૈન વ્યાકરણ તિહાં હોવે રે, પંડયો ઉભો આગળ જોવે રે. ૧૧
મતિ શ્રુત અવધિજ્ઞાને પૂરા રે, સંયમ ક્ષમા તપેં શૂરા રે;
અતિ આગ્રહથી પરણ્યા નારી રે, સુખ ભોગવે તેહ શું સંસારી રે. ૧૨
નંદિ વર્ધન ભાઈ વડેરો રે, બ્હેની સુદંસણા બહુ સુખ દાયી રે;
સુરલોકે પહોંતાં માય ને તાય રે, પૂર્ણ અભિગ્રહ વીરનો થાય રે, ૧૩
દેવ લોકાંતિક સમય જણાવે રે, દાન સંવત્સરી દેવા મંડાવે રે;
માગશિર વદિ દશમી વ્રત લીનો રે, તીવ્ર ભાવથી લોચ તવ કીનો રે. ૧૪
દેશ વિદેશે કરે વિહાર રે, સહે ઉપસર્ગ જે સબળ ઉદાર રે;
પુરૂં પાંચમું વખાણ તે આંહી રે, ભણે માણેક વિબુધ ઉમાંહિ રે. ૧૫

## ૪૬૫
## ષષ્ઠ વ્યાખ્યાનની સજ્ઝાય

ચારિત્ર લેતાં ખંધે મૂકયું, દેવદુષ્ય સુરનાથેં જી;
અર્ધુ તેહને આપ્યું પ્રભુજી, બ્રાહ્મણને નિજ હાથે જી. ૧
વિહાર કરતાં કાંટે વલગ્યું, બીજું અર્દ્ધ તે ચૈલ જી;
તેર માસ સચૈલક રહિયા, પછે કહિયે અચૈલ જી. ૨
પન્નર દિવસ રહી તાપસ આશ્રમેં,સ્વામી પ્રથમ ચોમાસેં જી;
અસ્થિગ્રામે પહોતા જગગુરૂ, શુલ પાણીની પાસેં જી. ૩
કષ્ટ સ્વભાવ વ્યંતર તેણે કીધા, ઉપસર્ગ અતિ ઘોર જી;
સહી પરિસહ તે પ્રતિબોધી, મારી નિવારી જોર જી. ૪
મોરાક ગામેં કાઉસ્સગ્ગ પ્રભુજી, તાપસ તિહાં કર ભેદી જી;
અહચ્છંદકનું માન ઉતાર્યું, ઇંદ્રે આંગુલી છેદી જી. ૫
કનક બલે કોશિક વિષધર, પરમેશ્વરે પડિબોહ્યો જી;
ધવલ રૂધિર દેખી જિન દેહેં, જાતિ સમરણ સોહ્યો જી. ૬
સિંહ દેવ જીવેં કિયો પરિસહ, ગંગા નદી ઉતારે જી;
નાવને મજ્જન કરતો દેખી, કંબલ સંબલ નિવારે જી. ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્માચાર્ય નામે મંખલી, પુત્રે પરિઘલ જવાલા જી;
તેજો લેશ્યા મૂકી પ્રભુને, તેહને જીવિત દાન આલ્યાં જી. ૮
વાસુદેવ ભવે પૂતના રાણી, વ્યંતરી તાપસ રૂપે જી;
જટા ભરી જલ છાંટે પ્રભુને, તો પણ ધ્યાન સ્વરૂપે જી. ૯
ઈંદ્ર પ્રશંસા અણુમાનતે સંગમે, સુરે બહુ દુઃખ દીધાં જી;
એક રાત્રીમાં વીસ ઉપસર્ગ, કઠોર નિઠોર તેણે કીધા જી. ૧૦
છમાસવાડા પૂંઠે પડિયો, આહાર અસુઝતો કરતો જી;
નિશ્ચલ ધ્યાન નિહાલી પ્રભુનું, નાઠો કર્મથી ડરતો જી. ૧૧
હજી કર્મ અઘોર તે જાણી, મને અભિગ્રહ ધારે જી;
ચંદન બાલા અડદને બાકુલે, ષટ્ માસી તપ પારે જી. ૧૨
પૂરવ ભવ વૈરી ગોવાલે, કાને ખીલા ઠોકયા જી;
ખરક વૈદ્યે ખેંસી કાઢયા, ઇણ પેરે સહુ કર્મ રોકયાં જી. ૧૩
બાર વર્ષ સહેતાં ઇમ પરિસહ, વૈશાખ શુદિ દિન દશમી જી;
કેવલ જ્ઞાન ઉપન્યું પ્રભુને, વારી ચિહું ગતિ વિષમી જી. ૧૪
સમોસરણ તિહાં દેવે રચિયું, બેઠાં ત્રિભુવન ઈશ જી;
શોભિતા અતિશય ચોત્રીશે, વાણી ગુણ પાંત્રીશ જી. ૧૫
ગૌતમ પ્રમુખ એકાદશ ગણધર, ચૌદ સહસ મુનિરાય જી;
સાધવી છત્રીસ સહસ અનોપમ, દીઠે દુર્ગતિ જાય જી. ૧૬
એક લાખ ને સહસ ઓગણસાઠ, શ્રાવક સમકિત ધારી જી;
ત્રણ લાખ ને સહસ અઢારશે, શ્રાવિકા સોહે સારીજી. ૧૭
સ્વામી ચઉવિહ સંઘ અનુક્રમે, પાવા પુરી પાય ધારે જી;
કાર્તિક વદિ અમાવાસ્યા દિવસે, પહોતા મુક્તિ મઝારે જી. ૧૮
પર્વ દીવાલી તિહાંથી પ્રગટયું, કીધો દીપ ઉદ્યોત જી;
રાય મલીને તિણે પ્રભાતે, ગૌતમ કેવલ હોત જી. ૧૯
તે શ્રી ગૌતમ નામ જપંતાં, હોવે મંગલ માલજી;
વીર મુકતેં ગયાથી નવશે, એંશી વરસે સિદ્ધાંત જી. ૨૦
શ્રી ક્ષમા વિજય શિષ્ય બુધ માણેક કહે,
સાંભલો શ્રોતા સુજાણ જી;
(કલ્પસૂત્રની પુસ્તક રચના દેવર્ધિ ગણે કીધી જી)
ચરમ જિણેસર તવ એ ચરિત્રેં, મૂકયું છઠું વખાણ જી. ૨૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૬૬
## ષષ્ઠ દ્વિતીય વ્યાખ્યાનની સજ્ઝાય

કાશી દેશ બનારસી સુખકારી રે, અશ્વસેન રાજાન પ્રભુ ઉપકારી રે;
પટ્ટરાણી વામા સતી સુ૦ રૂપે રંભા સમાન. પ્રભુ૦ ૧
ચૌદ સુપન સુચિત ભલાં, સુ૦ જન્મ્યા પાસ કુમાર; પ્રભુ૦
પોષ વદી દશમી દિને, સુ૦ સુર કરે ઉત્સવ સાર. પ્રભુ૦ ૨
દેહમાન નવ હાથનું, સુ૦ નીજ વરણ મનોહાર; પ્રભુ૦
અનુક્રમે જોબન પામીયા, સુ૦ પરણી પ્રભાવતી નાર. પ્રભુ૦ ૩
કમઠ તણો મદ ગાલીયો, સુ૦ કાઢયો જલતો નાગ; પ્રભુ૦
નવકાર સુણાવી તે કીયો, સુ૦ ધરણ રાય મહાભાગ. પ્રભુ૦ ૪
પોષ વદિ એકા દશી, સુ૦ વ્રત લેઇ વિચરે સ્વામ; પ્રભુ૦
વડતલેં કાઉસ્સગ્ગે રહ્યા, સુ૦ મેઘમાલી સુર તામ. પ્રભુ૦ ૫
કરે ઉપસર્ગ જલવૃષ્ટિ નો, સુ૦ આવ્યું નાસિકા નીર; પ્રભુ૦
ચૂકયા નહિં પ્રભુ ધ્યાનથી, સુ૦ સમરથ સાહસ ધીર. પ્રભુ૦ ૬
ચૈત્ર વદિ ચોથનેં દિનેં, સુ૦ પામ્યા કેવલ નાણ; પ્રભુ૦
ચઉવિહ સંઘ થાપી કરી, સુ૦ આવ્યા સમેત ગિરિ ઠાણ. પ્રભુ૦ ૭
પાલી આયુ સો વર્ષનું, સુ૦ પહોંતા મુક્તિ મહંત; પ્રભુ૦
શ્રાવણ શુદિ દિન અષ્ટમી, સુ૦ કીધો કર્મનો અંત. પ્રભુ૦ ૮
પાસ વીરને આંતરૂં, સુ૦ વર્ષ અઢીશે જાણ; પ્રભુ૦
કહે માણેક જિનદાસને સુ૦ કોજે કોટી કલ્યાણ. પ્રભુ૦ ૯

## ૪૬૭
## સાતમું વ્યાખ્યાન સજ્ઝાય

સૌરીપુર સમુદ્રવિજય ઘરે, શિવાદેવી કુખે સાગે રે;
કાર્તિક વદિ બારશ દિને, અવતર્યા નેમ કુમારો રે,
જયો જયો જિન બાવીશમો. ૧
ચૌદ સ્વપ્ન રાણીયેં પેખિયાં, કરવો સ્વપ્ન તણો વિચાર રે;
શ્રાવણ શુદિ દિન પંચમી, પ્રભુ જન્મ હુઓ જયકાર રે. જયો૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સુરગિરિ ઉત્સવ સુર કરે, જિન ચંદ્ર કલા જિમ વાધે રે;
એક દિન રમતાં રંગમાં, હરિ આયુધ સઘલાં સાંધે રે. જયો૦ ૩
ખબર સુણી હરિ શંકિયા, પ્રભુ લઘુવય થકી બ્રહ્મચારી રે;
બલવંત જાણી જિનને, વિવાહ મનાવે મુરારી રે. જયો૦ ૪
જાન લેઈ જાદવ આગ્રહેં, જિન આવ્યા તોરણ બાર રે;
ઉગ્રસેન ઘર આંગણે, તવ સુણીયો પશુ પોકાર રે જયો૦ ૫
કરૂણા નિધિ રથ ફેરવ્યો, નવિ માન્યો કહેણ કેહનો રે;
રાજુલને ખટકે ઘણું, નવ ભવનો સ્નેહ છે જેહનો રે. જયો૦ ૬
દાન દેઇ સંયમ લિયો, શ્રાવણ છઠ્ઠ અજુઆલી રે;
ચોપન દિન છદ્મસ્થ રહી, લહ્યું કેવલ કર્મને ગાલી રે. જયો૦ ૭
આસો વદિ અમાવાસેં, દે દેશના પ્રભુજી સારી રે;
પ્રતિ બોધ પામી વ્રત લિયો, રહ નેમ રાજુલ નારી રે. જયો૦ ૮
આષાઢ શુદિ દિન અષ્ટમી, પ્રભુ પામ્યા પદ નિર્વાણો રે;
રૈવત ગિરિવર ઉપરે, મધ્ય રાત્રિયે તે મન આણો રે. જયો૦ ૯
શ્રી પાર્શ્વનાથ થયા પહેલાં, કયારે નેમ થયા નિરધારો રે;
સાડા સાતસેં બ્યાશી હજાર વર્ષે, ચિત્તમાંહે ચતુર વિચારો રે. જયો૦ ૧૦
સહુકો જિનનાં આંતરાં, મન દેઇ મુનિવર વાંચે રે;
ઈહાં પુરણ વ્યાખ્યાન સાતમું, સુણી પુણ્ય ભંડારને સાંચે રે. જયો૦ ૧૧

## ૪૬૮
## અષ્ટમ વ્યાખ્યાનની સજ્ઝાય

ઇક્ષ્વાકુ ભૂમેં નાભિ કુલઘર ઘરે જી. સોહે મરૂદેવી તસ નાર રે;
અષાઢ વદિ સુરલોકથી ચવી રે, અવતરિયા જગ સુખ કાર રે,
પ્રણમો ભવિજન આદિ જિણેસરૂ રે. આંકણી૦ ૧
ગજ વૃષભાદિક ચૌદ સુહણે જી, દીઠાં માડિયે માઝમ રાત રે;
સુપન અર્થ કહે નાભિ કુલઘરૂ જી, હોશે નંદન વીર વિખ્યાત રે. પ્ર૦ ૨
ચૈત્ર અંધારી આઠમેં જનમિયાજી, સુરમલી ઉત્સવ સુર ગિરિકીધ રે;
દીઠા વૃષભ તે પેલે સુપનેંજી, તેણેં કરી નામ રૂષભ તે દીધ રે. પ્ર૦ ૩
વાધે રૂષભજી કલ્પ વેલિ જ્યું રે, દર્શન દીઠે સકલ સમૃદ્ધિ રે;
બાલક રૂપ કરીને દેવતા જી, ખેલે જિન સાથે હિત વૃદ્ધિ રે. પ્ર૦ ૪
કુમરી સુનંદા બીજી સુમંગલાજી, જિનને પરણાવી હરિ આય રે;

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બાલક રૂપ કરીને દેવતાજી, ખેલે જિન સાથે હિત વૃદ્ધિ રે. પ્ર૦ ૫
કુમરી સુનંદા બીજી સુમંગલાજી, જિનને પરણાવી હરિ આય રે;
થાપી અયોધ્યા નગરી વસાવીને રે, થાપી રાજનીતિ તિણુ ઠાય રે. પ્ર૦ ૬
રીતિ પ્રકાશી સઘલી વિશ્વની રે, કિયો અસી મષી કસી વ્યવહાર રે;
એકસો વીશ અને નરનારી કલા રે, પ્રભુજી યુગલાધર્મ નિવાર રે. પ્ર૦ ૭
ભરતાદિક શત પુત્ર સોહામણાં રે, બેટી બ્રાહ્મી સુંદરી સાર રે;
લાખ ત્રાશી પૂરવ ગૃહિપણે જી, ભોગવી ભોગ મનોહાર રે. પ્ર૦ ૮
દેવ લોકાંતિક સમય જણાવિયો રે, જિનનો દીક્ષાનો વ્યવહાર રે;
એક કોટી આઠ લાખ સોવન દિન પ્રત્યે રે, દેઇ વરસીદાન ઉદાર રે. પ્ર૦ ૯
ચૈત્ર અંધારી આઠમ આદર્યો રે, સંયમ મુષ્ટિયે કરી લોચ રે;
શ્રેયાંસકુમર ઘરે વરસી પારણુંજી, કીધું ઇક્ષુરસે ચિત્ત સાચ રે. પ્ર૦ ૧૦
સહસ્ર વર્ષ લગે છદ્મસ્થ પણે રહ્યા જી; પછી પામ્યા કેવલ જ્ઞાન રે;
ફાગુણ અંધારી અગ્યારસ દિને જી, સુર કરે સમવસરણ મંડાણ રે. પ્ર૦ ૧૧
ત્યાં બેસી પ્રભુ ધર્મ દેશના રે, સાહમી ને સુણે પર્ષદા બાર રે;
પ્રતિબોધાણા કેઈ વ્રત ગ્રહે જી, કેઇ શ્રાવકનાં વ્રત બાર રે. પ્ર૦ ૧૨
થાપ્યા ચોરાશી ગણધર ગુણનિલાજી, મુનિવર માન ચોરાશી હજાર રે;
સાધવી ત્રણ લાખ શ્રાવક એટલાજી, ઉપર પાંચ સહસ અવધાર રે. પ્ર૦ ૧૩
પાંચ લાખ ચોપન સહસ શ્રાવિકાજી, થાપી ચઉવિહ સંઘ સુજાણ રે;
મહાવદિ તેરશે મુકતે પધારિયાજી, બુધ માણેક નમે સુવિહાણ રે. પ્ર૦ ૧૪
વાંચે વિસ્તારે મુનિવરા વલીજી; મૂકયું આઠમું વખાણ ઈણ ઠામ રે;
બુધ શ્રી ક્ષમાવિજય ગુરૂ તણોજી. કરે માણેક મુનિ ગુણ ગ્રામ રે. પ્ર૦ ૧૫

## ૪૬૯
## નવમા વ્યાખ્યાનની સજ્ઝાય

સંવત્સરી દિન સાભલો એ, બારસા સૂત્ર સુજાણ; સફલ દિન આજુનોએ;
શ્રીફલની પ્રભાવનાએ, રૂપા નાણું જાણ. સ૦ ૧
સામાચારી ચિત્ત ધરોએ, સાધુ તણો આચાર; સ૦
વડ લહુડાઈ ખામણાં એ, ખામો સહુ નર નાર. સ૦ ૨
રીષ વશે મન દુષણાં એ, રાખીને ખમાવે જેહ; સ૦
કોયું પાન જીમ કાઢવું એ, સંઘ બાહેર સહિ તેહ. સ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ગલિત વૃષભ વધકારકુ એ, નિર્દય જાણી વિપ્ર; સં૦
પંક્તિ બાહિર તે કહ્યો એ, જિમ મહા સ્થાને ક્ષિપ્ર. સં૦ ૪
ચંદનબાલા મૃગાવતી એ, જેમ ખમાવ્યું તેમ; સં૦
ચંડપ્રદ્યોતનરાયને એ, ઉદાયન ખમાવ્યું જેમ. સં૦ ૫
કુંભાર શિષ્યની પરે એ, તિમ ન ખમવો જેમ; સં૦
બાર બોલે પટ્ટાવલી એ, સુણતાં વાધે પ્રેમ. સં૦ ૬
પડિક્કમણું સંવત્સરી એ, કરિયેં સ્થિર કરી ચિત્ત; સં૦
દાન સંવત્સર દેઈને એ, લીજે લાહો નિત. સં૦ ૭
ચઉવિહ સંઘ સંતોષિયે એ, ભક્તિ કરી ભલિ ભાતિ; સં૦
ઈણીપરે પર્વ પજુસણા એ, ખરચો લક્ષ્મી અનંત. સં૦ ૮
જિનવર પૂજા રચાવિયે એ, ભક્તિ મુક્તિ સુખ દાય; સં૦
ક્ષમાવિજય પંડિત તણો એ, બુધ માણેક મન ભાય. સં૦ ૯

## ૪૭૦
## પર્યુષણ પર્વની સજ્ઝાય

પિતા મિત્ર તાપસ મલ્યોજી, બાંય પસારી આય;
કહે ચોમાસુ પધારજોજી, માને પ્રભુ એમ થાય.
ચઉનાણી વીરજી ભૂતલ કરે રે વિહાર. ૧
દિવ્ય ચુર્ણ વાસે કરેજી, ભમરા પણ વિલગંત;
કામી જન અનુકૂલથીજી, આલિંગન દીયંત. ચઉ૦ ૨
મિત્ર દ્વિજ આવી મલ્યોજી, ચીવર દીધો અર્ધ;
આવ્યા તાસ વીઉડલેજી, ચોમસે નિરાબાધ. ચઉ૦ ૩
અપ્રીતિ લહી અભિગ્રહ ધરીજી, એક પખ કરી વિચરંત;
શુલપાણી સુર બોધીઓજી, ઉપસર્ગ સહી અત્યંત. ચઉ૦ ૪
મુહૂર્ત માત્ર નિદ્રા લહેજી, સુહણાં દશ દેખંત;
ઉત્પલ નામ નીમીત્તીયોજી, અર્થ કહે એમ તંત. ચઉ૦ ૫
તાલ પીશાચ હણ્યો જે પહેલો, તે હણશો તુમે મોહ;
શીત પંખી દલ ધ્યાયશોજી, શુક્લધ્યાન અક્ષોભ. ચઉ૦ ૬
વિચિત્ર પંખી પેખીઓજી, તે કહેશો દુવાલસ અંગ;
ગોવર્ગ સેવિત ફલ થાપશોજી, અનોપમ ચઉવિહ સંઘ. ચઉ૦ ૭



Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ચઉવિધ સુર સેવિત હશોજી, પદ્મસ સરોવર દીઠ;
મેરૂ આરોહણુથી હોયશેજી, સુર સિંહાસન ઈઠ. ચઉ૦ ૮
જે સુરજ મંડલ દેખીયુંજી, તે હોંસે કેવલ નાણુ;
માનુષોત્તર અંતર વીંટીયોજી, તે જગકીર્તિ મંડાણુ. ચઉ૦ ૯
જલધિ તરણુ ફળ એ હોશેજી, તે તરશો સંસાર;
યુગ જુગલ ફળ નવી લહુજી, તે કહો કરી ઉપગાર. ચઉ૦ ૧૦
કહે પ્રભુ તે ફલ તેહનોજી, ધર્મ દુવિધ કહુ સંત;
પ્રથમ ચોમાસુ તિહાં કરીજી, વિચરે સમતા વંત. ચઉ૦ ૧૧
ઉતરતાં ગંગા નદીજી, સુરકૃત સહે ઉપસર્ગ;
સંબલ કંબલે વારીઓજી, પૂર્વે ભવે ગોવર્ગ. ચઉ૦ ૧૨
ચંડકોશીયો સુર કીયોજી, પૂર્વે ભિક્ષુ ચારિત્ર;
સીંચી નયનસું ધ્યાન ધરેજી; હવે મટયો બ્રાહ્મણુ પુત્ર. ચઉ૦ ૧૩
નંદતીરે પ્રતિબોધીયાજી, જીનપદિ લખણુ દીઠ;
સામુદ્રિક જોઈ કહેજી, ઈંદ્ર થયો મન ઈઠ. ચઉ૦ ૧૪
સંગમ સુર અધમે કર્યો જી, બહુ ઉપસંર્ગ સહંત;
દેશ અનારજ સંચર્યાજી, જાણી કરમ મહંત. ચઉ૦ ૧૫
વ્યંતરીકૃત સહે શીતથીજી, લોકાવધિ લહે નાણુ;
પૂર્વ કૃત કર્મે નડયાજી, જેહનાં નહી પરમાણુ. ચઉ૦ ૧૬
ચમરો શરણે રાખીઓજી, સુસુમાર પુરી ધરી ધ્યાન;
અનુક્રમે ચંદન બાલિકાજી, પ્રતિ લાભે ભગવાન. ચઉ૦ ૧૭
કાને ખીલા ઘાલીયાજી, ગોપ કરે ઘોર કર્મ;
વૈદ્યે તો વલી ઉગારીયાજી, સહી વેદન અતિ મર્મ. ચઉ૦ ૧૮
વરસ બાર સાડા લગેજી, કર્મ કર્યા સવી જોર;
ચઉવિહાર તપ જાણવોજી, નીત કાઉસ્સગ્ગ જીમ મેર. ચઉ૦ ૧૯
હવે તપ સંકલના કહુંજી, જે કીધા જીનરાય;
બેઠા તે કહીએ નહીજી, ગાય દુહીકાસણુ કાય. ચઉ૦ ૨૦

## ૪૭૧
## પર્યુષણુ પર્વની સજ્ઝાય

પર્વ પજુસણુ આવીયા રે લાલ, કીજે ઘણાં ધર્મ ધ્યાન રે. ભવિકજન;
આરંભ સકલ નિવારીયે રે લાલ, જીવોને દીજે અભયદાન રે. ભ૦ પ૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સઘલા માસ માંહે શિરે રે લાલ, ભાદ્રવ માસ સુમાસ રે; ભ૦
તિણમાંહે આઠ દિન રૂઅડા રે લાલ, કીજે સુકૃત ઉલ્લાસ રે. ભ૦ પ૦ ૨
ખાંડણ પીસણ ગારનાં રે લાલ, ન્હાવણ ધોવણ જેહ રે; ભ૦
એહવા આરંભ ટાલવા રે લાલ, ઉત્સવ કરીએ અનેક રે. ભ૦ પ૦ ૩
પુસ્તક વાસી ન રાખીયે રે લાલ, ઉત્સવ કરીએ અનેક રે; ભ૦
ધર્મ સારુ વિત્ત વાવરો રે લાલ; હૈયે આણો વિવેક રે. ભ૦ પ૦ ૪
પૂજી અર્ચી આણીયે રે લાલ, શ્રી સદગુરુની પાસ રે; ભ૦
ઢોલ દદામાં ફેરીયાં રે લાલ, માંગલિક ગાવો ગીત રે. ભ૦ પ૦ ૫
શ્રીફલ શિખર સોપારિયાં રે લાલ, દીજે સહામીને હાથ રે; ભ૦
લાભ અનંતા વધાવતાં રે લાલ; શ્રી મુખ ત્રિભુવન નાથ રે. ભ૦ પ૦ ૬
નવ વાંચન કલ્પ સૂત્રનું રે લાલ, સાંભલો સુધો ભાવ રે; ભ૦
સાહમિવત્સલ કીજીયે રે લાલ, ભવજલ તરવા નાવ રે. ભ૦ પ૦ ૭
ચિત્ત કરી ચૈત્ય જુહારીયે રે લાલ, પૂજા સત્તર પ્રકાર રે; ભ૦
અંગ પૂજા સદ્‌ગુરૂ તણી રે લાલ, કીજે હર્ષ અપાર રે. ભ૦ પ૦ ૮
જીવ અમારી પલાવીયે રે લાલ, તિણથી શિવ સુખ હોય રે; ભ૦
દાન સંવત્સરી દીજિયે રે લાલ, ઈણ સમ પર્વ ન કોય રે. ભ૦ પ૦ ૯
કાઉસ્સગ્ગ કરીને સાંભલો રે લાલ, આગમ આપણે કાન રે; ભ૦
છઠ્ઠ અઠ્ઠમ તપ આકરાં રે લાલ, કીજીયે ઉજ્જવલ ધ્યાન રે. ભ૦ પ૦ ૧૦
ઈણ વિધિ જે આરાધશે રે લાલ, તે લહેશે સુખ કોડિ રે; ભ૦
મુક્તિ મંદિર મેં માલશે રે લાલ, મતિહંસ નમે કરજોડી રે. ભ૦ પ૦ ૧૧

## ૪૭૨
## ચંપા શ્રાવિકાની સજ્ઝાય

વાસી દિલ્હી રે નયરનાં, થાનસિંગ માનસિંગ રિદ્ધ રે;
માતા ચંપાદે તેહની, તપસ્યા છ માસ કીધ રે.
થેં મન મોહ્યો ગુરૂ હીરજી. ૧
એક દિન કુલે કો નીસર્યો, બાઈ ચંપાદે માત રે;
સાહમી અસવારી એ આવીયો, અકબર શાહ સુગાત રે. થેં૦ ૨
પૂછે એ કૌન લોક છે. શ્યો છે મહોત્સવ એહ રે;
બોલે કામેતિ શેઠીયા, હજરત સુનિઇ સનેહ રે. થેં૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રોજા ધરીયા છ માસના, બાઈ ચંપાદે માત રે;
તેહનો કુલેકો એહ છે, એ સહુ રોજા ઇતમામ રે. થે૦ ૪
અકબર શાહ સુણી બોલીયો, એહ મેં અધિકાઇ કાંઇ રે;
બાલક નાના રોજા ધરે, મહિના રમજાન માંહી રે. થે૦ ૫
બોલે કામેતી શેઠીયા, ઉન્હા પાણી ઉપવાસ રે;
એહવા રોજા છે એહના, અન્ન ન લેવું છ માસ રે. થે૦ ૬
ચમકયો અકબર સાંભળી, આવ્યો ચંપાદે પાસ રે;
દેખ્યો દુરબલ દેહને, પૂછે અકબર તાસ રે. થે૦ ૭
બોલે ચંપાદે માવડી, દેવગુરૂ ધર્મ પસાય રે;
રોજા કરીયા રે સાહીબા, તે સહુ તેહનો સુપસાય રે. થે૦ ૮
તે ગુરૂ શહેર ગંધાર છે, સપરિવાર ચૌમાસ રે;
નિસુણી અકબર રીઝીયો, હુવો મલવા ઉલ્લાસ રે. થે૦ ૯
અકબર ફરસાન મોકલે, હિરજી વાંચીને જોય રે;
વહેલા આજ્યો ગચ્છરાયજી, વિલંબ ન કીજે કાંય રે. થે૦ ૧૦
કાર્તિક ચોમાસું ઉતરે, સૂરિ હીર નિર્ગ્રંથ રે;
સહુ પરિવાર શું પાંગર્યા, ચાલીયા દીલ્હી ને પંથ રે. થે૦ ૧૧
દૂર દેશાંતર જાણી ને, રાજનગર શુભ ઠામ રે;
પટ્ટધર થાપ્યાં રે પ્રેમશું, સેન સૂરિ વડ નામ રે. થે૦ ૧૨
પાલનપુરની આગલે, રોહ સહોત્તરા ગામ રે;
ઠાકોર આહેડે આવીયો, એહને બોલ્યો ગુણ ધામ રે. થે૦ ૧૩
એણીપેરે પંથે રે આવતાં, કરતાં ભવિ ઉપગાર રે;
આગ્રા નયર પધારીયા, વંદે બહુ નરનાર રે. થે૦ ૧૪
માલમ હુઇ પાત શાહ ને, હુઓ ઉલસિત અંગ રે;
સંવત ગુણ ચ્યાલસ મેં, જેઠ વદી તેરસ રંગ રે. થે૦ ૧૫
પરીક્ષા જોવાને કારણે, ભૂમી ખાણી તેહ માંહી રે;
બકરી ઘાલી રે જીવતી, ઉપર આસન થાય રે. થે૦ ૧૬
ગુરૂને મલવા બોલાવીયા, કીધો ગુરૂ ઉપયોગ રે;
એ આસન નહી અમ કામનાં, માંહિ સચિત્ત સંજોગ રે. થે૦ ૧૭
એ આસન ટલે મોટકા, તિન પંચેન્દ્રિય જીવ રે;
અકબર મન માંહી ચિંતવે, પુરા સમજુ ન સોય રે. થે૦ ૧૮
ચિંતવી ભોયરૂં ઉઘાડીયું, બકરી જોવાને કાજ રે;
બાલક દોય ને માવડી, દીઠો ત્રણેનો સાજ રે. થે૦ ૧૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અકબર શાહ મન ચિંતવે, પરતખ પરવરદીગાર રે;
પ્રણમે પગ ગચ્છરાયનાં, ધર્મ શ્રવણ મન ધાર રે. થેં૦ ૨૦
એક પ્રહર લગે શાહને, ઉપદેશે સૂરિરાય રે;
હિંસા પાતિક સાંભલી, પરિણતી કુલેરી થાય રે. થેં૦ ૨૧
અરજ કરે સુલતાનજી, નિસ્પૃહ થે સૂરિરાય રે;
ધન મણી કંચન લ્યો નહી, મુજ પ્રાર્થન કુણ કાજ રે. થેં૦ ૨૨
પુસ્તક તુમચારે ધર્મના, વહોરે શ્રી ગચ્છરાય રે;
શાહ વચનથી રે વહોરીયાં, પુસ્તક શ્રી શ્રુત રાજ રે. થેં૦ ૨૩
આગ્રા શહેરના સંઘને, ઉપદેશ્યો સૂરિરાય રે;
પ્રથમ ચોમાસુંજી તિહાં રહ્યાં, જાણી ધર્મ સનેહ રે. થેં૦ ૨૪
આગ્રા નગર ભંડારમેં, પુસ્તક ઠવીયાં છે એહ રે;
દીપવિજય કવિરાજ રે, હીર સૂરિ મહારાજ રે. થેં૦ ૨૫

## ૪૭૩
## આ. વિ. કનકસૂરિજી. મ. સા. ની સજઝાય

વિજય કનકસૂરિજી વંદીએ, ગુણમણી રયણ ભંડાર રે;
શોભે મુદ્રા સમતા મયી, તપગચ્છના શણગાર રે. વિ૦ ૧

કચ્છ વાગડમાં દીપતું, સુંદર પલાંસવાં શહેર રે;
શાંતિ જીનેશ્વર શોભતાં, નામે થાય લીલા લ્હેર રે. વિ૦ ૨

ઉત્તમ કોટીના આતમા, ઉપન્યા જીહાં મહાભાગ રે;
અનેક ભાઈ બહેનો બુઝીયાં, સંયમ લીયે શુભ રાગ રે. વિ૦ ૩

શ્રાવક લોક સુખીલા વસે, શ્રદ્ધા ક્રિયા ભરપુર રે;
બહોલો પરિવાર જેહનો રે, ચંદુરા કુલ સનુર રે. વિ૦ ૪

નાનચંદ પિતાજી નિર્મલા, માતા નવલબાઈ નામ રે;
ઓગણીશ ઇગુણ ચાલીશે, નભસ્ય વદ પંચમી અભિરામ રે. વિ૦ ૫

શુભ નક્ષત્રવારે જનમીયા, કાનજીભાઇ અભિધાન રે;
લઘુવયમાં વૈરાગી થયાં, એ પુરવ પુણ્ય અનુમાન રે. વિ૦ ૬
ઓગણીશ બાસઠ ભીમાસરે, પૂર્ણિમા માગશીર માસ રે;
સંઘ ચતુર્વિધ સાક્ષીએ, ચારિત્ર લીએ ઉલ્લાસ રે. વિ૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આગમ સકલ અવગાહી ને, યોગવહન પણ કીધ રે;
છોતેર કાર્તિક વદ પંચમી, પંન્યાસ પદવી પ્રસિદ્ધ રે. વિ૦ ૮
શ્રી સિદ્ધગીરીની છાયામાં, વરત્યો જય જયકાર રે;
પાઠક પદવી પંચાસીએ, મલ્લીનાથ દરબાર રે. વિ૦ ૯
શુકલ એકાદશ માહની, ભોયણી તીર્થ મોઝાર રે;
ઉપાધ્યાય ઉમંગથી, કચ્છ ભણી કર્યો વિહાર રે. વિ૦ ૧૦
ગ્રામાનુ ગ્રામ અનુક્રમે, વિચરતા ગુરૂરાજ રે;
રાજનગર સંઘે કીયો, સૂરિપદ મહોત્સવ શુભ સાજ રે. વિ૦ ૧૧
નેવ્યાશી પોષ વદી સાતમે, સિદ્ધિ સૂરીશ્વર રાય રે;
પટ્ટધર મેઘ સૂરીશ્વર, વરદહસ્તે ત્રણ પદ થાય રે. વિ૦ ૧૨
તપગચ્છ ગયણાં ગણ દિનમણી, મણિ વિજયજી મહારાય રે;
દાદા બિરૂદે બીરાજતાં, મહિમા અધિક ગવાય રે. વિ૦ ૧૩
પદ્મવિજયજી પદ્મ સારીખા, જીતવિજયજી શિષ્ય હીર રે;
તસ શિષ્ય મુજ ગુરૂ શોભતા, વિજય કનક સૂરિ ધીર રે. વિ૦ ૧૪
ઓગણીશ સત્તાણું ખંભાતમાં, મહાસુદિ છઠ્ઠ રવિ યોગ રે;
દીપવિજય ગુરૂ ગુણ થકી, મંગળ વાંછીત ભોગ રે; વિ૦ ૧૫

## ૪૭૪
## તપગચ્છ નભોમણિ પરમપૂજય પં. મણિવિજયજીના શિષ્યરત્ન જયોતિષશિરોમણી પદ્મવિ. મ.ની સજ્ઝાય

દેવ સમા ગુરૂ પદ્મવિજયજી, સબહી ગુણે પુરા,
શુદ્ધ પ્રરૂપક સમતા ધારી, કોઈ વાતે નહી અધુરા;
મુનિવર લીજે વંદના હમારી, ગુરૂ દર્શન સુખકારી. મુનિ૦ ૧
સંવત અઢાર છાસઠની સાલે, ઓસવાલ કુળે આવ્યા;
ગામ ભરૂડીએ શુભ લગ્ને, માતા રૂપાબાઈ જાયા. મુનિ૦ ૨
સત્તર વર્ષના રવિગુરૂ પાસે; હુઆ યતિ વેષધારી;
ગુરૂ વિનયે ગીતારથ થયા, ચંદ્ર જેસા શીતલ કારી. મુનિ૦ ૩
સંવત ઓગણીશ અગિઆરસની, સાલે સંવેગ રસગુણ પી ધો;
રૂપે રૂડા જ્ઞાને પુરા, જીન શાસન ડંકો દીધો. મુનિ૦ ૪
સંવત ઓગણી ચોવીસની સાલે, છેદોપસ્થાન કીધો;
મહારાજ મણિવિજય નામનો, વાસક્ષેપ શીર લીધો. મુનિ૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

દિનદિન અધિકે સંવેગ રંગે, કામ કષાય નિવારી;
ધર્મ ઉપદેશે બહુ જીવ તારી, જ્ઞાન ક્રિયા ગુણ ધારી. મુનિ૦ ૬
સંવત ઓગણી સાડત્રીસ, વૈશાખ સુદી અગિયારસ રાતે;
પ્રથમ ગામે પલાસવાં કાલ ધર્મ કીધો, જીત નમે નિત્ય પ્રતે. મુનિ૦ ૭

## ૪૭૫
## પ. પૂ. જીતવિજયજી મહારાજ. સા. ની સજ્ઝાય

સમતાં ગુણો કરી શોભતાં રે, જીત વિજયજી મહારાય;
તેહના ગુણો ગાતાં થકાં રે, આતમ નિર્મલ થાય રે.
ભવિયણ વંદો મુનિવર એહ, જેમ થાયે ભવોદધિ છેહ રે. ભ૦ ૧
કચ્છ દેશમાં દીપતું રે, મનફરા નામે ગામ;
ભવિક કજ વિકાસતું રે, જીહાં શાંતિ જિન ધામ રે. ભ૦ ૨
સંવત અઢાર છનું એ રે, એમ ઉજ્વલ બીજ સાર;
માતા અવલ બાઈએ જનમીયાં રે, વર્ત્યો જયજયકાર રે. ભ૦ ૩
બાર વર્ષના જબ થયા રે, નેત્ર પીડા તબ થાય;
સોળ વર્ષની વયમાં રે, દ્રવ્ય લોચન અવરાય રે. ભ૦ ૪
જ્ઞાન લોચન પ્રકાશથી રે, અભિગ્રહ ધરે સુજાણ;
જો નેત્ર પડલ દૂરે જશે રે, સંયમ લેશુ સુખ ખાણ રે. ભ૦ ૫
દઢ અભિગ્રહ પ્રભાવથી રે, મનવંછિત સિદ્ધ થાય;
સંવત ઓગણીશ પંદરમાં રે, ચક્ષુ દર્શન શુદ્ધ થાય રે. ભ૦ ૬
સંવત ઓગણીશ વીશમાં રે, શ્રી સિદ્ધ ક્ષેત્ર મોઝાર;
તીર્થપતિની સમક્ષમાં રે, ઉચરે ચતુર્થ વ્રત સાર રે. ભ૦ ૭
ચઢતે સંવેગ રંગથી રે, આવ્યા આડીસર ગામ;
ગુરૂ ગુણવંતા વખાણીયે રે, પદ્મવિજયજી નામ રે. ભ૦ ૮
તેહની પાસે સંયમ લીયે રે, ઓગણીસે પચીસ મોઝાર;
વૈશાખ અક્ષય ત્રીજ ભલી રે, શુભ મુહૂર્ત શુભ વાર રે. ભ૦ ૯
સંયમ લઇ આનંદથી રે, કરે ગુરૂ સાથ વિહાર;
વિહાર કરી શુભ ભાવથી રે, આગમ ભણે સુખકાર રે. ભ૦ ૧૦
અનુક્રમે સૂત્ર ધરતા રે; મૂલ અર્થ વિસ્તાર રે;
એમ પીસ્તાલીશ સૂત્ર નારે, જાણ થયાં નિરધાર રે. ભ૦ ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત ઓગણીશ અડત્રીશે રે, ગુરૂ સિધાવ્યા પરલોક;
પછી વિચરી પ્રતિ બોધીયા રે, અનેક દેશના લોક રે. ભ૦ ૧૨
કચ્છ કાઠિયાવાડ ભલો રે, સોરઠ ગુજરાત સાર;
મેવાડ મારવાડ તેમ સહી રે, થરાદરી વઢીઆર રે. ભ૦ ૧૩
જ્ઞાન ક્રિયા ઉપદેશતા રે, મધુર વચને મનોહાર;
દૃષ્ટાંત બહુ દર્શાવી ને રે, સમજાવે ધર્મ સાર રે. ભ૦ ૧૪
તેહ દેશના સાંભલી રે, દીક્ષા કેઇ ભવ્ય લીધ;
કેઇક દેશવિરતિ ગ્રહે રે, સમકિત કેઈ પ્રસિદ્ધ રે. ભ૦ ૧૫
નિર્મલ ભાવના ભાવતાં રે, સંવેગી શિરદાર;
કામ કષાયને જીપતા રે, નિર્મમ નિરહંકાર રે. ભ૦ ૧૬
તપસીને વ્યાધિ થયો રે, દુર્બળ થયું નિજ દેહ;
તોપણ દૃઢ શ્રદ્ધા થકી રે, તપ નવી મૂકે જેહ રે. ભ૦ ૧૭
ચોપન વર્ષ એમ ચોપથી રે, કીધો પર ઉપગાર;
અખંડ ચારિત્ર પાલીને રે, સફલ કર્યો અવતાર રે. ભ૦ ૧૮
પંચાવનમાં વર્ષ માંહે, અધિક વ્યાધિ થયો જામ;
આતમ બલ આગલ ધરી રે, ધરતા સિદ્ધનું ધ્યાન રે. ભ૦ ૧૯
સંવત ઓગણીશ એંશીયે રે, અષાઢ કૃષ્ણ છઠ્ઠ ધાર;
શુક્રવારે સિધાવીયા રે, પરલોક પલાંસવા મઝાર રે. ભ૦ ૨૦
તેહની ભક્તિ પૂરે ભર્યા રે, હીર વિજયજી ગુણ ગેહ;
શિષ્ય કનક કહે ભવિ તુમે રે, ગુરૂ પદ નમો સસનેહ રે. ભ૦ ૨૧

## ૪૭૬
## પાંચમની સજ્ઝાય

પ્રવચન વચન વિચારીએ જી, વળી ધરી ધર્મ વિલાસ;
ગુરૂ પરંપરા ભગવતી જી, સેવિજે સુવિલાસ, ચતુરનર.
સમજો ધર્મ વિવેક. ૧
મુક્તિ મહોલનો દીવડો જી, પહેલો જ્ઞાન પ્રકાર;
જ્ઞાન વિના તપ જપ ક્રિયાજી, નાવે ફલ નિર્ધાર. ચતુર૦ ૨
એકેન્દ્રિય સુર નારકી જી, ન કરે કવલ આહાર;
જ્ઞાન વિના નવિ જિન કહે જી, તેહને તપ આચાર. ચતુર૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પૃથ્વી પાણી પ્રમુખના જી, થાવર ભેદ અનેક;
પ્રગટ પણે તેહને નહી જી, પાપસ્થાનક એક. ચતુર૦ ૪
તો પણ અજ્ઞાન પણે જી, લાગે સઘલાં રે પાપ;
જ્ઞાનીને બહુ નિર્જરાજી, ભાખે અરિહંત આપ. ચતુર૦ ૫
દયા પાળે પારેવડા જી, કુક્કર શુદ્ધ આહાર;
નાગા ચોપદ સહુ ફિરે જી, તો પણ નહિ ભવપાર. ચતુર૦ ૬
જાણે જીવ અજીવને જી, વળી ત્રસ થાવર પ્રાણ;
તે જીવને જિનજી કહેજી, શુદ્ધ પણે પચ્ચખ્ખાણ. ચતુર૦ ૭
રાગદ્વેષ છંડે સહી જી, જ્ઞાની નિજ પણ જાણ;
જ્ઞાને શુદ્ધ ક્રિયા ફલે જી, જ્ઞાને હોય ઉજ્જવલ ધ્યાન. ચતુર૦ ૮
ગુણ ઉપયોગ છે જીવને જી, પહેલો જ્ઞાન પ્રકાશ;
માન વિજય વાચક વદે જી, જુઓ જુઓ જ્ઞાન ઉજાસ. ચતુર૦ ૯

## ૪૭૭
## મદનમંજુષાની સજ્ઝાય

વહાણમાં રૂવે રે મદન મંજુષા, કરતી અતી શે વિલાપ;
પીયુજી પીયુજી એ ઝંખે ઘણું, ધરતી મનમાં સંતાપ. વ્હાણ૦ ૧
મધ્યદરિયે વ્હાણ ચલાવતાં, ઉદય થયા સર્વે પાપ;
પડતા પીયુ આ સમુદ્રમાં, અબળા થઈ આપો આપ વ્હાણ૦ ૨
ખરો વૈરી થયો આ વાણિયો, જેણે કીધો કાળો કેર;
નિરધાર મૂકી છે મુજને, લીધું કિયાં જન્મનું વૈર. વ્હાણ૦ ૩
મુજ રૂપે તે મોહ્યો પાપીયો, કુબુદ્ધિનો કરનાર;
કાળી રાતે મુજ કંતને, નાખ્યાં સમુદ્ર મોઝાર. વ્હાણ૦ ૪
ઉંચો આભ નીચે નીર છે, અંધારી છે તેમજ રાત;
નજરે ન દેખું મારા નાથને, પામ્યા સમુદ્ર વિઘાત. વ્હાણ૦ ૫
દૂર રહ્યા પિયર સાસરા, છૂટી પડયો જન્મ આધાર;
પ્રભુજી વિના મારૂં કોઇ નથી, છો તુમે જગનાથ આધાર. વ્હાણ૦ ૬
કુશળ હોજો મુજ કંતને, આજની છે અર્ધરાત;
વેળા પડી વિષમ દુઃખની, હું છું અજ્ઞાની જ બાળ. વ્હાણ૦ ૭

અન્નજળ લેવાં તે મુજને, આજથી છે પચ્ચક્ખાણ;
ધ્યાન ધરૂં જીનરાજનું, વાછું પ્રભુજીની સહાય. વ્હાણ૦ ૮
હીરવિજય ગુરૂ હીરલો, વીર વિજય ગુણ ગાય;
વિનય વિજય ગુરૂ રાજીયા, તેહના વંદુ નિત્ય પાય. વ્હાણ૦ ૯

## ૪૭૮
## જ્ઞાનની સજઝાય

ધન ધન શ્રી અરિહંતને રે, જેણે ઓળખાવ્યો ધર્મ સલુણા;
તે પ્રભુની પૂજા વિના રે, જન્મ ગુમાવ્યો ફોક. સલુણા. ધન૦ ૧
જેમ જેમ અરિહા સેવીએ રે, તેમ તેમ પ્રગટે જ્ઞાન સલુણા;
જ્ઞાનીના બહુમાનથી રે, જ્ઞાનતણા બહુમાન સલુણા. ધન૦ ૨
જ્ઞાન વિના આડંબરી રે, પામે જગ અપમાન સલુણા;
કપટ ક્રિયા જન રંજની રે, મૌન વૃત્તિ બગ ધ્યાન સલુણા. ધન૦ ૩
મત્સરી ખર મુખ ઉજવલે રે, કરતા ઉગ્ર વિહાર સલુણા;
પાપ શ્રમણ કરી દાખીયા રે, ઉત્તરાધ્યયન મોઝાર સલુણા. ધન૦ ૪
જ્ઞાન વિના મુક્તિ નહી રે, કિરિયા જ્ઞાનીની પાસ સલુણા;
શ્રી શુભવીરની વાણીએ રે, શિવકમલા ઘરવાસ સલુણા. ધન૦ ૫

## ૪૭૯
## શ્રી ધમ્મો મંગલની સજ્ઝાય

ધમ્મો મંગલં મહિમા નીલો, ધર્મ સમો નહિ કોઈ;
ધર્મે તુઠે દેવતા, ધર્મે સવિ સુખ હોય. ધમ્મો૦ ૧
જીવદયા નિત્યે પાળિયે, સંજમ સત્તર પ્રકાર;
બારે ભેદે તપ કરો, ધર્મ તણો એહ સાર. ધમ્મો૦ ૨
જેમ તરૂવરને ફુલડે, ભમરો રસ લઈ જાય;
તેમ સંતોષે આતમા, ફૂલને પીડા નવિ થાય. ધમ્મો૦ ૩
એણિ પરે વિચરે, ગોચરી, લેતાં સૂઝતો આહાર;
ઉંચ નીચ મધ્યમ કૂલે, ધન ધન એ અણગાર. ધમ્મો૦ ૪

Jain Education International 2010_05    For Private & Personal Use Only    www.jainelibrary.org

મુનિવર મધુકર સમ કહ્યા. નહિ તૃષ્ણા નહિ દોષ;
લાધે ભાડું દીયે આતમા, અણુ લાધે સંતોષ. ધમ્મો૦ ૫
પહેલે અધ્યયને પ્રરૂપીઓ, ખરા અર્થ વિચાર;
પૂન્ય કલશ શિષ્ય એમ કહે, ધર્મે જય જયકાર. ધમ્મો૦ ૬

## ૪૮૦
## કાયા પુર પાટણની સજ્ઝાય

કાયા પુર પાટણ રૂઅડો, પેખો પેખો નવ પોલમાન રે,
હંસ રાજા રમે રાજીયો, મળીયો મળીયો મન પ્રધાન રે;
કાયા માયા દોનું કારમી. ૧
જીવ જાણે એ સર્વ માહરૂં, કુડો કુડો કુટુંબ સંઘાત રે;
રાત્રે જેમ પંખી એકઠાં, ઉડી ઉડી જાયે પ્રભાત રે. કાયા૦ ૨
એમ જીવ રૂપી વેલડી, કરહલા હોય ચરંત રે;
એક કાળો ને બીજો ઉજળો, દિન દિન આયુ ઘટંત રે. કાયા૦ ૩
એક તરુવર ઘનરસ ચહે, એક પડે પીંપળ પાન રે;
ચતુર પણ એણી પેરે ચેતજો, હૈયે ધરજો અરિહંતનું ધ્યાનરે. કાયા૦ ૪
ઈણ વાટે નથી બેઠા વાણીયા, વળી નથી હાટનું ઠામ રે;
એવું જાણી ભાતું લેજો સાથમાં, વેગળું છે મુક્તિનું ધામ રે. કાયા૦ ૫
આપણો આત્મા બાલુડો, સરસ જોબન લહે લેશ રે;
મુક્તિ રમણી પરણાવજો, રૂપવિજય ઉપદેશ રે. કાયા૦ ૬

## ૪૮૧
## વૈરાગ્યની સજ્ઝાય

જાઉં બલિહારી એ વૈરાગ્યની, જેહના મનમાં એ ગુણ આવ્યો રે;
મોક્ષના મોતી એ જીવડા, નર ભવ સફલ તેણે પાયો રે; બલિ૦ ૧
જેમ ભિખારીને ભાંગ્યો ઠીંકરો, તેતો તજવો દોહિલો હોય રે;
ષટ્‌ખંડ તજવા સોહિલા, જો વૈરાગ્ય મનમાં હોય રે. બલિ૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નથી સંસારમાં કોઇ કોઈનું, સૌ સ્વારથીયાં સગાં વહાલાં રે;
કર્મ નર્મ સંયોગે સહુ સાંપડયા, અંતે જાશે સઘળાં ઠાલાં રે. બલિ૦ ૩
મારૂં મારૂં મમ કરો પ્રાણીયા, તારૂં નથી કોઈ એણી વેળાં રે;
ખાલી પાપના પોટલા બાંધવા, થાશે નરકમાં ઠેલમઠેલા રે. બલિ૦ ૪
ગરજ સરે જો એહથી, તો સંસાર મુનિ કેમ છોડે રે;
પણ જુઠી બાજી છે સંસારની, ઇંદ્રજાળની બાજી તોલે રે. બલિ૦ ૫
નગારાં વાગે માથે મોતનાં, કેમ નિશ્ચિંત થઇને સૂતો રે;
મધુબિંદુ સુખની લાલચે, ખાલી કીચડમાં કેમ ખૂંતો રે. બલિ૦ ૬
લાખ ચોરાશી જીવાયોનિમાં, નહિ છૂટવાનો કોઇ આરો રે;
એક જ મલ્લ વૈરાગ્ય છે, તુમે ધર્મરત્ન સંભારો રે. બલિ૦ ૭

## ૪૮૨
## વૈરાગ્યની સજઝાય

કાં નવિ ચિંતે હો ચિત્તમેં જીવડા, આયુ ગળે દિનરાત;
વાત વિચારી રે પૂરવ ભવતણી, કુણ કુણ તાહરી જાત. કાં૦ ૧
તું મત જાણે રે એ સહુ માહરાં, કુણ માત કુણ ભ્રાત ?
આપ સ્વાર્થે એ સહુકો મળ્યા, મ કર પરાઇ રે વાત. કાં૦ ૨
દોહિલો દીસે રે માનવતણો, શ્રાવક કુલ અવતાર;
પ્રાપ્તિ પૂરી રે ગુરૂ ગિરૂઆ તણી, નહીં તુજ વારો વાર. કાં૦ ૩
પૂણ્ય વિહૂણો રે દુઃખ પામે ઘણું, દોષ દીયે કીરતાર;
આપ કમાઇ રે પૂરવ ભવ તણી, નહી સંભારે ગમાર. કાં૦ ૪
કઠીન કર્મને રે અહર્નિશ તું કરે, જેહના સબલ વિપાક;
હું નવિ જાણું રે કુણ ગતિ તાહરી, તે જાણે વીતરાગ. કાં૦ ૫
તુજ દેખંતાં રે જોને જીવડા, કેઈ કેઇ ગયા નરનાર;
એમ જાણીને રે નિશ્ચે જાવું, ચેતન ચેતો ગમાર. કાં૦ ૬
તેં સુખ પામ્યાં રે બહુ રમણી તણાં, અનંતી અનંતી રે વાર;
લબ્ધિ કહે રે જો વિરમે, તો સુખ પામે અપાર. કાં૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૮૩
## સુધર્મા ગણધરની સજઝાય

ગણધર, ચારિત્રપાત્ર ચૂડામણિ, શ્રી સોહમ મુનિરાય હો;
ગણધર; લબ્ધિ સિદ્ધિ ધારક સદા, સંઘ સકળ સુખદા હો;
ગણધર આજ વધાવું હરખશું, ૧
ગણધર, મમતા મોહ નિવારતા, ધરતા નિર્મલ ધ્યાન હો;
ગણધર, શલ્ય રહિત ગારવ વિના, કરતા અનુભવ જ્ઞાન હો. ગણ૦ ૨
ગણધર, પાલે પ્રવચન માતને, ટાલે વિષય ઉપાધ હો;
ગણધર, વાધે અનુભવ પ્રીતશું, સાધે અવ્યાબાધ હો. ગણ૦ ૩
ગણધર, જાણે સ્વપર સ્વભાવને, દીપે શાસનમાંય હો;
ગણધર, ઝીપે વાદી વર્ગને, નાણે મમતા કયાંય હો. ગણ૦ ૪
ગણધર, કામધેનુ પરે દૂજતાં, ગામ નયર ઉદ્યાન હો;
ગણધર, વચણ સુધારસ વરસતા, સંપૂરણ શ્રુત જ્ઞાન હો. ગણ૦ ૫
ગણધર, તીર્થંકર સરિખા કહ્યા, તિમ વળી અરિહા જાણ હો;
ગણધર, શુદ્ધ પ્રરૂપક ગુણ થકી, પામે એહ ઉપમાન હો. ગણ૦ ૬
ગણધર, સૂત્રે રચે મુનિ પુંગવા, અરથ કહે અરિહંત હો;
ગણધર, ટીકા ચૂરણી નિર્યુક્તિ, ભાષ્ય સ્વરૂપે તંત હો. ગણ૦ ૭
ગણધર, ધારક પારગ ગુરુ ભણી, મંગલ કરણ નિમિત્ત હો;
ગણધર, સોહામણ વર સાથીઓ, પૂરે પૂરણ ભત્તિ હો. ગણ૦ ૮
ગણધર, જિનવર વયણાં મીઠડાં, મીઠડી રીતે સુણંત હો;
ગણધર, ઉત્તમ સંગથી મીઠડો, અનુભવ રત્ન લહંત હો. ગણ૦ ૯

## ૪૮૪
## યુગપ્રધાન સંખ્યા બતાવતી સજઝાય

સમરી શારદ કવિજન માય, શાંતિચંદ્ર ગુરૂ પ્રણમી પાય;
તેવીસ ઉદય તણા ગણધાર; પભણીશ તેહનો વર વિસ્તાર. ૧
પહેલે ઉદયે ગણધર વીસ, સુધર્મા આદિ હું નામી શીષ;
બીજે ઉદયે ગુરૂ તેવીસ, વયર સેન આદિ પ્રણમીશ. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અઠ્ઠાણું ગુરૂ ત્રીજે જાણ; પાડિવયાદિક ગુણની ખાણ;
હરિસ્સહાદિક ચોથે સહી, અઠયોત્તેરની સંખ્યા કહી. ૩
નંદી મિત્ર આદે ગણધાર, પંચોતેર નમીયે ગુણધાર;
નેવ્યાસી ગુરૂ છટ્ઠે કહ્યા, સૂરસેન ગુરૂ આદે લહ્યા. ૪
સાતમે ઉદયે એકસો જોય, રવિ મિત્રાદિક વંદું સોય;
સત્યાસી ગુરૂ મહિમ નિધાન, શ્રી પ્રભ આદિ યુગહ પ્રધાન. ૫
નવમે શ્રી મણિ સૂરિ મુનીશ, પ્રમુખ પંચાણું ચિત્ત ધરીશ;
દશમે સત્યાસી ગુણવંત, યશોમિત્ર આદિ ભગવંત. ૬
એકાદશમે ધન સિંહ આદિ, છહોંતેર નમતાં બહુ જસવાદ;
સત્યમિત્ર આદિ બારમે, અટ્ઠોત્તેર મુજ મનમાં રમે. ૭
શ્રી ધમ્મિલ પ્રમુખ તેરમે, ચોરાણું ગુરુ સહુએ નમે;
શ્રી ગુરૂ વિજયાનંદ મુનીંદ, આદે અઠ્ઠોતેર સે વંદ. ૮
શ્રી સુમંગલા મંગલકાર, ત્રિકોત્તર સય મહિમાગાર;
સોલસમે ગુરૂ શ્રી જયદેવ, એકસો સાત નમું નિત મેવ. ૯
એકસો ચાર મુનીશ્વર સાર, ધર્મ સિંહાદિક સંજમધાર;
અષ્ટાદશમે શ્રી સુરદિન્ન, એકસો પન્નર ગુરૂ કૃતપુન્ન. ૧૦
વિશાખ સૂરિ નમીયે નિશદિન, યુગપ્રધાન એકસો તેત્તીસ;
શ્રી કોડીન્ન મહીધર ધીર, ઉદય વીસમે એકસો વીસ. ૧૧
શ્રી માથુર ગુરુ આદિ આજ, પંચાણું પ્રણમું ગુરુરાજ;
પાણિયમિત્ર ગુરુ મહિમાવંત, નવ્વાણું પ્રણમું મહંત. ૧૨
દત્તસૂરિ આદિ વાંદીશ, ત્રેવીસમેં એ કહીયા મુનીશ;
સર્વ મલીને સંખ્યા ધાર, સહસ હોય ને અધિકા ચાર. ૧૩
પહેલા પહોતા મુગતે હોય, એકાવતારી બીજા જોય;
પંચમ આરે ધર્માધાર, સંયમ પાલે નિરતિચાર. ૧૪
જિહાં એ શ્રી ગુરૂ કરે વિહાર, અઢી જોયણ માંહિ વિસ્તાર;
તિહાં નહીં મરકી અને દુકાલ, એ ગુરુવર વંદું ત્રણ કાલ. ૧૫
તેહ સમાન ગુણરયણ નિધાન, વિજયસેન સૂરિ યુગ પ્રધાન;
શાંતિચંદ્ર વાચકનો શિષ્ય, અમરચંદ્ર નમે નિશદિશ ૧૬

Jain Education International 2010_05　For Private & Personal Use Only　www.jainelibrary.org

## ૪૮૫
## ક્રોધની સજ્ઝાય

ક્રોધ ન કરીએ ભલા પ્રાણી, ક્રોધે દુરગતિ આણી રે;
ક્રોધે તપ જપ હોયે હાણી, ઈમ વદે જિનવાણી રે. ક્રોધ૦ ૧
ક્રોધે દૂર શિવ પટરાણી, જાયે જિમ રીસાણી રે;
ક્રોધ ચંડાલતણી નિસાણી, કાયલતા કુમલાણી રે. ક્રોધ૦ ૨
ક્રોધે નવલાં વેર બંધાયે, પ્રેમ પૂરવલો જાય રે;
ક્રોધે નવલી પ્રીતિ ન થાયે, ક્રોધે આપ મરાય રે. ક્રોધ૦ ૩
આપ તપે પરને સંતાપે, જે નર ક્રોધે વ્યાપે રે;
ક્રોધે નરનારી ને શ્રાપે, પિંડ ભરાયે પાપે રે. ક્રોધ૦ ૪
ક્રોધ લજ્જાના તંતુને ત્રોડે, પુન્ય તરુવર મોડે રે;
સદ્ગતિ કેરાં સુખ સંકોડે, દુરગતિ સામો દોડે રે. ક્રોધ૦ ૫
માત પિતા સુત બાંધવા છોડે, ક્રોધે મૂછને મરડે રે;
રાજા દંડે આવે ખોડે, અપજશનાં ફળ જોડે રે. ક્રોધ૦ ૬
ક્રોધે સઘળાં કાજ વિણાસે, પરના મર્મ પ્રકાશે રે;
સજ્જન તે પણ અળગા નાસે, કોઈ ન રાખે પાસે રે. ક્રોધ૦ ૭
આતમ શુભ શિખડલી આ છે, જો તું શિવપુર વાંછે રે;
પર નિંદાથી રહીને પાછે, મિચ્છામિ દુક્કડં વાસે રે. ક્રોધ૦ ૮
શ્રી જિન આગમને અભ્યાસે, ભાવ સાગર ઈમ ભાખે રે;
ધર્મ કરો મનને ઉલ્લાસે, ઉપશમ આણો પાસે રે. ક્રોધ૦ ૯

## ૪૮૬
## માનની સજ્ઝાય

અભિમાન મ કરજો કોઈ, અભિમાન થકી દુઃખ હોઈ હો;
ભવિજન માન તજો.
અભિમાન મહા દુરદંત, નવિ આણે સાધુ મહંત હો. ભ૦ ૧
જોરાવર એ જગમાંહે, ન ટકે જેહથી કોઇ ચાંહે હો; ભ૦
દેવદાનવશું લડીયો, જે સુરપતિને પણ નડીયો હો. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રામચંદ્રની ઘરણી, જેહની અતિ મોટી કરણી હો; ભ૦
તેહ સીતા સતી આણી, કરવાને નિજ ઘણીઆણી હો. ૩
સઘળા નરપતિ સેવંતા, જે હુંતા લોક વિદિતા હો; ભ૦
એહવો જે રાવણ રાણો, દુઃખ પામ્યો તે સપરાણો હો. ૪
ઉત્તમ જાતિ કુલ પામી, તુમ માન મ કરશો ધામી હો; ભ૦
અભિમાન કર્યો શિશુપાલે, તે તુરત ગયો પાયાલે હો. ૫
બીજાનું શું કહેવું, વીર જિણંદ સંબંધ ગ્રહેવું હો; ભ૦
ઇમ મૂરખ ગુણ હીણા, અભિમાન કરે ધનલીણા હો. ૬
ખર કરહા અવતાર, તે પરાભવ લહે નિરધાર હો; ભ૦
આઠે મદને પરિહરીયે, તો શિવમંદિર સંચરીયે હો. ૭
સદ્ગુરૂ વાણી સુણી જે, ઉપદેશ સુધારસ પીજે હો; ભ૦
ભાવસાગર ઇમ ભાષે, નવાનગર રહી ચોમાસે હો. ૮

## ૪૮૭
## માયાની સજ્ઝાય

ભવિયણ ? માયા મૂળ સંસારનું, માયા મોહની રીઝ હો;
ભવિયણ ? માયાએ, જગ સહુ નડયા, માયા દુરગતિ બીજ હો. ભ૦ ૧
ભ૦ જિમ દાહિણ પવને કરી, મેઘ હુએ વિસરાળ હો;
ભ૦ તિમ માયાના જોરથી, પુન્ય ઘટે તતકાળ હો. ભ૦ ૨
ભ૦ મરમ વચન બોલ્યા થકી, જિમ સજ્જન પ્રતિકૂળ હો;
ભ૦ તિમ તપ જપ સંજમક્રિયા, માયાએ થાયે ધૂળ હો. ભ૦ ૩
ભ૦ મલ્લિ જિનેસર બાંધીયો, માયાએ સ્ત્રીવેદ હો;
ભ૦ ઉત્તમ નર કરજો તુમે, તે માટે તસ છેદ હો. ભ૦ ૪
ભ૦ માયાગારા માનવી, સેવ કરે કરજોડી હો;
ભ૦ માયાએ રીઝે માનવી, આપે ધનની કોડી હો. ભ૦ ૫
ભ૦ ઇમ જાણીને મત કરો, માયા સાથે રંગ હો;
ભ૦ જિમ જોગીસર મોટકા, ન કરે નારીનો સંગ હો. ભ૦ ૬
ભ૦ ભાવસાગર કહે ભવિજના, સાંભળો સદ્ગુરુ વાણ હો;
ભ૦ માયાના પરિહારથી, લહીયે સુખ નિરવાણ હો. ભ૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૮૮
## લોભની સજઝાય

લોભ ન કરીયે પ્રાણીયા રે, લોભ બૂરો સંસાર;
લોભ સરીખો કો નહિ રે, દુરગતિનો દાતાર;
ભવિકજન લોભ બૂરો સંસાર. વરજો તુમે નિરધાર. ભ૦
જિમ પામો ભવપાર, ભવિકજન લોભ બૂરો સંસાર. ૧
અતિ લોભે લખમીપતિ, સાગર નામે શેઠ;
પૂર પયો નિધિમાં પડયો રે, જઈ બેઠો તસ હેઠ. ભ૦ ૨
સોવન મૃગના લોભથી રે, દશરથ સુત શ્રી રામ;
સીતા નારી ગુમાવીને રે, ભમીયો ઠામો ઠામ. ભ૦ ૩
દશમા ગુણઠાણા લગે રે, મોહતણું છે જોર;
શિવપુર જાતાં જીવને રે, એહ જ મોટો ચોર. ભ૦ ૪
નવવિધ પરિગ્રહ લોભથી રે, દુરગતિ પામે જીવ;
પરવશ પડિયો બાપડો રે, અહોનિશ પાડે રીવ. ભ૦ ૫
પરિગ્રહના પરિહારથી રે, લહીયે સુખ શ્રીકાર;
દેવ દાનવ નરપતિ થઈ રે, જાઇએ મુગતિ મોઝાર. ભ૦ ૬
ભાવસાગર પંડિત ભણે રે, વીરસાગર બુધ શીશ;
લોભ તણે ત્યાગે કરી રે, પહોંચે સયલ જગીશ. ભ૦ ૭

## ૪૮૯
## શ્રી નેમનાથનો શ્લોકો

સરસ્વતી માતા હું તુમ પાય લાગું, દેવગુરૂ તણી આજ્ઞા માગું;
જિહ્વા અગ્રે તું બેસજે આઇ, વાણી તણી તું કરજે સવાઇ. ૧
આછો પાછો કોઈ અક્ષર થાવે, માફ કરજો જે દોષ કાંઇ નાવે;
તગણ સગણ તે જગણનાં ઠાઠ, તે આદે દઇ ગણ છે આઠ. ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

કિયા સારા ને કિયા નિષેધ, તેનો ન જાણું ઉંડારથ ભેદ;
કવિજન આગળ મારી શી મતિ, દોષ ટાળજો માતા સરસ્વતી. ૩
નેમજી કેરો કહિશું સલોકો, એક ચિત્તથી સાંભળજો લોકો;
રાણી શિવાદેવી સમુદ્ર રાજા, તસ કુળ કરવા આવ્યા દિવાજા. ૪
ગર્ભે કાર્તિક વદી બારસે રહ્યા, નવ માસવાડા આઠ દિન થયા;
પ્રભુજી જન્મ્યાની તારીખ જાણું, શ્રાવણ સુદિ પાંચમ ચિત્રા વખાણું. ૫
જન્મ્યા તણી તો નોબત વાગી, માતા-પિતાને કીધા વડભાગી;
તરિયા તોરણ બાંધ્યા છે બાર, ભરી મુક્તાફળ વધાવે નાર ૬
અનુક્રમે પ્રભુજી મહોટા રે થાય, ક્રીડા કરવાને નેમજી જાય;
સરખે સરખા છે સંગાતે છોરા, લટકે બહુ મુલા કલગી તોરા. ૭
રમત રમવા જાય છે તિહાં, દીઠી આયુધ શાળા છે જિહાં;
નેમ પૂછે છે સાંભળો ભ્રાત, આતે શું છે રે કહો તમે વાત. ૮
ત્યારે સરખા સહુ બોલ્યા ત્યાં વાણ, સાંભલજો નેમજી ચતુર સુજાણ;
તમારો ભાઈ કૃષ્ણજી કહીએ, તેને બાંધવા આયુધ જોઇએ. ૯
શંખ ચક્ર ને ગદા એ નામ, બીજો બાંધવ ઘાલે નહિ હામ;
એહવો બીજો કોઈ બળીયો જો થાય, આવા આયુધ તેને બંધાય. ૧૦
નેમ કહે છે ઘાલુ હું હામ, એમાં ભારે શું મોટું છે કામ;
એવું કહીને શંખ જ લીધો, પોતે વગાડી નાદ જ કીધો. ૧૧
તે ટાણે થયો મહોટો ડમડોલ, સાયરનાં નીર ચડયાં કલ્લોલ;
પરવતની ટુંકો પડવાને લાગી, હાથી ઘોડા તો જાય છે ભાગી. ૧૨
જબકી નારીઓ નવ લાગી વાર, તુટયા નવસેરા મોતીના હાર;
ધરા ધરૂજી ને મેઘ ગડગડીયો, મોટી ઇમારતો તુટીને પડીયો. ૧૩
સહુનાં કાળજા ફરવાને લાગ્યાં, સ્ત્રી અને પુરૂષ જાય છે ભાગ્યા;
કૃષ્ણ બળભદ્ર કરે છે વાત, ભાઈ શ્યો થયો આ તે ઉત્પાત. ૧૪
શંખ નાદ તો બીજે નવ થાય, એહવો બળિયો તે કોણ કહેવાય;
કાઢો ખબર આ તે શું થયું, ભાગ્યું નગર કે કોઈ ઉગરીયું. ૧૫
તે ટાણે કૃષ્ણ પામ્યા વધાઈ, એ તો તમારો નેમજી ભાઈ;
કૃષ્ણ પૂછે છે નેમને વાત, ભાઈ શ્યો કીધો આ તેં ઉત્પાત. ૧૬
નેમજી કહે સાંભળો હરિ, મેં તો અમસ્તી રમત કરી;
અતુલ બળ દીઠું નાનુડે વેષે, કૃષ્ણજી જાણે એ રાજને લેશે. ૧૭
ત્યારે વિચાર્યું દેવ મોરારી, એને પરણાવું સુંદર નારી;
ત્યારે બળ એનું ઓછું જો થાય, તો તો આપણે અહિં રહેવાય. ૧૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એવો વિચાર કરી મનમાં આણી, તેડ્યા લક્ષ્મીજી આદે પટરાણી;
જળ ક્રીડા કરવા તમે સહુ જાઓ, નેમને તમે વિવાહ મનાવો. ૧૯
ચાલી પટરાણી સરવે સાજે, ચાલો દેવરીયા ન્હાવાને કાજે;
જળક્રીડા કરતાં બોલ્યા રૂક્મણી, દેવરીયા પરણાવો છબીલી રાણી. ૨૦
વાંઢા નવ રહીએ દેવર નગીના, લાવો દેરાણી રંગના ભીના;
નારી વિના તો દુઃખ છે ઘાટું, કોણ રાખશે બાર ઉઘાડું; ૨૧
પરણ્યા વિના તો કેમ જ ચાલે, કરી લટકો ઘરમાં કોણ માલે;
ચુલો ફુંકશો પાણીને ગળશો, વહેલા મોડાં તો ભોજન કરશો. ૨૨
બારણે જાશો અટકાવી તાળું, આવી અસુરા કરશો વાળું;
દીવા બત્તીને કોણ જ કરશે, લીંપ્યા વિના તો ઉકેડા વળશે. ૨૩
વાસણ ઉપર તો નહિ આવે તેજ, કોણ પાથરશે તમારી સેજ;
પ્રભાતે લુખો ખાખરો ખાશો, દેવતા લેવા સાંજરે જાશો. ૨૪
મનની વાતો તો કોને કહેવાશે, તે દિન નારીનો ઓરતો થાશે;
પરોણા આવીને પાછા જાશે, દેશ-વિદેશ વાતુ બહુ થાશે. ૨૫
મ્હોટાના છોરૂ નાનેથી વરીયા, મ્હારૂ કહ્યું તો માનો દેવરીયા;
ત્યારે સત્યભામા બોલ્યા ત્યાં વાણ, સાંભલો દેવરીયા ચતુર સુજાણ. ૨૬
ભાભીનો ભરોસો નાશીને જાશે, પરણ્યા વિના કોણ પોતાની થાશે;
પહેરી ઓઢીને આંગણે ફરશે, ઝાઝાં વાનાં તો તમને કરશે. ૨૭
ઉંચા મન ભાભી કેરા કેમ સહેશો,
સુખ દુઃખની વાત કોણ આગળ કહેશો;
માટે પરણોને પાતળીયા રાણી, હું તો નહિ આપું ન્હાવાને પાણી. ૨૮
વાંઢા દેવરને વિશ્વાસે રહિયે, સગાં વહાલામાં હલકાં થઇએ;
પરણ્યા વિના તો સુખ કેમ થાશે, સગાને ઘેર ગાવા કોણ જાશે. ૨૯
ગણેશ વધાવવા કોને મોકલશો, તમે જાશો તો શી રીતે ખલશો;
દેરાણી કેરો પાડ જાણીશું, છોરૂ થાશે તો વિવાહ માણીશું. ૩૦
માટે દેવરીયા દેરાણી લાવો, અમ ઉપર નથી તમારો દાવો;
ત્યારે રાધિકા આઘેરા આવી, બોલ્યા વચન તો મોઢું મલકાવી. ૩૧
શી શી વાતો કરો છો સખી, નારી પરણવી રમત નથી;
કાયર પુરૂષનું નથી એ કામ, વાવરવા જોઇએ ઝાઝેરા દામ. ૩૨
ઝાંઝર નુપુર ને ઝીણી જવમાલા, અણઘટ વીંછુઆ ઘાટે રૂપાળા;
પગપાને ઝાઝી ઘુઘરીઓ જોઇએ, મહોટે સાંકળે ઘુઘરા સોહીએ. ૩૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સોના ચુડલો ગુજરીના ઘાટ, છલ્લા અંગુઠી અરિસા ઠાઠ;
ઘુઘરી પહોંચી ને વાંક સોનેરી, ચંદન ચુડીની શોભા ભલેરી. ૩૪
કલ્લાં સાંકળાં ઉપર સિંહમોરા, મરકત બહુ મૂલા નંગ ભલેરા;
તુલશી પાટીયાં જડાવ જોઈએ, કાલી કંઠીથી મનડું મોહિએ. ૩૫
કાંઠલી સોહીએ ઘુઘરી ચાળી, મનડું લોભાયે જુમણું ભાળી;
નવસેરો હાર મોતીની માળા, કાને ટંટોડા સોનીરી માળા. ૩૬
મેચકણિયા જોઈએ મૂલ્ય ઝાઝાનાં, ઝીણાં મોતી પણ પાણી તાજાનાં;
નીલવટ ટીલડી શોભે બહુ સારી, ઉપર દામણી મુલની ભારી.
ચીર ચુંદડી ઘરચોળાં સાડી, પાલી પટોલી માંગશે દહાડી. ૩૭
બાંટ ચુંદડીઓ કસબી સોહિએ, દશેરા દિવાળી પહેરવા જોઇએ;
મોઘાં મૂલનાં કમખાં કહેવાય, એવડું નેમથી પુરૂં કેમ થાય. ૩૮
માટે પરણ્યાની પાડે છે નાય, નારીનું પુરૂં શી રીતે થાય;
ત્યારે લક્ષ્મીજી બોલ્યા પટરાણી, દીયરનાં મનની વાતો મેં જાણી. ૩૯
તમારૂં વચણ માથે ધરીશું, બેઉનું પુરૂ એમ કરીશું;
માટે પરણોને અનુપમ નારી, તમારો ભાઈ દેવ મોરારી. ૪૦
બત્રીસ હજાર નારી છે જેહને, એકનો પાડ ચડશે તેહને;
માટે હૃદયથી ફીકર ટાળો, કાકાજી કેરૂં ઘર અજવાળો. ૪૧
એવું સાંભળી નેમ ત્યાં હસિયા, ભાભીના બોલ રદયમાં વસીયા;
ત્યાંતો કૃષ્ણને દીધી વધાઈ, નિશ્ચે પરણશે તમારો ભાઈ.
ઉગ્રસેન રાજા ઘેર છે બેટી, નામે રાજુલ ગુણની પેટી. ૪૨
નેમજી કેરો વિવાહ ત્યાં કીધો, શુભ લગ્નનો દિવસ લીધો;
મંડપ મંડાવ્યા કૃષ્ણજી રાય, નેમને નિત્ય ફુલેકાં થાય. ૪૩
પીઠી ચોળે ને માનિની ગાય, ધવલ મંગળ અતિ વરતાય;
તરીયા તોરણ બાંધ્યા છે બહાર, મળી ગાય છે સોહાગણ નાર. ૪૪
જાન સજાઈ કરે ત્યાં સારી, હલબલ કરે ત્યાં દેવ મોરારી;
વહુવારૂ વાતો કરે છે છાને, નહિ રહિયે ઘેર ને જાઈશું જાને. ૪૫
છપ્પન કરોડ જાદવનો સાથ, ભેળા કૃષ્ણ અને બળભદ્ર ભ્રાત;
ચડીયા ઘોડલે મ્યાના અસવાર, સુખ પાલ કેરો લાધે નહિ પાર. ૪૬
ગાડાવેલો ને બગીઓ બહુ જોડી, મ્યાના ગાડીએ જોતર્યા ધોરી;
બેઠા જાદવ તે વેઢ વાંકડીયા, સોવન મુગટ હીરલે જડિયા. ૪૭
કડા પોંચીયો બાંજુ બંધ કશીયા, શાલો દુશાલો ઓઢે છે રસીયા;
છપ્પન કોટી તો બરોબરીયા જાણું, બીજા જાનૈયા કેટલા વખાણું. ૪૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જાનડીઓ શોભે બાલુડે વેષે, વિવેકે મોતી પરોવે કેશે;
સોળ શણગાર ધરે છે અંગે, લટકે અલબેલી ચાલે ઉમંગે. ૪૯
લીલીવટ ટીલી દામણી ચળકે, જેમ વિજળી વાદળે ઝળકે;
ચંદ્રવદની મૃગાં જો નેણી, સિંહલકી જેહની નાગશી વેણી. ૫૦
રથમાં બેસી બાળક ધવરાવે, બીજી પોતાનું ચીર સમરાવે;
એમ અનુક્રમે નારી છે ઝાઝી, ગાય ગીત ને થાય જે રાજી. ૫૧
કોઈ કહે ધન્ય રાજુલ અવતાર; નેમ સરીખો પામી ભરથાર;
કોઈ કહે પુણ્ય નેમનું ભારી, તે થકી મળી છે રાજુલ નારી. ૫૨
એમ અન્યોન્ય વાદ વદે છે, મહોઢાં મલકાવી વાતો કરે છે;
કોઈ કહે અમે જઈશું વહેલી, બળદને ઘી પાઈશું પહેલી. ૫૩
કોઈ કહે અમારા બળદ છે ભારી, પહોંચી ન શકે દેવ મોરારી;
એવી વાતોના ગપોડા ચાલે, પોત પોતાના મગનમાં મહાલે. ૫૪
બહોંતરે કળા ને બુદ્ધિ વિશાળ, નેમજી નાહીને ધરે શણગાર;
પહેર્યા પીતાંબર જરકશી જામા, પાસે ઉભા છે નેમના મામા. ૫૫
માથે મુગટ તે હીરલે જડીયો, બહુમૂલો એ કસબીનો ઘડીયો;
ભારે કુંડલ બહુમૂલા મોતિ, શહેરની નારી નેમને જોતી. ૫૬
કંઠે નવસેરો મોતિનો હાર, બાંધ્યા બાજુબંધ નવ લાગી વાર;
દશે આગળીએ વેઢ ને વીંટી, ઝીણી દિસે છે સોનેરી લીટી. ૫૭
હીરા બહુ જડીયા પાણીના તાજા, કડાં સાંકળાં પહેરે વરરાજા;
મોતીનો તારો મુગટમાં ઝબકે, બહુ મજેથી કલગી ચળકે. ૫૮
રાધાએ આવી આંખડી આંજી, બહુ ડાહી છે નવ જાય ભાંજી;
કુમ કુમનું ટીલું કીધું છે ભાલે, ટપકુ કસ્તુરી કેરૂં છે ગાલે. ૫૯
પાન સોપરી શ્રીફળ જોડે, ભરી પોસ ને ચડીઆ વરઘોડે;
ચડી વરઘોડે ચઉટામાં આવે, નગરની નારી મોતીએ વધાવે. ૬૦
વાજાં વાગે ને નાટારંભ થાય, નેમવિવેકી તોરણ જાય;
ધુંસળ મુસળ ને રવઈઓ લાવ્યા, પોંખવા કારણ સાસુજી આવ્યા. ૬૧
દેવ વિમાને જુએ છે ચડી, નેમ નહિ પારણે જાશે આ ઘડી;
એવામાં કીધો પશુએ પોકાર, સાંભળો અરજી નેમ દયાળ. ૬૨
તમે પરણશો ચતુર સુજાણ, પરભાતે જાશે પશુઓના પ્રાણ;
માટે દયાલુ દયા મનમાં દાખો, આજ અમોને જીવતા રાખો. ૬૩
એવો પશુઓનો સુણી પોકાર, છોડાવ્યાં પશુઓ નેમ દયાલ;
પાછા તો ફરીયા પરણ્યા જ નહીં, કુંવારી કન્યા રાજુલ રહી. ૬૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાજુલ કહે ન સિદ્ધાં કાજ, દુશ્મન થયાં પશુડા આજ;
સાંભળો સર્વે રાજુલ કહે છે, હરણીને તિહાં ઓલંભો દે છે. ૬૫
ચંદ્રમાને તેં લંછન લગાડયું, સીતાનું હરણ તેં તો કરાવ્યું;
મ્હારી વેળા તો કયાં થકી જાગી, નજર આગળથી જાને તું ભાગી. ૬૬
કરે વિલાપ રાજુલ રાણી, કર્મની ગતિ મેં તો ન જાણી;
આઠ ભવની પ્રીતને ઠેલી, નવમેં ભવ કુંવારી મેલી. ૬૭
એવું નવ કરીએ નેમ નગીના, જાણું છું મન રંગના ભીના;
તમારા ભાઈએ રણમાં રઝળાવી, તેં તો નારી ઠેકાણે નાવી. ૬૮
તમો કુલતણો રાઓ છો ધારો, આ ફેરે આવ્યો તમારો વારો;
વરઘોડે ચડી મોટો જશ લીધો, પાછા વળીને ફજેતો કીધો.
આંખો અંજાવી પીઠી ચોળાવી, વરઘોડે ચડતાં શરમ ન આવી. ૬૯
મ્હોટે ઉપાડે જાન બનાવી, ભાભીઓ પાસે ગાણું ગવરાવી;
એવા ઠાઠથી સર્વને લાવ્યા, સ્ત્રી પુરૂષને ભલા ભમાવ્યા. ૭૦
ચાનક લાગે તો પાછેરા ફરજો, શુભ કારજ મ્હારૂં એ કરજો;
પાછા ન વળીઆ એક જ ધ્યાન, દેવા માંડયું તિહાં વરસી જ દાન. ૭૧
દાન દઈને વિચાર જ કીધ, શ્રાવણ સુદી છઠનું મુહુરત લીધ;
દીક્ષા લીધી ત્યાં ન લાગી વાર, સાથે મુનિવર એક હજાર. ૭૨
ગિરનારે જઈને કારજ કીધું, પંચાવનમે દિન કેવલ લીધું;
પામ્યા વધાઇ રાજુલ રાણી, પીવા ન રહ્યા ચાંગળું પાણી. ૭૩
નેમને જઇ ચરણે લાગી, પીઉજી પાસે મોજ ત્યાં માંગી;
આપો કેવલ તમારી કહાવું, હું તો શોકને જોવાને જાવું. ૭૪
દીક્ષા લઇને કારજ કીધું, ઝટપટ પોતે કેવલ લીધું;
મળ્યું અખંડ એ આતમરાજ, ગયા શિવ સુંદરી જોવાને કાજ. ૭૫
સુદીની આઠમ અષાઢ ધારી, નેમજી વરીયા શિવ વધુ નારી;
નેમ રાજુલની અખંડ ગતિ, વર્ણન કેમ થાયે મારી જ મતિ. ૭૬
યથાર્થ કહું બુદ્ધિ પ્રમાણે, એઉનાં સુખ તો કેવલી જાણે;
ગાશે ભણશે ને જે કોઈ સાંભળશે, તેનાં મનોરથ પુરા એ કરશે. ૭૭
સિદ્ધનું ધ્યાન હૃદયે જે ધરશે, તે તો શિવવધુ નિશ્ચય વરશે;
સંવત ઓગણીશ શ્રાવણ માસ, વદી પાંચમનો દિવસ ખાસ. ૭૮
વાર શુક્ર ને ચોઘડીયું સારૂં, પ્રસન્ન થયું એ મનડું મારું;
ગામ ગાંગડાના રાજા રામસિંધ, કીધો શલોકો મનને ઉછરંગ. ૭૯
મહાજનના ભાવથકી મેં કીધો, વાંચી શલોકો સારો જસ લીધો;
દેશ ગુજરાત રેવાશી જાણો, વિશા શ્રીમાલી નાત પ્રમાણો. ૮૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભુની કૃપાથી નવનિધિ થાય, બેઉ કરજોડી સુરશશી ગાય;
નામે દેવચંદ પણ સુરશશી કહીયે, બેઉનો અર્થ એક જ લઈએ. ૮૧
દેવ સૂર્ય ને ચંદ્ર છે શશી, વિશેષ વાણી રદયમાં વસી;
બ્યાસી કડીથી પુરો મેં કીધો, ગાઈ ગવડાવી સુયશ મેં લીધો. ૮૨

## ૪૯૦
## બારમા પાપસ્થાનકની સજઝાય

જેહને કલહ સંઘાતે પ્રીત રે, માંહો માંહે મલે નહિ ચિત્ત રે;
જેહને ઘેર હોય વઢવાડ રે, જાણે ચાલતી આવી ધાડ રે. જેહ૦ ૧
અનુક્રમે ઘરથી લક્ષ્મી જાય રે, ઘણા કાલની હુંતી આય રે;
કલહે કલશાનું જલ જાય રે, કલહે ભલી વાર ન થાય રે. જેહ૦ ૨
કલહે નાસે ઘરના દેવ રે, કલહે ઉદ્વેગ નિત્યમેવ રે;
કલહે વાધે જગ અપવાદ રે, કલહે વાધે મન વિખવાદ રે. જેહ૦ ૩
કલહે પૂર્વજ કીર્તિ ઘટે રે, કલહે માંહોમાંહે કટે રે;
કલહે ત્રુટે પ્રીત પ્રતીત રે, કલહે અપજશ હોય ફજેત રે. જેહ૦ ૪
કલહે આર્તરૌદ્રનો જોરો રે, દુર્ગતિ દાયક ધ્યાન એ પૂરો રે;
કલહે ધોબી સમ સાધુ કહ્યા રે, કોણિક સરિખા દુર્ગતિ લહ્યા રે. જેહ૦ ૫
કલહ કરી ખમાવે જેહ રે, આરાધક કહ્યા વીતરાગે તેહ રે;
કલહથી બાહુબલ ઓસરીયા રે, દ્રાવિડ વારિખલ ભવજલ તરિયા રે. જેહ૦ ૬
કલહે વાધે નિત્ય શોગ રે, કલહ તે જાણો મોટો રોગ રે;
એહવું જાણી કલહ જે વામે રે, પદ જીતતણા તે પામે રે. જેહ૦ ૭

## ૪૯૧
## પરદેશી રાજાની સજઝાય

જીહો પરમપુરૂષ પરમેશ્વરૂ રે લાલા, પુરૂષાદાણી રે પાસ;
જીહો ચરણ કમલ નમી તેહનારે લાલા, પૂરે વંછિત આશ;
સુગુણનર સાંભળો સુગુરૂ ઉપદેશ. એ આંકણી;
જીહો જે ટાલે ભવના કલેશ સુગુણનર. ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જીહો મોહ મિથ્યાત અજ્ઞાનનો રે લાલા, ભરીઓ રોગ અથાગ;
જીહો વૈદ્ય રાજગુરૂ વચનથી રે લાલા, ઔષધ જ્ઞાન વૈરાગ. સુ૦ ૨
જીહો ગુરૂ કારીગર સારીખા રે લાલા, ટંકણુ વચન વિચાર;
જીહો પથ્થરસે પડિમા કરે રે લાલા, લહે પૂજા અપાર. સુ૦ ૩
જીહો ચોથા પટધર પાર્શ્વના રે લાલા, કેશી નામે કુમાર;
જીહો ચાર મહાવ્રત આદરી રે લાલા, કરે બહુજીવ ઉપગાર. સુ૦ ૪
જીહો વિચરતાં મુનિ આવીયા રે લાલા, શ્વેતાંબી નયરી મોઝાર;
જીહો તિહાં પરદેશી રાજીયો રે લાલા, અધરમી આચાર. સુ૦ ૫
જીહો ચિત્ર સારથિ લેઇ આવીઓ રે લાલા, જીહા કેશી ગણધાર;
જીહો વંદના રહિત બેઠો તિહાં રે લાલા, પૂછે પ્રશ્ન ઉદાર. સુ૦ ૬
જીહો દાદો પાપી પ્રશ્ન ઉપર રે, લાલા, સૂરિ કંતાનો રે ન્યાય;
જીહો દાદી ધરમી દેવ ઉપરે રે લાલા, જીમ તું ભંગીઘર ન જાય. સુ૦ ૭
જીહો જીવ કોઠીથી નીકલ્યો રે લાલા, તે કુટશાલાનો ન્યાય;
જીહો જીવ કોઠી માંહે ઉપન્યા રે લાલા, જીમ અગ્નિ પેઠી લોહમાંય. સુ૦ ૮
જીહો બાલક બાણ ચલે નહીં રે લાલા, ત્રુટે જીમ કબાન;
જીહો બુઢાસુ ભાર વહે નહીં રે લાલા, જની કાવડ જ્યું જાણ. સુ૦ ૯
જીહો જીવ મારીને તોલીયો રે લાલા, દીવડી ન ઘટે રે જેમ;
જીહો પુરુષ મારી જીવ જોઇઓ રે લાલા, તે કઠીઆરા એમ. સુ૦ ૧૦
જીહો આમલા પ્રમાણે જીવ પૂછીઓ રે લાલા, વૃક્ષપાન કોણ હલાય;
જીહો કુંજર કંથુઆ ઉપરે રે લાલા, દીવાનું દૃષ્ટાંત લગાય. સુ૦ ૧૧
જીહો મુજથી લીધો મન છૂટે નહીં રે લાલા, તે લોહવાણીઆ જેમ;
જીહો પછે પસ્તાવો કર્યો રે લાલા, અગિયારમો દૃષ્ટાંત એમ. સુ૦ ૧૨
જીહો ઉત્તર અગિયારે સાંભળી રે લાલા, બુઝ્યો પરદેશી રે રાય;
જીહો શ્રાવકનાં વ્રત આદરી રે લાલા, નિર્લોભી નિર્માય. સુ૦ ૧૩
જીહો સૂરિકંતા નિજ નારીયે રે લાલા, ઉપસર્ગ કીધો અપાર;
જીહો ક્ષમાએ કર્મ ખપાવીને રે લાલા, ઉપન્યો દેવ મોઝાર. સુ૦ ૧૪
જીહો ચાર પલ્યોપમ આઉખે રે લાલા, સુરીયાભ સુર સુખદાય;
જીહો ધર્મશાસ્ત્ર વાંચી ગ્રહ્યો રે લાલા, ધર્મ તણો વ્યવસાય. સુ૦ ૧૫
જીહો ત્યાં જિન પડિમા પૂજીને રે લાલા, કરે જિન ભક્તિ ઉદાર;
જીહો ચવી મહાવિદેહે ઉપજશે રે લાલા, પામશે ભવનો પાર. સુ૦ ૧૬
જીહો સંક્ષેપે સજ્ઝાય કહી રે લાલા, રાયપસેણી સૂત્રે વિસ્તાર;
જીહો પદ્મવિજયજી સુપસાયથી રે લાલા, જીત કહે જુઓ અધિકાર. સુ૦ ૧૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૯૨
## શ્રી ધર્મ આરાધનાની સજઝાય

સરસતી સામિની વિનવું, સુણ પ્રાણી જી રે;
સુગુરુના પ્રણમી પાય, અતિ ઉછાંહે સુણ પ્રાણી જી રે,
ધર્મનો મહિમા વરણવું, સુણ પ્રાણી જી રે;
જેહથી શિવસુખ થાય, પાપ પલાએ. સુણ૦ ૧
સુમતિ નારી એમ વિનવે, સુ૦ ધર્મ કરો સહુ કોય;
જિમ સુખ હોય, સુ૦ ધર્મથી સાતે સુખ લહે; સુણ૦
સંપતિ સુકુલિણી નાર, દેહ કરાર. સુણ૦ ૨
ચોથું સુખ ન જઇયે ગામ, પંચમ સુખ રહેવા ઠામ;
અતિ અભિરામ, સુ૦ પુત્ર વિનીત પંડિતપણું; સુ૦
સાતમે ધર્મ વીતરાગ, સહુમાં સોભાગ. સુ૦ ૩
ધર્મ વિના જીવ દુઃખ લહે, સુ૦ કુપુત્ર કુલટાનાર;
આંગણે ઝાડ, સુ૦ દેહ રોગીલી ઋણ ઘણો; સુ૦
ન ગમે ધર્મની વાત, કરે પરતાંત. સુ૦ ૪
ધર્મની માતા દયા કહી, સુ૦ જે પાલે નરનાર;
પામે ભવપાર, સુ૦ જીત કહે જિનધર્મ કરો, સુ૦
જાણી અથિર સંસાર, આતમતાર. સુ૦ ૫

## ૪૯૩
## પાંચમા આરાની સજઝાય

અરિહંત સિદ્ધિ સૂરિ વાચક મુનિ, તેહનું સ્મરણ કરો ઉત્તમ પ્રાણી;
નામ લેતાં જયજયકારે, પૂરું સુખ નહિ પંચમ આરે. ૧
નિત્ય નિત્ય ઊઠી ગામડીએ જાવે, વળી માથે ભાર ઉઠાવી લાવે;
વેઠ કરી પેટ ભરે જેની વારે. પૂરું૦ ૨
દેશ પરદેશમાં બહુ રે ભમે, તોહી સ્વાર્થી કુટુંબને નવીય ગમે;
ભમી ભમી ઝડપ જ મારે. પૂરું૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એક એકને વણજમાં હુવો રે ત્રોટો, તેહને શોચ લાગ્યો છે બહુ રે મોટો;
રાત દિવસ છાતી બળે ભારે. પૂરું૦ ૪
કેઈ કેઈને વણજમાં નફોરે ઘણો, તેહને શોચ લાગ્યો છે પુત્ર તણો;
પુત્ર હોવે તો નિર્ધન ભારે. પૂરું૦ ૫
પુત્રની જો દિશ મળી, તો પાડોશી ખોટો મલીઓ;
ઉભા છે લેણીઆત લારો લારે. પૂરું૦ ૬
પાડોશી ઉત્તમ મલીઓ તો, ઘેરનારી સાપિણી જેસી;
રાત દિવસ મસકા મારે. પૂરું૦ ૭
નારી તો પુણ્ય યોગે મલી, તો શરીરે રોગ ઉપન્યો ભારી;
રાત્રી દિવસ હૃદય બળે ભારે. પૂરું૦ ૮
શરીરે સાતા કિણે પાઈ, તો ઘેર બેટી ઝાઝી જાઈ;
નિશદિન ચિંતા હુએ ભારે. પૂરું૦ ૯
કેઇ કેઇને પુત્ર હુવા રે ઝાઝા, પછી પરણીને જુદા થયા,
કોઈ ન સંભાળે ઘરડાને માટે. પૂરું૦ ૧૦
ઈહ સંસારે ખટપટ ઘણી, એક રાજ ને બીજી ધન તણી;
એહવું જાણી જૈન ધર્મ કરો, તો વિનય વિજય સુખ નહિ રહે પરો.
સુખ નહિ પંચમ આરે. ૧૧

## ૪૯૪
## માન ત્યાગની સજ્ઝાય

ચતુર સનેહી ચેતન ચેતીયે રે, મૂક તું માયા જાલ;
સુંદર એ તનુશોભા કારમી રે, સરવાલે વિસરાલ૦ ૧
અકલ અરૂપી અવિગત આતમારે, શાંતિ સુધારસ ચાખ;
વિષયતણે સુરંગે ફુલડે રે, અટતો મન અલિ રાખ. અકલ૦ ૨
સ્વાર્થને વશ સહુ આવી મિલે રે, સ્વાર્થ સુધી પ્રીત;
બિણુ સ્વાર્થ જગ વહાલું કો નહિ રે, એ સંસારની રીત. અકલ૦ ૩
આદર સમતા મમતા મેલીને રે, ધર જિનધર્મ શું રંગ;
ચંચલ વીજ તણી પરે જાણી ચેરે, કુત્રીમ સવિ હું સંગ. અકલ૦ ૪
વાહલું વૈરી કો નહિ તાહરે રે, જુઠો રાગ ને રોષ;
પંચ દિવસનો તું છે પ્રાહુણો રે, તો શ્યો એવડો શોષ. અકલ૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

રાવણ સરિખો જોજો રાજવીરે, લંકા સરિખો કોટ;
તે પણ રૂઠે કરમે રોળવ્યો રે, શ્રી રામચંદ્રની રે ચોટ. અકલ૦ ૬
જે નર મૂછે વળ ઘાલતા રે, કરતાં મોંડા મોડ;
તે ઉઠી સ્મશાને સંચર્યા રે, કાજ અધુરાં છોડ. અકલ૦ ૭
મુંજ સરીખો માંગી ભીખડી રે, રામ રહ્યા વનવાસ;
એણે સંસારે એ સુખ સંપદારે, સંધ્યા રાગ વિલાસ. અકલ૦ ૮
રાજલીલા સંસારની સાહેબી રે, એ યૌવન રંગ રોલ;
ધન સંપદ પણ દીસે કારમી રે, જેહવા જલધિ કલ્લોલ. અકલ૦ ૯
કિહાંથી આવ્યો કિહાં જાવું અ છે રે, કિયાં તારી ઉતપત્તિ;
ભ્રમ ભૂલ્યો તું અથિર પદાર્થે રે, ચતુર વિચારી જો ચિત્ત. અકલ૦ ૧૦
મોહતણે વશે દુઃખ દીઠાં ઘણાં રે, સંગ ન કર હવે તાસ;
ઉદયરત્ન કહે ચતુર તું આત્મા રે, ભજ ભગવંત ઉલ્લાસ. અકલ૦ ૧૧

## ૪૯૫
## કાયામાયાની સજ્ઝાય

કાયા માયા દોનું કારમી, પરદેશી રે,
કબહુ અપની ન હોય મિત્ર પરદેશી રે.
ઇનકો ગર્વ ન કીજીયે, પરદેશી રે
છીનમેં દેખાવે છેહ મિત્ર પરદેશી રે. ૧

જેસો રંગ પતંગનો, પરદેશી રે૦ છીનમેં ફીકો હોય; મિત્ર૦
મણી માણેક મોતી હીરલા, પરદેશી રે૦ ત્રાણુ શરણુ નહીં કોય. મિત્ર૦ ૨
જીસ ઘર હય ગય ઘૂમતા, પરદેશીરે૦ હોતા છત્રીસે રાગ; મિત્ર૦
સો મંદિર સૂનાં પડયાં પરદેશીરે૦ બેસણ લાગ્યા કાગ. મિત્ર૦ ૩
મણી માણેક મોતી પહેરતી, પરદેશીરે૦ રાજા હરિચંદ્ર ઘરનાર; મિત્ર૦
એકદિન એસા હોઇ ગયા, પરદેશીરે૦ પરઘરકી પાનીહાર. મિત્ર૦ ૪
હાથે પર્વત તોલ તે, પરદેશીરે૦ કરતે નરપતિ સેવ; મિત્ર૦
સોભી નર સબ ચલ ગયે પરદેશીરે૦ તેરી કયા ગીનતી બે અબ. મિત્ર૦ ૫
છોડકે મંદિર માંલીયા પરદેશીરે૦ કરલે જિનશું રાગ. મિત્ર૦
વો દીન કયું કર શોચના, પરદેશીરે૦ લગસી ઇન તન આગ. મિત્ર૦ ૬
જુઠા સબ સંસાર હે, પરદેશી રે૦ સુપનાકા સો ખેલ; મિત્ર૦
નય કહે તાસ સમજ કે, પરદેશી રે૦ કરલે જિનસું મેલ. મિત્ર૦ ૭

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૯૬
# અગિયાર પડિમાની સજ્ઝાય

સાતમે અંગે ભાખીયોજી રે, જયગુરૂ વીર જિણુંદ;
શ્રાવક તપ પડિમા તણોજી રે, વહેતા કર્મ નિકંદ;
સંવેગી શ્રાવક વહે પડિમા અગિયાર; આણુંદ કામદેવની પરે જીરે,
પામે ભવનો પાર સંવેગી૦ આંકણી૦ ૧

સમકિત પાલે નિર્મલોજી રે, શંકા નાણે રે ચિત્ત;
એ પડિમા એક માસનીજી રે, કરે એકાંત રે નિત્ય. સં૦ ૨

દોય ઉપવાસે પારણુંજી રે, બારે વ્રત ઉચ્ચાર;
એ પડિમા દોય માસનીજીરે, ન લગાડે અતિચાર. સં૦ ૩

ત્રણ ટંક સામાયિક કરેજી રે, તપ સંખ્યા ત્રણ માસ;
ત્રણ ઉપવાસે પારણુંજી રે, ત્રણ અંગ ઉલ્લાસ. સં૦ ૪

આઠ પહોર પોસહ કરેજી રે, આઠમ ચઉદસ જાણ;
ચાર ઉપવાસે પારણું જીરે, ચાર માસ પરિમાણ. સં૦ ૫

બ્રહ્મવ્રત પાલે દિવસનોજી રે, રાતે કરે પરિમાણ;
પાંચ ઉપવાસે પારણુંજી રે, પંચમી પંચ માસ જાણ. સં૦ ૬

બ્રહ્મવ્રત પાલે સર્વથાજી રે, ન કરે સચિત્ત શણગાર;
છ ઉપવાસે પારણુંજી રે, મોહ તણો પરિહાર. સં૦ ૭

સાતમીએ સચિત્ત સહુ તજેજી રે, અશનાદિક આહાર;
સાત ઉપવાસે પારણું જીરે, સાત માસ નિરધાર. સં૦ ૮

આઠમી કહી આઠ માસનીજી રે, ન કરે આપ આરંભ;
આઠ ઉપવાસે પારણુંજી રે, રાખે ચિત્તમાં બંભ. સં૦ ૯

નવમીએ ન કરે ન કરાવીએ જીરે, આરંભની કાંઈ વાત;
નવ ઉપવાસે પારણુંજી રે, નવ માસ વિખ્યાત. સં૦ ૧૦

દસમી કહી દસ માસનીજી રે, ઉદ્દિઠ્ઠ સવિ પરિહાર;
ક્ષુર મુંડિત રાખે શિખાજીરે, દશ ઉપવાસે આહાર. સં૦ ૧૧

અનુમતિ લીયે પરિવારની જીરે, વિચરતો મુનિવર જેમ;
અગિયાર ઉપવાસે પારણુંજીરે, માસ અગિયારે નિયમ. સં૦ ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

આઠમ ચઉદસ પૂનમે જી રે, પાખી કાઉસગ્ગ રાત;
લાંગ ન વારે ધોતીયે જી રે, નીર ન ધોવે ગાત્ર. સં૦ ૧૩
પડિમા તપ એણીપરે વહેજી રે, પંચ વરસ ષટમાસ;
શ્રી જિનહર્ષ સોહિલો લહે જી રે, વેગે શિવપુર વાસ. સં૦ ૧૪

## ૪૯૭
## ચૌદ પૂર્વની સજ્ઝાય

ગણધર દશ પૂર્વધર સુંદર, ચૌદ પૂર્વધર ભક્તિ કરી જે;
જેમ શ્રુત જ્ઞાન લહીજે રે, ચૌદ પૂર્વ તપ વિધિ આરાધી,
માનવ ભવ ફળ લીજે રે. ચૌદ૦ ૧
પ્રથમ પૂર્વ ઉતપાદ જ નામે, વસ્તુ ચૌદ તસ જાણો રે;
એક કોડી પદ એક ગજ, મસીમાને, લીખનતણું પરિમાણો રે ચૌદ૦ ૨
અગ્રાયણી પૂર્વ છે બીજું, વસ્તુ છવીશ છે જેહની રે;
છનું લાખ પદ બે ગજ માને, લીખન શક્તિ કહી તેહની રે. ચૌદ૦ ૩
વીર્ય પ્રવાદ નામે છે ત્રીજું, વસ્તુ સોળ અધિકારો રે;
સત્યોતેર લાખ પદ ગજ ચૌમાને, લીખવાને ઉપચાર રે. ચૌદ૦ ૪
અસ્તિપ્રવાહ જે ચોથું પૂર્વ, વસ્તુ અઠાવીશ કહીયે રે;
સાત લાખ પદ અડગજ માને, મસી પૂંજે લિપિ લઈયે રે. ચૌદ૦ ૫
જ્ઞાન પ્રવાદ પંચમ પૂર્વ, વસ્તુ બાર સુવિચારી રે;
એકોણે એક કોડી પદ છે તેહનાં, સોળ ગજ લિપિ થાય રે. ચૌદ૦ ૬
સત્ય પ્રવાહ છઠું પૂર્વ સણુસઠ, અધિકા પદે એક કોડી રે;
બે વસ્તુ ગજ બત્રી માને, લીખવાને મસી જુડી રે. ચૌદ૦ ૭
આત્મ પ્રવાદ સત્તમ સોળ વસ્તુક, કોડી છવીસ પદવારૂ રે;
ચોસઠી ગજમસી માને લખીયે, એ ઉપમાન સંભારો રે. ચૌદ૦ ૮
આઠમું કર્મ પ્રવાહ પૂર્વ, ત્રીસ વસ્તુ અધિકારો રે;
એંસી સહસ એક કોડી પદ ગજ વળી, એકસો અઠાવીશ ધારો રે. ચૌદ૦ ૯
પ્રત્યાખ્યાન પ્રવાદ છે નવમું, વીશ વસ્તુ પદ જેહનાં રે;
લાખ ચોરાસી ગજ બસેં છપન, લિખિત માન કહ્યું છે તેહનું રે. ચૌદ૦ ૧૦
વિદ્યાપ્રવાદ પૂર્વ છે દશમું, પંદર વસ્તુ તસ જાણિયે રે;
એક કોડી દસ લાખ પદ છે તેહનાં. પાંચસે બાર સવિ ગણીયે રે. ચૌદ૦ ૧૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એકાદસમું કલ્યાણ નામે, કોડી છવીસ પદ સુધા રે;
બારવસ્તુ એક સહસ ચોવીશ ગજ, લિપી અનુમાન પ્રસિધા રે. ચૌદ૦ ૧૨
પ્રાણા વાય બારમું પૂર્વ, તેર વસ્તુ સુખકારી રે;
છપનલાખ એક કોડી પદ ગજ વળી, બે સહસ અડતાલીસાર રે. ચૌદ૦ ૧૩
ક્રિયાવિશાલ તેરમું પૂર્વ, નવ કોડી પદ વસ્તુ ત્રીસ રે;
ચાર સહસ છનું ગજમાને, લિખવા અધિક જગદીશ રે. ચૌદ૦ ૧૪
લોકબિંદુસાર ચૌદમું પૂર્વ, પદકોડી સાડીબાર રે;
વસ્તુ પચ્ચીસ ગજ એકશત બાણું, અધિકા આઠ હજાર રે. ચૌદ૦ ૧૫
ધુરીયાંરે પૂર્વ છે ચુલ, અવરને તેહ ન જાણો રે;
દષ્ટિ વાદનો ભેદ એ ચોથો, શાસન ભાવ વખાણો રે. ચૌદ૦ ૧૬
એણી પરે ચૌદ પૂર્વની સેવા, કરતાં આતમદીપે રે;
શ્રી નયવિમલ કહે નીજ એ, તો સવિ અરિયણ જીપે રે,
ચૌદ પૂર્વધર ભક્તિ કરી જે... ૧૭

## ૪૯૮
## મધુબિંદુની સજ્ઝાય

મધુ બિંદુ સમો સંસાર, સુંઝાણા માલતા;
સંસારે સુખી અણગાર જિનેશ્વર, બોલતા૦ ૧
સંજમ માંહે શૂર, કાયર પણું પરિહરી;
જીતે મોહની કર્મ, વહેલી લહે શિવપુરી૦ ૨
શિવપુરી કેરાં સુખ, અનંત વર્ગે કરે;
ચાર નિકાય દેવસુખ; ત્રણ કાલનાં ભેળાં કરે૦ ૩
આસન સિદ્ધિયા જીવ, જગતમાંહે જાણીયા;
વિષય વિકારથી દૂર, બ્રહ્મપિંડમાંહી વખાણીયા૦ ૪
એહવું જાણી પ્રાણી, જે બ્રહ્મ વ્રત પાલશે;
શિવ રમણી કેરાં સુખ, જીત કહે તે પામશે૦ ૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૯૯
## પંચ ગતિની સજ્ઝાય

આરંભ કરતો રે જીવ શકે નહિ, ધન મેલણ તૃષ્ણા અપારોજી;
ઘાત કરે પંચેંદ્રિય જીવની, વળી કરે મધ માંસનો આહારોજી,
એ ચાર પ્રકારે રે જીવ જાયે નારકી. ૧
કુડકપટ ને ગુઢ માયા કરે, વળી બોલે મૃષાવાદજી;
કુડાં તોલાં ને કુડાં રાખે માપલાં, એ તિર્યંચ ગતિનો ઉપાયજી,
એ ચાર પ્રકારે રે જીવ જાય તિર્યંચમાં. ૨
ભદ્રિક પરિણામે રે સરલ સ્વભાવથી, વળી વિનયતણા ગુણ ગાયજી;
દયા ભાવ રે રાખે દીલમાં, એ મનુષ્ય ગતિનો ઉપાયજી,
એ ચાર પ્રકારે રે જીવ જાય મનુષ્યમાં. ૩
સરાગ પણાથી રે પાળે સાધુ પણું, વળી શ્રાવકનાં વ્રત બારજી;
અજ્ઞાન કષ્ટ ને અકામ નિર્જરા, તીણ શું સુર અવતારો જી,
એ ચાર પ્રકારે રે જીવ થાય દેવતા. ૪
જ્ઞાનથી જાણે રે જીવ અજીવને, શ્રદ્ધા સમકિત થાય જી;
ચારિત્રથી રોકે નવાં કર્મ આવતાં, તપથી પૂર્વલાં કર્મ ખપાયજી,
એ ચાર પ્રકારે રે જીવ જાય મોક્ષમાં. ૫

## ૫૦૦
## વણઝારાની સજ્ઝાય

પરદેશીનો કાંઈ પતી આરો, ટાંડો લે રે ચલે વિણજારો પરદેશી૦
જબ લગે બતીઆંને તબ લગે દૂતીઆં; તેરે મંદિર ભયો રે ઉજાલો; ૫૦
જલ ગએ તેલ ને બુઝ ગએ બતીઆં, તેરે મંદિર ભયો રે
અંધારો પરદેશી૦ ટાંડો૦
ગુંદગલીકા સાંઠા મીઠા, ગાંઠે ગાંઠે રસ ન્યારો; પરદેશી૦
તીર્થમેલે જે હાટ બનાયા, વિખરતાં નહી વારો. પરદેશી૦ ૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

તનયૌવન તેરી આય અથિર હે, જેસી સુપનકી માયા. પરદેશી૦
ચક્રવર્તી હરિ બલદેવા, જ્યું આવ્યા ત્યું જાયા. પરદેશી૦ ૩
લાખ ચોરશી યોનિમેં ભમીયો, દુઃખનો નાવ્યો પારો; પરદેશી૦
અબ ચેતન તેરે જોગ મિલ્યો હે, જિનવર વચન વિચારો. પરદેશી૦ ૪
કાયા નગરમેં હાક પડી જબ, હંસ દીઓ રે નગારો. પરદેશી૦
સદ્‌ગુરુ કેરી શીખ સુણીને, આતમ કાર્ય સુધારો. પરદેશી૦ ૫

## ૫૦૧
## દિવાળીની સજ્ઝાય

વાંદી વીર જિનેશ્વર પાય, ગુરૂ ગોયમ ગણધાર રાય;
તસ નિર્વાણ અને વલી નાણ, તે આરાધો શ્રાવક જાણ. ૧
મુકતે પહુતા વીર જિણંદ, ઓછવ કરે સુરાસુરવૃંદ;
કલ્યાણિક દિન ભણીએ, એહ, તપે કરી આરાધો તેહ. ૨
શ્રાવક મળીયા રાય અઢાર, આરાધે પોસહ આચાર;
સોલ પહોર સાંભલે વખાણ, છાંડે રંગ ભોગ તે જાણ. ૩
જીણ રાતે જિન મુક્તિ ગયા, અણુદ્ધરી કુંથુવા બહુ થયા;
તિણ કારણે ગિરૂયા ઋષિરાય, અણસણ લઇને સાર્યાં કાજ. ૪
જિનવર સાધુ સાધ્વી તણો, પડયો વિયોગતે કારણ ઘણો;
તેહ દિવસ આવે જીણવાર, કહો કિમ થાયે હરખ અપાર. ૫
તેણે કારણ કીજે તપ ઘણો, સંભારીને કુલ આપણો;
પૂજા કરીએ ધરીએ ધ્યાન, રાગ ભોગ પરહરીએ પાન. ૬
કોઇક જીવ અજ્ઞાની જાણ, હરખ ધરે પાપને ઠાણ;
માંડે મૂલ થકી આરંભ, ખાવાપીવાનો પ્રારંભ. ૭
ઘઉં પલાળી વણાવે સેવ, દીવાળી આવે છે હેવ;
કરી લાડુને સાંકલી, ઇદ્રિયરસ વાહ્યો હલફલી. ૮
રાતે મસલે માટી છાણ, જગનાથની ભાંજે આણ;
ખાંડે દલે નવિ જયણા કરે, ખાટકીશાલા પાંચે વાવરે. ૯
ચૌમાસામાંહિ બહુલા જીવ, નીલ ફુલ કુંથુવા અતીવ;
કંસારી કીડી કરોળિયા, રાતે અંધારે રોલીયા. ૧૦

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

નાઠી સા ન વાસીચો કરે, સામાયિક પોસહ પરિહરે;
પાનફૂલ સાડી શણગાર, અધિકેરા તે કરે ગમાર. ૧૧
ધન તેરસના ભણી ઉલ્લાસ, જીવહણીને બાંધે પાસ;
સેવ લાડુવા હરખે જમે, શીલ ન પાલે જુવટે રમે. ૧૨
ઘર લીંપે કાઢે સાથીયા, તાવીતળે જીકે આથીયા;
પર્વ તણી નવિ લાભે સાર,
ચઉદસ અમાવાસે ધર્મ સંભાર. ૧૩
વલી જુવો અધિકેરા પાપ, ફલકુલને કરે સંતાપ;
ભાજી દાલ કરે તે ગેલ, અગ્નિ પ્રજાલી માગે તેલ. ૧૪
ઘરઘર દીવા લીધે ફરે, બહુલા જીવ તેહ માંહી મરે;
મેરાઇયાનું મોઢે નામ, ઘર ઘર ફરતો કરે પ્રણામ. ૧૫
પાખી પડિક્કમણાનો કાલ, તે વિસારે મૂર્ખને બાલ;
મુખેં કહાવે શ્રાવક નામ, નવિ જાણે શાસન દુર્લભ ઠામ. ૧૬
જલઝલ દીવા પછિમ રાતી, કાઢે અલછી જીમે પ્રભાત;
ચઉલા કુર વિના નવી જમે, દેખો લોક અસાને ભમે. ૧૭
ગૌતમસ્વામી પામ્યા જ્ઞાન, નેહ તણો તજીને નામ;
જુહાર ભટારાં કરતો ફીરે, સાંઝે સજ્જન ભણી સંચરે. ૧૮
પહેરે ઓઢે બહુ શણગાર, કામભોગ પૂર્યો પરિવાર;
હાંસી બાજી કરે ટંકોલ, બાંધે કર્મ જાઈદ્રહ બોલ. ૧૯
પછી વલી કરે ભાઈબીજ, ખાતાં પીતા આવે રીજ;
મૂલ મંત્ર ઘણાં સાધે જેહ, ધર્મ ન આરાધે પ્રાણી તેહ. ૨૦
દીવાળીનું કલ્પી નામ, સગાં શણિજાં જમાડે તામ;
અન્નકેવલી કરે આહાર, જોજો લોકતણો વ્યવહાર. ૨૧
આવ્યો ધર્મદિન એહ, પાપે કરી વિરોધે તેહ;
કર્મનિકા ચિત્ત બાંધે બાલ, એણીપરે રૂલે અનંતો કાલ. ૨૨
જેહને મુક્તિ અછે ઢુકડી, તેહની મતિ સંવરમાં ચડી;
સંસારી સુખદુઃખ સ્વરૂપ, અહનિશ ભાવે આતમ ભૂપ. ૨૩
દોહિલો દીસે નરભવ જેહ, તેહ માંહી દુર્લભ જિનધર્મ તેહ;
જિનવાણી દુર્લભ તે સુણે, મિથ્યા મતિને દુર્લભ હણે. ૨૪
તપ ગચ્છ ગયણ વિભાસણ ભાણ, શ્રી હીરવિજય સૂરિ જાણ;
વાચક ભાનુચંદનો શીશ, દેવચંદ્ર પ્રણમે નિશદીશ. ૨૫

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૦૨
## મન સ્થિરકરણની સજઝાય

મન સ્થિર કરજો રે, સમકિત વાસીને;
ચપલ મ કરશો રે, કુગુરૂ ઉપાસીને. આંકણી.
સમજણ કરીને ચિત્તમાં રાખે, શંકા કંખા વારી,
વિતિગિચ્છા ફલનો સંશય, પરદર્શન સંગછારી;
દીપક સરખો રે જ્ઞાન અભ્યાસીને મન. મન૦ ૧

ધનુષ તીર ગદ ચક્ર ધરે જે, વૈરી મારણ કાજ,
અર્ધાંગે જે રમણી રાખે, તેહને નહીં કાંઈ લાજ;
દેવ ન કહીયે રે, નારી ઉપાસીને,
પગે નવી પડિયે રે ક્રોધ નિવાસીને;
તસ પાય નમતાં રે, પામશો હાંસીને. મન૦ ૨

ધન કણક ચન કામિની રાતા, પાપ તણા ભંડાર;
મારગ લોપી કૌપીન પહેરી, કિમ લહશે ભવપાર;
પરિગ્રહ સંગી રે રહ્યા ઘર માંડીને, વિષય પ્રસંગી રે;
લજ્જા છાંડીને, મતગુરુ કરજો રે, ભોસ વિલાસીને. મન૦ ૩

ગોમહિષી અજી અવીપય માખણ, ખરી કરભી શૂની દૂધ;
રોઝી અરક શુઅર ખુરસાણી, પયમાખણ નહિ શુદ્ધ;
દુર્ગતિ પડતાં રે, રહેજો સાઇને, ધર્મ તે કહીએ રે;
નિશ્ચય લાઈને, નામે ન ભૂલો રે, જુઓ તપાસીને. મન૦ ૪

ચોરી જારી દૂર નિવારો, મત કરો લોભ અપાર,
ક્ષમાદયા મનમાં નિત્ય ધારો; જેમ નિસ્તરે સંસાર;
પાપ ન કરજો રે, જીવ વિણાસીને,
જુઠ ન કહેશો રે; છલ મન વાસીને,
સુખ જસ લહીએ રે, ધર્મ ઉપાસીને. મન૦ ૫

પંચ સમિતિ ત્રણગુપ્તિના ધોરી, ધર્મધ્યાન ધરનાર;
તસપદ પૂજો રે, શ્રદ્ધા ધારીને,સેવના કરજો રે, કુમતિ
નિવારીને; મન૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જિન ઉત્તમ પદ પદ્મની સેવા, કરજો સાચે ચિત્ત,
રૂપવિજય કહે અનુભવ લીલા, ઘરમાં પ્રગટે નિત્ય;
તિમ તુમે કરજો રે, જ્ઞાન અભ્યાસીને, શમ દમ ધરજો રે;
ધ્યાન ઉપાસીને, શિવસુખ વરજો રે, ચિદ્દઘન વાસીને. મન૦ ૭

## ૫૦૩
## રાત્રી ભોજનની સજ્ઝાય

સકલ ધરમનું સાર તે કહિયે રે, મનવંછિત સુખ જેહથી લહિયે રે;
રાત્રી ભોજનનો પરિહાર રે, એ છઠ્ઠું વ્રત જગમાં સાર રે;
મુનિજન ભાવે એ વ્રત પાલો રે, રાત્રિભોજન ત્રિવિધે ટાલો રે. મુ૦ ૧
દ્રવ્ય થકી જે ચારે આહાર રે, ન લીએ તે રાત્રે અણગાર રે;
રાત્રિભોજન કરતાં નિરધાર રે, ઘણા જીવનો થાય સંહાર રે. મુ૦ ૨
દેવપૂજા નવિ સૂઝે સ્નાન રે, સ્નાન વિના કિમ ખાઇએ ધાંન રે;
પંખી જનાવર કહીએ જેહ રે, રાત્રે ચુંણ નહિ કરતા તેહ રે. મુ૦ ૩
માર્કંડ ઋષીશ્વર બોલ્યા વાણી રે, રૂધિર સમાન તે સઘલાં પાણી રે;
અન્ન તે કલ ધ્યાનમાં જસ મન વર્તે, તે ગુરૂ તારણહાર રે;
માસ સરખું જાણો રે, દિનાનાથ અસ્ત થાયે રાણો રે. મુ૦ ૪
સાંબર સુઅર ઘુવડને કાગ રે, મંજાર વિંછુ ને વલી નાગ રે;
રાત્રિભોજનથી એ અવતાર રે, શૈવશાસ્ત્રમાં એશ્યો વિચાર રે. મુ૦ ૫
જૂકાથી જલોદર થાય રે, કીડી આવે બુદ્ધિ પલાય રે;
કોલિયાવડો જો ઉદરે આવે રે, કુષ્ટરોગ તે નરને થાવે રે. ૬
શ્રી સિદ્ધાંત જિન આગમ માંહી રે, રાત્રિભોજન દોષ બહુ તાંહી રે;
કાંતિ વિજય કહે એ વ્રત સારો રે, જે પાલે તસધન અવતારો રે. મુ૦ ૭

## ૫૦૪
## અન્યત્વ સંબંધની સજ્ઝાય

કેહનાં રે સગપણ કેહની રે માયા, કેહના સજ્જન સગાઈ રે;
સજ્જન વર્ગ કોઇ સાથે ન આવે, આવે આપ કમાઈ રે. કેહના૦ ૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

માહરું માહરું સહુ કહે પ્રાણી, તાહરૂં કુણ સહાઈ રે;
આપ સવારથ સહુને વહાલો, કુણ સજ્જન કુણ માઈ રે. કેહના૦ ૨
ચુલણી ઉદરે બ્રહ્મદત્ત આવ્યો, જુઓ માત સગાઈ રે;
પુત્ર મારણ આગ જ દીધી, લાખનું ઘર નીપજાવી રે. કેહના૦ ૩
કષ્ટપંજર દેઇને મારે, પાંચસે નાડી ધાઈ રે;
કોણિકે નિજ તાત જ હણીયો, તો કિહાં રહી પુત્ર સગાઈ રે. કેહના૦ ૪
ભરત બાહુબલ આપે લડીઆ, આપે આપે સજ્જ થઇ રે;
બાર વરસ સંગ્રામ જ કરીયો, તો કિહાં રહી ભ્રાત સગાઈ રે. કેહના૦ ૫
ગુરૂ ઉપદેશથી રાય પ્રદેશી, સુધું સમકિત પાઈ રે;
સ્વાર્થ વિણ સૂરિકાંતા નારી, માર્યો પીઉ વિષ પાઈ રે. કેહના૦ ૬
નિજ અંગજના અંગજ છેદે, જુઓ રાહુ કેતુ કમાઈ રે;
સહુ સહુને નિજ સ્વાર્થ વહાલો, કુણ ગુરૂ ને ગુરૂભાઇ રે. કેહના૦ ૭
સુભૂમ પરશુરામ જ દોય, માંહો માંહે વેઢ બનાઇ રે;
ક્રોધ કરીને નરકે પોહોતા, તો કિહાં રહી તાત સગાઇ રે. કેહના૦ ૮
ચાણાયકે પર્વત સાથે, કીધી મિત્ર ઠગાઈ રે;
મરણ પામ્યાથી મનમાં હરખ્યો, તો કિહાં રહી મિત્ર સગાઈ રે. કેહના૦ ૯
આપ સ્વાર્થ સહુને વહાલો, કુણ સજ્જન કુણ માઈ રે;
જમરાજાનો તેડો આવ્યો. ટગમગ જોવે ભાઇ રે. કેહના૦ ૧૦
સાચો શ્રી જિનધર્મ સખાઈ, આરાધો લય લાઈ રે;
દેવવિજય કવિ સીસ તો ઈણી પરે, તત્ત્વ વિજય સુખદાઈ રે. કેહના૦ ૧૧

## ૫૦૫
## ચરણ-કરણ સિત્તરીની સજઝાય

પંચ મહાવ્રત દશવિધ યતિધર્મ, સત્તર ભેદે સંયમ પાલેજી;
વૈયાવચ્ચ દશ નવવિધ બ્રહ્મ, વાડ ભલી અજુઆળેજી.
ભવિજન ભાવે મુનિ ગુણ ગાવો. ૧
જ્ઞાનાદિ ત્રય બારે ભેદે, તપ કરે જે અનિયાણોજી;
ક્રોધાદિક ચારેનો નિગ્રહ, એ ચરણ સિત્તરી જાણોજી. ભ૦ ૨
ચઉવિહ પિંડ વસતિ વસ્ત્ર પાત્ર, નિર્દુષણ જે લેવેજી;
સમિતિ પાંચ વલી પડિમા બારે, ભાવના બારે સેવેજી. ભ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પચવીશ પડિલેહણ પણેંદ્રિય, વિષય કષાયથી વારેજી;
ત્રણ ગુપ્તિ ને ચાર અભિગ્રહ, દ્રવ્યાદિક સંભારેજી. ભ૦ ૪
કરણ સિત્તરી એહવી ધારી, ગુણ અનંત વલી સેવેજી;
સંજમી સાધુ તેહને કહીયે, બીજા સવિ નામ ધરાવેજી. ભ૦ ૫
એ ગુણવિણ પ્રવજ્યા બોલી, આજીવિકાને તોલેજી;
તે ષટ્કાય અસંજમી જાણો, ધર્મદાસ ગણી બોલેજી; ભ૦ ૬
જ્ઞાનવિમલ ગુરૂ આણાધારી, સંયમ શુદ્ધ આરાધોજી;
જેમ અનોપમ શિવસુખ સાધો, જગમાં કીર્તિ વાધોજી. ભ૦ ૭

## ૫૦૬
## ઉત્તરાધ્યયનના દશમાધ્યયનની સજ્ઝાય

વીરવિમલ કેવળ ધણીજી, સકલ જંતુ હિતકાર,
ઉત્તરાધ્યયન દશમે કહ્યોજી, હિત શિક્ષા અધિકાર,
ગુણવંતા ગોયમ મ કરો ક્ષણ પ્રમાદ. ૧
બહુ ભવ ભમતાં પામીયોજી, ચરણ ધર્મ પ્રસાદ; આંકણી
પાકું પીંપળ પાંદડુંજી, પવને ભૂમિ પડંત;
બીજાં કુંપળ ઉપજેજી, જીવિત તેમ અરંત. ગુણ૦ ૨
ડાભ અણી જલ બિંદુઓજી, સ્થિર રહે કે તો કાલ;
શ્વાસોશ્વાસને વાયરેજી, જીવિત તેમ વિસરાલ. ગુણ૦ ૩
નરભવ થોડો આઉખોજી, ઉપક્રમ કોડી જંજાલ;
આતમ ધર્મ રસિક થઇજી, પાતિક પંક પંખાલ. ગુણ૦ ૪
નિશ્ચે નરભવ દોહિલોજી, ભમતાં કાલ અનંત;
કર્મ અજાડિ બાંધીયોજી, ચેતન હસ્તિ મહંત. ગુણ૦ ૫
પૃથ્વી અપ તેઉ વાયરોજી, બાદર વનમાં અસંખ;
સાધારણમાં અનંત છે જી, બિતિ ચઉરિંદ્રિ સંખ. ગુણ૦ ૬
સગ અડભવ પંચિંદ્રિનાજી, નારક સુર એકવાર;
એમ કાય સ્થિતિ ભવ સ્થિતિજી, કિહાંથી નર અવતાર. ગુણ૦ ૭
સંસરતો સંસારમાંજી, બહુલ પ્રમાદિ જીવ;
ગાઢા કર્મ વિપાકથી જી, નરભવ દૂર અતીવ. ગુણ૦ ૮

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

પુન્યક્ષેત્ર આર્યપણુંજી, નરને દુર્લભ હોય;
આર્ય થોડા અનાર્યથી જી, મ્લેચ્છાદિક કુલ જોય. ગુણ૦ ૯
આર્યપણે પણ દોહિલોજી, પંચેદ્રિય નિરોગ;
વિગલેંદ્રિય દિસે ઘણાજી, કઠિણ કર્મના ભોગ. ગુણ૦ ૧૦
પંચેંદ્રિ પૂરી મલીજી, દુલહો જિન વચન;
કુતીર્થે રાચે ઘણાજી, મિથ્યા વાસિત મન. ગુણ૦ ૧૧
સાંભલતાં પણ દોહિલીજી, સદ્દહણા કહે વીર;
સદ્દહતો પણ જીવડોજી, વિરતિ વિષય નહિ ધીર. ગુણ૦ ૧૨
અંજલીજલ પરે આઉખુંજી, સમય સમય ઝરે દેહ;
પંચેંદ્રિય બલ ઘટેજી, જેમ દીવામાંહે સ્નેહ. ગુણ૦ ૧૩
અરતિ ગડુ વિશુચિકાજી, આતંક વિવિધ પ્રકાર;
કાયા કંચન કુંપલીજી, ગલે જેમ ટંકણખાર. ગુણ૦ ૧૪
રાગ તજો અમ ઉપરેજી, આદરો ક્ષાયક ભાવ;
પાણીમાં પંકજ પરેજી, જેમ હોયે સિદ્ધ સ્વભાવ. ગુણ૦ ૧૫
છંડી ધણ કણ ગેહિનીજી, મિત્ર કુટુંબ પરિવાર;
ફરી આદરવો નહિ પડે જી, તેમ ધરો સંયન ભાર. ગુણ૦ ૧૬
વિષમકાલે નહિ કેવલીજી, પણ તિહાં ધર્મી જીવ;
સંપ્રતિ શિવમાર્ગ છતે જી, કેવલજ્ઞાન પ્રદીપ. ગુણ૦ ૧૭
બહુ કંટકપંથ પરિહરીજી, આવ્યો ઉત્તમ ઠામ;
જ્ઞાનશ્રદ્ધા ચરણે રમોજી, જેમ લહો પદ નિર્વાણ. ગુણ૦ ૧૮
કોઈક માનવ માર્ગમાંજી, અતુલ ઉપાડે ભાર;
ઉન્માર્ગમાં પડયો રડે જી, તેમ ન કરે અણગાર. ગુણ૦ ૧૯
ભવ સાયર તરવા ભણીજી, સંયમ પ્રવહણપૂર;
તપ જપ કિરિયા આકરીજી, મોક્ષ નગર છે દૂર. ગુણ૦ ૨૦
લવણ સમુદ્ર તર્યો જેણે જી, ગોપદ કેઇ માત;
પંડિત વીર્ય સ્વભાવથી જી, ભવ પારંગત થાત. ગુણ૦ ૨૧
દેહ ઔદારિક વૈક્રિયજી, આહારક તૈજસ કર્મ;
છંડી ગોયમ શિવ લહેજી, સાદિ અનંતે ધર્મ. ગુણ૦ ૨૨
ક્ષમાવિજય જિન વીરનાજી, વયણ સુધારસ રેલ;
સીંચો આતમ આરામમાંજી, પ્રસરે બહુ ગુણ વેલ. ગુણ૦ ૨૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૦૭
## સુડતાલીષ દોષની સજઝાય

સકલ જિનેશ્વર પ્રણમું પાય, શારદા વાણી કરો સુપસાય;
પિંડ દોષ બેતાલીશ કહું, નામ માત્ર તે સુણજ્યો સહુ. ૧
જતિ કાજે નીપાઈ દીયા, આધાકર્મી તે બોલિયા;
જે માગે તે એહને કાજ. ઉદ્દેસિક બોલે જિનરાજ૦ ૨
કર્મી ખરડયો ઘાલી દીએ, તે પૂતિ દોષ ત્રીજો ટાલીયે;
અમ્હે જમસું કાંઇ દેશું જતિ,
સો મિશ્ર દોષ કહે ત્રિભુવનપતિ જિનરાજ૦ ૩
રાખી મૂકે સાધુ નિમિત્ત; ઠવણ દોષ મત વાંછો ચિત્ત;
સુપડું આધું પાછું કરે, નિમિત્ત ભિક્ષુ તે નવિ. આદરે૦ ૪
અંધારે નવિ વહોરે જતિ, ઘરમાંહે અંધારૂં હોવે અતિ;
એમ જાણી અજવાલું કરે, પાઉરકી તે મુનિ. પરિહરે૦ ૫
મૂલે લેઈ વહોરાવે જેહ, ક્રીતદોષ ટાલી જે તેહ;
ઓછીનું લઇ દીએ કેવાર, નવમો પામીચ્ચ દોષ તે વાર૦ ૬
પારકી વસ્તુ કાંઇ વહોરાવતાં, પરાવૃત્ય હોવે પ્રતિ વાંછતાં;
શતકર બાહિર થકું લાવંત, અભિહડ તે લેતાં. પાવંત૦ ૭
આડાદિક ખોલે ગુરૂ કામ, દ્વાદશમો ઉભિન્ન તસુ નામ;
ઉર્ધ્વ અધો કષ્ટે કોય, લેઈ દેતાં માલાહડ. સોય૦ ૮
ઉદ્દાસી આપે કેહનું, અદિજ્જ નામે હોવે તેહનું;
સાધારણ દીએ અનુમતિ વિના, અણિસિટ્ઠ દોષ લહુ તેહના૦ ૯
આપ કાજે માંડયું રાંધણું, આગમ જાણ્યું મુનિવર તણું;
તે માંહે ઉમેરે કદા, હોવે સોલમો અઝોયર. તદા૦ ૧૦
એ સોલ દોષ ઉગ્ગમ પરિહરો, ગૃહસ્થ થકી લાગે મન ધરો;
ટાલંતા હોવે શિવપુર વાસ, પહોંચે મનવંછિત સવિ. આશ૦ ૧૧
ઉત્પાદના દોષ કહુ તે સુણો, કટુક વિપાક અછે તેહ તણો;
બાલક ખેલાવી લીએ આહાર, ધાત્રી દોષ હોવે. તેણીવાર૦ ૧૨
સંદેશો કહી લે તે દ્દૂત, ટાલે તે મુનિ સંયમ જુત;
નિમિત્ત ભાખીને કારણ કહે, નિમિત્ત દોષથી દુર્ગતિ. લહે૦ ૧૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

અણમિલતે જણાવે જાત, આજીવિકા દોષ વિખ્યાત;
વણીમગ સમ થઇ પિંડગ્રહંત, ચારિત્રમણિ તે દોષે દહંત. ૧૪
વૈદ્યક ઉપદેશીને લીયે, દોષ વિગિચ્છા તે ટાલીયે;
ક્રોધ કરી લે ઘેવર ન્યાય, ક્રોધ દોષ તપ તપ્યો. ગમાય૦ ૧૫
માન લગે સવૈયો યથા, એ દોષ તણી છે મ્હોટી કથા;
અષાઢ ભૂત પરાવર્ત કરંત, માયાએં વ્રત થકી. પડંત૦ ૧૬
લોભલગે બહુ ઘરઘર ભમે, સરસ વાંછતો સંયમ ગમે;
પૃથ્વી પચ્છા સંસ્તવ કરે, સહી તે દુર્ગતિ નારી. વરે૦ ૧૭
વિદ્યા દેખાડી આપણી, લેતાં આણ ખંડે જિનતણી;
મંત્ર દાન કરે આજિવિકા, તપ જપ સવિ જાય તેહકા. ૧૮
સોહગ દોહગ કરી જીવંત, તે જોગદોષ બોલ્યા ભગવંત;
આંખે અંજનકે ચુરણ દીએ, ચુન્નદોષ તે સદા માનીયે. ૧૯
ગર્ભ પાતનકે કરે ઉતપતિ, બોધિબીજ હારે તે જતિ;
મૂલ કર્મ દોષ સોલમો, ટાલો જેમ મુનિ શિવપુર રમો. ૨૦
એ એષણાદોષ દસ જાણ, સેવંતાં હોવે સદ્દગતિ હાણ;
શુદ્ધ અશુદ્ધની શંકા હોય, શક્તિ પિંડ મ લેશો કોય. ૨૧
અચિત્ત આહાર સચિત્તે ખરડીયો, ગ્રક્ષિતદોષ જિનવરે વર્જીયો;
અચિત્ત વસ્તુ સચિત્તમાં ધરી, નિક્ષિપ્ત દોષ તે તો પરિહરી. ૨૨
સચિત્ત તણો દીધો ઢાંકણો, પિહિત દોષ નામે તેહ તણો;
મોટો ભાજન હોવે પરોક્ષ, લાવી દેતાં સંહરિત દોષ. ૨૩
દેણહાર જો ધ્રુજે ખરો, દાયક દોષ દૂરે પરિહરો;
જોગા જોગ કીધો જે એક, મિશ્રદોષ ટાલે તે છેક. ૨૪
અપરિણત ચિહુંભેદ વિચાર, નિજનામે એ દોષ નિવાર;
રેખાદિક ભીને પિંડ ગ્રહ્યો, લિપ્તાલિપ્ત દોષ જિન કહ્યો. ૨૫
ધૃત દુગ્ધાદિક છાંટો પડંત, છર્દિત દોલ ન લીયે મહંત;
ભોજન દોષ પાંચ મન ધરો, પરિહરતાં આતમહિત. કરો૦ ૨૬
ખીરખાંડ ધૃત ભેલે સાર, પેયાદિક છે ત્રણ પ્રકાર;
સંયોજના દોષ એ તજો, જેમ જઈ મુક્તિ રમણી ને. ભજો૦ ૨૭
ઘણો જમે ચૂકે શુભ ધ્યાન, બીજો દોષ કહ્યો અપ્રમાણ;
મીઠું ખારૂં મુખ ઉચ્ચરે, તેણે દોષે વ્રત લીયારો, કરે૦ ૨૮
અનુમોદે નિંદે જમતો, ધુમ્રદોષ ચોથો દીપતો;
ક્ષુધાદિક ષટ્કારણ વિણ ભુંજંત, કારણ દોષ કહ્યો અરિહંત. ૨૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

એણીપરે સડતાલીસે થયા, સ્મરણ માત્ર બોલ્યા જુજુઆ;
એ દોષ તજે જે એકમના, તેહ તણાં લીજે ભામણાં. કરે૦ ૩૦

## ૫૦૮
## આત્મબોધની સજ્ઝાય

સાંભળ શયણાં સાચી સુણાવું, પૂર્વ પુન્ય તું પામ્યો રે ભાઈ,
નરક નિગોદમાં ભમતાં નરભવ, તેં નિષ્ફલ કિમ વામ્યો રે ભાઈ. સાં૦ ૧
જૈન ધર્મ જયવંતો જગમાં, ધારિ ધર્મ ન સાધ્યો રે ભાઈ;
મેઘ ઘટા સરિખા ગજ સાટે, ગર્દભ ઘરમાં બાંધ્યો રે ભાઈ. સાં૦ ૨
કલ્પવૃક્ષ કુહાડે કાપી, ધતુરો ઘરે ધારે રે ભાઈ;
ચિંતામણી ચિંતિત પુરણ તે, કાગ ઉડાડણ ડારે રે ભાઈ. સાં૦ ૩
ઇમ જાણી જાવા નવિ દીજે, નરનારી નરભવને રે ભાઇ;
ઓલખી શુદ્ધ ધર્મને સાધો, જે માન્યો મુનિ મનને રે ભાઈ. સાં૦ ૪
જે વિભાવ પરભાવ તે તજીયેં, રમણ સ્વભાવમાં કરીયે રે ભાઈ;
ઉત્તમ પદપદ્મને અવલંબી, ભવિયણ ભવજલ તરીયે રે ભાઇ. સાં૦ ૫

## ૫૦૯
## શ્રી બાહુબલજીની સજ્ઝાય

બાહુબલ ચારિત્ર લીયો રે, સાચો ધરી વૈરાગ;
ભરતેસર ઇમ વિનવે રે, વાર વાર પાય લાગ;
હર્ષ ભરી મુજશું બોલજ્યો રે, થાને બાબાજીની આણ;
થાંને ઋષભદેવજીરી આણ, થેં તો મ કરો ખેંચતાણ;
થેં તો મ્હારે જીવન પ્રાણ, હર્ષભરી મુજસું બોલજ્યોરે. હ૦ ૧
હું તો ભાઇ તાહરો રે, જે મેં કીધો દોષ;
તે તો પણ ખમજ્યો ભાઇડા રે, ગિરૂવા ન કરો રોષ. હ૦ ૨
આવો બાંહ દેઇ મિલાં રે, જોવો આંખ ઉઘાડ;
બોલો મીઠા બોલડા રે, પૂરો મનનો લાડ. હ૦ ૩
ખીલો નાંખું તોડને રે, જિન કુલ જાઈ વેઢ;
નાચો આયુધ શાલમેં રે, જ્યું બ્રાહ્મણ ઘર દેઢ. હ૦ ૪

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

ભાભીના ઓલંભડા રે, કિમ સંભલાયે કાન;
જાતો પાંવ વહે નહીં રે, તુજને મૂકી રાન. હ૦ ૫
તું જીત્યો હું હારીયો રે, દેવ ભરે છે સાખ;
તુજ સરિખો જગ કો નહીં રે, મુજ સરિખા છે લાખ. હ૦ ૬
માથે સૂરજ આવીયો રે, પસીનો સારો વાત;
બેસો ભોજન જીમીયેં રે, ખારેક દ્રાક્ષની વાત. હ૦ ૭
નિન્નાણું એકણુ મતેં રે, મુજને લોભી જાણ;
તે સહુ મુજને પરિહર્યો રે, જ્યું વરસાલે છાણ. હ૦ ૮
તું મ્હારે જીવન આત્મા રે, તુંહી જ મ્હારે બાંહ;
દિશિ શૂની ભાઈ વિના રે, આવોને ઘર જાંહ. હ૦ ૯
બોલ ઘણાય બોલીયા રે, ભરતેસર મહારાજ;
હાથીના દાંત જે નિકલ્યા રે, તે પાછાં નવિ જાય. હ૦ ૧૦
અભિમાની સિર સેહરો રે, બાહુબલ ઋષિરાય;
સીધા કર્મ ખપાય નેં રે, વિમલ કીર્તિ ગુણ ગાય. હ૦ ૧૧

## ૫૧૦
## શિખામણની સજ્ઝાય

શિવાનંદ હિતકારી, તુમે સુણોને નરનારી રે;
એ શિખામણ સારી હ્રદયમાં ધારજો રે. ૧
વિષયરસને વારો, પર નિંદાને ટાળો રે;
અભિમાનને ગાળો, રીસને વારજો રે. ૨
વાસીદાં વાળે છે વહેલી, ઘસી કાઢે છે પહેલી રે;
તે બાઇ થાશે ઘેલી રે, જીવ જોયા વિના રે. ૩
વાશી ગાર ન રાખો, કાચાં પાણી ન નાખો રે.
કુડી આળ ન નાંખો, દયા મન રાખજો રે. ૪
ફલ ફુલ ન તોડો, કંદમૂળ ન કરડો રે;
તો વડવાઈ ન તોડો, દાતણને કારણે રે. ૫
તોડયા વડના ટેટા, રીંગણ કર્યા છે ભડથાં રે;
તે નર ખાશે ગડથાં, ઉની અગનમાં રે. ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

જુઓ કણ ને કાંકણુ, દીવે મેલ્યા ઢાંકણુ રે;
છાણુાં ઇંધણાં ખંખેરો, રાતે મત રાંધજો રે. ૭

માથું જોઇને ઉઠે, લીખ મારી અંગુઠે રે;
અવલી દે છે આશિષ, બાઈ સુખીયાં થજો રે. ૮

જેવાં પશુના ઈંડા, એહવા જુઓની લીખો રે.
તે બાઇ પુત્ર ન પામે, કર્યાં કર્મ ભોગવે રે. ૯

જુઓ ગાયો ને ભેંશો, પાલ્યાં કુતરા બિલાડી રે;
ક્રોધ કરી મત મારજો, તુમે લાકડી રે. ૧૦

જુઓ ચાંચડ ને માંકડ, કીડી કુંથુવા ધનેડા રે;
તડકે નાંખ્યાની કરો, તુમે આખડી રે; ૧૧

માતાને સાનમાં કીજે, પુત્રને ગાલ ન દીજે રે;
શાંતિવિજય શિખામણુ હૃદયમાં ધારજો રે. ૧૨

## ૫૧૧
## વૈરાગ્યની સજ્ઝાય

અમે તો આજ તમાર બે દિનકા મહેમાન;
સફલ કરો સહજ સમાગમ, સુખનું એહીજ નિદાન. અમે૦ ૧

આવ્યા તેમ જાશું તે રીતે; સર્વે એમ સમાન;
પાછ, કોઈ દિન નહિ મળીયે, ક્યાં કરશો સન્માન. અમે૦ ૨

સાચવજો સંબંધ પરસ્પર, ધર્મ રાખી ધ્યાન;
સંપી સદ્ગુણુ લેજો, દેજો, દૂર કરી અભિમાન. અમે૦ ૩

લેશ નથી અમને અંતરમાં, માન અને અપમાન;
હોય કશી કડવાશ અમારી, તો પ્રિય કરજો પાન. અમે૦ ૪

શીવસુખની છાયા માટે, સંવરમાં કરજો પ્રયાણુ;
પરંપરાએ કર્મ રહિત થઈ, પામો પદ નિરવાણુ. અમે૦ ૫

સંસાર તજી તમે સંયમ મ્હાલો, ભાગી જગ જંજાલ;
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે, રૂપ ભાવે સમભાવ. અમે૦ ૬

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૧૨
## સ્થુલીભદ્રની સજ્ઝાય

એકને આંગણી વાદળી રે, સોહે સામે સુરંગ;
રંગ યૌવન વય રંગરોળમાં, પીયુ આવ્યો નિજ બેન;
બેન રે વાતો કરૂં હું સંસારની. ૧
ગુરૂ આજ્ઞા લઈ આવીયા, સ્થુલીભદ્ર ઋષીરાજજી;
વેશ્યા કહે આવો પીયુ, સફલ થયો ભવ આજ. ૨
ત્રણ ડગલા ઉભી રહીને તું આવી,
જેમ મરજી હોય તેમ કરજેજી રે.
વૈરાગ્ય ભીનો થઇને હું આવ્યો,
ખસવાનો નથી કોઈ આરોજી રે. ૩
સંયમ વ્હાલો મીઠો મારે મન, અમને છે અમૃત ખાણ;
વ્હાલા છે ભાવ પ્રાણ; ૪
નાટક કરી નચાવતી, ફેંકતી કામના બાણ;
હાવ ભાવ હેવા થકી, ફરી ફરી ભાખે વાણ. ૫
હરખે કહું છું તુમને વ્હાલા, જુઠડા ચાળા શીદ કરોજી રે
પીયુ તમારૂં મન માને ત્યાં જાવ છો,
સુખ છંડી દુઃખી કિહાં થાવ છો જીરે. ૬
સ્થુલીભદ્ર કહે કામિની, આ સંસાસ અસાર;
ધુમાડાનાં બાચક ભરતાં, થાય ખુવાર. ૭
વેશ્યાને વૈરાગ જાગીયો, વ્રત કરૂં હું તો;
બાધા કરૂં સારા સ્વામી, સ્થુલીભદ્ર ગુરૂ હો રાય. ૮
સિદ્ધિ સદા સુખ પામવા રે, બારવ્રત લેઇ આરાધીયાજી રે;
હીર વિજય ગુરૂ હીરલો રે, લબ્ધિ વિજય ગુણગાય. ૯

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૧૩
## અનાથીમુનિની સજઝાય

મગધદેશ રાજગૃહ નયરી, રાજા શ્રેણીક દીપે રે;
ચતુરંગ સેનાયે પરવરીયો, તેજે દિણયર ઝીપે રે;
ધન ધન શ્રી રૂષિરાજ અનાથી, રૂપે દેવકુમાર રે,
સંવેગ રંગ તરંગે ઝીલે, યૌવન વય અણગાર રે. ધન૦ ૧
એક દિન કાનન પહોતો શ્રેણીક, વંદ્યા શ્રી ઋષિરાય રે;
લઘુવય દેખી હરખે પૂછે, પ્રભુ તુમ કોમલ કાય રે. ધન૦ ૨
આ તુમ્હ રૂપ અનોપમ યૌવન, તરૂણી જન આધાર રે;
ઈણ અવસર નારી રસ લીજે, વડપણે સંયમભાર રે. ધન૦ ૩
ધ્યાનપુરી તવ મુનિવર બોલે, રાજન હું છું અનાથ રે;
નાથ વિના મેં સંયમ લીધું, નૃપ કહે હું તુમ્હનાથ રે. ધન૦ ૪
જે જોઈએ તે તુમને હું પુરૂં, લ્યો તુમે એ બહુ આથ રે;
મુનિ કહે રાજન નાથ ન તાહરે, કિમ થાઈશ મુજનાથ રે. ધન૦ ૫
રાય કહે હય ગય રથ પાયક, મણી માણેક ભંડાર રે;
માહરે છે હું નાથ સહુંનો. તવ બોલે અણગાર રે. ધન૦ ૬
કૌસંબી નયરીનો રાજા, મુજ પિતા ગુણવંત રે;
તસ કુંવર હું અતિ ઘણો વલ્લભ, લહુ વય લિલાવંત રે. ધન૦ ૭
એક દિન થઇ મુજ વેદના અંગે, ન ટળે કોઈ ઉપાય રે;
માતપિતા મુજ દુઃખે દુઃખીયાં, નારી હૈયું ભરાય રે. ધન૦ ૮
બહુલ વિલાપ કર્યો તેણીયે, મુજ દુઃખ નવિ લેવાય રે;
તવ મેં નિર્ણય એહવો કીધો, ધર્મ જ એક જ સહાય રે. ધન૦ ૯
ઈમ ચિંતવતા વેદના નાઠી, પ્રાતઃ સંયમ મેં લીધો રે;
નાથ અનાથ તણો એ, વિવરો, સુણી નરનાથ પ્રસિદ્ધો રે. ધન૦ ૧૦
તે સુણી રાજા સમકિત પામ્યો, મુકતે ગયા અણગાર રે;
વીશમે અધ્યયને જીનવીરે, ભાંખ્યો એ અધિકાર રે. ધન૦ ૧૧
શ્રી વિજય દેવસૂરીશ્વર પાટે, વિજય સિંહમુનિ રાય રે;
ઉદય વિજય વાચક તસ બાલક, સાધુ તણા ગુણ ગાય રે. ધન૦ ૧૨

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૧૪
## છત અછતની સજઝાય

છત અછત બે બેનડી, છતમાં આવે સહુ સાથ;
વીરા કહે લીયે વારણા, ભલે હોય તેરા રે ભાઈ. છત૦ ૧
એક માની બે દીકરી, એકને ખમ્મા ખમ્મા થાય;
એકને પીવાં નહિ રાબડી, રાંકડી દુઃખમાં રીબાય. છત૦ ૨
અછત લાગે અળખામણી, કરે જીવને ઉદાસ;
સગીરે બેન તેની વાલ્હી, નાવે બંધુરે પાસ. છત૦ ૩
અછતમાં બેનીએ કરાવીઓ, ચુલાતણો ફુંકનાર;
મિજબાની કરી ચોળી પીરસ્યા, કાઢયો વીર નીરધાર. છત૦ ૪
અછતમાં નાથ કુવે નાખીયો, પીયરે વસી ગઇ બાઇ;
છતમાં નારી તે નાથને, વસ્ત્રથી કરતી રે છાંય. છત૦ ૫
સહોદર ઘેર ગઇ બેનડી, દુઃખના દિવસો રે જોઈ;
માન ન પામી ભાઈ ભોજાઇથી, આવી દુઃખણી તે રોય. છત૦ ૬
જમાઇ કાઢયો ઘરબારણે, જો ન હોય પાસે અર્થ;
છેદ દીધો સાસુ સસરાએ, અર્થ વીણ ધણી વ્યર્થ. છત૦ ૭
સધન નિર્ધન સરખા ગણે, તે તો જૈનના અણગાર;
પદ્મવિજય કહે તેહને, વંદુ વાર હજાર. છત૦ ૮

## ૫૧૫
## વૈરાગ્યની સજઝાય

અંતરમાં ઉતારી લેજો રે કોણ છે કોનું
મનમાં વિચારી લેજો રે કોણ છે કોનું. ૧
માતા કહે બેટો મારો અખંડ પ્રેમનો તારો,
તારો તો ખરી પડનારો રે. કોણ૦ ૨
વીરો કહે બેની મારી, રૂડી છે ગુલાબની વેણી,
વેણી તો કાંટા ભરેલી રે. કોણ૦ ૩

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

બેની કહે વીર મારો, અજોડ અમુલ્ય હીરો;
હીરો તો વિષયનો ભરેલો રે. કોણ૦ ૪
પતિ કહે મને મળીયો, અખંડ પ્રેમનો દરિયો;
દરિયો તો ખારો ભરીયો રે. કોણ૦ ૫
માનો જેને સગાવહાલા, લોઢા જેવા મને મલીયા;
અંત કાળે થશે ભાલા રે. કોણ૦ ૬
હજુ તારા હાથમાં બાજી, કરીલે પ્રભુને રાજી;
પ્રભુ તમારે થશે તાજી રે. કોણ૦ ૭
દેહમાંથી ગયા પછી, તમે તેના માંહી નથી;
હરખે પ્રભુ ભજી લો રે. કોણ૦ ૮
મહાવીરની લો હાથમાં માળા, મુકી દોને ચેન ચાળા;
સાચા સગા મહાવીર વ્હાલા રે. કોણ૦ ૯
મહાવીરનું છે શાસન પ્યારૂં, સંસારનું વ્હાલ ખારૂં;
જ્ઞાનવિમળ કહે સાચુ રે. કોણ૦ ૧૦

## સામાયિકના બત્રીશ દોષની સજ્ઝાય

### ચોપાઈ

શુભ ગુરૂ ચરણે નામી શીશ, સામાયિકના દોષ બત્રીશ;
કહિશું તિહાં મનના દશદોષ, દુશ્મન દેખી ધારતો રોષ. ॥૧॥
સામાયિક અવિવેકે કરે, અર્થ વિચાર ન હૈડે ધરે;
ભય આણે ચિંતે વ્યાપાર, ફલ સંશય નિઆણા સાર. ॥૨॥
મન ઉદ્વેગ વંછે જસઘણો, ન ધરે વિનય વડેરા તણો;
હવે વચનના દોષ વિચાર, કુવચન બોલે કરે હુંકાર. ॥૩॥
લે કુંચી જા ઘર ઉઘાડ, મુખ લવરી કરતો વઢવાડ;
આવો જાવો બોલે ગાળ, મોહ કરી હુલરાવે બાળ. ॥૪॥
કરે વિકથાને હસે અપાર, એ દશ દોષ વચનના સાર;
કાય કેરા દુષણ બાર, ચપલાસન જોવે દીશી ચાર. ॥૫॥
સાવદ્ય કામ કરે સંઘાત, આળસ મોડે ઉંચે હાથ;
પગ લંબે બેસે અવિનીત, ઓઠિંગણ લે થાંભોભીંત. ॥૬॥
મેલ ઉતારે ખરજ ખણાય, પગ ઉપર ચડાવે પાય;
અતિ ઉઘાડું મેલે અંગ, ઢાંકે તિમ વલી અંગ ઉપાંગ. ॥૭॥
નિદ્રાયે રસ ફલ નિર્ગમે, કરહા કંટક તરૂએ ભમે;
એ બત્રીશે દોષ નિવાર, સામાયિક કરજો નરનાર. ॥૮॥

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

સમતા ધ્યાન ઘટા ઉજલી, કેસરી ચોર હુવો કેવલી;
શ્રી શુભવીર વચન પાલતી, સ્વર્ગે ગઈ સુલસા રેવતી. ॥૯॥

## ઉપદેશની સજ્ઝાય

સોહમ સ્વામી બે લાલ, એણિપરે ઉપદિશે જંબુ નિસુણે બે લાલ, મનમાંહિ ઉલસે ઉલ્લસે નિવસે એક દિવસે દરિદ્રી કઠિયારડો; તે અતિ દુઃખિયો કાષ્ટ વેચી કરે, એમ વેપારડો તે એક દિવસે બે લાલ. ગીરી ગહવર ગયો એક તસ દેખી બે લાલ, મનમાંહે ઉલ્લસ્યો, ઉલ્લસ્યો મનમાંહે વૃક્ષ દેખી, છેદિઓ હરખે કરી તસ મુણી ખણુતા કનક પીઠડી પંચ રત્ને શું જડી ॥૨॥ પીઠડી; વાંસે રે બે લાલ, સીર મુલી ઘરે ઘરે આવંતા રે લાલ, વૃષ્ટિ થઈ આકરી વૃષ્ટિએ વેંચી ન શકયો કાષ્ટ વાહક તેણે દીને, કાષ્ટ ભારી કનક પીઠડી લેઈ ઘરમાંહે બીનો ॥૩॥ ભોજન આણ્યું બે લાલ ખલ તેણે નિર્ધને રાંધે બે લાલ, કંચન ભાજને કંચન ભાજને, તેહ રાંધે; સમીધ મૂલીનું કરે તસ ખંડ દહંત અગ્નિ સહતા ગંધ દિશોદિશ વિસ્તરે ॥૪॥ વડ વ્યવહારી બે લાલ, પંચે આવતો ઈણે દિશે દેખી બે લાલ, પરીમલ પાવતો પાવતો પરીમલ અતિ અનર્ગલ બાવના ચંદન તણો, અચરીજ પામી શીશ નામી, કહે ભોગી કુણ ગણો. ॥૫॥ તે વ્યવહારી બે લાલ, મુરખને કહે, રે અજ્ઞાની બે લાલ, ચંદન કાં દહે કાં દહે ચંદન તુજ કંચન દીયું, બમણું એહથી સુરલોકની પરે સખર મંદિર વિલસે સુખ કંચનથી ॥૬॥ તે નવી માને બે લાલ, મુરખ પ્રાણીયો શેઠે તેહને બે લાલ, અતિ જડ જાણિયો, જાણિયો તે જડ અતી અનર્ગલ કહે બહુ ઉવેખિયો, એહનો ઉપનય એ છે અંતર શાસ્ત્રમાંહે દેખીયો, ભવ પાટણુ બે લાલ, સંસારી વસે; જીવ કબાડી બે લાલ, એહ સુખ શું ઘસે શું ઘસે એહ સુખ મનુજ ગતીવન, સરલાતરૂં શ્રાવક પણું પંચેદ્રિ રત્ને ભરી કાયા કનક પીઠડી સમગણો ॥૮॥ ખલ તણું વિષય બે લાલ, ચંદન શુભમતી તૃષ્ણા અનલ બે લાલ. તે લહે દુર્મતિ દુમતિ તેહને શેઠ સદ્ગુરુ વારીઓ, બહુ હિતકારી, પણ તે માને *કરે કાજી, જડે શીખ ન આચરી ॥૯॥ ઉપનય નિસુણી બે લાલ, ગુરુ સુખ સહેવા, એહ સુખ ભોગ બે લાલ, વિષફલ જેહવાં જેહવાં વિષફલ અતી અનર્ગલ જાણી જેણે ધરી હર્યા કવિરાજ શ્રી ધીર વિમલ સેવક કહે નય તે ભવ તર્યા ॥૧૦॥

**ભાગ ૧ લો સમાપ્ત**

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રવચન મધુ ભાગ ૧

## પૂ. આ. વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા.

૧ દાનથી કોઇ કદી ગરીબ બન્યું નથી, કૂવામાંથી પાણી કાઢવાથી તે ખાલી થઇ જાય છે શું?

૨ જો તમે ક્રોધનો ત્યાગ કર્યો તો ક્ષમા તમારી જ છે. કામનો ત્યાગ થયો કે અકામ ગુણ પાસે જ છે. વાસ્તવમાં આપણો સ્વભાવ ગુણમય છે, દોષોનો ક્ષય થવાથી ગુણ સ્વયં પ્રગટ થઈ જાય છે.

૩ આપણે હજુ સુધી મુક્તિમાં કેમ નથી ગયા ? એ જ કારણ કે આપણે કયારેય મુક્તિની ઇચ્છા જ કરી નથી જીભથી વાત કરવી જુદી વાત છે અને હૃદયથી ઇચ્છા હોવી જુદી વાત છે. આપણી જીભમાં તો મુક્તિ છે પણ હૃદયમાં શું છે? એ જાણવાની જરૂર છે.

૪ જેના હૃદયમાં વિષયાશક્તિ ભરેલી હોય તેને સંસાર મળે એમાં શું આશ્ચર્ય ? વિષય કષાય એ જ સંસાર છે

૫ વિષય-કષાયથી મુક્ત બનવાની ઇચ્છા જો આપણે અંતરથી કરીએ તો મુક્તિ કોઇ દૂર નથી.

૬ શાસ્ત્રકારે ધર્મ વિહોણા માણસોને પશુ કહ્યા છે. જો જીવનમાં ધર્મ નથી તો પશુમાં ને માણસમાં શું ફરક છે? તે પણ જન્મે છે, જીવે છે, ખાય છે, પીએ છે, મરે છે.

૭ જે ચીજથી માણસની મહત્તા છે જેના કારણે તે દેવોને પણ ચરણે ઝુકાવી શકે છે તે ધર્મની માણસ ઉપેક્ષા કરી રહયો છે, આ કેટલા ખેદની વાત ગણાય!!

૮ જીવનમાં જે મુખ્ય ચીજ હોવી જોઇએ તે ગૌણ બની ગઇ છે. જે ગૌણ હોવી જોઇએ તે મુખ્ય બની છે. ધર્મ મુખ્ય છે. અર્થ-કામ ગૌણ છે.

૯ દેવગુરુ પાસે તમે શાની માંગણી કરો છો ? તેમની પાસે ધન કે ભોગ કશાની માગણી નહિ કરતા એક વિવેક-શક્તિની જ માગણી કરજો કે જેના પ્રકાશમાં ધન અને ભોગ તુચ્છ લાગે.

૧૦ ભોગ તો ભૂંડા છે. સાપથી પણ ભયાનક છે તેવા ભોગો ભગવાન તમને શી રીતે આપે? ભોગ તો ભવમાં ભ્રમણ કરાવે છે એટલે જ તેઓ ભોગ-સુખો નહિ આપતાં કેવળ વિવેકચક્ષુ-તત્ત્વદૃષ્ટિ જ આપે છે.

૧૧ જેના જીવનમાં દેવગુરુની ભક્તિ, સાધર્મિક વાત્સલ્ય અને દીન-દુઃખી પર દયા નથી તે જૈન નથી.

આર્ટપ્લેટ તથા આવરણ • દીપક પ્રિન્ટરી - અમદાવાદ ૩૮૦ ૦૦૧

Jain Education International 2010_05 For Private & Personal Use Only www.jainelibrary.org